


-પ્રકાશક-

# પ્રાચીન શ્રુત રક્ષક સમિતિ

કપડવંજ (જિ. ખેડા.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीवर्धमानस्वामिने नमः

# ભક્તિ રસ ઝરણાં

(પ્રથમ ભાગ)

[પૂર્વાચાર્ય વિરચિત ૩૧ ચોવિશીઓનો
કઠિન શબ્દાર્થ સાથે
હ. લિ. પ્રતો સાથે મેળવી શુદ્ધ પાઠવાળો
સુંદર.............સંગ્રહ]

"પ્રભુ ગુણ ગાવત કર્મ નિર્જરે
આતમ શુદ્ધિ સુખકાર-સલુણા"

: પ્રકાશક :

પ્રાચીન શ્રુતસંરક્ષક સમિતિ
કપડવંજ (ખેડા)

| | | |
|---|---|---|
| વીર નિ. સં. | મૂલ્ય | વિક્રમ સં. |
| ૨૫૦૪ | ૧૧ | ૨૦૩૪ |
| પ્રથમાવૃત્તિ | | ઈસ્વીસન |
| ૧૦૦૦ | | ૧૯૭૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્તિસ્થાન :
પ્રાચીન શ્રુત સંરક્ષક સમિતિ
C/o. દિનેશચન્દ્ર નગીનદાસ પરીખ
ઠે. કાપડબજાર, કપડવંજ (ખેડા)

## આવશ્યક સૂચના

- ૪૭ ચોવિશી અને ૧૧ વિહરમાન-વીશી તથા સામાન્ય જિનના ભાવવાહી પ્રાચીન પૂર્વાચાર્ય રચિત સ્તવનોનો સુવ્યવસ્થિત સંગ્રહ ખૂબ પ્રયાસ કરી અનેક હસ્તલિખિત પ્રતોના આધારે પાઠોના સંશોધનપૂર્વક તૈયાર કરેલ છે.
- આ પ્રથમ ભાગ પ્રકાશિત થાય છે. બીજા ભાગનું કામ ચાલુ છે. ટૂંક સમયમાં પ્રકટ થશે.

મુદ્રક :
નેમિકપ્રિન્ટરી,
રાજુભાઈ સી. શાહ
મામુનાયકની પોળ, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्द्धमानस्वामिने नमः

# સંપાદકની વાત......

મહામંગલકારી પતિતપાવન તરણુતારણહાર શ્રી જિનશાસનમ સઘળી પ્રવૃત્તિના આદર્શ તરીકે જીવનશુદ્ધિને પ્રાધાન્ય અપાયેલ છે.

આત્માની સાહજિક-શક્તિઓના અખૂટ સ્રોતને રુંધી અટકાયત કરનારી કર્મસત્તાના અવરોધને હટાવ્યા સિવાય જીવનશુદ્ધિ હકીકતમાં સુશકય નથી.

તેથી મોહના સંસ્કારોથી આમંત્રિત કર્મોના આવરણને ખસેડવા જરૂરી હોઈ તે માટેના શાસ્ત્રોમાં અનેક સચોટ ઉપાયો જણાવેલ છતાં તે બધામાં અનુસ્યૂત અને સર્વોપરી સર્વશ્રેષ્ઠ ઉપાય શ્રી વીતરાગ-પરમાત્માની ભક્તિ અનુભવ—જ્ઞાનીઓએ જણાવ્યો છે.

આથી જીવનશુદ્ધિના આદર્શને યથાવત્ પામવા માટે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ અમોઘ સાધન મનાય છે.

તે વીતરાગ-ભક્તિના પાયામાં આપણામાં સત્તાગત રહેલ આત્મ-ગુણોને શ્રી વીતરાગપ્રભુ તીર્થંકરદેવ પરમાત્માના ઝળહળતા આત્મ-સ્વરૂપમાં નિહાળી તેની યથાવત્ સદ્‌ભૂત કીર્તના કરવાથી ઉપજતા વિશિષ્ટ ગુણાનુરાગ-બળે આપણા અનંતજ્ઞાનાદિ ગુણોને આવરનાર કર્મોનાં આવરણો ગરમીથી ઓગળતા બરફની જેમ સ્વતઃ ક્ષીણ થવા પામે છે.

આવા કોઈ અગમ્ય હેતુથી જ આપણા આપ્તપુરુષોએ "जिनगुणगानं अनन्तपुण्यं". જિનગુણગાન તણું નહીં માનં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશતણું નહીં જિમ માનં. "अनन्तगुणं हि स्तवनं" આદિ સૂક્તિઓ દ્વારા શ્રી વીતરાગપ્રભુ ભગવંત તીર્થંકર પરમાત્માના ગુણોના વર્ણનાત્મક સ્તવન–સ્તુતિ કાર્યને અદ્ભુત લોકોત્તર દિવ્ય શક્તિવાળું વર્ણવ્યું છે.

આવા કોઈ કારણથી સંસારત્યાગી, વૈરાગી, જ્ઞાનનિષ્ઠ, સ્વાધ્યાયપરાયણ પણ અનેક શ્રમણભગવંતોએ સ્વ–પરકલ્યાણાર્થે સ્તવન–ચોવિશીઓની અતિ–મનોહર પ્રાસાદિક–શૈલીએ રચનાઓ કરી બાળ–જીવોને શ્રી વીતરાગપ્રભુ પરમાત્માના ગુણગાન માટે પ્રેરિત કર્યા જણાય છે.

આજે છીછરા સાહિત્યનું પ્રકાશન મનોરંજનના દૃષ્ટિકોણથી પૂરજોશમાં ફેલાઈ રહ્યું છે. પરિણામે નક્કર તત્ત્વચિંતન કે આત્મ-શુદ્ધિના સાહિત્યની માત્રામાં ધરખમ ઘટાડો થઈ રહ્યો છે.

શ્રી વીતરાગ—પરમાત્માની ભક્તિ જીવન-શુદ્ધિનું પ્રધાન અંગ છતાં આજે તે અંગે પણ અશ્લીલ–અશિષ્ટ સીને–ક્ષેત્રનાં ઉત્તેજક કર્ણરોચક ગાયનો રચવાની ધૂનમાં ઢાળ–શૈલીનું માળખું તેનું તે જ ! માત્ર અમુક શબ્દોનો જ ફેરફાર કરીને સરવાળે વાસનાના તત્ત્વને વિકૃત રીતે પોષવાનું કામ શ્રી વીતરાગ–પરમાત્માના સ્તવન સાહિત્યના નામે જાણ્યે–અજાણ્યે વર્તમાનકાળે શોચનીયરૂપે થઈ રહ્યું છે.

પરિણામે ત્યાગ–તપ–સંયમની ત્રિવેણીમાં ગળાડૂબ–અવગાહન કરી અંતરના ઝણકારવાળા અને ભક્તિ–યોગમાં તન્મય થયેલ પ્રાચીન પૂર્વાચાર્ય આદિ મહાપુરુષોની બનાવેલ સ્તવન-ચોવિશીઓનો પ્રચાર ઘટવા પામ્યો. અમુક ગણી–ગાંઠી ચોવિશીઓ સિવાય બાકીની ચોવિ-શીઓ તો માત્ર પુસ્તકમાં જ રહેવા પામી છે.

એટલે પ્રાચીન ચોવિશીઓ–વીશીઓના સંગ્રહ ભાવિ પેઢીમાં પરિચિત રહે તે શુભ આશયથી અત્યંત જૂનું પ્રાયઃ ૬૦–૭૦ વર્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વે પ્રકાશિત પુસ્તક જેની બીજી નકલ પણ ઘણા જ્ઞાનભંડારોમાં તપાસ કરવા છતાં મળી શકી નહીં, જીવની જેમ સાચવી રાખેલ.

વર્ષોથી સુરક્ષિત જળવાયેલ આ પુસ્તક વિ. સં. ૨૦૩૨ના મહેસાણા ચાતુર્માસ દરમિયાન ધર્મપ્રેમી સુશ્રાવકોની પ્રેરણાથી સં. ૨૦૩૩ના નવા વર્ષના પ્રારંભે પ્રકાશિત કરવાના શુભ સંકલ્પ સાથે આખા પુસ્તકની પ્રેસકોપી કરાવવાની શુભ શરૂઆત થઈ.

માગશર મહિને છાપકામ અંગેની વ્યવસ્થા થઈ, પણ સંજોગ-વશ છાપકામમાં ધાર્યા કરતાં વધુ અડચણો આવવાથી અમદાવાદથી પાલિતાણા-ભાવનગર-સોનગઢના પ્રેસોમાં ચારથી પાંચ મહિના કામ રવાડે પડયું.

છેવટે મંગલકારી શ્રી જિનશાસનની વિલક્ષણ વિશિષ્ટતા હૃદયંગમ કરનાર પુણ્યાત્મા **પં. શ્રી રતિભાઈ ચી. દોશી** તથા **શ્રી લાલચંદભાઈ કે. શાહ**ના ઉમળકાભર્યા ધર્મસ્નેહ મિશ્રિત ભક્તિરાગથી આ ચોવિશી-સંગ્રહનું મુદ્રણ-કાર્ય પુનઃ ગયા અષાઢ મહિને અમદાવાદમાં જ સ્થિર થયું.

વધુમાં તે બંને મહાનુભાવોએ ધાર્યા કરતાં વધુ ઝડપથી છાપકામ આદિ પ્રેસ અંગેની બધી જવાબદારી ઉઠાવી શ્રમણ-જીવનમાં ન છૂટકે પણ મુદ્રણાદિના સીધા લાગતા આરંભદોષમાંથી બચાવવાનું મંગલકાર્ય કર્યું.

ધર્મપ્રેમીઓના ભાવ-ભક્તિભર્યા આગ્રહથી દરેક સ્તવનોના કઠિન શબ્દોના અર્થો ટિપ્પણરૂપે આપવાનું દેવ-ગુરુકૃપાએ અનેક પ્રામાણિક ગ્રંથો, વડીલો તેમ જ શ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાન-આરાધના-બળે પ્રાપ્ત વિશિષ્ટ-સ્ફૂર્તિ આદિના આધારે યથાશક્તિ પ્રયત્ન કર્યો છે.

ચોવીશમી ચોવિશી પછી ખાસ વિષમાર્થવાળા શબ્દો ન લાગવાથી ટિપ્પણ જૂજ લખેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત સંગ્રહમાં ૪૭ ચોવિશીઓ અને ૧૧ વિહરમાન વીશીઓ આપવાનો નિર્ધાર હતો–છે, પણ પ્રેસની અગવડથી આખું છાપકામ કરતાં વધુ સમય લાગે તથા પુસ્તકનું કદ ઘણું વધી જાય તેમ લાગવાથી બે ભાગની યોજના વિચારી છે.

પ્રસ્તુત પ્રથમ વિભાગમાં ૩૧ ચોવિશીઓ આપી છે, બાકીની ૧૬ ચોવિશીઓ તથા ૧૧ વીશીઓ તેમજ સાધારણ જિનનાં ઉપયોગી સ્તવનો બીજા ભાગમાં આપવા વિચાર છે.

ચોવિશી અને વીશીઓના કર્તા સંબંધી ઐતિહાસિક પરિચય વગેરેનું લખાણ બીજા ભાગની પ્રસ્તાવનામાં આપવા વિચાર છે.

બનતા પ્રયત્ને પ્રથમ વિભાગમાં દરેક ચોવિશી કર્તાના ઐતિહાસિક સત્તા–સમયના ક્રમ મુજબ આપેલ છે.

પાઠાંતરો—પાઠભેદોના ટિપ્પણો આપી શ્રદ્ધાળુ વાંચકોના હૈયામાં સંશય ઊભો કરી નાહક શ્રદ્ધાના પાયા ડગમગાવી દેવાની ધૃષ્ટતા કરવી ઠીક ન લાગવાથી અનેક હસ્તલિખિત પ્રતોના મેળવેલ બહોળા પાઠાંતરો સામે રાખી ક્ષયોપશમાનુસાર અર્થ સાથે સંગત તેમજ કર્તાની રચના સાથે મેળ ખાતો પાઠ સુધારીને મૂળ પાઠમાં દાખલ કરેલ છે.

કદાચ વર્તમાનકાળની સંપાદન શૈલીની કહેવાતી પરંપરાનો ભંગ આમાં દેખાય તો સુજ્ઞ પુરુષો તે બદલ મને ક્ષમા કરશે ! કેમ કે કર્મ-નિર્જરાના ધ્યેયથી પ્રભુભક્તિના પંથે જઈ રહેલા તથા શ્રદ્ધાના દોર પર ઝૂમી રહેલા શ્રદ્ધાળુ–પુણ્યાત્માઓના શ્રદ્ધાના દોરને જ વિપુલ પાઠાંતરોના દેખાવથી ઢીલો કરવાના મહા પાપ કરતાં તથાકથિત સંપાદન શૈલીનો ભંગ વ્યક્તિગત દોષ વધુ–લાભાય સ્વીકારી લીધો છે.

પ્રસ્તુત સંપાદનકાર્યમાં અનેક વીતરાગ–ભક્તિનિષ્ઠ મહાનુભાવોનો સહયોગ સાંપડ્યો છે. તે બધા નામી–અનામી પુણ્યાત્માઓના ધર્મપ્રેમની અનુમોદના સહજ ભાવે થઈ રહી છે, તેની નોંધ આ પ્રસંગે અસ્થાને તો ન જ ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધુમાં આખા ગ્રંથની મુદ્રણ યોગ્ય, સ્વચ્છ, નકલ ઝડપી ઉતારી દેનાર **શ્રી શાન્તિભાઈ ગોરધનદાસ** (આદર્શ બુક બાઈંડર) તેમજ મુદ્રણ સંબંધી જવાબદારી ઉઠાવનાર **શ્રી બાબુલાલ કેશવલાલ શાહ, શ્રી રતિલાલ ચી. દોશી, શ્રી લાલચંદભાઈ કે. શાહ** તથા ટિપ્પણો આદિના દુરૂહ લખાણને પણ શુદ્ધ-સ્વચ્છ રીતે લખી આપનાર **મુનિ શ્રી નિરૂપમસાગરજી મ.** તથા **બાલમુનિ શ્રી પુણ્યશેખર સાગરજી મ.** તેમજ **શ્રી અશ્વિનભાઈ એસ. દવે** તેમજ પ્રસ્તુત સંપાદનની વ્યાવહારિક જવાબદારીઓને સ્વેચ્છાએ મૂકભાવે નિઃસ્વાર્થ રીતે અદા કરનાર **શ્રી કુમારપાલ** (રાજેશ), **શ્રી જયંતીલાલ શાહ, શ્રી આશિષકુમાર** (ભદ્રેશ) **માણેકલાલ શાહ, શ્રી ભરતભાઈ જયંતીલાલ શાહ** તથા **શ્રી મુકેશભાઈ બાબુલાલ શાહ** આદિના ધર્મપ્રેમની ગુણાનુરાગ-દષ્ટિથી થતી અભિનંદનાની સાદર નોંધ લઉં છું.

છેવટે પ્રસ્તુત સંપાદનમાં યથામતિ શક્ય સાધનોના આધારે વ્યવસ્થિત અને શુદ્ધ પાઠ તથા અર્થો (ટિપ્પણ) આપવામાં દેવગુરુ-કૃપાએ સફળ પ્રયત્ન કરવા છતાં મતિદોષ કે મુદ્રણદોષથી જિનશાસનની મર્યાદા વિરુદ્ધ, શાસ્ત્રીય-શૈલી કે પરંપરા વિરુદ્ધ અગર મૂળકર્તાના આશય વિરુદ્ધ જે કાંઈ થયું કે લખાયું હોય તે બદલ સકલ શ્રીસંઘ સમક્ષ મિથ્યાદુષ્કૃત નિખાલસપણે દઈ પુણ્યવાન આત્માઓ આ ચોવિશીઓને અંતરની ભાવવૃદ્ધિથી ઉપયોગમાં લઈ સ્વ-પર કલ્યાણ-કારી જીવન બનાવે એ મંગલકામના.

વીર નિ. સં. ૨૫૦૪
વિ. સં. ૨૦૩૪
કા. વ. ૧૦ બુધવાર
કુરજણ (જિ. સુરત)
(કઠોરથી બીધાનના રસ્તે
૬ મા. દૂર)

નિવેદક
પૂજ્ય ઉપાધ્યાય તપસ્વી ગુરુદેવ
**શ્રી ધર્મસાગરજી મ.**
ચરણસેવક
**અભયસાગર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नमः श्रीजिनशासनाय

## પ્રકાશક તરફથી......

દેવગુરુકૃપાએ શ્રી વીતરાગ–પરમાત્માની ભક્તિને પોષનાર પૂર્વાચાર્યકૃત પ્રાચીન ચોવિશીઓ–વીશીઓના સંગ્રહને પ્રકાશિત કરતાં અમો ખૂબ હર્ષ અનુભવીએ છીએ.

પૂજ્યપાદ આગમિક–પ્રૌઢ–વ્યાખ્યાતા ધ્યાનસ્થ સ્વર્ગત **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન પૂ. **પંન્યાસપ્રવર શ્રી સૂર્યોદયસાગરજી** મ.ના સદુપદેશ અને પ્રેરણાથી આગમિક–સાહિત્યને લહિયાઓ પાસે પ્રાચીન ભારતીય–શૈલીથી હાથના બનાવેલ કાગળો ઉપર હાથની બનાવેલ દેશી શાહીથી લખવાનું મંગળકાર્ય કરવા–કરાવવાના શુભ આશયથી અમારી આ સંસ્થાનું અસ્તિત્વ થયું છે.

આજ સુધીમાં ૧૫ આગમો ટીકા સાથે લહિયાઓ દ્વારા હસ્ત-લિખિત પ્રત રૂપે લખાયાં છે. શ્રુતભક્તિના આ શુભ કાર્યની અનુમોદના સાથે અમારી સંસ્થા મારફત જૈન શ્રીસંઘની આરાધનામાં ઉપયોગી પ્રાચીન સાહિત્યનું પ્રકાશન પણ પૂજ્ય પંન્યાસજી મ. શ્રીની ઉદાત્ત પ્રેરણાથી ગત ચાતુર્માસમાં ચૌદપૂર્વના સારભૂત મહામંગલકારી શ્રી **નમસ્કાર મહામંત્ર**ની આરાધનાના નવ દિવસના લઘુતપની આરાધના—પદ્ધતિનું પુસ્તક **"આરાધના જ્યોત"** નામે પ્રકટ કરવા અમે ભાગ્યશાળી થયા છીએ.

જે પુસ્તક પરમ તપસ્વી પૂજ્ય ઉપાધ્યાય શ્રી **ધર્મસાગરજી** મ.ના શિષ્ય પૂ. પં. શ્રી **અભયસાગરજી** મ. શ્રી એ સં. ૨૦૩૩ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરત (નેમુભાઈ શેઠની વાડી, ગોપીપુરા)ના ચાતુર્માસમાં કરાવેલ શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના પ્રસંગે અનેક પ્રાચીન જ્ઞાન-ભંડારોની ખંતભરી ૭-૮ વર્ષની ગવેષણા પછી વિસરાઈ ગયેલ અનેક પ્રાચીન શાસ્ત્રીય-પરંપરાની વિગતો ૩૦-૪૦ હ. લિ. પ્રતોના આધારે સંકલિત કરી તૈયાર કરેલ પુસ્તકની ત્રીજી આવૃત્તિરૂપે પ્રકટ થયેલ.

આવું જ મહત્ત્વપૂર્ણ આ બીજું પ્રકાશન અમારી સંસ્થાના ગૌરવને વધારનાર કરી રહ્યા છીએ.

પરમ પૂજ્ય તપસ્વી ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.ના શિષ્ય પૂ. પં. શ્રી અભયસાગરજી મ. શ્રીએ અત્યંત મહેનતપૂર્વક અનેક હસ્તલિખિત પ્રતો સાથે પાઠાંતરો મેળવી ચોકસાઈપૂર્વક તૈયાર કરેલ આ સંગ્રહનું પ્રકાશન કરવાનો પુણ્યલાભ અમારી સંસ્થાના પ્રેરક પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ. શ્રીની ઉદારકૃપાથી મળ્યો છે, તે બદલ ગૌરવ અનુભવીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન માટે છાપકામ અંગેની ધાર્યા કરતાં વધુ મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું, પરિણામે કાગળ, છાપકામના ભાવો, એસ્ટીમેંટ કરતાં દોઢા-બમણા થઈ જવા પામ્યા.

તેમ છતાં ભાવિયોગે અમદાવાદ, પાલિતાણા, ભાવનગર, સોનગઢ પ્રેસોમાં ઘણી હાડમારી અનુભવી છેવટે શ્રી **હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા** અમદાવાદના અધ્યાપક પં. શ્રી **રતિભાઈ ચી. દોશી** તથા શ્રી **લાલચંદભાઈ કે. શાહ** (૧૬. શત્રુંજય સોસાયટી, ૧ માળે, પાલડી, અમદાવાદ-૭)ના ધગશભર્યા સહકાર અને ખંતભર્યા પ્રયત્નથી પ્રેસની વ્યવસ્થા અમદાવાદમાં અષાઢ મહિને ગોઠવાઈ.

ટૂંક સમયમાં ૫૦ ફર્મા વ્યવસ્થિત રીતે છાપી પ્રથમ ભાગ તૈયાર કરી આપ્યો તે બદલ ઉપરના બંને મહાનુભાવોના ઉદાત્ત-ધર્મ-પ્રેમની ખૂબ ખૂબ અભિનંદના કરીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બંને મહાનુભાવોએ પ્રૂફ વાંચવાનું કામ પણ ઘણી પ્રવૃત્તિઓમાંથી સમય કાઢી ઉઠાવી પૂજ્ય મહારાજશ્રીના સંપાદન પાછળ કરાયેલ ભગીરથ શ્રમને દીપાવી દીધો છે.

ઝડપી અને સ્વચ્છ-સુંદર છાપકામ કરી આપવા માટે કેનિમેક પ્રેસવાળા શાહ **મહેન્દ્રભાઈ** તથા **રાજુભાઈ**નો પણ આ પ્રસંગે કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરવો જરૂરી છે.

આ પુસ્તકના પ્રકાશનમાં આર્થિક લાભ લેનાર મહાનુભાવોને ઉદારપ્રેરણા આપનાર પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ સદ્‌ગૃહસ્થોના ધર્મપ્રેમની પણ સાદર નોંધ લઈએ છીએ.

છેલ્લે યથાશક્ય પ્રયત્ને શુદ્ધિનું ધોરણ જાળવવાનો પ્રયત્ન છતાં છદ્મસ્થતાવશ થયેલ મુદ્રણદોષ આદિ માટે ચતુર્વિધ શ્રીસંઘ-સમક્ષ મિથ્યાદુષ્કૃત માંગી પુણ્યવાન આરાધક જીવો પ્રસ્તુત સંગ્રહમાં રજૂ થયેલ ભાવગંભીર ચોવિશીઓના ગહન મર્મભર્યા સ્તવનોના મનન-ગાનથી જીવન-શુદ્ધિના રાજપંથે ધપવા ઉદાત્ત આત્મબળ મેળવે એ મંગલ અભિલાષા.

કાપડ બજાર
કપડવંજ (જિ. ખેડા)
વીર નિ. સં. ૨૫૦૪
વિ. સંવત-૨૦૩૪
માગશર સુદ ૨ સોમ
તા. ૧૨-૧૨-૭૭

નિવેદક
**દિનેશચંદ્ર નગીનદાસ પરીખ**

કાર્યવાહક
**પ્રાચીન શ્રુત સંરક્ષક સમિતિ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| સંખ્યા | કર્તા | પૃષ્ઠ સંખ્યા | ટિપ્પણ |
|---|---|---|---|
| ૧ | શ્રી આનંદઘનજી મ. | ૧–૨૭ | ૨૮–૩૫ |
| ૨ | ઉપા. શ્રી યશોવિજયજી મ. | ૩૬–૫૩ | ૫૪–૬૦ |
| ૩ | ,, ,, | ૬૧–૭૭ | ૭૮–૮૨ |
| ૪ | ,, ,, | ૮૩–૧૦૭ | ૧૦૮–૧૧૧ |
| ૫ | શ્રી ભાણુવિજયજી મ. | ૧૧૨–૧૩૪ | ૧૩૫–૧૩૮ |
| ૬ | શ્રી આણંદવર્ધનજી મ. | ૧૩૯–૧૫૫ | ૧૫૬–૧૫૯ |
| ૭ | શ્રી લક્ષ્મીવિમલજી મ. | ૧૬૦–૧૮૬ | ૧૮૭–૧૯૨ |
| ૮ | શ્રી ઉપા. માનવિજયજી મ. | ૧૯૩–૨૧૮ | ૨૧૯–૨૨૪ |
| ૯ | પૂ.આ.શ્રી જ્ઞાનવિમલસૂરિ મ૦ | ૨૨૫–૨૪૫ | ૨૪૬–૨૫૦ |
| ૧૦ | પૂ. શ્રી ભાવવિજયજી મ. | ૨૫૧–૨૬૭ | ૨૬૮–૨૭૨ |
| ૧૧ | પૂ. શ્રી વિનયવિજયજી મ. | ૨૭૩–૨૯૧ | ૨૯૨–૨૯૬ |
| ૧૨ | શ્રી હરખચંદજી મ. | ૨૯૭–૩૧૧ | ૩૧૨–૩૧૪ |
| ૧૩ | શ્રી નયવિજયજી મ. | ૩૧૫–૩૩૯ | ૩૪૦–૩૪૩ |
| ૧૪ | શ્રી ઋષભસાગરજી મ. | ૩૪૪–૩૭૪ | ૩૭૪–૩૮૧ |
| ૧૫ | શ્રી ઉદયરત્નજી મ. | ૩૮૨–૩૯૧ | નથી. |
| ૧૬ | શ્રી જિનવિજયજી મ. | ૩૯૨–૪૧૪ | ૪૧૫–૪૧૮ |
| ૧૭ | ,, ,, | ૪૧૯–૪૪૧ | ૪૪૨–૪૪૬ |
| ૧૮ | શ્રી હંસરત્નજી મ. | ૪૪૭–૪૭૪ | ૪૭૫–૪૭૯ |
| ૧૯ | શ્રી મોહનવિજયજી મ. | ૪૮૦–૫૧૫ | ૫૧૬–૫૨૧ |
| ૨૦ | શ્રી રામવિજયજી મ. | ૫૨૨ ૫૪૨ | ૫૪૩–૫૪૭ |
| ૨૧ | ,, ,, | ૫૪૮–૫૭૦ | ૫૭૧–૫૭૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૨૨ | શ્રી કાંતિવિજયજી મ. | ૫૭૫–૫૯૬ | ૫૯૭–૬૦૦ |
| ૨૩ | શ્રી ન્યાયસાગરજી મ. | ૬૦૧–૬૧૮ | ૬૧૯–૬૨૧ |
| ૨૪ | ,, ,, | ૬૨૨–૬૪૦ | નથી. |
| ૨૫ | શ્રી પદ્મવિજયજી મ. | ૬૪૧–૬૬૦ | નથી. |
| ૨૬ | ,, ,, | ૬૬૧–૬૮૫ | નથી. |
| ૨૭ | શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ. | ૬૮૬–૭૧૫ | ,, |
| ૨૮ | શ્રી કીર્તિવિમલજી મ. | ૭૧૬–૭૩૨ | ,, |
| ૨૯ | શ્રી દાનવિમલજી મ. | ૭૩૨–૭૫૧ | ,, |
| ૩૦ | શ્રી વિનીતવિજયજી મ. | ૭૫૨–૭૭૩ | ,, |
| ૩૧ | શ્રી અમૃતવિજયજી મ. | ૭૭૪–૭૯૦ | ,, |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री वर्धमान स्वामिने नमः ॥

# શ્રી આનંદઘનજી કૃત સ્તવન ચોવીસી

## ૧. શ્રી ઋષભદેવ-પ્રભુનું સ્તવન (૧-૧)

(રાગ મારૂ-કરમ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો.-એ દેશી)

ઋષભ-જિનેશ્વર પ્રીતમ[1] માહરો રે, ઓર[2] ન ચાહું રે કંત[3] ।
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે[4] સાદિ-અનંત ઋ૦ ॥૧॥

પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત-સગાઈ ન કોય ।
પ્રીત-સગાઈ રે "નિરૂપાધિક"[5] કહી રે, સોપાધિક[6] ધન ખોય-ઋ૦ ॥૨॥

કોઈ કંત-કારણ કાષ્ટભક્ષણ[7] કરે રે, "મિલશું કંતને ધાય"[8] ।
એ મેળો નવિ કહીયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય-ઋ૦ ॥૩॥

કોઈ પતિ-રંજન[9] અતિ[10]-ઘણો તપ કરે, પતિ-રંજન તન-તાપ[11] ।
એ પતિ-રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, "રંજન ધાતુ[12]-મિલાપ"-ઋ૦ ॥૪॥

કોઈ કહે-"લીલા રે અ-લખ અ-લખ[13] તણી રે, લખ[14] પૂરે મન આશ" ।
દોષ-રહિતને લીલા નવિ ઘટે રે; લીલા દોષ-વિલાસ[15]-ઋ૦ ॥૫॥

ચિત્ત પ્રસન્ન રે પૂજન-ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ ।
કપટ-રહિત થઈ આતમ-અરપણા રે, **આનંદઘન** પદ રેહ[16]-ઋ૦ ॥૬॥

卐

## ૨. શ્રી અજિતનાથ-સ્વામીનું સ્તવન (૧-૨)

(રાગ આશાવરી-મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે.—એ દેશી)

પંથડો[1] નિહાળું[2] રે બીજા જિનતણો રે, અ-જિત **અજિત**[3] ગુણધામ ।
જે તેં જીત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિશ્યું મુજ નામ?-પં૦ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરમ[૪]-નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર ।
જેણે નયણે કરી મારગ જોઇયે રે, નયણ તે દિવ્ય[૫] વિચાર-પં૦ ॥૨॥

પુરુષ-પરંપર[૬] અનુભવ જોવતાં રે, અંધો-અંધ પુલાય[૭] ।
વસ્તુ વિચારે રે જો આગમ કરી રે, ચરણ-ધરણ[૮] નહીં ઠાય-પં૦ ॥૩॥

તર્કવિચારે રે, વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય ।
અભિમત વસ્તુ રે વસ્તુગતેં કહે રે, તે વિરલા જગ જોય-પં૦ ॥૪॥

વસ્તુ-વિચારે રે દિવ્ય-નયણ તણો રે, વિરહ[૯] પડયો નિરધાર[૧૦] ।
તરમજોગે[૧૧] રે તરતમ વાસના[૧૨] રે, વાસિત બોધ આધાર-પં૦ ॥૫॥

કાળલબ્ધિ[૧૩] લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ ।
એ જન જીવેરે જિનજી જાણજો રે,
**આનંદઘન**[૧૪] મત[૧૫] અંબ[૧૬]-પં૦ ॥૬॥

卐

## ૩. શ્રી સંભવનાથ-જિન સ્તવન (૧-૩)

(રાગ-રામગિરિ, રાતલડી રમીને કિહાંથી આવીયારે ?—એ દેશી.)

**સંભવદેવ** તે ધુર[૧] સેવો સવે રે, લહી પ્રભુ-સેવન-ભેદ ।
સેવન-કારણ પહેલી ભૂમિકા રે,[૨] અ-ભય[૩] અ-દ્વેષ અ-ખેદ-સં૦ ॥૧॥

ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અ-રોચક-ભાવ ।
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયે રે, દોષ અ-બોધ[૪] લખાવ-સં૦ ॥૨॥

ચરમાવર્તે[૫] હો ચરમ[૬] કરણ તથા રે, ભવ-પરિણતિ[૭]-પરિપાક ।
દોષ ટળે વળી દ્દષ્ટિ ખીલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન[૮]-વાક્-સં૦ ॥૩॥

પરિચય પાતિક[૯]-ઘાતક સાધુશું રે, અ-કુશળ-અપચય[૧૦] ચેત ।
ગ્રંથ અધ્યાતમ શ્રવણ-મનન કરી રે, પરિશીલન નય-હેત[૧૧]-સં૦ ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કારણ-જોગે હો કારજ નીપજે રે," એહમાં કોઈ ન વાદ ।
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ-મત-ઉન્માદ[૧૨]–સં૦ ॥૫॥

મુગ્ધ[૧૩] "સુગમ[૧૪] કરી" સેવન આદરે રે,
સેવન અ-ગમ[૧૫] અનૂપ[૧૬] ।
જો કદાચિત સેવક-યાચના રે, **આનંદઘન** રસ-રૂપ-સં૦ ॥૬॥

卐

## ૪. શ્રી અભિનંદન-સ્વામી સ્તવન (૧-૪)

(રાગ ધન્યાશ્રી-સિંધુઓ-આજ નિ?જોરે દીસે નાહલો—એ દેશી.)

**અભિનંદનજિન!** દરિસણ[૧] તરસીયે, દરિસણ દુરલભ દેવ! ।
મત[૨]-મત-ભેદે રે જો જઈ પૂછીયે, સહુ થાપે "અહમેવ"[૩]-અ૦ ॥૧॥

સામાન્યે[૪] કરી દરિસણ દોહિલું, નિરણય[૫] સકળ વિશેષ ।
મદમેં[૬] ઘેર્યો રે અંધો કિમ કરે? રવિ-શશિ-રૂપ-વિલેષ[૭],–અ૦ ॥૨॥

હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈયે, અતિ-દુરગમ નય-વાદ ।
આગમ-વાદે હો ગુરૂ-ગમ કો નહીં, એ સબળો વિષવાદ–અ૦ ॥૩॥

ઘાતી-ડુંગર આડા અતિઘણા, તુજ દરિસણ જગનાથ! ।
ધીઠાઇ[૮] કરી મારગ સંચરૂં, સેંગૂ[૯] કોઈ ન સાથ–અ૦ ॥૪॥

"દરિસણ"-"દરિસણ" રટતો જો ફિરૂં, તો રણ-રોઝ સમાન ।
જેહને પિપાસા હો અમૃત-પાનની, કિમ ભાંજે વિષ-પાન-અ૦ ॥૫॥

તરસ[૧૦] ન આવે હો મરણ-જીવનતણો, સીઝે જો દરિસણ કાજ ।
દરિસણ દુર્લભ, સુલભ કૃપા થકી, **આનંદઘન** મહારાજ–અ૦ ॥૬॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫. શ્રી સુમતિનાથ-જિન સ્તવન (૧-૫)

(રાગ—વસંત-કેદારો)

**સુમતિ**-ચરણ[૧]-કજ આતમ-અરપણા,
દરપણ જિમ અ-વિકાર[૨]—સુજ્ઞાની ।
મતિ-તરપણ[૩] બહુ-સમ્મત જાણીયેં,
પરિસરપણ[૪] સુવિચાર-સુજ્ઞાની० સુમતિ० ॥૧॥

ત્રિવિધ સકળ તનુ-ધર[૫] ગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ—સુજ્ઞાની ।
બીજો અંતરઆતમ, તીસરો
પરમાતમ અ-વિછેદ સુજ્ઞાની० સુમતિ ॥૨॥

આતમબુદ્ધેં હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ[૬]—સુજ્ઞાની!
કાયાદિકનો હો સાખી[૭]-ધર રહ્યો,
અંતર આતમ રૂપ—સુજ્ઞાની० સુમતિ० ॥૩॥

જ્ઞાનાનંદે હો પૂરણ-પાવનો,
વરજિત[૮] સકળ-ઉપાધિ—સુજ્ઞાની ।
અતીંદ્રિય[૯]-ગુણગણ-મણિ-આગરૂ,
ઈમ પરમાતમ સાધ—સુજ્ઞાની० સુમતિ० ॥૪॥

બહિરાતમ તજી અંતર-આતમા,
રૂપ થઈ થિરભાવ—સુજ્ઞાની ।
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ-અરપણ દાવ[૧૦]-સુજ્ઞાની० સુમતિ० ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આતમ-અરપણ-વસ્તુ વિચારતાં
ભરમ ટળે મતિ-દોષ—સુજ્ઞાની ।
પરમ-પદારથ-સંપત્તિ સંપજે,
આનંદઘન-રસ-પોષ—સુજ્ઞાની૦ સુમતિ ॥૬॥

卐

## ૬. શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન (૧-૬)

(રાગ—મારુ-સિંધુડો-ચાંદલીયા ! સંદેશો કહેજે મારા કંતને રે-એ દેશી)

**પદ્મપ્રભ** જિન ! તુજ-મુજ આંતરૂરે,[૧] કિમ ભાંજે ભગવંત ? ।
કરમવિપાકે[૨] કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત-પદ્મ૦ ॥૧॥

પયઇ[૩]-ઠિઈ-અણુભાગ-પ્રદેશથીરે, મૂળ-ઉત્તર બિહું ભેદ ।
ઘાતી અ-ઘાતી હો બંધોદય ઉદીરણારે, સત્તા કર્મ[૬]-વિછેદ-પદ્મ૦ ॥૨॥

કનકોપલવત્[૪]પયડી[૫]-પુરૂષતણીરે, જોડી[૬] અનાદિ-સ્વભાવ ।
અન્ય-સંયોગી[૭] જિહાં લગેં આતમારે, સંસારી કહેવાય-પદ્મ૦ ॥૩॥

"કારણ-યોગેં હો બાંધે બંધને રે," કારણ મુગતિ મૂકાય ।
આશ્રવ-સંવર નામ અનુક્રમે રે, હેયો-પાદેય સુણાય-પદ્મ૦ ॥૪॥

યુંજન-કરણે[૮] હો અંતર તુજ પડ્યો રે, ગુણકરલે[૯] કરી ભંગ ।
ગ્રંથ-ઉકતેં[૧૦] કરી પંડિતજન કહ્યો રે, અંતર-ભંગ[૧૧] સુ-અંગ[૧૨]
-પદ્મ૦ ॥૫॥

તુજ-મુજ[૧૩] અંતર[૧૪] અંતર[૧૫] ભાંજશેરે, વાજશે મંગળતૂર ।
જીવ-સરોવર અતિશય વાધશ્યેરે, **આનંદઘન** રસપૂર-પદ્મ૦ ॥૬॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭. શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન (૧–૭)

(દેશી–લલનાની)

**શ્રી સુપાસ–જિન** વંદીયે, સુખ–સંપત્તિનો હેતુ–લલના ।
શાંત–સુધારસ–જલનિધિ, ભવ–સાગરમાંહે[1] સેતુ–લલના–
શ્રી સુપાસ૦ ॥૧॥

સાત[2] મહા–ભય ટાળતો, સપ્તમ જિનવર દેવ–લલના ।
સાવધાન–મનસા કરી, ધારો જિન–પદ–સેવ–લલના–
શ્રી સુપાસ૦ ॥૨॥

શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન–લલના ।
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ–સરૂપ અ–સમાન[3]
–લલના–શ્રી સુપાસ૦ ॥૩॥

અલખ નિરંજન વચ્છલુ, સકળ–જંતુ–વિસરામ–લલના ।
અભય–દાન–દાતા સદા, પૂરણુ આતમ–રામ–લલના
શ્રી સુપાસ૦ ॥૪॥

વીતરાગ–મદ–કલ્પના, રતિ–અરતિ–ભય–શોગ–લલના
નિદ્રા–તંદ્રા–દુરદશા–રહિત અ–બાધિતયોગ[4] લલના–
શ્રી સુપાસ૦ ॥૫॥

પરમ–પુરૂષ પરમાતમા; પરમેશ્વર પરધાન–લલના
પરમ–પદારથ પરમેષ્ઠી, પરમ–દેવ પરમાન[5] લલના–
શ્રી સુપાસ૦ ॥૬॥

વિધિ[6] વિરંચી[7] વિશ્વંભરૂ,[8] હૃષીકેશ[9] જગનાથ–લલના ।
અઘ–હર[10] અઘ–મોચન[11] ધણી મુક્ત પરમ–પદ સાથ–
લલના–શ્રી સુપાસ૦ ॥૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ અનેક અભિધા[૧૨] ધરે, અનુભવ-ગમ્ય-વિચાર-લલના ।
જે જાણે તેહને કરે, **આનંદ-ઘન** અવતાર. લલના
શ્રી સુપાસ૦ ॥૮

卐

## ૮. શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન (૧-૮)

(રાગ કેદારો-ગોડી-કુમરી રોવે આક્રંદ કરે મુને કોઈ મુકાવે—એ દેશી)

**ચંદ્ર** પ્રભુ મુખ-ચંદ્ર, સખિ! મુને દેખણ દે!
ઉપશમ-રસનો કંદ, સખિ૦ !
સેવે સુર-નર-વૃંદ, સખિ૦ !
ગત-કલિ-મલ-દુઃખ-દંદ-સખિ૦ ॥૧

સુહુમ નિગોદે ન દેખીયો, સખિ૦ બાદર અતિહિ વિશેષ-સખિ૦!
પુઢવી-આઉ ન દેખીઓ, સખિ૦ તેઉ-વાઉ ન લેશ-સખિ૦ ॥૨

વનસ્પતિ અતિ-ઘણ[૨] દીહા[૩] સખિ૦ દીઠો નહીય દીદાર-સખિ૦!
બિ-તિ-ચઉરિંદી જળલિહા,[૪] સખિ૦ ગતસન્ની પણ[૫] ધાર-સખિ૦ ॥૩

સુર-તિરિ-નરય નિવાસમાં, સખિ૦ મનુજ અનારજ સાથ-સખિ૦!
અપજત્તા-પ્રતિભાસમાં[૬] સખિ૦ ચતુર ન ચઢીયો હાથ-સખિ૦ ॥૪

ઈમ અનેક થલ જાણીયે, સખિ૦ દરિસણ વિણ જિનદેવ-સખિ૦!
આગમથી મતિ આણીયે, સખિ૦ કીજે નિરમલ સેવ-સખિ૦ ॥૫

નિર્મલ સાધુ-ભગતિ લહી, સખિ૦ યોગ-અવંચક હોય-સખિ૦!
કિરિયા-અવંચક તિમ સહી, સખિ૦ ફળ-અવંચક જોય-સખિ૦॥૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેરક અવસર[૭] જિનવરૂ, સખિ૦ મોહનીય ક્ષય થાય-સખિ૦!
કામિત-પૂરણ-સુરતરૂ, સખિ૦ **આનંદઘન** પ્રભુ પાય-સખિ૦ ॥૭॥

卐

## ૯. શ્રી સુવિધિનાથ-જિન સ્તવન (૧-૯)

[રાગ કેદારો-ઈમ ધન્નો ધનને પરચાવે—એ દેશી]

**સુવિધિજિણેસર** પાય નમીને, શુભકરણી ઈમ કીજે રે ।
અતિઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજે રે-સુ૦ ॥૧॥

દ્રવ્ય-ભાવ[૧] શુચિભાવ ધરીને, હરખેં દેહરે જઈયે રે ।
દહ[૨]-તિગ પણ-[૩] અહિગમ સાચવતાં એક-મના ધુરિ થઈયેં રે-
સુ૦ ॥૨॥

કુસુમ-અક્ષત-વર વાસ-સુગંધી, ધૂપ-દીપ મન સાખી રે ।
અંગપૂજા પણ-ભેદ[૪] સુણી ઈમ, ગુરૂ-મુખ આગમ ભાખી રે-
સુ૦ ॥૩॥

એહનું ફળ હોય ભેદ સુણી જે, અનંતર[૫] ને પરંપર રે ।
આણા-પાલણ ચિત્તપ્રસત્તિ,[૬] મુગતિ-સુગતિ સુરમંદિર રે-સુ૦ ॥૪॥

ફૂલ-અક્ષત વર-ધૂપ-પઈવો, ગંધ-નૈવેદ્ય-ફળ-જળભરી રે ।
અંગ-અગ્રપૂજા મિલી અડ વિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે-
સુ૦ ॥૫॥

સત્તર-ભેદ ઈકવીશ-પ્રકારે, અઠોત્તર-શત-ભેદે રે ।
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ[૭]-દુરગતિ છેદે રે-સુ૦ ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીય[૮] ભેદ પડિવત્તીપૂજા,[૯] ઉપશમ[૧૦]-ખીણ[૧૧]સયોગી રે।[૧૨]
ઉહા[૧૩] પૂજા ઈમ ઉત્તરાધ્યયને, ભાખી કેવળ[૧૪]-ભોગી રે-
સુ૦ ॥૭॥

મ પૂજા બહુભેદ સુણીને, સુખ-દાયક શુભ-કરણી રે।
વિકજીવ કરશ્યે તે લહેશ્યે, **આનંદઘન**[૧૫]-પદ ધરણી રે-
સુ૦ ॥૮॥

卐

## ૧૦. શ્રી શીતળનાથ-જિન સ્તવન (૧-૧૦)

(રાગ-ધન્યાશ્રી, ગોડ-માંગળીકમાળા ગુણહ વિશાળા—એ દેશી.)

**શીતળ**જિનપતિ લલિત[૧]-ત્રિ-ભંગી[૨], વિવિધ-ભંગી[૩] મન મોહે રે।
કરુણા કોમળતા તીક્ષ્ણતા ઉદાસીનતા સોહે રે-શીતળ૦ ॥૧॥

સર્વ-જંતુ-હિત-કરણી કરુણા, કર્મ[૪]-વિદારણ તીક્ષ્ણ રે।
હાન[૫]-દાનરહિત પરિણામી, ઉદાસીનતા વિલક્ષણ રે-શીતળ૦ ॥૨॥

પર[૫]-દુઃખ-છેદન-ઇચ્છા કરુણા, તીક્ષ્ણ પર-દુઃખ રીઝે રે।
ઉદાસીનતા ઉભયવિલક્ષણ,[૬] એક ઠામે કિમ સીઝે રે?-શીતળ૦ ॥૩॥

અભયદાન તે કરુણા,[૭] મળક્ષય તીક્ષ્ણતા ગુણભાવે[૮] રે;।
પ્રેરક[૯] વિણકૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે-શીતળ૦ ॥૪॥

શક્તિ[૧૦] વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે।
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગી રે-શીતળ૦ ॥૫॥

ઈત્યાદિક બહુ-ભંગ ત્રિ-ભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે।
અ-ચરિજ-કારી ચિત્ર-વિચિત્રા, **આનંદઘન**-પદ લેતી રે-શીતળ૦ ॥૬॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન (૧-૧૧)

(રાગ ગોડી-અહો ! મતવાલે ! સાજના. એ દેશી)

**શ્રી શ્રેયાંસ-જિન** અંતરજામી, આતમ-રામી નામીરે।
અધ્યાતમ-મત પૂરણ પામી, સહજ-મુગતિ-ગતિ-ગામીરે-શ્રી૦ ॥૧॥

સયલ—સંસારી ઇંદ્રિય-રામી, મુનિ-ગણ આતમ-રામીરે ।
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામીરે-શ્રી૦ ॥૨॥

નિજ[૧]-સ્વરૂપે જે કિરિયા સાધે, તે અધ્યાત્મ લહિયે રે ।
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ કહિયેરે શ્રી૦ ॥૩॥

નામ-અધ્યાતમ ઠવણ-અધ્યાતમ, દ્રવ્ય-અધ્યાતમ છંડો રે ।
ભાવ-અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહથી રઢ મંડોરે-શ્રી૦ ॥૪॥

શબ્દ[૨]-અધ્યાતમ અરથ સુણીને, નિરવિકલ્પ[૩] આદરજ્યો રે।
શબ્દ-અધ્યાતમ ભજના જાણી, હાન-ગ્રહણ મતિ ધરજ્યો રે-
શ્રી૦ ॥૫॥

અધ્યાતમી તે જે વસ્તુ[૪] વિચારી, બીજા જાણ લેબાસી રે[૫]।
વસ્તુ-ગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન**-મત-વાસીરે-શ્રી૦ ॥૬॥

卐

## ૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન (૧-૧૨)

(રાગ ગોડી-તુંગિયાગિરિ શિખરે સોહે-એ દેશી)

**વાસુપૂજ્ય-જિન** ત્રિભુવન-સ્વામી, ઘન-નામી[૧] પરિણામીરે[૨] ।
નિરાકાર-સાકાર સચેતન, કરમ કરમ-ફળ-કામીરે-વાસુ૦ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરાકાર અભેદ-સંગ્રાહક, ભેદ–ગ્રાહક સાકારો રે ।
દર્શન-જ્ઞાન દુ–ભેદ ચેતના, વસ્તુ–ગ્રહણ–વ્યાપારો રે–વાસુ૦ ॥૨॥

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીયે રે ।
એક અનેકરૂપ નય–વાદે,[3] નિયતે નય અનુસરીયે રે-વાસુ૦ ॥૩॥

દુઃખ–સુખ રૂપ કરમ–ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે ।
"ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન" કહે જિનચંદો રે-વાસુ૦ ॥૪॥

પરિણામી ચેતન–પરિણામો, જ્ઞાન કરમ–ફળ ભાવી રે ।
જ્ઞાન કરમ-ફળ ચેતન કહીયે, લેજ્યો તેહ મનાવી રે–વાસુ૦ ॥૫॥

"આતમે–જ્ઞાની[4] શ્રમણ કહાવે" બીજા તો દ્રવ્યલિંગીરે ।
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મત–સંગીરે-વાસુ૦ ॥૬॥

卐

## ૧૩. શ્રી વિમળનાથ–જિન સ્તવન (૧–૧૩)

(રાગ (મારૂ)–મલ્હાર–ઈડર આંબા આંબલી રે—એ દેશી.)

દુઃખ–દોહગ દૂરે ટલ્યારે, સુખ–સંપદશ્યું ભેટ ।
ધીંગ[1] ધણી માથે કિયોરે,[2] કુણ ગંજે નર–ખેટ ?–
**વિમળજિન** ! દીઠા લોયણ આજ ।
મારા સીઝ્યા વાંછિત કાજ–વિમળ૦ ॥૧॥

ચરણ–કમળ કમળા[3] વસેરે, નિર્મળ–થિર પદ[4] દેખ !
સ–મળ અ–થિર પદ પરિહરીરે, પંકજ[5] પામર[6] પેખ–વિમળ૦ ॥૨॥

મુજ મન તુજ પદ–પંકજે રે, લીણો[7] ગુણ–મરકંદ[8] ।
રંક[9] ગણે મંદર ધરારે, ઇંદ–ચંદ–નાગંદ– વિમળ૦ ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિબ ! સમરથ તું ધણીરે, પામ્યો પરમ-ઉદાર ।
મન-વિસરામી[10] વાલહોરે, આતમચો[11] આધાર-વિમળ૦ ॥૪॥

દરિશણુ[12] દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ[13]
દિનકર કર ભર પસરતાં રે, અંધકાર-પ્રતિષેધ-વિમળ૦ ॥૫॥

અમીય-ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય ।
શાંત-સુધા-રસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય-વિમળ૦ ॥૬॥

એક અરજ સેવક તણીરે, અવધારો[14] જિનદેવ ।
કૃપા કરી મુજ દીજીયેરે, **આનંદઘન**-પદ-સેવ-વિમળ૦ ॥૭॥

卐

## ૧૪. શ્રી અનંતનાથ-જિન સ્તવન (૧-૧૪)

(રાગ રામગિરિ-કડખો. પ્રભાતી)

ધાર તલવારની સોહિલી ! દોહલી,
**ચૌદમા જિનતણી** ચરણ-સેવા ।
ધારપર નાચતા દેખ બાજીગરા,[1]
સેવના-ધારપર[2] રહે ન દેવા-ધાર૦ ॥ ૧ ॥

એક કહે-"સેવીયે વિવિધ-કિરિયા કરી."
ફળ અનેકાંત[3]-લોચન ન દેખે ।
ફળ અનેકાંત[4]-કિરિયા કરી બાપડા,
રડવડે[5] ચ્યાર-ગતિમાંહ લેખે-ધાર૦ ॥ ૨ ॥

ગચ્છ-ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે ।
ઉદર-ભરણાદિ નિજ-કાજ કરતાં થકાં;
મોહ-નડિયા કળિકાળ-રાજે-ધાર૦ ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વચન-નિરપેક્ષ[૬] વ્યવહાર જૂઠો" કહ્યો,
"વચન-સાપેક્ષ[૭] વ્યવહાર સાચો ।
વચન-નિરપેક્ષ-વ્યવહાર સંસાર-ફળ,
સાંભળી-આદરી કાંઈ રાચો -ધાર૦ ॥૪॥

દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ? ।
શુદ્ધ-શ્રદ્ધાન વિણુ સર્વ-કિરિયા કહી,
છારપરિ લીંપણું તેહ જાણો -ધાર૦ ॥૫॥

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિસો,
ધર્મ નહીં કોઈ જગ સૂત્રસરિખો ।
સૂત્ર-અનુસાર જે ભવિક કિરિયા કરે;
તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો -ધાર૦ ॥૬॥

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે ।
તે નરા દિવ્ય-બહુ-કાળ સુખ અનુભવી,
નિયત[૮] **આનંદઘન**-રાજ પાવે-ધાર૦ ॥૭॥

卐

## ૧૫. શ્રી ધર્મનાથ-જિન સ્તવન (૧-૧૫)

( રાગ ગોડી-સારંગ-દેશી રસીયાની. )

**ધર્મ**-જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ[૧] મ પડજ્યો હો પ્રીત-
જિણેસર !
**બીજો** મન-મંદિર આણું નહીં, એ અમ કુળવટ-રીત-
જિણેસર ! ધર્મ૦ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરમ-ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ-
જિણેસર ! ।
ધર્મજિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ-
જિણેસર ! ધર્મ૦ ॥૨॥

પ્રવચન-અંજન[૨] જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ-નિધાન[૩]-જિણેસર !
હૃદયનયણ[૪] નિહાળે જગધણી,[૫] મહિમા મેરૂ-સમા-
જિણેસર ! ધર્મ૦ ॥૩॥

દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ-જિણેસર !
પ્રેમ-પ્રતીત[૬] વિચારો ઢૂંકડી, ગુરૂગમ લેજ્યો રે જોડ-
જિણેસર ! ધર્મ૦ ॥૪॥

એકપખી[૭] કિમ પ્રીત પરવડે[૮], ઉભય[૯] મિલ્યાં હોવે સંધ[૧૦]-
જિણેસર !
હું રાગી હું મોહે ફંદીયો, તું નિરાગી નિરબંધ-
જિણેસર ! ધર્મ૦ ॥૫॥

પરમ-નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઓલંઘી હો જાય-
જિણેસર ।
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો-અંધ પુલાય-
જિણેસર ! ધર્મ૦ ॥૬॥

નિરમળ[૧૧]- ગુણ-મણિ-રોહણ-ભૂધરા, મુનિ-જન-માનસ-હંસ-
જિણેસર !
ધન્ય તે નગરી ! ધન્ય વેળા-ઘડી, માત-પિતા કુળ-વંશ-
જિણેસર ! ધર્મ૦ ॥૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન-મધુકર વર કર જોડી કહે, પદ-કજ[૧૨] નિકટ નિવાસ-
જિણેસર !
ઘન-નામી **આનંદઘન** સાંભળો, એ સેવક અરદાસ-
જિણેસર ! ધર્મ૦ ॥૮॥

卐

## ૧૬ શ્રી શાંતિનાથ-જિન સ્તવન (૧-૧૬)

(રાગ મલ્હાર-ચતુર ચોમાસું પડિક્કમી—એ દેશી.)

"**શાંતિજિન !** એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન-રાયરે ।
શાંતિ-સરૂપ કિમ જાણીયે ?' કહો-'મન[૧] કિમ પરખાયરે"-
શાંતિ૦ ॥૧॥

ધન્ય[૨] ! તું આતમા ! જેહને, એહવો પ્રશ્ન[૩]-અવકાશરે ।
ધીરજ મન ધરી સાંભળો, કહુ શાંતિ[૪]-પ્રતિભાસરે'-
શાંતિ૦ ॥૨॥

ભાવ અ-વિશુદ્ધ સુ-વિશુદ્ધ જે, કહ્યા જિનવરદેવરે ।
તે તિમ અ-વિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ-પદ-સેવરે-
શાંતિ૦ ॥૩॥

આગમ-ધર[૫] ગુરૂ સમકિતી, કિરિયા[૬] સંવર સાર રે ।
સંપ્રદાયી[૭] અ-વંચક સદા, શુચિ અનુભવાऽऽધારરે-
શાંતિ૦ ॥૪॥

શુદ્ધ[૮] આલંબન આદરે, તજી અવર જંજાળ રે ।
તામસી-વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિક[૯] સાલરે-
શાંતિ૦ ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળ[૧૦]-વિસંવાદ[૧૧] જેહમાં નહી, શબ્દ તે અર્થ[૧૨] સંબંધિરે ।
સકળ-નય-વાદ વ્યાપી રહ્યા, તે શિવ[૧૩]-સાધન-સંધિરે-
શાંતિ૰ ॥૬॥

વિધિ-પ્રતિષેધ[૧૪] કરી આતમા, પદારથ અ-વિરોધરે[૧૫] ।
ગ્રહણ વિધિ મહા-જને[૧૬] પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધરે-
શાંતિ૰ ॥૭॥

દુષ્ટ-જન-સંગતિ પરિહરી, ભજે સુગુરૂ[૧૭]-સંતાનરે ।
જોગ[૧૮]-સામર્થ્ય ચિત્ત-ભાવ જે, ધરે મુગતિ-નિદાનરે-
શાંતિ૰ ॥૮॥

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે ।
વંદક-નિંદક સમ ગણે, ઈસ્યો હોય તું જાણ રે-
શાંતિ૰ ॥૯॥

સર્વ-જગ-જંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિ ભાવરે ।
મુગતિ-સંસાર બિહુ સમ ગણે, મુણે "ભવ-જલનિધિ-નાવરે"-
શાંતિ૰ ॥૧૦॥

આપણો આતમ-ભાવ જે, એક ચેતના-ધાર રે ।
અવર સવિ સાથ[૧૩]-સંયોગથી, એહ નિજ-પરિકર સારરે-
શાંતિ૰ ॥૧૧॥

પ્રભુ-મુખથી ઈમ સાંભળી, કહે આતમ-રામરે ।
"તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામરે-
શાંતિ૰ ॥૧૨॥

અહો! અહો! હું મુજને કહું, "નમો મુજ નમો મુજ રે ।
અ મિત-ફળ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજજરે"-
શાંતિ૰ ॥૧૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતિ-સ્વરૂપ સંક્ષેપથી, કહ્યા નિજ-પર રૂપ રે ।
આગમમાંહ વિસ્તર ઘણો, કહ્યા શાંતિ જિન-ભૂપ રે શાંતિ૦ ॥૧૪॥

શાંતિ-સ્વરૂપ ઈમ ભાવશ્યે, ધરી શુદ્ધ પ્રણિધાન રે ।
આનંદ-ઘન પદ પામશ્યે, તે લહેશ્યે બહુ માન રે શાંતિ૦ ॥૧૫॥

卐

## ૧૭. શ્રી કુંથુનાથ-જિન સ્તવન (૧-૧૭)

( રાગ ગુર્જરી—રામકલી-અંબર દે દે મુરારી હમારો—એ દેશી )

કુંથુજિન! મનડું કિમહી ન બાઝે!!!
જિમ-જિમ જતન[૧] કરીને રાખું, તિમ-તિમ અલગું[૨] ભાંજે[૩] હો!
કુંથુ૦ ॥૧॥

રજની-વાસર વસતી-ઉજડ, ગયણ પાયાલે જાય।
"સાપ[૪] ખાયને મુખડું થોથું" એહ ઉખાણો-ન્યાય-હો! કુંથુ૦ ॥૨॥

મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે।
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે-હો! કુંથુ૦ ॥૩॥

આગમ આગમ-ધરને[૫] હાથે, નાવે કિણ વિધ આંકું ।
કિહાં-કણે જો હઠ કરી હટકયું તો વ્યાલ[૬] તણી પરે વાંકું-હો!
કુંથુ૦ ॥૪॥

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પિણ નાંહિ।
"સર્વ માંહે ને સહુથી અલગું", એ અચરિજ મનમાંહિ-હો!
કુંથુ૦ ॥૫॥



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

જે જે કહું તે કાન ન ધારે, આપ-મતે રહે કાલો[૭] ।
સુર-નર-પંડિત-જન સમજાવે, સમજે ન માહરો સાલો[૮]—હો!
કુંથુ૦ ॥૬॥

મેં જાણ્યું એ લિંગ-નપુંસક, સકળ-મરદને ઠેલે ।
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે-હો। કુંથુ૦ ॥૭॥

"મન સાધ્યું તિણે સઘળું સાધ્યું," એહ વાત નહિ ખોટી ।
ઈમ કહે "સાધ્યું" તે નવિ માનું, એક હી વાત છે મોટી-હો!
કુંથુ૦ ॥૮॥

"મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું", તે આગમથી મતિ આણું ।
**આનંદ-ઘન-પ્રભુ** માહરું આણો તો "સાચું" કરી જાણું-હો!
કુંથુ૦ ॥૯

卐

## ૧૮. શ્રી અરનાથ-જિન સ્તવન (૧-૧૮)

(રાગ પરજ તથા મારૂ-ઋષભનો વંશ રયણાયરૂ—એ દેશી)

ધરમ પરમ **અરનાથનો**, કિમ જાણું ભગવંત રે!।
સ્વ[૧]-પર-સમય સમજાવીયે, મહિમાવંત મહંત રે-ધરમ૦ ॥૧॥

શુદ્ધાતમ[૨] અનુભવ સદા, સ્વ-સમય એહ વિલાસ રે ।
પર[૩] પડિછાંયડી જિહાં પડે, તે પર-સમય નિવાસ રે-ધરમ૦ ॥૨॥

તારા-નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ[૪] મઝાર રે ।
દર્શન-જ્ઞાન-ચરણથકી, શક્તિ નિજાતમ ધાર રે-ધરમ૦ ॥૩॥

ભારી-પીળો-ચીકણો, કનક અનેક-તરંગ રે ।
પર્યાયદૃષ્ટિ ન દીજીયે, એક જ કનક અ-ભંગ રે-ધરમ૦ ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન-જ્ઞાન-ચરણથકી, અ-લખ સ્વરૂપ અનેક રે ।
નિર્વિકલ્પ-રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે-ધરમ૦ ॥૫॥

પરમારથ[૫] પંથ જે કહે, તે રંજે એક[૬] તંતરે ।
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે-ધરમ૦ ॥૬॥

વ્યવહારે[૭] લખવો દોહિલો, કાંઈ ન આવે હાથ રે ।
શુદ્ધ-નય-થાપના સેવતાં, નવિ રહે દુવિધા[૮] સાથ રે-ધરમ૦ ॥૭॥

એકપખી[૯] લખ પ્રીતની, તુમ સાથે જગનાથ રે ।
કૃપા કરીને રાખજયો, ચરણ-તલે ગ્રહી હાથ રે-ધરમ૦ ॥૮॥

ચક્રી ધરમતી-રથતણો, તીરથ-ફળ તતસાર રે ।
તીરથ સેવે તે લહે, **આનંદઘન** નિરધાર રે-ધરમ૦ ॥૯॥

卐

## ૧૯. શ્રી મલ્લિનાથ-જિન-સ્તવન (૧-૧૯)

(રાગ કાફી. મુજને કિમ અવગણીએ ? હો—એ દેશી)

સેવક કિમ અવગણિયે ? હો, **મલ્લિજિન** ! એ અબ શોભા સારી ।
[૧]અવર જેહને આદર અતિ દિયે, તેહને મૂલથી નિવારી હો !
મલ્લિ૦ ॥૧॥

જ્ઞાન-સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તુમે તાણી ।
જુઓ અ-જ્ઞાનદશા રીસાઇ, જાતાં કાણ ન આણી ? હો !
મલ્લિ૦ ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય[2] અવસ્થા આવી ।
નિદ્રા-સુપનદશા રીસાણી, જાણી ન નાથ ! મનાવી-હો !
મલ્લિ૦ ॥૩॥

સમકિત સાથે સગાઈ કીધી, સુ-પરિવારશું ગાઢી ।
મિથ્યામતિ અપરાધણુ જાણી, ઘરથી બાહિર કાઢી-હો !
મલ્લિ૦ ॥૪॥

હાસ્ય-અરતિ-રતિ-શોગ-દુગંચ્છા, ભય પામર કરસાલી[3] ।
નો-કષાય શ્રેણી-ગજ[4] ચઢતાં, [5]શ્વાનતણી ગતિ ઝાલી-હો !
મલ્લિ૦ ॥૫॥

રાગ-દ્વેષ અ-વિરતિની પરિણતિ, એ ચરણ-મોહના યોધા ।
વીતરાગ-પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા[6]-હો !
મલ્લિ૦ ॥૬॥

વેદોદય-કામ-પરિણામા, કામ્ય[7]-કરમ સહુ ત્યાગી ।
નિઃકામી કરૂણા-રસ-સાગર, અનંત-ચતુષ્ક પદ પાગી-હો !
મલ્લિ૦ ॥૭॥

દાન-વિઘન વારી સહુ જનને, અભય-દાન પદદાતા ।
લાભ[8] વિઘન જગ વિઘન નિવારી, પરમ લાભ-રસ-માતા-હો !
મલ્લિ૦ ॥૮॥

વીર્ય વિઘન પંડિત વીર્યે હણ્યો, પૂરણ પદવી યોગી ।
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી-હો !
મલ્લિ૦ ॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ અઢાર વર્જિત તનુ, મુનિજન-વૃંદે ગાયા ।
અ-વિરતિ-રૂપક-દોષ-નિરૂપણ, નિર્દૂષણ-મન ભાયા-હો !
મલ્લિ૦ ॥૧૦॥

ઈણ વિધિ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે ।
દીન-બંધુની મહેર નજરથી, **આનંદઘન**-પદ પાવે-હો !
મલ્લિ૦ ॥૧૧॥

卐

## ૨૦. શ્રી મુનિ-સુવ્રત-સ્વામી-જિન સ્તવન (૧-૨૦)

(રાગ કાફી-બાધા આમ પધારો પૂજ્ય !—એ દેશી)

**મુનિસુવ્રત**-જિનરાય ! એક મુજ વિનતિ નિસુણો ॥
આતમતત્ત્વ કર્યું જાણું ? જગતગુરુ ! એહ વિચાર મુજ કહીયો ।
"આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્તસમાધિ
નવિ લહિયો"—મુનિ૦ ॥૧॥

કોઈ-"અ-બંધ[1] આતમતત્ત્વ માને", કિરિયા કરતો દીસે ।
"ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે ?" ઈમ પૂછ્યું, ચિત રીસે
—મુનિ૦ ॥૨॥

જડ-ચેતન એ આતમ એક જ થાવર-જંગમ સરિખો ।
દુઃખ-સુખ સંકર[2] દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરખો
—મુનિ૦ ॥૩॥

એક કહે "નિત્ય જ આતમતત્ત્વ," આતમ દરશણ લીણો ।
કૃત-વિનાશ[3]- અ-કૃતા-ગમ-દૂષણ[4] નવિ દેખે મતિ-હીણો
—મુનિ૦ ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુગત–મત–રાગી કહે વાદી, "ક્ષણિક એ આતમ" જાણો ।
બંધ-મોક્ષ સુખ–દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો
—મુનિ૦ ॥૫॥

[5]ભૂત–ચતુષ્ક-વરજિત આતમતત્ત્વ, સત્તા અલગી ન ઘટે ।
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે સકટે ?
—મુનિ૦ ॥૬॥

ઇમ અનેક–વાદી મતિ–[6]વિભ્રમ, સંકટ–પાડયો ન લહે ।
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત્વ કોઈ ન કહે
—મુનિ૦ ॥૭॥

વલતું જગ–ગુરુ ઈણિ પરે ભાખે, "પક્ષપાત સવિ છંડી ।
[7]રાગ–દ્વેષ–મોહ–પખ–વરજિત, આતમ શું [8]રઢ મંડી
—મુનિ૦ ॥૮॥

આતમ-ધ્યાન કરે જો કોઉ, સો ફિરિ [9]ઈણમાં નાવે ।
[10]વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત [11]ચાવે
—મુનિ૦ ॥૯॥

જિણે વિવેક ધરી એ [12]પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે ।
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, **આનંદઘન**–પદ લહિયે
—મુનિ૦ ॥૧૦॥

卐

## ૨૧. શ્રી નમિનાથ-જિન સ્તવન (૧–૨૧)

(રાગ–આશાવરી–ધનધન સંપ્રતિ સાચો રાજા–એ દેશી.)

ષટ્–દરિશણ જિન–અંગ ભણીજે, ન્યાસ[1] ખડંગ[2] જો [3]સાધે રે ।
**નમિ**-જિનવરના ચરણ–ઉપાસક, ષટ્–દરિશણ આરાધે રે–ષટ્૦ ॥૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪]જિન-સુર-પાદપ પાય વખાણું, સાંખ્ય-યોગ દોય ભેદે રે ।
આતમ-સત્તા વિવરણ કરતા, લહો દુગ-અંગ અ-ખેદે રે-ષટ્૰ ।।૨।।

[૫]ભેદ-અભેદ સુગત-મીમાંસક, જિનવર દોય કર ભારી રે ।
લોકા-લોક અવલંબન ભજિયેં, ગુરુગમથી અવધારી રે-ષટ્૰ ।।૩।।

લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે ।
તત્ત્વ-વિચાર સુધા-રસ-ધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે ?-ષટ્૰ ।।૩।।

જૈન જિનેશ્વર વર[૬]-ઉત્તમ-અંગ, અંતરંગ-બહિરંગે રે ।
અક્ષર-ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે-ષટ્૰ ।।૫।।

જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શન જિનવર ભજના રે ।
સાગરમાં સઘલી [૭]તટિની સહી, તટિની સાગર ભજના રે-ષટ્૰ ।।૬।।

જિનરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે ।
ભૂંગી ઈલિકાને ચટકાવેં, તે ભૂંગી જગ જોવે રે-ષટ્૰ ।।૭।।

ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે ।
[૮]સમય-પુરુષના અંગ જ કહ્યા એ, જે છેદે તે દુરભવ રે-ષટ્૰ ।।૮।।

મુદ્રા-બીજ-ધારણા અક્ષર, ન્યાસ અરથ-વિનિયોગે રે ।
જે ધ્યાવેં તે નવિ વંચીજે; ક્રિયા અવંચક ભોગે રે-ષટ્૰ ।।૯।।

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથા વિધિ ન મિલે રે ।
ક્રિયા કરી નવી સાધી શકીયેં, એ વિખવાદ ચિત્ત સઘળે રે-ષટ્૰ ।।૧૦।।

તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીયે રે ।
સમય-ચરણ-સેવા, શુચિ દેજ્યો, જિમ **આનંદઘન**
લહિયે રે-ષટ્૰ ।।૧૧।

卐

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

## ૨૨. શ્રી નેમિનાથ-જિન સ્તવન (૧-૨૨)

(રાગ-મારૂણી. ધણુરા ઢોલા-એ દેશી)

અષ્ટ[૧]-ભવંતર વાલહી રે[૨], તું મુજ આતમરામ-મનરા વહાલા ।
મુગતિ-નારીશું આપણે રે, સગપણ કોઈ ન કામ-મનરા૦ ॥૧॥
ઘરિ આવો હો વાલિમ! ઘરિ આવો, મારી આશાના વિસરામ-મનરા૦ ।
રથ ફેરો હો સાજન! રથ ફેરો, સાજન માહરા મનોરથ સાથ-મનરા ॥૨॥
નારી[૩]-તે પખો શ્યો નેહલો રે? સાચ કહે જગનાથ-મનરા૦ ।
ઇશ્વર અરધંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ-મનરા૦ ॥૩॥
પશુ-જનને કરુણા કરી રે, આણી હૃદય વિચાર-મનરા૦ ।
માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર?-મનરા૦ ॥૪॥
પ્રેમ-કલ્પતરૂ છેદીયો રે, ધરિયો [૪]યોગ-ધતૂર-મનરા૦ ।
ચતુરાઈરો[૫] કુણ કહો રે, ગુરુ મિલિઓ જગ-શૂર-મનરા૦ ॥૫॥
માહરું તો એમાં કાંઈ નહીં રે, આપ વિચારો રાજ-મનરા૦ ।
રાજ-સભામાં બેસતાં રે, [૬]કીસડી [૭]વધસી લાજ?-મનરા૦ ॥૬॥
પ્રેમ કરે જગ-જન સહુ રે, [૮]નિરવાહે તે ઓર-મનરા૦ ।
પ્રીત કરીને છોડી દે રે, તેહશું ચાલે ન જોર-મનરા૦ ॥૭॥
જો મનમાં એહવું હતું રે, નિસપતિ[૯] કરત ન જાણ-મનરા૦ ।
નિસપતિ કરીને છાંડતાં રે, માણસ હુયે નુકસાણ-મનરા ॥૮॥
દેતાં દાન-સંવત્સરી, સહુ લહે વંછિત પોષ-મનરા૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ-મનરા૦ ॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

 ગાંધીનગર. પિન-382009

સખી કહે એ "શામળો રે", હું કહું-[10]"લક્ષણ શ્વેત" મનરા૦ ।
"ઈણ લક્ષણે સાચી સખી રે", આપ-વિચારે હેત-મનરા૦ ॥૧૦॥
રાગીશું રાગ સહુ કરે રે, વૈરાગી શ્યો રાગ-મનરા૦ ।
રાગ વિના કિમ દાખવો રે, મુગતિ-સુંદરી-માગ[11]-મનરા૦ ॥૧૧॥
એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલો ય જાણે લોગ-મનરા૦ ।
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતશોગ-મનરા૦ ॥૧૨॥
જિણ[12] જોણે તુજને જોઉં રે, તિણ જોણે જૂઓ રાજ-મનરા૦ ।
એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ-મનરા૦ ॥૧૩॥
મોહદશા ધરી ભાવતાં રે, ચિત્ત લહે તત્ત્વ-વિચાર-મનરા૦ ।
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ ! નિરાધાર-મનરા૦ ॥૧૪॥
સેવક પિણ તે આદરે રે, તો રહે સેવક [13]મા'મ-મનરા૦ ।
આશય સાથે ચાલીયે રે, એહિ:જ રૂડું કામ-મનરા૦ ॥૧૫॥
ત્રિવિધ-યોગ ધરી આદર્યો રે, **નેમનાથ** ભરતાર-મનરા૦ ।
ધારણ-પોષણ તારણો રે, નવસર મુગતાહાર-મનરા૦ ॥૧૬॥
કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ-અકાજ-મનરા૦ ।
કૃપા કરી પ્રભુ દીજીયે રે, **આનંદઘન**-પદરાજ-મનરા૦ ॥૧૭॥

卐

## ૨૩. શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન (૧-૨૩)

(રાગ સારંગ. રસિયાની દેશી )

ધ્રુવપદ[1] રામી હો ! સ્વામી ! માહરા, નિઃકામી ! ગુણરાય-સુજ્ઞાની ! ।
નિજ-ગુણ-કામી હો ! પામી તું ધણી, ધ્રુવ-આરામી હો ! થાય
-સુજ્ઞાની ! ધ્રુવ૦ ॥૧॥

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

સર્વ-વ્યાપી કહે સર્વ-જાણગપણે, પર-પરિણમન-સ્વરૂપ-સુજ્ઞાની! ।
પર-રૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વ-સત્તા ચિદ્રૂપ-સુજ્ઞાની! ધ્રુવ૦ ॥૨॥

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા [2]જલ-ભાજન રવિ જેમ-સુજ્ઞાની! ।
દ્રવ્ય એક-ત્વપણે ગુણ-એકતા, નિજ-પદ રમતાં હો ખેમ
-સુજ્ઞાની! ધ્રુવ૦ ॥૩॥

પર-ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર-ક્ષેત્રે થયું જ્ઞાન-સુજ્ઞાની! ।
અસ્તિપણું નિજ-ક્ષેત્રે તુમે કહ્યા, નિર્મળતા ગુણ માન
-સુજ્ઞાની ધ્રુવ૦ ॥૪॥

જ્ઞેય-વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ, કાળ-પ્રમાણે રે થાય-સુજ્ઞાની! ।
સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા, તે પર-રીતે ન જાય-સુજ્ઞાની! ધ્રુવ૦ ॥૫॥

પર-ભાવે કરી પર-તા પામતાં, સ્વ-સત્તા થિર-ઠાણ-સુજ્ઞાની! ।
આત્મ[3]-ચતુષ્કમયી પરમાં નહીં; તો કિમ સહુનો રે જાણ
-સુજ્ઞાની! ધ્રુવ૦ ॥૬॥

અગુરૂલઘુ[4] નિજ-ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત-સુજ્ઞાની! ।
સાધારણ-ગુણની સાધર્મ્યતા, દર્પણ જળને દૃષ્ટાંત-સુજ્ઞાની! ધ્રુવ૦ ॥૭॥

**શ્રીપારસજિન** પારસ-રસ સમો, પિણ ઈહાં પારસ નાંહિ-સુજ્ઞાની!
પૂરણ રસીઓ હો નિજ-ગુણ પરસનો, **આનંદઘન** મુજમાંહિ
-સુજ્ઞાની! ધ્રુવ૦॥૮॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૪. શ્રી મહાવીર-જિન સ્તવન (૧-૨૪)

(રાગ-ધન્યાશ્રી)

**વીરજીને** ચરણે લાગું, વીરપણું તે માંગું રે ।
મિથ્યા[૧]-મોહ-તિમિર-ભય ભાંજે, જીત[૨] નગારૂં વાજે રે-વીર૦ ॥૧॥

છઉમત્થ-વીર્ય લેશ્યા-સંગે, અભિસંધિજ[૩]-મતિ અંગે રે ।
સૂક્ષ્મ-થૂલ-ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે-વીર૦ ॥૨॥

અસંખ્ય-પ્રદેશ વીર્ય-અસંખે, યોગ અ-સંખિત કંખે રે ।
પુદ્ગલ-ગણ તિણે લે સુ-વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે-વીર૦ ॥૩॥

ઉતકૃષ્ટ[૪]-વીર્ય-નિવેશે, યોગ-ક્રિયા નવિ પેસે રે ।
યોગતણી ધ્રુવતાને લેશે, આતમ-શક્તિ ન ખેસે રે-વીર૦ ॥૪॥

કામ-વીર્ય-વંશે; જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે ।
શૂરપણે આતમ-ઉપયોગી, થાય તેહ અ-યોગી રે-વીર૦ ॥૫॥

[૫]"વીરપણું તે આતમ-ઠાણે, જાણ્યું તુમ-ચી વાણે રે ।
ધ્યાન-[૫]વિનાણે શક્તિ-પ્રમાણે, નિજ ધ્રુવ[૬]-પદ પહિચાણે રે-વીર૦ ॥૬॥

આલંબન[૭]-સાધન જે ત્યાગે, પર-પરિણતિને ભાગે રે ।
અક્ષય-દર્શન-જ્ઞાન-વૈરાગ્યે, **આનંદઘન** પ્રભુ જાગે રે-વીર૦ ॥૭॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री वर्धमान-स्वामिने नमः ॥

# શ્રી આનંદઘનજી કૃત સ્તવન ચોવીસી

## કઠિન શબ્દોના અર્થની

# ટિપ્પણી

**સ્તવન ૧-૧**

૧ ધણી, ૨ બીજો, ૩ ધણી, ૪, સાદિ અનંત ભાંગો–એ જૈન સિદ્ધાંતનો પારિભાષિક શબ્દ છે, કે જેની આદિ છે પણ અંત નથી એવા ભાંગે કરીને, ૫ ઉપાધિ=મમત્વ વગરની, ૬ ઉપાધિ=રાગવાળી, ૭ સતી થાય–બળી મરે છે, ૮ દોડીને, ૯ ધણીને રાજી કરવા, ૧૦ બહુ જ, ૧૧ શરીરને તપાવવું, ૧૨ પ્રકૃતિના મળવાથી, ૧૩ ન લખી શકાય એવી, ૧૪ લાખો, ૧૫ દોષની લ્હેર, ૧૬ રેખા.

**સ્તવન ૧-૨**

૧ મારગ, ૨ જોઉં, ૩ કોઈથી ન જિતાય એ ગુણોના ઘર, ૪ જ્ઞાનથી ઊપજતી અંતર દૃષ્ટિ વગરનું જોવું છે ચરમ–ચર્મ=ચામડાની કે બાહ્ય-ચક્ષુ વડે જોયું કહેવાય, ૫ જ્ઞાનદૃષ્ટિ તાત્ત્વિક વિચારવાળી સમજણ, ૬ પરંપરા–ચાલતી આવેલી શિષ્ટપુરૂષમાન્ય રૂઢિ, ૭ ચાલવાનું થાય છે, ૮ પગ મૂકવાની જગ્યા નથી, ૯ વિયોગ--અંતર, ૧૦ નિશ્ચે કરીને, ૧૧ ક્ષયોપશમની તરતમતા=ઓછાવત્તાપણાથી, ૧૨ ઓછીવત્તી જ્ઞાનશક્તિ, ૧૩ ભવસ્થિતિનો પરિપાક, ૧૪ શુદ્ધાત્મદશા, ૧૫ વિચાર, ૧૬ ટેકાથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧-૩**

૧ પહેલાં, ૨ પાયો, ૩ ભય-દ્વેષ અને ખેદ રહિત, ૪ અજ્ઞાન-મિથ્યાત્વ, ૫ છેલ્લો પુદ્ગલપરાવર્ત્ત, ૬ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ, ૭ ભવ-સ્થિતિ=તથાભવ્યત્વનો પાક, ૮ જૈન સિદ્ધાંતોના વચનો, ૯ પાપને નાશ કરનાર, ૧૦ ખરાબ વિચારોનો ઘટાડો, ૧૧ નયવાદ અને હેતુવાદનું, ૧૨ દીવાનાપણું-હઠ-કદાગ્રહનું પકડવું, ૧૩ ભોળા, ૧૪ સરળ, ૧૫ સમજી ન સમજાય તેવી, ૧૬ અપૂર્વ-અદ્ભુત.

**સ્તવન ૧-૪**

૧ સમ્યગ્દર્શન, ૨ દરેક મત-મતાંતરવાળાને પૂછીએ, ૩ પોતાની જ વાત સ્થાપે, ૪ સામાન્યથી વસ્તુનું સાચું દર્શન દુર્લભ, ૫ તેમાં પણ સઘળી વિચારધારામાંથી નિર્ણય કરવો તે ખૂબ દુર્લભ છે, ૬ મદિરાના ઘેનમાં, ૭ તફાવતા, ૮ ધીઠાઈ=ખોટી હિમ્મત, ૯ હોંશિયાર ભોમિયો, ૧૦ ત્રાસ.

**સ્તવન ૧-૫**

૧ ચરણ-કમળ, ૨ વિકાર-રહિત, ૩ બુદ્ધિની ચંચળતાના નાશથી થતી તૃપ્તિ, ૪ સર્વ રીતે અન્ય-પદાર્થોમાં બુદ્ધિના વળગણથી અળગાપણું, ૫ સઘળા સંસારી જીવોમાં રહેલ આત્મા, ૬ પાપરૂપ, ૭ સાક્ષીરૂપ, ૮ સઘળી ઉપાધિઓથી રહિત, ૯ ઈન્દ્રિયો વડે ન જાણી શકાય પણ અંતરના ક્ષાયોપશમિક-અનુભવથી પ્રકટ થયેલા અનંત-જ્ઞાનાદિ ક્ષાયિક ગુણના સમૂહરૂપ રત્નોની ખાણ, ૧૦ ઉપાય.

**સ્તવન ૧-૬**

૧ જુદાપણું, ૨ કર્મનો વિપાક કારણ રૂપ છે, એમ ઘણા બુદ્ધિમાનો [illegible] છે, ૩ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધથી, ૪ સોનું અને માટીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયોગની જેમ, ૫ પ્રકૃતિ=કર્મ, પુરુષ=આત્માનો, ૬ સંયોગ, ૭ બીજા કર્મ સાથે સંયોગવાળો, ૮ જે કારણ વડે આત્માનો કર્મ સાથે સંબંધ થાય તે, ૯ જેનાથી આત્મા કર્મથી જુદો પડે છે, ૧૦ આગમોના વચનો વડે, ૧૧ જુદાપણું ટાળવાનો ઉપાય, ૧૨ સુ=અત્યંત, ચંગ=સુંદર=સારો, ૧૩ આપની અને મારી વચ્ચેનું, ૧૪ વચ્ચેનું, ૧૫ આંતરું.

## સ્તવન ૧–૭

૧ પુલસમાન પાર ઉતારનાર, ૨ હાથી, સિંહ, અગ્નિ, પાણી, કેદ, ચોર, રોગાદિ સાત ભય, અથવા કામ, ક્રોધ મદ, હર્ષ, રાગ, દ્વેષ, મિથ્યાત્વ, એ સાત ભયને દૂર કરનાર, ૩ અસાધારણ–જેમના જેવા બીજા કોઈ નહીં તેવા, ૪ આત્મસ્વરૂપની સાથેનું જોડાણ–જેમનું અબાધિતપણે છે, ૫ પ્રામાણિક–રીતે જાણવા, ૬ સફળ–આત્મશુદ્ધિના કારક, ૭ બ્રહ્મા=તીર્થની સ્થાપના કરનાર, ૮ ઉદાત્ત જીવન–પ્રક્રિયા વડે જગતના પાલક, ૯ હૃષીક=ઇંદ્રિયો તેના ઈશ=કાબૂમાં રાખનાર, ૧૦ પાપને દૂર કરનાર, ૧૧ પાપકર્મોમાંથી છોડાવનાર, ૧૨ નામ–સંજ્ઞા.

## સ્તવન ૧–૮

૧ પાપ, મલ અને દુઃખોના સમૂહથી રહિત, ૨ ઘણા, ૩ દિવસ, ૪ જળચર જીવો, ૫ અસંજ્ઞી, ૬ સમજણવાળા=પર્યાપ્તામાં, ૭ આ અવસરે શ્રી તીર્થંકર દેવ પ્રેરકરૂપે મળી જાય તો.

## સ્તવન ૧–૯

૧ પવિત્રતા, ૨ ચૈત્યવંદન ભાષ્યમાં જણાવેલ દશત્રિક, ૩ પાંચ અભિગમ, ૪ પાંચ ભેદ, ૫ સાક્ષાત્, ૬ ચિત્તની પ્રસન્નતા, ૭ દુર્ભાગ્ય અને દુર્ગતિનો નાશ કરે, ૮ ચાર પ્રકારની પૂજામાં ચોથો ભેદ, ૯ પ્રતિપત્તિ=પ્રભુઆજ્ઞાનો સ્વીકાર, ૧૦ અગિયારમા ગુણ૦વાળા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨ તેરમા ગુણઠાણાવાળા, ૧૩ અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા, પ્રતિપત્તિપૂજા ૧૪ કેવળજ્ઞાની; ૧૫ આનંદથી ભરપૂર સ્થાન=મોક્ષરૂપી ધરણી=ભૂમિ.

## સ્તવન ૧-૧૦

૧ સુંદર, ૨ ત્રણ-ત્રણ ભાંગાવાળી, ૩ અનેક પ્રકારની ચીજો, ૪ કર્મને નાશ કરવા માટે, ૫ છોડવું કે લેવું તેનાથી રહિત પરિણામવાળા, ૬ બીજાના દુઃખને દૂર કરવાની ઈચ્છા તે કરુણા, બીજાના દુઃખમાં રાજી થવું તે તીક્ષ્ણતા, અને બંનેથી નિરપેક્ષ રહેવું તે ઉદાસીનતા, આ ત્રણ બાબતો પરસ્પર વિરોધી, એક જગ્યાએ કેમ સંભવે? (ત્રીજી ગાથાનો અર્થ) ૭ કર્મના ક્ષયથી, ૮ ગૌણપણે, ૯ પ્રેરક તરીકે રહ્યા વિના સાહજિક પરિણતિ. ૧૦ આ ગાથામાં નય-વિશેષથી પાંચ જાતની ત્રિભંગીઓ જણાવી છે, જેનો રહસ્યાર્થ વિવેચનમાંથી જોઈ લેવો.

## સ્તવન ૧-૧૧

૧ આ ગાથામાં જેનાથી આત્મા કર્મની નિર્જરા કરી પોતાના સહજ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરે તેને શ્રેષ્ઠ અધ્યાત્મ કહેલ છે, શુષ્ક અધ્યાત્મ કે શુષ્ક જ્ઞાનયોગની અસારતા જણાવી છે, ૨. શબ્દનયથી અધ્યાત્મ, ૩ વૃત્તિઓની નિર્વિકલ્પતા, ૪ આત્મતત્ત્વની શુદ્ધિ, ૫ વેષધારી.

## સ્તવન ૧-૧૨

૧ નિત્ય, ૨ પર્યાયથી રૂપાંતર પામનાર, ૩ નયવાદની અપેક્ષાએ નર=આત્માને નિયતે-ચોકસાઈથી અનુસરવો=સમજવો, ૪ નયસાપેક્ષ રીતે આત્માના સ્વરૂપને સ્વીકારનાર.

## સ્તવન ૧-૧૩

૧ મોટો-સમર્થ, ૨ દુન્યવી દૃષ્ટિએ મહાપરાક્રમી પણ બીજાની હવે કોણ પરવા કરે! ૩ લક્ષ્મી, ૪ સ્થાન, ૫ કમળ, ૬ તુચ્છ, ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસક્ત થયો, ૮ કૂલનો રસ, ૯ આપના ગુણમાં લીન બનેલું મારું મન સોનાના મેરૂ પર્વતને તેમજ ઈંદ્ર, ચંદ્ર અને નાગકુમારના ઈંદ્રને પણ રાંક–તુચ્છ ગણે છે, ૧૦ મનને સાંત્વન આપનાર, ૧૧ આત્માનો, ૧૨ મુખ ૧૩ આવરણ, ૧૪ સ્વીકારો.

## સ્તવન ૧–૧૪

૧ જાદુઈ ખેલ કરનાર, ૨ સેવારૂપી ધાર પર, ૩ સ્યાદ્વાદ દૃષ્ટિથી, ૪ સાધ્ય લક્ષ્યની જાગૃતિ વિનાની, ૫ રઝળતા રહે, ૬ સ્વચ્છંદ–મતિ કલ્પિત, ૭ શાસ્ત્રાજ્ઞાશુદ્ધ, ૮ અવશ્ય–જરૂર.

## સ્તવન ૧–૧૫

૧ પંડિત થવું, ૨ આગળ જ્ઞાનરૂપી અંજન, ૩ આત્મતત્ત્વરૂપ શ્રેષ્ઠ નિધાન, ૪ અંતરની ચક્ષુથી, ૫ પરમાત્માનો મેરૂસમાન મહિમા, ૬ પ્રેમની ખાત્રી, ૭ એકતરફી, ૮ નભે, ૯ બંને (=સેવ્ય–સેવક), ૧૦ પ્રેમ, ૧૧ નિર્મળ ગુણરૂપ મણિ માટે રોહણાચલ પર્વત જેવા, ૧૨ ચરણકમળ

## સ્તવન ૧–૧૬

૧ હાર્દિક પ્રતીતિ શી રીતે થાય? ૨ બીજી ગાથાથી ૧૧મી ગાથા સુધી જાણે પ્રભુજી જવાબ આપે છે, ૩ પ્રશ્ન ઉપજેલ છે, ૪ શાંતિનું સ્વરૂપ, ૫ આ ગાથામાં યોગાવંચકનું સ્વરૂપ છે, ૬ ક્રિયા દ્વારા સંવર સાધનારા, ૭ જીત પરંપરાને નભાવનાર, ૮ આ ગાથામાં ક્રિયા–અવંચક યોગની વાત છે ૯ સાત્ત્વિક વૃત્તિરૂપ કિલ્લો, ૧૦ આ ગાથામાં ફળાવંચક યોગનું સ્વરૂપ છે. ૧૧ અચોક્કસાઈ ૧૨ અર્થ સાથે સંબંધવાળા, ૧૩ મોક્ષના સાધનોની સાંકળરૂપ, ૧૪ કરવાલાયકનું વિધાન ન કરવા લાયકનો નિષેધ, ૧૫ પરસ્પર વિરોધ ન આવે તે રીતે, ૧૬ શિષ્ટ પુરૂષો–ગીતાર્થો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન્ય ૧૭ પંરપરાગત ચાલ્યા આવતા ગુરુઓ, સ્વચ્છંદ ગુરુઓ નહીં ૧૮ સામર્થ્ય યોગ, ૧૯ કર્મના સંયોગથી.

સ્તવન ૧-૧૭

૧ સાચવણી ૨ દૂર ૩ ભાગે ૪ સાપ ભક્ષ્ય પદાર્થ ગળી જાય છે તેમજ કરડે ત્યારે પણ દાઢનું ઝેર ચાલ્યું જાય. એટલે મળતુ કંઈ નથી તેમ મન, ૫ મહા-જ્ઞાની, ૬ સાપ, ૭ સ્વચ્છંદી-ધૂની ૮ લુચ્ચો અથવા કુમતિરૂપ સ્ત્રીનો ભાઈ એ રીતે મન આપણો સાળો પણ થાય.

સ્તવન ૧-૧૮

૧ સ્વ અને પર સિદ્ધાંતો ૨ શુદ્ધાત્માનો અનુભવ તે સ્વ સમય, ૩ આત્મભિન્ન દ્રવ્ય=પરનો પડછાયો તે પર સમય, ૪ સૂર્ય, ૫ નિશ્ચય દૃષ્ટિનો, ૬ એક=શુદ્ધ આત્મલક્ષી, ૭ વ્યવહારથી આત્મા લખવો=ઓળખવો મુશ્કેલ છે, ૮ ભેદભાવ, ૯ હે જગત્-નાથ! તમારી સાથે મારી પ્રીતિ એકપખી છે, પણ હાથ પકડી મને ચરણોમાં રાખજો.

સ્તવન ૧-૧૯

૧ બીજા લોકો જે = દોષોને = ખૂબ આદર આપે છે. તે બધાને તમે મૂળથી દૂર કર્યા છે.
૨ પ્રથમ ગાથાના ઉતરાર્દ્ધનો અર્થ-વિશિષ્ટ શુદ્ધ અપ્રમત્તદશાના બળે કેળવાયેલી આત્માની શુદ્ધ સહજાવસ્થાની પરિણતિ, ૩ દેશી શબ્દ લાગે છે



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

પ્રસંગ ઉપરથી "કષ્ટ આપનારા" એવો અર્થ ભાસે છે; ૪ શ્રેણિરૂપ હાથી પર ચડયે છતે, ૫ કુતરી જેવા (નવ નોકષાયો) ૬ વિવેકશૂન્ય. ૭ ઈચ્છા-વાસનાજન્ય બધી પ્રવૃત્તિઓ, ૮ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર,વીર્યરૂપ ચાર પદાર્થને પ્રાપ્ત કરનાર

**સ્તવન ૧-૨૦**

બંધવાળો નથી, ૨ સુખ-દુઃખના વેદનમાં સંકર= મિશ્રણ દોષ ૩ કરેલા કર્મનો નાશ ૪ નહીં કરેલ કર્મનો વેદન રૂપે અભ્યાગમ-પ્રાપ્તિ ૫ ચાર ભૂત સિવાય આત્મતત્ત્વની હયાતી જુદી નથી, (છઠ્ઠી ગાથાનો પૂર્વાર્ધ) ૬ ડોળાણ ૭ રાગદ્વેષ અને મોહના પક્ષથી રહિતપણે ૮ ગાઢસંબંધ ૯ આ સંસારમાં ૧૦ શબ્દ જાળ ૧૧ મનને ગમે ૧૨ વાત.

**સ્તવન ૧-૨૧**

૧ સ્થાપના, ૨ છ અંગમાં, ૩ કરીએ, ૪ શ્રી તીર્થંકર પ્રભુરૂપ કલ્પવૃક્ષના બે પગ તરીકે ૫ ભેદ અને અભેદનયથી બૌદ્ધ અને મીમાંસક બંને પ્રભુજીના બે કર=હાથ રૂપે છે: (ત્રીજી ગાથાનો પૂર્વાર્ધ) ૬ મસ્તક ૭ નદી ૮ શાસ્ત્ર-સિદ્ધાન્ત રૂપ પુરુષના.

**સ્તવન ૧-૨૨**

૧ આઠ ભવના સંબંધવાળો, ૨ પ્રેમ, ૩ સખી તરફી પ્રેમ રાખનારો ૪ યોગ રૂપ ધતુરો ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુરાઈનો ૬ કેટલી ! કેવી ! ૭ વધશે ! ૮ નભાવે ૯ સંબંધ ૧૦ લક્ષણ સંપન્ન ૧૧ મુક્તિ સખી તરફ સંબંધ ૧૨ જે દૃષ્ટિથી ૧૩ મહિમા, શોભા.

**સ્તવન ૧-૨૩**

શાશ્વત=મોક્ષપદમાં રમનારા ૨ પાણીના વાસણમાં ૩ આત્માના અનંત ચતુષ્ટય, ૪ સર્વ દ્રવ્યના ગુણ ધર્મનુ પરિણમન પોતામાં ટકાવી રાખનાર અગુરૂલઘુ ધર્મની રીતે સઘળાં દ્રવ્યો જોતાં સર્વ, સાધારણ ગુણની સમાનતા દર્પણ કે પાણીના દૃષ્ટાંતે ઘટી શકે (સાતમી ગાથાનો અર્થ)

**સ્તવન ૧-૨૪**

મિથ્યા મોહના અંધકારનો ભય ૨ જીતનું નગારૂં ૩ ઉપયોગ જન્ય ૪ ઉત્કૃષ્ટ વીર્યના સ્થાને, ૫ ધ્યાનના વિજ્ઞાનથી, ૬ પોતાના ધ્રુવ=શાશ્વત=પદ=સ્થાન મોક્ષને ૭ પર પરિણતિના ઘટાડાની સાથે આલંબન અને સાધનને જે છોડે અને અખૂટ જ્ઞાન-દર્શન વૈરાગ્યમાં લીન રહે તે આનંદથી ઘન-સંપૂર્ણ-આત્મરૂપ પ્રભુ જાગે-અનુભવતાગમ્ય થાય (સાતમી) ગાથાનો અર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

કૃત

# સ્તવન–ચોવિશી

(૨)

## (૨૫) (૨–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

**(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.)**

જગજીવન જગવાલ[૧] હો, મરૂદેવીનો નંદ–લાલ રે
મુખ દીઠે સુખ ઉપજે,
દરિશણ અતિહિ–આણંદ–લાલ રે–જગ૰ (૧)
આંખડી અંબુજ[૨] પાંખડી,
અષ્ટમી[૩]–શશિ–સમ ભાલ[૪]–લાલ રે
વદન[૫] તે શારદ[૬]–ચંદલો, વાણી અતિહિ-રસાળ–લાલ રે–જગ૰
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય[૭] સહસ ઉદાર-લાલ રે
રેખા કર–ચરણાદિકે, અભ્યંતર[૮] નહિ પાર–લાલ રે–જગ૰
ઇન્દ્ર–ચન્દ્ર રવિ–ગિરિ તણા, ગુણ[૯]લેઈ ઘડીઉં અંગ–લાલ રે
ભાગ્ય કિહાં થકી આવીયું ?
અચરિજ એહ ઉત્તંગ–લાલ રે–જગ૰ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ-લાલ રે
વાચક **જશ વિજયે** થુણ્યો,
દેજો સુખનો પોષ[૧૦]-લાલ રે-જગ૦ (૫)

卐

## (૨૬) (૨-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**( નિંદરડી વેરણ હોઈ રહી—એ દેશી.)**

**અજિત**જિણંદશ્યું પ્રીતડી,મુજ ન ગમે હો બીજાનો સંગ કે!
માલતી-ફૂલે મોહીયો, કિમ બેસે હો?
બાવળતરૂ ભૃંગ[૧] કે—અજિત૦ (૧)
ગંગાજળમાં જે રમ્યા,કિમ છીલર[૨]હો રતિ[૩] પામે મરાળ[૪] કે
સરોવર[૫]- જલધર[૬]જળ વિના,
નવિ ચાચે હો જગ ચાતક[૭]-બાળ કે—અજિત૦ (૨)
કોકિલ કલકૂજિત કરે,
પામી મંજરી[૯] હો પંજરી સહકાર[૧૦] કે
ઓછા[૧૨] તરૂવર નવિ ગમે,
ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે—અજિત૦ (૩)
કમલિની[૧૩] દિનકર[૧૪]-કર ગ્રહે,
વલી કુમુદિની[૧૫] હો ધરે ચંદશું પ્રીતકે
ગૌરી[૧૬] ગિરીશ[૧૭] ગિરિધર[૧૮] વિના,
નાવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે—અજિત૦ (૪)
તિમ પ્રભુશ્યું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાયકે
**શ્રીનયવિજય** સુગુરુતણો,
વાચક જશ હો નિત-નિત ગુણ ગાય કે—અજિત૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૭) (૨–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી.)

**સંભવ** જિનવર વિનતી, અવધારો ગુણ–જ્ઞાતા રે
ખામી નહિં મુજ ખિજમતે,[1]
કદીય હોશ્યો ફળ–દાતા રે—સંભવ૦ (૧)
કર જોડી ઊભો રહું, રાતિ–દિવસ તુમ ધ્યાને રે !
જો મનમાં આણો નહિં, તો શું કહિયેં થાને રે—સંભવ૦
ખોટ ખજાને કો નહિં, દીજે વંછિત દાનો રે
કરુણા–નિજરે પ્રભુતણી, વાધે સેવક[3]–વાનો રે—સંભવ૦
કાળ[4]–લબ્ધિ નહીં મત ગણો, ભાવ–લબ્ધિ તુજ હાથ રે
લડથડતું[5] પણ ગજ–બચ્ચું, ગાજે ગજવર–સાથે રે—સંભવ૦
દેશ્યો તો તુમહી ભલા, બીજાં તો નવિ યાચું રે
વાચક **જશ** કહે સાંઈશું,
ફળશે એ મન (મુજ) સાચું રે—સંભવ૦ (૫)

卐

## (૨૮) (૨–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

(સુણયો પ્રભુ—એ દેશી)

દીઠી હો ! પ્રભુ ! દીઠી જગ–ગુરુ ! તુજ;
મૂરતિ હો ! પ્રભુ ! મૂરતિ મોહન[1]–વેલડીજી !
મીઠી હો ! પ્રભુ ! મીઠી તાહરી વાણી;
લાગે હો ! પ્રભુ ! લાગે જેસી શેલડીજી—દીઠી૦ (૧)
જાણું હો ! પ્રભુ ! જાણું જનમ કયત્થ,
જો હું હો ! પ્રભુ ! જો હું તુમ[3] સાથે(થ) મિલ્યોજી !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરમણિ હો ! પ્રભુ ! સુરમણિ પામ્યો હથ્થ,
આંગણે હો ! પ્રભુ આંગણે મુજ સુરતરૂ[૫] ફળ્યોજી—દીઠી૦(૨)
જાગ્યા હો ! પ્રભુ ! જાગ્યા પુણ્ય અંકુર;
માગ્યા હો ! પ્રભુ ! મ્હોં-માગ્યા પાસા ઢળ્યાજી !
વુઠ્યા હો ! પ્રભુ ! વુઠ્યા અમીય (રસ) મેહ;
નાઠા હો ! પ્રભુ ! નાઠા અશુભ શુભ-દિન વળ્યાજી-દીઠી૦(૩)
ભૂખ્યા હો ! પ્રભુ ! ભૂખ્યા મિલ્યા ઘૃતપુર[૬]
તરસ્યાં હો ! પ્રભુ ! તરસ્યાં દિવ્ય[૭]-ઉદક મિળ્યાંજી
થાકયાં હો ! પ્રભુ ! થાકયાં મિળી સુખપાલ,[૮]
ચાહતાં હો ! પ્રભુ ! ચાહતાં સાજન હેજે હળ્યાજી-દીઠી૦ (૪)
દીવો હો ! પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
શાખી હો ! પ્રભુ ! શાખી[૯] થળે જળ નૌ મિલિજી
કલિયુગે હો ! પ્રભુ ! કલિયુગે દુલહો તુજ્જ (તુજ),
દરિસણ હો ! પ્રભુ ! દરિસણ લહ્યું (લહી)
આશા ફળીજી- દીઠી (૫)

**વાચક** હો ! પ્રભુ ! વાચક **જશ** તુમ દાસ,
વિનવે હો ! પ્રભુ ! વિનવે **અભિનંદન** સુણોજી
કહી (દી) ચે હો ! પ્રભુ ! કહી (દી) ચેંમ દેશ્યો છેહ[૧૦]
દેજો ! હો ! પ્રભુ ! દેજો ! સુખ દરિશણ-તણોજી (૬)

卐

## (૨૯) (૨-૫) શ્રી સુમતિ-જિન સ્તવન.

(ઝાંઝરીયા મુનિવરની દેશી.)

**સુમતિનાથ** ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ
તેલ-બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહી ભલી રીતિ-
સોભાગી જિનશું લાગો અ[૧]-વિહડ રંગ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સજજનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય
પરિમલ કસ્તુરીતણોજી મહી[3] માંહિ (મહિમાએ)
મહકાય-સોભાગી० (૨)

અંગુલીયેં નવિ મેરૂ ઢંકાયે, છાબડીયેં રવિ-તેજ
અંજલીમાં જિમ ગંગ ન માએ, સુન મન તિમ પ્રભુ[4]-હેજ-
સોભાગી० (૩)

હુઓ છિપે નહી અધર[5]-અરૂણ[6] જિમ, ખાતાં પાન સુરંગ
પીવત ભર-ભર પ્રભુ-ગુણ પ્યાલા,
તિમ મુજ પ્રેમ અ[8]-ભંગ-સોભાગી० (૪)

ઢાંકી ઈક્ષુ[9] પરાલશુંજી,[10] ન રહે લહી વિસ્તાર
વાચક જશ કહે પ્રભુતણોજી તિમ મુજ પ્રેમ-પ્રકાર-
સોભાગી० (૫)

卐

## (૩૦) (૨-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

(સહજ સલુણા હો સાધુજી! એ-દેશી)

**પદ્મપ્રભ** જિન જઈ અલગા[1] રહ્યા, જિહાંથી નાવે લેખોજી[2]
કાગળને મસી[3] તિહાં નવિ સંપજે, ન ચલે વાટ-વિશેખોજી
(સ[5]-કણ) સ-ગુણ-સનેહારે કદીય ન વિસરે- (૧)

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી
જેહનું મિલવું દોહિલું તેહશું નેહ તે આપ-કિલેશોજી-
સગુણ० (૨)

વીતરાગશું રે રાગ તે એક[7] -પખો, કીજે ક્વણ-પ્રકારોજી

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

ઘોડો દોડે રે સાહિબ-વાજ[૮]માં, મન નાણે અસવારોજી
સગુણ૦ (૩)

સાચી ભગતિ ભાવના[૯]-રસ કહ્યો,રસ હોયે તિહાં દોય રીઝેજી
હોડા-હોડેરે બિહુ[૧૦]-રસ-રીઝથી મનના મનોરથ સીઝેજી-
સગુણ૦ (૪)

પણ ગુણવંતારે-ગોઠે ગાજીએ, મોટા[૧૨] તે વિશ્રામોજી
વાચક **જશ** કહે એહજ આસરે, સુખ લહું ઠામો ઠામજી
સગુણ૦ (૫)

卐

## ૩૧ (૨–૭) શ્રી સુપાર્શ્વ–જિન સ્તવન

(લાછલદે માત મલ્હાર–એ દેશી)

**શ્રીસુપાસ**-જિનરાજ તું ત્રિભુવન–શિર[૨]-તાજ,
આજ હો ! છાજેરે–ઠકુરાઈ પ્રભુ ! તુજ પદ તણીજી–શ્રી૦ (૧)
દિવ્ય–ધ્વનિ સુર[૪]-ફૂલ ચામર છત્ર અ–મૂલ
આજ હો ! રાજે રે ભામંડલ ગાજે દુંદુભિજી–શ્રી૦ (૨)
અતિશય સહજના[૫] ચ્યાર, કરમ[૬]–ખય્યાથી ઈગ્યાર,
આજ હો ! કીધા રે ઓગણીશે સુર[૭]–ગુણ ભાસુરાજી[૮]શ્રી૦ (૩)
વાણી ગુણે પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ,
આજ હો ! રાજેરે- દિવાજે છાજે આઠશુંજી–શ્રી૦ (૪)
સિંહાસન અશોક બેઠા મોહે લોક,
આજ હો ! સ્વામીરે- શિવગામી વાચક **જશ** થુણ્યોજી–શ્રી૦

卐

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

## (૩૨) (૨-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

(ધણરા-ઢોલાની દેશી.)

**ચંદ્રપ્રભ**-જિન ! સાહિબા રે,
તુમ છો ચતુર-સુ-જાણ ! મનના માન્યા
સેવા જાણો દાસની રે, દેશો ફળ નિરવાણ[૧] મનના માન્યા
આવો આવો રે ચતુર ! સુખ[૨]-ભોગી,
કીજે વાત એકાંતે અ-ભોગી;
ગુણ-ગોઠે પ્રગટે પ્રેમ, મનના૦ આવો૦ (૧)
ઓછું-અધિકું પણ કહે રે, આસંગાયત[૩] જેહ-મનના૦
આપે ફળને અણ[૪]-કહ્યું રે, ગિરૂઓ[૫] સાહિબ તેહ
મનના૦ આવો૦ (૨)
દીન[૬]-કહ્યા-વિણ દાનથી રે, દાતાની વાધે મામ[૭]-મનના૦
જળ દીયે ચાતક ખીજવી રે, મેઘ હુઆ તેણે શ્યામ મનના૦ આવો૦
પિઉ-પિઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ !-મનના૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બિમણો નેહ-મનના૦ આવો૦
મોડું-વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?—મનના૦
વાચક **જશ** કહે જગ-ધણી રે,
તુમ તૂઠે સુખ થાય-મનના૦ આવો૦ (૫)

卐

## (૩૩) (૨-૯) શ્રી સુવિધિ-જિન સ્તવન

(સુણો મેરી સજની ! રજની ન જાવે રે-એ દેશી.)

લઘુ[૧] પણ હું તુમ મન નવિ માવું રે
જગ-ગુરૂ ! તુમને દિલમાં લાવું રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુણને દીયે શાબાશીરે ? કહો **શ્રીસુવિધિ-જિણંદ** ! વિમાસીરે
—લઘુ૦ (૧)

મુજ[1]મન અણુમાંહી ભગતિ છે ઝાઝીરે,તેહ[3]દરીનો તું છેમાઝીરે
યોગી પણ જે વાત ન જાણે રે,તે અચવિજ કુણપી હુઓ ટાણેરે
—લઘુ૦ (૨)

અથવા થિરમાંહિ અ-થિર ન માવેરે.મોટો ગજ દરપણમાંઆવેરે
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે
—લઘુ૦ (૩)

ઊર્ધ્વ-મૂલ તરૂવર અધ-શાખારે,છંદ૫-પુરાણે એહવી છે ભાખારે
અચરિજ વાળે અચરિજ દીઠું રે; ભગતે સેવક કારજ સીધું રે
—લઘુ૦ (૪)

લાડ કરી જે બાળક બોલે રે,માત-પિતા મન અમીય તોલે રે
શ્રી **નયવિજય** વિબુધનો શીષરે,
**જશ** કહે એમ જાણો જગદીશરે—લઘુ૦ (૫)

卐

## (૩૪) (૨-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**(અલિ અલિ કદિ આવેગો-એ દેશી.)**

**શ્રી શીતલજિન !** ભેટીયેં, કરી ભગતેં ચોખું ચિત્ત હો
તેહશ્યું કહો છાનું કિશ્યું ? જેહને સોંપ્યાં તન-મન વિત્ત હો
—શ્રી૦ (૧)

દાયકનામે[2] છે ઘણા પણ તું સાયર તે કૂપ હો
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર[3]તેજ-સ્વરૂપ હો-શ્રી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટો જાણી આદર્યો; દાલિદ્ર ભાંગો જગતાત હો
તું કરૂણાવંત–શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો–શ્રી૦
અંતરયામી સવી લહો, અમ મનની જે છે વાત હો
મા આગળ મોસાળનાં, શ્યાં વરણવવાં અવદાત? હો–શ્રી૦
જાણો તો તાણો કિશું, સેવા–ફળ દીજે દેવ હો
વાચક **જશ** કહે ઢીલની, એ ન ગમે મુજમન ટેવ હો–શ્રી૦ (૫)

卐

## (૩૫) (૨–૧૧) શ્રી શ્રેયાંસ–જિન સ્તવન

**( કરમ ન છુટેરે પ્રાણીયા—એ દેશી.]**

તુમે બહુમિત્રી[૧] રે સાહિબા; માહરે તો મન એક
તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક
**શ્રી શ્રેયાંસ** કૃપા કરો (૧)

મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાંએક મલી જાઓ
લલચાવો લખ લોકને, શાથી સહજ ન થાઓ ?–શ્રી૦ (૨)
રાગ[૨]–ભરે જન–મન રહો, પણ ત્રિહું કાળ વિરાગ
ચિત્ત તુમારારે સમુદ્રનો. કોય ન પામેરે તાગ–શ્રી૦ (૪)
એહવાશું[૩] ચિત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ
સેવકનિપટ[૪] અબૂઝ છે, નિરવહેશો તુમે સાંઈ–શ્રી૦ (૪)
નિરાગીશુંરે કિમ મિળે ? પણ મળવાનો એકાંત
વાચક **જશ** કહે મુજ મિળ્યો, ભગતે કામણ તંત–શ્રી૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૬) (૨–૧૨) શ્રી વાસુપૂજ્ય–જિન સ્તવન

### (મોતીડાની—એ દેશી)

સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું,ચિતડું અમારું ચોરી લીધું
સાહિબા ! **વાસુપૂજ્ય** જિણંદા,
મોહના ! **વાસુપૂજ્ય** જિણંદા.
અમે પણ તુમશું કામણ કરશું,
ભગતે ગ્રહી મન-ઘરમાં ધરશું—સાહિબા૦ (૧)
મન-ઘરમાં ધરીયા ઘર-શોભા,દેખત નિત રહેશે ! થિર થોભા
મને વૈકુંઠ અ[૧]-કુંઠિત-ભગતે,
યોગી ભાખે અનુભવ-યુગતે—સાહિબા૦ (૨)
ક્લેશ[૨]વાસિત મન સંસાર, ક્લેશ-રહિત મન તે ભવપાર
જો વિશુદ્ધ-મન ઘર તુમે આયા,
પ્રભુ તો અમે નવનિધિ રિદ્ધિ પાયા—સાહિબા૦ (૩)
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા
અલગાને વલગ્યા જે રહેવું,
તે ભાણા[૩] ખડખડ દુઃખ સહેવું–સાહિબા૦ (૪)
ધ્યાયક ધ્યેય ધ્યાનગુણ એકે, ભેદ[૪]–છેદ કરશું હવે ટેકે[૫]
ખીરનીર પરે તુમશું મિલશું
વાચક યશ કહે હેજે હલશું–સાહિબા૦ (૫)

卐

## (૩૭) (૨–૧૩) શ્રી વિમલ–જિન સ્તવન

સેવો ભવિયાં ! **વિમલ** જિણેસર, દુલહા સજ્જન–સંગાજી
એહવા પ્રભુનું દરશણ લહેવું, તે આલસમાંહે ગંગાજી–સેવો૦

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહિલોજી
ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ગહિલોજી[1]–સેવો૦
ભવ-અનંતમાં દરશણ દીઠું, પ્રભુ એહવા દેખાડેજી
વિકટ[2]ગ્રંથિ જે પોળિ પોળિયો,કર્મ-વિવર ઉઘાડેજી–સેવો૦
તત્ત્વ[4]–પ્રીતિ કર પાણી પાએ, વિમલાલોકે આંજીજી
લોયણ ગુરુ પરમાન્ન દિએ તવ,
ભ્રમ નાંખે સવિ ભાંજિજી—સેવો૦ (૪)
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી
સરલતણે જે હીયડે આવે,
તેહ જણાવે (વું) બોલીજી—સેવો૦ (૫)
શ્રીનયવિજય વિબુધ[4] પય સેવક, વાચક જશ કહે સાચુંજી
કોડિકપટ જો કોઈ દેખાવે,
તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી—સેવો૦ (૬)

卐

## (૩૮) (૨–૧૪) શ્રી અનંત–જિન સ્તવન

**શ્રી અનંત–જિન** શું કરો, સાહેલડિયાં,
ચોલ[1]–મજીઠનો રંગ રે–ગુણ—વેલડિયાં !
સાચો રંગ તે ધર્મનો, સા૦ બીજો રંગ પતંગ[2] રે–ગુણ૦
ધરમ-રંગ જીરણ નહિં, સા૦ દેહ તે જીરણ થાયરે–ગુણ૦
સોનું તે વિણસે નહિં, સા૦ ઘાટ-ઘડામણ જાયરે–ગુણ૦(૨)
ત્રાંબું જે રસ[3]–વેધીઉં, સા૦ તે હોએ જાચુ[4]હેમરે–ગુણ૦
ફરિ ત્રાંબું તે નવિ હોવે, સા૦ એહવો જગ-ગુરૂ પ્રેમ રે
—ગુણ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ ગુણ-અનુરાગથી, સા૦ લહિએ ઉત્તમ ઠામરે
—ગુણ૦ (૪)
ઉદક બિંદુ[૬] સાયર ભળ્યો, સા૦ જિમ હોય અખય-
અભંગરે—ગુણ૦
વાચક જશ કહે પ્રભુ-ગુણે સા૦તિમ મુજ પ્રેમ-પ્રસંગ રે
—ગુણ૦ (૫)

卐

## (૩૯) (૨-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

(બેડલે ભાર ઘણો છે રાજ ? વાતો કેમ કરો છો-એ દેશી;

થાંશું[૧] પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશ્યો[૨] તો લેખે
મેં રાગી પ્રભુ ! થેં છો નિરાગી અણજુગતે[૩] હોએ હાંસી
એકપખો જે નેહ નિરવહવો, તે માંહી કીસી શાબાશી ?
થાંશું૦ (૧)
નિ-રાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમેં નવિ આણું
ફળે અ[૫]-ચેતન પણ જિમ સુરમણિ[૬], તિમ તુમ ભગતિ પ્રમાણું
—થાંસું૦ (૨)
ચંદન શીતલતા ઉપજાવે, અગનિ તે શીત મિટાવે
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ-પ્રેમ સ્વભાવે-થાંસું૦
વ્યસન[૭] ઉદય જલધી અનુહરે, શશિને તેજ સંબંધે
અણુસંબંધે કુમુદ અણુહરે, શુદ્ધ-સ્વભાવ પ્રબંધે-થાંસું૦
દેવ અનેરા તુમથી છોટા થેં જગમાં અધિકેરા
**જશ** કહે ધર્મજિણેસર ! થાસું, દિલ માન્યા હૈ મેરા-થાંસું૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૦) (૨-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(ઘોડલિયો મૂકયો સરોવરિયાની પાળ-એ દેશી.)

ધન દિન વેલા! ધન ઘડી તેહ! અચિરારો નંદન જિન જદી[૧] ભેટશુંજી
લહેશું રે સુખ દેખી મુખ[૨]-ચંદ, વિરહ-વ્યથાના દુખ મેટશુંજી —ધન૦ (૧)
જાણ્યો રે જેણે તુજ ગુણ-લેશ,
બીજો રે રસ તેહને મન નવિ ગમેજી
ચાખ્યો રે જેણે અમી લવ-લેશ,
બાકસ[૪]-બુકસ તસ ન રૂચે કિમેજી—ધન૦ (૨)
તુજ[૫]સમકિત-રસ-સ્વાદનો જાણ,
પાપ કુમતને (જે) બહુ-દિન સેવીઓજી
સેવે જો કરમને યોગે તોહિ,
વાંછે તે સમક્તિ-અમૃત ધુરે લિખ્યુંજી—ધન૦ (૩)
તાહરું ધ્યાન તે સમક્તિરૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છે જી
તેહથીરે જાએ સઘળાં પાંપ, ધ્યાતારે ધ્યેય-સ્વરૂપ હોયે પછેજી —ધન૦ (૪)
દેખીરે અદ્દભુત તાહરું રૂપ. અચરિજ ભવિક અ-રૂપી-પદ વરેજી
તાહરી ગત તું જાણે દેવ,
સમરણ-ભજન તે વાચક જશ કરેજી—ધન૦ (૫)

## (૪૧) (૨-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

સાહેલાં હે **કુંથુજિણેસર**! દેવ,
રતન દીપક અતિ દીપતો-હો લાલ
સાહેલાં હે મુજ મન-મંદિર માંહે,
આવે જો અરિ-દલ જીપતો—હો લાલ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સા૦ મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝળહળે–હો લાલ
સા૦ ધૂમ[૧]–કષાયની રેખ,
ચરણ[૨]–ચિત્રામણ નવિ ચળે—હો લાલ (૨)
સા૦ પાત્ર[૩] કર્યે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છુપે–હોલાલ
સા૦ સર્વ–તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ (૩)
સા૦ જેહ ન મરૂતને[૪] (સમીરને) ગમ્ય,
ચંચલતા જે નવિ લહે–હો લાલ
સા૦ જેહ સદા છે રમ્ય,
પુષ્ટ[૫]-(પૃષ્ઠ) ગુણે નવિ કૃશ રહે—હો લાલ (૪)
સા૦ પુદગલ–તેલ[૬]ન ખેપ, તેહ ન શુદ્ધદશા લહે–હો લાલ
સા૦ શ્રી નયવિજય સુ–શીશ,
વાચક **જશ** એણીપરે કહે—હો લાલ (૫)

卐

## (૪૨) (૩--૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

(આસણરાયોગી—એ દેશી)

**અરજિન** [૧]ભવ–જલનો તારૂ, [૨]મુજ મન લાગે વારુરે[૩]
બાંહે ગ્રહી એ ભવિજન તારે,
–મન—મોહન સ્વામી આણે શિવપુર આરે[૪]રે—મન૦ (૧)
તપ-જપ=મોહ-મહા-તોફાને, નાવ ન ચાલે માને રે–મન
પણ નવી ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથે રે-મન૦
ભગતને સ્વર્ગ, સ્વર્ગથી અધિકું જ્ઞાનીને ફળ દેઈ રે-મન૦
કાયા–કષ્ટ વિના ફળ લહીએ,
મનમાં ધ્યાન જ ધરીયે રે—મન૦ (૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે[5]ઉપાય-બહુ-વિધની રચના, યોગ[6]-માયા તે જાણો રે—મન૦

શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ધ્યાને,

શિવ દે પ્રભુ સ-પરાણો રે—મન૦ (૪)

પ્રભુ પાય વળગ્યા તે રહ્યા તાજા,

અલગા અંગ ન સાજા રે—મન૦

વાચક **જશ** કહે અવર ન ધ્યાઉં,

એ પ્રભુના ગુણ ગાઉં રે—મન૦ (૫)

卐

## (૪૩) (૨-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

**( નાભીરાયકે બાર—એ દેશી.)**

તુજ-મુજ રીઝની[1] રીઝ,[2] અટપટ[3] એહ ખરીરી

લટપટ નાવે કામ, ખટપટ-ભાંજ પરીરી (૧)

**મલ્લિનાથ** તુજ[4] રીઝ, જન-રીઝે[5] ન હુયેંરી

દો ! એ રીઝણનો ઉપાય, સાહમું કાંઈ ન જુયેરી (૨)

દુરારાધ્ય[6] છે લોક, સહુને સમ[7] ન (શશીરી) સરીરી

એક[8] દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી (૩)

લોક-લોકોત્તર વાત, રીઝ[9] દોઈ જુઈરી;

તાત[10]-ચક્રધર પૂજ, ચિંતા એહ હુઈરી (૪)

રીઝવવો એક સાંઈ,[11] લોક તે વાત કરિરી

**શ્રીનયવિજય** સુ-શીશ, એહજ ચિત્ત ધરીરી (૫)

卐

## (૪૪) (૨-૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી-જિન સ્તવન

**(પાંડવ પાંચે વંદતા—એ દેશી)**

**મુનિસુવ્રત**-જિન વંદતાં, અતિ-ઉલસિત તન-મન થાય રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદન[1] અનોપમ નિરખતાં, માહરા ભવ-ભવનાં દુઃખ જાય રે
જગતગુરુ ! જાગતો સુખકંદરે,સુખકંદ અમંદ આનંદ-જગત
નિશદિન સૂતા-જાગતાં, હીયડાથી ન રહે દૂર રે
જબ ઉપગાર સંભારીયે, તબ ઉપજે આણંદ[2]-પૂર રે-જ૦
પ્રભુ ઉપગાર-ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાયરે
ગુણ[2]ગુણ-અનુબંધી હુઆ,તે તો અક્ષયભાવ કહાય રે—જ૦
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાય રે
વાચક **જશ** કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે-જ૦

## (૪૫) (૨-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

**શ્રી નમિ**-જિનની સેવા કરતાં,
અલિય[1]-વિઘન[2] સવિ દૂરે નાસે જી
અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ લીલા,
આવે બહુ (સદ્દ) મહમૂર (!) પાસેજી—શ્રી૦ (૧)
મય[3]-મત્તા અંગણ ગજ[4]ગાજે,રાજે તેજી તુખાર[5]ચંગાજી[6]
બેટા-બેટી બંધવ-જોડી, લહીયે બહુ અધિકાર રંગાજી-શ્રી૦
વલ્લભ[7]-સંગમ રંગ લહીજે,અણ[8]-વાહલા હોયે દૂર સહજેજી
વાંછાતણો વિલંબ ન દૂજો,
કારણ સીઝે ભૂરિ સહજેજી—શ્રી૦ (૩)
ચંદ્ર-કિરણ યશ ઉજ્વલ ઉલ્લસે, સૂર્ય-તુલ્ય પ્રતાપ દીપેજી
જે પ્રભુ ભગતિ કરે નિત વિનયે,
તે અરીયા બહુ તાપ જીપેજી—શ્રી૦ (૪)
મંગળ-માળા લચ્છી[10] વિશાળા,બાળા[11] બહૂલે પ્રેમ રંગેજી
**શ્રીનયવિજય** વિબુધ પય સેવક,
કહે લહિયે પ્રેમ-સુખ અંગેજી—શ્રી૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૬) (૨-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં[૧]શિર દેઈ દોષ-મેરે વાલિમા
નવ ભવ નેહ નિવારિયો રે હાં શ્યો જોઈ આવ્યા જોષ? મેરે૦
ચંદ્ર[૨]કલંકી જેહથી રે હાં, રામ ને સીતા-વિયોગ, મેરે૦
તેહ કુ-રંગને વયણલે રે હાં, પતિઆવે[૩]કુણ લોક?-મેરે૦
ઉતારી હું ચિત્તથી રે હાં, મુગતિ ધુતારી હેત, મેરે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશ્યું કવણ સંકેત?-મેરે૦
પ્રીત કરંતાં સોહલી રે હાં, નિરવહતાં જંજાલ, મેરે૦
જેહવો વ્યાળ[૪]ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ-મેરે૦
જો વિવાહ અવસર દિઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ, મેરે૦
દીક્ષા અવસર દીજીયે રે હાં, શિર ઉપર જગનાથ!-મેરે૦ (૫)
ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમ કને[૪]વ્રત લીધ, મેરે૦
વાચક **જશ** કહે પ્રણમીયે રે હાં, એ દંપતિ દોઈ સિદ્ધ-મેરે૦

卐

## (૪૭) (૨-૨૩) પાર્શ્વનાથ-જિન સ્તવન

**(રાગ મલ્હાર)**

વામાનંદન, જિનવર, મુનિવરમાં વડો રે; કે મુનિ૦,
જિમ સુરમાંહિં સોહે, સુરપતિ[૧] પરવડો[૨] રે, કે૦ સુર૦
જિમ ગિરિમાંહે સુરાચલ[૩],મૃગમાંહે કેસરી રે; કે૦ મૃગ૦,
જિમ ચંદન તરૂમાંહે,સુભટમાંહી મુર[૪]-અરી રે, કે૦ સુભટ૦
નદીયાંમાંહિ જિમ ગંગ,અનંગ[૫]સુરૂપમાં રે, કે૦ અનંગ૦
ફૂલમાંહિ અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે; કે૦ ભરત૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઐરાવણ ગજમાંહિં, ગરૂડ ખગમાં યથા રે, કે૦ ગરૂડ૦
તેજવંતમાંહીં ભાણુ, વખાણુમાં જિનકથા રે કે૦ વખાણુ૦ (૨)
મંત્રમાંહિ નવકાર, રતનમાંહિ સુરમણી રે. કે૦ રતન૦
સાગરમાંહિ સ્વયંભૂ–રમણ શિરોમણિ રે, કે૦ રમણ૦
શુકલધ્યાન જિનધ્યાનમાં, અતિ નિરમળપણે રે, કે૦ અતિ૦
**શ્રી નયવિજય**–વિબુધ પય–સેવક ઈમ ભણે રે. કે૦ સેવક૦ (૩)

卐

## (૪૮) (૨–૨૪) શ્રી મહાવીર–પ્રભુ સ્તવન

ગિરૂઆરે[૧] ગુણ તુમ–તણા, **શ્રી વર્ધમાન**–જિનરાયારે
—ગિરૂઆ૦ (૧)
સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મળ થાએ કાયા રે—
તુમ ગુણ–ગણ ગંગા–જળે, હું ઝીલી[૨] નિરમળ થાઉં રે
અવર ન ધંધો આદરૂં, નિશ–દિન તોરા ગુણ ગાઉં રે
—ગિરૂઆ૦ (૨)
ઝીલ્યા જે ગંગા–જળે, તે છીલર[૩] જળ નવી પેસે રે
માલતી ફૂલે મોહિયા, તે બાવળે જઈ નવી બેસે રે
—ગિરૂઆ૦ (૩)
ઈમ અમ્હે તુમ ગુણ[૪] ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે
તે કિમ પરસુર આદરે, જે પરનારી–વશ રાચ્યા રે–ગિરૂઆ૦
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે
વાચક જશ કહે માહરે, તું જીવ–જીવન આધારો રે-ગિરૂઆ૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂ. શ્રી યશોવિજયજી મહારાજ
## કૃત
## સ્તવન ચોવિશી
### કઠિન શબ્દોના અર્થ

**સ્તવન ૨-૧**

૧. જગતને વાલમ=પ્રિય અથવા જગવાલ=જગપાલ જગતના પાલન કરનારા (આ અર્થમાં હો એ રાગપૂર્તિવાચી શબ્દ ગણી જુદો સમજવો) ૨. કમળ ૩. આઠમના અર્ધવૃત્તાકાર ચંદ્ર જેવા ૪. કપાળ, લલાટ ૫. મુખ ૬. શરદઋતુની પૂર્ણિમાનો ચંદ્ર ૭. એક હજાર આઠ ૮. અંતરંગ ઉદાત્ત ગુણરૂપ લક્ષણો ૯. ઈંદ્રનું ઐશ્વર્ય, ચંદ્રની સૌમ્યતા સૂર્યની તેજસ્વિતા, ગિરિ પર્વત=મેરૂપર્વતની ધીરતા ૧૦. પોષણ=વધારો

**સ્તવન ૨-૨**

૧. ભમરો ૨. ખાબોચીયા, ૩. આનંદ–સંતોષ ૪. હંસ ૫. શ્રેષ્ઠ તળાવનું પાણી ૬. મેઘ વિના=વરસાદના પાણી વિના ૭.ચાતકનું બાળકપણુ (એટલે કે–ચાતકનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાળક પણ એવી ટેવવાળું હોય છે કે–વરસાદના પાણી વિના ઉત્તમ જળાશયના પાણીની ઈચ્છા સરખી કરતું નથી, એમ બીજી ગાથાના ઉત્તરાર્ધનો આશય જાણવો.) ૮. ટહુકાનું મીઠું ગૂંજન ૯. આંબાનો મહોર ૧૦. શ્રેષ્ઠ ૧૧. આંબો ૧૨. ગુણ શૂન્ય ૧૩. સૂર્ય–વિકાસી–કમળની જાતિ ૧૪. સૂર્યનાં કિરણો ૧૫. ચંદ્ર–વિકાસી કમળની જાતિ ૧૬. પાર્વતી ૧૭.શંકર અહીં 'વિના' અધ્યાહારથી સમજવું ૧૮. શ્રી કૃષ્ણ=વિષ્ણુ ૧૯. લક્ષ્મી ૨૦. અનુકૂળ

**સ્તવન ૨–૩**

૧ સેવામાં. ૨ છાને=એકાંતમાં અર્થાત્ આટલા રાત–દિવસ તમારા ધ્યાનમાં ઊભા રહેવા છતાં પણ જો તમે મનમાં ન આણો તો એકાંતમાં બોલાવી તમને શું સમજાવવું ?

અહીં, થાને રે, આવો પણ પાઠ જૂની પ્રતોમાં મળે છે. તો તે મારવાડી–ભાષાના આધારે 'તમને એવો અર્થ કરી તમને શું કહેવું ?' એમ અર્થસંગતિ થઈ શકે. ૩ સેવકનો ઊંમગ. ૪ ભવિતવ્યતાના પરિપાકે અમુક વિવક્ષિત કાળનો પરિપાક થયે છતે–તે ક્ષાયોપશમિક–ભાવની પ્રાપ્તિ, ૫ અંતરંગ જ્ઞાનાદિ ગુણોની ક્ષાયોપશમિક અવસ્થા ૬. વયરૂપી કાળની દ્રષ્ટિએ નાનું હોવાથી ચાલવામાં લથડીયાં ખાતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨—૪**

સુંદર ફળ આપનાર તરીકે મનને લોભાવનાર વેલડી ૨. કૃતાર્થ=સફળ ૩. પ્રભુની સાથે બીજો અર્થ પ્રભુનોસાથ=સંપર્ક-સમાગમ ૪. ચિંતામણિ ૫. કલ્પવૃક્ષ ૬ ઘેવર ૭. દેવતાઈ પાણી—અમૃત ૮. સુંદર. સગવડભરી પાલખી ૯ સારા માણસો-કુટુંબીજનો ૧૦, ઝાડ ૧૧. નાવડી ૧૨. છૂટકારો= વિયોગ.

**સ્તવન ૨—૫**

૧. ન જાય તેવો ૨. સુગંધ ૩.પૃથ્વીમાં પ્રબળ સુગંધના પ્રભાવથી ૪. ભક્તિરાગ ૫. ઓઠ ૬. લાલ ૭, સારૂં-શ્રેષ્ઠ ૮ અ-ટૂટ ૯. શેલડી ૧૦. ઘાસથી

**સ્તવન ૨—૬**

૧. દૂર ૨. લખાણ=કાગળ ૩. બહાનું ૪. રસ્તો ૫. ગુણવાળા-સારા ગુણવાળાનો સ્નેહ ૬. પોતાને કષ્ટરૂપ ૭. એક તરફી ૮ માલિકની લગામ મુજબ ૯. ભાવોની તન્મયતાનો રસ ૧૦. બંનેની રસ-પૂર્વક અંતરની પ્રસન્નતાથી ૧૧. ગુણવાન મહા-પુરુષોની સોબતથી ૧૨. કેમકે મોટાઓ વિશ્રામ =આધારરૂપ—શરણરૂપ હોય છે.

**સ્તવન ૨—૭**

૧. શ્રેષ્ઠ ૧. ઐશ્વર્ય ૩. તીર્થંકરપદની ૪. દેવતાઈ ફૂલો ૫. જન્મથી થયેલ=સ્વાભાવિક ૬. કર્મ ક્ષયથી ૭. દેવોના સમૂહથી ૮. સારા ૯. શોભી રહ્યા છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨-૮**

૧. છેવટે મોક્ષ ૨. સુખને ભોગવનારા ૩. વધુ પ્રેમ-સંબંધવાળા ૪. વગર-કહ્યે ૫. શ્રેષ્ઠ ૬. દીનપણું દાખવ્યા વગરના દાનથી ૭. મહિમા.

**સ્તવન ૨-૯**

૧. પ્રમાણથી નાનો ૨. મારા અણુસ્વરૂપ મનમાં ભક્તિ ઘણી છે તે મનરૂપ દરી=ગુફાનો તું માઝી =માજી-માલિક છે ૩. કેટલાથી ૪. વેદ અને પુરાણમાં

**સ્તવન ૨-૧૦**

૧. નિર્મળ ૨. દાતા તરીકેનું નામ ધરાવનાર. ૩. સૂર્ય ૪. વર્ણન.

**સ્તવન ૨-૧૧**

૧. ઘણા મિત્ર=મુલાકાતીવાળા ૨, રાગના સમૂહથી લોકોના મનમાં રહો છો તેમ છતાં પણ તમે ત્રણે કાળ વીતરાગ છો ૩. આવા વીતરાગ પ્રભુથી ચિત્ત મેળવ્યું છો પણ પ્રથમથી કંઈ યોગ્ય કેળવણી કરી નથી ૪. સેવક સાવ અજાણ છે તમે સ્વામી=ધણી તરીકે થઈ નભાવશો.

**સ્તવન ૧૨**

નિર્દોષ-સંપૂર્ણ ભક્તિના બળે ૨. આર્તધ્યાનાદિથી દૂષિત બની ૩. ભાણે બેઠા પછી પીરસવાનું આવે નહીં કે મોડું આવે તેથી થાળી-વાડકો ખખડાવ્યા કરવો પડે ૪. પરમાત્મા અને આત્માનો ભેદ તથા આત્મ-કાર્યનો છેદ ૫, ખંતપૂર્વક પ્રયત્નોથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨-૧૩**

૧ ગ્રંથિલ=મગજની નબળાઈવાળો=ઘેલો ૨, રાગદ્વેષની દુર્ભેદ્ય અને નિકટ જે ગ્રંથિ-તે રૂપી પોળ-દરવાજા ઉપર ૩ પોળિયો=દ્વારપાળ કર્મવિવર નામનો તે ગ્રંથિને ઉઘાડે, એટલે મળવાની તક આવે ૪ આ ગાથમાં ભવ્ય-પ્રાણીને ધર્મમાર્ગે ઉપયોગી તત્ત્વ-પ્રીતિકર પાણી, વિમળાલોક અંજન અને કલ્યાણ પરમાન્ન (ખીર)ની વાત જણાવી છે.

**સ્તવન ૨-૧૪**

૧. પીસેલી મજીઠનો-મજબૂત=પાકો. ૨. હળદળનો રંગ=કાચો, ૩. ઔષધિઓથી પકાવીને તૈયાર કરેલ ધાતુરસથી વીંધાયેલ, ૪. સાચું ૫. સોનું, ૬. પાણીનું બિંદુ.

**સ્તવન ૨-૧૫**

૧. તમારાથી, ૨. નભાવશો, ૩. યોગ્ય સંબંધ ન હોઈ, ૪. એક તરફી ૫. જડ, ૫. ચિંતામણિ, ૭. પૌરાણિક માન્યતા પ્રમાણે આ ગાથાનો અર્થ આ પ્રમાણે.

સમુદ્રમાંથી દેવાસુરોએ મંથન કરી ચૌદ રત્નો મેળવ્યાં, તેમાં ચંદ્રની ઉત્પત્તિ થઈ. એટલે ચંદ્ર પોતાનો પુત્ર હોઈ અમાસના દિવસે ચંદ્રની કળાઓ ક્ષીણ થવા રૂપે વ્યસન=દુઃખના ઉદયે જલધિ=સમુદ્ર પણ મોટી ભરતીના કારણે જાણે અબુહરે=ઉછળે અને ચંદ્ર પાછળ ઊંચો નીચો થાય, પણ તે તો સંબંધે=પોતાનો પુત્ર છે, માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ કોઈ જાતના જન્ય–જનક સંબંધ વિના પણ કુમુદ=ચંદ્રવિકાસી કમળો ચંદ્રના તેજથી ખીલે અને ચંદ્રનો તેજ વિના કરમાય એ ખરેખર વગર–સંબંધે પણ માત્ર ચંદ્રની શીતળતાના ગુણના આકર્ષણથી થાય છે. તે હકીકતમાં ઉચિત કહેવાયું.

સ્તવન ૨–૧૬

૧. જયારે ૨. મુખરૂપી ચંદ્ર, ૩ વિયોગની પીડાના, ૪. રસ હીન–કોરા ફોતરા, ૫. તારા સમકિતના રસનો સ્વાદ જેણે ચાખ્યો તે કદાચ કર્મવશ થઈ ઘણા કાળથી સેવેલ પાપની આચરણા કરે તો પણ સમકિત–અમૃતની જ ઈચ્છા મુખ્યપણે હોય.

સ્તવન ૨–૧૭

૧. કષાયરૂપ ધૂમાડાની રેખા પણ નહીં, ૨. ચારિત્રરૂપ મિત્રો બગડે નહિ, ૩. નીચે પાત્ર=વાસણની જરૂર નથી ૪ પવનથી બુઝાય નહીં, ૪. પોષણના ગુણમાં જે દુર્બળ નથી. અથવા પાછળથી જે ઝાંખો થતો નથી, ૬. કોઈપણ બાહ્ય પદાર્થ–પુદ્ગલ–તૈલ વગેરે નાખવું પડતું નથી.

સ્તવન ૨–૧૮

૧. સંસાર સમુદ્રનો, ૨. તારનાર ૩. સુંદર ૪. કિનારે, ૫. ઘણા પ્રકારના મોક્ષના ઉપાયોની ગોઠવણી ૬. યોગની માયા=ગોઠવણી ૭. કુશળતા સાથે=હોંશિયાર

સ્તવન ૨–૧૯

૧. પ્રસન્નતા, ૨. પ્રેમ, ૩. ગૂંચ, ૪. તમારી–પ્રભુની પ્રસન્નતા, પરલોકની પ્રસન્નતાથી, ૬. દુઃખેકરીને રાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખી શકાય, ૭. બધા શરીર=પ્રાણીઓ સમ=સરખા હોઈ શકતા નથી, બીજો અર્થ-રાશી=ચંદ્ર બધાને સરખો નથી હોતો, કોઈને બારમો પણ હોય છે, ૮. એક ખૂબ દુઃખી થાય ૯. પ્રસન્નતાની રીતો જુદી છે, ૧૦. ભરત ચક્રીને પિતાજી તીર્થંકરના કેવળજ્ઞાન અને ચક્ર રત્નની પૂજા સમકાળે ચિંતાનો વિષય બની,

સ્તવન ૨-૨૦

૧. સુખ, આનંદનો સમૂહ, ૩. ગુણો ગુણની પરંપરા-વાળા, ૩. પ્રભુનો અનુભવ રૂપ જે પ્રેમ તે અક્ષયપદ આપે છે.

સ્તવન ૨-૨૧

૧. અંતરાય ૨. અવરોધો ૩. મદથી મસ્ત ૪. હાથી ૫. ઘોડા ૬. સારા ૭. ઈષ્ટ વસ્તુનો સંયોગ ૮. ઉલ્લાસથી ૯. અનિષ્ટ=અરૂચિકર પદાર્થો. ૧૦. થાય, ૧૧. સ્વાભાવિક રીતે, ૧૨. દુશ્મનનો તાપ ખૂબ જીતે, ૧૩. વિશાળ લક્ષ્મી, ૧૪. ઘણાં બાળકો.

સ્તવન ૨-૨૨

૧. પશુઓના માથે ૨. વિશ્વાસ કોણ કરે ? ૩. ઉપાધિ ૪. સર્પને રમાડવો. ૫. પાસે,

સ્તવન ૨-૨૩

૧. ઈંદ્ર, ૨. શ્રેષ્ઠ ૩. મેરૂપર્વત ૪. લડવૈયો, ૫. કામદેવ, ૬. શ્વેતકમળ.

સ્તવન ૨-૨૪

૧. શ્રેષ્ઠ, ૨. ન્હાઈને, ૩. છીછરા પાણીમાં, ૪. ગુણની ચર્ચાથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्द्धमानस्वामीने नमः

# પૂ. મહોપાધ્યાય યશોવિજયજી

કૃત

# સ્તવન—ચોવીસી

[૩]

## (૪૯) (૩–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

**( મેરો પ્રભુ નીકો મેરો પ્રભુનીકો—એ દેશી )**

**ઋષભ**જિણંદા ઋષભજિણંદા તું સાહિબ ! હું છું તુજ બંદા
તુજશ્યું પ્રીતિ બની મુજ સાચી,
મુજ મન તુજ ગુણશ્યું રહ્યો માચી[2]—ઋષભ૦ (૧)
દીઠા દેવ રૂચે ન અનેરા,[3]
તુજ પાખલિ[4] ચિતડું દિયે ફેરા
સ્વામી શ્યું કામણડું કીધું,
ચિતડું અમારૂં ચોરી લીધું—ઋષભ૦ (૨)
પ્રેમ બંધાણો તે તો જાણો,
નિરવહશ્યો[5] તો હોશે વખાણો[6]
વાચક જશ વિનવે જિનરાજ,
બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ—ઋષભ૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૦) (૩–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

(કપૂર હોઈ અતિ ઉજળું રે —એ દેશી)

**વિજયા–નંદન** ગુણનીલોજી,[1] જીવન જગદાધાર
તેહશ્યું મુજ મન ગોઠડીજી,[2] છાજે વારોવાર—
સોભાગી જિન! તુજ ગુણનો નહિં પાર,
તું તો દોલતનો દાતાર—સોભાગી૦ (૧)
જેહવી કૂઆ–છાંહડીજી, જેહવું વનનું ફૂલ
તેજશ્યું જે મન નવિ મિળ્યુંજી,
તેહવું તેહનું શૂલ—સોભગી૦ (૨)
માહરૂં તો મન ધુરિથકીજી,[3] હળિઉં[4] તુજ ગુણ–સંગ
વાચક જશ કહે રાખશોજી, દિન–દિન ચઢતો રંગ—સો૦

卐

## (૫૧) (૩–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**સેનાનંદન** સાહિબ સાચોરે, પરિપરિ પરખ્યો હીરો જાચો
પ્રીતિ[2]–મુદ્રિકા તેહશ્યું જોડિ રે,
જાણું મેં લહી કંચનકોડી રે—સોના૦ (૧)
જેણે ચતુરશ્યું ગોઠિ[2] ન બાંધી રે,
તિણે તો જાણ્યું ફોકટ–વાધી
સુગુણ[3] મેલાવે જેહ ઉછાહો રે,
જાણુએ–જનમનો તેહ જ લાહો રે—સોના૦ (૨)
સુગુણ–શિરોમણિ સંભવસ્વામી રે,
નેહ–નિવાહ ધુરંધર પામી
**વાચક જશ** કહે મુજ દિન વળિયો રે,
**મનનો મનોરથ સઘળો ફળીયો રે—સોના૦ (૩**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૨) (૩–૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

### (ગોડી ગાજેરે-એ દેશી.)

શેઠ સેવોરે **અભિનંદન** દેવ, જેહની સારેરે[૧]સુરનર કિંનર સેવ
એહવો સાહિબ સેવે તેહ હજૂર, જેહનાં પ્રગટ કીધાં પુણ્ય[૨]
—પંડૂર શેઠ૦ (૧)
જેહ સુગુણ સનેહી સાહિબ હેજ[૩], દેગલીલાથી લહીયેં સુખ-સેજ
તૃણ સરખું લાગે સઘળે સાચ, તે આગળિ આવ્યું ધરણી રાજ
—શેઠ૦ (૨)
અલવે મેં પામ્યો તેહવો નાથ,
તેહથી હૂં નિશ્ચય હુઓરે સ-નાથ
વાચક **જશ** કહે પામી રંગ રેલિ,
માનું શીતળ અંગણડે સુરતરૂવેલી—શેઠ૦ (૩)

卐

## (૫૩) (૩–૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

### (ઘુઘરીઆળો ઘાટ-એ દેશી)

**સુમતિનાથ** દાતાર, કીજે ઓળગ[૧] તુમ તણી ૨
દીજે શિવ-સુખ સાર, જાણી ઓળગ જગ-ધણી ૨—સુમતિ૦
અખય ખજાનો તુજ, દેતાં ખોડિ લાગે નહિ રે
કિસી વિમાસણ[૩] ગુજ્ઝ[૪]? મચક[૫]થાકે ઉભા રહી રે—સુમતિ૦
રવણ કોડ તે ઝીધ, ઊરણ[૬] વિશ્વ તદા કીઓ રે
વાચક **જશ** સુપ્રસિદ્ધ, માગે તીન રતન દીઓરે—સુમતિ૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૪) (૩–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

(આજ અધિક ભાવે કરી–એ દેશી)

**પદ્મપ્રભજિન** ! સાંભળો, કરે સેવક એ અરદાસ હો
પાંતિ[1]બેસારી બો જો તુમ્હે,તો સફલ કરજો આશ હો–પદ્મ
જિન–શાસન પાંતિ[2] તેં ઠવી,
મુજ આપ્યું આપ્યો સમક્તિ થાળ હો
હવે ભાણા[3]ખડિખડિ[4]કુણ ખમે ? શિવ[5]–મોહક પિરસો
રસાળ–પદ્મ० (૨)
ગજ[7]–ચાસન–ગલિત–મીથિં કરી, જીવે કીડીના વંશ હો
વાચક **જશ** કહે ઈમ ચિત ધરી, દીજે નિજ સુખ એક અંશ હો
—પદ્મ० (૩)

卐

## (૫૫) (૩–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

(એ ગુરૂ વાલ્હો રે-એ દેશી)

**શ્રી સુપાસ**–જિનરાજનો રે, મુખ દીઠે સુખ હોઈ રે
માનું સકળ પદ[1]મેં લહ્યાં રે, જો તો નેહ–નજરિ ભરિ જોઈ
—એ પ્રભુ પ્યારો
માહરા ચિત્તનો ઠારણહાર[2]–મોહનગારો રે–એ० (૧)
સિંચે વિશ્વ સુધારસેં રે, ચંદ રહ્યો પણ દૂર રે
તિમ **પ્રભુ** કરૂણા–દષ્ટિથી રે, લહિયેં સુખ સહમૂર–એ०
વાચક **જશ** કહે તિમ કરો રે, રહિયેં જેમ હજૂર[3] રે
પીજે વાણી મીઠડી રે, જેહવો સરસ ખજૂર–એ० (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૬) (૩–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

[ ભોલાશંભુ – એ દેશી ]

મોરા સ્વામી ! ચંદ્રપ્રભ જિનરાય, વિનતડી અવધારીયે જીરેજી
મોરા સ્વામી ! તુમ્હે છો દીન દયાલ, ભવ–જળથી
મુજ તારીયેં જીરેજી (૧)

મોરા સ્વામી ! હું આવ્યો તુજ પાસ, તારક જાણી
ગહગહી[1]. જીરેજી
મોરા સ્વામી ! જોતાં જગમાં દીઠ, તારક કો બીજો નહિ.
જીરેજી (૨)

મોરા સ્વામી ! અરજ કરતાં આજ, લાજ વધે કહો
કોણિ[2] પરિ; જીરેજી
મોરા સ્વામી ! જશ કહે ગોપય[3] તુલ્ય, ભવ–જળધી કરુણા
ધરી. જીરેજી (૩)

卐

## (૫૭) (૩–૯) શ્રી સુવિધિ–જિન સ્તવન

[ રાગ – મલ્હાર ]

જિમ પ્રીતિ ચંદ્ર–ચકોરને, જિમ મોરને મન મેહરે,
અમ્હને તે તુમ્હશું ઉલ્લસે, તિમ નાહ ! નેવલો[1] નેહ;
સુવિધિ-જિણેસરૂ ! સાંભળો—
ચતુર સુજાણ, અતિ[2] અલવેસરૂ !—સુવિધિ. (૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અણુ-દીઠે અલજો[3] ઘણો, દીઠે તે તૃપતિ ન હોઈ રે,
મન તોહિ સુખ માની લિયેં, વાહલા-તણું મુખ જોઈ-
સુવિધિ. (૨)

જિન વિરહ કદીયે નવિ હુયે, કીજિયે તેહવો[4] સંચરે,
કરજોડી વાચક જશ કહે, ભાંજો તે ભેદ-પ્રપંચ[5]
સુવિધિ. (૩)

卐

## (૫૮) (૩-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

[ ભોલુડારે હંસા-એ દેશી ]

શીતલ-જિન ! તુજ-મુજ[1] વિચિ આંતરૂં,
નિશ્ચયથી[2] નહિ કોય;
દંસણ-નાણ-ચરણગુણ જીવને, સહુને પૂરણ હોયે,
અંતરયામીરે ! સ્વામી સાંભળો ! (૧)

પણિ મુજ[3] માયારે ભેદી[4] ભોળવે, બાહ્ય[5] દેખાડીરે વેષ;
હિયડે જૂઠીરે મુખ અતિ-મીઠડી, જેહવી ધૂરત-વેષ[6]—
અંતર૦ (૨)

એહને સ્વામીરે મુજથી વેગળી, કીજે દીન-દયાળ;
વાચક જશ કહે જિમ તુહ્મસ્યું મિલી,
લહિયેં સુખ સુ-વિશાળ-અંતર૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૯) (૩-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

[ મુખને મરકલડે-એ દેશી ]

શ્રેયાંસ-જિણેસર ! દાતાજી સાહિબ ! સાંભળો,
તુહમે જગમાં અતિ-વિખ્યાતાજી,—સાહિબ ! સાંભળો
માગ્યું દેતાં તે કિશું[1] વિમાસોજી ?—સાહિબ ! સાંભળો,
મુજ મનમાં એહ તમાશોજી-સાહિબ ! સાંભળો. (૧)

તુમ્હ દેતાં સવિ [2]દેવાર્થેંજી—સાહિબ ! સાંભળો,
તો અજર[3] કર્યે શ્યું થાયેજી-સાહિબ ! સાંભળો.
યશ પૂરણ કેમ લહિજેજી !—સાહિબ ! સાંભળો,
જો અજર કરીને દીજેજી—સાહિબ ! સાંભળો. (૨)

જો અધિકું દ્યો તો દેજોજી-સાહિબ ! સાંભળો,
સેવક કરી ચિત્ત ધરજ્યોજી-સાહિબ ! સાંભળો.
જશ કહે તુમ્હ પદ-સેવાજી-સાહિબ ! સાંભળો,
તે મુજ સુરતરૂ-ફળ-મેવાજી-સાહિબ ! સાંભળો. (૩)

卐

## (૬૦) (૩-૧૨) શ્રી વાસુપૂજ્ય-જિન સ્તવન

[ વિષય ન ગંજીયે-એ દેશી ]

વાસુપૂજ્ય-જિન ! વાલહારે,[1] સંભારો નિજ દાસ
સાહિબશ્યું હઠ નવિ હોયેરે, પણ કીજે અરદાસોરે[2]-ચતુર !
વિચારીરે. (૧)

સાસ[3] પહિલા સાંભરે રે, મુખ દીઠે સુખ હોય
વિસાર્યાં નવિ વિસરે રે, તેહશ્યું હઠ કિમ હોય રે ?
ચતુર૦ (૨)

આમણ-દુમણ[4] નવિ ટળેરે, ખણ[5] વિણ પૂરીરે આશ[6];
સેવક જશ કહે દીજીયેરે, નિજ પદ-કમળનો વાસરે.
ચતુર૦ (૩)

卐

## (૬૧) (૩-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

[ લલનાની ઢાળ ]

વિમલનાથ મુજ મન વસે, જિમ સીતા મન રામ-લલના
પિક[1] વંછે સહકારને,[2] પંથી[3] મન જિમ ધામ[4]-લલના
વિમલ૦ (૧)

કુંજર[5] ચિત્ત રેવા[6] વસે, કમળા[7] મન ગોવિંદ[8]—લલના,
ગોરી[9] મન શંકર વસે, કુમુદિની[10] મન જિમ ચંદ-લલના-
વિમલ૦ (૨)

અલિ[11] મન વિકસિત[12]-માલતી,
કમલિની[13] ચિત્ત દિણંદ[14]-લલના
વાચક જશ ને વાલહો, તિમ શ્રીવિમલ-જિણંદ-લલના-
વિમલ૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૨) (૩–૧૪) શ્રી અનંતનાથ જીન સ્તવન

[ ઢાલ શચાદાની ]

શ્રી અનંત-જિન સેવિયેંરે લાલ,
મોહન-વલ્લી[૧]–કંદ–મન–મોહના
જે સેવ્યો શિવ–સુખ દિયેરે લાલ, ટાળે ભવભય[૨]–ફંદ
મન૦ શ્રી૦ (૧)

મુખ–મટકે[૩] જગ મોહીઓરે લાલ,
રૂપ[૪]–રંગ અતિ–ચંગ[૫]–મન૦
લોચન અતિ અણીયાલડાંરે[૬] લાલ, વાણી ગંગ–તરંગ[૭]
મન૦ શ્રી૦ (૨)

ગુણ સઘળા અંગે વસ્યારે લાલ, દોષ ગયા સવિ દૂર–મન૦
વાચક જશ કહે સુખ લહૂંરે લાલ, દેખી પ્રભુ–મુખ[૮] નૂર
મન૦ શ્રી૦ (૩)

卐

## (૬૩) (૩–૧૫) શ્રી ધર્મનાથ જીન સ્તવન

[ રાગ મલ્હાર ]

ધરમનાથ ! તુજ સરખો, સાહિબ શિર[૧] થકે રે—
સાહિબ શિર થકેરે,
ચોર[૨] જોર[૩] જે ફોરવે, મુજશ્યું ઈક–મને[૪] રે કે–તુજ૦
ગજ નિમીલિકા[૫] કરવી, તુજને નવિ ઘટે રે કે–તુજ૦
જે તુજ સનમુખ જોતાં અરિનું[૬] બળ[૭] મિટે રે કે–અરિ૦ (૧)
રવિ[૮] ઉગે ગયણંગણિ,[૯] તિમિર[૧૦] તે નવિ રહે રે કે–તિમિર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામકુંભ[11] ઘર આવેં, દાલિદ્ર કિમ લહેરે કે-દાલિદ્ર૦
વન વિચરે જો સિંહ તો, બીહ[12] ન ગજ તણી રે કે-બીહ૦
કર્મ કરે શ્યું જોર ?, પ્રસન્ન જો જગધણીરે કે-પ્રસન્ન૦ (૨)
સુગુણ[13]-નિગુણનો અંતર, પ્રભુ ! નવિ ચિત્તોં ધરે રે કે-પ્રભુ.
નિર્ગુણ પણ શરણાગત, જાણી હિત કરે રે કે-જાણી૦
ચંદ્ર ત્યજે નવિ લંછન, મૃગ અતિ શામળોરે કે-મૃગ૦
જશ કહે તિમ[14] તુહ્ય[15] જાણી, મુજ અરિ-બળ[16] દળો[17] રે કે-
મુજ૦ (૩)

卐

## (૬૪) (૩-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

[ સુણી પસુઆં વાણીરે—એ ઢાલ ]

જગ જન મન રંજેરે, મનમથ[1] બળ ભંજે રે,
નવિ રાગ ન દોસ, તૂં અંજે[2] ચિત્તશ્યૂંરે (૧)
શિર છત્ર વિરાજે રે, દેવદુંદુંભિ વાજે રે,
ઠકુરાઈ ઈમ છાજે, તોહિ અકિંચનો[3] રે (૨)
થિરતા[4] ધૃતિ[5] સારી રે; વરી સમતા નારી રે,
બ્રહ્મચારી શિરોમણિ, તો પણ તું સુણ્યો રે (૩)
ન ધરે ભવ-[6]રંગોરે, નવિ દોષ-[7]સંગોરે,
મૃગ-લંછન ચંગો, તો પણ તૂં સહી રે (૪)
તુજ ગુણ કુણ આખે[8] રે, જગ કેવળી-પાખે[9] રે,
સેવક જશ ભાખે, અચિરા-સુત જયો રે (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૬૫) (૩–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

[ ઢાલ વીછીંયાની ]

સુખદાયક સાહિબ ! સાંભળો, મુજને તુમસ્યું અતિ[૧]રંગરે,
તુમ્હે તો નિ-રાગી હુઈ રહ્યા,
એ શ્યો એકંગો[૨] રંગ રે –સુખ૦ (૧)
તુમ્હ ચિત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબર[૩]ફૂલ સમાન રે,
મુજ ચિત્તમાં વસહો[૪] જો તુમ્હે,
તો પામ્યા નવે નિધાનરે–સુખ૦ (૨)
શ્રી કુંથુનાથ અમ્હ નિરવહું[૫], ઈમ એકંગો પણ નેહ રે,
ઇણિ ચાકીને[૬] ફળ પામશું,
વળી હોશે દુખનો છેહ[૭] રે–સુખ૦ (૩)
આરાધ્યો કામિત[૮] પૂરવે, ચિંતામણી પાષાણ રે,
વાચક જશ કહે મુજ દીજીયે;
ઈમ જાણી કોડિ કલ્યાણ રે–સુખ૦ (૪)

卐

## (૬૬) (૩–૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

[ પ્રથમ ગોવાળની – ઢાલ ]

અરજિન ! દરિશન દીજિયેંજી, ભવિક–કમલ–વન–સૂર,[૧]
મન તરસે[૨] મળવા ઘણુંજી, તુમ્હે તો જઈ રહ્યા દૂર—
સોભાગી ! તુમ્હ સ્યું મુજ મન નેહ.
તુમસ્યું મુજ મન નેહલોજી, જિમ બપઈયાં[૩] મેહ—
સોભાગી૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવાગમન[4] પથિક-તણુંજી,[5] નહિં શિવ-નગર નિવેશ,[6]
કાગળ કુણ હાથે લિખૂંજી ? કોણ કહે સંદેશ ?
સોભાગી० (૨)

જો સેવક સંભારસ્યોજી, અંતરયામી રે આપ
જશ કહે તો મુજ મનતણોજી, ટળશે સઘળો સંતાપ—
સોભાગી० (૩)

卐

## (૬૭) (૩-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

[ઢાળ રસિયાની ]

મલ્લિ-જિણેસર ! મુજને તુમ્હે મિલ્યા,
જેહમાંહિ[1] સુખકંદ—વાલ્હેસર,
તે કળિયુગ અમ્હે ગિરૂઓ લેખવું,
નવિ બીજા યુગ-વૃંદ[2]—વાલ્હેસર. મલ્લિ० (૧)

આરો સારો રે મુજ પાંચમો,
જિહાં તુમ્હ દરિશણ દીઠ—વાલ્હે०
મરૂભૂમિ[3] પણ થિતિ[4] સુરતરૂ[5]-તણી,
મેરૂ થકી હુઈ ઈઠ- વાલ્હે० મલ્લિ० (૨)

પંચમ-આરે રે તુમ્હ મેલાવડે[7],
રૂડો[8] રાખ્યો રે રંગ-વાલ્હે०
ચોથો આરો રે ફિરી આવ્યો ગણું,
વાચક જશ કહે ચંગ[9]—વાલ્હે० મલ્લિ० (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૮) (૩–૨૦) શ્રી મુનિસુવ્રત–જિન સ્તવન

[ વીરમાતા પ્રીતિકરણી – એ દેશી ]

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા,
ભાંગી તે ભાવઠિ[1] ભવતણી, દિવસ દુરિતના[2] નીઠા[3]
—આજ૦ (૧)

આંગણે કલ્પવેલી ફળી, ઘન[4] અમિયના વૂઠા,[6]
આપ–માંગ્યા[7] તે પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા—
—આજ૦ (૨)

નિયતિ–[8]હિત દાન સનમુખ હુયે સ્વ પુણ્યોદય સાથે,
જશ કહે સાહિબે મુગતિનું, કરિઉં તિલક નિજ–હાથે
—આજ૦ (૩)

卐

## (૬૯) (૩–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

[ રૂષભનો વંશ રયણાયરૂ – એ દેશી. ]

મુજ મન–પંકજ [1]ભમરલો, શ્રીનમિ–જિન જગદીશો રે,
ધ્યાન કરૂં નિત તુમ્હ તણું, નામ જપું નિશદીશો રે;
મુજ૦ (૧)

ચિત્તથકી કદીયે ન વીસરે, દેખીયે આગલિં[2] ધ્યાનિ રે;
અંતર–તાપથી જાણિયે, દૂર રહ્યાં અનુમાનિરે—મુજ૦ (૨)

તું ગતિ તું મતિ આસરો, તુંહિ જ બંધવ મોટો રે;
વાચક જશ કહે તુજ વિના, અવર[3] પ્રપંચ[4] તે ખોટો રે–
મુજ૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૦) (૩-૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

**[ રાજા જો મિલે-એ દેશી ]**

કહા કિયો ! તુમ્હે કહો મેરે સાંઈ[૧] !,
ફેરિ[૨] ચલે રથ તોરણ આઈ,
દિલજાનિ[૩] અરે ! મેરા નાહ,
ન ત્યજિઈ[૪] નેહ કછુ અ-જાનિ[૫]-દિલ૦ (૧)

અટપટાઈ[૬] ચલે ધરી કછુ રોષ,
પશુઅનકે શિર દે કરી દોષ-દિલ૦ (૨)

રંગ[૭] બિચ ભયો યાથી ભંગ,
સો તો સાચો જાનો કુ-રંગ-દિલ૦ (૩)

પ્રીતિ તનકમિં[૮] તોરત[૯] આજ,
કિઉં નાવે મનમેં તુમ્હ લાજ ?-દિલ૦ (૪)

તુમ્હ બહુનાયક જાનો ન પીર[૧૧],
વિરહ લાગિ જિઉં[૧૨] વૈરી કો તીર-દિલ૦ (૫)

હાર ઠાર[૧૩] શિંગાર અંગાર[૧૪],
અશન-વસન ન સુહાઈ[૧૫] લગાર-દિલ૦ (૬)

તુજ વિન લાગે સૂની સેજ, નહી તનુ તેજ ન હારદ[૧૬] હેજ
-દિલ૦ (૭)

આઓને મંદિર વિલસો ભોગ, બૂઢાપનમેં લીજે યોગ—
દિલ૦ (૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોરૂંગી મૈં નહિ તેરો સંગ, ગહિલી[૧૮] ચલું જિઉં
છાયા અંગ–દિલ૦ (૯)
ઈમ વિલવતી ગઈ ગઢ-ગિરનાર, દેખે પ્રીતમ રાજુલ નાર
–દિલ૦ (૧૦)
કંતે દીનું કેવલજ્ઞાન.
કીધી પ્યારી આપસમાન દિલ૦ (૧૧)
મુગતિ-મહલમેં ખેલે દોઈ,
પ્રણમેં જશ [૧૯]ઉલસિત–તન હોઈ–દિલ૦ (૧૨)

卐

## (૭૧) (૩–૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

[ ઢાળ ફાગની ]

ચઉ કષાય પાતાલ-કલશ[૧] જિહાં, તિસનાર[૨] પવન પ્રચંડ,
બહુ વિકલ્પ[૩]-કલ્લોલ[૪] ચઢતુ હે, અરતિ-ફેન ઉદ્દંડ[૫]
ભવસાયર[૬] ભીષણ તારીઈ હો, અહો મેરે લલના પાસજી,
ત્રિભુવન-નાથ! દિલમેં, એ વિનતી ધારીયે હો (૧)
જરત[૭] ઉદ્દામ[૮] કામ-વડવાનળ, પરત[૯] શીલગિરિશૃંગ,[૧૦]
ફિરત વ્યસન[૧૧] બહુ મઘેર[૧૨]–તિમિંગિલ[૧૩],
કરતહે નિમંગ[૧૪]–ઉમંગ[૧૫]–ભવ૦ (૨)
ભમરીયાંકે[૧૬] બીચિં ભયંકર, ઉલટી[૧૭]–ગુલટી વાચ[૧૮],
કરત પ્રમાદ પિશાચન-સહિત જિહાં,
અવિરતિ-વ્યંતરી નાચ–ભવ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગરજત અરતિ, કુરતિ[19]રતિ બિજુરી,[20]હોત બહુત તોફાન
લાગત ચોર કુગુરૂ મલબારી,[21] ધરમ-જિહાજ નિદાન—
ભવ૦ (૪)

જુરે[22]પાટિયે જિઉં અતિ-જોરિ,[23] સહસ અઢાર શીલંગ,
ધર્મજિહાજ [24]તિઉ સજજ કરિ ચલવો,
જશ કહે શિવપુરી ચંગ-ભવ૦ (૫)

卐

## (૭૨) (૩-૨૪) મહાવીર-જિન સ્તવન

દુઃખ ટળિયાં મુખ દીઠે, મુજ સુખ ઉપનાં રે,
ભેટયા-ભેટયા વીર-જિણંદરે,
હવે મુજ મન-મંદિરમાં પ્રભુ, આવી વસો રે,
પામું પામું પરમાનંદરે—દુઃખ૦ (૧)

પીઠબંધ[1] ઈહાં કીધો સમકિત વજ્રનો રે,
કાઢયો કાઢયો કચરો ને ભ્રાંતિ રે,
ઈહાં અતિ ઉંચા સોહે ચારિત્ર-[2]ચંદરુઆરે,
રૂડી રૂડી સંવર[3]-ભાતિરે-દુઃખ૦ (૨)

કર્મવિવર ગોખિ[4] ઈહાં મોતી ઝુંબણારે,[5]
ઝૂલઈ ઝૂલઈ ધી-ગુણ[6] આઠરે,
બાર ભાવના પંચાલી[7] અચરય[8] કરે રે,
કોરિ કોરિ કોરણી કાઢ રે-દુઃખ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈહાં આવી સમતા-રાણીશ્યું પ્રભુ રમો રે—
સારી સારી થિરતા સેજરે[૯],
કિમ જઇ શકશ્યો એક વાર જો આવશો રે,
રંજ્યા રંજ્યા હિયડાની હેજરે[૧૦]—દુઃખ૦ (૪)

વયણ અરજ સુણી પ્રભુ મન-મંદિર આવિયારે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવન-ભાણ રે,
શ્રી નયવિજય વિબુધ પય સેવક ઈમ ભણેરે,
તેણિ પામ્યા પામ્યા કોડિ-કલ્યાણ રે-દુઃખ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી યશોવિજયજી મહોપાધ્યાયકૃત
## સ્તવન ચોવીશી (દ્વિતીય)
### કઠિન શબ્દોના અર્થ

**સ્તવન ૩-૧**

૧. સેવક ૨. ભય ૩. બીજા ૪. આસપાસ ૫. નભાવશો ૬. પ્રશંસા

**સ્તવન ૩-૨**

૧. ગુણથી ભરેલ ૨. મુલાકાત ૩. પ્રથમથી ૪. એકમેક થયું છે.

**સ્તવન ૩-૩**

૧. વિવિધ રીતે ૨. પ્રેમનો સંબંધ ૩. સોબત ૪. ગુણવાન જનોની સોબતે

**સ્તવન ૩-૪**

૧. કરે છે ૨. નિર્મળ-પુણ્ય ૩. અંતરનો પ્રેમ ૪. દૃષ્ટિપાત્રથી

**સ્તવન ૩-૫**

૧. સેવા ૨. ખોટ-ખાટ ૩. વિચાર-ચિંતા ૪. ખાનગી ૫. માંગનારા ૬. ઋણ-દેવા વગરનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૩–૬**

૧–૨. જમવાની પંગત ૩. વાસણ ૪. ખખડાવવા. ૫. સહે ૬. મોક્ષરૂપ લાડવો ૭. હાથીના મ્હોંમાંથી ગળેલા પડયા દાણાથી

**સ્તવન ૩–૭**

૧. પદવીઓ–સ્થાન ૨. શીતળ કરનાર ૩. સેવામાં

**સ્તવન ૩–૮**

૧. ઉમંગ પૂર્વક ૨. કથી રીતે ! ૩. ખાબોચિયા જેવા. હકીકતમાં સંસાર સમુદ્ર બહુ વિષમ છે. પણ મારા સ્વામીના પ્રભાવથી તે મારા માટે ગોષ્પદ ખાબોચિયા જેવો છે.

**સ્તવન ૩–૯**

૧. અપૂર્વ અદ્ભુત ૨. અત્યંત ઐશ્વર્યવાળા ૩. ઉત્કંઠા ૪. પ્રયત્ન ૫. જુદા પાડવાની પ્રવૃત્તિ

**સ્તવન ૩–૧૦**

૧. તમારી–મારી વચ્ચે ૨. પરમાર્થ દષ્ટિવાળા શુદ્ધ અદ્ભુત નિશ્ચયનયથી ૩. કર્મજન્ય વિચિત્ર પરિણતિ ૪. વિચિત્ર વર્તનવાળી ૫. બહારના ૬. બનાવટી વેષધારી

**સ્તવન ૩–૧૧**

૧. વિચારો ૨. આપવા ૩. મોડું

**સ્તવન ૩–૧૨**

૧. સ્વામી ૨. વિનતિ ૩. શ્વાસ ૪. માનસિક કચવાટ ૫. એક ક્ષણ પણ ૬. પૂરણ નહીં થયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૩-૧૩**

૧. કોયલ ૨. આંબાને ૩. મુસાફર ૪. ઘર ૫. હાથી ૬. નર્મદાનદી ૭. લક્ષ્મી ૮. શ્રી કૃષ્ણ ૯. પાર્વતી ૧૦. ચંદ્ર વિકાસી કમળ ૧૧. ભ્રમર ૧૨. ખીલેલા ૧૩. સૂર્યવિકાસી કમળ ૧૪. સૂર્ય.

**સ્તવન ૩-૧૪**

૧. મન લોભાવનાર વેલડીના મુખ સમાન ૨. સંસારના ભયરૂપ ફંદો-જાળ ૩. મુખના મરકવાથી ૪. શરીરનો બાહ્ય દેખાવ ૫. અત્યંત સુંદર ૬. અણીઆળા-મોહક ૭. ગંગાના તરંગની જેમ ધોધબંધ ૮. પ્રભુના મુખનું તેજ.

**સ્તવન ૩-૧૫**

૧. માથે હોયે છતે ૨. કર્મરૂપ ચોરનું ૩. બળ ૪. એકદમ ૫. હાથીનાં આંખ મીંચામણાં ૬. દુશ્મનનું ૭. તાકાત-સૈન્ય ૮. સૂર્ય ૯. આકાશમાં ૧૦. અંધકાર ૧૧. મનગમતી ચીજો આપનાર દેવાધિષ્ઠિત ઘડો ૧૨. ભય ૧૩. સારા-ખોટાનો ૧૪. સમર્થ ૧૫. તુમને-પ્રભુને ૧૬. દુશ્મનનું બળ તાકાત સૈન્ય ૧૭ દૂર કરો.

**સ્તવન ૩-૧૬**

૧. કામદેવ ૨. આંજી નાંખે છે ૩. નિષ્પરિગ્રહી ત્યાગી ૪. સ્વભાવની દૃઢતા ૫. પરિષહ-ઉપસર્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિમાં મક્કમતા ૬. સંસારનો રંગ ૭. દોષનો સંભવ ૮. કહી શકે ૯. વિના.

સ્તવન ૩-૧૭

૧. ઘણો અંતરનો પ્રેમ ૨. એક તરફી ૩. ઉંમર ને ફળ નથી લાગતા, એટલે ઉંમરને ફળ ન હોય તેમ ૪. રહો, ૫. નભાવીશું ૬. વિશ્વાસે ૭. નાશ ૮. ઇચ્છિત.

સ્તવન ૩-૧૮

૧. ભવ્ય રૂપ કમલ વનને સૂર્યસખા ૨. તલસે છે- ઝંખે છે. ૩. ચાતક ૪. અવર-જવર. ૫. મુસાફરોની ૬. ગામ.

સ્તવન ૩-૧૯

૧. જે કાળમાં ૨. બીજા કાળના સમૂહ ૩. મારવાડ ૪. હાજરી ૫. કલ્પવૃક્ષની ૬. સારી ૭. સમાગમથી ૮. સારો ૯. સુંદર.

સ્તવન ૩-૨૦

૧. ભ્રમર ૨. પાપના ૩. અનિષ્ટ બન્યાં, દૂર ગયા ૪. મેઘ ૫. અમૃતના ૬. વરસ્યા ૭. મ્હોં-માંગ્યા ૮. ભવિષ્યમાં હિતકારી.

સ્તવન ૩-૨૧

૧. કમળ ૨. આગળા = આગળના = ધર્મધ્યાનમાં ૩. બીજો ૪. પ્રપંચ=દેખાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૩-૨૨

૧. સ્વામી ૨. પાછો વાળી ૩. દિલને જાણનાર=જિગરી, પ્રેમી ૪. ન તજીએ (સ્નેહ) ૫. અજાણતાં=ઉતાવળમાં ૬. ગૂંચવાઈને ૭. ઉલ્લાસમાં ૮. તનિક=ક્ષણવારમાં ૯. તોડી રહ્યા છો ૧૦. ઘણાના નાયક=સ્વામી ૧૧. પીડા ૧૨. જેમ ૧૩. ઠાર=શિયાળામાં વરસતા હિમ જેવો ૧૪. અંગારા જેવા ૧૫. ગમતા નથી ૧૬. ખાલી ૧૭ હયાનો ૧૮. ઘેલી=ગાંડા જેવી ૧૯. રોમાંચના ઉલ્લાસવાળા શરીરવાળા.

સ્તવન ૩-૨૩

૧. લવણ સમુદ્રમાં પાણીની ભરતી ચઢાવનારા મોટા પાતાળ કળશા ૨. તૃષ્ણારૂપ ૩. માનસિક અસ્થિરતા ૪. મોજાં ૫. ઉત્કટ ૬. સંસાર સમુદ્ર ૭. સળગી રહેલ છે ૮. ઉત્કટ ૯. પડી રહેલ ૧૦ શીલ=શિયળ રૂપ પર્વતના શિખરો ૧૧. દુઃખ રૂપ ૧૨. મગર ૧૩. મોટા મચ્છ ૧૪. પાણીમાં ડુબકી મારવી ૧૫. પાણીમાંથી બહાર આવવું ૧૬. આફતોની અંદર ૧૭. અવળી-સવળી ૧૮. વાણી ૧૯. ચમકી રહી છે. ૨૦. વિજળી ૨૧. અસવાર દેશનું મજબૂત ૨૨. જોડેલ ૨૩. અત્યંત મજબૂત ૨૪. તૈયાર.

સ્તવન ૩-૨૪

૧. પાયો ૨. ચંદરવા ૩. ભરતકામ ૪. ગોખલા ૫. લટકતા ઝુંમખા ૬. બુદ્ધિના ગુણ ૭. પુતળી ૮. આશ્ચર્ય ૯. શય્યા ૧૦. પ્રેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# પૂજ્ય ઉપાધ્યાય
# યશોવિજયજી મહારાજ
કૃત
# સ્તવન–ચોવિશી

[ આ ચોવીશીમાં ૨૪ તીર્થંકર પ્રભુના જીવનની માહિતી આપનારી ૧૨૦ બાબતો પૈકી નીચે મુજબની બાબતો પ્રત્યેક સ્તવનમાં રચયિતા મહર્ષિએ ગૂંથી છે.

| | |
|---|---|
| ૧ પ્રભુનું નામ | ૮ દીક્ષા પરિવાર |
| ૨ પિતાનું નામ | ૯ આયુષ્ય |
| ૩ માતાનું નામ | ૧૦ સાધુ–સંખ્યા |
| ૪ જન્મ–નગરી | ૧૧ સાધ્વી–સંખ્યા |
| ૫ લાંછન | ૧૨ નિર્વાણસ્થળ |
| ૬ શરીરવર્ણ | ૧૩ અધિષ્ઠાયક યક્ષ |
| ૭ શરીરની ઊંચાઈ | ૧૪ અધિષ્ઠાયિકા યક્ષિણી |

આ રીતે પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જેવા પ્રકાંડ વિદ્વાન મહાતાર્કિક ધુરંધર મહાપુરુષો પણ લોકભોગ્ય–શૈલિમાં ભક્તિયોગનું સરળ પ્રરૂપણ કરવામાં કેવા કુશળ હતા, તેનો આછો પરિચય મળે છે. ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય મહોપાધ્યાય
શ્રી જશોવિજયજી કૃત
ચૌદ બોલની
સ્તવન ચોવીશી

# [૪]

## (૭૩) (૪-૧) શ્રી રૂષભદેવ-જિન સ્તવન

[ આજ સખી સંખેસરો-એ દેશી ]

રૂષભદેવ નિતુ વંદિયેં, શિવ-સુખનો દાતા
નાભિ-નૃપતિ જેહના પિતા. મરૂદેવી માતા.
નયરી, વિનીતા[૧] ઉપનો, વૃષભ લંછન સોહે,
સોવનવન્ન[૨] સુહામણો, દીઠડે મન મોહે; હાંરે-દીઠડે. (૧)

ધનુષ પાંચસેં જેહનું, કાયનું માન,
ચ્યાર સહસશ્યું વ્રત[૩] લીયે, ગુણ-રયણ નિધાન,
લક્ષ ચોરાશી પૂર્વનું આઉખું પાળે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમિય-સમી દીયે દેશના, જગ પાતિક[૪] ટાળે,
હાંરે-જગ૦ (૨)

સહસ ચોરાશી મુનિવરા, પ્રભુનો પરિવાર,
ત્રણ્ય લક્ષ સાધ્વી કહી, શુભ-મતિ સુવિચાર;
અષ્ટાપદગિરિ ચઢી, ટાળી સવિ કર્મ,
ચઢી ગુણઠાણે ચઉદમેં, પામ્યા શિવ[૫] શર્મ
હાંરે-પામ્યા૦ (૩)

ગોમુખ યક્ષ, ચક્કેશ્વરી પ્રભુ સેવા સારે;
જે પ્રભુની સેવા કરે, તસ વિઘન નિવારે
પ્રભુ-પૂજાયેં પ્રણમેં સદા, નવ નિધિ તસ હાથે,
દેવ સહસ સેવાપરા, ચાલે તસ સાથે-હાંરે ચાલે૦ (૪)

યુગલા-ધર્મ-નિવારણો, શિવ-મારગ ભાખે,
ભવ-જળ પડતા જંતુને, એ સાહિબ રાખે;
શ્રી નયવિજય વિબુધ જયો, તપગચ્છમાં દીવો,
તાસ શીશ ભાવે ભણે, એ પ્રભુ ચિરંજીવો-હાંરે એ પ્રભુ૦(૫)

卐

## (૭૪) (૪-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

[કોઈલો પરવત ધુંધલો રે લો-એ દેશી]

અજિત-જિણંદ જુહારિયેં રે લો,
જિતશત્રુ-વિજયા જાત[૧] રે-સુગુણ-નર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરી અયોધ્યા ઉપનોરે લો,
ગજ-લંછન વિખ્યાતરે -સુગુણ૦ અજિત૦ (૧)
ઉંચપણું પ્રભુજીતણુંરે લો,
ધનુષ સાઢાસેં[૨] ચ્યાર રે૦-સુગુણ૦
એક સહસરશું વ્રત લીયે રે લો,
કરૂણા-રસ ભંડાર રે-સુગુણ૦ અજિત૦ (૨)
બોહોતેર લાખ પૂરવ ધરેંરે લો,
આઉખું સોવન વાન[૩] રે-સુગુણ૦
લાખ એક પ્રભુજી તણા રે લો,
મુનિ-પરિવારનું માન રે—સુગુણ૦ અજિત૦ (૩)
લાખ ત્રણ્ય ભલી સંયતી[૪]રે લો,
ઉપર ત્રીશ હજાર રે-સુગુણ૦
સમેતશિખર શિવ-પદ લહી રે લો,
પામ્યા ભવનો પાર રે-સુગુણ૦ અજિત૦ (૪)
અજિતબલા શાસનસુરીરે લો,
મહાયક્ષ કરે સેવ રે-સુગુણ૦
કવિ જશવિજય કહે સદારે લો,
ધ્યાઉં એ જિન દેવ રે સુગુણ૦ અજિત૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૫) (૪–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**[ મહાવિદેહ ખેત્ર સોહામણું – એ દેશી ]**

માતા સેના જેહની, તાત જિતારિ ઉદાર–લાલરે,
હેમ[1] વરણ હય-લંછનો, સાવત્થી શિણગાર–લાલ રે
સંભવ ભવ–ભય–ભંજણો૦ (૧)

સહસ પુરૂષ શું વ્રત લિયે, ચ્યારસેં ધનુષ તનુ[2] માન
લાલ રે—સંભવ૦ (૨)

સાઠ લાખ પૂરવ ધરે, આઉખું સુ–ગુણ–નિધાન–લાલ રે,
દોઈ લાખ મુનિવર ભલા, પ્રભુજીનો પરિવાર–લાલ રે;
ત્રણ લાખ વર સંયતી,[3] ઉપર છત્રીશ હજાર–લાલ રે. સં૦

સમેતશિખર શિવપદ[4] લહ્યું, તિહાં કરે મહોછવ દેવ-લાલ રે,
દુરિતારી શાસન-સુરી, ત્રિમુખ યક્ષ કરે સેવ–લાલ રે,
સંભવ૦ (૪)

તું માતા ! તું મુજ પિતા ! તું બંધવ !
ત્રિણ કાળ-લાલ રે,
શ્રીનયવિજય વિબુધ તણો,
શીશ કહે દુઃખ ટાળ-લાલ રે—સંભવ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૬) (૪-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

અભિનંદન ચંદન શીતલ વચન-વિલાસ,
સંવર-સિદ્ધારથા-નંદન[૧] ગુણ મણિ-વાસ;
ત્રણસેં ધનુ પ્રભુ તનુ ઉપર અધિક પંચાસ,
એક સહસશ્યું દીક્ષા લિયેં છાંડી ભવ[૨]-પાશ. (૧)

કંચનવાન સોહેં વાનર લંછન સ્વામી,
પચાસ લાખ પૂરવ આયુ ધરે શિવગામી;
વર નયરી અયોધ્યા પ્રભુજીનો અવતાર,
સમેતશિખરગિરિ પામ્યા ભવનો પાર. (૨)

ત્રણ લાખ મુનીશ્વર તપ-જપ સંયમ સાર,
ખટ લક્ષ છત્રીશ સાધ્વીનો પરિવાર;
શાસનસુર ઈશ્વર સંઘનાં વિઘન નિવારેં,
કાળી દુઃખ ટાળી પ્રભુ-સેવકને તારેં. (૩)

તું ભવ-ભય-ભંજન જન-મન-રંજનરૂપ,
મનમથ[૩]-ગદ[૪]-ગંજન[૫]અંજન રતિ હિત-સરૂપ;
તું ભુવનેં[૬] વિરોચન[૭] ગત-શોચન જગ દીસે,
તુજ લોચન-લીલા લહી સુખ નિત દીસે. (૪)

તું દોલત-દાયક જગ-નાયક જગ-બંધુ,
જિનવાણી સાચી તે તરિયા ભવ-સિંધુ;
તું મુનિ-મન-પંકજ-ભમર અમર-નર રાય,
ઉભા તુજ સેવેં બુધજન તુજ જશ ગાય. (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૭) (૪-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

[ ભોલુડારે હંસા - એ દેશી. ]

નયરી અયોધ્યારે માતા મંગલા, મેઘ પિતા જસ ધીર,
લંછન ક્રૌચ કરે પદ-સેવના, સોવન-વાન શરીર. (૧)
મુજ મન મોહ્યુંરે સુમતિ-જિણેસરે,ન રૂચે કો પર[૧]-દેવ;
ખિણ-ખિણ સમરૂંરે ગુણ પ્રભુજી તણા, એ મુજ
લાગી રે ટેવ—મુજ૦ (૨)
ત્રિણસેં ધનુ તનુ, આયુ ધરે પ્રભુ, પૂરવ લાખ ચ્યાલીશ,
એક-સહસસ્યું દીક્ષા આદરી,વિચરે શ્રી જગદીશ-મુજ૦ (૩)
સમેતશિખરગિરિ શિવ[૨]-પદવી લહી,
ત્રિણ લાખ વીશ હજાર,
મુનિવર પણ[૩] લખ પ્રભુની સંયતી[૪],
ત્રીશ સહસ વળી સાર-મુજ૦ (૪)
શાસનદેવી મહાકાળી ભલી, સેવે તુંબરૂ યક્ષ,
શ્રીનયવિજય બુધ સેવક ભણે, હોજો મુજ તુજ[૫] પક્ષ-
મુજ૦ (૫)

卐

## (૭૮) (૪-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

[ ઢાલ-ઝાંઝરીયાની ]

કોસંબી નયરી ભલીજી ધર રાજા જસ તાત,[૧]
માતા સુસીમા જેહનીજી, લંછન કમળ વિખ્યાત-
પદ્મપ્રભસ્યું લાગ્યો મુજ મન રંગ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીસ લાખ પૂરવ ધરેંજી, આઉખું નવ[2]-રવિ વન્ન,
ધનુષ અઢીસેં[3]ઉચ્ચતાજી, મોહે જગ-જન-મન્ન-પદ્મ૦ (૨)

એક સહસસ્યું વ્રત લિયેજી, સમેતશિખર શિવ-ઠામ,
ત્રણ લાખ ત્રીસ સહસ ભલાજી, પ્રભુના મુનિ ગુણધામ-પદ્મ૦ (૩)

શીળધારિણી સંયતીજી, ચ્યાર લાખ વીશ હજાર,
કુસુમ યક્ષ શ્યામા સુરીજી, પ્રભુ શાસન-હિતકાર-પદ્મ૦ (૪)

એ પ્રભુ કામિત[4]-સુરતરૂજી[5], ભવ-જળ-તરણ જિહાજ
કવિ જશવિજય કહે ઈહાંજી, સેવો એ જિનરાજ-પદ્મ૦ (૫)

卐

## (૭૯) (૪-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

[ નંદનકું ત્રિસલા હુલરાવે-એ દેશી ]

તાત પ્રતિષ્ઠ ને પૃથવી માતા, નયર વાણારસી જાયો રે,
સ્વસ્તિક લંછન કંચન વરણો, પરતક્ષ સુરતરૂ પાયો રે
શ્રી સુપાસ જિન સેવા કીજે. (૧)

એક-સહસસ્યું દિક્ષા લીધી, બે સય ધનુષ પ્રભુ કાયા રે,
વીશ લાખ પૂરવનું જીવિત, સમેતશિખર શિવ પાયા રે
શ્રી૦ (૨)

ત્રણ લાખ પ્રભુના મુનિ ગિરૂઆ[1],
ચ્યાર લાખ ત્રીસ હજાર રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ-મણિ[૨]-મંડિત શીલ અખંડિત.
સાધ્વીનો પરિવાર રે-શ્રી૦ (૩)
સુર માતંગ ને દેવી શાંતા, પ્રભુ શાસન અધિકારી રે,
એ પ્રભુની જેણે સેવા કીધી,
તેણે નિજ-દુરગતિ વારી રે—શ્રી૦ (૪)
મંગળ[૩]-કમળા-મંદિર સુંદર, મોહન-વલ્લી-કંદો રે;
શ્રી નયવિજય વિબુધ પદ સેવક,
કહે એ ચિર નંદો રે-શ્રી૦ (૫)

卐

## (૮૦) (૪-૮) શ્રી ચંદ્રપ્રભુ-જિન સ્તવન

[વાદલ દહદિશી ઉમહયો સખિ - એ દેશી.]

શ્રી ચંદ્રપ્રભ જિન-રાજીઓ, મુખ સોહે પુનિમ-ચંદ
લંછન જસ દીપે ચંદ્રનું, જગ-જન નયનાનંદ રે;
પ્રભુ ટાળે ભવ-ભવ ફંદ રે, કેવલ[૧]-કમળા અરવિંદ[૨] રે;
એ સાહિબ મેરે મન વસ્યો. (૧)
મહસેન પિતા માતા લક્ષમણા, પ્રભુ ચંદ્રપુરી શિણગાર,
લંછન ધનુ તનુ ઉચ્ચતા, શુચિ[૩]-વરણે શશી-અનુકાર રે
ઉતારે ભવજળ પાર રે, કરે જનને બહુ ઉપગાર રે;
દુઃખ-દાવાનળ-જળધાર રે. એ૦ (૨)
દશ લાખ પુરવ આઉખું, વ્રત એક સહસ પરિવાર
સમેતશિખર શિવપદ લહ્યું, ધ્યાયી શુભ ધ્યાન ઉદાર રે;
ટાળી પાતિક વિસ્તાર રે, હુઆ જગજનના આધાર રે;
મુનિજન[૪]-મનપિક[૫]-સહકાર રે—એ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ લાખ અઢી પ્રભુજીતણા, તેમ સંયમ ગુણહ નિધાન
ત્રિણ લાખ વર સાહુણી વળી, અસીઅ-સહસનું માનરે;
કહે કવિઅણ જસ ગુણગાનરે, જિણે જિત્યા ક્રોધ ને માનરે;
જેણે દીધું વરસીદાન રે, વરષા[૬]-જળધર અનુમાનરે—
એ૦ (૪)

સુર વિજય નામ ભ્રૂકૂટી સુરી, પ્રભુ-શાસન-રખવાળ
કવિ જશવિજય કહે સદા, એ પ્રણમો પ્રભુ ત્રિહું કાળરે;
જશ પદ પ્રણમે ભૂપાળરે,જસ અષ્ટમી શશિ સમ[૭] ભાલરે;
જે ટાળે ભવ-જંજાળરે—એ૦ (૫)

卐

## (૮૧) (૪-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

[ ભાવના માલતી ચુસીએ—એ દેશી ]

સુવિધિ જિનરાજ મુજ મન રમો[૧],સવિ ગમો ભવતણો[૨]તાપરે
પાપ પ્રભુ-ધ્યાનથી ઉપશમો, વીશમો ચિત્ત શુભ જાપ રે—
સુવિધિ૦ (૧)

રાય સુગ્રીવ-રામા સુતો, નયરી કાકંદી અવતાર રે,
મચ્છ[૩] લંછન ધરે આઉખું, લાખ દોઈ પૂર્વ નિરધાર રે
સુવિધિ૦ (૨)

એક શત ધનુષ તનુ ઉચ્ચતા; વ્રત લિએ સહસ પરિવાર રે,
સમેતશિખર શિવપદ લહે, સ્ફટીક સમ કાંતિ-વિસ્તાર રે—
સુવિધિ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ દોઈ સાધુ પ્રભુજી તણા, લાખ એક સહસ વળી વીશરે,
સાહુણી ચરણ[૪]ગુણ-ધારિણી, એહ પરિવાર જગદીશ રે—
સુવિધિ૦ (૪)

અજિત સુર વર સુતારા સુરી, નિત કરે પ્રભુ તણી સેવ રે;
શ્રીનયવિજય બુધ શીશને, ચરણ એ સ્વામી નિતમેવ રે
સુવિધિ૦ (૫)

卐

## (૮૨) (૪-૧૦) શ્રી શીતળાથ-જિન સ્તવન

[ કપૂર હોઈ અતિ ઉજલૂ રે—એ દેશી ]

શીતલ-જિન ભદ્દિલપુરીરે, દઢરથ-નંદા જાત[૧]
નેઉ-ધનુષ તનુ ઉચ્ચતાજી, સોવન-વાન વિખ્યાત રે
જિનજી! તુજસ્યું મુજ મન નેહ.
જેમ ચાતક ને મેહ રે —જિનજી૦!
તું છે ગુણ-મણિ ગેહરે—જિનજી! તુજસ્યું૦ (૧)

શ્રી વત્સ-લંછન સોહતોજી, આયુ પૂરવ લખ એક,
એક-સહસસ્યું વ્રત લીયેંજી, આણી હૃદય વિવેકરે.
—જિનજી! તુજસ્યું૦ (૨)

સમેતશિખર શુભ ધ્યાનથીજી, પામ્યા પરમાનંદ;
એક લાખ ખટ સાહુણીજી, એક લાખ મુનિવૃંદરે
-જિનજી! તુજસ્યું૦! (૩)

સાવધાન બ્રહ્મા સદાજી, શાસન-વિઘન હરેઈ
દેવી અશોકા પ્રભુ તણીજી, અહનિશિ ભગતિ કરેઈ રે
-જિનજી! તુજસ્યું૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમપુરુષ પુરુષોતમોજી, તું નરસિંહ નિરીહ
કવિઅણુ[2] તુજ જશ ગાવતાંજી, પવિત્ર કરે નિજ જીહ રે[3].
—જિનજી ! તુજશ્યું૦ (૫)

卐

## (૮૩) (૪-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

[નયરી અયોધ્યા જયવતી રે—એ દેશી]

સિંહપુરી નયરી ભલી રે, વિષ્ણુ નૃપતિ જસ તાત
માતા વિષ્ણુ મહાસતી રે, લીજે નામ પ્રભાતોરે-
જિન ગુણ ગાઈયે (૧)

શ્રી શ્રેયાંસ જિનેસરૂરે, કનક વરણ શુચિ[1] કાય
લાખ ચોરાશી વરષનું રે, પાળે પ્રભુ નિજ આયો રે
-જિન૦ (૨)

એક સહસસ્યું વ્રત લીયે રે, અસીય[2] ધનુષ તનુ માન
ખડગી[3] લંછન શિવ લહેરે, સમેતશિખર શુભ ધ્યાન રે
—જિન૦ (૩)

સહસ ચોરાશી મુનિવરા રે, ત્રણ સહસ લખ એક;
પ્રભુજીની વર સાહુણીરે, અદ્‌ભુત વિનય-વિવેક રે
—જિન૦ (૪)

સુર મનુજેશ્વર માનવી રે, સેવે પય[4]-અરવિંદ,
શ્રીનયવિજય-સુ-શીશને રે, એ પ્રભુ સુરતરૂ-કંદ રે
—જિન૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮૪) (૪-૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી–જિન સ્તવન

[ રૂષભનો વંશ રયણાયરૂ—એ દેશી ]

શ્રી વસુપૂજ્ય—નરેસરૂ, તાત જયા જસ માતા રે,
લંછન મહિષ[1] સોહામણો, વરણે પ્રભુ અતિ રાતા રે,
ગાઈયેં જિન ગુણ ગહગહી[2]૦ (૧)

શ્રી વાસુપૂજ્ય જિણેસરૂ, ચંપાપુરી અવતાર રે,
વરષ બોંતેર લખ આઉખું, સત્તરિ[3] ધનુ તનુ સાર રે
ગાઈયેં૦ (૨)

ખટ શત સાથે સંયમ લિયે, ચંપાપુરી શિવગામી રે,
સહસ બહોત્તેર પ્રભુ તણા, નમિયેં મુનિ શિરનામી રે
ગાઈયેં૦ (૩)

તપ–જપ–સંયમ–ગુણ–ભરી, સાહુણી લાખ વખાણી રે,
યક્ષ કુમાર સેવા કરે, ચંડા દેવી મેં જાણી રે.
ગાઈયેં૦ (૪)

જન–મન[4]–કામિત–સુરમણિ, ભવ–દેવ[5]–મેહ–સમાન રે,
કવિ જશવિજય કહે સદા, હૃદય–કમળ ધરો ધ્યાન રે,
ગાઈયેં૦ (૫)

卐

## (૮૫) (૪-૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

સજની ! વિમલ-જિનેસર પૂજીયે, લેઈ કેસર ઘોળાઘોળ,[1]
સજની ! ભગતિ–ભાવના ભાવિયે,
જિમ હોઈ ઘેર રંગરોળ[2] સજની ! વિમલ૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સજની ! કંપિલપુર કૃતવર્મનો,[૩] નંદન શ્યામા-જાત,
સજની ! અંક[૪] વરાહ[૫] વિરાજિતો, જેહના શુચિ[૬]-અવદાત[૭]
સજની ! વિમળ૦ (૨)

સજની ! સાઠ ધનુષ તનુ ઉચ્ચતા, વરષ સાઠ લાખ આય,
સજની ! એક સહસસ્યું વ્રત લિયે, કંચન-વરણી કાય,
સજની ! વિમલ૦ (૩)

સજની ! સમેતશિખર શિવપદ લહ્યું, મુની અડસઠ હજાર,
સજની ! એકલાખ પ્રભુ સાહુણી, વળી અઠ સત નિરધાર.
સજની ! વિમલ૦ (૪)

સજની ! ષણમુખ-વિદિતા પ્રભુ તણે, શાસન ધર અધિકાર,
સજની ! શ્રી નયવિજય વિબુધ તણા, સેવકને જયકાર,
સજની ! વિમલ૦ (૫)

卐

## (૮૬) (૪-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

[ ઈડર આંબા આંબલી રે - એ દેશી. ]

નયરી અયોધ્યા ઉપનારે, સિંહસેન કુલચંદ
સીંચાણો લંછન ભલોરે, સુયશા માતાનો[૧] નંદ.
ભવિક જન ! સેવો દેવ અનંત (૧)

વરષ ત્રીશ લાખ આઉખું રે, ઉંચા ધનુષ પંચાશ,
કનક-વરણુ[૨] તનુ સોહતો રે, પૂરે જગ-જન-આશ.
-ભવિક૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સહસશ્યું વ્રત ગ્રહીરે, સમેતશિખર નિરવાણ,[3]
છાસઠ સહસ મુનીશ્વરૂ રે, પ્રભુના શ્રુત-ગુણ જાણ
—ભવિક૦ (૩)

બાસઠ સહસ સુ-સાહુણી રે, પ્રભુજીનો પરિવાર,
શાસનદેવી અંકુશીરે, સુર પાતાલ ઉદાર—ભવિક૦ (૪)

જાણે નિજ મન દાસનું રે, તૂં જિન ! જગ હિતકાર,
બુધ જશ પ્રેમે વિનવે રે, દીજે મુજ દીદાર[4]. ભવિક૦ (૫)

卐

## (૮૭) (૪-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

રતનપુરી નયરી હુઓ રે લાલ,લંછન વજ્ર ઉદાર-મેરે પ્યારેરે,
ભાનુ નૃપતિ-કુળ-કેશરી રે લાલ, સુવ્રતા માત મલ્હાર,[1]
મેરે પ્યારે રે ધર્મજિનેસર ધ્યાઈયેં રે લાલ. (૧)

આયુ વરષ દશ લાખનું રે લાલ, ધનુ પણયાલ[2] પ્રસિદ્ધ-મેરે૦
કંચન વરણ વિરાજતો રે લાલ, સહસ સાથે વ્રત લીધ
—મેરે૦ (૨)

સિદ્ધિકામિની[3] કર ગ્રહે રે લાલ, સમેતશિખર અતિ રંગ
-મેરે૦

સહસ ચોસઠ સોહામણા રે લાલ, પ્રભુના સાધુ અ-ભંગ[4]
મેરે૦ (૩)

બાસઠ સહસ સુ-સાહુણી રે લાલ, વળી ઉપરિ
શત ચ્યાર-મેરે૦



Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

કંદર્પા શાસન-સુરી રે લાલ, કિન્નર સુર સુ-વિચાર
મેરે૦ (૪)

લટકાળે તુજ લોઅણે રે લાલ, મોહ્યા જગ-જન-ચિત્ત-મેરે૦
શ્રી નયવિજય વિબુધ તણો રે લાલ, સેવક સમરે નિત્ય.
મેરે૦ (૫)

卐

## (૮૮) (૪-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

[ ત્રિભુવન તારણ તીરથ - એ દેશી ]

ગજપુર[1] નયર વિભૂષણ દૂષણ ટાળતો રે કે-દૂષણ૦
વિશ્વસેન-નરનાહનો[2] કુળ અજુઆળતો રે કે-કુળ૦
અચિરા-નંદન વંદન કીજે નેહશ્યું[3] રે કે-કીજે૦
શાંતિનાથ મુખ પુનિમ-શશિ પરિ ઉલ્લશ્યું રે
કે-શશિ૦ (૧)

કંચન-વરણી કાયા માયા પરિહરે રે કે-માયા૦
લાખ વરષનું આઉખું મૃગ[4] લંછન ધરે રે કે-મૃગ૦
એક સહસશ્યું વ્રત ગ્રહે, પાતિક-વન[5] દહેરે રે કે-પાતિક૦
સમેતશિખર શુભ-ધ્યાનથી શિવ-પદવી લહેરે
કે-શિવ૦ (૨)

ચ્યાલીશ ધનુ તનુ રાજે ભાંજે ભય ઘણા રે કે-ભાંજે,
બાસઠ સહસ મુનીસર વિલસે પ્રભુ તણારે કે-વિલસે૦,
એકસઠ સહસ છસે વળી અધિકી સાહુણી રે કે-અધિકી૦
પ્રભુ-પરિવારની સંખ્યા એ સાચી મુણી રે કે-એ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગરૂડ યક્ષ નિરવાણી પ્રભુ સેવા કરે રે કે-પ્રભુ૦,
તે જન બહુ-સુખ પામશે જે પ્રભુ ચિત્ત ધરે રે કે-જે૦,
મદ-ઝરતા ગજ ગાજે તસ ઘરિ આંગણે રે કે-તસ૦
તસ જગ હિમકર-સમ[6] જશ[7] કવિઅણ ભણે રે
કે-જશ૦ (૪)
દેવ ગુણાકર![8] ચાકર હું છું તાહરો રે કે-હું૦,
નેહ-નજર-કરી મુજરો માનો માહરો રે કે-મુજરો૦
તિહુઅણ[9]-ભાસન શાસન ચિત કરૂણા-કરો રે કે-ચિત્ત૦,
કવિ જશવિજય પયંપે[10] મુજ ભવ-દુઃખ હરો રે
કે-મુજ૦ (૫)

卐

## (૮૯) (૪-૧૭) શ્રીકુંથુનાથ-જિન સ્તવન

[ ઢાલ-મરકલડાની ]

ગજપુર[1] નયરી સોહિયેંજી, સાહિબ! ગુણનીલો,
શ્રી કુંથુનાથ મુખ મોહિયેંજી સાહિબ! ગુણનીલો,
સૂર નૃપતિ કુલચંદલોજી સા૦
શ્રી-નંદન ભાવે વંદોજી સાહિબ૦ (૧)
અજ[2]-લંછન વંછિત પૂરેજી સા૦
પ્રભુ સમરિઓ સંકટ ચૂરેજી-સાહિબ૦
પાંત્રીશ ધનુષ તનુ માનેજી સા૦,
વ્રત એક સહસ અનુમાનેજી-સાહિબ૦ (૨)
આયુ વરષ સહસ પંચાણુજી સા૦,
તનુ સોવન વાન વખાણુંજી-સાહિબ૦

સમેતશિખર શિવ પાયાજી સા૦,
સાઠ સહસ મુનીશ્વર રાયાજી-સાહિબ૦ (૩)
ખટ શત વળી સાઠ હજારજી સા૦,
પ્રભુ સાધ્વીનો પરિવારજી-સાહિબ૦
ગંધર્વ-બળા અધિકારીજી સા૦,
પ્રભુશાસન-સાનિધકારીજી-સાહિબ૦ (૪)
સુખદાયક મુખને [૩]મટકેજી સા૦,
લાખેણે લોયણ લટકેજી[૪]-સાહિબ૦
બુધ શ્રી નયવિજય મુણિંદોજી સા૦,
સેવકને હિઓ આણંદોજી-સાહિબ૦ (૫)

卐

## (૯૦) (૪-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

[ સમરયા રે સાદદિઈ રે દેવ—એ દેશી ]

અરજિન ગજપુર[૧] વર શિણગાર, તાત સુદર્શન દેવી
મલ્હાર[૨]-સાહિબ સેવિયે,
મેરો મનકો પ્યારો સેવિયે
ત્રીશ ધનુષ પ્રભુ ઉંચી કાય, વરષ સહસ ચોરાશી આય[૩]
-સાહિબ. (૧)
નંદાવર્ત્ત વિરાજે અંક, ટાળે પ્રભુ ભવ-ભવના આતંક[૪]-સા૦
એક સહસસ્યું સંયમ લીધ, કનક વરણ તનુ જગત પ્રસિદ્ધ
-સાહિબ. (૨)
સમેતશિખર ગિરિ સ[૫]-બળ-ઉછાહ[૬], સિદ્ધિ-વધૂનો
કરે રે વિવાહ-સા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુના મુનિ પંચાસ હજાર, સાઠ સહસ સાધ્વી
પરિવાર–સાહિબ (૩)

યક્ષ ઇંદ્ર પ્રભુ સેવાકાર, ધારિણી શાસનની કરે સાર–સા૦
રવિ ઉગે[૭] નાસે જિમ ચોર, તિમ પ્રભુના ધ્યાને કરમ કઠોર
–સાહિબ૦ (૪)

તું સુરતરૂ ચિંતામણિ સાર! તું પ્રભુ! ભગતિ[૮]
મુગતિ દાતાર,–સા૦
બુધ જશવિજય કરે અરદાસ, દીઠે પરમાનંદ–વિલાસ
સાહિબ૦ (૫)

卐

## (૯૧) (૪–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

[ પ્રથમ ગોવાળા તણે ભવેજી—એ દેશી ]

મિથિલા નયરી અવતરયોજી, કુંભ નૃપતિ કુળ–ભાણ[૧]
રાણી પ્રભાવતી ઉદર ધરયોજી, પચવીશ ધનુષ પ્રમાણ,
ભવિકજન! વંદો મલ્લિજિણંદ,
જિમ હોવે પરમઆનંદ–ભવિક૦ (૧)

લંછન કલશ વિરાજતોજી, નીલ વરણ તનુ કાંતિ,
સંયમ લીયે શત ત્રણશ્યુંજી, ભાંજે ભવની ભ્રાંતિ[૨]
–ભવિક૦ (૨)

વરષ પંચાવન સહસનુંજી, પાળીએ પૂરણ આય,[૩]
સમેતશિખર શિવ પદ લહ્યુંજી, સુર–કિંનર ગુણ ગાય
–ભવિક૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ પંચાવન સાહુણીજી, મુનિ ચ્યાલીશ હજાર
વૈરોટયા સેવા કરેજી; યક્ષ કુબેર ઉદાર-ભવિક૦ (૪)
મૂરતિ મોહન-વેલડીજી, મોહે જગ-જન જાણ;
શ્રી નયવિજય સુ-શીશનેજી, દિયે પ્રભુ કોડિ-કલ્યાણ
-ભવિક૦ (૫)

卐

## (૯૨) (૪-૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી જીન-સ્તવન

[ ઢાલ રસિયાની—એ દેશી ]

પદ્માદેવી-નંદન ગુણનીલો[૧], રાય સુમિત્ર કુળચંદ-
કૃપાનિધિ;
નયરી રાજગૃહી પ્રભુજી અવતર્યો, પ્રણમે સુર-નર વૃંદ.
કૃપાનિધિ! મુનિસુવ્રત! જિન ભાવે વંદીએ! (૧)
કચ્છપ લંછન સાહિબ શામળો, વીશ ધનુષ તનુ માન-કૃપા૦
ત્રીશ સહસ સંવત્સર[૨] આઉખૂં, બહુ-ગુણ રયણ નિધાન
કૃપા-મુનિ૦ (૨)
એક સહસશ્યું પ્રભુજી વ્રત ગ્રહી, સમેતશિખર લહી સિદ્ધિ
સહસ પંચાસ વિરાજે સાહુણી, ત્રીશ સહસ મુનિ પ્રસિદ્ધિ
-કૃપા૦ મુનિ૦ (૩)
નરદત્તા પ્રભુ શાસન દેવતા, વરૂણ યક્ષ કરે સેવ-કૃપા૦
જે પ્રભુ-ભગતિ[૩]-રાતા તેહના, વિઘન હરે નિતમેવ
-કૃપા૦ મુનિ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવઠ-ભંજન૪જન-મનરંજનો, મૂરતિ મોહનગાર-કૃપા૦
કવિ જશવિજય પયંપે ભવ-ભવે, એ મુજ એક આધાર
કૃપા૦ મુનિ૦ (૫)

卐

## (૯૩) (૪-૨૧] શ્રી નમિનાથ-જિન સ્તવન

[ કાજ સીધાં સકળ હવે સાર એ—દેશી ]

મિથિલાપુર વિજય[૧] નરેન્દ્ર વપ્રા સુત નમિ-જિનચંદ
નીલુપ્પલ[૨] લંછન રાજે પ્રભુ સેવ્યો ભાવઠ[૩] ભાજે. (૧)
ધનુષ પન્નર ઉંચ શરીર, સોવન-વાન સાહસ ધીર,
એક સહસશ્યું લિયે નિરમાય,[૪] વ્રત[૫] વરષસહસ દશ આય. (૨)
સમેતશિખર આરોહી[૬], પુંહતા શિવપુર નિરમોહી,
મુનિ વીશ સહસ શુભ નાણી, પ્રભુના ઉત્તમ ગુણખાણી (૩)
વલી સાધ્વીનો પરિવાર, એકતાલીશ સહસ ઉદાર,
સુર ભ્રુકુટિ દેવી ગંધારી પ્રભુ શાસન-સાનિધકારી. (૪)
તુજ કીરતિ જગમાં વ્યાપી, તપ તપે પ્રબળ પ્રતાપી,
બુધ શ્રી નયવિજય સુ-શીશ, ઇમ દિયે નિતનિત આશીસ. (૫)

卐

## (૯૪) (૪-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

[ ઢાલ—ફાગની ]

સમુદ્રવિજય શિવાદેવી, નંદન નેમિકુમાર,
શૌરીયપુર દશ ધનુષનું, લંછન શંખ સફાર,[૧]
એક દિન રમતો આવિયો, અતુલબળી[૨] અરિહંત,
જિહાં હરી[૩] આયુધશાળા, પૂરે શંખ મહંત. (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરી ભય-ભરિ[૪] તિહાં આવે, પેખે નેમિજિણંદ,
સરિખેં શ્રમ-બળ પરખેં, તિહાં જીતે જિનચંદ,
આજ રાજ એ હરશ્યેં કરશ્યેં અપયશ ભૂરિ,
હરી-મન જાણી વાણી, તવ થઇ ગગને અદૂરિ[૫] (૨)

અણુ પરણ્યેં વ્રત લેશ્યેં, દેશ્યેં જગ સુખ એહ,
હરી મન બીહે ઇહે, પ્રભુશ્યું ધર્મ-સનેહ.
હરી શણગારી નારી, તવ જળ[૬]-મજ્જન જંતિ,
માન્યું માન્યું પરણવું, ઇમ સવિ નારી કહંતી. (૩)

ગુણમણિ-પેટી બેટી, ઉગ્રસેન નૃપ પાસ,
તવ હરી જાચેં માચેં, માથે પ્રેમ વિલાસ,
તુર[૭] દિવાજે[૮] ગાજે; છાજે ચામર કંતિ,
હવે પ્રભુ આવ્યા પરણવા, નવ-નવા ઉત્સવ હંતિ.[૯] (૪)

ગોખે ચઢી મુખ દેખે, રાજીમતી ભર પ્રેમ,
રાગ અમી-રસ વરષેં, હરખેં પેખી નેમ.
મન જાણે એ ટાણે, જો મુજ પરણે એહ,
સંભારે તો રંભા, સ-બળ અચંભા તેહ. (૫)

પશુઅ-પુકાર સુણી કરી, ઈણિ અવસરે જિનરાય,
તસ દુઃખ ટાળી વાળી, રથ વ્રત લેવા જાય.
તબ બાળા દુઃખ[૧૦]-ઝાળા, પરવશિ કરેં રે વિલાપ;
કહિયેં જો હવે હું છંડી, તો દેશ્યો વ્રત આપ. (૬)

સહસ-પુરૂષશ્યું સંયમ, લિયેં શામળ તનુ કંતિ,
જ્ઞાન લહી વ્રત આપે, રાજીમતી શુભ શંતિ,[૧૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરષ સહસ આઉખૂં, પાળી ગઢ ગિરનાર.
પરણ્યા પૂર્વ મહોત્સવ, ભવ છાંડી શિવનાર. (૭)
સહસ અઢાર મુનીસર, પ્રભુજીના ગુણવંત,
ચાલીશ સહસ સુ-સાહુણી પામી ભવનો અંત,
ત્રિભુવન-અંબા અંબા, દેવી સુર ગોમેધ,
પ્રભુ-સેવામાં નિરતા, કરતા પાપ-નિષેધ. (૮)
અમલ[12]-કમળ-દળ-લોચન, શોચન-રહિત નિરીહ,
સિંહ મદન-ગજ[13]ભેદવા, એ જિન અ-કલ[14]અ-બીહ,[15]
શૃંગારી ગુણધારી, બ્રહ્મચારી[16]-શિર-લીહ.
કવિ જશવિજય નિપુણ ગુણ, ગાવે તુજ નિશદીહ. (૯)

卐

## (૯૫) (૪-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

નયરી વાણારસી અવતર્યો હો અશ્વસેન કુળચંદ,
વામા-નંદન ગુણનીલો-હો, પાસજી શિવ-તરૂ કંદ
પરમેસર! ગુણ નિતુ ગાઇયેં હો. (૧)
ફણી[1]લંછન નવ કર તનુ જિનજી,(સ-જલ-ઘનાઘન[2])-વન્ન,
સંયમ લિયેં શત તીનશ્યું હો, સવિ કહે જયું ધન ધન્ન
પરમેસર. (૨)
વરષ એક શત આઉખું હો સિદ્ધી સમેતગિરીશ,
સોળ સહસ મુનિ પ્રભુ તણા હો, સાહૂણી સહસ અડતીશ
પરમેસર. (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરણુરાજ પદ્માવતી હો, પ્રભુ-શાસન-રખવાળ,
રોગ-શોગ-સંકટ ટળે હો, નામ જપત જપમાળ-પરમે. (૪)
પાસ! આશ પૂરણ અબ મેરી, અરજ એક અવધાર,
શ્રીનયવિજય વિબુધ પદ સેવી, જશ કહે ભવજલ તાર
પરમેસર. (૫)

卐

## (૯૬) (૪-૨૪) શ્રી મહાવીર-જિન સ્તવન

[ ધન્યાશ્રી ]

આજ જિનરાજ મુજ કાજ સીધાં સવે,
તું કૃપાકુંભ જો મુજ તુઠો,
કલ્પતરૂ કામઘટ કામધેનુ મિલ્યો,
અંગણે અમિય-રસ[1] મેહ વૂઠો-- આજ. (૧)
વીર તું કુંડપુર-નયર[2] ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ ત્રિસલા તનુજો[3],
સિંહ લંછન કનક વર્ણ કર-સપ્ત-તનુ[4],
તુજ સમો જગતમાં કો ન દૂજો- આજ. (૨)
સિંહપરે એકલો ધીર સંયમ ગ્રહે,
આયુ બોહોત્તર વરષ પૂર્ણ પાળી;
પુરી અપાપાયે[5] નિઃપાપ શિવવહુ વર્યો,
તિહાંથકી પર્વ પ્રગટી દીવાળી— આજ. (૩)
સહસ તુજ ચઉદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી,
સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે- આજ. (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ વચન-રાગ[૬]-સુખ-સાગરે ઝીલતો,
પીલતો મોહ-મિથ્યાત-વેલી;
આવીઓ ભાવિઓ ધરમ-પથ હું હવે,
દીજીયે પરમ-પદ હોઈ બેલી[૭]— આજ. (૫)

સિંહ નિશિ-દીહ જો હૃદય-ગિરિ મુજ રમે,
તું સુગુણ[૮]-લીહ અ-વિચલ નિરીહો,
તો કુમત-રંગ[૯]-માતંગના યૂથથી
મુજ નહીં કોઈ લવ-લેશ[૧૦]બીહો[૧૧]— આજ. (૬)

શરણ તુજ ચરણ[૧૨] મેં ચરણ[૧૩]-ગુણનિધિ ગ્રહ્યા,
ભવ[૧૪]-તરણ-કરણ-દમ[૧૫] શરમ દાખો;
હાથ જોડી કહે જશવિજય બુધ ઈશ્યું,
દેવ ! નિજ ભુવનમાં દાસ રાખો— આજ. (૭)

卐 卐 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. મહોપાધ્યાય શ્રી જશવિજયજી મ. કૃત
## ૧૪ બોલની ચોવિશી (તૃતીય)
### કઠીન શબ્દોના અર્થ
### ટિપ્પણી

સ્તવન ૪-૧

૧. અયોધ્યાનગરી ૨. સુવર્ણ વર્ણ=રંગ ૩. દીક્ષા ૪. પાપ ૫. મોક્ષસુખ

સ્તવન ૪-૨

૧. પુત્ર ૨. સાડાચારસો ૩. શરીરનો રંગ ૪. સાધ્વી

સ્તવન ૪-૩

૧. કંચનવર્ણ ૨. શરીર ૩. સાધ્વી ૪. મોક્ષપદ

સ્તવન ૪-૪

૧. પુત્ર ૨. સંસારની જાળ ૩. કામદેવ ૪. રોગ ૫. હંફાવનાર ૬. જગતમાં સૂર્ય સમાન ૭. શોકવિનાના

સ્તવન ૪-૫

૧. બીજા દેવ ૨. મોક્ષ-પદવી ૩. પાંચ ૪. સાધ્વી ૫. તમારી આજ્ઞા

સ્તવન ૪-૬

૧. પિતા ૨. નવા = ઉગતા સૂર્યના જેવો વર્ણ ૩. ઉંચાઈ, શરીરની ૪. ઇચ્છિતપણું ૫. કલ્પવૃક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૪–૭

૧. સારા ૨. ગુણરૂપ મણિથી શોભતા ૩. મંગળ-રૂપ લક્ષ્મીના ઘર

સ્તવન ૪–૮

૧. કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી ૨. કમળ ૩. પવિત્ર વર્ણથી ૪. મુનિઓના મનરૂપ કોયલ માટે આંબા જેવા ૬. મેઘની વૃષ્ટિ જેમ

સ્તવન ૪–૯

૧. સતતપણે રહો ૨. સંસારનો સંતાપ દૂર કરો ૩. મગરમચ્છ ૪. ચારિત્ર ગુણવાળી

સ્તવન ૪–૧૦

૧. પુત્ર ૨. કવિઓ ૩. જીભ

સ્તવન ૪–૧૧

૧. પવિત્ર ૨. એંશી ૩. ગેંડો ૪. ચરણ–કમળ

સ્તવન ૪–૧૨

૧. પાડો ૨. ઉમંગથી ૩. સીત્તોર ૪. લોકોના મનોરથ પુરવા ચિંતામણિ જેવા ૫. સંસારરૂપ દાવાનળ માટે મેઘ જેવા

સ્તવન ૪–૧૩

૧. ખૂબ ઘસેલું ૨. મોટો ઉત્સવ ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. લંછન ૫. ભૂંડ ૬. પવિત્ર ૭. વંશ

સ્તવન ૪–૧૪

૧. માતાનો પુત્ર ૨. સોનાના વર્ણવાળું ૩. મોક્ષ ૪. પ્રત્યક્ષ દર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૪-૧૫

૧. પુત્ર ૨. પિસ્તાલીશ ૩. મોક્ષરૂપ સ્ત્રીનો હાથ ગ્રહણ કર્યો = મોક્ષપદને પામ્યા ૪. ઉત્તમ

સ્તવન ૪-૧૬

૧. હસ્તિનાપુર ૨. રાજાનો ૩. પ્રેમભર્યું ૪. હરણ ૫. પાપનું વન ૬. ચંદ્રના જેવો ૭. કીર્તિ ૮. ગુણોના ખજાના રૂપ ૯. ત્રણ ભુવનના પ્રકાશક ૧૦. કહે

સ્તવન ૪-૧૭

૧. હસ્તિનાપુર ૨. બકરો ૩. ચળકાટથી ૪.

સ્તવન ૪-૧૮

૧. હસ્તિનાપુર ૨. પુત્ર ૩. આયુ ૪. રોગ ૫. ઘણા ૬. ઉત્સાહથી ૭. ઉગ્યાથી ૮. ભક્તિથી

સ્તનન ૪-૧૯

૧. કુળમાં સૂર્ય સમાન ૨. ભ્રમણા = ભટકવું. ૩. આયુ

સ્તતન ૪-૨૦

૧. ગુણથી ભરેલ ૨. વર્ષ ૩. પ્રભુ ભક્તિમાં લીન ૪. ભવભવમાં ભટકવાનું અટકાવનાર

સ્તવન ૪-૨૧

૧. રાજા ૨. નીલકમળ ૩. ભટકવાનું ૪. માયા-રહિત ૫. દીક્ષા ૬. પહોંચ્યા

સ્તવન ૪-૨૨

૧. શ્રેષ્ઠ ૨. અત્યંત બળવાળા ૩. વાસુદેવ = શ્રી કૃષ્ણ ૪. ભયથી ભરેલા ૫. નજીક ૬. જળક્રીડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. વાજાં ૮. શોભતા ૯. થઈ રહ્યા છે ૧૦. દુઃખની જ્વાળા ૧૧. શાંતિદાયક ૧૨. નિર્મળ કમળની પાંખેડી જેવી આંખોવાળા ૧૩. કામરૂપ હાથી ૧૪. ન કળી શકાય તેવા ૧૫. ન ડરે તેવા ૧૬. બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ

**સ્તવન ૪–૨૩**

૧. નાગ ૨. પાણીવાળા = અષાઢી વાદળાની સઘન ઘટાના વર્ણ જેવી કાંતિવાળા

**સ્તવન ૪–૨૪**

૧. અમૃતરસ ૨. ક્ષત્રિયકુંડ ૩. પુત્ર ૪. સાત-હાથની કાયવાળા ૫. પાવાપુરીમાં ૬. આજ્ઞા ઉપરનો પ્રેમ ૭. આધાર ૮. સારા ગુણવાળા–શ્રેષ્ઠ ૯. અન્યમતોના ઉદ્ધત હાથીઓના ૧૦. જરાપણ ૧૧. ભય ૧૨. પગને ૧૩. ચારિત્રગુણના ભંડારરૂપ ૧૪. સંસારથી તારનાર ૧૫. ઇન્દ્રિયોને દમનાર

卐 卐 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# શ્રી ભાણુવિજયજી

કૃત

# સ્તવન–ચોવિશી

# [૫]

## (૯૭) (૫–૧) શ્રીઋષભદેવ–જિન સ્તવન

મોરાસ્વામી હો ! શ્રી પ્રથમ જિણંદ કે, ઋષભજિનેશ્વર,
સાંભળો;
મુજ મનની હો જે હું કહું વાત કે, છોડી મનનો આંમળો[1]
મોરા૦ (૧)

ગુણ-ગિરૂઆ હો અવસર લહી આજ કે, તુજ ચરણે
આવ્યો વહી,
સેવકને હો કરૂણાની લહેર કે, જુઓ જો મનમાં ઉમહી[2]
મોરા૦ (૨)

તો હાવે હો અંગો-અંગ આલ્હાદકે, ન કહી જાએ
તે વાતડી,
દયાસિંધુ[3] ! હો સેવકને સાથકે, અવિહડ[4] રાખો પ્રીતડી
મોરા૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે અંતર[૫] હો નવિ ધરવો ચિત્ત કે, નિજ સેવક
કરી લેખવો.[૬]
સેવા ચરણની હો દેજ્યો વળી મુજ[૭] કે, નેહભર નજરે
પેખજ્યો—મોરા૦ (૪)
ઘણું તુમને હો શું કહું ? ભગવાન કે, દુઃખ-દોહગ[૮]
સહુ ચૂરજ્યો,
પ્રેમ-બુધનો હો ભાણુવિજયના સ્વામી કે, મનવંછિત
તુમે પૂરજ્યો—મોરા૦ (૫)

卐

## (૯૮) (૫-૨) શ્રીઅજિતનાથ-જિન સ્તવન

[દેશી-કંસારાની]

અજિતજિન[૧]! ઓળગ માહરી,
એ તો સુંદર સુરતિ[૨] તાહરી,
હું તો જોવાને ઘણું ઉમહયો[૩], પૂરવ પૂણ્યે તુજને મેં
લહયો—અજિત૦ (૧)
મ્હારી ભાગ્યદશા જાગી હવે, હવે માહારૂં ભાગ્ય[૪] મળે!
ગંગાજળ નાહયો હું સહી, મુજ સમ પુણ્યવંત
બીજો કો નહીં-અજિત૦ (૨)
મુખ માંગ્યા પાસા મુજ ઢળ્યા,
ઈચ્છંતા સજ્જન આવી મળ્યા,
એ તો સુરતરૂ ફળીઓ આંગણે, દૂધે મેહ વુઠા મુજ બારણે
-અજિત૦ (૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે સહુ થકી અધિકો હું થયો, જબ મેં તુમ સમ
ઠાકુર લહયો,
સેવકને નિરવહજ્યો[5] તુમ્હે, એટલી વિનતી કરૂં છું
અમ્હે-અજિત૦ (૪)
સકલ સૂરીશ્વરમાં શોભતા, શ્રીવિજયપ્રભુસૂરી દીપતા,
પંડિતોત્તમ પ્રેમવિજય તણો, તુમ દરિસણે ભાણને
સુખ ઘણો- અજિત (૫)

卐

## (૯૯) (૫-૩) શ્રીસંભવનાથ-જિન સ્તવન

[ આસણરા યોગી-એ દેશી ]

ત્રીજા સંભવજિનની સુખદાયી, પૂરવ પુણ્યે સેવા પાયી રે
—સાહિબ સોભાગી.
ક્ષણ[1] ઉત્તમને પરસંગે, લહતાં સુખ હોએ અંગે રે-
સાહિબ૦ (૧)
તો તુમ્હ જેવાની જે સેવા, તેહનું શું કહેવું દેવા!
રે, સાહિબ૦
ત્રિભુવનતારક! તુજને મેં દીઠો, અમૃતથી લાગ્યો
મીઠો રે-સાહિબ૦ (૨)
તુમ ચરણે મુજ મનડું બાંધ્યું, વળી ભક્તિગુણે[2] કરી
સાંધ્યું રે—સાહિબ૦
હરિ-હર દીસ્યું ચિત્ત ન રાખું, એક તુમ્હ સેવામૃત
ચાખું રે-સાહિબ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેજ[૩]ધરીને સેવક સાહમું,જુઓ એ બગશીસ[૪]પામું રે, સા૦
ઓળગડી[૫] એ સાહિબ ! મ્હારી, ચિત્ત ધરજ્યો જગ-હિત
કારી રે-સાહિબ૦ (૪)
ઘણું ઘણું તુમને શું કહીએ ! સેવકને સંગે[૬] વહીએ[૭] રે, સા૦
પંડિત પ્રેમવિજય સુપસાયા, ભાણવિજય નમે તુમ્હ પાયા રે
-સાહિબ૦ (૫)

卐

## (૧૦૦) (૫-૪) શ્રી અભિનંદન-જીન સ્તવન

[ સાહિબા મ્હારા ! મોહીરે મટકતી ચાલરે જાવા નહીં
નહીં દીઉં રે-એ દેશી.]

સાહિબા મ્હારા ! અભિનંદન જિનરાયરે, સાહિબ
સાંભળો રે.

સાહિબા મારા ! સુરસેવિત તુમ પાય રે -સાહિબ૦
સાહિબા મારા ! સેવક મનડાની વાત રે -સાહિબ૦
સાહિબા મારા ! કહું તે સુણો અવદાત[૧] રે-સાહિબ (૧)
સાહિબા મારા ! મોટા જનશું જે પ્રીતિ રે -સાહિબ૦
સાહિબા મારા ! કરવી તે ખોટી રીત રે -સાહિબ૦
સાહિબા મારા ! અમ મનમાં તું એક રે -સાહિબ૦
સાહિબા મારા ! અમ સમ તુમને અનેક રે -સા૦ (૨)
સાહિબા મારા ! નિરાગીશું નેહ રે -સાહિબ૦
સાહિબા મારા ! છટકી દેવે છેહ[૨] રે -સાહિબ૦
સાહિબા મારા ! શી ધરવી પ્રીત તે સાથ રે-સાહિબ૦
સાહિબા મારા ! તે નિફળ ગગને બાથ રે-સાહિબ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિબા મારા ! પણ મોટાની જે સેવ રે, –સાહિબ૦
સાહિબા મારા ! નિફ્ળ ન હોવે કદૈવ રે, –સાહિબ૦
સાહિબા મારા ! મુજ ઉપર ભગવાન રે, –સાહિબ૦
સાહિબા મારા ! તુમ્હે હોજ્યો મહિરબાન રે–સાહિબ૦ (૪)
સાહિબા મારા ! તપગચ્છમાં શિરતાજ રે, સાહિબ૦
સાહિબા મારા ! **શ્રી વિજય પ્રભસૂરી** રાજ રે,–સાહિબ૦
સાહિબા મારા ! પ્રેમવિબુધ પસાય રે, સાહિબ૦
સાહિબા મારા ! **ભાણુ** નમે તુમ પાય રે–સાહિબ૦ (૫)

卐

## (૧૦૧) (૫–૫) શ્રી સુમતિનાથ–જીન સ્તવન

**[ માહરૂં મન પાત્યું રે માધવ દેખતાં રે –દેશી,]**

ધન ધન દિવસ આજનો માહરો રે, ધન ધન વળી ઘડી એહ !
ધન ધન સમય વળી જે તાહરૂં રે, દરિશણ દિઠું નયણેહ–
મારું મન માન્યું રે સુમતિજિણંદશું રે. (૧)
સુંદર મૂરતિ દીઠી મેં તાહરી રે, કેતલે દિવસે આજ
નયન પાવન થયાં પ્રભુજી માહરા રે, પાપ–તિમિર[1] ગયાં ભાજ.
––મારૂં (૨)
ખાસો[2] ખિજ મતગાર[3] તે જાણીને રે, કરૂણા ધરો મનમાંહી,
સેવક ઉપર હિત[4] બુધ આણીને રે, ધરી વળી હૃદય ઉમાહી[5]
—મારૂં૦ (૩)
નિર્મલ સેવામૃત મુજ આપીએ રે, જિમ બૂઝે ભવનારે તાપ,
હવે દરિશણનો વિરહ તે મત કરો રે, વળી મેટજ્યો મનનો
સંતાપ—મારૂં૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણું ઘણું શું કહીએ તુમને રે, છો તુમે ચતુર સુજાણ;
મુજ મનવંછિત પૂરજ્યો ઈમ ભણે રે, પંડિત પ્રેમનો ભાણ
—મારૂં૦ (૫)

卐

## (૧૦૨) (૫–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

[ લાછલદે માત મલ્હાર–એ દેશી. ]

શ્રી પદ્મપ્રભ સ્વામ, અરજ સુણો અભિરામ,[૧]
આજ હો ! શિરનામીરે બહુવિધ પરે વિનવુંજી. (૧)
તુમ્હે છો જગદાધાર, મુજ સેવકને તાર,
આજહો ! ધારો રે મુજ સ્વામીજી નિજ ચિત્તમાંજી. (૨)
ભગતવછલ ભગવાન, મુજપે હજ્યો મહિરબાન[૨],
આજ હો ! મુજ ઉપરે રે બિમણી[૩] સ્નેહલતા ધરીજી. (૩)
તુજ સમ માહરે સ્વામી, હવે ન રહી કાંઈ ખામી;
આજહો ! કામિત[૪]રે માહરાં હવે પૂરણ થાયશેજી. (૪)
પ્રેમવીબુધ સુપસાય, ભાણ નમે તુમ પાય,
આજહો ! દેજ્યોરે ભવ–ભવ તુમ પદસેવનાજી. (૫)

卐

## (૧૦૩) (૫–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

[ થારા મારા કરછલા–એ દેશી ]

પાસે સુપાસજી ! રાખીએ, સેવક ચિત્તમાં આણી; સલૂણા.
જિમહું અંતર[૧] ચિત્તની, વાત કહું ગુણખાણી સલૂણા
પાસે૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરૂણાવિલાસી તુમ્હે અછો, કરૂણાગાર કૃપાલ; સલૂણા,
કરૂણાસરસ સરોવરે, પ્રભુજી તું છે મરાલ[૨] સલુણા-પાસે. (૨)
અપરાધી જો સેવક ઘણું, તો પણ નવિ છંડાય-સલૂણા,
જિમ વિદ્યુત અગ્નિ સમી, નવિ છંડે મેઘરાય-સલૂણા-પાસે. (૩)
તે માટે છોડતાં થકાં, શોભશો કિમ મહારાય ! સલૂણા,
બાંહ્ય ગ્રહ્યાની લાજ છે,
ઘણું શું તુમને કહાય-સલૂણા-પાસે. (૪)
તું છંડે પણ નવી છંડું, હું તુજને મહારાય-સલૂણા,
તુમ ચરણે ભાણ આવીઓ પ્રેમવિબુધ સુપસાય-સલૂણા-
પાસે. (૫)

卐

## (૧૦૪) (૫-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

### [ ઝાંઝરીયાની-દેશી ]

શ્રી ચંદ્રપ્રભ માહરાજી, તુમ્હે છો દીનદયાળ,
મહેર ધર ! મુજ ઉપરેજી, વિનતિ માનો કૃપાળ-સસનેહા
પ્રભુશું લાગ્યો અવિહડ નેહ
જિમ ચાતક મનમેહા-સસનેહા૦ (૧)
સજ્જનશું જે નેહલોજી, કરતાં બમણો રંગ,
દુર્જન જનશું પ્રીતડીજી, ક્ષણક્ષણમાં મન[૨]-ભંગ -સસનેહા૦
ઉત્તમજનશું રૂસણાંજી, તેહ પણ ભલાં નિરધાર,
મૂરખ-જનશું ગોઠડીજી, કરતાં રસ ન લગાર-સસનેહા૦ (૩)
મનમાં ઈમ જાણી કરીજી, આવ્યો તુમારે પાસ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરવહિએ હવે મુજનેજી, જિમ પ્હોંચે મનની આશ—
સસનેહા૦ (૪)
બહુલપણે[2] શું દાખીયેજી, તુમે છો બુદ્ધિનિધાન,
પ્રેમ-વિબુધના ભાણશુંજી, રાખો પ્રીત પ્રધાન-સસનેહા૦(૫)

卐

## (૧૦૫) (૫-૯) શ્રી સુવિધિનાથ—જીન સ્તવન

[અબકે ચોમાસો માંકા પૂજયજી થે રહોને—એ દેશી]

સુવિધ જિણંદ મ્હાંને દરીસણ દ્યોને,
દિલભર દિલથી મ્હારે સ્હામું થે જુઓને,
હસી થારા ચિત્તની વાત મ્હાંને થેં કહોને,
પ્રીતનીરે રીતમાં રયું[1] રયું....થેં વહોને—સુવિધિ૦ (૧)
અંતર ચિત્તની વારતારે, પ્રભુ! કહું તે ચિત્ત ધરોને,
પ્રીત-પ્રતીત[2] જિમ ઉપજે રે, તિમ અવિહડ પ્રીત કરોને
—સુવિધિ૦ (૨)
સુંદર તુમ મુખ મહકડેરે; પ્રભુ! લોભાવ્યા તેં અમને,
મુજ મન મળવા અતિ ઘણું રે, ચાહે ક્ષણમાંહે તુમને
—સુવિધિ૦ (૩)
લલચાવશો દિન કેટલા રે? ઇમ મુજને દિલાસા દેઇને,
હા-ના મુખથી ભાખીએ રે, બેસી શું રહ્યા? મૌન લેઈને
—સુવિધિ૦ (૪)
હસિત વદને બોલાવીને રે, આજ મુજને રાજી કરોને,
વંછીત દેઈ અમને, તુમ્હે જગમાં સુજશ વરોને
—સુવિધિ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોગ સોગ દુઃખ દોહગ, પાપ તાપ સંતાપ હરીને,
પંડિત પ્રેમના ભાણનેરે, તુમ્હે પ્રસન્ન હજયો હેજ ધરીને
—સુવિધિ० (૬)

卐

## (૧૦૬) (૫-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

[ માયા મોહ ન કીજે - એ દેશી. ]

એ તો શ્રી શીતલ-જિન મેરા,
મેં તો ચરણ[1] ગ્રહ્યા પ્રભુ તેરા;
અબ દૂર કરો ભવ ફેરા હો લાલ-
પ્રભુ માહરે મન માન્યા. (૧)
એ તો શીતલ મુદ્રા એહની,
વળી શીતલ વાણી જેહની,
એહ સમ સુરતિ નહી કેહની—હો લાલ—પ્રભુ० (૨)
તુમ વાણી ઘણી ઘણી મિષ્ટ, સાકર-દ્રાખથી એ વિશિષ્ઠ,
એ તો લાગે છે મુજ ઈષ્ટ, --હો લાલ—પ્રભુ० (૩)
તુમ શીતલ નામ પ્રધાન, મુજ તન --મન કરી એકતાન;
તુમ નામે કરું કુરબાન[2]-હો લાલ—પ્રભુ० (૪)
નિજ ચરણની સેવા દેજયો,
નિજ બાલક પરે મુને ગણજયો,
બાંહ ગ્રહીને તુમ્હે નિરવહજયો[3]—હો લાલ—પ્રભુ० (૫)
એ તો પ્રેમવિબુધ સુપસાય, ભાણવિજય નમે તુમ પાય.
તુમ દરિસણે આનંદ થાય-હો લાલ-પ્રભુ० (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦૭) (૫–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

[ ઘણું પ્યારો પ્યારો પ્રાણુથી તું પ્રભુજી— એ દેશી.]

શ્રીશ્રેયાંસજી (૨) વિનતિ અમતણીજી,
માનો તુમે (૨) પ્રાણ આધાર હો
અમ મનની (૨) વાત એ છે ઘણીજી,
એક[1]-વચને શ્યે[2] (૨) દાખું પ્રકાર[3] હો.—શ્રી શ્રેયાંસજી૦(૧)
મોટાને (૨) થોડું જ દાખીએજી,
થોડા માંહિ (૨) ઘણો રે સવાદ હો
મુજ મનમાં (૨) ચિંતા એ મોટકીજી,
ઉપજંતે (૨) હૃદય આલ્હાદ હો —શ્રી શ્રેયાંસજી૦ (૨)
હવે જાણ્યું (૨) ચિત્તમાં વિચારતાંજી,
સ્વામી છો તુમ્હે (૨) મનના જાણ હો
તેહ માટે (૨) થોડે વીનવુંજી,
ઘણું તુમ્હને (૨) કેહવું અપ્રમાણ હો —શ્રી શ્રેયાંસજી૦ ૩)
સેવકને (૨) કૃપા કરી દીજીએ જી
અતિ અદ્ભુત (૨) વંછિત દાન હો
તુમ્હ પાસે (૨) અપાર અનંત છે જી,
અંશ તે દ્યો (૨) ભગવાન હો—શ્રી શ્રેયાંસજી૦ (૪)
ઓળગ[4] એ (૨) ચિત્તમાં ધારજ્યોજી,
મુજપેં તુમ્હે (૨) હજ્યો મહિરબાન હો,
પંડિતોત્તમ (૨) પ્રેમવિજય તણોજી,
ભાણવિજય તે (૨) ધરે તુમ ધ્યાન હો—શ્રી શ્રેયાંસજી૦ (૫)

卐

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

# (૧૦૮) (૫-૧૨) શ્રીવાસુપૂજ્ય-જિન સ્તવન

[ મોતીડાની - દેશી ]

**શ્રી વાસુપૂજ્યજી સાહિબ માહરા,**
પ્રભુ લાગો છો તુમ્હે પ્રેમ પીયારા;
સાહિબા ! જિનરાયા હમારા, મોહના ! જિનરાયા૦
તમ-મન ચિત્ત વલુંધ્યું[૧] તુમ્હ શું, હવે અંતર[૨] રાખો
કહો કિમ અમશું સાહિબા૦ (૧)
દાસની આશા પૂરીયે પ્યારા, જો નામ ધરાવો છો
જગદાધારા—સાહિબા૦
અકળ[૩]-લીલા તુમ પાસે જે સ્વામી, હિત આણી દીજિયે
અંતરજામી—સાહિબા૦ (૨)
એતલી વિમાસણ શી છે તુજને ?, એ તો વંછિત
દેતાં સ્વામી મુજને,—સાહિબા૦
ખોટ ખજાને નહિ પડે તાહરે, પણ અખય ખજાનો
હોશે માહરે—સાહિબા૦ (૩)
ભલો-ભુંડો પણ પોતાનો જાણી, વળી કરૂણાની લહેર તે
મનમાં આણી—સાહિબા૦
અમને મનોગત[૪]-વંછિત દેજયો, પ્રભુ હેત ધરીને
સાહમું જોજયો,—સાહિબા૦ (૪)
વારંવાર કહું શું તમને, સેવા-ફળ દેજયો સ્વામી અમને
—સાહિબા૦
પ્રેમવિબુધના ભાણની પ્રભુજી, તુમ નામે દોલત[૫]
ચઢતી વિભુજી—સાહિબ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧૦૯) (૫–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

[ વીંછીઆની–દેશી ]

હાંરે લાલા ! વિમળ જિનેશ્વર સેવીએ,
એ તો વિમળ અછે તસ નામ રે–લાલા,
વિમળવાણી ગુણ જેહના, જસવિમળઅછે પરિણામ રે
લાલા–વિમલ. (૧)

એ તો વિમળ[૧] કમળ–દળ પાંખડી, સમ નયન યુગલ છે
ભાસ—રે લાલા.
મુખ—પંકજ ઘણું વિમળ છે, વળી વિમળ છે મુદ્રા જાસ રે
લાલા—વિમલ. (૨)

દર્શન–ચારિત્ર વિમળ છે, એ તો વિમળ છે કેવળ જ્ઞાનરે
—લાલા.
સ્તુતિ સ્તવના જસ વિમળ છે, વળી વિમળ છે શુકલ ધ્યાનરે
—લાલા. વિમલ૦ (૩)

સત્તર ભેદે સંજમ કહ્યો,તેહ જ પણ વિમળ છે તાસ રે–લાલા.
યશકીર્તિ ઘણું વિમળ છે,ગુણ વિમળ જે ગુણનો આવાસ રે
—લાલા. વિમલ૦ (૪)

પ્રેમવિબુધ સુપસાયથી, ભાણવિજયને જય જયકાર રે–લાલા
નિતનિત ચરણકમલ પ્રતે, પ્રણમે એ પ્રભુના ઉદાર રે.
—લાલા. વિમલ૦ (૫)

卐

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

# (૧૧૦) (૫-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

[ માલિ કેરે બાગમેં—એ દેશી ]

સુંદર મુરતિ તુમ તણી, પ્યારી લાગે જિણંદાલો;
અહો પ્યારી૦
ક્ષણ એક સંગ ન પરિહરૂં, તુમ દીઠા આણંદા લો.
—અહો તુમ૦
અહો ! પ્રભુ મોહન મારા લો. (૧)

કૌમુદચંદ્ર[1] સમાન છે, પ્રભુજી તુમ્હ મુખડું લો
-અહો ! પ્રભુજી૦
લગન[2] જાગી જોવા તણી, એહમાં નહીં કૂડું[3] લો
-અહો ! એહમાં૦ (૨)

વિકસિત પદ્મ સમાન છે. સાહિબ, તુમ નયણાં લો
—અહો ! સાહિબ
સાકર દ્રાખથકી ઘણું, મીઠો તુમ વચણાં લો-અહો ! મીઠાં૦(૩)

આણંદ પામ્યો દેખીને, અનંતજિન તુમને રે લો;
—અહો ! અનંત૦
હૃદયે ઉલટ[4] આણીને, વંછિત દેજો અમનેરે લો—
—અહો ! વંછિત૦ (૪)

**શ્રીવિજયપ્રભસૂરી** ગચ્છધણી, તપગચ્છમાં દિણંદા લો;
—અહો ! તપ૦
પંડિત પ્રેમના ભાણુને, તુમ નામે આણંદા લો.
—અહો ! તુમ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૧) (૫–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

[ છાંજી છાંજી છાંજી બંદા છાંજી—એ દેશી ]

લ્યોને લ્યોને લ્યોને મુજરો લ્યોને,
ધર્મ જીણેશ્વર! પ્યારા મુજરો લ્યોને;
જીવન પ્રાણ આધારા—મુજરો૦ (૧)

તુજ ગુણ[1]-રંગે અમે પ્રભુ રાચ્યા, રાચ્યા નામ સુણીને;
અમે દરિસણના અરથી તુમ કને,
આવ્યા દાયક જાણીને—મુજરો૦ (૨)

અજર[2] ન કીજે ઘડી એકની હવે,
દીજે દરિસણ અમને;
દરિસણ દેઈ પરસન કીજે,
એ શોભા છે તુમને—મુજરો૦ (૨)

મુજ ઘટ પ્રગટયો આણંદ[3] અતિહુ,
નવલી[4] મૂરત[5] પેખી;
વિકસિત-કમલ પરે મુજ હિયડું,
થાએ છે તુમ મુખ દેખી—મુજરો૦ (૩)

મુજ ભક્તિએ તુમ આકર્ષ્યા, આવ્યા છો મુજ[6] ઘટમાં;
ન્યૂનતા ન રહી હવે કશી મ્હારે,
મુજ સમ કો નહીં જગમાં—મુજરો૦ (૪)

સુવ્રતાનંદન સુર-નર-સેવિત, પૂરણ પુણ્યે પાયો;
પંડિત પ્રેમવિજય સુપસાયે,
ભાણવિજય મન ભાયો—મુજરો૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૨) (૫-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

[ દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ--એ દેશી ]

સાહિબ હો પ્રભુ! તુમ્હે સાહિબ શાંતિજિણંદ,
સાંભળો હો પ્રભુ! સાંભળો વિનતિ માહરીજી;
મનડું હો પ્રભુ! મનડું રહ્યું લપટાય[1],
સૂરતિ[2] હો પ્રભુ! સૂરતિ દેખી તાહરીજી--(૧)
આશા હો પ્રભુ! આશા મેરૂ સમાન,
મનમાં હો પ્રભુ! મનમાં હુંતી મુજ અતિ ઘણીજી;
પૂરણ હો પ્રભુ! પૂરણ થઈ અમ આશ,
મૂરતિ હો પ્રભુ! મૂરતિ દીઠે તુમ તણીજી--(૨)
સેવક હો પ્રભુ! સેવક જાણી, સ્વામિ!
મુજશું હો પ્રભુ! મુજ શું[3] અંતર નવી રાખીએજી;
વિલગાહો[4] પ્રભુ! વિલગા ચરણે જેહ,
તેહને હો પ્રભુ! તેહને છેહ[5] ન દાખીએજી--(૩)
ઉત્તમ હો પ્રભુ! ઉત્તમ જનશું પ્રીત,
કરવી હો પ્રભુ! કરવી નિશ્ચે તે ખરીજી;
મૂરખ હો પ્રભુ! મૂરખ શું જશવાદ,
જાણી હો પ્રભુ! ઈમ જાણી તુમશું મેં કરીજી--(૪)
નિરવહવી હો પ્રભુ! નિરવહવી તુમ હાથ,
મોટાને હો પ્રભુ! મોટાને ભાખીએ શું ઘણુંજી;
પંડિત હો પ્રપ્ર! પંડિત પ્રેમનો ભાણ,
ચાહે હો નિતુ! ચાહે દરિશણ તુમ તણુંજી--(૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૩) (૫–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

[ઘર આવોજી આંબો મોરીઓ—એ દેશી]

શ્રી કુંથુજિનરાજજી વિનવી કહું મનની વાત,
મહેર ધરી સેવક ભાગી,
સુણો વિનતિ તો આવે ધાત--શ્રી૦ (૧)

અવસર પામી કહો પ્રભુ! કુણઅહિલે તે ગમી જાય,
તિમ અવસર પામી તુમ પ્રતે,
હું વિનવું છું જિનરાય--શ્રી૦ (૨)

સજ્જન એકાંતે મળ્યાં, કહેવાએ મનની વાત;
પણ મુજ મનની જે વારતા,
તે તો જાણો છો સહુ અવદાત--શ્રી૦ (૩)

પણ એક-વચન જે કહું, તે તો માનો થઈ સુપ્રસન્ન;
અતુલો[૨] અમૃત પાઈએ,
જિમ હરખિત હોય મુજ મન્ન--શ્રી૦ (૪)

ભવ-ભવ તુમ પદ-સેવના, હવે દેજ્યો શ્રી જિનરાય;
પ્રેમ વિબુધના ભાણને;
તુમ દરિસણથી સુખ થાય--શ્રી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૪) (૫-૧૮) શ્રીઅરનાથ-જિન સ્તવન

[માના દરજણની—એ દેશી]

શ્રી અરજિન શું પ્રીતડી રે, મેં કીધી એકતાર;
પ્રીત કરી કપટે રમે, તેમાં સ્વાદ નહિ લિગાર રે
--તુમ શું નેહલો રે૦ (૧)

દિન-દિન વધતી, નેહવૃત્તિ[૧] એ તે હરે[૨] દાલિદ્ર;
શોભા લહે અતિ ઘણી, ભય પામે તેહથી[૩] ક્ષુદ્ર રે
--તુમ શું૦ (૨)

ઉત્તમ-જનશું પ્રીતડી રે, વાંછિતદાયક હોય;
ઈમ જાણી તુમશું પ્રભુ, મેં પ્રીત કરી છે જોય રે
--તુમશું૦ (૩)

હવે સેવક જાણી આપણો રે, થાઓ તમે સુપ્રસન્ન;
હું પણ જાણું તો ખરી, મેં પ્રીત કરી તે ધન્નરે
--તુમશું૦ (૪)

મહીર ધરી મુજ ઉપરેરે, દરિસણ દ્યો એક વાર;
જિમ પ્રેમવિબુધના ભાણની, થાયે ઇચ્છા પૂરણ નિરધાર
--તુમશું૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૫) (૫–૧૯) શ્રી મલ્લિનાથ જિન–સ્તવન

[રામચંદકે બાગ ચાંપો મોહરી રહ્યોરી-એ દેશી]

મલ્લિજિણંદજી વાત, કયું તુમ સુણો ? ન મેરીરી;
જબ દરિસણ દેખો તોય,
તબ મેરી ગરજ સરેરી૦ (૧)
અબ મુજથી ડરે સોય, અષ્ટ[૨]-કરમ-વયરીરી;
શુભમતિ જાગીય જોય, દુરમતિ મોસે[૩]--ડરીરી૦ (૨)
અબ પ્રગટ્યો મુજ ચિત્ત, અનુભવ સૂર[૪] સમોરી;
તવ લહ્યો[૫] દેવ-કુદેવ, દૂર દૂર ધ્યાન થમ્યોરી[૬]૦ (૩)
લગન[૭] લગી તો સાથ, અબ કયું સંગ તજુંરી;
તુમ ચરણે[૮] લપટાય, રહી તો નામ ભજુરી૦ (૪)
પરસન્ન હોજ્યો મોય; એહ હું અરજ કરૂંરી;
પ્રેમવિબુધ ભાણ એમ; કહે તુમ આનંદ ધરૂંરી૦ (૫)

卐

## (૧૧૬) (૫–૨૦) શ્રી મુનિસુવ્રતનાથ-જિન સ્તવન

[હાંરે મારા ધર્મ જિણંદસ્યું લાગી પૂરણ પ્રીતજો-એ દેશી]

હાંરે મુજ પ્રાણાધાર તું મુનિસુવ્રત જિનરાય જો,
મળિઓ હેજે[૧] હળિઓ[૨] પ્રીત[૩]પ્રસંગથી રે લો;
હાંરે મુજ સુંદર લાગી માયા[૪] તાહરી જોર જો,
અલગો[૫] રે ન રહું હું પ્રભુ ! તુજ સંગથી રે લો૦ (૧)
હાંરે માનું અમીઅ[૬]-કચોલાં હેજાળાં[૭] તુમ નૈન જો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનોહર રે હસિત-વદન પ્રભુ! તાહરું રે લો;
હાંરે કોઈની નહિ તીન ભુવનમાં તુમ સમ મૂરતિ જો.
એહવી સુરતિ દેખી ઉલ્લસ્યું મન માહરૂં રે લો૦ (૨)
હાંરે પ્રભુ! અંતર[૯]-પડદો ખોલી[૯] કીજે વાત જો,
હેજ[૧૦] હીઆથી[૧૧] આણી મુજને બોલાવીએ રે લો;
હાંરે પ્રભુ! નયન- સલુણે[૧૨] સનમુખ જોઈ એક વારજો,
સેવકના ચિત્તમાંહિ આણંદ ઉપજાવીએ રે લો૦ (૩)
હાંરે પ્રભુ! કરૂણાસાગર! દીનદયાળ! કૃપાળ! જો,
મહિર ધરિ મુજ ઉપર પ્રીત ધરી હીયે રે લો;
હાંરે પ્રભુ! નિજબાળક પરે
મુજ લેખવજ્યો જિણંદ! જો,
પ્રીત સુરંગી અવિહડ મુજ શું નિવાહીએ રે લો૦ (૪)
હાંરે પ્રભુ! બાંહ ગ્રહ્યાની લાજ છે તુજને સ્વામી! જો,
ચરણ-સેવા મુજને દેજો હેતે હસી રે લો;
હાંરે પ્રભુ પંડિત પ્રેમવિજયનો કવિ એમ ભાણજો,
પભણેરે જિન-મુરતિ મુજ દિલમાં વસી રે લો૦ (૫)

卐

## (૧૧૭) (૫-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

[અરણીક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી]

શ્રી નમિનાથજી સાહિબ! સાંભળો,
તુમ ચરણાંબુજ[૧] લીનોજી;
મુજ મન-મધુકર[૨] અતિહે રૂઅડો,
તુમ ગુણ-વાસે[૩] ભીનોજી—શ્રી૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિ-હરાદિક ધતૂર ઉવેખીને, અ-બૂઝ[૪]-પ્રત્યય આણીજી
દુરમતિ[૫] વાસે તેહ સરયા અછે,
બહુ ઈમ અંતર જાણીજી—શ્રી૦ (૨)
તે દેવ[૬] છંડીઉ તુજને આશ્રયો, કરવા ભજન[૮] તુમારોજી;
સ્નેહદશા નિજ-દિલમાં આદરી,
પ્રભુજી! મુજને તારોજી—શ્રી૦ (૩)
ભવ-ભવ તુમ પદ-કમલની સેવના, દેજ્યો શ્રી જિનરાજોજી;
એ મુજ વિનતિ ચિત્તમાં ધરજ્યો,
ગિરૂઆ! ગરીબનવાજો જી—શ્રી૦ (૪)
તપગછ નંદન અમરદ્રૂમ સમો, શ્રી વિજયપ્રભસૂરીરાયજી,
પ્રેમવિબુધપય સેવક ઈણપરે,
ભાણ નમે તુમ પાયજી—શ્રી૦ (૫)

卐

## (૧૧૮) (૫-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

[જટણી—એ દેશી]

નયન સલુણા હો વાલહા, સ-સનેહા પ્રભુ નેમ,
તોરણ આવીને તુમ્હે, પાછા વળી ગયા કેમ?
—નયન૦ (૧)

આસો-બાદલની પરે, એવડો ડંબર[૧] કીધ,
જાન લેઈને આવ્યા વહી, પિણ થયા અપ્રસિદ્ધ-નયન૦(૨)
નેહ નિવાહી નવી શકયા, ક્ષણમાં દીધો છેહ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ શી જાદવ-રીત છે? જે પૂરણ પાળો ન નેહ
—નયન૦ (

લાલચ દેઈને તુમ્હે, કરી નિજ નારી નિરાશ,
વચન સહુનાં અવગણી, ગિરનાર કીધો વાસ
—નયન૦ (

સિદ્ધ અનેકે વિલસી જે, તેહથી કીધો પ્રેમ,
ભવ-ભવની[2] નાર જે મુકો,
રીતિ શી છે? તુમ એમ—નયન૦ (

ઈણુપરે વિલપતી બહુપરે, પહુંતી ગઢ ગિરનાર;
કેવળ-દરિસણ અનુભવે, પહોતી મુગત-આગાર[3]
—નયન૦ (

ધન-ધન નેમ-રાજુલ જેણે, પાળી પૂરણ પ્રીત;
ભાણ ભણે બુધ પ્રેમનો, સાચી એ ઉત્તમ રીત
—નયન૦ (૭

卐

## (૧૧૯) (૫-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

[ધન ધન ધનની દેશી—એ દેશી]

વામાનંદ શ્રીપાસ,
મ્હારી સાંભળો તુમે અરદાસ[1]-સાહિબ-સસનેહા
અમે સેવક તુમારા, તુમ્હે છો સાહિબજી હમારા હો
—સાહિબ૦ (૧

સુંદર પ્રભુ તુમ રૂપ,
જસ દીઠે હાર્યો રતિ[2] ભૂપ હો—સાહિબ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ મુખ વિધુ[૩] સમ દીસે,
દેખી ભવિયણનાં મન હીસે[૪] હો–સાહિબ૦ (૨)
કમળ–દળ[૫] સમ તુમ નયણાં,
અમૃતથી મીઠાં વયણાં હો; સાહિબ૦
તુમ અર્દ્ધ–ચક્ર સમ ભાલ[૬],
માનું અધર[૭] જિસ્યા પરવાળ હો–સાહિબ૦ (૩)
શાંતિ[૮]–દાંતિ[૯] ગુણ ભરીયો,
એ તો અ–ગણિત–ગુણનો દરિયો હો–સાહિબ૦
સાચો શિવપુર સાથ,
પ્રભુ તું છે અ–નાથનો નાથ હો–સાહિબ૦ (૪)
એ તો ભજન કરવા તાહરૂં,
પ્રભુ ઉલસ્યું છે મન માહરૂં હો–સાહિબ૦
એ તો પ્રેમવિબુધનો શીશ,
ભાણવિજય નમે નિસ–દીશ હો–સાહિબ૦ (૫)

卐

## (૧૨૦) (૫–૨૪) શ્રી મહાવીર–જિન સ્તવન

[આનંદમય નિરૂપમ ચોવીશમો, પરમેશ્વર પદ નિરખ્યો રે]
પરમેશ્વર પદ જેહને છાજે,
અંતર–ચિત્તથી મેં પરખ્યો રે––આનંદ૦ (૧)
...ારક[૧] છે દેવશબ્દ ઘણેરા, પણ દેવત્વ તે ન ધરે રે;
જેમ કનક કહીએ ધતુરને,
હેમની ગત તે ન સરે રે––આનંદ૦ (૨)
... નર તુમ ગુણ–ગણથી રસિયા, તે કિમ અવરને સેવે રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલતી-કુસુમે લીના જે મધુકર,
અવર[2] સુરભિ ન લેવે રે—આનંદ૦ (૩)
ચિત્ત પ્રસન્ન જિનજીની ભજના એ,
સજ્જન કહો કિમ ચૂકે રે?
ઘર આંગણુ ગંગા પામીને,
કુણુ ઉવેખીને મૂકે રે—આનંદ૦ (૪)
ધ્યેય સ્વરૂપે ધ્યાયો તુમને જે, મન વચ કાય આરાધેરે;
પ્રેમ વિબુધ ભાણુ પભણે તે નર,
વર્ધમાન સુખ સાધે રે—આનંદ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ભાણુવિજયજી કૃત
# ચોવીશી
## કઠિન શબ્દોના અર્થ
## ટિપ્પણી

**સ્તવન ૫-૧**

૧. મનની આંટી ૨. ઉમંગથી ૩. સમુદ્ર ૪. કાયમી ૫. ભેદભાવ ૬. ગણુવે ૭. સ્નેહભરેલી ૮. દુર્ભાગ્ય.

**સ્તવન ૫-૨**

૧. સેવા ૨. ચહેરે ૩. ઉમંગવાળો ૪. દેશી શબ્દ લાગે છે ૫. નભાવશો.

**સ્તવન ૫-૩**

૧. ઉત્તમ પુરુષ સાથેના એક ક્ષણના પ્રસંગ=સહવાસથી ૨. ભક્તિરૂપ દોરાથી ૩. અંતરનો સ્નેહ ૪. બક્ષીસ=ઈનામ ૫. સેવા ૬-૭ સાથે રાખી નભાવશો.

**સ્તવન ૫-૪**

૧. વિગત ૨. પ્રીતિ તોડવાની રીત.

**સ્તવન ૫-૫**

૧. તિમિર નામનો આંખનો રોગ છે; જેથી વસ્તુ મૂળરૂપે ન દેખાય, તે મિથ્યાત્વ રૂપ તિમિર મારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવચક્ષુ આગળથી આજે દૂર થયાં. ૨. મુખ્ય ૩. સેવક ૪. હિતબુદ્ધિ ૫. ઉમંગ.

સ્તવન ૫-૬

૧. સુંદર-શ્રેષ્ઠ ૨. કૃપાવાળા ૩. બમણી ૪. મનની ઇચ્છાઓ.

સ્તવન ૫-૭

૧. ચિત્ત=હૈયાની, અંતરની ગુહ્ય, ૨. હંસ.

સ્તવન ૫-૮

૧. મનની નારાજી ૨. વધારે.

સ્તવન ૫-૯

૧. ઉલટભરેલા ૨. પ્રીતિની ખામી ૩. હસતા મુખે.

સ્તવન ૫-૧૦

૧. શરણે આવ્યો છું ૨. સમર્પિત ૩. નભાવશો.

સ્તવન ૫-૧૧

૧. એક શબ્દથી કે ટૂંકા શબ્દોથી ૨. શી રીતે કહું ? ૩. ઘણી વિગતો ૪. નમ્ર અરજી.

સ્તવન ૫-૧૨

૧. પરાણે વળગ્યું ૨. ભેદભાવ ૩. ન સમજાય તેવી શક્તિઓ ૪. મન ઇચ્છિત ૫. સમૃદ્ધિ.

સ્તવન ૫-૧૩

૧. નિર્મળ-સુંદર કમળની પાંખડી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૫-૧૪

૧. શરદપૂનમનો ચંદ્ર ૨. ઉત્કંઠા ૩. મોટું ૪. ઉમંગ.

સ્તવન ૫-૧૫

૧. ગુણોની ઉમંગભરી વિચારણામાં ૨. વિલંબ-મોડું ૩. ઘણો જ ૪. સુંદર ૫. ચહેરો ૬. મનમાં.

સ્તવન ૫-૧૬

૧. ખેંચાયેલું ૨. ચહેરો ૩. ભેદભાવ ૪. વળગ્યા ૫. ધક્કો.

સ્તવન ૫-૧૭

૧. વાતનો મેળ ૨. આત્માનું અનુપમ.

સ્તવન ૫-૧૮

૧. અને ૨. તે=વધતી સ્નેહવૃત્તિ ૩. તુચ્છ બુદ્ધિવાળા જીવો.

સ્તવન ૫-૧૯

૧. આંખથી ૨. આઠ કર્મરૂપ વૈરી=દુશ્મન ૩. મારાથી ૪. સૂર્ય ૫. સમજ્યો ૬. અટક્યું ૭. અંતરંગ પ્રેમ ૮. વળગી રહી.

સ્તવન ૫-૨૦

૧. પ્રેમથી ૨. હળીયો=એકમેક થયો ૩. પ્રીતિના પરિચયથી ૪. અંતરની પ્રીતિ ૫, આઘો ૬. અમૃત-ભર્યાં કચોળાં-વાટકા ૭. અંતરંગ પ્રેમભર્યાં ૮. ભેદ-ભાવરૂપ વચ્ચેનો પડદો ૯. દૂર કરી ૧૦. અંતરંગ હેત ૧૧. હૃદયથી-સાચા ભાવથી ૧૨. પ્રેમભર્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૫-૨૧

૧. ચરણુ-કમળ ૨. મન-ભ્રમર ૩. સુગંધથી ૪. અજ્ઞાનીઓ પણુ સમજી શકે તેવા બાહ્ય લક્ષણોથી અન્ય દેવો ધતૂરા જેવા છે. ૫. દુર્મતિ-કુમતિઓના સહવાસથી તે કુદેવો આજ સુધી ઉચિત લાગ્યા અને કામ સરશે, એમ ધારી માન્યા-પૂજ્યા. ૬. લૌકિક તે બધા દેવો ૭. છોડી ૮. એવા.

સ્તવન ૫-૨૨

૧. આડંબર-દેખાવ ૨. જન્મ. જન્મની પ્રેમવાળી ૩. ઘર.

સ્તવન ૫-૨૩

૧. વિનતિ ૨. કામદેવ ૩. ચંદ્ર ૪. ઉલ્લસે છે. ૫. કમળની પાંખંડી ૬. કપાળ, ૭. ઓઠ, ૮. સમતા. ૯. નિર્વિકારિતા.

સ્તવન ૫-૨૪

દેવ શબ્દને ધારણુ કરનારા ઘણા છે, પણુ દેવત્વને ધારનારા તેઓ નથી, જેમ કોઈ નશામાં ધતુરાને સોનું કહે, પણુ હેમ=સાચા સોનાની ગતિ=રીત તેનાથી સરતી નથી. (બીજી ગાથાનો અર્થ) ૨. સુગંધ.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# શ્રી આણંદવર્ધનજી
કૃત
# સ્તવન-ચોવિશી

[૬]

## (૧૨૧) (૬-૧) શ્રી રૂષભદેવ-જિન ગીત

**[ શ્રી જિનવાણી મયા કરો—એ દેશી. ]**

આદિજિણંદ મયા કરૂં,[૧] લાગ્યો તુમ્હ શું નેહા રે,
દિન-રયણી દિલમેં વસે, જ્યું ચાતક-ચિત્ત મેહા રે—
બલિ[૨] જાઉં વાત સુણો મેરી૦ (૧)

મરૂદેવી કે લાલન,[૩] મૂરતિ નવલ સુહાની રે,
અખિયા તપતિ[૪] બુઝાવહી,
જ્યું પ્યાસેકું પાની રે; —બલિ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હ સાહિબ હમ દાસ હૈ, અબ કછુ કર હો દિલાસા રે,
આનંદવર ઘનકે પ્રભુ,
હમ હૈ તુમ્હારી આસા રે;—બલિ૦ (૩)

卐

## (૧૨૨) (૬–૨) શ્રી અજિતનાથ–જિન ગીત

[ ચલન દેશું પાની—એ દેશી. ]

અજિત સયાને[૧] સજની ! અજિત સયાને,
ત્રિભુવન-નાયક સજની, મો[૨] મન માને–સજની (૧)
બદન[૩] સલૂણો[૪] સજની, નયન રસીલે,
વચન અમૃત રસ, લાગત સીલે[૫] —સજની૦ (૨)
ભગત-વત્સલ નીકે[૬], ત્રિભુવન સ્વામી,
જીયકે જીવન, મેરે અંતરજામી. —સજની૦ (૩)
બલિ–બલિજાઉં સજની, પ્રભુ ગુન ગાઉં,
આણંદવરધન કહે, દરિસન પાઉં. —સજની૦ (૪)

卐

## (૧૨૩) (૬–૩) શ્રી સંભવનાથ–જિન ગીત

[ જીહો અવધિ પ્રયુંજીનિ—એ ઢાલ. રાગ-મલ્હાર. ]

જીહો ! સુંદર નામ સોહામણો,
સખિ ! સંભવનાથ જિણંદ;
જીહો ! અંગે ઉલટ[૧] અતિ ઘણો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સખિ ! સુણતાં હુએ આણંદ—
વાલ્હેસર ! મુજરો[2] છે જિનરાય !— (૧)
જીહો ! સહિજે શીતલ ચંદલો,
મીઠો અમિય રસાળ.
જીહો ! સેના કેરા નંદલો,
દીઠો પરમ-દયાળ—વાલ્હેસર૦ (૨)
જીહો ! જિમ જિમ સનમુખ નિરખિયે,
સખિ ! નયણાં નિરમલ થાય.
જીહો ! સંભવ નામે હરખિયે,
સખિ ! આણંદ અંગ ન માય—વાલ્હેસર૦ (૩)

卐

## (૧૨૪) (૬–૪) શ્રી અભિનંદન-જિન ગીત

[ હઠીલા વયરીની—દેશી. ]

અભિનંદન આગળ રહી રે,
કર જોડી કહું વાતરે,—વાલ્હેસર મોરા૦
પગે લાગી પ્રારથું રે,
તુજ વિણ કુણ લહે ઘાત[1] રે
—વાલ્હેસર મોરા૦ સાર[2] કરો પ્રભુ માહરીરે,- (૧)
અંતર-ગતિ જાણે નહી રે,
ઢીલ કરે તે ન્યાય રે—વાલ્હેસર મોરા૦
તું તો ત્રિભુવન સાખીયો રે,
મધ્યવરતી જિનરાય રે-વાલ્હેસર મોરા૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષ ચઉરાશી જીવનારે, જીવન બિરૂદ સંભાળ રે.
લક્ષ-અપરાધી આપણો રે,
આણંદ નયણે નિહાળ રે—વાલ્હેસર (૩)

卐

## (૧૨૫) (૬–૫) શ્રી સુમતિનાથ-જિન ગીત

[ઢૂલીયે ખાન કે—એ દેશી.]

સુમતિ સદા દિલમેં ધરો, છંડો કુમતિ-કુસંગ, —સલૂણે૦
સાચે-સાહિબ શું મિલો, રાખો અવિહડ[1]-રંગ-સલૂણે
—સુમતિ૦ (૧)

પરમાનંદ પદ પાઈએ, લહિયે વાસ સુવાસ-સલૂણે૦
જગ અપનો કરી લીજીયે, અસે સુમતિ નિવાસ-સલૂણે
—સુમતિ૦ (૨)

ઉંડે અરથ વિચારીયે, ઉંડેશું ચિત લાય-સલૂણે૦
ઓછે[2] સંગ ન કીજીયે, ઓછે ફિર બદલાય-સલૂણે
—સુમતિ૦ (૩)

રાજહંસ મોતી ચુંગે, કબહુ ન કંકર ખાય-સલૂણે૦
યાદુ-ધની પટંતરો,[3] આનંદ સુમતિ ઠહરાય-સલૂણે
—સુમતિ૦ (૪)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૨૬) (૬–૬) શ્રી પદ્મપ્રભ–જિન ગીત

[ મન=મધુર મોહી રહ્યો—એ ઢાલ ]

પદમ[1] અલંકૃત વિનતિ, પદમપ્રભ જગનાહરે.
તુમ્હ–સરીખો સાહિબ મિળ્યો, તો મુજ શિરપર ચાહ રે
—જગજીવન ! જિન વિનતિ: (૧)
પંડિત[2]–સરસી ગોઠડી, મૂરખ શું ઝકવાદરે,
મનગમતો મીઠો લહ્યો,[4] કડૂયે કવણ સવાદરે—જગ૦ (૨)
થલ[5] રોપીને જે રહે, જે[6] સહે સનમુખ ઘાયરે.
જયંતપતાકા[7] તે લહે, શૂરા તણો સભાય રે—જગ૦ (૩)
રવિ આગળ જિમ આગીઆ, છો બીજા લખ કોડી રે.
ચરણ ન છોડું તાહરી,
કહે આણંદ કર જોડી રે—જગ૦ (૪)

卐

## (૧૨૭) (૬–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન ગીત

[રાગ સામેરી મલ્હાર—દેશી હાંસલાની]

બે કર જોડી વીનવું, સુણજો સ્વામી સુપાસ રે
અલવે[1] વીસારો રખે, પહિલી એ અરદાસરે—બે૦ (૧)
મોટા–સરિસી પ્રીતડી, ભરમે મુહંગી[2] હોય રે,
જો સનમુખ જોવે નહી, પૂરવ–કરમથી કોય રે—બે૦ (૨)
સાચા સાજન ઓળખી, લાગ્યા તે કિમ છોડે રે.
મોતીડે[3] પાણી મિલ્યાં, કહો તે કવણ વિછોડે રે—બે (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનમાન્યાની ચાકરી, છે જગમાં જિનરાય રે,
આણંદવરધન વિનવે, તુમ્હ ચરણે ચિત્ત લાય રે-એ૦ (૫)

卐

## (૧૨૮) (૬-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન ગીત

[ રાગ—જયંતસિરી-આજ નિહેજોરે દીસે નાહલો—દેશી. ]

વદન[૧] અપૂરવ ચંદ્ર પ્રભૂ તણો, જોઉં નયણાં જોડિ,
તન-મન કેરાં રે કૂંપળ[૨] ઉલ્હસે, પહુ ચેમનમાં કોડિ
—વદન૦ (૧)
જનમ-જનમની રે તપતિ[૩] નિવારવા, પ્રગટયો અમૃતપૂર
બિંબ મનોહર વિમળ[૪] કળાનીલો[૫], શીતલવાન[૬] સનૂર[૭]
—વદન૦ (૨)
મુખડું જોતાં પ્રભુ પોતે મિલે, જોઈ જાણે જેહ,
આણંદવરધન પ્રેમ-પટંતરો, સહી સુધારે તેહ
—વદન૦ (૩)

卐

## (૧૨૯) (૬-૯) શ્રી સુવિધિનાથ-જિન ગીત

[ રાગ-મલ્હાર, મોરા સાહિબ શ્રી શીતલનાથ કે-એ દેશી ]

મન માન્યો હે સખી ! સુવિધિજિણંદ કે,
મિલવા મુજ અલજો[૧] ઘણો,
સુપનંતરે હે સખી ! કીજે સેવ કે,
પરતક્ષ પિણ રલીયામણો[૨]—મન૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ ઝાઝી હે સખી! મનની વાત કે,
એક વચનમાં કિમ કહું;
ગયણગણે હે સખી! તારા-કોડિ કે,
મુંઠિમાં કહો કિમ ગ્રહું, મન૦ (૨)
મોરે મનડે હે સખી! એક સનેહ કે,
રાત-દિવસ રમતો રહું,
કહે આણંદ હે સખી! ભગત-પ્રમાણ કે,
ભાવે તિમ કોઈ કહું- મન૦ (૩)

卐

## (૧૩૦) (૯-૧૦) શ્રી શીતલનાથ-જિન ગીત

[ રાગ કાફી-મુરિ મુરિ ઝરમેહિ ખેલુંગી-એ દેશી.]

અબ પ્રભુ શું ઈતની કહું,
નીકે[૧] અપને દિલહકી વાત હો-અબ૦
મેરે પ્રભુજી! દુશમન કરમ લગે રહે,
મેરી ગેલ[૨] ન છોડે આઠ હો,
આઠ કે જૂદે મતે,
મોહિ ઘેર રહે જડકાઠ[3] હો—અબ૦ (૧)
તુમશું મિલન નં દેત હૈ,
મેરે પૂરવ-કરમ વિલાસ હો,
દુનીયાં સબ લાગતી ફીકી,
તાતેં જીઉરા[૪] રહત ઉદાસ હો-અબ૦ (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમહી તેં સુખ પાઈએ, તુમ્હ સમરથ શીતલનાથ હો,
આનંદ શું કરૂણા કરો,
નીકે આઈ મિલેં પ્રભુ-સાથ હો-અબ૦ (૩)

卐

## (૧૩૧) (૬-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન ગીત

[ રાગ-કેદારો-કુમર પુરંદ સાહસી-એ દેશી.]

શહેર બડા સંસારકા, દરવાજે જસુ ચ્યાર રંગીલે આતમા,
ચૌરાશી લક્ષ ઘર વસે, અતિ મોટો વિસ્તાર-રંગીલે૦ (૧)
ઘરઘર મેં નાટિક બને, મોહ નચાવનહાર—રંગીલે૦
વેષ બને કેઈ ભાંતકે, દેખત દેખનહાર—રંગીલે૦ (૨)
ચઉદરાજ કે ચઉકમેં[1], નાટિક વિવિધ પ્રકાર—રંગીલે૦
ભમરી[2] દેઈ કરત તત્ થેઈ,
ફિરિ ફિરિ એ અધિકાર—રંગીલે૦ (૩)
નાચત નાચ અનાદિકો, હું હાર્યો નિરધાર[3]-રંગીલે૦
શ્રી શ્રેયાંસ કૃપા કરો, આનંદ કે આધાર—રંગીલે૦ (૪)

卐

## (૧૩૨) (૬-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન ગીત

[ ઢાળ-વીછીયાની ]

હાંરે સખી! સાચ વિના કેમ પાઈએ,
સાચી સાહિબ શું પ્રીતિ રે,
સખી! જૂઠેકું સાચા કિઉં મિલે,
જૂઠેકી કયા પરતીતિ રે.—સખી૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે સખી ! સાચેમેં સાહિબ મિલે, ઝૂંઠેકો નાંહી કોય રે;
સખી ! ચામકે[૧] દામ ચલાઈયે,
જો ભીતરી[૨] સાચા હોય રે.—સખી૦ (૨)

હાંરે સખી ! મુખ મીઠે કિસ કામકે ?
ભીતરિકે સાચે સાચ રે;
સાચે રંગ ન પાલટે, સાહિબકું પ્યારે સાચ રે—સ૦ (૩)

સાચે દિલશું સેવીયે, શ્રીવાસુપૂજ્ય જિન રાયરે
મેરે અંતરયામી જિનકે,
આનંદવરધન ગુણ ગાય રે—સ૦ (૪)

卐

## (૧૩૩) (૬–૧૩) શ્રી વિમલનાથ–જિન ગીત

[ વીરે વખાણી રાણી ચેલણાજી-એ દેશી. ]

વિમલ[૧]-કમલ-દલ આંખડીજી, મનોહર રાતડી[૨] રેહ
પૂતલડી-મધ રમિ તારિકાજી,
શામલી હસિત સ-સનેહ—વિમલ૦ (૧)

ઇંદ્રતણાં મન રંજતીજી, લલક લેતી સુકુમાલ
અ—થિર ચંચલ છે અવરનીજી,
મોરા પ્રભુ તણી પરમદયાળ—વિમલ૦ (૨)

વાંકડી[૩] ભમુહ અણીયાલડીજી, પાતલડી[૪] પાંપણિ પંત
મરકલે[૫] અમૃત વરસતીજી,
સહિસ સોહામણિ સંત—વિમલ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલ મોરૂ મન કરી વીનવુંજી, સાંભળો વિમલજિણંદ
આણંદ નયણ નિહાળજ્યોજી,
ટાળજો દુખતણા વૃંદ—વિમલ૦ (૪)

卐

## (૧૩૪) (૬-૧૪) શ્રી અનંતનાથ-જિન ગીત

[ રાગ મારૂ-ઉમિયાને શંભુ વિના ન સુહાયે-એ દેશી ]

પ્રભુજી ! તું ત્રિભુવન-નાથ અનંત,
મોરા પ્રભુ ! ત્રિભુવન-નાથ અનંત રે;
ગુણ અનંત પ્રભુ તાહરા—જી રે જી
પ્રભુજી ! પાર ન પામે કોઈ,
મોરા પ્રભુ ! પાર ન પામે કોઈ રે;
અંતરયામી તું માહરા. જી રે જી (૧)

પ્રભુજી ! મુજ મનડાની વાત,
મોરા, પ્રભુ ! મુજ મનડાની વાત રે
તુમ વિણ કુણ આગળ કરૂં ? જી રે જી
પ્રભુજી ! તું દુખ જાણણહાર,
મોરા પ્રભુ ! તું દુખ જાણણહાર રે
બીજો કિમ હીયડે ધરૂં. જી રે જી (૨)

પ્રભુજી ! સ્વારથીઓ સંસાર,
મોરા પ્રભુ ! સ્વારથીઓ સંસાર રે
મન-માન્યા મનમેં વસે, જી રે જી
અણખિં[1] કરૂં એક સાથી,[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોરા, પ્રભુ ! અણુખિ કરૂં એક સાથી રે
એક[૩] દીઠા મન ઉલ્લસે. જી રે જી (૩)
પ્રભુજી ! તું તો નિકલંક સ્વરૂપ,
મોરા પ્રભુ ! તું તો નિકલંક સ્વરૂપ રે;
તું અવિહડ હોજ્યો ભવેભવે, જી રે જી
પ્રભુજી ! માહરે તુમ્હશું નેહ;
મોરા પ્રભુ ! માહરે તુમશું નેહ રે
આણંદવરધન વિનવે. જી રે જી (૪)

卐

## (૧૩૫) (૬–૧૫) શ્રી ધર્મનાથ–જિન ગીત

[ રાગ મેવાડો–દેશી માના હરજણની ]

પરમેસરશું પ્રીતડી રે, કિમ કીજે કિરતાર[૧]
પ્રીત કરંતા દોહલી રે, મન ન રહે ખિણુ એકતાર[૨] રે—
મનડાની વાતો જોજ્યો રે,
જુજુઈ[૩] ધાતો રંગ[૪]–બિરંગી રે;
મનડું રંગ બિરંગી રે મનડાની૦ (૧)
ખિણુ ઘોડે ખિણુ હાથીએ રે, એ ચિત ચંચલ[૫]હેત
ચુંપ[૬] વિના ચાહે ઘણું,
મન ખિણુ રાતું ખિણુ સ્વેત રે-મનડા૦ (૩)
ટેક ધરીને જો કરે, લાગી રહે એકંત
પ્રીતિ[૭]–પટંતર તો લહે,ભાંજે ભવની ભ્રાંત રે—મનડા૦ (૩)

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

ધર્મનાથ-પ્રભુશું રમેરે, ન મળે બીજે ઠામ
આણંદવરધન વિનવે, સો સાથે વંછિત કામ રે-મનડા૦(૪)

卐

## (૧૩૬) (૬-૧૬) શ્રી શાંતિનાથ-જિન ગીત

[ રાગ બિહાગડો-નાચેં ઇંદ્ર આણંદશું-એ દેશી ]
ભગત-વત્સલ પ્રભુ! સાંભળો, ઓલંભે[1] અરદાસ રે
છોડંતા કિમ છૂટશો,
કરશોર[2] પાસે દિલાસરે—ભગત૦ (૧)
તુમ્હ-સરિખા સાહિબા તણી, જો સેવા નિષ્ફળ થાય રે
લાજ કહો પ્રભુ! કેહને ?
સેવકનું શું જાય રે ?—ભગત૦ (૨)
ગુણ દેખાડીને હેળવ્યા[3], તે કિમ કેડો[4] છાંડેરે ?
જિહાં જલધર[5] તિહાં બપીઓ,[6]
પીઉ-પીઉ કરી મુખ માંડેરે—ભગત૦ (૩)
જો પોતાનો લેખવો,[7] તો લેખો[8] ન વિચારો રે;
'સો-વાતે એક વાતડી,'
ભવ-ભવ પીડ નિવારોરે—ભગત૦ (૪)
તુમ્હ-સરિખો કોઉ દાખવો, કીજે તેહની સેવરે
આણંદવર્ધન પ્રભુ શાંતિજી,
અચિરા-નંદન દેવરે—ભગત૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩૭) (૬-૧૭) શ્રી કુંથુનાથ-જિન ગીત

[રાગ સારંગ-મલ્હાર-દેશી નણુદલની.]

સાહિબ! સકળ[1] દુનીકો માનુ
મુગતિ[2]-રમણિ-શિર-ટીકો હો; મન-રંગ મચે.[3]
મનમોહન મુખ જિનજીકો,
અહો કુંથુ જિનેસર! નીકો હો—મન૦ (૧)
મન મૂરખ કયું ન પતીજે[4]?
દિન-દિન તન યૌવન છીજે[5] હો; મન૦
પલ-પલ દિલ[6] ભીતર લીજે,
પ્રભુ શું રંગરેલીયાં કીજે હો—મન૦ (૨)
શ્રી-નંદન પ્રભુ પહિચાન્યો,
તબ હીતે મો, મન-માન્યો હો—મન૦
આણંદ ભરિ પ્રભુ ગુણ ગાયા,
મોરા સોવત[8] વખત જગાયા હો—મન૦ (૩)

卐

## (૧૩૮) (૬-૧૮) શ્રી અરનાથ-જિન ગીત

[દેશી-અલબેલાની.]

અરજ સુણો અરનાથજીરે લાલ,
દેવી-નંદન દેવ; જાઉં વારીરે
ચાહ[1] ધરી ચિત્તમેં ખરી રે[2] લાલ,
સેવ કરૂં નિતમેવ—જાઉં૦ (૧)
મોટે[3]-પ્રભુકી ચાકરી રે લાલ,
મોટે અવસર કાજ—જાઉં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંગત બાલક અઉરો[4] રે લાલ,
દીજે અવિચલે, રાજ—જાઉં૦ (૨)
લાગત કોમલ મીઠરો[5] રે લાલ,
કાચે[6] વચન અમોલ;—જાઉં૦
માતા તન-મન ઉલ્લસે રે લાલ,
સુનિ બાલકકે બોલ—જાઉં૦ (૩)
મહિર[7] કરો મનમેં ધરીરે લાલ,
રાખો મોહિ હજૂર[8]—જાઉં૦
આણુંદકે પ્રભુ માનીયે રે લાલ,
આતમરામ સ-નૂર-જાઉં૦ (૪)

卐

## (૧૩૯) (૬-૧૯) શ્રી મલ્લિનાથ-જિન ગીત

(રાગ—ગોડી.)

મોહન[1] મેહેલ બનાય, મૂરતિ કનક[1] રચીરી,
ઉત્સવ બરની ન જાય, યૌવન રૂપ મચીરી.....(૧)
પૂરવ-ભવકે મિત્ત, આએ છેહ રાજારી,
હયવર-ગયવર કોડ, પાયક[3] રથ તાજારી.....(૨)
મોહન[4]-મૂરતિ સંગ, પ્રતિબુઝે નૃપતીરી,
પૂરવ-ભવકી પ્રીતિ, તપ-સંઘાત પ્રતીરી.....(૩)
મલ્લી મહીરી રૂપ, ત્રિભુવન-નાથ ભઈરી.
અજબ કરમડી રેખ, અંત લગે નિબહિરી.....(૪)
ઉલસત અંગોઅંગ, પ્રભુજીકોં નામ લિયેરી,
આનંદ વદન સુરંગ, મનકું મગન કિયેરી.....(૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪૦) (૬–૨૦) શ્રી મુનિસુવ્રત–જિન ગીત

[ રાગ : જેત્તસિરી–દેશી પારધીયાની ]

સુણુ ! પંજરકે પંખીયારે, કરી[૧]–મીઠે પરિણામ રે–પંખીયડા.
તું દેં તોરે રંગકારે, જપ હું જિનેશ્વર નામ રે–પંખીના૦
મેરે જીઉકા સૂડા[૨]
નીકે રંગકા રૂડા[૩]
એ તો બોલો રે બોલો.
પ્રભુકે પ્યાર શું રે, ખેલો કરી એક–તારરે—પંખી૦ (૧)
ઉડત–ફિરત અનાદિકારે, ન મિટે ભૂખ ને પ્યાસ રે
ચ્યાર–દિનકા ખેલનારે, યા પંજરકે વાસરે—પંખી૦ (૨)
ઈત[૪]ઉત ચંચ[૫]ન લાઈયેંરે, રહીયે સહજ[૬]–સુભાય રે
મુનિસુવ્રત પ્રભુ ધ્યાઈયેંરે, આણંદ શું ચિત લાય રે૦ (૩)

卐

## (૧૪૧) (૬–૨૧) શ્રી નમિનાથ–જિન ગીત

[ રાગ–મારૂ ]

મોરૂં મન લાગ્યું રે વિપ્રાનંદ શું રે,
દેખાઉં તો દુખડાં જાય રે
ભવ–ભવ કેરી તપતિ[૧] નિવારીયેં રે,
સુખ અનંતા થાય રે–મોરૂં૦ (૧)
વન અતિ મોટું રે અટવી દોહિલીરે,
ચોરાશી લાખ ખાણુ રે
ભૂલા ભમતાં પાર ન પામીયે રે,
મોહ[૨] તે છાયા[૩] મેરા પ્રાણુ રે–મોરૂં૦ (૨)

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

મારગ દિખાઓ રે! પ્રભુ મિલવા તણો રે,
દિઓ દરિશણ મહારાજ રે
ભગત ઉધારો રે આણંદ આપણો રે,
નિમિજન! સારો મોરાં કાજ રે—મો૨ું૦ (૩)

卐

## (૧૪૨) (૬-૨૨) શ્રી નેમનાથ-જિન ગીત

[ રાગ-ધન્યાશ્રી-ડાલિમ ગુજરી-એ દેશી ]

યૌવન પાહુના[૧], જાત ન લાગત વાર—યૌવન૦
ચંચલ યૌવન થિર નહી રે, જાન્યો નેમિ-જિન-યૌવન૦ (૧)
નીંદ ન કીજે જાગીયે રે, અંત સહી મરના—યૌવન૦
બાલ[૨]-સંઘાતી આપણા, દેખો!
કિહાં ગયો બાલપના—યૌવન૦ (૨)
નવલ વેષ નવ યૌવનપણો રે, નવલ-નવલ રચના—યૌવન૦
અલપ[૩]-ભરમકે કારણે,
લેખો[૪]-કીજત[૫]-ફેલ[૬]-ઘના[૭]—યૌવન૦ (૩)
દુનિયાં રંગ[૮]-પતંગ-સીરે, વાદલસે[૯]-સજના-યૌવન૦
એ સંસાર અસારહૈ રે, જાગતકો સુપના—યૌવન૦ (૪)
તોરન હિંતે ફિરિ ચલેરે, સમુદ્રવિજય નંદના-યૌવન૦
આણંદકે પ્રહે નેમજી મેરી ધરી-ધરી વંદના—યૌવન૦ (૫)

卐

## (૧૪૩) (૬-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન ગીત

[ રાગ-કાફી પ્રભુ? નરગ પડંતાં રાખીયે-એ દેશી ]

મેરે જીયમેં લાગી આસકી[૧], હું તો પલક ન છોડું પાસ રે
જયું જાનો ત્યું રાખીયે, તેરે ચરનકા હું દાસ રે-મેરે૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યું કહો કોઈ લોક[૨] દિવાને, મેરે દિલ એક-તાર રે
મેરી અંતર-ગતિ તુંહી જાનત,ઓર ન જાનનહાર રે-મેરે૦(૨)
મેહેર તુમારી ચાહીએ, મેરે તુમ્હી[૩] સાથ સનેહ રે,
આનંદકો પ્રભુ પાસ મનોહર,
અરજ અમ્હારી એહ રે-મેરે૦ (૩)

卐

## (૧૪૪) (૬-૨૪) શ્રી મહાવીર-જિન ગીત

[સીમંધર કરો મયા-એ દેશી)

તું મન માન્યોરે વીરજી, ત્રિશલાનંદન દેવ
ભવ-ભવ સાહિબ ! તું હજયો,હું તુજ સારૂં[૧]રે સેવ-તું૦ (૧)
વયણ સંભારૂં રે તાહરાં, વાધે ધરમ-સનેહ,
હૈડું કૂંપળ[૨]-પાલવે,[૩] પ્રફુલિત થાયે રે દેહ—તું૦ (૨)
જો તુજ વચને રે ચાલીયે, તો હુયે રૂડી રીત,
સુખ અનંતા પામીયે, કીજે તુમ્હશું જો પ્રીત—તું૦ (૩)
આદિત[૪]-[૧૨]કુલ ગિરિ[૭]-ચંદ્રમા,[૧] સંવત ખરતર વાણ;
ચઉવીશે જિન વીનવ્યા, આતમ હિત મન આણ-તું૦ (૪)
જિનવર્ધમાન[૫] મયા કરો, ચઉવીશમા જિનરાય !
મહિમાસાગર વિનતિ, આણંદવર્દ્ધન ગુણ ગાય-તું૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री आणंदवर्धनजी

कृत

स्तवन चोविशी

कठिन शब्दोना अर्थ

टिप्पणी

स्तवन ६-१

१. दया करनारा अथवा दयानी खाण, २ ओवारी जाउं, ३ लाडलापुत्र, ४ रागादि-तापने शमावनार.

स्तवन ६-२

१ शाणा कुशळ-होंशियार, २ मारा मनने, ३ शरीर, ४ लावण्य-कांतिवाळुं, ५ शीतळ. ६ सुंदर

स्तवन ६-३

हरख-उमंग, २ प्रणाम.

स्तवन ६-४

१ मार्मिक वात, २ संभाळ-देखरेख.

स्तवन ६-५

१ दढ, २ हलकानो, ३ वहेंचणी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૬-૬

૧ પદ્મ લંછનથી શોભતા, ૨ પંડિતોની સુંદર, ૩ માથાકૂટ, ૪ કડવામાં, ૫ મેદાનમાં જે ટકયો રહે, ૬ જે સામા ઘાને ઝીલે, ૭ તે જયપતાકા મેળવે ૮ સ્વભાવ.

સ્તવન ૬-૭

૧ કયારેય વિસારો નહિ, ૨ મોંઘી, ૩ મોતીમાં જે પાણી મળ્યું છે.

સ્તવન ૬-૮

૧ મુખ, ૨ રોમાંચ, ૩ તાપ, ૪ નિર્મળ. ૫ કલા-યુક્ત-સંપૂર્ણ, ૬ શીતળકાંતિ, ૭ તેજસ્વી, ૮ ભેદભાવ.

સ્તવન ૬-૯

૧ ઉમંગ, ૨ સુંદર.

સ્તવન ૬-૧૦

૧ સારી, ૨ સોબત. ૩ લાકડાની જેમ જડ = સજ્જડ રીતે ૪ જીવ.

સ્તવન ૬-૧૧

૧ ચોકમાં, ૨ ધુસરી, ૩ નિશ્ચે કરીને.

સ્તવન ૬-૧૨

૧ ચામડાનાં નાણાં, ૨ અંદરની ચીજ=છાપ.

સ્તવન ૬-૧૩

૧ નિર્મળ કમળની પાંખડી જેવી, સુંદર, ૩ વાંકી ભ્રકુટી, ૪ પાતળી પાંપણ, ૫ હાસ્યમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૬-૧૪

૧ વળી, ફરીથી, ૨ મારો સહચારી, ૩ એક આપને જોવાથી.

સ્તવન ૬-૧૫

૧ હે પ્રભુ! ૨ એકાગ્ર, ૩ જુદી જુદી રીતે દોડી રહેતું મન, ૪ ભાત ભાતના રંગ=વલણ કરનારૂં, ૫ ચંચળતાને કારણે, ૬ તૃપ્તિ, ૭ પ્રેમનો ભેદભાવ.

સ્તવન ૬-૧૬

૧ ગર્ભિત ઠપકા રૂપે વિનંતિ, ૨ સાચું સાન્ત્વન કરશો, ૩ સંપર્ક-પરિચય વધુ ગાઢ કર્યો. ૪ પીઠ, ૫ મેઘ, ૬ ચાતક, ૭ માનો, ૮ હિસાબ.

સ્તવન ૬-૧૭

૧ બધાયમાં શ્રેષ્ઠ ૨ મોક્ષરૂપ સ્ત્રીના માથાનો તિલક, ૩ મસ્ત થયું, ૪ વિશ્વાસુ થતું નથી, ૫ ક્ષીણ થાય છે, ૬ મનને અંતર્મુખ બનાવવું, ૭ મારૂં, ૮ સૂવાનો સમય, જાગૃત કર્યા.

સ્તવન ૬-૧૮

૧ લાગણી, ૨ સાચી, ૩ મોટા પ્રભુની સેવા મોટા અવસર-પ્રસંગ માટે નિવડે છે., ૪ ગાંડો-ઘેલો, ૫ મધુર ૬ કાચી બુદ્ધિ=બાળકના, ૭ દયા, ૮ સેવામાં.

સ્તવન ૬-૧૯

ઓગણીશમા તીર્થંકર શ્રી મલ્લિનાથ પ્રભુએ પોતાને પરણવા આવનાર પૂર્વભવના છ રાજાઓને પ્રતિબોધ કરવા જે યોજના કરેલ, તેનું વર્ણન આ સ્તવનમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ સુંદર, ૨ સોનાની, ૩. પાયદળ સૈન્ય, ૪ સુંદર સોનાની બનાવી રાખેલ મૂર્તિ (અંદર વિવિધ મિષ્ટાન્ન નાંખી કહોવાટવાળી)ના લીધે, ૫ આ રૂપે.

સ્તવન ૬–૨૦

૧ શુભ, ૨ જીવરૂપ હે સૂડા=પોપટ, ૩ સુંદર રંગવાળો, ૪ આમ–તેમ, ૫ ચાંચ=મુખ, ૬ સહજ સ્વભાવમાં.

સ્તવન ૬–૨૧

૧ તાપ, ૨ મોહથી, ૩ ઢંકાયેલા,

સ્તવન ૬–૨૨

૧ મહેમાન, ૨ બાળપણાના મિત્ર, ૩ થોડા જીવના કારણે, ૪ જુઓ, ૫ કરે છે, ૬ તોફાન, ૭ ઘણું, ૮ હળદરના રંગ જેવી ૯ વાદળ જેવી.

સ્તવન ૬–૨૩

૧ તૃષ્ણા પ્રેમ–રાગ, ૨ આગળ, ૩ તમારી.

સ્તવન ૬–૨૪

૧ કરૂં, ૨ ઉલ્લાસ, ૩ પ્રગટે, ૪ આદિત્ય=૧૨, કુલગિરિ=સાત ચંદ્રમા=એક અર્થાત્ વિ. સં ૧૭૧૨ વર્ષે, ૫ દયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामीने नमः

# શ્રી લક્ષ્મીવિમલવિજયજી
## કૃત
# સ્તવન–ચોવીશી

## [૭]

### (૧૪૫) (૭–૧) શ્રી રૂષભદેવ–જિન સ્તવન

(સાહિબ! બહુ જિનેસર વિનવું–એ દેશી)

તારક! રૂષભ – જિનેસર! તું મિલ્યો,
પ્રત્યક્ષ પોત[1] સમાન હો,
તારક! તુજને જે અવલંબીયા,
તેણે લહ્યું ઉત્તમ-સ્થાન[2] હો. તારક! (૧)
તારક! તુજ વંદન–પૂજન કરી,
પવિત્ર કરૂ નિજ દેહ હો,
તારક! તુજ ગુણ સ્તવનાયે[3] સ્તવી,
જીહા[4] કરૂં અમૃત લેહ[5]-હો—તારક! (૨)
તારક ગુણ અનંતા તાહરા,
કુણ કહી લહશે પાર હો?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારક ! કેવળી-કોડી[૬] મિલે કદા,
જાણે ન કહે નિરધાર હો—તારક ! (૩)
તારક ! ગણધર મુનિવરે સ્ત૦યો, સ્તવીયો દેવની કોડ હો,
તારક ! તો પણ હું તુજને સ્તવું,
ભક્તિ કરૂં તસ[૭] હોડ હો—તારક ! (૪)
તારક ! મરૂદેવી માતાને નમું, રત્ન-કુક્ષિ ધરનાર હો,
તારક ! નાભિરાયા - કુલચંદલો,
સકલ-જંતુ આધાર હો—તારક ! (૫)
તારક ! સુમંગલા-સુનંદા તણો, પ્રીતમ પ્રભુ વિખ્યાત હો,
તારક ! શ્રી પુંડરીક-ગણધર તણો,
પિતામહ ગુરૂ જગ-તાત હો—તારક ! (૬)
તારક ! તુજ નામે રિદ્ધિ સંપજે, વાધે કીર્તિ અ-પાર હો,
તારક ! શિવ-લચ્છી સહજે મળે,
સફળ થાયે અવતાર હો—તારક ! (૭)

卐

## (૧૪૬) (૭-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

(ચંદ્રપ્રભ મુખચંદ સખિ ! મુને દેખણ દે—એ દેશી)
અજિતદેવ જિતકામ[૧] પ્રભુ ! સિદ્ધ[૨] સાધન હે !
અનંત ગુણનો ધામ;—પ્રભુ૦
મુનિજન આતમારામ પ્રભુ૦
અવર સવે[૩] મોહ-કામ-પ્રભુ૦ (૧)
સાધનતા[૪] નવિ ઓલખે—પ્રભુ૦ સાધ્ય[૫] પોકાર્યે મુખ—પ્રભુ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવિર્ભાવે કિમ હોવે ?—પ્રભુ૦,
સહજાનંદ અતિ સુખ- પ્રભુ૦ (૨)
વાંછિત નગરી-નામથી—પ્રભુ૦,
સાંભળી જિમ ભડવાય-પ્રભુ૦
વિપરીત દિશે સંચરે-પ્રભુ૦,
નિકટ કેણિપરે થાય ?-પ્રભુ૦ (૩)
કોઈ કહે નિરંતર[૬]-પ્રભુ૦,
રહિત[૭] પરંપરા હેત-પ્રભુ૦
તે પણ કારજ[૮] નવિ-લહે પ્રભુ૦,
આગમ (અ)[૯] ગૃહિત સંકેત—પ્રભુ૦ (૪)
ભૂખ મિટે ભોજન કર્યે-પ્રભુ૦
ભોજન કારણ જોય-પ્રભુ૦
વૃષ્ટિ-[૧૦]વાયુ જનનાદિકા પ્રભુ૦
ઇંધણ[૧૧]-અગન સંજોય-પ્રભુ૦ (૫)
કારણતા બહુમાનથી-પ્રભુ૦ કારજ પ્રયોજન જાણ—પ્રભુ૦
તૃષિત વારિ-વારિ જંપે-પ્રભુ૦ઉદ્યમ પ્રાય પ્રમાણ-પ્રભુ૦ (૬)
મૂરતિ તાહરી દેખીને-પ્રભુ૦
ધરિયોઅ-મૂરતિ[૧૨]-ભાવ—પ્રભુ૦
કીરતિ લોકે વિસ્તરી પ્રભુ૦
વિરમ્યો અનાદિ તાવ-પ્રભુ૦ (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪૭) (૭-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

[રૂષભજિનેસર પ્રીતમ માહરો રે-એ દેશી]

સંભવજિન ![૧]સંભવ સમતાતણો રે, સકળ ભવિકને જાણ
પ્રભુ દેખીને દ્વેષ જ ઉપજે રે,
તે મિથ્યાત[૨]-અયાણ[૩]-સંભવ૦ (૧)
વિષય[૪] વિરૂપ-વિપાક જ છંડીયે રે,
ધરીયે સહજ-સભાવ-સંભવ૦
પર-પરિણતિ[૫] તે સવિ દૂરે તજે રે,
ઉલ્લસે આતમ[૬]-ભાવ-સંભવ૦ (૨)
કરૂણા મૈત્રી માધ્યસ્થ્ય મુદિતા રે, ભાવન-વાસિત સાર;
ચરણ-કરણધારા તે આચરે રે, ઉપશમ-રસ જલધાર
—સંભવ૦ (૩)
શ્લાઘા-નિંદા એ દોએ સમ ગણે રે, નહી મન રાગ ને રોષ;
પ્રભુ[૭]-ગુણ પ્રભુતાને તે અનુભવે રે, હોયે ભાવનો પોષ-સં૦
અનુક્રમે કેવલનાણ ભજે ભજે રે, સુખ-સંભવ-સમુદાય;
કીરતિવિમલ પ્રભુને ચરણે રહે રે, શિવલચ્છી ઘર થાય
-સંભવ૦ (૫)

卐

## (૧૪૮) (૭-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

[પંથડો નિહાલું રે બીજા જિન તણો રે-એ દેશી]

આણા વહીયે રે ચોથા જિનતણી રે, જિમ ન પડો સંસાર;
આણા-વિણ રે કરણી[૧] સત કરે રે, નવિ પામે ભવ પાર;
-આણા૦ (૧)

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

જીવ[2]-રખોપૂં રે સંયમ-તપ કરે રે,
ઊર્ધ્વ-તુંડ[3] આકાશ[4];
શીતલ[5] પાણી રે હેમરતી[6] (ઋતુ) સહેરે,
સાધેં યોગ-અભ્યાસ-આણા૦ (૨)

દેવની પૂજા ભગતિ અતિ ઘણી રે કરતા દીસે વિશેષ,
આણા-લોપી જિન-મત-સ્થાપના રે, ન લહે આતમ[7] લેશ
-આણા૦ (૩)

આણા તાહરી રે ઉભય[8]-સ્વરૂપની રે, ઉત્સર્ગ ને અપવાદ;
વ્યવહાર શોભે રે નિશ્ચય-નયથકી રે,
ક્રિરિયા-જ્ઞાન સુવાદ-આણા૦ (૪)

સુંદર જાણી રે નિજ-મતિ આચરે રે, નહિ સુંદર નિરધાર;
ઉત્તમ[9]-પાસે રે[10] મનીખી[11] પાધરી રે,
જોજો ગ્રંથ-વિચાર-આણા૦ (૫)

ધન તે કહિએ રે નર-નારી સદા રે, આસન્નસિદ્ધિક જાણ;
જ્ઞાતા શ્રોતા રે અનુભયી સંવરી રે,
માને જે તુજ આણ-આણા૦ (૬)

હોય કર જોડી માંગું એટલું રે, આણા ભવ-ભવભેટ;[12]
વાચક દીજે રે કીરતિ શુચિ પ્રભુ રે,
આણા ભવ-લચ્છિ[13]-ભેટ-આણા૦ (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪૯) (૭–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

[જગ–જીવન જગ–વાલહો–એ દેશી]

સમકિત તાહરૂં સોહામણું, વિશ્વ-જંતુ–આધાર–લાલ રે;
કૃપા કરી પ્રકાશીયે, મટે તે મોહ[1]–અંધાર–લાલ રે
સમકિત૦ (૧)

નાણ[2]–દંસણઆવરણની, વેયણી[3] મોહની જાણ–લાલ રે;
નામ–ગોત્ર–વિઘ્નની[4] સ્થિતિ,
એક કોડાકોડ–માણ–લાલ રે–સમકિત૦ (૨)

યથા પ્રવૃતિ–કરણ તે ફરસે અનંતી વાર–લાલ રે;
દરશન તાહરૂં નવિ લહે, દુરભવ્ય–અભવ્ય અ-પાર
–લાલ રે–સમકિત૦ (૩)

શુદ્ધ–ચિત્ત[5] મોગર કરી, ભેદે અનાદિ–ગાંઠ–લાલ રે;
નાણ[6]–વિલોચને દેખીયે,
સિદ્ધ[7]–સરોવર કંઠ–લાલ રે–સમકિત૦ (૪)

ભેદ અનેક છે તેહના, બૃહત્[8]–ગ્રંથ–વિચાર લાલ રે;
સુસંપ્રદાય–અનુભવથકી, ધરજો શુદ્ધ–આચાર.
–લાલ રે–સમકિત૦ (૫)

અહો ! અહો ! સમકિતનો સુણો,
મહિમા અનોપમ સાર–લાલ રે,
શિવ[9]–શર્મ દાતા એહ સમો,
અવર ન કો સંસાર–લાલ રે—સમકિત૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સુમતિ-જિણેસર-સેવથી, સમકિત શુદ્ધ કરાય-લાલરે૦
કીર્તિવિમલ-પ્રભુની કૃપા,
શિવ-લચ્છિ ઘર આય-લાલ રે—સમકિત૦ (૭)

卐

## (૧૫૦) (૭-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

[ રાગ-મારૂ. ધરણા ઢોલા—એ દેશી. ]

પદ્મપ્રભ પુરૂષોત્તમોરે સાજન ! નિઃકારણ તું ભાઈ,
—ચિત્તરા ચોખા;
શુદ્ધ-હેતુ[1] હેજાળુયોરે[2] સા૦, ઓર[3] ઠગારે માઈ[4] !
—ચિત્તરા૦ (૧)
દુર્જનની કિસી ગોઠડી[5] રે ? સા૦, દુર્જન કિસો હેજ[6] ?
—ચિત્તરા૦
દુર્જનરો ડહાપણ કિસો રે ? સા૦, દુર્જન દુઃખરી સેજ[7]
—ચિત્તરા૦ (૨)
લિંબ-સંબંધે[8] અંબનેરે[9] સા૦, લિંબપણું ભજે અંબ,
—ચિત્તરા૦
જાચું[10] હેમપણું[11] ધરે રે, સા૦, રસ-વેધિત[12] જુઓ તંબ
—ચિત્તરા૦ (૩)
સંગતરો વિવરો ઇસોરે સા૦, મધ્યમ-ઉત્તમ જાણ,
—ચિત્તરા૦
મધ્યમ સંગે મધ્યમોરે સા૦, ઉત્તમ સંગે ગુણઠાણ,
—ચિત્તરા૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત-કુમતિ સંગથી રે સા૦, ન લહ્યો આપ-સ્વરૂપ,
-ચિત્તરા૦
મોહવશે બહુ દુઃખ લહ્યો રે સા૦, પડિયો ભવ-મહાકૂપ,
-ચિત્તરા૦ (૫)
સંત-કૃપાળુ તું મિળ્યો રે સા૦, ભાંગો દુઃખ-[13]દંદોલ,
-ચિત્તરા૦
તુજ સંગે મુજ વાધસેરે સા૦, ચિદાનંદ-કલ્લોલ
-ચિત્તરા૦ (૬)
ભવોભવ હોજો! માહરી રે સા૦. **પદ્મપ્રભ** શું પ્રીત,
-ચિત્તરા૦
**કીર્તિવિમલ** -પ્રભુ-પાયથી રે સા૦,
**લક્ષ્મીવિમલ** જગ-હિત -ચિતરા૦ (૭)

卐

## (૧૫૧) (૭-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

[ રામચંદકે બાગ ચંપો મોહર ફલોરી—એ દેશી]

સ્વામી સુપાસ-જિણંદ ! શમ-રસ[1]-કુંભ ભરયોરી[2]
તામેંથી લવ[3] એક દીધે કાજ સરેરી. ....(૧)
નવિ ચાહું ઘૃતપૂર,[4] સાકરપાક[5] ભલોરી,
ચિંતામણિ કામધેનુ, સુધારસ[6]-શાખી ફળોરી. ....(૨)
રાજ્ય-રામા સ્વર્ગ-ભોગ, તે સવિ છાર[7] ગણુંરી,
ઇંદ-ચંદ-નાગેન્દ્ર, દુઃખીયા તેહ ભણુંરી. ....(૩)
સુખિયા તે મુનીરાય, ઉપશમ-સાર ભજેરી
પરપરિણુતિ[8]-પરિણામ-કારણ જેહ તજેરી. ....(૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશમ-રસ નવિ હોય, નિજ-લોચન[૯] મીંચેરી,
મિથ્યાત-વિષયનો ત્યાગ, જિન-વચ-અમીય સિંચેરી...(૫)
ભક્ત-વત્સલ ભગવંત, સેવક-દુઃખ ટલેરી,
કીર્તિવિમલ પ્રભુ પાય, સેવા સાચ ફલેરી. ....(૬)

卐

## (૧૫૨) (૭-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

[ **દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ-એ દેશી.** ]

સાચો હો! પ્રભુ! સાચો તું વીતરાગ,
જાણ્યો હો! પ્રભુ! જાણ્યો મેં નિશ્ચે કરીજી!
કાચો હો! પ્રભુ! કાચો મોહ-જંજાલ,
છાંડો હો! પ્રભુ! છાંડો તે સમતા ધરીજી. (૧)
સેવે હો! પ્રભુ! સેવે દેવની કોડી,
જોડી હો! પ્રભુ! જોડી નિજ-કર આગલેજી
દેવ હો! પ્રભુ! દેવ-ઇંદ્રની નાર,
દૃષ્ટિ હો! પ્રભુ! દૃષ્ટિ તુજ ગુણ-રાગ[૧] લેજી. (૨)
ગાવે હો! પ્રભુ! ગાવે કિન્નરી ગીત,
ઝીણે હો! પ્રભુ! ઝીણે રાગે રસ ભરીજી
બોલે હો! પ્રભુ! બોલે ખગ[૨] યશવાદ[૩],
ભાવે હો! પ્રભુ! ભાવે-મુનિધ્યાને ધરીજી. (૩)
સોહે હો પ્રભુ! સોહે અતિશય રૂપ,
બેસે હો! પ્રભુ! બેસે કનક-સિંહાસનેજી
ગાજે હો! પ્રભુ! ગાજે મધુરો નાદ,
રાજે હો! પ્રભુ! રાજે સંઘ તુજ શાસને જી. (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું તો હો ! પ્રભુ ! તું તો તાહરે રૂપ,
ભુંજે હો ! પ્રભુ ! ભુંજે સંપદ આપણી જો
નાઠી હો ! પ્રભુ ! નાઠી કર્મતતિ દૂર,
ઉઠી [4]હો ! પ્રભુ ! ઉઠી તુજથી [5] પાપણીજી. (૫)
જોવો હો ! પ્રભુ ! જોવો મુજ એક વાર,
સ્વામી,હો ! પ્રભુ ! સ્વામી ચંદ્રપ્રભ ધણીજી,
વાધે હો ! પ્રભુ ! વાધે કીર્તિ અપાર
પામે હો પ્રભુ ! પામે શિવ-લચ્છી ઘણીજી (૬)

卐

## (૧૫૩) (૭–૯) શ્રી સુવિધિનાથ–જિન સ્તવન

[ધાર તરવારની સોહલી–એ દેશી.]

તાર ! ભવ-પાર ઉતાર ! સુવિધિ-પ્રભો !
સાર[1] મુજ એટલી દેવ ! કીજે,
મોહ[2]મહાજોહ જન-દ્રોહકારી ઘણો,
તેહને દૂર દેશોટ[3] દીજે !–તાર૦ (૧)
એક પણ નેક[4]–પરિ ઝુઝતો મહા–બળી,
વાગતો-ભાગતો કદી ન દીસે,
આણુ[5] તુજ બાણુ[6]સાણિ-ચઢાવી અસી,[7]
એહની નારી વિધવા કરી સે–તાર૦ (૨)
રાગ પણ છાગ[8] પરિ નાસતો દેખીયે,
યોં પ્રભુ ! તાહરી હાક વાગે,
દ્વેષ તજી રેષ[9] મદ જાએ ગિરિકંદરે,[10]
આવતો–ધાવતો કદી ન ગાજે–તાર૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ મુખ શ્યામ કરી દુષ્ટ દૂર ટળે,
ઉછળે ધ્યાન તુજ નાળ-ગોળા[૧૧],
બાયડી[૧૨] બાપડી શું કરે રતિ પ્રિયા,
રોવતાં, તેહના જાઈ ડોળા[૧૩]-તાર૦ (૪)
નાથ ! ધર ! હાથ મુજ મસ્તકે પ્રેમ શું,
એટલે મોહનું સૈન્ય ભાંજે.
મોહથી ફોજમાં રહું ચિદાનંદની,
સત્ય-સુખાસન યાન બાજે-તાર૦ (૫)
રાગ વડભાગ[૧૪] મુજ એક છે તાહરો,
તેહથી નિર્મળિ કીર્તિ વાધે
નેહભર મેહ[૧૫] ઝડી પરિ[૧૬] વરસતા,
આપ-પંકજ[૧૭] દળે લચ્છી વાધે-તાર૦ (૬)

卐

## (૧૫૪) (૭-૧૦) શ્રી શીતલનાથ-જિનસ્તવન

[ કીસકે ચેલે કીસકે પૂત-એ દેશી.]

શીતલનાથ ! સુણો અરદાસ, સાહિબ !
આપો પદ-કમળ વાસ; સાંઈ ! સાંભળો૦
મોહ-મહીપતિ મોટો ચોર,
નવ-નવ રૂપ ધરી કરે જોર-સાંઈ૦ (૧)
માત-પિતા વધૂ ભગિની ભ્રાત;
સાસુ સસરો પીતરીયા જાત-સાંઈ૦
કુટુંબ વેષ કરી કિરતાર.[૨]
એહ ભમાડે બહુ સંસાર-સાંઈ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષટ-દર્શનનું લેઈ રૂપ,
જગને પાડે ભવાન્ધ[3]કૂપ -સાંઈ૦
જો છોડણુ ચાહે સુણી સુત્ત,
રૂપ ધરે એહ બીજો ધૂત્ત-સાંઈ૦ (૩)
વિવિધ કુમતિ મન ઉન્માદ,
આણા લોપી માંડે વાદ,
આગમ[4]-ભાખીની મતિ મંદ,
આરોપે નિજ-મતનો કંદ-સાંઈ૦ (૪)
મોહતણો એહવો પરપંચ,
સ્વામી! હવે શો કીજે સંચ[5]-સાંઈ૦
કાંઈ બતાવો એક ઉપાય,
જિન મોહ નાસી દૂરે જાય-સાંઈ૦ (૫)
નેહ-નજર ભરી નાથ! નિહાળ!
સુખીઓ થાઉં ત્રણ્યે કાળ-સાંઈ૦
કીર્તિવિમલ પ્રભુ કર ઉપગાર,
લક્ષ્મી કહે તું કરૂણાગાર-સાંઈ૦ (૬)

卐

## (૧૫૫) (૭-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

[ થારાં મોહલાં ઉપરિ મેહ ઝરૂંખે ઝબુકે વીજળી હો લાલ.. ઝરૂંખે દેશી.]

શ્રી શ્રેયાંસ! કૃપાળ! ત્રિભુવન-સુખકરો!
હો લાલ-ત્રિભુવન-સુખ કરો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગ ઉદ્ધરવા હેત ઇંહા તું અવતર્યો હો લાલ-ઈહાં૦
કર કરૂણા જગનાથ! કહું હું કેટલું-હો લાલ, કહું૦
ભવ-ભવનો ભય ટાળ માંગું છું એટલું, હો લાલ
-માંગું૦ (૧)

દેતાં દાન દયાળ કે કેસર[1] નહીં (સહી) કીસી-હો લાલ,
કેસર૦ (૨)

જેહવું મુજ શુદ્ધ સ્વરૂપ આપો ઉલ્લસી, હો લાલ-આપો૦
બેસી પરષદામાંહિ દેખાડી ગુણતટી[2]—હો લાલ, દેખાડી૦
લહેવા તેહજ રૂપ થઈ મન ચટપટી—હો લાલ-થઈ૦ (૨)

જાણ્યા વિણ ગયો કાળ અનંતો
ભવ-ભડી, હો લાલ-અનંતો
સુણી નિરંજન! દેવ! ન
જાએ એક ઘડી-હો લાલ, ન૦
ઉતાવળ મનમાંહે થાય છે
અતિ ઘણી-હો લાલ, થાય૦
પણ નવિ ચાલે જોર વડાશું
આવી ભણી હો લાલ-વડાશું૦ (૩)

કહ્યું તમે હિત આણિ
અમે નવિ જાણતા હો લાલ, અમે૦
તો આપો જગ-બંધુ! રખે તુમે
તાણતા-હો લાલ, રખે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણું છું મુનિનાથ! ઉપાદાન
આપણો-હો લાલ; ઉપાદાન૦
સમરે સીઝે કાજ કે નિમિત્ત
તુજતણો-હો લાલ, નિમિત્ત૦ (૪)
ધ્યાતાં નમતાં તુજને આતમ
અમ તણો-હો લાલ, આતમ૦
કર્મ રહિત જે થાય પસાય તે
તમ તણો-હો લાલ; પસાય૦
કીર્તિવિમળ પ્રભુ પાય સેવો
મનસા કરી-હો લાલ, સેવો૦
પામ્યો પરમાણંદ કે શિવ-લચ્છી
વરી-હો, લાલ શિ૦ (૫)

卐

## (૧૫૬) (૭૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી-જિન સ્તવન

વાસુપૂજ્ય! વસુધા-તળે હો રાજ,
ભલું[૧] બોધિબીજ વાવંત,
સોભાગી રૂડા-સાહિબા૦
વાણી અમીયરસ સિંચતા હો રાજ,
જીવદયાંકૂર કંત-સોભાગી૦ (૧)
દાન શિયળ તપ ભાવના-હો રાજ;
તે તો નવ-પલ્લવ ખાસ- સોભાગી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રત-વૈરાગ્ય તે ફૂલડાં-હો રાજ,
અનુભવ સુગંધ સુવાસ-સોભાગી૦ (૨)
ક્ષાંતિ[2] મદ્દવ[3] અજ્જવ[4] મુત્તિ[5]-હો રાજ,
તપ-સંયમસું સાર-સોભાગી૦
બોધ-સત્ય-શૌચપણું-હો રાજ,
દશ શાખા વિસ્તાર-સોભાગી૦ (૩)
આગમ શીતળ, છાંહડી-હો રાજ,
મોક્ષ-ફળ નિ-પાય[6]-સોભાગી૦
વિષય-વહ્નિ આકરો-હો રાજ,
ટાળે તેહનો તાપ-સોભાગી૦ (૪)
જૈનવૃક્ષ સફળો ફળ્યો-હો રાજ,
ચાહો ચેતનરાય-સોભાગી૦
જયા-સુત[7] ઓળગ કરો-હો રાજ,
જિમ તુજ પ્રસન્ન થાય-સોભાગી૦ (૫)
ગયા કે ઠબકો લહી હો-રાજ,
નાઠાં સઘળાં દુઃખ-સોભાગી૦
કીર્ત્તિવિમળ પ્રભુની કૃપા હો રાજ,
લક્ષ્મી લહે બહુ સુખ-સોભાગી૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૫૭) (૬–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

(કંત! તમાકુ પરિહરો–એ દેશી.)

વિમલ-જિનેસર ! જગધણી !
કલ્પતરૂ[1] અભિરામ-મોરા લાલ,
તાદૃશ[2] દાન-દાતા પ્રભુ !
મુજ ન આપે શિવ-ઠામ-મોરા લાલ-વિમલ૦ (૧)
કેવળ દોષ તે માહરો, નિર્દોષી ગુણખાણ મોરા૦
છિદ્ર-કુંભે[3] જળ નવિ રહે,
સાયર-દોષ ન જાણુ-મોરા૦ વિમળ૦ (૨)
રત્ન-દ્વીપે બહુ-ધના, ભાગ્ય-હીન શોચંત-મોરા૦
ચિંતામણિ આગે લહી,
નિજ[4]-લોચન મીંચંત-મોરા૦ વિમલ૦ (૩)
પંથી પામ્યો સાથને, શાતાશું[5] સુવંત-મોરા૦
ભૂખ્યાને ભોજન મિલે,
આદરથી ન કરંત-મોરા૦ વિમલ૦ (૪)
તે પણ સ્વામી ! તુમ વિના,
કહેવાનું કુણ કામ ? મોરા૦
કહેતાં કીર્તિ નાથની,
લખમી લહે કલ્યાણ-મોરા૦ વિમલ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૫૮) (૭-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

[મારે માથે પંચરંગી પણ સોનાનો છોગલો મારૂંજી-એ રાગ]

આવો ! તુમે વીતરાગ ! હમારે મંદિર—સ્વામીજી,
તો ન કરૂં પરદેશ[1] સરોવર બંદિ રે—સ્વામીજી
ઠોર[2] ધરી એક ચિત્ત કરૂં તુમ ચાકરી-સ્વામીજી
માંગું નહી કિસ્યો[3] દામ સબૂરી[4] આદરી—સ્વામીજી૦ (૧)
છાંડી યોગના ચાળા ધરૂં દશા પાધરી[5]-સ્વામીજી,
ઉદ્ધત દોષ અનાદિ મૂળથી ઉદ્ધરી-સ્વામીજી૦
ફોગટ લોકની વાત વિવાદ પરિહરૂં-સ્વામીજી,
હાંસી-મચ્છર દોષ સવિ નવિ મન ધરૂં—સ્વામીજી૦ (૨)
ચિત્ર[6] નહિ મનમાંહે એ ગુણ તુમતણો—સ્વામીજી;
યાદ ધરે જિહાં પૂજ્ય તિહાં આણંદ ઘણો—સ્વામીજી
જિહાં વસે રામ તિહાં અયોધ્યા ઉલ્લસે-સ્વામીજી,
ઉખાણો એ લોકતણો મનમાં વસે-સ્વામીજી૦ (૩)
આગળથી[7] ઓવરંતા હોવે બહુ ભાષિત—સ્વામીજી૦
થોડામાં સંક્ષેપ કરૂં સાખિતા; —સ્વામીજી,
દેખી સેવક ભણી તુમે પણ આકરી—સ્વામીજી,
રહેશો કરી થિર-ઠામ પરિણતિ તો મુજ ખરી
—સ્વામીજી૦ (૪)
**અનંતજિન !** પ્રતિબંધ[8] ન દીસે તાહરે—સ્વામીજી,
સહજે ભાંગે રાડ[9] થાયે ગુણ માહરે-સ્વામીજી૦
થાશે ચોખી કીર્ત્તિ તુમારી ચોગણી-સ્વામીજી૦
લક્ષ્મી કહે કર-જોડી મળ્યો તું સુરમણિ-સ્વામીજી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૫૯) (૭–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

[ભૂપ ભણે સુણો ! શેઠ ! કરસિણ પીયારા હો !
ઢોરાં ચારે આપણો–એ દેશી]

ધર્મ-જિનેસર દેવ દરસણ તાહરૂં હો ?
ભાગ્ય અનંતે પામીઓ,
જાગ્યો ધર્મ-અંકુર, અમિય[1]-મેહ વુઠા હો ;
પુણ્યે ઘણો જામિઓ૦ (૧)
ભાંગી ભવ[2]-ભય-ભીત, દુશ્મન નાઠા હો–ચોર દિશોદિશે[3]
આદિત્ય[4] લગે[5]લોક, વિકસિત થાવે હો–ચોર દૂરે ખિસે૦(૨)
ઢાંકયાં કર્મ[6]–મહાકૂપ, પિહિત[7] કીધાં હો
–બારાં[8] દુરગતિતણાં;
તું (તુજથી) તૃષ્ણા દૂર; કપટ[9]–ઘટ ફૂટયો હો
–દીધાં સુખ[10]–ધામણાં૦ (૩)
કીધો સમય પય–પાન;[11] વિષય-પિપાસા હો
નાઠી અનાદિની;
ભુંજયું[12] ભોજન; ભૂખલડી ભાંગી હો
–કામ-પ્રમાદની૦ (૪)
અધ્યાતમ–મણિપીઠ; મંદિરમાં બેસી હો
ખેલું વ્રત નારશું૦
કીર્ત્તિ લહી જગ[13]સાર, કહે લચ્છી હો
આતમ તારશું૦ (૫)

卐



Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

## (૧૯૦) (૭-૧૬) શ્રી શાન્તિનાથ-જિન સ્તવન

[ ઇડર આંબા આંબલી રે—એ દેશી. ]

શાંતિનાથ સોહામણો રે, સોળમો એ જિનરાય
શાંતિ કરો ભવ-ચક્રનીરે[૧], ચક્રધર[૨] કહેવાય
મુનીસર ! તું જગજીવન ! સાર (૧)
ભવોદધિ[૩] મથતાં મેં લહ્યો રે, અમૂલખ-રત્ન[૪] ઉદ્ધાર
લક્ષ્મી પામી સાયર[૫] મથી રે,
જિમ હર્ષે મુરાર[૬]-મુની૦ (૨)
રજની[૭] અટતાં[૮] થકાં રે, પૂર્ણ-માસે પૂર્ણચંદ્ર
તિમ મેં સાહિબ પામીઓ રે,
ભવમાં નયણાનંદ-મુની૦ (૩)
ભોજન કરતાં [૯]અનુદિને રે, બહુ લહે ઘૃતપૂર[૧૦]
તિમ મુજને તુંહી મિળ્યો રે,
આતમરૂપ સનૂર-મુની૦ (૪)
દરિદ્રતા રીસે જળી રે, નાશી ગઈ પાતાળ,
શેષનાગ કાળો થઈ રે, ભૂ-ભાર[૧૧] ઉપાડે બાળ-મુની૦ (૫)
યોગીસર જોતાં થકાં રે, સમરે યોગ સુજાણ,
અ-જોગિતા વાંછીયે રે, યોગ્યાલોક નિદાન—મુની૦ (૬)
અચિરા-નંદન ! તું જયો રે, જય જય તું જગનાથ !
કીર્ત્તિલક્ષ્મી મુજ ઘણી રે, જો તું ચઢીઓ હાથ !-મુની૦(૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૬૧) (૭–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

(ગુણ–દરિયો ગુણ–દરિયો ઊંડો અગાધ—એ દેશી.)

કર્મછેદી કર્મછેદી અતિ નિરબંધ[1] હો,
મોહ–દ્વેષી મોહ–દ્વેષી ક્ષમા અનુભરોજી
પાપ–ભીરૂ પાપ–ભીરૂ વીર્ય આકરોજી[2]
કિમ જાણું ! કિમ જાણું ! તુજ ગતિ મુજ મતિજી
તુંહી જાણે ! તુંહી જાણે !
તાહરી ગુણ[3]તતિજી–કિમ૦ (૧)
તુંહી આપે તુંહી આપે શિવપુર–વાસ હો,
જેહ તાહરી જેહ તાહરી આણા સિર ધરેજી,
તુજ નિંદી તુજ નિંદી પામે દુઃખ હો,
તેહ જાણું તેહ જાણું તુજ નિંદા કરેજી–કિમ૦ (૨)
નહીં માયા નહીં માયા મમતા લેશ હો,
નિજ થાપે નિજ થાપે સંઘ ગણધરાજી
નવિ નામે નવિ નામે પરને શીશ હો,
પ્રતિબંધે[4] પ્રતિબંધે તાહરે ભવ તર્યાજી—કિમ૦ (૩)
ગત–સંગી ગત–સંગી નામ કહેવાય હો,
સુરશ્રેણી સુરશ્રેણી પદ પાસે વસેજી
વીતરાગ વીતરાગ નિરંજન દેવ હો,
ભવિ–રંજન ભવિ–રંજન મન તુજ શું ઉલ્લસેજી–કિમ૦(૪)
અદ્ભુત અદ્ભુત શ્રી કુંથુની વાત હો,
નવિ જાણે નવિ જાણે યોગી–મુનિવરાજી !
તુજ નામે તુજ નામે કીરતિ થાય હો,
આપ–લચ્છી[5] આપ–લચ્છી આપે સુખ–કરાજી–કિમ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૬૨) (૭-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

[ કરી શૃંગાર વંદ્રાવન માલિ, રાધા રમવા ચાલી રે,
માહરી સખી રે સહેલી—એ દેશી. ]

શ્રી અરનાથ નિરાગી નિકામી, નિસનેહી શિવગામી રે;
—સ્વામી સ્વારથકારી[1],
રોષે કરીને નવી રીસાઈ,
તું નિ-સનેહી ગુણ ગાઈ રે. —સ્વામી૦ (૧)
બંધ-ઉદિત[2] તીર્થં-નામ ભોગવતો,
આતમ-રસ જોડવતો રે, સ્વામી૦
નિઃકર્મા થાવાને કાજે,
બેસી સમોસરણે ગાજે રે-સ્વામી૦ (૨)
તો હું શું કરી તુજ રીઝવું ?,
એક ઉપાય ચિત્ત લાવું રે—સ્વામી૦
ધ્યાન તમારૂં નિત્યે ધરશું,
અમે પણ સ્વારથ[3] કરશું રે—સ્વામી૦ (૩)
યાવત[4] સ્વારથ[5] પૂરો પાવું,
તાવત[6] તુજને ધ્યાઉં રે—સ્વામી૦
[7]ભૂપ સરખી પ્રજા જાણો,
લોકવાત મન આણો રે—સ્વામી (૪)
ન્યાય-મારગમાં શ્રી અરરાજે,
નિરૂપાધિક ગુણ છાજે રે-સ્વામી૦
કીર્ત્તિવિમલ પ્રભુ સેવા પામી,
લહો લચ્છી-શિવકામી રે-સ્વામી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૬૩) (૭–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

[ દાન સુપાત્ર દીજીઈ—એ દેશી. ]

મલ્લિજિન જોવા ભણી, અધિક થયો ઉછાહોરે[1]
માર–ચોરને[2] ભેદવા, પેહરી શીલ–સન્નાહોરે[3]
નામ તુમારૂં હો લીજીયે. (૧)
ભવ–અટવી મોટી પડી, ધ્યાન–જપે જપમાળી રે
ઉપશમ–રસ નદી ભરી,આગમ–પંથે વાળીએ રે.–નામ૦(૨)
સમક્તિ ભટ સાથે લેઈ, સંયમ–શંબળ[4] સારો રે
પંડિત–વીર્ય ધીરજ ધરી,ટાળી મોહ સવારો રે–નામ૦ (૩)
શુદ્ધ–વ્યવહાર નયરી ઠવે, બાહિર ચોકી ચંગ રે
નિશ્ચય–નયની જાણીયે,
ચતુર ભલી અંતરંગ રે–નામ૦ (૪)
અનુભવહર્મ્ય[5] માંસલો,[6] વાધે સેવક–વાનો રે
દોય ઘડી મસલત[7]કરી, થાપો આપ–સમાનોરે–નામ૦ (૬)
ગુણ કદી ન વિસારીયે, રાત–દિવસ સંભારૂં રે
કીર્ત્તિ વાધી તુમ તણી, લક્ષ્મી કહે મન ધારું રે–નામ૦ (૬)

卐

## (૧૬૪) (૭–૨૦) શ્રી મુનિસુવ્રત–સ્વામી–જિનસ્તવન

[કાસંભીની–દેશી]

જીવનો જીવન માહરો, મનનો મોહન મારો;
ભવનો રોધન[1] માહરો સાહિબો,
પ્રભુ! માહરા! તીન ભુવન–સણગાર હો;
તુમ દરસણ લહ્યા વિના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ! માહરા! ભમિઓ બહુ સંસાર હો
—જીવનો૦ મન૦ ભવ૦ (૧)
ચતુર્દશ રજુ[2] પૂરો કર્યો, પ્રભુ! આતમ ફરસી જાણુ હો૦
અનાદિ નિગોદ માંહિ વસ્યો, પ્રભુ૦ કાળ અનંત પ્રમાણુ હો
—જીવ૦ મન૦ ભવ૦ (૨)
ગોલા[3] અસંખ્યાતે ભર્યો, પ્રભુ! પૂરણુ લોકાકાશ હો;
ગોળા અસંખ્ય-નિગોદથી, પ્રભુ! તિહાં જીવ અનંતા વાસ હો
—જીવ૦મન૦ભવ૦ (૩)
સાસોસાસનું મૂકવું, પ્રભુ! જનમ-મરણુ સમકાળ હો;
આપ-સ્વરૂપ જાણ્યું નહીં, પ્રભુ! અનુભવી જડતા[4]-જાળ હો
—જીવ૦મન૦ભવ૦ (૪)
બાયર-નિગોદમાંહિ સહ્યો, પ્રભુ! છેદન-ભેદન તાપ હો;
પુઢવી આઉ તેઉમાં, પ્રભુ૦ વાયુ વણુસ્પતિ પેહો
—જીવ૦મન૦ભવ૦ (૫)
બિ-તિ-ચઉરિંદિમાં રહ્યો, પ્રભુ૦સંખ્યાતા મહાકાળ હો,
તિર્યંચના ભવ મેં કિયા, પ્રભુ૦
દ્વીપ પંચાવન ચાળ હો-જીવ૦, મન૦ ભવ૦ (૬)
સાતે નરકે હું ભમ્યો, પ્રભુ૦ દીર્ઘકાળ અસરાળ[5] હો,
દુર્ભગ[6]-દેવની જાતિમાં,
દુઃખ સહ્યું વિશાળ હો-જીવ૦ મન૦ ભવ૦ (૭)
મુનિસુવ્રત-કૃપાથકી, પ્રભુ૦ ભાંગ્યો સબ વિષવાદ હો,
કીર્ત્તિ વિમલ-ગુરૂની ગ્રહી, પ્રભુ૦
શિવ-લચ્છી કરૂં સાદ, હો-જીવ૦મન૦ભવ૦ (૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૬૫) (૭–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

[બેહુ કરજોડી કહે છે કામિની, કંત સુણો અરદાસ–એ દેશી]

શ્રી નમિસ્વામી રે ! જાગી શુભ–ચેતના, [૧]રાગ ધર્યો તુમ સાથ;
સમકિત પામી રે સાર[૨] દશા ધરી, દીઠો શિવપુર[૩]—સાથ;
નમિજિન ! ભાસે(તું) પોતા[૪] સારખો,
પ્રભુને જોઈ કીજે રે પારખો[૫]–નમિ૦ (૧)
આતમ જાણું રે નિરૂપાધિકપણું, સ્વાભાવિક ગુણ–ખાણ;
છે અસંખ્યા રે પ્રદેશ નિરાવરણા,
લોકાકાશ–પ્રમાણ–નમિ૦ (૨)
નિજ–પ્રદેશ રે એકે કહે, ગુણ અનંત નિવાસ;
પરમાનંદી રે શિવસુખ[૬]–સંપન્ન,
નિરામય સુવિલાસ–નમિ૦ (૩)
નિર્વિકારી રે નિરાધારીએ, દ્રવ્ય–કર્મ[૭]–વિનિર્મુક્ત;
ભાવ–[૮] કર્મથી રે ત્યક્ત નિરંજન,
નો–કર્મ[૯]–હીણો ઉક્ત–નમિ૦ ૪)
દર્શન–નાણી રે કેવળ ભાવથી, અ-રૂપી અ–વિનાશ;
નિરાવરણી રે નિગ્રંથી નિર્માય,
નિર્લેશ નહી ફાસ—નમિ૦ (૫)
સંયોગી રે ઉપાધિ સવે, કનક[૧૦]–ઉપલને ન્યાય;
ધ્યાનાનલની રે જ્વાળાયે સહી,
પૃથક[૧૧] કર્યે સુખ થાય–નમિ૦ (૬)
એહવો ભાસ્યો રે આતમ આપણો,
નમિ-જિનનાં સુણી વાચ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કીર્ત્તિ વાધી રે દેશ-દેશાંતરે,**
**લક્ષ્મી કહે** જિન ! સાચ-નમિ૦ (૭)

卐

## (૧૬૬) (૭-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

[આંબો મોહરીઓ-એ દેશી]

**શ્રી નેમિ !** તુમને શું કહીયે,એ કહેવાનો નહિં વ્યવહાર;
ગુહ્ય[1] મોટાનું ભાંખતાં, ઉપજે મનમાં વિચાર-શ્રી૦ (૧)
નામ નિરાગી સહુ કો કહે, બ્રહ્મચારી-શિરદાર;
રાગ રાખો છો એવડો,**રાજુલ** ઉપર તુમે નિરધાર-શ્રી૦
ચોમાસે ચાલી ગયા, **ઉગ્રસેન** દરબાર;
આઠ ભવાંતર-નેહલા તુમે પાળ્યો પ્રેમ-પ્રકાર-શ્રી૦ (૩)
"આતમ-સુખ-વાંછા અછે, તું આવજે માહરે પાસ;
પહેલાં તુજ પછે મુજને," સંકેત[2] કર્યો ગુણવાસ—શ્રી૦
ઈમ કહી વ્રત આદર્યું, **રાજુલને** આપી ખાસ;
સંયમ-સાહી પેહરણે,નાણ-દંસણ-ચરણવિલાસ-શ્રી૦ (૫)
સિદ્ધિ-શિરોમણી ઉપરે, ભુંજે ચિદાનંદ-ભોગ;
આપ-સમી વશા[3] કરી, સાદિ-અનંત સંયોગ-શ્રી૦ (૭)
અનંત ભવ માહરે, તુમ સાથે સંબંધ;
વિસ્મૃતિ[4] તુજને કિમ ઘટે ! સંભારો નહિ તસ ગંધ—શ્રી૦
સુ ગુરૂને ચરણે ધરે, હું બોલું તુમ જસવાદ;
**કીર્ત્તિ** તુમારી છે ઘણી, **લક્ષ્મી** સેવે તુમ પાદ-શ્રી૦ (૮)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૬૭) (૭–૨૩)શ્રી પાર્શ્વનાથ–જિન સ્તવન

[ચીત્રોડા રાજાને–એ દેશી]

**વામારાણી**–જાયા[૧]રે, સુર–નર–મુનિ ભાયા[૨] રે;
મુજ મન આયા હુઆં શુભ–વધામણાં રે૦ (૧)
આરતિ[૩] સવિ ભાંગી રે, તુમશ્યું લય લાગી રે;
રૂચિ જાગી ધન પૂરાં આવ્યાં આપણાં રે૦ (૨)
તુજ સંગે સોભાગી રે, બહુ શર્મ[૪] વિભાગી રે;
પશુ[૫]-ભોગ થયો ધરણીંદરો રે૦ (૩)
આશાતનાકારીરે, દોષી મહા ભારી રે;
દ્વેષને ધારી અસુર કમઠો તર્યો રે૦ (૪)
**શ્રી પાર્શ્વજિણંદા** રે, મુખ પુનિમ ચંદા રે;
પરમાનંદકારી એ પ્રભુ જાણિયેરે૦ (૫)
તુજ નામ સંભારી રે, નિજ ગુણ વિચારી રે,
**કીર્ત્તિ** તાહરી જગ વખાણીયે રે૦ (૬)
તુંહી તુંહી હમારો રે, હું[૬] ભેદ નિવારો રે;
ઈમ કહે **લક્ષ્મી**–વાચક પ્રમાણીયે રે૦ (૭)

卐

## (૧૬૮) (૭–૨૪) શ્રી મહાવીર–જિન સ્તવન

[ થુણિઓ થુણિઓ રે પ્રભુ! સુરપતિ જે થુણિઓ રે—
એ દેશી ]

**ત્રિશલાનંદન** ચંદન શીતલ, સરીસ સોહે શરીર;
ગુણ–મણિસાગર નાગર[૧] ગાવે, રાગ ધન્યાશ્રી ગંભીર રે;
**પ્રભુ વીર જિનેસર** પામ્યો૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસન–વાંછિત–[2]બોધે[3] ભવિકને, તારે સયલ સંસાર,
પાવન[4] ભાવના ભાવતી કીજે,
અમો પણ આતમ સાર રે–પ્ર૦ (૨)
નાયક લાયક તુમ વિણુ બીજો, નવી મળિયો આ કાળ;
તારક પારક[5]ભવ–ભય કેરો, તું જગ દીનદયાળ રે–પ્ર૦ (૩)
અકલ અમાય અમલ પ્રભુ ! તાહરો, રૂપાતીત વિલાસ;
ધ્યાવત લાવત અનુભવ–મંદિર,
યોગીસર શુભ ભાસરે– પ્રભુ૦ (૪)
વીર ધીર શાસનપતિ સાધો, ગાતાં કોડિ કલ્યાણ,
**કીરતિવિમલ** પ્રભુ પરમ સોભાગી, **લક્ષ્મી** વાણી પ્રમાણરે,
પ્રભુ **વીર-જિનેસર** પામ્યો–પ્રભુ૦ (૫)

卐

# શ્રી લક્ષ્મીવિમલજી કૃત
## સ્તવન–ચોવીશી
### કઠિન શબ્દોના અર્થ
## ટિપ્પણી

**સ્તવન ૭–૧**

૧. વહાણ ૨. મોક્ષ ૩. સ્તુતિથી ૪, જીભ ૫. અમૃતની રેખા ૬. ક્રોડો કેવલજ્ઞાની ૭. તે દેવોની ૮. મોક્ષ લક્ષ્મી.

**સ્તવન ૭–૨**

૧. કામ જીત્યો છે જેમણે ૨. સિદ્ધ થઈ ગયા છે, બધાં સાધનો જેમને–કૃતકૃત્ય ૩. બીજા બધા મોહની કામના વાળા ૪. કારણપણું ૫. લક્ષ્યને માત્ર મુખથી પોકારવાથી ૬. કંઈ પણ આંતરૂં નથી–સાક્ષાત્ છે જ ! ૭. હેતુની પરંપરાથી રહિત ૮. હેતુ=બાહ્ય સાધનની કંઈ જરૂર નહીં ૯. આગમોની ગૂઢ વાતો ગુરુચરણે વિનયથી બેસી જેમણે મેળવી નથી ૧૦. વરસાદ પવન આદિથી ઉપજતું અનાજ વગેરે ૧૧. બળતણ=લાકડાં અને અગ્નિનો સંયોગ ૧૨. અરૂપીપણું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૭-૩**

૧. ઉત્પત્તિ ૨. મિથ્યાત્વી ૩. અજ્ઞાની ૪ વિષયોના અનિષ્ટ પરિણામને ૫. પુદ્‌ગલભાવની પરિણતિ ૬. આત્મ સ્વરૂપ ૭. પ્રભુના ગુણની પ્રભુતાને.

**સ્તવન ૭-૪**

૧. કરણી=ક્રિયા સત્ય=સાચી-સારી ૨. જીવરક્ષા= જયણા ૩. ઊંચું મુખ રાખી ૪. ઉઘાડામાં=ખૂલ્લામાં ૫. ઠંડા પાણીમાં ૬. હેમંતઋતુ=શિયાળામાં ૭. આત્માની શુદ્ધિ ૮. અનેકાંતવાદમય ૯. ઉત્તમ-મહાપુરુષ પાસે ૧૦. બુદ્ધિશાળી ૧૧. પાધરી=સેવા કરનાર ૧૨. મિલન, સંયોગ ૧૩. સંસારલક્ષ્મીનો નાશ.

**સ્વતન ૭-૫**

૧. મોહનો અંધકાર ૨. જ્ઞાનાવરણીય-દર્શના-વરણીયની ૩. વેદનીય ૪. અંતરાયની ૫. શુદ્ધ મન રૂપી લોખંડી ગદા (હથિયાર વિશેષ) ૬. ક્ષયોપશમની વિચિત્રતાથી ભિન્ન-ભિન્ન રૂપ જ્ઞાન-ચક્ષુથી ૭. સિદ્ધના જીવો જ્યાં છે તે શ્રેષ્ઠ-સરોવરનો કિનારો ૮. બૃહત્ કલ્પ ભાષ્ય ૯. મોક્ષ સુખ દેનાર.

**સ્તવન ૭-૬**

૧. નિઃસ્વાર્થી ૨. પ્રેમાળ ૩. બીજા ૪. હે મા ! ૫. સોબત ૬. પ્રેમ ૭. પથારી ૮. લીમડાના સંબંધે ૯. આંબાને ૧૦. સાચું ૧૧. સોનાપણું ૧૨. સોનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવનારી ઔષધિઓના સિદ્ધ રસથી વીંધાયેલ ૧૩. શ્રેણિ=સમૂહ.

સ્તવન ૭-૭

૧. વિષય-કષાયના ઉપશમ ભાવરૂપ રસનો ઘડો ભરેલો ૩. છાંટો ૪. ઘેબર ૫. સાકરનું પકવાન્ન ૬. અમૃત રસવાળાં દેવતાઈ વૃક્ષનાં ફળ ૭. રાખોડી ૮. પર-પરિણતિના પરિણમનના કારણભૂત ૯. પોતાની આંખો.

સ્તવન ૭-૮

૧. ગુણથી રંગાયેલ ૨. પક્ષીઓ ૩. કીર્તિ ૪. સાડા ત્રણ હાથ દૂર ૫ ખરાબ.

સ્તવન ૭-૯

૧. સેવા ૨. મોહરૂપ મહાયોદ્ધો ૩. દેશવટો ૪. અનેક રીતે ૫. આજ્ઞા ૬. સાણિ=શરાણે ચઢાવેલ=અણીદાર બાણ ૭. અસી=ફેંકી ૮. બકરાની જેમ ૯. ભૂમિકા-મર્યાદા ૧૦. પર્વતની ગુફામાં ૧૧. બંદૂક-તોપના ગોળા ૧૨. બિચારી ૧૩. આંખના ડોળા ૧૪ મોટો-શ્રેષ્ઠ ૧૫. મેઘની ઝડી ૧૬. જેમ ૧૭. આપના ચરણ કમળે.

સ્તવન ૭-૧૦

૧. વિનંતિ ૨. હે પ્રભુ! ૩. સંસારરૂપ અંધારો કૂવો ૪. આગમાનુસાર બોલનારાની બુદ્ધિ મંદ છે એમ કહી પોતાની માન્યતા=મતના મૂળને સ્થાપે છે. (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૫. પ્રયત્ન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૭-૧૧

૧. હોંશિયારી ૨. ગુણરૂપ નદી.

સ્તવન ૭-૧૨

૧. પ્રભુ શાસનની પ્રાપ્તિરૂપ બીજ ૨. ક્ષમા ૩. નમ્રતા ૪. સરળતા ૫. નિર્લોભતા ૬. ઉપજાવી તે ૭. જયા રાણીના પુત્ર.

સ્તવન ૭-૧૩

૧. કલ્પવૃક્ષ ૨. તેવા ૩. કાણા ઘડામાં ૪. પોતાની આંખો ૫. સુખેથી.

સ્તવન ૭-૧૪

૧. પરદેશ, સરોવર, બંદર શબ્દો લાક્ષણિક છે. કહેવાનું તાત્પર્ય એમ લાગે છે કે—હું બહાર ભટકું નહીં ૨. સ્થાન ૩. કંઈ પણ ૪. ખામોશી= ગંભીરતા ૫. સીધી–સાદી ૬. આશ્ચર્ય ૭. વિવરીને= વિસ્તારથી કહેલાં ૮. પ્રેમ–સ્નેહ ૯. ઝઘડો.

સ્તવન ૭-૧૫

૧. અમૃતના મેઘ ૨. ભવના ભયનો ડર ૩. દશે દિશામાં ૪. સૂર્ય ૫. ઉગ્યે છતે ૬. કર્મરૂપ મહા કૂવો ૭. ઢાંકી દીધાં=બંધ કર્યાં ૮. બારણાં ૯. કપટનો ઘડો ૧૦. સુખના વધામણાં ૧૧. દૂધનું પાન ૧૨. કર્યું–ખાધું ૧૩. શ્રેષ્ઠ.

સ્તવન ૭-૧૬

૧. સંસારની ૨. ચક્રવર્તી ૩. સંસારરૂપ સમુદ્ર ૪. અમૂલ્ય ૫. સમુદ્ર ૬. મુરારિ–કૃષ્ણ ૭. રાત્રિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. ભમતાં ૯. રોજ ૧૦. ઘેવર ૧૧. પૃથ્વીનો ભાર.

**સ્તવન ૭-૧૭**

૧. મૂળથી ૨. ઉત્કટ ૩. ગુણશ્રેણી ૪. ૪. ઉત્કટ ભક્તિરાગ ૫. આત્મલક્ષ્મી.

**સ્તવન ૭-૧૮**

૧. સ્વ=પોતાનો-આત્માનો અર્થ=કલ્યાણને કરનાર ૨. બાંધેલું જે ઉદયમાં આવેલ ૩. આત્મકલ્યાણ ૪. જ્યાં સુધી ૫. આત્મમુક્તિ ૬. ત્યાં સુધી ૭. ‘यथा राजा तथा प्रजा’નું ગુજરાતી છે.

**સ્તવન ૭-૧૯**

૧. ઉત્સાહ ૨. કામરૂપી ચોરને ૩. શીયળરૂપ બખ્તર ૪. ભાથું ૫. અનુભવરૂપ હવેલી ૬. સારી ૭. મંત્રણા—વિચારણા.

**સ્તવન ૬-૨૦**

૧. અટકાવનાર ૨. રાજલોક ૩. અસંખ્ય નિગોદ સમુદ્ર ૪. જડપણાની જાળ ૫. અકર્મી ૬. મંદ પુણ્યવાળા ૭. પોકાર.

**સ્તનન ૭-૨૧**

૧. શુભ આત્મદશા ૨. શ્રેષ્ઠ ૩. મોક્ષપુરનો સાથી ૪. પોતાના જેવો ૫. પરીક્ષા ૬. મોક્ષના સુખથી ભરેલ ૭. કાર્મણ વર્ગણાના પુદ્ગલથી રહિત ૮. કર્મબંધના કારણભૂત અધ્યવસાયોથી ૯. કર્મબંધનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહકારી શરીરાદિ કારણથી હીન=રહિત ૧૦. ખાણમાં ભળેલ સોનું અને માટીની રીત મુજબ ૧૧. જૂદું.

સ્તવન ૭-૨૨

૧. ખાનગી વાત ૨. ઇશારો પાકી ગોઠવણ ૩. સ્ત્રી ૪. ભૂલી જવું.

સ્તવન ૭-૨૩

૧. પુત્ર ૨. શય્યા ૩. પીડા ૪. સુખ ૫. પશુ-પણાને ભોગવતો ૬. મારો ભેદ =આંતરૂં.

સ્તવન ૭-૨૪

૧. ઉત્તમ લોકો ૨. શાસનથી સંસ્કારિત ૩. જ્ઞાનથી ૪. પવિત્ર ૫. પાર કરનાર=દૂર કરનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂજ્ય ઉપાધ્યાય
## શ્રી માનવિજયજી
કૃત
## સ્તવન–ચોવિશી

# [૮]

### (૧૬૯) (૮–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

[રાગ–પ્રભાતી]

ઋષભ–જિણંદા ! ઋષભ–જિણંદા !
તુમ દરિશણ હુએ પરમાણંદા
અહ–નિશિ ધ્યાઉં તુમ દીદારા,[1]
મહિર[2] કરીને કરજ્યો પ્યારા પારા–ઋષભ૦ (૧)
આપણને પૂંઠે[3] જે વળગા,
કિમ સરે ? તેહને કરતાં અળગા[4]
અળગા કીધા પણ રહે વળગા,
મોર–પીંછ પરે ન હુએ ઉભગા[5]–ઋષભ૦ (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હ પણ અળગા થયે કિમ સરશે[6] ?
ભગતી ભલી આકરષી લેશે
ગગને ઉડે દૂરે પડાઈ[7],
દોરીબળે હાથે રહી આઈ-ઋષભ૦ (૩)
મુજ મનડું છે ચપળ સ્વભાવે,
તોહે અંતર્મુહૂર્ત્ત પ્રસ્તાવે[8]
તું તો સમય-સમય બદલાયે,
ઈમ કિમ પ્રીતિ-નિહાવો[9] થાયે ?-ઋષભ૦ (૪)
તે માટે તું સાહિબ માહરો !
હું છું સેવક ભવો-ભવ તાહરો !
એહ સંબંધમાં મ હજો ખામી,
વાચક **માન** કહે શિર-નામી-ઋષભ૦ (૫)

卐

## (૧૭૦) (૮-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**[આઘા આમ પધારો રાજ-એ દેશી.]**

**અજિત**-જિણેસર ! ચરણની સેવા, હેવાયે[1] હું હળિયો
કહિયે[2] (કદીયે) અણ-ચાખ્યો
પણ અનુભવ[3]-રસનો ટાણો[4] મળિયો.
પ્રભુજી ! મહિર[5] કરીને આજ, કાજ હમારાં સારો[6] (૧)
મુકાવ્યો પિણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો
ભક્તિભાવ ઉઠયો જે અંતર, તે કિમ રહે શરમાણો[7] !-પ્ર૦
લોચન શાંતસુધારસ-સુભગા[8], મુખ મટકાળુ[9] સુપ્રસન્ન
યોગ-મુદ્રાનો લટકો-ચટકો, અતિશય તો અતિધન્ન-પ્ર૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિંડ-પદસ્થ-રૂપસ્થે લીનો, ચરણ-કમળ તુજ ગ્રહિયાં,
ભમરપરે રસ-સ્વાદ ચખાવો,
વિરસો[૧૦] કાં કરો મહિયાં-પ્રભુજી૦ (૪)
બાળ-કાળમાં વાર અનંતી, સામગ્રીયેં હું નવિ જાગ્યો,
યૌવન-કાળે તે રસ ચાખ્યો,
તું સમરથ પ્રભુ! માગ્યો-પ્રભુજી૦ (૫)
તું અનુભવ-રસ દેવા સમરથ, હું પણ અરથી[૧૧] તેહનો
ચિત્ત-વિત્ત ને પાત્ર સંબંધે,
અજર[૧૨] રહ્યો હવે કેહનો-પ્રભુજી૦ (૬)
પ્રભુની મહિરે તે રસ ચાખ્યો, અંતરંગ-સુખ પામ્યો;
**માનવિજય** વાચક ઈમ જંપે,
હુઓ મુજ મન[૧૩]-કામ્યો-પ્રભુજી૦ (૭)

卐

## (૧૭૧) (૮-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

[સુમતિ સદા દિલમેં ધરૂં-એ દેશી.]

સાંભળ! સાહિબ! વિનતિ, તું છે ચતુર-સુજાણ-સનેહી
કીધી સુ[૧]-જાણને વિનતિ, પ્રાયે ચઢે તે પ્રમાણ[૨]-સનેહી,
**સંભવ**-જિન! અવધારીયેં, મહિર કરી મેહેરબાન-સનેહી!
ભવ[૩]-ભય-ભાવઠ-ભંજણો,
ભગતિ-વત્સલ ભગવાન-સનેહી! સંભવ૦ (૨)
તું જાણે પિણ વિનવું, તોહે[૪] મે[૫] ન રહાય-સનેહી૦
અરથી હોએ ઉતાવળો,
ક્ષણ વરસાં સો થાય-સનેહી! સંભવ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું તો મોટિમમાં[6] રહે, વિનવિયે પણ વિલંબાય-સનેહી !
એક ધીરો એક ઉતાવળો,
ઈમ કિમ કારજ થાય-સનેહી ! સંભવ૦ (૪)
મન-માન્યાની વાતડી, સઘળે દીસે નેટ[7]-સનેહી
એક અંતર[8] પેસી રહે, એક ન પામે ભેટ[9]-સનેહી ! સંભવ૦
જોગ્ય-અજોગ્ય જે જોઈવા, તે અ-પૂરણનું કામ-સનેહી !
ખાઈના જળને પણ કરે,
ગંગા-જળ નિજ નામ-સનેહી ! સંભવ૦ (૬)
કાળ ગયો બહુ વાયદે, તે તો મેં ન ખમાય-સનેહી !
જોગવાઈ એ ફિરિ ફિરિ,
પામવી દુર્લભ થાય-સનેહી ! સંભવ૦ (૭)
ભેદ-ભાવ મૂકી પરો[10], મુજશું રમો એકમેક-સનેહી !
**માનવિજય**-વાચક તણી, એ વિનતિ છે છેક-સનેહી ! સં૦

卐

## (૧૭૨) (૮-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

**[ઢાલ મોતીડાની-એ દેશી.]**

પ્રભુ ! મુજ (તુજ) દરિશન મળિયો અલવે,[1]
મન થયો હવે હળવે—હળવે;
સાહિબા ! **અભિનંદન**-દેવા ! મોહના **અભિનંદન**૦
પુણ્યોદય એ મોટો માહરો,
અણચિંત્યો[2] થયો દરિશણ તાહરો—સાહિબા૦ (૧)
દેખત[3] ખેવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું—સા૦
મનડું જાયે નહી કોઈ પાસે,
રાત-દિવસ રહે તારી પાસે—સાહિબ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહિલું તો જાણ્યું હતું સોહિલું,
　　　પણ મોટાશું હિળવું[4] દોહિલું—સાહિબા૦
સોહિલું જાણિ મનડું વળગું,
　　　થાય નહિ હવે કીધું અળગું—સાહિબા૦ (૩)
રૂપ દેખાડી હોએ અ—રૂપી,
　　　કિમ ગ્રહિવાયે? અ-કળ સરૂપી—સાહિબા૦
તાહરી ઘાત[5] ન જાણી જાયે,
　　　કહો મનડાની શી ગતિ થાયે?—સાહિબા૦ (૪)
પહિલાં જાણી પછે કરે કિરિયા,
　　　તે પરમારથ સુખના દરીયા—સાહિબા૦
વસ્તુ અ—જાણ્યે મન દોડાવે,
　　　તે તો મૂરખ બહુ પછિતાવે—સાહિબા૦ (૫)
તે માટે તું રૂપીઅ-રૂપી,
　　　તું શુદ્ધ-બુદ્ધ નેં સિદ્ધ-સરૂપી—સાહિબા૦
એક સરૂપ ગ્રહીઉં જબ તાહરૂં,
　　　તવ ભ્રમ-રહિત થયું મન માહરૂં—સાહિબા૦ (૬)
તુજ ગુણ-જ્ઞાન ધ્યાનમાં રહીયેં,
　　　ઈમ હિળવું પણ સુલભજ કહીયેં—સાહિબા૦
**માનવિજય**-વાચક પ્રભુ-ધ્યાને,
　　　અનુભવ-રસમાં હળિયો ઈક તાને—સાહિબા૦ (૭)

卐

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## (૧૭૩) (૮-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

[ **થારા મોહલાં ઉપર મેહ૦-એ દેશી.** ]

રૂપ અનૂપ[1] **સુમતિ** જિન ! તાહરૂં-હો લાલ-સુમતિ૦,
છાંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરું-હો લાલ-ઠર્યું૦
રૂપી[2](પ) સરૂપ[3] ન હોત, જો જગ તુજ દીસતું-હો લાલ-જો૦
તો કુણ ઉપર મન્ન, કહો !
અમ હીંસતું[4] -હો લાલ—કહો૦ (૧)
હીંસ્યા[5] વિણ કિમ શુદ્ધ,
સ્વભાવને ઈચ્છતા ?-હો લાલ-સ્વભાવ૦,
ઈચ્છા વિણ તુજ ભાવ,
પ્રગટ કિમ પ્રીછતા[6] ?-હો લાલ-પ્રગટ૦
પ્રીછયા વિણુ કિમ ધ્યાન-દશામાંહિ લ્યાવતા હો લાલ-
લાવ્યા વિણ રસસ્વાદ, કહો કિમ પાવતા ?-હો લાલ-કહો૦
ભક્તિ વિના નવિ મુક્તિ, હુયે કોઈ ભગતને-હો લાલ-હુયે૦
રૂપી (પ) વિના તો તેહ,
હુંયે કિમ વ્યગતને[7] ?-હો લાલ-હુયે૦ !
ન્હવણ વિલેપન માળ, પ્રદીપને ધૂપણા-હો લાલ-પ્રદીપ૦,
નવ-નવ ભૂષણ ભાળ,
તિલક શિર[8]-ખૂંપણા-હો લાલ-તિલક૦ (૩)
અમ સત્[9] પુણ્યને યોગે, તુમે રૂપી થયા-હો લાલ-તુમે૦
અમૃત-સમાણી વાણી, ધરમની કહી ગયા-હો લાલ-ધરમની૦
તેહ આલંબીને જીવ, ઘણાએ બૂઝીયા-હો લાલ-ઘણા૦
ભાવી ભાવન[10] જ્ઞાને, અમો પણ રંઝિયા-હો લાલ-અમો૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે માટે તુજ પિંડ[11], ઘણા ગુણ કારણો-હો લાલ-ઘણા૦
સેવ્યો ધ્યાયો હુયે, મહાભય-વારણો-હો લાલ-મહા૦ !
**શાંતિવિજય** બુધ શીશ,કહે ભવિકા જના-હો લાલ-કહે૦
પ્રભુનું **પિંડસ્થ** ધ્યાન,કરો થઈ ઈકમના-હો લાલ-કરો૦

卐

## (૧૭૪) (૮-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

[ વારી હું ગોડી-પાસજી ભય-ભંજન ભગવંત જિનજી !
એ દેશી. ]

**શ્રી પદ્મપ્રભના** નામને હું જાઉં બલિહાર-ભવિજન !
નામ જપંતા દીહા[1] ગમું,
ભવ-ભય ભંજનહાર—ભવિ૦ શ્રી૦ (૧)
નામ સુણંતાં મન ઉલ્હસે, લોચન વિકસિત હોય-ભવિ૦
રોમાંચિત હુયે દેહડી,જાણે મિળિયો સો[2]ય-ભવિ૦ શ્રી૦
પંચમ-કાળે પામવો, દુર્લભ પ્રભુ-દીદાર ભવિ૦ !
તોહે તેહના નામનો, છે મોટો આધાર-ભવિ૦ શ્રી૦ (૩)
નામ ગ્રહચે આવી મિળે, મન-ભીતર ભગવાન-ભવિ૦
મંત્રબળે જિન દેવતા,
વાહલો[3] કીધો આહવાન—ભવિ૦ શ્રી (૪)
ધ્યાન **પદસ્થ**—પ્રભાવથી, ચાખ્યો અનુભવ-સ્વાદ-ભવિ૦ !
**માનવિજય** વાચક કહે,
મૂકો બીજો વાદ-ભવિ૦ શ્રી૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧૭૫) (૮-૭) શ્રીસુપાર્શ્વનાથ-જિન સ્તવન

[ રંગીલે આતમા-એ દેશી. ]

નિરખી-નિરખી તુજ બિંબને, હરખિત હુયે મુજ મન્ન
—સુપાસ સોહામણો !
નિરવિકારતા નયનમાં, મુખડું સદા સુપ્રસન્ન-સુપાસ૦ (૧)
ભાવ-અવસ્થા[1] સાંભરે, પ્રતિહારજની શોભ-સુપાસ૦
કોડી ગમે દેવા સેવા, કરતા મૂકી લોભ-સુપાસ૦ (૨)
લોકા-લોકના સવિ ભાવા, પ્રતિભાસે[2] પરતક્ષ-સુપાસ૦
તોહે ન રાચે નવિ રૂસે, નવિ અવિરતિનો પક્ષ-
—સુપાસ૦ (૩)
હાસ્ય ન રતિ ન અરતિ, નહીં ભય-શોક- દુગંછ-
સુપાસ૦ !
નહીં કંદર્પ-કદર્થના,[3] નહીં અંતરાયનો સંચ
—સુપાસ૦ (૪)
મોહ મિથ્યાત નિદ્રા ગઈ, નાઠા દોષ અઢાર—સુપાસ૦
ચોત્રીસ અતિશય રાજતો મૂળાતિશય ચ્યાર-સુપાસ૦ (૫)
પાંત્રીશ વાણી-ગુણે કરી, દેતો ભવિ ઉપદેશ-સુપાસ૦
ઈમ તુજ-બિંબે[4] તાહરો, ભેદનો નહિ લવલેશ-
—સુપાસ૦ (૬)
રૂપથી પ્રભુ ગુણ સાંભરે. ધ્યાન **રૂપસ્થ**-વિચાર—
-સુપાસ૦
**માનવિજય** વાચક કહે, જિન-પ્રતિમા જયકાર-સુપાસ. (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૭૬) (૮–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**( દિનજચુંની જૂના સાહિબા રે–એ દેશી. )**

તું તો અ–કળ[1] સ્વરૂપી જગતમાં, મનમાં કે'ણે ન પાયો
શબ્દે બોલાવી ઓળખાયો, શબ્દાતીત ઠરાયો–
–તુંહી સાહિબા રે ! મન માન્યા (૧)

રૂપ નિહાળી પરિચય કીનો, રૂપમાંહિ નહિ આયો
પ્રાતિહારજ–અતિશય–અહિનાણે[2],
શાસ્ત્રમાં બુદ્ધે ન લખાયો—તુંહી૦ (૨)

શબ્દ ન રસ ન ગંધ ન રસ નહી, ફરસ ન વરણન વેદ
નહી સંજ્ઞા છેદ ન ભેદ ન, હાસ નહી નહી ખેદ તુંહી૦ (૩)

સુખ નહી દુઃખ નહી વળી વાંછા નહી,
નહી રોગ–યોગ ને ભોગ
નહી ગતિ નહી થિતિ નહી રતિ–અરતિ,
નહી તુજ હરષ ને શોગ–તુંહી૦ (૪)

પુણ્ય ન પાપ ન બંધ ન દેહ ન,
જનમ ન મરણ ન વ્રીડા[3]
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહી,
નહી સંતાપ ન કીડા–તુંહી૦ (૫)

અલખ અગોચર અજ અવિનાશી, અવિકારી નિરૂપાધિ
પૂરણ–બ્રહ્મ ચિદાનંદ સાહિબ,
ધ્યાયો સહજ સમાધિ—તુંહી૦ (૬)

જે–જે પૂજા તે–તે અંગે તું તો અંગથી દૂરે
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે–તુંહી૦(૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિદાનંદઘન કેરી પૂજા, નિરવિકલ્પ[૪]-ઉપયોગ
આતમ-પરમાતમને અ-ભેદે,
નહિ કોઈએ જડનો જોગ-તુંહી૦ (૮)

**રૂપાતીત**-ધ્યાનમાં રહેતાં, **ચંદ્રપ્રભ**-જિનરાય
**માનવિજય** વાચક ઈમ બોલે, પ્રભુ-સરિખાઇ થાય.
તુંહી૦ (૯)

卐

## (૧૭૭) (૮-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

[રાગ-સિંધુડો—ચિત્રોડી રાજા રે-એ દેશી]

તુજ સેવા સારી રે,
શિવ સુખની કયારી રે,
મુજ લાગે પ્યારી રે;
પણ ! ન્યારી છે ? તાહરી પ્રકૃતિ **સુવિધિ**-જિના રે૦ (૧)

હેજે નવિ બોલે રે,
સ્તવીયો નવિ ડોલે રે,
હિયડો નવિ ખોલે રે;
તુજ તોલે ત્રણ જગમાં કો નહીં નિ-સંગીયો રે૦ (૨)

ન જુયે જોતાને રે,
ન રીઝે સોતાને રે,
રહે મેળે પોતાને રે;
શ્રોતાને-જોતાને તો એવા લહો રે૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવિ તૂસે ન રૂસે રે
ન વખાણે ન દૂસે રે,
નવિ આપે ન મૂસેર રે;
નવિ ભૂસે[3]–ન માંડે[4] રે કોઇને કદા ર૦ (૪)
ન જણાએ ધાતરે[5],
તેહશું શી વાત રે,
એહ જાણું કહે વાત રે;
રહિવા તન–તોહે તુજ વિણુ **માનને** ર૦ (૫)

卐

## (૧૭૮) (૮–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

**(મન રંગ ધરી–એ દેશી)**

તુજ મુખ–સનમુખ નિરખતાં,
મુજ લોચન અમી કરંતા હો—શીતલ જિનજી૦
તેહની શીતલતા વ્યાપે[1],કિમ રહિવાયે કહો તાપે હો શી૦
તુજ નામ સુણ્યું જબ કાને,
હઈયડું આવે તવ સાને[2] હો—શીતલ૦
મુરછાયો[3] માણસ વાટે, જિમ સજ્જ[4] હુયે અમૃત–
છાંટે હો—શીતલ૦ (૨)
શુભ–ગંધને તરતમ યોગે,આકુલતા હુઈ ભોગે હો—શી૦
તુજ અદ્ભુત દેહ–સુવાસે,
તેહ મિટી ગઈ રહત ઉદાસે હો---શીતલ૦ (૩)
તુજ ગુણ[5]–સંસ્તવને રસના,
છાંડે અન્ય[6]–લવની તૃષ્ણા હો—શીતલ૦

પૂજાયે તુજ તનુ ફરસે,
ફરસન શીતલ થઇ ઉલસે હો—શીતલ૦ (૪)
મનની ચંચલતા ભાંગી,
સવિ છંડી થયો તુજ રાગી હો—શીતલ૦
કવિ **માન** કહે તુજ સંગે,
શીતલતા થઇ અંગો-અંગે હો—શીતલ૦ (૫)

卐

## (૮–૧૧) (૧૭૯) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

(દેશી વાહાણની-રાગ મલ્હાર)

**શ્રી શ્રેયાંસ**-જિણંદ ઘનાઘન[૧] ગહગહયોરે-ઘના૦,
વૃક્ષ અશોકની છાયા સુભર[૨] છાઈ રહયો રે-સુભર૦
ભામંડળની ઝલક[૩] ઝબુકે વિજળીરે-ઝલક૦
ઉન્નત[૪] ગઢ[૫]-તિગ ઈંદ્રધનુષ શોભા મિલીરે.-ધનુ૦ (૧)
દેવ દુંદુહિનો નાદ ગહિર[૬] ગાજે ઘણુંરે--ગુહિર૦
ભાવિક-જનનાં નાટિક મોર-ક્રીડા ભણુંરે-મોર૦
ચામર કેરી હાર ચલંતી બગ[૭]તતીરે-ચલંતી.
દેશના સરસ સુધારસ વરસે જિનપતિરે-વરસે૦ (૨)
સમકિત ચાતકવૃંદ તૃપતિ પામે તિહાંરે-તૃપતિ૦,
સકળ કષાય-દાવાનળ શાંતિ હુઈ જીહાંરે-શાંતિ૦
જન-ચિત્તવૃત્તિ સુ-ભૂમિત્રે[૮] હાલી થઈ રહીરે,-હાલી૦
તેણી રોમાંચ અંકુર-વતી કાયા લહીરે—વતી૦ (૩)
શ્રમણ કૃષી[૯]-બળ સજ્જ હુયે તવ ઉજમા[૧૦]રે-હુએ૦
ગુણવંત જનમ નક્ષત્ર સમારે સંયમી રે-સમા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા બીજાધાન[૧૧] સુ-ધાન[૧૨] નિપાવતારે સુધાન૦,
જેણે જગના લોક રહે સવિ જીવતા રે—રહે૦ (૪)
ગણધર[૧૩]-ગિરિતટ-સંગી થઈ સૂત્ર ગુંથના રે-થઈ૦
તેહ નદી પરવાહે હુઈ બહુ પાવના રે;—બહુ૦
એહ જ મોટો આધાર વિષમ કાળે લહ્યો રે, વિષમ૦
**માનવિજય** ઉવઝાય કહે મેં સદહયો રે—કહે૦ (૫)

卐

## (૧૮૦) (૮–૧૨) શ્રી વાસુપૂજ્ય–જિન સ્તવન

**[ સીતા તો રૂપે રૂડી-એ દેશી. ]**

**વાસુપૂજ્ય !** તું સાહિબ સાચો,
જેહવો હુયે હીરો[૧] જાચો હો—સુંદર શોભાગી
જસ હોયે વિરોધી-વાચો,
તેહની કરે સેવા કાચો હો—સુંદર૦ (૧)
અછતિઓ[૨] વાત ઉપાવે, વળી ભાવ[૩] છતાને[૪]
છિપાવે હો—સુંદર૦
કાંઈનું કાંઈ બોલે,પરની નિંદા કરી ડોલે હો—સુંદર૦ (૨)
ઈમ ચઉવિહ મિથ્યા ભાખી,
તે દેવની કુણ ભરે સાખી હો-સુંદર૦
પ્રાણીના મર્મના ઘાતી, હઈયામાં મોટી કાતી[૫]
હો-સુંદર૦ (૩)
ગુણ વિણ રહ્યા ઉંચે ઠાણે,
કિમ દેવ ઠહરાય પ્રમાણે હો-સુંદર૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાસાદ-શિખર રહ્યો કાગ,
કિમ પામે ગરૂડ જસ[૬] લાગ[૭] હો- સુંદર૦
કહે **માનવિજય** ઉવઝાય,
તું સાચો દેવ ઠરાય હો—સુંદર૦ (૫)

卐

## (૧૮૧) (૮-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

**[રાગ મલ્હારની-એ દેશી.]**

જી હો ! **વિમલ**-જિનેસર સુંદરૂ,
લાલા ! વિમલ વદન[૧] તુજ દિઠ્ઠું;
જી હો ! વિમલ હુઓ મુજ આતમા;
લાલા ! તેણે તું અંતર[૨]-પઈઠ્ઠ
**જિનેસર** ! તું મુજ પ્રાણ—આધાર. (૧)
જી હો ! વિમલ રહે વિમલે થળે,[૩]
લાલા ! સ[૪]-મલે સ[૫]-મલ રમેય;
જી હો ! માન-સરોવરમેં હંસલો,
લાલા ! વાયસ[૬] ખાઈ[૭]-જલે ય—જિણે૦ (૨)
જી હો તિમ મિથ્યાત્વી ચિત્તમાં,
લાલા ! તુજ કિમ હો ચે આભાસ[૮] ?
જી હો તિહાં કુદેવ રંગે રમે,
લાલા ! સમકિતી મને તુજ વાસ—જિણે૦ (૩)
જી હો હીરો કુંદન[૯] શું જડે, લાલા ! દુધ ને સાકર ચોગ
જી હો ઉલટ[૧૦]-ચોગે વસ્તુનો,
લાલા ! ન હોયે ગુણ[૧૧]-આભોગ—જિણે૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જી હો વિમલ-પુરૂષ રહેવાતણું,
લાલા ! થાનક વિમલ કરેય
જી હો ગૃહપતિને તિહાં શી ત્રપા[૧૨],
લાલા ! ભાટક[૧૩] ઉચિત ગ્રહેય—જિણં૦ (૫)
જી હો તિમ તે મુજ મન નિરમળું,
લાલા! કીધું કરતે રે વાસ.
જી હો પુષ્ટિ-શુદ્ધિ ભાટક ગ્રહી,
લાલા ! હું સુખીયો થયો દાસ—જિણં૦ (૬)
જી હો વિમલ-વિમલ મિલી રહ્યા,
લાલા ! ભેદ-ભાવ રહ્યો નહિ
જી હો **માનવિજય**-ઉવઝાયને,
લાલા અનુભવ-સુખ થયો ત્યાંહિ—જિણં૦ (૭)

卐

## (૧૮૨) (૮–૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

[ રાગ મારૂ-દેશી-ગીત ઝુલણાની ગુજરાતી ]

જ્ઞાન અનંતું તાહરે રે, દરિશન તાહરે અનંત
સુખ અનંતમય સાહિબા રે, વીરજપણ ઉલસ્યું અનંત
**અનંતજિન !** આપજોરે,
મુજ એહ અનંતા ચ્યાર—અનંત૦
મુજને નહી અવર શું પ્યાર,
તુજને આપતાં શી વાર ? અનંત૦
એહ છે તુજ યશનો કાર,[૧] અનંત૦ (૧)
આપ ખજીનો[૨] ન ખોલવો રે—નહિ મિલવાની ચિંતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માહરે પોતે[3] છે સવેરે;
પણ વિચે આવરણની ભિંત—અનંત૦ (૨)
તપ જપ કિરિયા મોગરે રે,[4]
ભાંજી પણ ભાંગી ન જાય,
એક તુજ આણ લહે થકે રે,
હેલામાં[5] પરહી[6] થાય—અનંત૦ (૩)
માત ભણી **મરૂદેવીને** રે જિન ઋષભ ખિણમાં દીધ
આપ-પિયારૂં વિચારતાં રે,
ઈમ કિમ વીતરાગતા સિદ્ધ? અનંત૦ (૪)
તે માટે તસ[7] અરથીઆરે, તુજ પ્રાર્થે જે કોઈ લોક
તેહને આપો આંફણી રે,[8]
તિહાં ન ઘટે કરાવવી ટોક[9]—અનંત (૫)
તેહને તેહનું આપવું રે, તિહાં શ્યો ઉપજે છે ખેદ?
પ્રાર્થના કરતે તાહરે રે,
પ્રભુતાઈનો[10] પણ નહિ છેદ—અનંત (૬)
પામ્યા પામે પામશે રે, જ્ઞાનાદિક જેહ અનંત
તે તુજ આણાથી સવે રે,
કહે **માનવિજય** ઉલસંત—અનંત૦ (૭)

卐

## (૧૮૩) (૮-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

### (મુખને મરકલડે-એ દેશી.)

**શ્રીધરમ**-જિણંદ! દયાળજી, ધરમ તણો દાતા
સવિ જંતુ તણો રખવાળજી;[1] ધરમ તણો ત્રાતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જસ અમિય[2]-સમાણી વાણીજી ધર્મ૦
—જેહ નિસુણે ભાવે પ્રાણીજી—ધર્મ૦ (૧)
તેહના ચિત્તનો મેલ જાયજી ધર્મ૦
—જિમ કતકફળે[3] જળ થાયજી—ધર્મ૦
નિરમળતા તેહ જ ધર્મજી ધર્મ૦
—કલુષાઈ[4] મેટ્યાનો મર્મજી—ધર્મ૦ (૨)
નિજ-ધરમ તો સહજ-સભાવજી ધર્મ૦
—તોહિ તુજ નિમિત્ત પ્રભાવજી—ધર્મ૦
વન-રાજિ ફૂલ ન શગતીજી, ધર્મ૦
—પણ ઋતુરાજે હુઈ વ્યગતીજી—ધર્મ૦ (૩)
કમળાકરે[6] કમળ વિકાસજી-ધર્મ૦
—સૌરભતા[7] લિખમી વાસજી—ધર્મ૦
તે દિનકર-કરણી જોયજી ધર્મ૦
—ઇમ ધરમ-દાયક તું હોય જી—ધર્મ૦ (૪)
તે માટે ધરમના રાગીજી-ધર્મ૦
—તુજ પદ સેવે બડભાગીજી[9]—ધર્મ૦
કહે **માનવિજય**-ઉવઝાયજી-ધર્મ૦
—નિજ અનુભવ-જ્ઞાન પસાયજી—ધર્મ૦ (૫)

卐

## (૧૮૪) (૮-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(ઘેરે આવોજી આંબો મોરીઓ—એ દેશી)

**શ્રી શાંતિ** જિનેસર! સાહિબા; તુજ નાઠે કિમ છૂટાશ્યે?
મેં લીધી કેડ જ[1] તાહરી, તેહ પ્રસન્ન થયે મૂકાશ્યે—શ્રી૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું વીતરાગપણું દાખવી, ભોળા-જનને ભૂલાવે;
જાણીને કીધી પ્રતિગન્યા[૨],તેહથી કહો કુણ ડોલાવે ?—શ્રી૦
કોઇ કોઇને કેડે[૩] મત પડો! કેડ પડ્યાં આણે વાજ[૪];
નિરાગી પ્રભુ પણ ખિંચીઓ.ભગતે કરી મેં સાત રાજ-શ્રી૦
મનમાંહી આણી વાસીઓ[૫], હવે કિમ નિસરવા દેવાય ?
જો ભેદ-રહિત મુજશું મિળે, તો પલકમાંહિ છુટાય—શ્રી૦
કબજે આવ્યા કિમ છુટશો ? દીધા વિણ કહણુ કૃપાળ;
તો શ્યું હઠવાદ લેઇ રહ્યા ? કહે **માન** કરો ખુસિયાળ—શ્રી૦

卐

## (૧૮૫) (૮-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**( યોગીસર ચેલા એ દેશી. )**

કુંથુ-જિનેસર ! જાણજો રે લાલ,
મુજ મનનો અભિપ્રાય રે-જિનેશ્વર મોરા
તું આતમ અલવેસરૂ[૧] રે લાલ,
રખે! તુજ વિરહો થાય રે-જિણેસર !
તુજ વિરહો કિમ વેહિયે રે લાલ;
તુજ વિરહો દુખદાય રે-જિણે૦
તુજ વિરહો ન ખમાય રે-જિણે૦
ખિણ[૨] વરસાં સો થાય રે-જિણે૦
વિરહો મોટી બલાય[૩] રે જિણે૦ કુંથુ૦ (૧)
તાહરે પાસે આવવું રે લાલ,
પહિલા નાવત[૪] દાય[૫] રે-જિણે૦
આવ્યા પછી તો જાયવું રે લાલ,
તુજ ગુણ-વસ્યે ન સુહાય રે જિણે૦ કુંથુ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન મિળ્યાનો ધોખો[૬] નહી રે લાલ,
જસ ગુણનું નહિ નાણ રે-જિણે૦
મિળિયાં ગુણ-કળિયાં પછી રે લાલ,
વિછુરત[૭] જાયે પ્રાણ રે-જિણે૦ કુંથુ૦ (૩)
જાતિ-અંધને દુખ નહી રે લાલ,
ન લહે નયનનો સ્વાદ રે—જિણે૦
નયણ-સ્વાદ લહી કરી રે લાલ,
હાર્યાંને વિખવાદ રે—જિણે૦ કુંથુ૦ (૪)
બીજે પણ કિહાં નવિ ગમે રે લાલ,
જિણે તુજ વિરહ ખચાય રે—જિણે૦
માલતીકુસુમે માલ્હીયો રે લાલ,
મધુપ[૮] કરીરે[૯] ન જાય રે—જિણે૦ કુંથુ૦ (૫)
વન[૧૦]-દવ-દાધાં રૂંખડાં[૧૧] રે લાલ,
પાલ્હવે[૧૨] વળી વરસાત રે—જિણે૦
તુજ વિરહાનળનો બળ્યો રે લાલ,
કાળ અનંત ગમાત રે—જિણે૦ કુંથુ૦ (૬)
ટાઢક રહે તુજ સંગમે રે લાલ,
આકુળતા મિટી જાય રે—જિણે૦
તુજ સંગે સુખિયો સદા રે લાલ,
**માનવિજય** ઉવઝાય રે—જિણે૦ કુંથુ૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૮૬) (૯-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

(ઓધવ ! માધવને કહેજો એ—દેશી.)

**શ્રી અરનાથ** ઉપાસના, શુભ વાસના મૂળ
હરિ-હર દેવ આસાસના,[૧] કુણ આવે શૂળ—શ્રી૰ (૧)
દાસના ચિત્તની કુ-વાસના, ઉદવાસના[૨] કીધ
દેવાભાસની ભાસના, વિસારી દીધ—શ્રી૰ (૨)
વળી મિથ્યા-વાસનતણા, વાસનારા જેહ
તે કુગુરૂની સાસના[૩], હઈયે ન ધરેહ—શ્રી૰ (૩)
સંસારિક આશંસના, તુજશું ન કરાય
ચિંતામણી દેણહારને, કિમ કાચ મંગાય ? શ્રી૰ (૪)
તિમ કલ્પિત[૪] ગચ્છવાસના, વાસના[૫] પ્રતિબંધ
**માન** કહે એક જિનતણો, સાચો પ્રતિબંધ-શ્રી૰ (૫)

卐

## (૧૮૭) (૮-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

(સાસુ પૂછે હે વહુ—એ દેશી)

મહિમા **મલ્લિ**-જિણંદનો, એક જીભે કહ્યો કિમ જાય
યોગ[૧] ધરે ભિન્ન[૨] યોગશું,[૩]
ચાળા[૪] પણ યોગની દેખાય—મહિમા૰ (૧)
વયણે[૫] સમજાવે સભા, મન[૬] સમજાવે અનુત્તર દેવ
ઔદારિક કાયા પ્રતે, દેવ-સમીપે કરાવે સેવ—મહિમા૰ (૨)
ભાષા પણ સવિ શ્રોતાને, નિજ-નિજ ભાષાયે સમજાય
હરષે નિજનિજ રીઝમાં, પ્રભુ તો નિરવિકાર કહાય (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ અવસ્થા જિનતણી, જ્ઞાતા હુયે તિણે સમજાય
ચતુરની વાત ચતુર લહે,
મૂઢ બિચારા દેખી મુંઝાય—મહિમા૦ (૪)
મૂરખ જન પામે નહિ, પ્રભુ-ગુણનો અનુભવ રસસ્વાદ
**માનવિજય** ઉવઝાયને,
તે રસ-સ્વાદે ગયો વિખવાદ—મહિમા૦ (૫)

卐

## (૧૮૮) (૮-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

(ઇડર આંબા આંબલી રે—એ દેશી)

**મુનિસુવ્રત** કીજે મયા[૧] રે, મનમાંહિ ધરી મહિર[૨]
મહિર[૩] વિહૂણા માનવી રે, કઠિણ[૪] જણાયે કહિર[૫]
જિણેસર! તું જગનાયક! દેવ!
તુજ જગ હિત કરવા ટેવ—જિણે૦
બીજા જુયે કરતા સેવ—જિણે૦ (૧)
અરહટ[૬] ક્ષેત્રની ભૂમિકા રે, સીંચે કૃતારથ હોય
ધારાધર સઘળી ધરા રે, ઉધરવા સજ્જ જોય—જિણે૦ (૨)
તે માટે અશ્વ ઉપરે રે, આણી મનમાં મહેર
આપે આયા આફણી[૭] રે. બોધવા ભરૂયચ્ચ શહેર—જિણે૦ (૩)
અણ-પ્રારથતા ઉધરયા રે, આપે કરીય ઉપાય
પ્રારથતા રહે વિલવતા રે, એ કુણ કહીયે ન્યાય?—જિણે૦ (૪)
સંબંધ પણ તુજ મુજ વિચે રે, સ્વામી-સેવકભાવ
**માન** કહે હવે મહિરનો રે,
ન રહ્યો અજર[૮] પ્રસ્તાવ—જિણે૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૮૯) (૮-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

**(કપૂર હોવે અતિ ઉજળો રે—એ દેશી)**

**શ્રી નમિનાથ**-જિણંદને રે, ચરણ-કમળ લય લાય
મૂકી આપણી ચપળતા રે, તુચ્છ[1]-કુસુમે મત જાય રે
સુણ ! મન-મધુકર ! માહરી વાત !
ન કરો ફોકટ વિલુપાત[2]—સુણ૦ (૧)
વિષમમકાળ[3] વરષારિતૂ રે, ક્રમિ-ક્રમિ હુઓ વ્યતીત
છેહલો[4]પુગ્ગલ[5]-પરિયટ્ટોરે,આવ્યો શરદ[6]પ્રતીતરે-સુણ (૨)
જ્ઞાનાવરણ વાદળ ફટે રે, જ્ઞાનસૂરજ પરકાશ
ધ્યાન-સરોવર વિકસિયાં રે, કેવળ-લક્ષ્મી વાસ રે-સુણ૦
નામે લલચાવે કોઈ રે, કોઈક નવ-નવ રાગ
એહવી વાસના[7] નહીં બીજે રે,
શુદ્ધ-અનુભવ સુ-પરાગ રે—સુણ૦ (૪)
ભમત-ભમત કહાવિચે રે; મધુકરનો રસસ્વાદ
**માનવિજય** મનને કહે રે, રસ ચાખો આલ્હાદ રે
—સુણ૦ (૫)

卐

## (૧૯૦) શ્રી નેમિનાથ-જિન સ્તવન (૮-૨૨)

**(અબ પ્રભુ શું ઈતની કહું-એ દેશી.)**

**નેમિ**-જિણંદ નિરંજણો, જઈ મોહ[1] થળે જળકેળ રે,
મોહના ઉદભટગોપી, એકલમલ્લે નાંખ્યા ઠેલ રે,
**સ્વામિ ! સલૂણા**-સાહિબા ! અતુલી-બળતું વડવીર રે (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈક તાકી[૨] મૂકતી, અતિ-તીખાં કટાક્ષનાં બાણ રે,
વેધક[૩]-વચણ બંદુક ગોળી, જે લાગે જાયે પ્રાણ રે,
—સાહિબા૦ (૨)

અંગુલી[૪]-કટારી ઘોચતી, ઉછાળતી વેણી[૫]-કૃપાણ રે
સિંથો[૬] ભાલા ઉગામતી, સિંગજળ[૭] ભરે કોક બાણ રે
—સાહિબ૦ (૩)

ફૂલદડા ગોળી નાખે, જે સત્વ[૮]-ગઢે કરે ચોટ રે,
કુચ-યુગ કરિ-કુંભસ્થળે, પ્રહરતી હૃદય-કપાટ રે
—સાહિબ૦ (૪)

શીલ-સન્નાહ ઉન્નત સબે,
અરિ[૯]-શસ્ત્ર ને ગોળા ન લાગ્યા રે,
સોર[૧૦] કરી મિથ્યા સવે,
મોહ-સુભટ દહો[૧૨] દિશે ભાગ્યા રે—સાહિબ૦ (૫)

તવ નવ ભવ-યોદ્ધો મંડયો, સજી વિવાહમંડપ કોટ રે
પ્રભુ પણ તસ સનમુખે ગયો, નીસાણે દેતો ચોટ રે
— સાહિબ૦ (૬)

ચાકરી મોહની છોડવી[૧૩], **રાજુલને** શિવપુર દીધ રે,
આપે **રૈવતગિરિ** સજી, ભીતર સંયમ-ગઢ લીધ રે
—સાહિબ૦ (૭)

શ્રમણધરમ યોદ્ધા લડે, સંવેગ-ખડગ ધૃતિ[૧૪] ઢાલ રે,
ભાલા કેસ ઉપાડતો, શુભ-ભાવના ગડગડે નાળ રે
—સાહિબ૦ (૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનધારા[૧૫]-શર[૧૬]વરષતો,હણી મોહ થયો જગનાથ રે
**માનવિજય** વાચક વદે, મેં ગ્રહયો તાહરો સાથ રે
—સાહિબ૦ (૯)

卐

## (૧૯૦) (૮-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

(દેહું દેહું નણંદ હઠીલી-એ દેશી.)

**શ્રીપાસજી** પ્રગટ-પ્રભાવી,
તુજ મૂરતિ મુજ મન ભાવી રે
મનમોહનાં જિનરાયા
સુર-નર-કિંન્નર ગુણ ગાયા રે—મન૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદ નીઠી[૧] રે-મ.(૧)
મટકાળું મુખ સુ-પ્રસન્ન,દેખત રીઝે ભવિ-મન્ન રે—મન૦
સમતા-રસકેરાં કચોળાં[૨], નયણાં દીઠે રંગ[૩]-રોળાં રે-મન૦
હાથે ન ધરે હથિયાર, નહી જપ-માળાનો પ્રચાર રે—મન૦
ઉત્સંગે ન ધરે વામા[૪],જેહથી ઉપજે સવિ કામા રે-મ.(૩)
ન કરે ગીત-નૃત્યના ચાળા,
એ તો પરતક્ષ નટના ખ્યાલા રે—મન૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ[૫]-સાજાં રે-મ.(૪)
ઈમ મૂરતિ તુજ નિરૂપાધિ,
વીતરાગ—પણે કરી સાધી રે—મન૦
કહે **માનવિજય** ઉવઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે
—મન૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૯૨) (૮-૨૪) શ્રી મહાવીર સ્વામી-જિન સ્તવન

(હેમરાજ જગ જશ જીત્યો—રે દેશી)

શાસન—નાયક સાહિબ સાચો, અતુલી[૧] બળ અરિહંત,
કરમ[૨]-અરિ-બળ સબળ[૩] નિવારી, મારીય મોહ-મહંત,
મહાવીર જગમાં જીત્યોજી
જીત્યો જીત્યો આપ સહાય,
હાંજી ! જીત્યો જીત્યો જ્ઞાન પસાય,
હાંજી ! જીત્યો જીત્યો ધ્યાન-દશાય,
હાંજી ! જીત્યો જીત્યો જગ સુખદાય—મહાવીર૦ (૧)
અનંતાનુબંધી વડ યોધા, હણીયા પહિલી ચોટ,
મંત્રી મિથ્યાત પછે તિગ રૂપી. તવ કરી આગળ દોટ
—મહા૦ (૨)
ભાંજી હેડ[૪] આયુષ તિગ કેરી, ઈક-વિગલેંદિઅ જાતિ,
એહ મેવાસ[૫] ભાંજ્યો ચિરકાળે, નરક-યુગલ સંઘાતિ
—મહા૦ (૩)
થાવર-તિરિદુગ ઝાંસી કટાવી, સાહારણ હણી ધાડી,
થિણદ્ધી-તિગ મદિરા વયરી, આતપ-ઉદ્યોત ઉખાડી
—મહા૦ (૪)
અપચ્ચખાણા અને પચ્ચખાણા, હણીયા યોદ્ધા આઠ,
વેદ નપુંસક-સ્ત્રી સેનાની[૬], પ્રતિબિંબિત ગયા નાઠ
—મહા૦ (૫)
હાસ્ય-રતિ-અરતિ-શોક-દુગંછા, ભયે મોહ-ખવાસ[૭],
હણીયા પુરૂષવેદ ફોજધરા, પછે સંજલના-નાશ
—મહા૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિદ્રા દોય મોહ-પટરાણી, ઘરમાંહિથી સંહારી,
અંતરાય દરશણ ને જ્ઞાના-વરણીય લડતા મારી
—મહા૦ (૭)

જય-જય હુઓ ! મોહ જ મુઓ, હુઓ તું જગનાથ,
લોકાલોક-પ્રકાશ થયો તવ, મોક્ષ ચલાવે સાથ
—મહા૦ (૮)

જીત્યો તિમ ભગતને જીતાવે, મૂકાવે મૂકાવે,
તરણ-તારણ સમરથ છે તુંહી, માનવિજય નિતુ ધ્યાવે
—મહા૦ (૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. ઉપાધ્યાય માનવિજયજી
## કૃત
## સ્તવન ચોવિશી
## કઠિન શબ્દોના અર્થ
## ટિપ્પણી

**સ્તવન ૮-૧**

૧. ચહેરો, મૂર્તિ ૨. મહેરબાની, કરુણા ૩. પાછળ ૪. જુદા ૫. દૂર = જુદા ૬. ચાલશે ૭. પતંગ ૮. સમયોચિત અનુકૂળ થાય ૯. પ્રેમનો નભાવ.

**સ્તવન ૮-૨**

૧. ગાઢ અભ્યાસથી ૨. કહું છું કે, (અહીં ખરી રીતે કૌંસનો પાઠ બરાબર લાગે છે.) કદીપણ = ક્યારે પણ ૩. આત્મ-સ્વરૂપાનુભવનો જે રસ તેનો ૪. અવસર ૫. દયા ૬. કરી આપો ૭. શરમથી ગુપ્ત,-છાનો ૮. સુંદર ૯. હસતું ૧૦. વિરસ = મન કચવાય તેમ ૧૧. ગરજવાન ૧૨. વિલંબ ૧૩. મનધાર્યું = ઈષ્ટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૮-૩

૧. સમજદારને ૨. સફળ ૩. સંસારના ભયની જંજાળને દૂર કરનાર ૪. તને ૫. મારાથી ૬. મોટાઈમાં ૭. છેવટે ૮. અંદર ૯. મુલાકાત ૧૦. દૂર.

સ્તવન ૮-૪

૧. રીતસર-પદ્ધતિપૂર્વક ૨. અચાનક ૩. જોતાંની સાથે જ ૪. મળવું ૫. અંદરની વાત-પદ્ધતિ.

સ્તવન ૮-૫

૧. અપૂર્વ-સુંદર ૨. સુંદર ૩. સુંદર ૪. ભક્તિ-પૂર્વક ઉલ્લાસવાળું ૫. ભક્તિ-ઉલ્લાસ વિના ૬. તપાસપૂર્વક પ્રાપ્તિ થાય ૭. આરાધકને ૮. મુગટ વગેરે ૯. સત્પુણ્યના યોગે ૧૦. ભાવના જ્ઞાનથી ૧૧. સ્થૂલ શરીર.

સ્તવન ૮-૬

૧. દિવસો ૨. તે = પ્રભુ ૩. ઈષ્ટ.

સ્તવન ૮-૭

૧. સાક્ષાત્ તીર્થંકર પ્રભુની અવસ્થા ૨. જ્ઞાનથી દેખાય ૩. કામની પીડા, ૪. પ્રભુમૂર્તિમાં.

સ્તવન ૮-૮

૧. સામાન્યથી સમજાય નહીં તેવા સ્વરૂપવાળો ૨. ઓળખાણથી ૩. લજ્જા ૪. શુદ્ધ સ્વરૂપી.

સ્તવન ૮-૯

૧. પ્રેમસહિત ૨. લેતા નથી ૩. શણગારતા નથી ૪. શોભા કરતા નથી ૫. પદ્ધતિ, અંદરની વાત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૮–૧૦**

૧. ફેલાય છે તે ૨. ઠેકાણે ૩. બે-ભાન થયેલ ૪. સારો ૫. ગુણની સ્તવનામાં ૬. બીજા પદાર્થની.

**સ્તવન ૮–૧૧**

૧. વાદળોની ઘટા ૨. સારી ભરપૂર ૩. શોભા ચમકારો ૪. ઊંચા ૫. ત્રણ ગઢ ૬. ગંભીર ૭. બગલાની શ્રેણી ૮. સારી ખેડાયેલ ભૂમિમાં ૯. ખેડૂત ૧૦. ઉદ્યમવાળી ૧૧. બીજની વાવણી ૧૨. સારૂં અનાજ ૧૩. ગણધરરૂપ પર્વતના કિનારે થઈ.

**સ્તવન ૮–૧૨**

૧. સુંદર ૨. ન હોય તેવી ૩ પદાર્થ ૪ હોય તે ૫. કાતર, છરી ૬. જેવી ૭. શોભા ૮. શ્રેષ્ઠ.

**સ્તવન ૮–૧૩**

૧. મુખ ૨. અંદર=હૃદયમાં સ્થપાયો છે. ૩. જગ્યા એ ૪. સ – મલેં=મલિન સ્થાને ૫. સ – મલ=મલિન વ્યક્તિ ૬. કાગડો ૭. ગટરના પાણીમાં ૮. પ્રતિબિંબ ૯. સોના સાથે ૧૦. વિપરીત સંયોગે ૧૧. ગુણનો વિસ્તાર ૧૨. લજ્જા ૧૩. ભાડું.

**સ્તવન ૮–૧૪**

૧. કરનાર ૨. ખજાનો ૩. જમે પડેલું છે ૪. લોખંડી ગદા ૫. જલ્દી ૬. દૂર ૭. જરૂરવાળા = ગરજુ ૮. આપમેળે ૯. માર્મિક ફરિયાદ ૧૦. મોટાઈનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૮-૧૫**

૧. રક્ષણ કરનાર ૨. અમૃત જેવી ૩. કતક (નિર્મળ) ફળના ચૂર્ણથી ૪. મેલ ૫. દૂર કર્યાનો ૬. તળાવમાં ૭. સુગંધપણું ૮. સૂર્યની અસર ૯. શ્રેષ્ઠ.

**સ્તવન ૮-૧૬**

૧. પીછો ૨. પ્રતિજ્ઞા ૩. પાછળ ૪. અનુકૂળતા ૫. રાખીએ.

**સ્તવન ૮-૧૭**

૧. અદ્ભુત ઐશ્વર્યવાળો ૨. ક્ષણ પણ સો વર્ષ જેવડો, ૩. ઉપાધિ, ૪. સાથે નહીં ૫. અનુકૂળ ૬. માનસિક ઉચ્ચાટ ૭. જુદા પડતા ૮. ભ્રમરો ૯. કેરડા ઉપર ૧૦. જંગલના દાવાનળથી બળી ગયેલા ૧૧. વૃક્ષો ૧૨. વિકાસ પામે. ૧૩. માનસિક સંતાપ.

**સ્તવન ૮-૧૮**

૧. આશંસા ૨. દૂર થઈ ગઈ ૩. ઝંખના ૪. ગચ્છનું એકાંગી મમત્વ ૫. મોહના સંસ્કારોનો પ્રતિબંધ.

**સ્તવન ૮-૧૯**

૧. મોક્ષ પ્રાપક યોગ ૨. વિલક્ષણ ૩. બીજાના યોગક સર્ગ ૪. શૈલી ૫. પાંત્રીશ ગુણવાળી વાણીથી ૬. વિશિષ્ટ દ્રવ્યમનના પ્રયોગથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન ૮-૨૦

૧. મહેરબાની ૨. કરુણા ૩. કરુણા વિનાના ૪. કઠણ કાળજાવાળા ૫. અત્યંત ખરાબ ૬. રેંટ માત્ર ખેતરની ભૂમિને સીંચી સફળ થાય છે, પણ મેઘ તો આખી પૃથ્વીને ઉદ્ધારવા તૈયાર હોય છે. (બીજી ગાથાનો અર્થ) ૭. પોતાની મેળે ૮. ઉચિત.

## સ્તવન ૮-૨૧

૧. સંસારરૂપ હલકા ફૂલ વિષે ૨. વલોપાત ૩. પંચમ આરા રૂપી ૪. છેલ્લો ૫. પુદ્ગલપરાવર્ત્ત ૬. શરદ્‌ઋતુ ૭. સુગંધ.

## સ્તવન ૮-૨૨

૧. આખી પ્રથમ ગાથાનો અર્થ—
નેમિનાથ પ્રભુ વીતરાગ છે, જેમણે મોહના સ્થળે-જળક્રીડા સમયે જઈ મોહના પ્રબળ અસર-વાળી શ્રી કૃષ્ણ વાસુદેવની પટરાણીનાં વચનો રૂપ મોહ રૂપી પ્રબળ મલ્લને એકલા પ્રભુએ ઠેલી નાંખ્યો ૨. ધારીને. ૩. વીંધી નાખનારા=માર્મિક ૪. આંગળી રૂપ કટારી, ૫. ચોટલો=કેશપાશ રૂપ કરપાણ=નાની તલવાર, ૬. સિંદૂરના સેંથા રૂપ ભાલાને ૭. સીંગડીમાં પાણી ૮. સત્ત્વરૂપ ગઢ પર. ૯. દુશ્મનના શસ્ત્રો અને ગોળા, ૧૦. કોલાહલ, ૧૧. ફોગટ, ૧૨. દશ દિશામાં ૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડાવી. ૧૪. ધીરજ રૂપ, ૧૫. ધ્યાનની ઉચ્ચ શ્રેણિ, ૧૬. બાણ.

**સ્તવન-૨૩**

૧. નાઠી=ભાગી ૨. કંટારા ૩. આનંદોત્સવ ૪. સ્ત્રી ૫. જૂના કે નવા.

**સ્તવન-૨૪**

૧. અનુપમ બળવાળા ૨. કર્મરૂપ દુશ્મનના સૈન્યને ૩. જોરદાર ૪. પગની વિશિષ્ટ બેડી ૫. છાવણી ૬. સેનાપતિ ૭. ગુલામ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી
# મહારાજ
# કૃત
# સ્તવન—ચોવીશી

[૯]

## (૧૯૩) (૯–૧) શ્રી ઋષભદેવજિન સ્તવન

(ઢાલ—લલનાની)

આદિકરણ[1] અરિહંતજી, ઓલગડી[2] અવધાર – લલના
પ્રથમ-જિનેસર પ્રણમીએ,
વંછિત-ફળ દાતાર-લલના—આદિ૦ (૧)
ઉપગારી અવનીતળે, ગુણ-અનંત ભગવાન—લલના
અવિનાશી અક્ષયકળા,
વરતે અતિશય-નિધાન-લલના—આદિ૦ (૨)
ગૃહવાસે પણ જેહને, અમૃત[3]-ફળ આહાર—લલના
તે અમૃત[4]-ફળને લહે,
એ યુગ તું નિરધાર-લલના—આદિ૦ (૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંશ ઇક્ષ્વાગ છે જેહનો, ચઢતો રસ સુવિશેષ-લલના
ભરતાદિક થયા કેવળી,
અનુભવ-રસ ફળ દેખ-લલના—આદિ૦ (૪)
**નાભિરાયા**-કુળમંડણો, **મરૂદેવી**-સર-હંસ-લલના
**રૂષભદેવ** નિતુ વંદીયે,
**જ્ઞાનવિમલ**-અવતંસ-લલના—આદિ (૫)

卐

## (૧૯૪) (૯-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**( પુણ્યપ્રશંસીયે—એ દેશી )**

**અજિત**-જિણંદ ! દયા કરો, આણી અધિક પ્રમોદ[૧]
જાણી સેવક આપણો, સુણીયે વચન-વિનોદ રે
જિનજી સેવના૦
ભવ-ભવ તાહરી હોજોરે ! એ મન કામના—જિન૦ (૧)
કર્મ-શત્રુ તુમે જીતીઆ. તિમ મુજને જીતાડ
અજિત થાઉં દુશમન થકી,
એ મુજ પૂરો રૂહાડ[૨] રે—જિન૦ (૨)
**જિતશત્રુ**-નૃપનંદનો, જીતે વયરી[૩] જેહ,
અચિરજ ઈહાં કણી કો નહિં,
પરિણામે ગુણ-ગેહ રે—જિન૦ (૩)
સકલ પદારથ પામીયે, દીઠે તુમ દીદાર
સોભાગી મહિમાનિલો,**વિજયા**-માત મલ્હાર રે-જિન૦ (૪)
**જ્ઞાનવિમલ** સુપ્રકાશથી. ભાસિત લોકાલોક
શિવ-સુંદરીના વાલહા, પ્રણમે ભવિ-જન થોક રે—જિન૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૯૫) (૯—૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

(કપૂર હોવે અતિ ઉજલો રે—એ દેશી)

**સંભવ**-જિનવર ! ખૂબ બન્યો રે, અવિહડ[1] ધર્મ-સનેહ
દિન-દિન તે વધતો અછે રે, કબહી ન હોવે છેહ[2]
સોભાગી જિન ! મુજ મન તુંહી સુહાય
એ તો બીજા નાવે દાય[3]
હું તો લળી-લળી[4] લાગું પાય—સોભાગી૦ (૧)
દૂધમાંહિ જિમ ઘૃત વસ્યું રે, વસ્તુમાંહિ સામર્થ્ય
તંતુમાંહિ જિમ પટ વસ્યો રે,
સૂત્રમાંહિ જિમ અર્થ—સોભાગી૦ (૨)
કંચન પારસ-પહાણમાં રે, ચંદનમાં જિમ વાસ[5]
પૃથ્વીમાંહિ જિમ ઓષધી રે,
કાર્યે કારણ વાસ—સોભાગી૦ (૩)
જિમ સ્યાદવાદે નવ મિલે રે, જિમ ગુણમાં પર્યાય
અરણીમાં પાવક[6] વસ્યો રે,
જિમ લોકે ખટકાય—સોભાગી૦ (૪)
તિણપરે તું મુજ ચિત્ત વસ્યો રે, **સેના**-માત મલ્હાર
જો અ-ભેદ બુદ્ધિ મિલે રે,
**શ્રી જ્ઞાનવિમલ**-સુખકાર—સોભાગી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૯૬) (૯—૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

(રામચંદકે બાગ ચાંપો મોરી રહ્યોરી—એ દેશી)

**અભિનંદન** ! જિનરાજ ! આણી ભાવ ઘણોરી,
પ્રણમું તુમચા પાય, સેવક કરિ અપણોરી;
ભવ-ભય-સાગર તાર ! સાહિબ ! સુહામણોરી,
સુરતરૂ જાસ પ્રસન્ન, કિમ હોયે તે દુમણોરી.[1] (૧)
ભગત-વછલ જિનરાજ, શ્રવણે જેહ સુણ્યોરી,
તેહશ્યું ધર્મ-સનેહ, સહજ-સુભાવ બન્યોરી;
ઉપશમવંત[2] અથાહ,[3] તોહી મોહ હણ્યોરી,
રતિપતિ[4] દુર્ધર[5] જેહ, દુશમન તે ન ગણ્યોરી. (૨)
**સંવર**-નૃપનો જાત, સંવર જેહ ધરેરી,
અચરિજ શું તેહમાંહિં કુળ-આચાર કરેરી;
કીરતિકન્યા જાસ, ત્રિભુવનમાંહિ ફિરેરી,
પરવાદી-મત માન, તાસુ તેહ હરેરી. (૩)
અખય લહે ફળ તેહ, જેહશું[6] હેજ વહેરી,
દોહગ દુરગતિ દુઃખ, દુશમન ભીતિ દહેરી;
ભવ-ભવ સંચિત પાપ, ક્ષણમાં તેહ હરેરી,
ઇમ મહિમા મહિમાંહિ[7], સર્વથી કેમ કહેરી ? (૪)
સાયર ભલિઉં બિંદુ, હોયે અખય પણેરી,
તિમ વિનતી સુ-પ્રમાણ, સાહિબ જેહ સુણેરી;
અનુભવ-ભુવને નિવાસ, આપો હેજ ઘણેરી,
**જ્ઞાનવિમલ**-સુપ્રકાશ, પ્રભુ-ગુણરાશ થુણેરી. (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૯૬) (૯–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

**(દેશી-બીંદલીની-સીતા અતિ રૂડી—એ દેશી)**

સાહિબા ! **સુમતિ**-જિણંદા ! ટાળો ભવ-ભવ મુજ ફંદા
—શ્રી જિન સેવા રે !
તુજ દરિસણ અતિ-આનંદા, શ્રી૦
તું સમતા-રસના કંદા—શ્રી૦ (૧)
સુમતિ સુમતિ જબ આવે,
તવ કુમતિનો દાવ ન ફાવે—શ્રી૦
તુજ સરૂપ[1] જબ ધ્યાવે, તબ આતમ-અનુભવ પાવે—શ્રી૦
તુંહીજ છે આપ અ-રૂપી, ધ્યાયે કબહુ ભેદે રૂપી—શ્રી૦
સહજે વળી સિદ્ધ-સ્વરૂપી, ઈમ જોતાં તું બહુરૂપી-શ્રી૦ (૩)
ઈમ અલગો-વિલગો હોવે,કિમ મૂઢમતિ ! તું જોવે ?–શ્રી૦
જે અનુભવ-રૂપે જોવે, તો મોહ-તિમિરને ખોવે—શ્રી૦ (૪)
**સુમંગલા** જેહની માતા; તું પંચમ-ગતિનો[2]દાતા-શ્રી૦
**જ્ઞાનવિમલ** પ્રભુ જ્ઞાતા, તું માતા ત્રાતા ભ્રાતા—શ્રી૦ (૫)

卐

## (૧૯૮) (૯–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

**(વાલ્હેસરની—દેશી)**

**પદ્મપ્રભ** જિનરાય જી રે લાલ, ગુણ અનંત ભગવાન
વાલ્હેસર મોરા૦
અતિશયવંત છે તાહરી રે લાલ,
રત્ત[1]-કમલ સમ વાન રે[2]—વાલ્હે૦-પદ્મ૦ (૧)
ગગન[3] મવે[4] કુણ અંગુલે[5] રે લાલ,

કુણ તોલે કર[6] મેર[7] રે—વાલ્હે૦
સર્વ નદી સિકતા[8]-કણા રે લાલ,
કુણ ગ્રહે મૂઠી સમીર[9] રે-વાલ્હે૦-પદ્મ૦ (૨)
કુણ તારૂ બાંહેં કરી રે લાલ,
ચરમ-જલધી[10] લહે તીર[11] રે—વાલ્હે૦
સવિ જલ-ઠામના બિંદુઆ રે લાલ,
તારા-ગણિત ગંભીર રે-વાલ્હે૦—પદ્મ૦ (૩)
એહ[12] અસંખમાંહિં[13] રહ્યા રે લાલ,
પ્રભુ ! તુમ ગુણ છે અનંત રે—વાલ્હે૦
સમરથ કીમ ગણવા હોઈ રે લાલ,
યદ્યપિ મોહનો અંત રે-વાલ્હે૦—પદ્મ૦ (૪)
તેજ પ્રતાપે આગળા રે લાલ,
ગિરૂઆ ને ગુણવંત રે—વાલ્હે૦
**શ્રી જ્ઞાનવિમલ** ભાવે કરી રે લાલ,
તું શિવસુંદરી કંત રે-વાલ્હે૦—પદ્મ૦ (૫)

卐

## (૧૯૯) (૯—૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

### (સુણ બે'ની પિઉડો પરદેશી—એ દેશી)

સાહિબ ! સ્વામી ! **સુપાસ**-જિણંદ !
સુ[1]-નજર કરીને નિરખો રે,
હિત[2]-હિયડે હેજાળુ[3]—હરખે',
સેવક સુ-પરે[4] પરખો રે—સાહિબ૦ (૧)
એ કાયા જાયા[5] પરભવમાં, વાર અનંતી વિલસી રે,

તુજ ભગતિ જોડે નહિ ભાવે,
તો થઈ અવકર-સરસી[૬] રે—સાહિબ૦ (૨)
ભક્તિગુણા અનુબંધ[૭] પ્રભાવે, જેહ થઈ ઉજમાળી રે,
અખય થએ અવગાહના રૂપે,
જેહજ તુજ ગુણ-માળી રે—સાહિબ૦ (૩)
તિણે હેતે કરી આપ સમાની, એહ સંબંધે જાણું રે;
એહનો ગુણ બહુ લેખે[૮] લાગ્યો,
જો તુમ ધ્યાને આણું રે—સાહિબ૦ (૪)
જોડયો નેહ ન કબહી, એહ ઉત્તમની વાતો રે;
**જ્ઞાનવિમલ** પ્રભુ-ધ્યાન-પસાયે,
કાળ ન જાણ્યો જાતો રે—સાહિબ૦ (૫)

卐

## (૨૦૦) (૯-૮) શ્રી ચંદ્રપ્રભજી-જિન સ્તવન

### (ધણરાઢોલા—એ દેશી)

**શ્રી ચંદ્રપ્રભ**—સાહિબા રે,
ચંદ્ર[૧]-કિરણ સમ દેહ-મનરા માન્યા;
નિત્ય[૨]-ઉદય નિ-કલંક[૩] તું રે,
અનુપમ અચરિજ એહ—મનરા૦ (૧)
આવો ! આવો ! હો વખાણ[૪] !
તું તો ત્રિભુવન[૫]-ભાસક ભાણ[૬]—મનરા૦ (૧)
તુજ સમ ગણના-કારણે રે, જે રેખા પ્રથમ સુચંગ-મ૦
તે આકાશે નિપની રે, ત્રિભુવન[૭]-પાવનગંગ[૮]-મનરા૦ (૨)
અવર ન કો તુમ સારિખો રે, છોડયો ખટિકા-ખંડ-મન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કૈલાસ-રૂપા સમો રે; મહિયલમાંહે અખંડ મન૦
તાહરા ગુણ તુમમાં રહ્યા રે,
એહ મિલે નહિ પર[૯] પાસ—મન૦
તેણે હેતે કરી જાણીયેં રે; ત્રિભુવન તાહરો દાસ-મન૦
દોષાકર[૧૦] તુમ પદ રહ્યો રે, સેવાસારે[૧૧] ખાસ-મન૦
દોષરહિત[૧૨] તનુ[૧૩] તાહરૂં રે **જ્ઞાનવિમલ**-સુ-પ્રકાશ-મ૦

卐

## (૨૦૧) (૯-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

(રાય કહે રાણી પ્રતે-એ દેશી)

**સુવિધિ**-જિણંદ સોહામણા—અરિહંતાજી,
સુ-વિધિતણા ભંડાર—ભગવંતાજી
પ્રેમ ધરીને પ્રાહુણા[૧]-અરિ૦,
મન-મંદિર પાઉ[૨] ધાર—ભગ૦ (૧)
જ્ઞાન દીપક તો ઝળહળે-અરિ૦,
સમકિત તોરણ-માળ—ભગ૦
ચારિત્ર ચંદ્રોદય[૩] ભલો-અરિ૦,
ગુણ-મુગતા ઝાકમઝાળ—ભગ૦ (૨)
મૈત્રીભાવ સિંહાસને-અરિ૦, તકીયા પરગુણપક્ષ—ભગ૦
મુદિતા[૪] પરમ[૫] બિછાવણા[૬]-અરિ૦,
ઈત્યાદિક ગુણલક્ષ—ભગ૦ (૩)
ઈહાં આવીને બેસીયેં—અરિ૦, તુમ ચરિત્રના ગીત—ભગ
ગાવે મુજ તનુ કામિની—અરિ૦,
આણી અ-વિહડ પ્રીત—ભગ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરજ સુણીને આવિયા—અરિ૦,
સાહિબ મન-ઘરમાંહિ—ભગ૦
**જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણી—અરિ૦,
પ્રગટી અધિક-ઉછાહિ—ભગ૦ (૫)

卐

## (૨૦૨) (૯-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**( જી હોની દેશી.)**

જી હો **શીતલ**-જિન ! જગનો ધણી,
જી હો શીતલ દર્શન જાસ
જી હો શીતલ ચંદનની પરે,
જી હો પસાર્યો સુજસ[1]-સુવાસ
સુગુણ ! નર ! સેવો **શીતલનાથ**,
એ તો અવિચલ શિવસુખ-સાથ—સુગુણ૦ (૧)
જી હો વિષય[2]-દાવાનળ ઓલવે,
જી હો ધ્યાન તણો લવ-લેશ
જી હો ગારવ[3]-રજ તે ઉપશમે,
જી હો દૂરિ દુરિત[4]-કલેશ—સુગુણ૦ (૨)
જી હો મલયાચલ-શુભ-વાસથી, જી હો કંટક હોયે સુગંધ
જી હો સજ્જન સહુ પણ આદરી,
જી હો એ ઉત્તમ અનુબંધ—સુગુણ૦ (૩)
જી હો રોમ-રોમ તનુ ઉલ્લસે, જી હો આનંદ અધિક અથાહ
જી હો શીતલ-વાણી સુધારસેં, જી હો સીંચ્યો બે-પરવાહ
—સુગુણ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જી હો શીતલતાને કારણે, જી હો આણો સમતા-ભાવ
જી હો **જ્ઞાનવિમલ**-સુખસંપદા, જી હો હોવે અધિક જમાવ
—સુગુણ૦ (૫)

卐

## (૨૦૩) (૯–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

### (નિંદરડીની દેશી.)

**શ્રી શ્રેયાંસ**-જિનેસરૂ! સેવકની હો કરજો સંભાળ[1] તો
રખે! વીસારી મૂકતા,
હોય મોટા હો જગે દીન-દયાળ તો—શ્રી૦ (૧)
મુજ સરિખા છે તાહરે, સેવકની હો બહુ કોડાકોડ તો
પણ સુ-નજરે નિરખીએ,
કિમ દીજે? હો પ્રભુ તેહને છોડ! તો—શ્રી૦ (૨)
મુજને હેજ છે અતિઘણું,
પ્રભુ! તુમથી હો જાણું નિરધાર તો
તો તું નિપટ નિરોગીઓ,
હું રાગી હો એ વચન-વિચાર તો—શ્રી૦ (૩)
વળી ન્હાનું મન માહરૂં, હું તો રાખું હો તુમને તે માંહિ તો
હું રાગી પ્રભુ! તાહરો,
એકાંગી હો ગ્રહીયેં પ્રભુ-બાંહિ તે—શ્રી૦ (૪)
નિ-ગુણો નવિ ઉવેખીએ, પોતવટ[2] હો ઈમનો હેં સ્વામિ તો
**જ્ઞાનવિમલ**-પ્રભુ! શું કરો?
વિણુ અંતરહો સેવક એકતાન તો—શ્રી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૦૪) (૯–૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી–જિન સ્તવન

(ગિરૂઆ ગુણ વીરજીએ-દેશી.)

શ્રી **વસુપૂજ્ય**–નરિંદનોજી, નંદન ગુણ[1]મણિધામ
**વાસુપૂજ્ય**–જિન રાજીયોજી, અતિશય[2]–રત્ન–નિધાન
પ્રભુ ! ચિત્ત ધરીનેં અવધારો[3] મુજ વાત૦ (૧)
દોષ સયલ મુજ સાંસહોજી[4], સ્વામી ! કરી સુપસાય
તુમ ચરણે હું આવીઓજી, મહિર[5]કરો મહારાય—પ્રભુ૦ (૨)
કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અ–વિધિ અ–સદાચાર
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતી વાર—પ્રભુ૦ (૩)
જબ મેં તુમનેં નિરખીયાજી, તવ તે નાઠા દૂર
પુણ્યે પ્રગટે શુભ–દશાજી, આયો તુમ હજૂર—પ્રભુ૦ (૪)
**જ્ઞાનવિમલ** પ્રભુ ! જાણનેજી[6], શું કહેવું બહુવાર
દાસ–આશ પૂરણ કરોજી, આપો સમકિત સાર—પ્રભુ૦ (૫)

卐

## (૨૦૫) (૯–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

(એ બે મુનિવર વહોરણ પાંગારયાજી-એ દેશી.)

વિધિ શું વંદતાં **વિમલ**–જિનેસરૂજી,
વાધે વળી વારૂ[1] ધર્મ–સનેહ રે
આતમ[2]–અનુભવ જ્ઞાનમાંહે મિલે જી,
હોયે અવિનાશી અખય અછેહ રે —વિધિ૦ (૧)
પાણી જિમ સહજે વિષ દૂર કરેજી,
મંત્રે વાસ્યું હોયે અમૃત–રૂપ રે
તિમ તુમ ધ્યાને એહ અ–ભેદથીજી,
ધ્યાયો હોયે આતમ સિદ્ધ–સરૂપ રે —વિધિ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ તિલ ઊજ્જવલ શુભ-કુસુમે કરીજી,
વાસ્યાં બહુ-મૂલાં હોયે તેલ રે
તિમ સિત[3]-પક્ષી તુમ ગુણ[4]-વાસથીજી,
હોયે અતિશય ગુણ[5]-પરિમલ મેલ રે —વિધિ૰ (૩)
આપ-સરિખો સેવકને કરેજી,
સાહિબ સેવ્યો તે સુપ્રમાણ રે
મોટા સેવ્યાનો તો શ્યો[6] પટંતરોજી,
સમજે થોડે કહ્યે જે હોયે જાણ રે—વિધિ૰ (૪)
**જ્ઞાનવિમલ**-સુપ્રકાશ થકી લહ્યાજી,
ત્રિભુવન-જન મનકેરા ભાવ રે
તો શી જુવો છો ? સેવક વિનતિજી,
આપો તુમ સેવા ભવ-જલ નાવ રે—વિધિ૰ (૫)

卐

## (૨૦૬) (૯-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

(એ ડુંગરવારૂ નાયકાની—એ દેશી)

**અનંત**-જિણેસર ! આપણો હો લાલ,
અંતરયામી[1] એહ રે—એ જિનજી વારૂ
નેહ નિબિડ[2] નિશ્ચય[3] થયો રે લાલ,
જિમ પત્થરની[4] રેહ રે—એ૰ અનંત૰ (૧)
અંત કરયો તેં કર્મનો હો લાલ,
પામી ક્ષાયિક ભાવ રે—એ૰
ગુણ અનંત તેહથી લહ્યા રે લાલ,
પ્રગટ્યો સહજ સુભાવ રે—એ૰ અનંત૰ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઠો અનંત-પાંચમે હો લાલ,
આઠ અનંત કરી હાથ રે—એ૦
નાથ નહિં કો તાહરો રે લાલ,
ભણીયે ત્રિભુવનનાથ રે—એ૦ અનંત૦ (૩)
એતા દિન નવિ જાણીઓ હો લાલ,
તાહરૂં અનંત-સરૂપ રે—એ૦
**સુયશા** માતા જેહની રે લાલ,
તાત **સિંહસેન**-ભૂપ રે—એ૦ અનંત૦ (૪)
કાળ અનંતે મેં પામીઓ હો લાલ,
હવે કિમ છોડયો જાય રે?—એ૦
**જ્ઞાનવિમલ** સુખ પોખવા રે લાલ,
અવિચલ તુંહી સહાય રે—એ૦ અનંત૦ (૫)

卐

## (૨૦૭) (૯–૧૫) શ્રી ધર્મનાથ જિન–સ્તવન

(મેડા ઉપર મેહુ ઝરૂખે વીજલડી હો લાલ—એ દેશી)

**ધર્મ**-જિનેસર ! ધર્મ-ધુરંધર[૧] ભેટીએ હો લાલ—ધુરં૦
અવિધિ અધર્મ અનીતિ અ-સજ્જન મેટીએ હો લાલ,
—અસ૦
સંભારૂં નિશદીસ કરી ગુણ એકઠા હો લાલ—કરી૦
પણ દેવાની વેળા દીસો છો મન[૨]-મઠા હો લાલ—દીસો૦
આજ લગે કોઈ કામ કર્યો હોયે દાસનો હો લાલ—કર્યો૦
તે દાખો[૩] લેઈ નામ હોયે જો આસનો હો લાલ—હોયે૦
નિ-રાગીશું પ્રીત ધરે તે થોડિલા હો લાલ—ધરે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોજ ન પામે કાંઈ **ભાનુ**-નૃપ લાડિલા હો લાલ—ભાનુ૦
ઈમ કરતાં કહો સ્વામી! કેતા દિન ચાલશ્યે હો લાલ—કેતા૦
મોટા કરે તે પ્રમાણુ કહો કુણ પાળશ્યે હો લાલ—કહો૦
પડી જે પટોળે[4] ભાત[5] તે કદીય નહી ટલે હો લાલ—તે૦
જે તુમશું બન્યું તાન તે અવર શું નવિ મિલે હો
લાલ—અવર૦ (૩)
તાહરા ગુણનો પાર ન પામે કોઈ ગુણી હો લાલ—ન૦
કીરતિ ત્રિભુવનમાંહિ તુમારી મેં સુણી હો લાલ—તુમારી૦
બહુ કહેતાં આસંગ[6] હોયે આશાતના હો લાલ—હોયે૦
ઈમ બિહાવ્યા નવિ જાય હોયે જે આપના હો લાલ—હોયે૦
આપ પિયારૂં કોઈ ન દીસે તાહરે હો લાલ—ન૦
એ કહેવાની રીત ભગત ન થાય રે હો લાલ—ભગત૦
**જ્ઞાનવિમલ** પ્રભુ આણ વહે જે તુમ્હ તણી હો લાલ—વહે૦
ત્રિભુવન-તિલક સમાન હોયે ત્રિભુવન-ધણી હો લાલ—હોયે૦

卐

## (૨૦૮) (૯—૧૬) શ્રી શાંતિનાથ જિન-સ્તવન

### (વીંછીયાની દેશી)

સુણો **શાંતિ**-જિનેસર! સાહિબા!
સુખકાર! કરુણાસિંધુ રે!
પ્રભુ! તુમ-સમ કો દાતા નહિ,
નિષ્કારણ[1]-ત્રિભુવન-બંધુ રે—સુણો (૧)
જસ નામે અખય-સંપદ હોએ,
વળી આધિ તણી હોયે શાંતિ રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખ-દુરિત ઉપદ્રવ સવિ મિટે,
ભાંજે મિથ્યા-મતિ[૨]-ભ્રાંતિ રે—સુણો (૨)
તું રાગ-રહિત પણ રીઝવે, સવિ સજ્જન કેરાં ચિત્ત રે
નિર્દ્રંવ્ય અને પરમેશ્વરૂ,
વિણ નેહે તું જગ-મિત્ત રે—સુણો૦ (૩)
તું ચક્રી પણ ભવ-ચક્રનો, સંબંધ ન કોઈ કીધ રે
તું તો ભોગી યોગી દાખિઓ,
સહજે સમતા-રસ સિદ્ધ રે—સુણો૦ (૪)
વિણ-તેડ્યો નિત્ય સહાય છે, તુજ લોકોત્તર-આચાર રે
કહે **જ્ઞાનવિમલ** ગુણ તાહરા,
લહિયે ગણવે કિમ પાર રે—સુણો (૫)

卐

## (૨૦૯) (૯-૧૭) શ્રી કુંથુનાથ જિન-સ્તવન

(મોતીડાની દેશી)

**કુંથુ**-જિણંદ ! સદા મન-વસીઓ,
તું તો દૂર જઈ પ્રભુ વસીઓ
સાહિબા ! રંગીલા ! હમારા, મોહના શિવ[૧]-સંગી
છઠ્ઠો ચક્રી ખટ-ખંડ સાધે,
અભ્યંતર[૨] જિમ ખટ[૩]-રિપુ બાંધે-સા હિબ૦ (૧)
ત્રિપદી[૪] ગંગ[૫] ઉપકંઠે[૬], નવ નિધિ-સિદ્ધિ ઉતકંઠે સા૦
કોઈ અ-જેય રહ્યો નહિ દેશ,
તિમ કો ન રહ્યા કર્મ-નિવેશ—સાહિબ૦ (૨)
ધર્મ-ચક્રવર્તી પદવી પામી,
એ પ્રભુ માહરો અંતરજામી—સાહિબ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તર-ભેદશું સંયમ પાળી,
સત્તરમો જિન મુગતિ-સંભાળી—સાહિબ૦ (૩)
તેહને ધ્યાને જો નિતુ રહીએ,
જો તેહની આણા નિરવહિએ—સાહિબ૦
તો ખાઈક ભાવે ગુણ આવે,
સાહિબ-સેવક ભેદ ન પાવે—સાહિબ૦ (૪)
વારવાર સુ-પુરુષને કહેવું,
તે તો ભરિયા ઉપર વહેવું—સાહિબ૦
**જ્ઞાનવિમલ** ભાવે કરી જોવે,
તો સેવક-મનવંછિત હોવે—સાહિબ૦ (૫)

卐

## (૨૧૦) (૯-૧૮) શ્રીઅરનાથ-જિન સ્તવન

**( કિસકે ચેલે કિસકે પૂત—એ દેશી )**

શ્રી અર-જિનવર દીન-દયાળ,
સેવા જેહની છે સુર-સાળ[૧]—સાહિબ સેવિયે૦
દુસમ[૨]-સમય મહા[૩]-વિષ-ઝાળ,
તેહમાં સેવકને સંભાળ—સાહિબ૦ (૧)
મેરૂથકી મરૂભૂમિ સુહાય,
જિહાં પ્રગટી સુરતરૂવર[૪] છાંય-સાહિબ૦
જિહાં તુમ શાસનની પરતીત,
તેહ જ જાણો સમકિત—રીત-સાહિબ૦ (૨)
અગનિ થકો જિમ અગરનો[૫] ગંધ;
પ્રગટે દહદિશિ પરિમલ[૬]-બંધ-સાહિબ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષપાષાણે[૭] કનક[૮]-સભાવ;
પરખીજે પરીક્ષકને ભાવ—સાહિબ૦ (૩)
તિમ કલિયુગ છે ગુણને હેત;જો તુજ શાસન શુદ્ધ-સંકેત-
જિમ નિશિ દીપક જલધિમાં દ્વીપ;
જિમ મરૂમાં રેવાજલ[૯]-નીપ-સાહિબ૦ (૪)
તિમ કળિમાં તુમ પદ-કજ સેવ;
દુર્લભ પામી પુણ્યે હેવ—સાહિબ૦
**જ્ઞાનવિમલ** તેજે કરી જોય;
ગંજી[૧૦] ન શકે દુર્જન કોય—સાહિબ૦ (૫)

卐

## (૨૧૧) (૯-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

**(ઈડર આંબા આંબલી રે—એ દેશી)**

**મલ્લિ-જિનેસર** વંદીયે રે;[૧] પ્રહ-ઉગમતે સૂર;
મલ્લી-[૨]કુસુમ પરે વિસ્તરચો રે; મહિમા અતિય હનૂર
ચતુર નર ! સેવો શ્રી જિનરાય;
કુમરી રૂપે થાય—ચતુર૦ (૧)
કુંભ-થકી[૩] જે ઉપનોરે; જે મુનિવર કહેવાય;
તે ભવ-જલનિધિ શોષવેરે; અચરિજ એહ કહાય-ચ૦
લંછન મિસિ[૪] સેવે સદા રે, પૂર્ણ-કલશ તુમ પાય;
તે તારક-ગુણ કુંભમાં રે; આજ લગે કહેવાય-ચ૦ (૩)
માંગલિકમાં તે ભણી રે; થાપે કલશ મંડાણ;
શ્રી જિન-સેવાથી હોયે રે; આયતિ[૫] કોડિ-કલ્યાણ-ચ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાતમ સુખ સાગરૂ રે આગર ગુણનો એહ;
જગ જયવંતા જાણીયે રે; **જ્ઞાનવિમલ** કહે તેહ-ચ૦ (૫)

卐

## (૨૧૨) (૯-૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી-જિન સ્તવન

**(આજનહેજો-એ દેશી)**

**શ્રી મુનિસુવ્રત** જિન વીશમા; વિશમીયા[૧] મનમાંહિજી;
કોઈક શુભ-મહુરત આવી વસ્યા;
વીસ વસા ઉછાંહજી શ્રી૦ (૧)
અનુભવ જાગ્યો જ્ઞાન-દશા તણો; પર-પરિણતિ ગઈ દૂરજી
વિષ[૨] સમ વિષયતણાં ફળ જાણીયાં,
શ્રદ્ધા[૩]-પરિમલ પૂરજી—શ્રી૦ (૨)
ઇત્યાદિક ગુણ પ્રગટે પ્રભુ થકી; અવર ન આવે દાય[૪]જી;
ચંપકતરૂ-તળે જે રતિ પામ્યા;
આઉલ[૫] તસ ન સુહાયજી-શ્રી૦ (૩)
જે સુ-ગુણશું મનડું વેધ્યું, વન કરે નિગુણ-સંગજી
હંસા છીલર[૬] સર નવિ આદરે, છોડી ગંગ-તરંગજી-શ્રી૦
જગ જણ સાથે પ્રીત કરે ઘણી, તે કોઈ નાવે દાયજી
**જ્ઞાનવિમલ** પ્રભુ-પામ્યાથી હોવે, સેવક-વંછિત થાયજી
—શ્રી૦ (૫)

卐

## (૨૧૩) (૯-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

**( રંગીલુ આત્મા-એ દેશી. )**

નેહ કરો **નમિનાથ**શું, જે છે ચતુર સુજાણ
—સુરંગા સાહિબા;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ સરે શ્યો તેહથી નિર્ગુણ નહિં ગુણ[1]–જાણ સુ. (૧)
રાગી દ્વેષી[2] દેવતા, તે કિમ આવે જોડ?—સુરંગા૦
એ તો દેવનો દેવ છે, વીતરાગ ગુણ કોડ—સુરંગા૦ (૨)
કિહાં સાયર કિહાં છીલરૂ કિહાં દિનકર[3] ખદ્યોત[4] સુ.
કિહાં ઘૃતપુર[5] ને કુસકા![6] કિહાં મૃગપતિ[7]! મૃગપોત![8]
—સુરંગા૦ (૩)
કિહાં તારાપતિ[9] તારિકા[10] કિહાં ચિંતામણી કાચ—સુ૦
કિહાં ચંદન કિહાં આકડો કિહાં કક્કર[11] કિહાં પાચ[12] સુ૦ (૪)
**જ્ઞાનવિમલ** ગુણ–સંપદા, સંયુત એ ભગવાન—સુરંગા૦
અવર કહો કિમ દેવતા, આવે એહ ઉપમાન?[13] સુ૦ (૫)

卐

## (૨૧૪) (૯–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

**(આઘા આમ પધારો પૂજ્ય–એ દેશી.)**

**નેમિ** નિરંજન! નાથ! હમારો, અંજન[1]–વર્ણ શરીર
પણ અ–જ્ઞાન[2]–તિમિરને ટાળે, જીત્યો મનમથ[3]–વીર
પ્રણમો! પ્રેમ ધરીને પાય,—પામો પરમાનંદા.
યદુ–કુળ–ચંદા રાય! માત **શિવાદે**–નંદા; (૧)
**રાજીમતી** શું પૂરવ–ભવની, પ્રીત ભલી પરે પાળી
પાણિગ્રહણ[4]–સંકેતે આવી, તોરણથી રથ વાળી—પ્રણમો૦
અ–બળા સાથે નેહ ન જોડ્યો, તે પણ ધન્ય કહાણી
એક–રસે બિહુ પ્રીત થઈ તો, કીરતિ કોડ ગવાણી—પ્રણમો૦
ચંદન પરિમલ[5] જિમ, જિમ ખીરે,
ઘૃત એક રૂપ નવિ અલગાં[6]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ જે પ્રીત નિવાસહિં અહ-નિશ
તે ધન ગુણ સુ-વિલગાં—પ્રણમો૦ (૪)
ઈમ એકંગી૭ જે નર કરશે, તે ભવ-સાયર તરશે
**જ્ઞાનવિમલ** લીલા તે ધરશે, શિવ-સુંદરી તસ વરશે
—પ્રણમો૦ (૫)

卐

## (૨૧૫) (૯-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણિ રે કે-એ દેશી.)**

પુરિસાદાણી પાસ કે આશ સફળ કરો રે કે—આશ૦
દાસતણી અરદાસ[1] સદા દિલમેં ધરો રે—સદા૦
બપઈઓ[2] જિમ જલધર[3] વિણુ જાચે નહિ રે કે—વિણુ૦
તિમ તુમ વિણ હું ઓર ન જાચું એ સહીરે કે—જાચું૦ (૧)
તુમ ઉપર એક[4]-તારિ કરીને હું રહ્યો રે કે—કરી૦
સાહિબ ! તું મુજ એક મેં અવર ન સંગ્રહ્યો રે કે—અવર૦
સેવાની પણ ચૂક કદા પડતી નથી રે કે—કદા૦
રિદ્ધિ અનંત ખજાને, ખોટ પણ કો નથી રે કે—ખોટ૦ (૨)
ભવિતવ્યતા પણ ભવ્ય અછે પ્રભુ ! માહરી રે કે—અછે૦
તે જાણું નિરધાર કૃપા લહી તાહરી રે કે—કૃપા૦
ભવથિતિનો પરિપાક વિલંબ વિચે કરે રે કે—વિલંબ૦
સંઘયણાદિક દોષ તણો અંતર ધરે રે કે —તણો૦ (૩)
પણ તે ભાવે કામ એ વાતની વાત છે રે કે—વાત૦
સેવક કિમ હોયેં દૂર જે ખાના જાતિ છે રે કે—ખાના૦
ભોળવીયા નવિ જાય કે જે તુમ્હે શિખવ્યા રે કે—જે૦
પહિલા હેજ[5] દેખાડી જેહને હેળવ્યા રે કે—જેહને૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે અલગા કિમ જાય ? નજર ધરો નેહની રે કે—નજર૦
વંછિત આપી આશ સફળ કરો તેહની રે કે—સફળ૦
**જ્ઞાનવિમલ** પ્રભુ ચરણ–સેવા નિતુ દીજીયેં રે કે—સેવા૦
સહજે ઉદય બહુમાન અધિક હવે કીજીયેં રે—અધિક૦ (૫)

卐

## (૨૧૬) (૯—૨૪) શ્રી મહાવીરસ્વામી–જિન સ્તવન

**(આદર જીવ ખિમાગુણ આદર-એ દેશી.)**

**વદ્ધર્માન**–જિનવરને ધ્યાને, વદ્ધર્માન–સમ થાવેજી
વદ્ધર્માન–વિદ્યા–સુપસાયે, વદ્ધર્માન–સુખ પાવેજી–વદ્ધ૦
તું ગતિ મતિ છછતી[1] થિતિ છે,
માહરો જીવન પ્રાણ આધારજી,
જયવંતું જગમાં જસ શાસન,કરતું બહુ ઉપકારજી વ૦ (૨)
જે અજ્ઞાની તુમ મતે[2]સરીખો પરમતને[3] ફરી જાણેજી
કહો કુંણ અમૃતને વિષ સરીખું,મંદમતિ વિણ જાણેજી વ.(૩)
જે તુમ આગમસરસ સુધારસે,સીંચ્યો શીતલ થાયજી;
તાસ જનમ સુકૃતારથ જાણો,સુરનર તસ ગુણ ગાયજી, વ.(૪)
સાહિબ તુમ પદ૪પંકજ સેવા,નિત નિત એહજ યાચુંજી;
શ્રીજ્ઞાનવિમલસૂરીસર ભાખે,પ્રભુને ધ્યાને માચુંજી વ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ.
## કૃત
## સ્તવન ચોવિશી
## કઠિન શબ્દોના અર્થ
## ટિપ્પણી

**સ્તવન ૯–૧**

૧. અવસર્પિણી કાળના ત્રીજા આરાના છેડે ધર્મ વ્યવહારની આદિ કરનારા ૨. સેવા ૩. કલ્પવૃક્ષના ફળ ૪. અજરામર=શાશ્વત મોક્ષપદ રૂપ ફળને.

**સ્તવન ૯–૨**

૧. આનંદ ૨. ઉમંગ ૩. વૈરી–દુશ્મન.

**સ્તવન ૯–૩**

૧. ન જાય તેવો દૃઢ ૨. નાશ ૩. અનુકૂળ ૪. ઝુકી–ઝુકી ૫. સુગંધ ૬. અગ્નિ.

**સ્તવન ૯–૪**

૧. ઉદાસ ૨–૩. અપૂર્વ સમતાવંત છતાં પણ મોહનો નાશ કર્યો ૪. કામદેવ ૫. પ્રબળ ૬. અંતરનો પ્રેમ ૭. જગતમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૯-૫**

૧. સ્વરૂપ ૨. મોહ અંધકારને ૩. મોક્ષગતિનો.

**સ્તવન ૯-૬**

૧. લાલ કમળ જેવી ૨. કાંતિ ૩. આકાશ ૪. આપી શકે ૫. આંગળથી ૬. હાથથી ૭. મેરૂપર્વત ૮. રેતીના કણીયા ૯. પવન ૧૦. સ્વયંભૂરમણ-સમુદ્ર ૧૧. કિનારો ૧૨. મેરૂ, રેતી, પવન વગેરે ૧૩. અસંખ્યાત પ્રદેશ ૧૪. શિવ = મોક્ષરૂપ સ્રીના ધણી.

**સ્તવન ૯-૭**

૧. સારી દૃષ્ટિ ૨. હિત ભરેલા હૈયે ૩. ઉત્કૃષ્ટ હર્ષથી ૪. સારીરીતે ૫. સ્રી ૬. ઉકરડા જેવી ૭. પરંપરાના ૮. સફળ થયો.

**સ્તવન ૯-૮**

૧. ચંદ્રના કિરણ જેવું શરીર ૨. હંમેશ ઉદયવાળું ૩. કલંક રહિત ૪. શ્રેષ્ઠ ૫. ત્રણ-ભુવનને પ્રકાશિત કરનાર ૬. સૂર્ય ૭. ત્રણ-ભુવનને પવિત્ર કરનારી ૯. ગંગાનદી, બીજા પાસે ૧૦. ચંદ્ર ૧૧. કરે છે ૧૨. દોષ વગરનું ૧૩. શરીર.

**સ્તવન ૯-૯**

૧. મહેમાન ૨. વધારો ૩. ચંદરવો ૪. પ્રમોદ-ભાવના ૫. શ્રેષ્ઠ ૬. જાજમ.

**સ્તવન ૯-૧૦**

૧. સારા યશની સુગંધ ૨. વિષયવાસના રૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંગલી અગ્નિનો ૩. ત્રણ ગારવની ધૂળ ૪. પાપનો ક્લેશ.

**સ્તવન ૯–૧૧**

૧. સારવાર ૨. વહેતાપણું.

**સ્તવન ૯–૧૨**

૧. ગુણરૂપ મણિના ઘર ૨. અતિશય રૂપ રત્નોના ખજાના રૂપ ૩. ધ્યાનમાં સંગ ૪. ખમો = માફ કરો ૫. દયા ૬. સમજુને-

**સ્તવન ૯–૧૩**

૧. સારો ૨. આત્માનો અનુભવ જ્ઞાનમાં મળે તો જ્ઞાન અવિનાશી, અક્ષય અને અનંત થાય (પ્રથમ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૩. શુકલપક્ષી જીવ ૪. ગુણ–સુગંધથી ૫. ગુણ—સુગંધ ૬. ભેદભાવ.

**સ્તવન ૯–૧૪**

૧. મનોગત ભાવોને જાણનાર, સર્વજ્ઞ ૨. ગાઢ ૩. નક્કી ૪. પત્થરની રેખાની જેમ ૫. પોષણ કરવા.

**સ્તવન ૯–૧૫**

૧. ધર્મના નાયક ૨. કઠણ મનના ૩. બનાવો ૪. છાપેલ કપડાની ૫. રંગીન છાપ ૬. પ્રેમવશ.

**સ્તવન ૯–૧૬**

૧. વિના કારણે ત્રણે ભુવનના બંધુ ૨. મિથ્યા બુદ્ધિની ભ્રમણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૯-૧૭**

૧. શિવ = મોક્ષના કાયમી યોગવાળા ૨. અંદરના ૩. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર = ઇર્ષ્યા એ છ દુશ્મનો ૪. ત્રિપદીરૂપ ૫. ગંગાનદી ૬. કિનારે.

**સ્તવન ૯-૧૮**

૧. અત્યંત સુંદર ૨. પાંચમો આરો ૩. ભયંકર ઝેરની જાળ જેવો ૪. કલ્પવૃક્ષની શ્રેષ્ઠ ૫. ગુરૂ-ધૂપનો ૬. સુગંધની ઘટા ૭. કસોટીના પત્થરે ૮. સોનાની પરીક્ષા ૯. નર્મદાજળનો બેટ ૧૦. પરાભવ ન કરી શકે.

**સ્તવન ૯-૧૯**

૧. સવારે ૨. મોગરાના ફૂલની જેમ ૩. પ્રભુજીના પિતાજીનું નામ છે ૪. બહાનાથી ૫. ભવિષ્યમાં.

**સ્તવન ૯-૨૦**

૧. વિસામો લીધો ૨. ઝેર જેવા ૩. શ્રદ્ધાની સુગંધના સમૂહથી ૪. અનુકૂળ ૫. આવળ નામે ઝાડ ૬. છીછરા પાણીના ખાબોચીયા.

**સ્તવન ૯-૨૧**

૧. ગુણની કદર ન કરનાર ૨. દ્વેષવાળા ૩. સૂર્ય ૪. આગીયો ૫. ઘેવર ૬. ફોતરા ૭. સિંહ ૮. હરણનું બચ્ચું ૯. ચંદ્ર ૧૦. સારો (નાનો) ૧૧. કાંકરા ૧૨. શ્રેષ્ઠ મણિ ૧૩. હરોળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૯-૨૨**

૧. અંજન જેવું શ્યામ વર્ણવાળું ૨. શ્યામ છતાં અજ્ઞાનના ગાઢ અંધકાર (શ્યામ)ને ૩. કામદેવ રૂપ યોદ્ધાને ૪. પરણવાના બહાને ૫. સુગંધ ૬. જુદાં ૭. એકધારી.

**સ્તવન ૯-૨૩**

૧. વિનંતિ ૨. ચાતક ૩. મેઘ ૪. એકતાર = ગાઢ ૫. અંતરનો પ્રેમ.

**સ્તવન ૯-૨૪**

૧. દેશી શબ્દ લાગે છે. અર્થાનુસંધાન શૈલીથી સુયોગ = શોભા અર્થ લાગે છે ૨. શાસન ૩. બીજા શાસનને ૪. ચરણકમળની સેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# પૂ. શ્રી ભાવવિજયજી મહારાજ

## કૃત

## સ્તવન—ચોવીશી

[૧૦]

## (૨૧૭) (૧૦–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

**(રાગ-આશાવરી-અવસર આજ હઈ રે એ દેશી.)**

સકળ–સમીહિત[1]–પૂરણ–સુરતરૂ[2] ઇંદ્રાણીયે ગાયો રે
**નાભિ**–નરેસર–નંદન સુંદર **મરૂદેવીયો** (૧)
ત્રિભુવન–રાજિઓ રે, **શ્રી રિષભ**–જિનેસરરાયા
સુર–નર જસ સેવે પાયા, જસ લંછન વૃષભ[3] સુહાયા —ત્રિ૦
ધનુષ પંચસય માન મનોહર, કંચન[4]–વરણી કાયા રે
પૂરવ–લાખ ચઉરાશી જીવિત, નયરી **વિનીતા**–રાયા—ત્રિ૦
વંશ ઈક્ષ્વાગ ગોત્ર કાશ્યપનો, આદિ હેતુ વિખ્યાતો રે
નારી–**સુનંદા**-**સુમંગળા**–વલ્લભ,
**ભરતાદિક** સત-જાતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગોમુખ** યક્ષ **ચક્કેસરી** દેવી, જસ શાસન-સુર સોહે
**ભાવ** કહે તે પ્રભુને સેવે, કામધેનુ સો દોહે—ત્રિ૦ (૫)

卐

## (૨૧૮) (૧૦-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**(રાગ-આશાવરી-મહામુનિવર રાગી-એ દેશી.)**

**શ્રી અજિત**-જિણેસરરાય ભવિઅણ સેવો રે
જસ નામે મંગળ થાય ભવિયણ સેવો રે
દુઃખ દોહગ દૂરે પલાય—ભવિ૦
શ્રી **જિતશત્રુ-નરિંદનો** રે, **નંદન** જગદાનંદ
**વિજયા**- કૂખેઅવતર્યો રે, કમળા૧-વેલી-કંદ—ભવિ૦ (૧)
લાખ બહોત્તર પૂર્વનું રે, જીવિત જસ ઉત્તંગ
દેહકાંતિ જસ દીપતી રે, જીપતી સુર૨-ગિરિશૃંગ—ભવિ૦
નયરી **અયોધ્યા** રાજિઓ રે, વંશ ઈક્ષાગ શ્રૃંગાર
પંચાસાધિક૩ ચ્યારસે રે, ધનુષ માન તનુ સાર—ભવિ૦
**અજિતબલા દેવી** વડી રે, **મહાયક્ષ** વળી દેવ
એ જસ શાસન-દેવતા રે, સેવા કરે નિતમેવ—ભવિ૦ (૪)
ગજ-ગતિ ગજ-લંછન ધરૂં રે, બીજો એ જગદીશ
મુગતિ સુગતિદાયક ભણી રે, **ભાવ** નમેં નિશદીસ—ભવિ૦

卐

## (૨૧૯) (૧૦-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

**(રાગપ-રજીયો, તુંગિઆગિરિ શિખર સોહે-એ દેશી.)**

જયો **સંભવ**૧ શંભુ ત્રીજો, જનિત૨-ભુવનાનંદ રે
શ્રી **જિતારિ**-નરિંદ સુંદર, માત **સેના**-નંદ રે—જયો૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંશ વર ઈક્ષ્વાગ દિનકર, તુરંગ[3] લંછન સાર રે
ચ્યારસેં ધનુ માન સોવન-વાન[4] દેહ ઉદાર રે—જયો૦ (૨)
નયરી **સાવત્થી**-નરેસર, દુઃખ-દાવાનળ મેહ રે
સાઠ પૂરવ લાખ જીવિત[5], ભોગવે જિન જેહ રે—જયો૦
**ત્રિમુખ** સુર **દુરિતારી** દેવી, જાસ શાસન-દેવ રે
વિઘન ટાળે સંઘ કેરા, કરે પ્રભુની સેવ રે—જયો૦ (૪)
ભવ-મહોદધિ તરણ-તારણ, સબળ[6] વહાણ સમાન રે
**ભાવ**મુનિ શુભ-ભાવ આણી, કરે તસ ગુણ-ગાન રે—જયો૦

卐

## (૨૨૯) (૧૦-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

**(રાગ પરજીયો—મનોહર હીરજી-એ દેશી.)**

**શ્રી અભિનંદનો** રે, ચોથો જિનવર નમીયે
**સિદ્ધારથાનો**[1] નંદન થુણતાં, સકળ દુઃખ નિગમીયે,
હાં હો સિદ્ધિપુરીમાં રમીયે—શ્રી અભિનંદનો રે૦ (૧)
વંશઈક્ષાગ[2]-પયોનિધિ-શશધર, નયરી **વિનીતા** ભૂપો
**સંવર**[3]-સુત વર સંવરદાઈ. પ્રભુજી અદ્ભુત-રૂપો—શ્રી૦
ધનુષ અઉઠ[4]-શત ઉન્નત મનોહર, કંચનવાન શરીરો
કપિલંછિત-મન-વંછિત-પૂરણ,દુર[5] મતરેણુ સમીરો—શ્રી૦
શાસનસુર **યક્ષ નાયક** નામે, **કાળી** દેવી રાજે
પૂરવ લાખ પંચાસ આઉખું, ભોગવ્યું જે જિનરાજે—શ્રી૦
પરમ-પુરૂષ પુરષોત્તમ તે પ્રભુ, કરમ-બંધ સવિ છોડો
**ભાવવિજય** મુનિ પભણે મુજને,
શિવ-સુખ સાથે જોડો—શ્રી૦ (૫)

卐

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## (૨૨૧) (૧૦-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(રાગ રામગિરિ-**મહાજસ એહ વિચાર કરીજે-એ દેશી.**)

સુહકર **સુમતિ**-જિણેસર સેવો
જેહનું દરિશન સુર-નર ચાહે,
જિમ અમૃત-રસ મેવો—સુહ૦ (૧)
**મેઘરાય**-સુત મેઘ સરીખો, પાપ-સંતાપ નિવારે
માત **મંગલા** કુંવર બહુળી, મંગળવેલ વધારે—સુહ૦ (૨)
ક્રૌંચ લંછન ત્રણસેં ધનુ ઉન્નત, કાયા કંચન સમ વાને
વંશ-ઈક્ષાગ-દિવાકર ધ્યાઓ, રાગ[૧]-તિમિર શમવાને
—સુહ૦ (૩)
**કોસલપુર**[૨]-નાયકને સેવે, પાયકપરિ[૩] સુર-વૃંદા
આયુ પૂરવ લાખ ચ્યાલીસ પાળી, પામ્યો પરમ-આનંદા
—સુહ૦ (૪)
શાસનદેવી **મહાકાલી** જસ, સુર-વર **તુંબરૂ** નામે
તે પંચમ-જિન થુણતાં ભાવે, **ભાવ**-પરમપદ-કામે—સુહ૦

卐

## (૧૨૨) (૧૦-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

(રાગ રામગિરી-**ચંદ્રાકા ચોપડ ઊંચી તડ રે-એ દે દેશી.**)

**શ્રી પદમપ્રભ** પ્રણમીયે, છઠ્ઠો જિનવર ચંદ રે
રિષભ[૧]-કુળ-કમળ-કલ હંસલો, સેવે સુર-નર-વૃંદ રે
—શ્રી૦ (૧)
પુત્ર વર **ધર**[૨]-ધરાધર તણો, મહા[૩]-ધરણિધર ધીર રે
કમળ-લંછન **સુસીમા**-સુતો,મુનિ[૪]-મન-તરૂ-કીર રે શ્રી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ[૫]-રવિબિંબને જીપતો, જસ અંગનો વાન રે
ધનુષ શત અઢીય ઉન્નતપણે, જસ દેહ પ્રધાન રે—શ્રી૦
જીવિત જેહ જિનજી તણું, ત્રીસ **પૂરવ** લાખ રે
નયરી **કોસંબીનો** નરવરૂ, નમું નિજ મન સાખ રે—શ્રી૦
**કુસુમ**સુર દેવી **શ્યામા**ભિધા, સેવે શાસન જાસ રે
**ભાવ** મન-કમળમાંહિ સદા, કરો તે પ્રભુ વાસ રે—શ્રી૦

卐

## (૨૨૩) (૧૦-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(રાગ-માલવી ગોડઓ—મેરે મન તું અભિનંદન દેવ!**
**—એ દેશી)**

રમો મન **શ્રી સુપાસને** પાસે[૧]
સ્વસ્તિક-લંછન સાતમો જિનવર,
સુર-વર વૃંદ ઉપાસે[૨]—રમો૦ (૧)
**વાણારસી**-નયરીમેં ઉદયો, જિમ દિનકર આકાશે
**પઇઠ**[૩]-નરેસર **પુહવી**[૪]-નંદન, દીપે જ્ઞાન-પ્રકાશે-રમો૦
જસ તનુ-કાંતિ કનક[૫]-મદ ગાળે, ભવિયણ-કમલ વિકાસે
**રિષભ**[૬]-વંશ-રયણયર-સુરમણિ, સેવંતાં દુખ નાસે રમો૦
ધનુષ દોય શત તુંગ અંગ જસ, દેખત[૭] દુરિત પણાસે
વીસ પૂરવ લાખ આયુ ભોગવી, પુહતો શિવ-પુર વાસે—રમો૦
**માતંગ**સુરવર **શાંતા**દેવી, શાસન-સુર જસ ભાસે
ચરણ-કમલ તસ અનુદિન ધ્યાયે,
**ભાવ**મુનિ ઉલ્લાસે—રમો૦ (૫)

卐

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

## (૨૨૪) (૧૦-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

**(રાગ-માલવી ગોડઓ—તુહમને પ્રભુ તારક કિમ કહીયેં એ દેશી)**

**શ્રી ચંદ્રપ્રભ** ! પ્રભુ જયકારી,
આઠમો જિનવર પર-ઉપગારી;
જેણેં કરમતણો ભય વારી,
ભવિક-શ્રેણી ભવ-પાર ઉતારી—શ્રી૦ (૧)
**મહસેન**-નરપતિ પુત્ર સુજાતો,[1]
માત **લક્ષ્મણા**નો અંગ[2]જાતો.
કરે મોહસેનાનો ઘાતો, દયાવંત તોહે વિખ્યાતો—શ્રી૦
**ચંદ્રાનન**ના પુરીપતિ રાજે, ચંદ્રાનન[3] ચંદ્રલંછન છાજે
તનુ[4] વાને જસ શશધર[5] લાજે,
રિષભ[6]-વંશ-રવિ ભાવઠ ભાજે—શ્રી૦ (૩)
પંચાસાધિક-શત ધનુ તુંગ,
નિરૂપમ-રૂપ રુચિર[7] જસ અંગ
આયુ પૂરવ દશ લાખ સુ-ચંગ,
ભોગવી જે પામ્યો શિવ-સંગ—શ્રી૦ (૪)
**ભ્રુકુટિ** દેવી **વિજય** વર દેવા, શાસનસુર જસ સારે સેવા
**ભાવ** કહે મુજ હોજયો હેવા,
એ જિનજીની આણ વહેવા—શ્રી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૨૫) (૧૦–૯) શ્રીસુવિધિનાથ–જિન સ્તવન

(રાગ– મારુણી જગત-ગુરુ હીર તું–એ દેશી)

સેવો ધરી નિરમલ ભાવ, **સુવિધિ**-જિન રાજીઓ રે;
નવમો જિન પ્રબલ-પ્રભાવ—સુવિધિ૦
ભવ-સાયર-તારણ નાવ—સુવિધિ૦
કાકંદીનયરી ધણી રે, જસ તાત **સુગ્રીવ** નરિંદ
**રામા**[1]અભિરામા[2]ગુણે રે,જસ જનની સુખકંદ—સુવિધિ૦
વંશ[3] ઇક્ષાગ સુરાચલે રે, સુરતરુ સમ સુખકાર
કીરતિ–કુસુમેં મહમહે રે, વંછિત-ફળ દાતાર-સુવિધિ૦
નિજ વાને કરી જીપતીરે, નિરમલ ગંગ-તરંગ
સુંદર કાયા જેહની રે, એક–શત ધનુષ ઉત્તંગ—સુવિધિ૦
**અજિત** યક્ષ જસ દીપતો રે, દેવી **સુતારા**–સાર
એ પ્રભુ શાસન દેવતા રે, ટાળે વિઘન-વિકાર–સુવિધિ૦
દોય લાખ પૂરવ આઉખું રે, લંછન મગર ઉદાર
તે જિનજી મુજ આપજો રે, **ભાવ** કહે ભવ–પાર-સુવિધિ૦

卐

## (૨૨૬) (૧૦–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

(રાગ મારૂણી— ચેતન ચેતો રે—એ દેશી)

**દઢરથ**[1]-નરપતિ-કુલ-પૂરવગિરિં દિનકર જિનવર વંદો રે
નંદા[2]-નંદન પ્રભુ ચિર નંદો, સમતાવેલી—કંદો,
**શીતલનાથો રે,** ભવ-જલ, પડતાં દિયે હાથો—શીતલ૦
મેળે શિવ-પુરનો સાથો—શીતલ૦ (૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહ-વાન જેહનો અતિ મનોહરૂ, કનકશૈલને જીપે રે
એક લાખ પૂરવ જસ જીવિત,
શ્રી વત્સ-લંછન દીપે—શીતલ૦ (૨)
નેઉ ધનુષ-માન તનુ સોહે, જેહનું નિરુપમ રૂપો રે
જે દેખીને રૂપતણો મદ, છંડે સુરના ભૂપો—શીતલ૦
**ભદ્દિલપુર**નો રાજા રાજે, આદિવંશ-અવતંસો રે
મમ-માનસ માનસ-સરે હંસો,
સુર-નર-રચિત પ્રશંસો—શીતલ૦ (૪)
**બ્રહ્માસુર** વર દેવી **અશોકા** જસ શાસનસુર રાજે રે
**ભાવ** કહે એ દશમો જિનવર, સેવક-વૃંદ નિવાજે-શીતલ૦

卐

## (૨૨૭) (૧૦-૨૦) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન
(રાગ કેદારો-હીર ઉતારે હો ભવપાર-એ દેશી)

**શ્રી શ્રેયાંસ**-જિન ગુણ-ગાન;
કરો ભવિયણ! ધ્યાન શુભ ધરી, મન કરી એક તાન-શ્રી૦
**વિષ્ણુ** ભૂપતિ-તાત માતા, **વિષ્ણુ**દેવી પ્રધાન
**સિંહપુર**નો નાથ સત્ત્વે, સબલ સિંહ સમાન—શ્રી૦ (૨)
લંછન ખડગી-જીવ અઈસી,[૧] **ધ**નુષ સ[૨]-તનુ-માન
**ઋષભ**[૩]-કુલ-માન સરોવર-હંસ પુણ્યનિધાન—શ્રી૦ (૩)
યક્ષ **યક્ષેસર** સુરી વળી, **માનવી** અભિધાન
જાસ શાસનદેવ સોહે, સકલ-સિદ્ધિનિદાન—શ્રી૦ (૪)
લાખ ચઉરાશી વરસ જીવિત, દેહ ચંપકવાન
**ભાવ** કહે ઇગ્યારમો જિન, દિઓ મુજ વરદાન—શ્રી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૧૮) (૧૦–૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી–જિન સ્તવન

(રાગ કેદારો–વઈરાગી લાલ લાલ હો—એ દેશી)

મન–મંદિર માંહિ વસો, **શ્રી વાસુપૂજ્યજિન** સૂર[૧]
દૂરે જાયે તિહાં થકી, જિન મોહ–તિમિરનું[૨] પૂર—મન૦
મનોહર લાલ લાલ હો, જેહનું જગ અધિકું–[૩]નૂર—મનો૦
જેણે મોહ કરયો ચકચૂર મન૦ (૧)
વંશ–ઈક્ષાગ શિરોમણિ, **વાસુપૂજ્ય** નરેસર ધન્ન
ધન–ધન તસ રાણી **જયા**, જસ ઉદરે પ્રભુ ઉતપન્ન–મન૦
**ચંપાનયરીએ** અવતર્યો, વર–વિદ્રુમ[૪] સુંદર અંગ
લંછન મહિષ મનોહરુ, પ્રભુ સિત્તરિ[૫] ધનુષ ઉત્તંગ–મન૦
લાખ બહોત્તર વરષનું. જસ જીવિત જસભંડાર[૬]
**ચંડા** શાસનદેવતા, જસ સેવે યક્ષ **કુમાર**—મન૦ (૪)
સેવક–જનને દાખતો, ભવ–સાયર[૭] કેરો પાર
**ભાવ** કહે જિન બારમો, દેખાડે શિવપુર બાર—મન૦

卐

## (૨૨૯) (૧૦–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

(રાગ વેલાઉલ—જયો ઘરિ હીરજી ઘરિ આવે—એ દેશી)

**વિમલ**–જિનેસરરાયા, તેરસમા સ્વામિ સુહાયા
વંશ[૧]–ઈક્ષાગ–રોહણગિરિ–સુરમણિ,
નરમણિ[૨] પ્રણમેં પાયા—વિમલ (૧)
**કંપિલપુર કૃતબ્રહ્મ**[૩] નરેસર[૪], **શ્યામા**રાણી–જાયા[૫]
સાઠ ધનુષ તનુ માને વાને, કંચનશૈલ[૬] છાયા[૭]—વિમલ૦
લંછન–મિસિ અહનિશિ જસ સેવે, આવી વરાહ સુહાયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનું ભૂમિ-ભારથી ભાગા, જિનવર-શરણે આયા—વિમલ૦
સાઠ લાખ સંવત્સર જીવિત, જીપે[૮] મત્સર માયા
છમ્મુહ સુર-વર વિજિતા દેવી, શાસન-સુર સુહદાયા
વિમલ૦ (૪)
ગુણ-મણિ-મંડિત દંડિત[૯]-દુરમતિ,
ખંડિત[૧૦]-પાપ-ઉપાયા
**ભાવ** કહે ભવમાંહિ ભમતાં, એ પ્રભુ પુણ્યે પાયા—વિમલ૦

卐

## (૨૩૦) (૧૦-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

**(રાગ વેલાઉલ-હીરજીકો દરિસન દેખ્યો મેં ભોર એ-દેશી.)**

સેવો ! ભવિયણ ! નાથ ! **અનંત** !
ચઉદશમો જિન-**અનંત** સુહાકર[૧],
અનંત-ગુણાકર કીરતિ અનંત—સેવો૦ (૧)
વંશ-ઇક્ષાગ-નંદનવન-સુરતરૂ, **સીંહસેન**-રાય-નંદન સંત
**સુજસા** જસવતી હુઈ જગમાં,
જે જિનને જનમી[૨] ગુણવંત—સેવો૦ (૨)
નયરી **અયોધ્યા** પ્રભુનો મહિમા, મહિમાંહે વ્યાપે સુ-મહંત
કંચન-કાંતિ દેહ જસ સોહે,
સુર[૩]ગુરૂ કેરો ગરવ હરંત—સેવો૦ (૩)
ત્રીસ લાખ વત્સર જસ જીવિત, સીંચાણો લંછન સોહંત
ધનુષ પંચાશ ઉન્નત તનુ ઓપે[૪],
રૂપે ત્રિભુવન-મન મોહંત—સેવો૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુર **પાતાલ અંકુશાદેવી**, ચરણ–કમલ જસ રમલિ[૫]કરંત
**ભાવ**મુનિ મનમાંહિ ધ્યાવે,
તે જિનનું અભિધાન સુમંત—સેવો૦ (૫)

卐

## (૨૩૧) (૧૦–૧૧) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

(રાગ સારંગ–ઉદધિસુત સુંદર વદન સુહાયા—એ દેશી.)

**ધરમ**જિન ! ધરમતણો દાતાર !
પન્નરમો જિન મન મો[૧] મોરે,
મંગલ[૨]તરૂ જલધાર—ધરમ૦ (૧)
રિષભ–વંશ–મુક્તામણિ મનોહર, દીપે તેજે સાર
માત **સુવ્રતા ભાનુ** નરેસર, નંદન પ્રાણ–આધાર—ધરમ૦
પણતાલીશ ધનુષ તનુ ઉન્નત, **રયણપુરી** અવતાર
વાસુદેવ[૩]–ચીવરને જીપે, જસ તનુ–વરણ ઉદાર—ધરમ૦
લંછન વજ્ર ધરંત હરંતો, પાતક[૪]–વૈરિ–વિકાર
જસ દસ લાખ વરસ વર–જીવિત,
સુકૃતતણો ભંડાર—ધરમ૦ (૪)
**કિન્નર** સુર **પણ્ણત્તી** દેવી, જસ સેવે સુખકાર
**ભાવ** કહે તે પ્રભુ મુજ દેજો, ભવ–સાયરનો પાર—ધરમ૦

卐

## (૨૩૨) (૧૦–૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ સામેરી–વીરા તેરી ગતિ ચું નઈ એ–દેશી.)

**શાંતિપ્રભુ** ! સોહે પરમ–દયાલા
સોલસમો જિન પંચમ ચક્રી, ગુણ ગાવે સુર[૧]–બાલા–શાંતિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંશ[૨]-ઈક્ષાગ-સદન-વર દીપક, તેજ તપે અસરાલા[૩]
દેહતણે વાને કરી જીપે, જાચી[૪] ચંપકમાલા-શાંતિ૦ (૨)
**વિશ્વસેન**-નરવર-કુલ મંડણ, ખંડે મોહ જંજાલા
**અચિરાનો** નંદન ચિર પ્રતપો,
સ-ચરાચર-પ્રતિપાલ—શાંતિ૦ (૩)
ચ્યાલીસ ધનુષ માન તનુરાજે, **હથિણાઉર** ભૂપાલા
જીવિત લાખ વરસ જસ સુંદર,
મૃગ-લંછન સુકુમાલા—શાંતિ૦ (૪)
**ગરૂડ** યક્ષ **નિરવાણિ** દેવી, સેવિત ચરણ-મયાલા[૬]
**ભાવમુનિ** જિનને સેવંતો, પામે લચ્છી વિશાલા—શાંતિ૦

卐

## (૨૩૩) (૧૦-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(રાગ—કાફી)**

સેવો ભાવે **શ્રી કુંથુ**-જિણેસર સ્વામી
રિષભ-વંશભૂષણ ગત[૧]-દૂષણ,
નિત પ્રણમું શિર નામી—સેવો૦ (૧)
નિજ-તેજે જિત[૨] સૂરસૂરનૃપ, અંગજ સુરગજગામી[૩]
નંદન **શ્રી**[૪]-નંદનજિણ જેણે, જીત્યો કામ હરામી-સેવો૦
અજ લંછન **ગજપુરનો**[૫] નાયક, ત્રિભુવન-વનઆરામી
દેહતણે વાને કરી જીતી, અભિરામી અભિરામી-સેવો૦
અંગ તુંગ પણતીસ ધનુષ જસ, દેખત દુરમતિ વામી
વરસ સહસ પંચાણું જીવિત,ભોગવી શિવગતિગામી-સેવો૦
સુર **ગંધર્વ અચ્યુતા** દેવી; જસ સેવે જસકામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તરમો જિન-સત્તમ નમતાં,
**ભાવે** શુભ મતિ પામી—સેવો૦ (૫)

卐

## (૨૩૪) (૧૦-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

**(રાગ કાફી—પ્રભુ નેકનજર કરી જોઈએ—એ દેશી)**

**શ્રી અર**-જિનવર જગદીસરુ, પ્રભુ કોપ-દાવાનળ મેહ રે
નંદાવર્ત્ત સુલંછન શોભિત,
ગુણ-મણિમંડિત દેહ રે—શ્રી૦ (૧)
રાય **સુદર્શન**કુંવરૂ, મુજ દરિસણ દ્યો ગુણવંત રે
**દેવી**નંદન રૂપ નિહાળી,દેવી[૧]પણ મોહંત રે—શ્રી૦ (૨)
રિષભવંશ-મલયાચળે, પ્રભુ ચંદનવૃક્ષ—સમાન રે
કમલ[૨]-ગર્ભ-પરિ ગોરસ-ગૌરવ,
ત્રીસ ધનુષ તનુ માન રે—શ્રી૦ (૩)
દાખે[૩] દેવ અઢારમો, શીલાંગ સહસ્ર અઢાર રે
વરસ સહસ ચઉરાશી જીવિત,
**હત્થિણાઉર**-અવતાર રે—શ્રી (૪)
સુર **જખિંદો ધારિણી**, દેવી સેવે જસ પાય રે,
**ભાવ** કહે તે જિનવર નામે, મંગલમાલી થાય રે—**શ્રી૦**

卐

## (૨૩૫) (૧૦-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

**( રાગ નટ—મહાવીર મેરો લાલન—એ દેશી.)**

**શ્રી મલ્લિ**-જિણેસર ઉપગારી
ઓગણીસમો તીર્થંકર સોહે, જનમ થકી જે બ્રહ્મચારી-શ્રી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મિથિલાનગરી કુંભનરેસર, પ્રભાવતી** તસ વર નારી
તસ કુખે અવતાર હુઓ જસ,
સયલ-જંતુ-દુખ અપહારી—૦ (૨)
અંગને[1] રંગે[2] ગંધ તરંગે, નીલકમલ વન જયકારી
પંચવીસ ધનુ ઉન્નત નિરુપમ[3]-રૂપ-
વિરાજિત તનુ ધારી—શ્રી૦ (૩)
સહસ પંચાવન વરસ સુજીવિત, વંશ ઈક્ષાગ અવતારી
**કુબેર** સુર **વૈરોટચા** દેવી, જસ સેવા સારે સારી—શ્રી૦
લંછન રૂપે જેહને સેવે. કામકુંભ શુભ અનુસારી
**ભાવ** કહે સેવકને તે જિન,
કરજ્યો શિવસુખ-અધિકારી—શ્રી૦ (૫)

卐

## (૨૩૬)(૧૦-૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી-જિન-સ્તવન

(રાગ દેવગંધાર મેરે મન અઈસી આય બની—એ દેશી)
**શ્રી મુનિસુવ્રતનાથ ગુણી,**
શ્રી હરિવંશમહેસર[1] મસ્તક-મંડનરયણ મણિ—શ્રી૦ (૧)
ત્રિભુવનમિત્ર **સુમિત્ર** રાયસુત, કામિત[2]-દેવમણિ,[3]
**પદમારાણી** પુત્ર તણા ગુણ, ગાવે સુરરમણી[4]—શ્રી૦ (૨)
વીસ ધનુષ માને જસ કાયા,[5] નવજલધરવરણી,
કચ્છપ-લંછન[6]કચ્છપનીપરે, ગોપિતકરણ[7] ગુણી-શ્રી૦ (૩)
**રાજગૃહીનો** રાજા રાજે, ગૌતમ—ગોત્રમણિ,
ત્રીસ સહસ સંવત્સર જીવિત, ભવિક-કમલ-તરણિ[8]-શ્રી૦ (૪)
**વરૂણ યક્ષ નરદત્તા** દેવી, સેવે **ભ**ગતિ ભણી,
**ભાવ** કહે વીસમો જિનેસર, આપે લચ્છી ઘણી-શ્રી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૩૭) (૧૦–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

[ રાગ ગોડી મનમોહન પ્યારે નેમજી–એ દેશી ]

**નમિનાથ** નમું એકવીસમો, જિનવર જોડી દોય હાથ રે
**ઈક્ષાગવંશ** ચૂડામણિ પ્રભુ, મુગતિપુરીનો[1] સાથ રે–નમિ૦
નંદનવર **વિજયા** વરિંદનો, મોહારિ[2] વિજય–વરકાર રે
નીલોત્પલ લંછન મનોહરૂ,માત **વપ્રા**દેવી મલ્હાર રે[3]–નમિ૦
**મિથિલા**નયરીનો રાજીઓ, પન્નર ધનુ ઉન્નત અંગ રે,
નિજ તનુ–વાને કરી જીપતો, ચંપકનાં ફૂલ સુરંગ રે–નમિ૦
સુરરાય **ભૃકુટિ** અતિ દીપતો, **ગંધારી** દેવી ઉદાર રે,
જસ ચરણ–કમલ સેવે સદા, મન આણી ભગતિ અપાર રે–નમિ૦
દશ સહસ વરસનું આઉખું, પાળી પામ્યા પદ નિરવાણ રે.
મુનિ **ભાવ** ભણે તે જિનવરૂ, મુજને **દ્યો** કેવળનાણરે—નમિ૦

## (૨૩૮) (૧૦–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

[રાગ ગોડી—**નેમીસર** વિનતિ **માનીયે**—એ દેશી ]

**નેમીસર–જિન** બાવીસમોજી, વીસમો[1] મુજ મનમાંહિ,
શ્રીહરિવંશ[2]–મેરૂ ગિરિમંડન, નંદનવન યદુવંશ,
તિહાં જે જિનવર સુરતરૂ–ઉદયો,સુરનર રચિત પ્રશંસ–ને૦
**સમુદ્રવિજયનૃપ શિવા**દેવીસુત, **શૌરીપુર** અવતાર,
અંગ[3] તુંગ[4]દશ ધનુષ મનોહર, અંજન–વરણ ઉદાર—ને૦
એક સહસ સંવત્સર જીવિત, લંછન શંખ સુહાય
સુર **ગોમેધ અંબિકા**દેવી, સેવતી જસ નિત પાય–ને૦
કેશવનો[5]બળ–મદ જેણે ગાળ્યો,જિમ હિમ ગાળે ભાણ;

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

જેણે પ્રતિબોધી ભવિઅણ કોડિ,મોડી[1] મનમથ[7]-બાણુ-ને૦
રાજીમતી મન-કમલ—દિવાકર, કરૂણા—રસ ભંડાર;
તે જિનજી મનવંછિત દેજો, ભાવ કહે અણગાર-ને૦ (૫)

卐

## (૨૩૯) (૧૦-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

[રાગ ધનાશ્રી—હીર ગુરૂ! તુમ તોયા ભલિ કીની એ-દેશી]

પાસજિન! સેવક જન આધારે,
ત્રેવીસમો પ્રભુ પુરૂષાદાણી, ભવ-સાયર ઉતારે-પાસ (૧)
અશ્વસેન નૃપ વામાદેવી, કુંવર[1] કુલ સિનગારે.
વંશઈક્ષ્વાગ-ઉદય ગિરિ[2]-દિનકર[3],
અવગુણ-તિમિર[4] નિકારે[5]—પાસ૦ (૨)
નીલ વરન નવ કર ઉન્નત તનુ, ફણિધર લંછન ધારે
એકસો વરસ સુ-જીવિત પાલી,
મુગતિ-નયરી પાઉં ધારે—પાસ૦ (૩)
બનારસનયરીએ જનમ્યો, જનમ-મરણભય વારે
પાસ યક્ષ પદ્મમાવતી દેવી, જેહની સેવા સારે—પાસ૦
કમઠદર્પ-દાવાનળ-જલધર, મંગલવેલી વધારે,
સેવક ભાવ-મયૂર ભની પ્રભુ, નેકનજર અબ ધારે—પાસ૦

卐

## (૨૪૦) (૧૦-૨૪) શ્રી મહાવીર-જિન સ્તવન

(રાગ-ધનાશ્રી મેવાડો-આજ રહો રે જિનિ ચલેર—એ દેશી)

વર્દ્ધમાન પ્રભુ વંદીયે, ચોવીશમો જિનરાજ-ભવિજન
ક્ષત્રિયકુંડે અવતર્યો, આપે ત્રિભુવન-રાજ—ભવિ૦ વર્ધ૦
વંશઈક્ષાગ-સરોવરે, જે પ્રભુ હંસ સમાન—ભવિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કનક-કમળને જીપતો,[૧]

જેહ તણો તનુ[૨]-વાન— ભવિ૦ વર્ધ૦ (૨)

સુત **સિદ્ધારથ** રાયનો, **ત્રિશલા**[૩]જાત પ્રધાન-ભવિ૦

વરસ બહોતેર આઉખું,

સાત હાથ તનુ માન—ભવિ૦ વર્ધ૦ (૩)

વર્તમાન-શાસન તણો, નાયક અ-કળ અ-બીહ-ભવિ૦

લંછન-મિસિ સેવે સદા,

જસ સત્ત્વે જીત્યો સિંહ—ભવિ૦ વર્ધ૦ (૪)

**માતંગ** યક્ષ **સિદ્ધાયિકા**, નિતુ સેવે જસ પાય-ભવિ૦

**મહાવીર**-જિનરાયના,

**ભાવવિજય** ગુણ ગાય—ભવિ૦ વર્ધ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. શ્રી ભાવવિજયજી મહારાજ
## કૃત
## સ્તવન ચોવિશી
## કઠિન શબ્દોના અર્થ
## ટિપ્પણી

**સ્તવન ૧૦-૧**

૧. ઇષ્ટવસ્તુ ૨. કલ્પવૃક્ષ ૩. બળદ ૪. સ્વર્ણ

**સ્તવન ૧૦-૨**

૧. લક્ષ્મીરૂપ વેલડીના મૂળ ૨. મેરૂપર્વતના શિખર ૩. પચાશ અધિક ચારસો-સાડાચારસો

**સ્તવન ૧૦-૩**

૧. સુખને ઉત્પન્ન કરનાર અથવા ભગવાન, ૨. ઉપજાવેલ છે જગતને આનંદ જેમણે, ૩. ઘોડો ૪. કાંતિ ૫. આયુષ્ય ૬. શ્રેષ્ઠ વહાણ જેવા

**સ્તવન ૧૦-૪**

૧. પ્રભુજીની માતાનું નામ ૨. ઈક્ષ્વાકુવંશરૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન, ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. સાડા ત્રણસો ૫. કુમતરૂપ ધૂળને હઠાવવા પવન સમાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૦–૫**

૧. રાગરૂપ અંધકાર શમાવવાને=શાંત કરવા માટે ૨. અયોધ્યાનગરી ૩. સેવકની જેમ.

**સ્તવન ૧૦–૬**

૧. ઋષભદેવ પ્રભુના કુલ=ઈક્ષ્વાકુરૂપ કમળમાં રાજહંસ ૨. ધર નામના ધરાધર=રાજાના ૩. મહા=મોટા ધરણિધર=પર્વત=મેરૂ પર્વત તેની જેમ ધીર ૪. મુનિઓના મનરૂપ વૃક્ષના કીર=પોપટ જેવા ૫, ઉગતા સૂર્યના બિંબને ૬. આયુષ્ય.

**સ્તવન ૧૦–૭**

૧. નજીકમાં ૨. સેવા કરે ૩. પ્રતિષ્ઠરાજા (પ્રભુજીના પિતાનું નામ) ૪. પૃથ્વીરાણીના પુત્ર ૫. સોનાનો ગર્વ, ૬. ઋષભદેવ પ્રભુના વંશરૂપ સમુદ્રમાં ચિંતામણિ સમા.

**સ્તવન ૧૦–૮**

૧. શ્રેષ્ઠપુત્ર ૨. પુત્ર ૩. ચંદ્ર જેવા મુખવાળા ૪. શરીરની કાંતિથી ૫. ચંદ્ર ૬. ઋષભદેવ પ્રભુના વંશમાં સૂર્ય જેવા ૭. સુંદર.

**સ્તવન ૧૦–૯**

૧. પ્રભુજીની માતાનું નામ, ૨. સુંદર ૩. ઈક્ષ્વાકુવંશરૂપ મેરૂ પર્વત પર કલ્પવૃક્ષ જેવા હિતકાર (બીજી ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ)

**સ્તવન ૧૦–૧૦**

૧. દઢરથ રાજાના કુળરૂપ પૂર્વ દિશાના ઉદયાચલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્વત ઉપર સૂર્યસમાન (પ્રથમ ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ) ૨. નંદા દેવીના પુત્ર

**સ્તવન ૧૦-૧૧**

૧. એંશી, ૨. પોતાના શરીરનું પ્રમાણ ૩. ઋષભદેવ પ્રભુના કુળરૂપ માનસરોવર હંસ સમા.

**સ્તવન ૧૦-૧૨**

૧. સૂર્ય, ૨. અંધકાર, ૩. તેજ ૪. પરવાળા ૫. સીંદોર ૬. યશનો ભંડાર ૭. સંસાર સમુદ્ર નો,

**સ્તવન ૧૦-૧૩**

૧. ઈક્ષ્વાકુવંશ રૂપ રોહણગિરિ પર્વતમાંથી પ્રગટેલ દેવતાઈ મણિ જેવા ૨. રાજાઓ ૩. પ્રભુજીના પિતાજીનું નામ ૪. રાજા ૫. પુત્ર ૬. મેરૂપર્વત ૭. કાંતિ ૮. જીતે, ૯. દંડયા છે કુમતિઓને જેણે ૧૦. દૂર કર્યા છે, પાપના ઉપાયો જેણે.

**સ્તવન ૧૦-૧૪**

૧. સુખનો ખજાનો—સુખને કરનાર ૨. જન્મ આપ્યો ૩. બૃહસ્પતિનો અથવા સુર દેવોમાં ગુરૂ=શ્રેષ્ઠ=ઈન્દ્રનો ૪. શોભે ૫. ક્રીડા.

**સ્તવન ૧૦-૧૫**

૧. સ્થિર થાઓ ૨ મંગળરૂપ વૃક્ષ માટે પાણીની ધારા જેવા, ૩ વાસુદેવના ચીવર=વસ્ત્ર=પીતાંબર તેને ૪. પાપરૂપ ખરાબ વિકારોને

**સ્તવન ૧૦-૧૬**

૧. અપ્સરા ૨. ઈશ્વાકુવંશ રૂપ ઘરના શ્રેષ્ઠ દીપક ૩. અદ્વિતીય ૪. સુંદર ૫. મયાળા=સુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૦-૧૭**

૧. દૂષણરહિત ૨. જીત્યો છે સૂર્ય જેણે ૩. ઐરાવણ-હાથી જેવી ગતિવાળા ૪. શ્રી માતાના પુત્ર એવા પ્રભુ ૫. હસ્તિનાપુરનો, ૬ પાંત્રીસ,

**સ્તવન ૧૦-૧૮**

૧. અપ્સરાઓ પણ ૨ કમળના મધ્યભાગની જેમ ગો=શરીરની રસ=કાંતિ-છાયાની,ગૌરવ=શ્રેષ્ઠતા (ત્રીજી ગાથાના ત્રીજા પાદનો અર્થ) ૩. જણાવે.

**સ્તવન ૧૦-૧૯**

૧. શરીરની ૨ છાયાથી ૩. અપૂર્વરૂપથી શોભતા

**સ્તવન ૧૦-૨૦**

૧. શ્રી હરિવંશના મોટા રાજાઓના મસ્તકને શોભવનાર રત્નના મણિ જેવા (૧લી ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ) ૨. ઇષ્ટ વસ્તુ ૩. ચિંતામણિ ૪. ૪. અપ્સરાઓ ૫. નવા=આષાઢી મેઘ જેવા વર્ણ-વાળી ૬. કાચબાની જેમ ૭. ગોપવેલ ઇન્દ્રિયોવાળા ૮. સૂર્ય

**સ્તવન ૧૦-૨૧**

૧. સોબતી ૨. મોહરૂપ શત્રુના વિજયને શ્રેષ્ઠ રીતે કરનાર ૩. પુત્ર.

**સ્તવન ૧૦-૨૨**

૧. વિશ્રામ કરો=વસો=ટકો ૨ શ્રી હરિવંશ રૂપ મેરૂપર્વતની શોભારૂપ નંદનવન જેવા યદુવંશમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે પ્રભુ કલ્પવૃક્ષ જેવા થયા અને દેવો તથા મનુષ્યો એ જેમની પ્રશંસા કરી છે. તેવા (પ્રથમ ગાથાનો અર્થ) ૩. શરીર ૪. ઊંચું ૫. શ્રી કૃષ્ણ વાસુદેવનો ૬. તોડી ૭. કામદેવ.

**સ્તવન ૧૦-૨૩**

૧. કુળના શણગારસમા ૨. ઉદયાચલ પર્વત ૩. સૂર્ય ૪. અંધારૂં ૫. [illegible]ર કરે

**સ્તવન ૧૦-૨૪**

૧. જીતનાર ૨. શરીરનો રંગ ૩. પુત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. શ્રી વિનયવિજયજી મહારાજ

કૃત

## સ્તવન ચોવિશી

[૧૧]

### (૨૪૧) (૧૧–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

(છબીલે લાલન—એ દેશી)

**શેત્રુંજા**[1] શિરશેહર, દુખહર **આદિ** જિણંદ–સોભાગી સુંદર
**મરુદેવી**નો નંદન, સુખ[2] સુરતરૂનો કંદ–રમો મનમંદિર (૧)
સકળ કળા જિણે શીખવી, વર્ત્તાવ્યો વ્યવહાર—સો૦
યુગલા-ધર્મ નિવારીઓ, દેખાડયો આચાર – સો૦ (૨)
**નમિ–વિનમિ** નિવાજીયા[3], કીધા વિદ્યાવંત—સો૦
**બાહુબળી** પ્રતિબૂઝવ્યો, તું મોટો ભગવંત—સો૦ (૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવા કરતાં સ્વામીની, લહીયેં મુગતિ નિવાસ—સો૦
**કીરતિવિજય** ઉવઝાયનો, **વિનય** કરે અરદાસ[4]—સો૦ (૪)

卐

## (૨૪૨) (૧૧-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

(રાગ મારૂણી-સાધુ શિરોમણિ સદ્ગુરુ વંદીયે રે—એ દેશી)

વિજય સમોપે[1] (સમર્પે) સુત **વિજયા** તણો રે,
હરખ ઘણો જસ નામ
**અજિત-જિનેસર** ! ભુવન[2]-દિણેસરું રે,
ગુણ[3]-મંડલ અભિરામ—વિજય૦ (૧)

ગજપતિ[4]-લંછન ગજગતિ[5] ચાલતો રે,
ગજવર[6]-પતિ સમરત્થ
મોહ[6]-મહીરૂહ-મૂળ ઉખેળવા[8] રે,
વડહથવાહે[9] હત્થ—વિજય૦ (૨)

મન-મંદિરમાં આવી મુજ રમો રે,
**વિનય** કહે મોરા નાથ
રાત-દિવસ હું તુમ સેવા કરું રે,
નહિ છંડું તુમ સાથ—વિજય૦ (૩)

卐

## (૨૪૩) (૧૧-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

(રાગ—સિંધુઓ)

**સેના**[1]-નંદન[2]નંદનવન જિશ્યો, **સંભવ** સુખદાતાર તારિન રે
શરણે આવ્યો હું સમરથ ભણી રે,
મ્હારી દુરગતિ દૂરે નિવાર[3] વારિન રે
સેના-નંદન નંદનવન જિશ્યો રે—(૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોવન-ચંપક વાને સોહામણો રે,
સરસ સલૂણો[3] દેહ જેહને રે
નેહ થયો મુજ[4] ચરણે ભેટવા,
કેવળ-કમળા ગેહ એહન રે—સેના૦ (૨)
હયવર લંછન કુંઅર **જિતારિ**નો રે,
કામિત-સુરવર વેલિ બેલિન[5] રે
**વિનય** કરે કર જોડી વિનતી રે,
ભવ-સાયરની રેલિ[6] કેલિન[7] રે—સેના૦ (૩)

卐

## (૨૪૪) (૧૧-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

(રાગ આસાઉરી-આજ આણંદ ભયો તપગચ્છમાં એ—દેશી)

**સંવર**[1]-નંદન શ્રી **અભિનંદન**, ચંદન શીતલ વાણી રે
કેશર અગર કપૂરે પુજો,
ભાવ-ભગતિ મન આણી રે—સંવર૦ (૧)
દ્વેષ નિવારો! રાગ મ ધારો! એ છે દુઃખની ખાણી રે
વીતરાગના ચરણ આરાહો,[2]
પાર લહો જિમ પ્રાણી રે—સંવર૦ (૨)
**સિદ્ધારથા**[3]-કુંઅરની સેવા, મુગતિ હેત ઈમ જાણી રે
તન મન વચન વિમલ કરી વંદો,
**વિનય** વદે ઈમ વાણી રે—સંવર૦ (૩)

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

## (૨૪૫) (૧૧-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(ગિરૂઆ ગુણ વીરજી—એ દેશી.)

વંદું જિનવર પાંચમોજી, વિરતિ[૧]-વધૂ ભરતાર
મુગતિ-પંથ દેખાડવાજી, જિણે લીધો અવતાર[૨]
પૂજો રે ! ભવિજન ! **સુમતિ** સુમતિ-દાતાર—(૧)
ધન ધન માતા **મંગલાજી**[૩], જસ સુત જગ આધાર
કરૂણા સાયર સુંદરૂજી, ધરમ[૪]-લતા જલધાર—પૂજો० (૨)
**મેઘ**[૫] મહીપતિ કુળતિલોજી મુખ[૬]-જિત પૂનિમચંદ
શરણ હજો ! મુજ તાહરૂંજી, **વિનય** ભણે આનંદ—પૂજો०

卐

## (૨૪૬) (૧૧-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

(રાગ —મલ્હાર)

**પદ્મપ્રભની** સેવા કરતાં, લહીંયે સુખની કોડી રે લાલ
પુત્ર કલત્ર[૧] પરિવાર વિરાજે,
અવિહડ બંધવ જોડી રે લાલ—પદ્મ० (૧)
રોગ વિયોગ સયલ ભય નાસે, અંગે ન આવે ખોડિ[૩] રે લાલ
માત **સુસીમા** નંદન નમતાં,
સંપદા આવે દોડી રે લાલ—પદ્મ० (૨)
સુણ રે પ્રાણી ! હિતુઈ[૪] વાણી, કર્મ તણા મદ મોડી રે લાલ
**વિનય** કહે **ધર**[૫]-ભૂધર[૬] કુંઅર,
સેવો બે કર જોડી રે લાલ—પદ્મ० (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૪૭)[અ](૧૧--૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

**( ઢાલ—પનાની )**

જી રે મ્હારે સમરૂં સ્વામી **સુપાસ,**
**પૃથ્વી** માતા ઉદરે ધરયો રે—જી રે જી
જી રે મ્હારે **પઈઠ**[1]નરેસર કુળતિલો,
મુગતિ[2] વધૂયે સાંઈ[3]વર્યો[4]—જી રે જી (૧)
જી રે મ્હારે સોભાગી સુખ સાગરૂ,
ગુણ-મણિનો આવાસડો[5]રે—જી રે જી
જી રે મ્હારે સુર નર કિન્નર સુંદરી,
હરખે ગાયેં રાસડો રે—જી રે જી (૨)
જી રે મ્હારે દરિશણ[6] પ્રભુનું દેખતાં,
નયણાં અમીયેં આંજિયે—જી રે જી
જી રે મ્હારે **કીર્તિવિજય** વાચક તણા,
**વિનય** તણું મન રંજીયે—જી રે જી (૩)

卐

## (૨૪૭)[આ](૧૧-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**[ મેઘ મનિ ચિંતવે—એ દેશી ]**

સમરથ સ્વામી સાતમો રે, સ્વસ્તિક લંછન પાય,
**પઈઠ** નરેસર કુળ-તિલો રે, **પૃથ્વી** ધનધન માયો રે-દેવ સુપાસજી
નામે લીલવિલાસ રે, પુણ્ય-પ્રકાશજી (૧)
પરમેસર પગલાં ઠવે, કંચનકમળે સાર,
ઈતિ[1]સકળ નાસે તિહાં, જિહાં પ્રભુ કરે એ વિહારો રે-દેવ૦
ઇંદ્રધ્વજ અતિ લહલહે[2], જોઅણ સહસ તસ માન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ વાચે માનું દુઃખ પરાં[3],નાસે જિન સૂકાં પાનો રે-દેવ૦
**કીર્તિવિજય** ઉવઝાયનો, **વિનયવિજય** ગુણ ગાય,
ભવે-ભવે ભગતિ તુમ્હારડી,હિયડે અધિકી સુહાય રે-દેવ૦

卐

## (૨૪૮) (૧૧-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

ચાલો સખી રે! પ્રભુને પૂજવા રે,
**ચંદ્રપ્રભ** જિનરાય—મોરા૦ લાલ રે
ચંદ્ર તણી પરે નિરમલી રે, ચંદ્ર સુકોમલ કાય
—મોરા૦ લાલ રે (૧)
વદન પૂનમનો ચાંદલો રે, ચાંદો લંછણ પાય-મોરા લાલ રે
ચંદ્ર તણી પરે મહમહે[1]રે, શ્વાસ-ઉશ્વાસ સુહાય
—મોરા૦ લાલ રે. (૨)
ચંદ્ર-ચકોર તણી પરેરે,વિંધ્યાચલ[2]જિમ નાગ[3]-મોરા લાલ રે
**વિનય** કહે તિમ મુજ હજો રે, ભવે-ભવે તુજશું રાગ
—મોરા૦ લાલ રે. (૩)

卐

## (૨૪૯) (૧૧-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**સુવિધિ**જિન નાથ નામથીએ,
પરમલ[1] મંગળ-માળ તો-ભાવે પૂજા કરૂં એ
કેસર ચંદન મૃગમદે[2]એ, તિલક કીજે પ્રભુ ભાલતો[3]-ભા૦
માલા બહુ[4]-વર્ણની ફૂલનીએ,સોહીએ[5]ઉજલે[6]અંગતો-ભાવે૦
રજત[7]-ગિરિ શિખર ઉપર યથાએ,[8]
સુરપતિ[9]-ધનુષનો રંગતો—ભાવે૦ (૨)
**પુષ્પદંતાભિધ**[10]જિનવરૂએ,**સુગ્રીવ** રાય કુળ-ચંદ તો-ભાવે૦

**વિનય** કરતાં પ્રભુથી લહું એ, પરમ–પદ પરમ આનંદ તો
—ભાવે૦ (૩)

卐

## (૨૫૦) (૧૧–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

**(આવ્યો માસ વસંત–એ દેશી.)**

શીતલ સરોવર[1]–તિલક નીર[2] નદી તણું રે,
શીતલ સાર[3] કપૂરનું પૂર સોહામણું રે
શીતલ સજ્જન મન કે વન નંદન ઘણું રે,
શીતલ કમલ–કદંબ કે સજ્જન પેખણું[4] રે. (૧)
શીતલ જનની[5]–હેતજ કે તેજ મયંકનું[6] રે,
શીતલ અંગે વિલેપન ચંદન–પંકનું એ
શીતલ જલધર છાંહ કે બાંહ વાલિમનીએ[7],
શીતલ સરસ ઉદાર કે વાડી રંભની[8] રે (૨)
એહથી શીતલ સંત કે શીતલ દેવના રે,
ચરણ–કમલશ્યું પ્રીતિ કે ભાવે સેવના રે
પાપ તણા સંતાપ કે જેહથી ઉપશમે રે,
**વિનયવિજય** કરજોડી કેં પ્રભુ ચરણે નમે રે (૩)

卐

## (૨૫૧) (૧૧–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

વંદું જિન **શ્રેયાંસ**, હંસ તણી પરિં[1],
મુનિજન–મનકમલેં રમેં એ (૧)
મુજ મન તરૂઅર[2] છાંહ, સ્વામી અનુસરો,
જનમ સફળ માહરો કરોએ. (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષ્ણુ નરેસર વંશ, ધજા તણી પરે,
જેણે કીધો જગે ગાજતોએ. (૩)
નિસુણો ! વયણ મુજ તાત, હું ભમીયો ઘણું,
ભવ–સાયરના પૂરમાં[૪]એ. (૪)
હવે નિજ પાસે રાખો, દાખો શુભમતિ,
વિનય કરે ઈમ વિનતિ એ. (૫)

卐

## (૨૫૮) (૧૧–૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી–જિનસ્તવન

(પરવ પજુસણ આવીયા રે–એ દેશી.)

શ્રી વસુપૂજ્ય નરેસરૂ રે, નંદ[૧] જયા જસ માય
શ્રી વાસુપૂજ્યને પૂજતાં રે, મંદિર રિદ્ધિ ભરાય
ભવિક–જન ! પૂજો એ જિનરાય,
જિમ ભવ–જલધિ તરાય—ભવિક૦
મુગતિનો એહ ઉપાય ભવિક૦ (૧)
સોહે સોવન–સિંહાસનેરે, કુકુંમ[૨]–વરણી કાય
જિન કંચનગિરિ ઉપરે રે, નૂતન[૩]–ભાણ સુહાય–ભવિક૦ (૨)
લંછન મિસિ[૪] વિનતિ કરે રે, મહિષીસુત[૫] જસ પાય
લોકે હું સંતાપીઓ રે, છુટું તુમ્હ પસાય—ભાવિક૦ (૩)
મન[૬] રંજે એ રાતડો રે, એ તો જુગતો[૭] ન્યાય
પણ જે ઉજ્જવલ મન કરે રે,
તે તો અચરિજ થાય–ભવિક૦ (૪)
બાર[૮] ઉઘાડે મુગતિનાં રે, બારસમો જિનરાય
કીર્તિવિજય ઉવઝાયનો રે,
વિનયવિજય ગુણ ગાય—ભવિક૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૫૩) (૧૧-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

**(બહિની! જેહને જેહસ્યું રંગ—એ દેશી.)**

રમણ કરે મન-મંદિરે રે, વિમલ-કમલ મુખ દેવ
વિમલ જનમ કરવા ભણી રે, સુર-નર સારે સેવ રે
ભવિજન! સેવો! **વિમલ**જિણંદ,
ભવ[2]-સંકટ-રયણી દિણંદ—ભવિ૦
જન[3]-લોચન શારદચંદ રે........ ભવિ૦ (૧)
વિમલ ચરણ નખ સોહીયેં રે, અરૂણ[4]વરણ જિમ ચોળ[5]
માનું દશ દિશિ નારીના રે, રયણ[6]-અરિસા ઓળ[7] રે - ભવિ૦
વિમલ ચરણ નખ-દરપણે રે, જે જોયેં નિજ રૂપ
મંગળ-માળા તસ મિળે રે,
મંદિર રિદ્ધિ અનૂપ રે—ભવિ૦ (૩)
વિમલ વચન રસ વરસતો રે, વિમલ નયણ અદ્‌ભુત
દીપાવેં કુળ આપણું રે, **શ્રી કૃતવરમા**[8]-પૂત રે - ભવિ૦
**શ્યામા**રાણીએ જનમીયો રે, કંચન-વિમલ-શરીર
**વિનય** વસેં તુમ પાઉલે[9] રે,
જિમ સહકારે[10]કીર[11]રે—ભવિ૦ (૫)

卐

## (૨૫૪) (૧૧-૧૪). શ્રી અનંતનાથ-જિન સ્તવન

**(ઋષભજી અમકું તારે રે—એ દેશી)**

ગુણ **અનંત**-અરિહંતના રે, જિનપતિ તેજ અનંત
સુખ અનંત સહજે દીયેં રે, સેવંતાં ભગવંત—
અનંતજી! આવો અધિક ઉછાહ,
મુજ મન-મંદિર માંહિ—અનંતજી૦ (૧)

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

મુખ અનંત જો મુજ હોયે રે. મુખે મુખે જીભ અનંત
ગુણ **અનંત**ના બોલતાં રે,
તોહે ન આવે અંત—અનંતજી૦ (૨)
જ્ઞાન અનંત મુજ દીઓ રે, દરિશણ રિદ્ધિ અનંત
**વિનય** ભણે તુમ્હથી હજો રે,
મુજને પુણ્ય અનંત—અનંતજી૦ (૩)

卐

## (૨૫૫) (૧૧-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

(**ઢાલ—ધૂઆરિનો**)

**ધર્મનાથ**ને સેવતાં રે, હોયે ધર્મ અપાર
ધર્મથકી સુખ પામીયે રે રે, એહ છે વાત નિરધાર
સખિ ! આવો જિનવર પૂજીએ રે !
સખિ ! કેસર ચંદન લાવ સખિ !
ફૂલનાં મૂલ કરાવિગે હો—સખિ૦ (૧)
પન્નરમો જિન પૂજવા રે, સુર-નર-કિન્નર કોડિ
આવે ગાવે પ્રભુ તણી રે,કીરતિ બે કર જોડી-સખિ૦ (૨)
ધન ધન માતા **સુવ્રતા** રે, જેણિ જાયો એ પૂત
સોભાગી સુખદાયકો રે, દોલત અતિ અદ્ભુત—સખિ૦
**ભાનુ** રાય કુળ પુષ્કરે[1] રે, મેરો પ્રભુ ભાણુ[2] સમાન
પ્રથમ દાન વરસી દીઉ રે, હવે દીયે સમક્તિ દાન-સખિ૦
**કીરતિવિજય** ઉવઝાયનો રે, **વિનય** નમે તુમ્હ પાય
બોધિબીજ દેજો સદા રે, માંગે છે એહ પસાય—સખિ૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૫૬) (૧૧-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(ઋષભનો વંશ રયણાયરો—એ દેશી)

**શાંતિ**જિનેસર સોળમો, પાંચમો ચક્રવર્તિ જાણો રે
ચોસઠ સહસ વધૂ[૧]ધણી,
પ્રણમો ખટ ખંડ રાણો રે—શાંતિ૦ (૧)
ઘોર વિઘન ઘન[૨] સંહરે, જિમ પરચંડ[૩] સમીર[૪] રે;
દુઃખદાવાનળ ઓલ્હવે,
જિમ નવ[૫] જલધર[૬] નીર રે—શાંતિ૦ (૨)
**કીર્તિવિજય** ઉવઝાયનો, **વિનય** વદે ઈમ વાણી રે
**શાંતિ**જિનેસર સેવના, અવિહડ-પુણ્યની ખાણી રે-શાંતિ૦

## (૨૫૭) (૧૧-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

(ઉત્તર દખિણ હુંતિ હરણાલિ—એ દેશી)

**કુંથુ**જિનેસર વંદીએ, સખિ! સત્તરમો દેવ રે
સખિ! દેવની સેવ કરો, મન—રંગશું એ (૧)
**પુરરાય** સુત સુંદરૂ, **શ્રીરાણી**નો નંદ રે
સખિ! નંદને ચંદ જિસ્યું, મુખ શોભીયેં એ (૨)
નવ-નિધિ ચઉદ રયણ તણી, જેણે સંપદા છાંડી રે
સખિ! છાંડીને માંડી પ્રીતિ, વિરતી સમીએ (૩)
નામ જપતાં જિન તણું, સખિ! પાતક જાયેં રે
સખિ! જાયેં ને થાયેં વંછિત મન તણું એ (૪)
**કીર્તિવિજય** ઉવઝાયનો, સખિ! સેવક બોલે રે
સખિ! બોલેં ઈમ નહીં કો તોલે પ્રભુ તણે એ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૫૮) (૧૧-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

### (ભાવના માલતી ચુસીએ—એ દેશી)

**અર** તણા ગુણ ઘણા સમરતાં, નર હુયેં નિરમલ ગાત રે
દિનકર[1]-કિરણના સંગથી,
જિમ હુયેં વિમલ પ્રભાત રે—અર૦ (૧)
કરમનું પંજરૂ[2] જાજરું,[3] જિમ કર્યું તે જગનાથ રે
તિમ અમ્હ ભવ-બંધ છેદવા,
કાં ન વાહો[4] પ્રભુ ! હાથ રે—અર૦ (૨)
પ્રભુ નિવારો અમ્હ આપદા,[5] જિમ નિવાર્યાં ઘન[6]-ઘાતી રે
જિમ તુમ્હે કેવલ પામીયું,
તે અહમને કહો ભાતિ[7] રે—અર૦ (૩)
કર્મના કાઠીયા અમ્હ નડે, તેહને સ્વામી ! તું વાર રે
કામિની[8]-નદિએ નર રોલવે,[9]
તેહથી નાથ ! અમ્હ તાર રે—અર૦ (૪)
**કીર્તિવિજય** ઉવઝાયનો, વિનવે શીશ એક બોલ રે
**દેવી** રાણી તણા પુત્ર તું,
બાર શિવ-પુરતણું ખોલ રે—અર૦ (૫)

卐

## (૨૫૯) (૧૧-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

### (મ્હારા ગુરુજી ! તુમહસ્યું ધરમસનેહ—એ દેશી)

**મલ્લી** તણા ગુણ ગાયવાજી, ઉલટ[1] અંગે થાય
ઉત્કંઠા અધિકી હુયેંજી, હિયડું હરખે ભરાય
સુણિજી[2], ખિણ મન આણો ઠામ.
સમરો પ્રભુનું નામ, જિમ સીઝે તુમ કામ—સુણિજી૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુંભરાય** કુળદીપિકા રે, દીપાવી શ્રીજાત
સુર-નર પતિ સેવા કરે રે, મોટી અચરિજ વાત-સુણિ૦
કરી સોવનની પુતલી રે, માંહિ મુકાવીયો આહાર
પૂરવ મિત્ર સમઝાવીયા રે, તે દેખાડી વિકાર—સુણી૦
તિમ અમ્હને પ્રતિબોધવાજી, માંડો કોઈ ઉપાય
**વિનય** કહે પ્રભુ ! તિમ કરોજી,
જિમ અમ્હ મોહ પલાય[3]—સુણિ૦ (૪)

卐

## (૨૬૦) (૧૧-૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી-સ્તવન

(મારગે વહે ઉતાવળો એ—દેશી)

મન[1]-મધુકર ! સુણ વાતડી, તજી[2] અવર સવાદ[3]
જિન[4]-ગુણ-કુસુમ સવાદથી, ટળે સવિ વિખવાદ—મન૦
વિષય[5]ધતૂરો મૂકિયે, તે માંહિ નથી ગંધ
નારી[6]-વિજયા પરિહરે,મ મ થાઈશ તું અંધ—મન૦ (૨)
સોળ કષાય એ કેરડા,[7] તેથી રહેજે દૂર
તે કંટક છે આપડા, તુન્હે કરશે ચૂર— મન૦ (૩)
વિસમો[9] પણ તપ[10]-કેવડો, આદરિ[11] ગુણ[12] જાણ
જે પરિણામે રૂઅડો,તેહની મ કરસિ કાંણ[13]—મન૦ (૪)
**મુનિસુવ્રત** પદ-પંકજે જો તું પૂરે વાસ
**વિનય** ભણે તો તાહરી, પોહેંચે સઘળી આસ—મન૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૬૧) (૧૧-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

### (તે તરીયા ભાઈ ! તે તરીયા—એ દેશી)

**શ્રીનમિનાથને** ચરણે નમતાં, મન-ગમતાં સુખ લહીયેં રે
ભવ-જંગલમાં ભમતાં રહીએ,[1]
કર્મનિકાચિત દહીએ[2] રે—શ્રી૦ (૧)
સમક્તિ-શિવપુરમાંહિ પોહોચાડે, સમકિત ધરમ-આધાર રે
શ્રીજિનવરની પૂજા કરીયે, એ સમકિતનું સાર[3] રે-શ્રી૦ (૪)
જે સમક્તિથી હોયે ઉપરાંઠા[4], તે સુખ જાયે નાઠાં રે
જે કહે જિન-પૂજા નહી કીજે,
તેહનું નામ નહી લીજે રે—શ્રી૦ (૩)
**વપ્રા** રાણીનો સુત પૂજો, જિમ સંસારે ન ધ્રુજો રે
ભવ-જલ તારક કષ્ટ-નિવારક,
નહી કોઈ એહવો દૂજો રે—શ્રી૦ (૪)
**શ્રી કીર્તિવિજય**-ઉવઝાયનો સેવક,
**વિનય** કહે પ્રભુ સેવો રે
ત્રણ તત્ત્વ મનમાંહી અવધારી, વંદો અરિહંત-દેવો રે-શ્રી૦

卐

## (૨૬૨)(અ)(૧૧-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

### (રાગ રામગિરી-રાય કહે રાણી પ્રતે-સુણો કામિની એ-દેશી)

મહેર[1] કરો મનમોહન-દુઃખ-વારણજી,
આવો આણી[2] ગેહ-ચિત્ત-ઠારણજી
રોષ ન કીજે રાજીયા-દુઃખ૦ આણો હઈડે નેહ—ચિત્ત૦
કાળ જશે કહાણી[3] ચહેરો-દુઃખ, જગ વિસ્તરશે વાત-ચિત્ત૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ મુજને નરતી[૪] કહેશે–દુઃખ૦
કોઈ વળી તુમ્હને કુભાત[૫]—ચિત્ત (૨)
પહિલી[૬] વાત વિમાસીયે[૭]—દુઃખ૦,
તો ન હોય ઉપહાસ[૮]—ચિત્ત૦
જો હોયેં ઘર[૯] આપવા—દુઃખ૦,
તોહિજ દીજેં આશ—ચિત્ત૦ (૩)
વિણ તરૂઅર વન-વેલીને.. દુઃખ૦,
કુણ રાખે ? નિજ છાંહિ—ચિત્ત૦
કંત વિના તેમ નારીને—દુઃખ૦
કુણ અવલંબે ? બાંહી[૧૦]—ચિત્ત૦ (૪)
નેહ નથી મુજ કારમો[૧૧]—દુઃખ૦
નિશ્ચે જાણો નાથ—ચિત્ત૦
દેહ તણી જિમ છાંહડી—દુઃખ૦,
નહીં છાંડું તિમ સાથ—ચિત્ત૦ (૫)
દુઃખીયાના દુઃખ ટાળવા—દુઃખ૦,
શું શું ન કરે સંત ?—ચિત્ત૦
તો મુજ આપ ઉત્તમ થઈ—દુઃખ૦,
કાં ઉવેખો ! કંત—ચિત્ત૦ (૬)
ઈમ કહેતી રાજીમતી—દુઃખ૦,
પોહતી ગઢ ગિરનાર—ચિત્ત૦
**વિનય** કહે જઈ મુગતિમાં—દુઃખ૦,
ભેટયો નિજ ભરતાર—ચિત્ત૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૬૨)[આ](૧૧-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

(રાગ-રામગિરિ છાંનો રે છપીને કંતા! કિહાં રહ્યો રે-એ દેશી)

રહો રે! રહો! રથ ફેરવો રે,
આવો! આવો! આણે[1]આવાસ રે
જો[2] રે હતું ઈમ જાયવું રે,
કાંઈ તો કરાવી? એવડી આશરે—રહો૦ (૧)

પીરસીને ભોજન-થાળ ન તાણીયેં રે,
સીંચીને[3] ન ખાણીએ[4] મૂળ રે
ખંધે ચઢાવી ભૂંઈ ન નાંખીયેં રે,
ધોઈને ન ભરીએ ધૂળ રે—રહો૦ (૨)

ચિકટ[5]વિણ તળવું કિશ્યું રે? આદિ વિના કિશો છેહ રે
પરણ્યા વિણ વૈધવ કિશ્યું રે?
રોસ કિશ્યો! વિણ નેહ રે—રહો૦ (૩)

પાણી વિણ પરવાલડી[6] રે, કહો કેણીપરે વિંધાય રે?
ભીંજયા વિણ કહો લુગડાં રે, તાપેં કેમ દેવાય રે? રહો૦
આછિ વિના લાછા નહીં રે, જુઓની વિચારી આપ રે
પ્રેમસુધા વિણ ચાખવે રે,શ્યો કરો એવડો સંતાપ રે? રહો૦
દીઠેં ભૂખ ન ભાજિયેં રે, લૂખાં ન હોયેં લાડ રે
આવી ગયે ન પળેં પ્રીતડી રે,
સીંચ્યા વિણ જિમ ઝાડ રે—રહો૦ (૬)

એહવેં રાજુલ-બોલડે રે, જસ ન ચાલ્યું મન રેખ રે
વિનય ભણે પ્રભુ નેમજી રે,
નારીને દે નિજ વેષ રે—રહો૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૬૨) [ઈ] (૧૧–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

શામળીયા નેમજી, પાતળીયા નેમજી,
સોભાગી નેમજી, રંગીલા નેમજી,
**નેમ !** હિયેરે વિમાસો[1], કાંઈ પડે રે વરાંસો[2]
ઝબકે[3]રયું નાસો, મુજ પડે રે તરાસો[4]–શામ૦પાત૦
સોભાગી૦ રંગીલા૦ (૧)
**નેમ !** હું તોરી દાસી, જુઓ વાત વિમાસી
ઈમ જાતાં હો નાસી, જગ થાશે હો હાંસી—શામ૦ (૨)
એકવાર પધારો, વિનંતી અવધારો
મુજ મામ[5] વધારો, પછે વેહલા સિધારો—શામ૦ (૩)
શિવનારી ધૂતારી સાધારણ નારી
મુજ કીધી શું વારિ, **નેમિ** લીધો ઉદારી–શામ૦ (૪)
કહેતી ઈમ વાણી, **રાજુલ** ઊજાણી
ભેટયો **નેમ**નાણી, પહોતાં નિરવાણી[6]— શામ૦ (૫)
**કીર્ત્તિવિજય** ઉવઝાયા, લહી તાસ પસાયા
**નેમજી** ગુણ ગાયા, **વિનયે** સુખ પાયા—શામ૦ (૬)

卐

## (૨૬૩) (અ)(૧૧–૨૩) શ્રી પાર્શ્વનાથ–જિન સ્તવન

**(સુણો મેરી સજની ! રજની ન જાવે રે—એ દેશી.)**

**પાસ—**જિણેસર ! પૂજો બહેની રે,
જગમાં કીરતિ સબળી જેહની રે
કેસર–ચંદન અગર–કપૂર રે, પૂજંતાં સવિ આશા–પૂર રે
—પાસ૦ (૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રેવીશમો સવિ કષ્ટ નિવારે રે; સંકટથી સેવકને તારે રે
નામ જિણંદ તણું મન ધારે રે,
તે પોતાની મા'મ વધારે રે— પાસ૦ (૨)
સબળ સોભાગી ગુણ-ભંડાર રે, **વામાનંદન** જગ આધાર રે
મુગતિપંથ દેખાડણ હાર રે,
મુગતિ-રમણિ કંઠે વર-હાર રે—પાસ૦ (૩)
સુર-નર નાયક સેવે પાય રે,ભાવ-સહિત પ્રભુના ગુણ ગાય રે
**વિનય** કરી સેવક મન ધ્યાય રે,
માગે સમકિત ચરણ—પસાય રે—પાસ૦ (૪)

卐

## (૨૬૩)(આ)(૧૧-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(પૂંજુરે પૂજું પાસ ચિંતામણી એ-દેશી.)**

આશ પૂરે સદા **પાસ** પરમેસરૂં,
દાસ પરિ[1] જાસ સુર સેવ સારે[2]
ભીમ[3] ભવસાગરૂ ઘોર ભય[4] આગરૂ,
વાહણ પરે લોકના થોક તારે—આશ૦ (૧)
માત **વામા**સતી, પુત્ર હુલરાવતી; નવ નવાં હાલરે ગીત ગાવે
રૂપ અદ્દભુત નિજ પુત્રનું દેખતાં,આનંદ-ઉલટ[5]-અંગ આવે
—આશ૦ (૨)
**પાસ** સુર દેવી **પદ્દમાવતી** ગુણવતી,
ભગતજન વાંછિત સર્વ આપે
**કીર્ત્તિવિજય** ઉવઝાયનો સેવક,
**વિનય** નિજ ચિત્ત પ્રભુ **પાસ** થાપે—આશ૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૬૪) (૧૧–૨૪) શ્રી મહાવીર સ્વામી–જિન સ્તવન

**(ભોલુડારે હંસા—એ દેશી)**

સિદ્ધારથનારે નંદન વિનવું, વિનતડી અવધાર
ભવ–મંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવાર[1]
સિદ્ધા૦ (૧)

ત્રણ રતન[2] મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ
દાન દેયંતાંરે વળિ કોસ[3] કિશી, આપો પદવી રે આપ
—સિદ્ધા૦ (૨)

ચરણ–અંગુઠડે મેરૂ કંપાવીઓ, સુરનું મોડયું[4]રે માન
કર્મ તણા તેંરે ઝગડા જિતીયા દીધું વરસી રે દાન—સિદ્ધા૦
શાસન–નાયક સવિ સુખદાયક, ત્રિશલા–કુખે રતન
**સિદ્ધારથ**નો રે વંશ દીપાવિઓ, સાહિબ! તું ધન ધન
—સિદ્ધા (૪)

વાચક શેખર **કીર્ત્તિવિજય** ગુરૂ, પામી તાસ પસાય
ધર્મ તણે રસે જિન ચૌવીશના, **વિનયવિજય** ગુણ ગાય
સિદ્ધા૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. શ્રી વિનયવિજયજી મહારાજ
## કૃત
## સ્તવન–ચોવીશી
## કઠિન શબ્દોના અર્થ

**સ્તવન ૧૧–૧**

૧. શિખરરૂપ મસ્તકના મુકુટસમા ૨. સુખરૂપ કલ્પ વૃક્ષના ૩. નવાજ્યા=સત્કાર્યા ૪. વિનતિ

**સ્તવન ૧૧–૨**

૧. સમર્પે=આપે ૨. જગતમાં સૂર્યસમા ૩. ગુણના સમૂહથી સુંદર ૪. શ્રેષ્ઠ હાથી ૫. હાથીની ચાલ ૬. શ્રેષ્ઠ હાથીઓના માલિક ૭. મોહરૂપી ઝાડના મૂળીયાં ૮. ઉખેડી નાંખવા ૯. દેશીશબ્દ પ્રયોગ છે. પ્રાયઃ આનો અર્થ એમ જણાય છે કે વડ=મોટા. હથવાહે=પાણીના પ્રવાહમાં તણાતા માટે પકડી રાખનાર હાથ સમાન.

**સ્તવન ૧૧–૩**

૧. ત્રીજા તીર્થંકરની માતાનું નામ છે ૨. પુત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. સુંદર ૪. મને ૫. વિસ્તારનાર ૬, ભરતી ૭. અટકાવો.

**સ્તવન ૧૧-૪**

૧. ચોથા તીર્થંકરના પિતાનું નામ છે ૨. આરાધો ૩. ચોથા તીર્થંકરની માતાનું નામ છે.

**સ્તવન ૧૧-૫**

૧. વિરતિરૂપ સ્ત્રી ૨. જન્મ ૩. પાંચમા તીર્થંકરની માતાનું નામ છે, ૪. ધર્મરૂપ વેલડી માટે પાણીની ધાર જેવા ૫. પાંચમી તીર્થંકરના પિતાનું નામ ૬. મુખથી જીત્યો છે પૂનમનો ચંદ્ર જેણે

**સ્તવન ૧૧-૬**

૧. સ્ત્રી ૨. ન તૂટે તેવી ૩. ખામી ૪. હિતકારી ૫. ધર = શ્રી **પદ્મપ્રભ** સ્વામીના પિતાનું નામ ૬. રાજા.

**સ્તવન ૧૧-૭ अ**

૧. સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના પિતાનું નામ છે. ૨. મુક્તિરૂપ સ્ત્રીએ ૩. પ્રભુજીને સ્વામી તરીકે ૪. સ્વીકાર્યા ૫. સ્થાન ૬. મુખ અથવા આંખો.

**સ્તવન ૧૧-૭ आ**

૧. ઉપદ્રવ ૨. શોભે છે ૩. દૂર

**સ્તવન ૧૧-૮**

૧. અત્યંત શોભે છે ૨. વિંધ્યાચલ પર્વતના જંગલો અને નર્મદા નદીનો કિનારો એ હાથીઓનું મૂળ રહેઠાણ ગણાય છે ૩. હાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૧-૯**

૧. ઘણી ૨. કસ્તુરીથી ૩. લલાટ-કપાળમાં ૪. ઘણા રંગવાળી ૫. શોભે છે ૬. શ્વેતવર્ણવાળી પ્રભુની કાયાએ ૭. ચાંદીના પર્વતના શિખર ઉપર ૮. જે રીતે ૯. ઈન્દ્ર ધનુષ્યનો ૧૦. શ્રી સુવિધિનાથ પ્રભુનું બીજું નામ છે.

**સ્તવન ૧૧-૧૦**

૧. સરોવરોમાં તિલક=માનસરોવર ૨. પાણી ૩. શ્રેષ્ઠ ૪. દષ્ટિ ૫. માતાનું હેત=વાત્સલ્ય ૬. ચંદ્રનું ૭. વાલમ=ધણીની ૮. કેળની.

**સ્તવન ૧૧-૧૧**

૧. જેમ ૨. શ્રેષ્ઠઝાડ ૩. છાયા ૪. પાણીના ખેંચાણમાં

**સ્તવન ૧૧-૧૨**

૧. પુત્ર ૨. લાલ ૩. ઉગતો સૂર્ય ૪. બહાનાથી ૫. પાડો ૬. લાલવર્ણવાળા પ્રભુ મન રંગે છે ૭. ઉચિત ૮. બારણાં.

**સ્તવન ૧૧-૧૩**

૧. નિર્મળ કમળ જેવા મુખવાળા ૨. સંસારરૂપ ઘોર રાત્રિમાં સૂર્યસમા ૩. લોકોની આંખને શરદઋતુના ચંદ્ર જેવા ૪. લાલ ૫. મજીઠ ૬. રતનના આરીસા ૭. શ્રેણિ ૮ તેરમા તીર્થંકરના પિતાજીનું નામ છે ૯. ચરણોમાં ૧૦. આંબો ૧૧. પોપટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૧-૧૫**

૧. કમળ ૨. સૂર્ય

**સ્તવન ૧૧-૧૬**

૧. રાણી ૨. મેઘ ૩. પ્રબળ ૪. પવન ૫. નવા ૬. મેઘ

**સ્તવન ૧૧-૧૮**

૧. સૂર્ય ૨. પાંજરૂં ૩. જર્જરિત=જૂનું ૪. પકડો ! ૫ આપત્તિ ૬. ગાઢઘાતી કર્મો ૭. રીતિ ૮. સ્ત્રી રૂપ નદીમાં ૯. ખૂંચાઈ ગયા=તણાઈ ગયા

**સ્તવન ૧૧-૧૯**

૧. હર્ષ ૨. સાંભળો ૩ ભાગે,

**સ્તવન ૧૧-૨૦**

૧. મનરૂપ ભમરા ! ૨. છોડી દે ૩. ચટકા ૪. પ્રભુના ગુણ રૂપ ફૂળના સ્વાદથી ૫. વિષયરૂપ ધતૂરાને ૬. સ્ત્રી રૂપ વિજયા=ભાંગના ઝાડને ૭. કેરનું ઝાડ ૮. તને ૯. આકરો ૧૦. તપરૂપ કેવડાનું ઝાડ ૧૧. સ્વીકારજે ૧૨. ગુણ=ફાયદો જાણીને

**સ્તવન ૧૧-૨૧**

૧. અટકીએ ૨. લાવીએ ૩. મૂળકારણ ૪. દૂર

**સ્તવન ૧૧-૨૨ (અ)**

૧. દયા ૨. અહીં "**આણી**" ક્રિયાપદનું કર્મ અધ્યાહારથી **દયા** એમ જાણવું ૩. કહેવાનું ૪. ઠેકાણાવગરની ૫. ખરાબ રીતવાળા ૬. પહેલેથી ૭. વિચારીએ ૮. મશ્કરી ૯. અનુકૂળતા ૧૦. હાથ ૧૧. વિષમ=ઠેકાણા વિનાનો

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

**સ્તવન ૧૧–૨૨ (આ)**

૧. આ બાજુ ૨. જો આવી રીતે જવું હતું (ઉત્તરાર્ધની પ્રથમ લીટીનો અર્થ) ૩. પાણી પાઈ મોટું કર્યા પછી ૪. ખોદીએ નહીં ૫. તૈલ ૬. પ્રવાલ=મોતી

**સ્તવન ૧૧–૨૨ ઈ**

૧. વિચારો ૨. મુશ્કેલી ૩. ઝબકારાની જેમ જલ્દી ૪. ત્રાસ ૫. મહિમા ૬. મોક્ષે

**સ્તવન ૧૧–૨૩ (અ)**

૧. ની જેમ ૨. કરે ૩. ભયંકર ૪. ભયની ખાણ ૫. સમૂહ ૬. ઉમંગ.

**સ્તવન ૧૧–૨૪**

૧. અપાવ ૨. જ્ઞાન, દર્શન, ચારિત્ર ૪. કૌશલ=હોંશિયારી ૪. દૂર કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી હરખચંદજી મ.

કૃત

# સ્તવન–ચોવિશી

## (૨૬૫) (૧૨–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

(રાગ ભેરૂ)

ઉઠત પ્રભાત નામ, જિનજીકો ગાઈયેં
**નાભિ**જીકે નંદકે, ચરન ચિત લાઈયેં
આનંદકે કંદ[1]જીકો, પૂજત સુરિંદવૃંદ
ઐસો જિનરાજ છોડ, ઓરકું ન ધ્યાઈયેં—ઉઠત૦ (૧)
જનમ **અજોદ્ધા**[2] ઠામ, માતા **મરૂદેવા** નામ,
લંછન **વૃષભ** જાકે ચરન સુહાઈયે
પાંચસેં ધનુષ માન, દીપત કનકવાન[3],
ચોરાશી પૂરવ લાખ, આયુ સ્થિતિ પાઈયેં—ઉઠત૦ (૨)
**આદિનાથ** આદિદેવ, સુર-નર સારે[4] સેવ,
દેવનકે દેવ પ્રભુ, શિવસુખ દાઈયેં
પ્રભુકે પાદારવિંદ[5], પૂજત **હરખચંદ**
મેટો દુખદંદ[6], સુખ સંપતિ બઢાઈયેં—ઉઠત૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૬૬) (૧૨-૨) શ્રી અજિતનાથ-જિનસ્તવન

(રાગ—ગુજરી)

**અજિત**-જિનકો ધ્યાન, કર મન! **અજિત**-જિનકો ધ્યાન
રિદ્ધિ-સિદ્ધિ આનંદ-મંગલ, હોત કોડ કલ્યાન—કર૦ (૧)
યાકી જનમનગરી નામ **અજોધ્યા,** પિતા **જિતશત્રુ** જાન
માત **વિજયાદેવીનંદન,** કુલ ઈક્ષ્વાગ પ્રધાન—કર૦ (૨)
ચારસેં પંચાસ ઉપર, ધનુષ જસુ તનુ-માન[1]
લાખ બહુંતર[2] પૂરવ આયુ, દેહ કંચનવાન—કર૦ (૩)
ગુણ અનંત ઉદાર મહિમા, લંછન ગજ સુપ્રધાન
**હરખચંદ** પ્રભુજી કે ગુનકોં, કહત નાવત ગ્યાન[3]—કર (૪)

卐

## (૨૬૭) (૧૨-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

(રાગ-આસાવરી)

સાહિબ સેવીયે હો, **સંભવનાથ** જિનંદ
**સાવત્થિ**નગરી ભલી હો, પિતા **જિતારિ** નરિંદ
લંછન તુરંગમ[1] દીપતોહો, રાની **સેના** માતા નંદ[2]
—સાહિબ૦ (૧)
ઉંચપનો ધનુષ પાંચસે હો, મુખ શોભિત રાકાચંદ[3]
સાઠ લાખ પૂરવકી સ્થિતિ[4]હો, દીપત દેહ દિનંદ—સાહિબ૦
જૈનધરમ પરકાસીયો હો, પ્રભુ મેટો ભવદુખદંદ
**હરખચંદ** હરખે કરી હો, પ્રણમે પ્રભુ પદ[5]-અરવિંદ
—સાહિબ૦ (૩)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૬૮) (૭૨–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

( રાગ વેલાઉલ )

**અભિનંદન**સોં[૧] નેહ હમારે, અભિનંદસોં નેહ
નિશ–દિન મનમાંહિ જપું જૈસેં, ચાતક મન મેહ
હમારે અભિ૦ (૧)
જ્યું મધુકર[૨] મન માલતી હો, જ્યું શશિ[૩]–કુમુદ સનેહ
જ્યું ગજ મન રેવા[૪] નદી, તૈસેં મુજ મન પ્રભુ એહ
હમારે અભિ૦ (૨)
જનમનગરી **અયોધ્યા**પુરી, જસુ પિતા **સંવર** ગુણ–ગેહ
માતા **સિદ્ધારથા**રાની, કપિ લંછન ચરનેહ
હમારે અભિ૦ (૩)
લાખ પંચાસ પૂરવકો હો, આયુ પ્રમાણ મુણેહ
વંશ ઈક્ષ્વાગે દીપતો, સાઢી તીનસે ધનુ દેહ
—હમારે અભિ૦ (૪)
દેવ જિકે[૫] દૂષણ–ભરે, મો[૬]દિલ[૭] નહી આવે તેહ
**હરખચંદ**કે સાહિબા, નિકલંક નિરાકૃત રેહ
હમારે અભિ૦ (૫)

卐

## (૨૬૯) (૧૨–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

( રાગ—રામકલી )

નિરખ[૧] વદન[૨] સુખ પાયો મેં પ્રભુ ! તેરો—નિરખ૦
**સુમતિનાથજી**કે મુખકી શોભા, દેખત ચિત્ત ઉમાયો[૩]
—નિરખ૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મેઘ**નૃપતિ કે **નંદ** આનંદન, માતા **સુમંગલા** જાયો
લંછન ક્રૌંચ **અયોધ્યા** ઉપજત, કનકબરન તનુ[૪] છાયો
—નિરખ૦ (૨)

ધનુષ તીનસત માન બિરાજત, જસુ જસ ત્રિહું જગ છાયો
ચાલીસ લાખ પૂરવ વત્સરકો, આયુ પ્રમાન બતાયો
· નિરખ૦ (૩)

પંચમજિન પંચમગતિ પામી, પરમપુરૂષ જિન ધ્યાયો
**હરખચંદકે** ચિતમેં તુમ બિન, અવર દેવ નહી આયો૦
—નિરખ૦ (૪)

卐

## (૨૭૦) (૧૨–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

(રાગ–અલહિયૌ વેલાઉલ.)

ચરણ–કમલમેં ચિત્ત દીયોરી
**પદમપ્રભકે** મુખ કી શોભા, દેખત ચિત્ત આનંદ ભયોરી
—ચરણ૦ (૧)

**શ્રીધર** પિતા **સુસીમા** માતા, **કોસંબી**પુર જનમ લીયોરી
ધનુષ અઢીસેં ઊંચી કાયા, લંછન પંકજ[૧]ચરણ ભયોરી
ચરણ૦ (૨)

તીસ લાખ પૂરવ સ્થિતિ[૨]જાકી, અરૂનબરન[૩]માનું રવિ[૪] ઉદયોરી[૫]
કેવલ જ્ઞાન પ્રકાશક પ્રભુજી, તીન લોક જાકૌં[૬]શીશ[૭]નમ્યોરી[૮]
—ચરણ૦ (૩)

નામ લેત નવ નિધ પાયો, દરશન દેખત દુરિત[૯] ગયોરી
**હરખચંદકે** સાહિબ સાચો, જગજીવન જિનરાજ જયોરી
—ચરણ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૭૧) (૧૨–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

(રાગ–આસાવરી)

આજ મેં દેખ્યોરી મુખચંદા....આજ૦
**શ્રી સુપાસજિનેસરજી**, દેખત ચિત્ત આનંદા—આજ૦ (૧)
જનમ **બનારસી પૃથ્વી** માતા, પિતા **પ્રતિષ્ટ** નરિંદા
લંછન સ્વસ્તિક વીશ ધનુષ તનુ, કંચનબરન દીપંદા[1]
—આજ૦ (૨)
વીસ લાખ પૂરવ થિતિ જાકી, કુલ ઈક્ષ્વાગનરિંદા
અદ્‌ભુત રૂપ અનોપમ મહિમા, પૂજિત પદ[2] સુરવૃંદા
—આજ૦ (૩)
કેવલ જ્ઞાન અનંત ગુણાકર, સંશય તિમિર[3] હરંદા[4]
ઐસે સાહિબકે પદ[5]–કજકા, **હરખચંદ** પ્રભુ બંદા[6]
—આજ૦ (૪)

卐

## (૨૭૨) (૧૨–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

(રાગ—રામકલી.)

રહત નયન લલચાને દરસકું
**ચંદ્રપ્રભકે** મુખકી શોભા, દેખત નાહિ અઘાને[1]
જાકે તનકી[2] આકૃતિ[3] આગે, કોટિ દિનંદ[4] દુરાને[5]
—દરસકું રહત૦ (૧)
**મહસેન** પિતા **લછમના** માતા, શશિ લંછન ઠહરાને
દશ લાખ પૂરવ આયુ દેઢસો, ધનુષ શરીર પ્રમાને
—દરસકું રહત૦ (૨)

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

**ચંદપુરી** અવતાર લીયો જિન,કુલ ઈક્ષ્વાગ કહાને
ઉજવલ વરન તરન અરૂ તારન, જગત-જંતુ હિત કાને
—દરસકું રહત૦ (૩)

દૂષન સહિત દેવ હૈ જે તે, મેરે મન નહી માને
**હરખચંદકે** સાહિબ તુમહિ, હમ તુમ હાથ બિકાને[૬]
—દરસકું રહત૦ (૪)

卐

## (૨૩૭) (૧૨-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

(**રાગ—જયતશ્રી**)

સુખદાયક સુખકંદ દયાનિધિ........ —સુખ૦
સાહિબ! સુવિધિ જિણંદ........ —દયા૦
**કાકંદી**પુર રાજીયો હો, પિતા **સુગ્રીવ**નરિંદ
ધનુષ શત માન મગર વર લંછન, **રામા**-રાનીનંદ—દયા૦
દોય લાખ પૂરવ આઉખો હો, કુલ ઈક્ષ્વાગનરિંદ
ઉજ્જલ બરન તરન અખંડિત મહિમા, પૂજત પદ સુરવૃંદ
—દયા૦ (૨)

દરસન દેખત સુખ ભયો હો, મિટે દુરિત દુખદંદ
પ્રભુકે ચરન-કમલકી સેવા, ચાહત મુનિ **હર્ષચંદ**—દયા૦

卐

## (૨૭૪) (૧૨-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

(**રાગ—ગુણાકરી**)

અટકયો ચિત્ત હમારોરી, જિન ચરણુ કમલમેં; અટકયો૦
**શીતલનાથ** જિનેશ્વર સાહિબ! જીવન-પ્રાણુ આધારોરી
—જિન૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતા **નંદાદેવીકા** નંદન, **દઢરથ**-નૃપકો પ્યારોરી
શ્રીવત્સ લંછન જનમ **ભદ્દિલપુર**, કુલ ઈક્ષ્વાગ ઉજવાલોરી
—જિન૦ (૨)
નેઉ ધનુષ શરીર સુશોભિત, કનકબરન અનુકારોરી
એક લાખ પૂરવ થિતિ કહિયત, નામ લિયાં નિસતારોરી
—જિન૦ (૩)
દીનદયાલ જગત-પ્રતિપાલક, અબ મોહે પાર ઉતારોરી
**હરખચંદકે** સાહિબ સાચે, હું તો દાસ તુમારોરી—જિન૦

卐

## (૨૭૫) (૧૨-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

(રાગ-ગૌડ મલ્હાર.)

અબ તો ઉધાર્યો[૧] મોહિ[૨] ચહિયે[૩] જિનંદરાય—અબ૦
રાખોં[૪] મેં ભરોસોં[૫] રાવરે[૬] ચરનકો—અબ૦
સુનહો **શ્રેયાંસનાથ**! સાચો શિવપુર સાથ
બિરૂદ તુમારો પ્રભુ! તારન-તરનકો—અબ૦ (૧)
**સિંહપુરી** જન્મ ઠામ, **વિષ્ણુસેન** પિતા નામ
**વપ્રારાની** કુખે જાયો, કંચન બરનકો—અબ૦ (૨)
વરસ ચોરાશી લાખ, આયુ પ્રમાન ભાખ
લંછન ચરન ખડ્ગી, સુખકે કરનકો—અબ૦ (૩)
હું તો હું અ-નાથ! તુમ નાથ! પ્રભુ
તુમ બિન ઔર નાંહિ, દૂસરો શરનકો—અબ૦ (૪)
**પ્રભુકે** પાદારવિંદ, પૂજત **હર્ષચંદ**
દીજીએ શિવ, દુઃખ મેટિયે મરનકો—અબ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૭૬)(૧૨-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન

(રાગ—હિંડોલ)

**શ્રીવાસુપૂજ્ય** બારમા જિનંદ,
શિવ સુખકે દાયક આનંદ કંદ
જાકી જનમ નગરી **ચંપા** વિખ્યાત,
ઈક્ષ્વાગ વંસ **વસુપૂજ્ય** તાત
રાનીશ્રી **જયા**દેવી પ્રસિદ્ધ માત,
પદ મહિષ લંછન વિદ્રુમગાત—શ્રી૦ (૧)
દશ-સાઠ ધનુષ કાયા માન, બહુતર[૨]લાખ વરસાયુ માન
સુર-નર માન જસુ આન, કામિતપૂરન[૩]કરુનાનિધાન—શ્રી૦
જગજીવન જગનાયક જિનંદ,
મિથ્યામતિ[૪] તિમિર હરન દિનંદ
પ્રભુ ! દૂર કરો દુખ દુરિતદંદ,
નિત ચરન નમત મુનિ **હરખચંદ**—શ્રી૦ (૩)

卐

## (૨૭૮) (૧૨-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

(રાગ—આડાના.)

તુમસેં[૧] લાગો નેહ **વિમલ**જિન—તુમ૦
**કૃતબ્રહ્માનૃપ શામાદેવી**નંદન, સુન સાહિબ ગુણગેહ
—વિમલ૦ (૧)
કુલ ઈક્ષ્વાગ **કંપિલપુર** જનમે, સાઠ ધનુષ હૈ દેહ
સાઠ લાખ પૂરવ મિત આયુ, સૂકર લંછન રેહ[૨]—વિમલ૦
જ્યોં ચકોર શશિહી નિત ચાહે, જ્યોં ચાતક મન મેહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યુંહી નિશદિન તુમકું સમરૂં, મુજ મન રટના એહ
—વિમલ૦ (૩)

દૂષણ સહિત દેવ હૈ જેતે, દિલહી નાવે તેહ
**હરખચંદ** હિત[3] તુમસોં કીનો, રખે દિખાવો છેહ[4]
—વિમલ૦ (૩)

卐

## (૨૭૮) (૧૨–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

(રાગ—ધુંવરીયા મલ્હાર)

ચરન શરન મેં તક[1] આયો તેરી પ્રભુ૦
હું તો દીન અધીન અધમ નર, તું જગબંધુ કહાયો
—તેરી૦ (૧)

**સિંહસેન** નરપતિકે નંદન, **સુજસા** માતા મલ્હાયો[2]
લંછન સીંચાણો **અજોધ્યા** ઉપજે, કંચનબરન સુહાયો
—તેરી૦ (૨)

તીશ લાખ વરષ પ્રભુ–આયુ, તનુ ધનુષ પચાસ બતાયો
કુલ ઈક્ષ્વાગ મુગટ સોભાગી, શિવરમની ચિત લાયો—તેરી૦
**અનંતનાથ** અતુલ–બલ સાહિબ,
તુમ જસતિહું જગ છાયો
**હરખચંદ**કું દેહી[3] અખય સુખ, ભવદુઃખ બહોત સતાયો
—તેરી૦ (૪)

卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૭૯) (૧-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

**( રાગ-વૃંદાવની સારંગ )**

જબ મેં મૂરત[1] દેખી પ્રભુ ! તેરી, તબહી પુણ્યદશા મેરી જાગી
જનમ જનમ કે દુરિત[2] ગએ સબ,
કુમતિ કુટિલતા દુરમતિ ભાગી—જબ૦ (૧)
**ધર્મરાય શ્રીભાનુરાય** સુત, **સુવ્રતા** માતા હૈ બડભાગી[3]
લંછન વજ્ર **રતનપુર** જનમે,
દશ લાખ વરષ આયુસ્થિતિ વાગી —જબ૦ (૨)
પંચ અધિક ચાલીસ ધનુષ તનુ, કાયા કંચનબરન સોભાગી
કુલ ઈક્ષ્વાગ વિભૂષન સાહિબ, મહિમાવંત અનુરાગી જબ૦
સંજમ લે પંચમપદ સાધ્યો, રાજ[5]-રમણી મમતા સબ ત્યાગી
**હરખચંદ** સાહિબ સુખદાયક, મેરી લગન પ્રભુજીસેં લાગી
જબ૦ (૪)

卐

## (૨૮૦) (૧૨-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

**( રાગ – સારંગ )**

ચિત્ત ચાહત સેવા ચરનનકી—ચિત્ત૦
**વિશ્વસેન અચિરાજી**કે નંદા, **શાંતિનાથ** સુખકરનનકી
—ચિત્ત૦ (૧)
જનમ નગર **હથિનાપુર** જાકો, લંછન રેષા હિરનનકી
તીસ અધિક દશ ધનુષ પ્રમાને, કાયા કંચનબરનનકી
—ચિત્ત (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુરૂવંશકુલ લાખ વરસ થિતિ, શોભા સંજમ ધરનનકી
કેવલજ્ઞાન અનંત-ગુણાકાર, કીરત તારન-તરનકી-ચિત્ત૦(૩)
તુમ બિન દેવ અવર નહીં ધ્યાઉં, મેં અપને મન પરનનકી
હરખચંદ દાયક પ્રભુ શિવસુખ-ભીતિ મિટાવો મરનનકી
૫૫ —ચિત્ત૦ (૪)

卐

## (૨૮૧) (૧૨-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

[રાગ-બિહાગ]

રે મન[૧]-મધુકર! ચિત્ત હમારે! **કુંથુનાથકે** ચરન-કમલતે,
નેક[૨] ન હોજિ[૩] તૂં ન્યારે—રે મન૦ (૧)
પદકજ[૪] સહજ-સુગંધ સુકોમલ, શ્રીયુત[૫] શુભ સુખકારે,
રાગ-દ્વેષ કંટક નહી યાકે,પાપ-પંકસેં ન્યારે – રે મન૦ (૨)
વિકસિત રહત સદા નિશ-વાસર[૭],અતિ અદ્દભુત અવિકારે,
ઐસે પદપંકજ તજી ઇત-ઉત[૮],ડોલત[૯] મૂઢ! કાહારે[૧૦]!-રે૦
માતા શ્રી **શ્રીમતીકે**ં નંદન, સૂરનૃપતિકે પ્યારે,
**ગજપુર** જનમ છાગ વર લંછન, કુરૂવંશ કુલ ઉજવાલે-રે૦
સહસ પંચાણુ બરસ આયુ તનુ, ધનુ પૈંતીસ માહારે,
**હરખચંદકે** સાહિબ જિનવર,જગત-જંતુ હિતકારે – રે૦(૫)

卐

## (૨૮૨) (૧૨-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

[રાગ-ચમન]

**શ્રી અરનાથ**-જિનંદ, રહત મન મેરે—શ્રી અર૦
**ગજપુર** નગર **સુદર્શન** નૃપસુત, **શ્રીદેવીજી**કો નંદ—રહત૦
સહસ ચૌરાશી વરસ આયુથિતિ,તીસ ધનુષ તનુ દીપતદિનંદ,[૧]

લંછન નંદાવર્ત સુશોભિત, કુલ ઈખ્ખાગ નરિંદ-રહત૦ (૨)
કંચન બરન સુકોમલ કાયા, મુખદ્યુતિ[૨]દીપત રાકાચંદ[૩],
જગતજંતુ પ્રતિપાલક પ્રભુજી, સેવત ચોસઠ ઇંદ -રહત૦ (૩)
તુમ તો સાહિબ શિવસુખદાયક, હું સેવક મતિમંદ[૪],
**હરખચંદ**કી રાખો લજ્યા, દૂર હરો દુઃખદંદ-રહત૦ (૪)

卐

## (૨૮૩) (૧૨-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

[રાગ-નટ]

મન માની રે મેરે મન માની, **મલ્લિનાથ**કી મૂરતી[૧] મન૦
**કુંભનૃ**પતિકે નંદ આનંદન, માત **પ્રભાવતી** રાની-મન૦ (૧)
ધનુષ પચીસ ઉંચપને કાયા, **નીલબરન** ગુણમણિખાની,
**લંછન કલશ જનમ હથિનાપુર**, તારે કરૂણાનિધિ કેવલજ્ઞાની મ૦
પચપન સહસ પ્રમાણ વર્ષ થિતિ, તારે બહુત ભવિકજન પ્રાની
જૈનધરમ પ્રકાશ કીયો પ્રભુ, દુરગતિ દુઃખ દૂર ભગાની-મન૦
ઔર દેવ દિલમાંહી ન ધ્યાઉં મેં, અપને જીય ઈહિ[૨] ઠાની[૩],
**હરખચંદ** સેવકકી લજ્યા, રાખો પ્રભુ અપનો જાની-મ૦(૪)

卐

## (૨૮૪) (૧૨-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

[રાગ-નાયકી]

સુંદર મુખકી શોભા, નિત[૧] દેખબો કીજે,
**મુનિસુવ્રતજીકો** દરસન[૨]દેખત, દુરિત[૩] દુઃખ છીજે -સું૦
પિતા **સુમિત્ર** નગરી **રાજગૃહી**, **પદમાવતી**કી બલી[૫] લીજે
વીસ ધનુષ તસુ કૂરમ[૬] લંછન,
હરિવંશ કુલ અવતાર લહીજે-સુંદર (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીસ સહસ સંવત્સર[૭] આઉ, શ્યામબરન દેખતહી જીજે,[૮]
વારૂં[૯]કોટિ[૧૦]કામકી મૂરત, ઔર કહાકી[૧૧]ઓપમ દીજે-સુ૦
જબ દેખું તબ અતિ સુખ ઉપજે,
બિન દેખ્યે મેરો મન ન પતીજે[૧૨]
**હરખચંદ**કે પ્રભુકી મૂરત,દેખત નૈન[૧૩]અમૃત-રસ પીજે-સુ૦

卐

## (૨૮૫) (૧૨-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

[રાગ-જયક્ષ્યવંતી]

પ્રભુસોં[૧] પ્રીત કરી, ભાઈ મેં તો પ્રભુ૦
શ્રી **નમિનાથ** જિનેસરજીસોં,લાગી લગન ખરી—મેં૦ (૧)
માતા **વપ્રા વિજય**નૃપતિસુત, **મિથિલા** જનમપુરી;
પણદશ[૨] ધનુષ શરીર કનક દ્યુતિ[૩] સેવત ચરણ હરી[૪]-મેં૦
દશ હજાર વરષકો આયુ, મહિમા જગત ભરી,
દોષ અઢાર રહિત હિતકારણ, સાધી શિવનગરી—મેં૦ (૩)
જબ મેં ચરણકમલ ચિત દીનો, તબહિ વિપત ડરી,
**હરખચંદ** ચિત આનંદ પાયો,મનકી આશ ફલી—મેં૦ (૪)

## (૨૮૬)[અ](૧૨-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

(રાગ-કેદારો)

ચરણ રહ્યો ચિત્ત લલચાય
**નેમિનાથ** જિનંજી કે, ઔર[૧] કિતહુ[૨] ન જાય—ચરણ૦
**સમુદ્ર વિજય**-નરિંદ નંદન, શંખ લંછન **શિવાદેવી** માય
દશ ધનુષ તનુ, સહસ વત્સર[૩] આય[૪]—ચરણ૦ (૨)

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

શ્યામ સુંદર સુભગ મૂરત, દેખ મદન દુરાય
દીનબંધુ દયાલ જગગુરૂ, જગપતિ યદુરાય—ચરણ૦ (૩)
સુપન[5] સોવત[6] ગોસ[7] જાગત[8] ઔર કછુ ન સુહાય
હરખચંદ પ્રભુ માધુરી[9]મૂરત[10],હૃદયે બસી આય—ચરણ૦

卐

## (૨૮૬)[આ](૧૨–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

(રાગ—સોરઠ)

**નેમજી** ! થેં કાંઈ હઠ માંડચો રાજ, નેમ૦
**રાજુલ** ઊભી વીનવેજી, મેરી અરજ સુણો માહારાજ—નેમ૦
**સમુદ્રવિજેજી**કે લાડલેજી[1] તુમ, યાદવકુલ શિણગાર
નાયક તીનુ લોકકેજી, તું સબ ગુણનિધિ ગરીબનિવાજ
—નેમ૦ (૨)

તુમ ભલી બરાત[2] બણાયકે, આયે વ્યાહન[3] કાજ
તોરણસેં[4] રથ ફેરકેજી તુમ, ફિરત ન આઈ થાંનેપલાજ
—નેમ૦ (૩)

આવો ઉલટ[6] ઘર આપણેજી, હઠ છોડો નણદરા વીર
તુમ બિન યે સંસારમેંજી, કવણ મિટાવે પીર ?[7]—નેમ૦
તુમ પશુઅન પર કરૂણા કરીજી, મો, પર[8] કીનો રોસ
દીનદયાલ કહાયકેજી, તુમને નિપટ[9] લગેગો દોસ—નેમ૦
પ્રીત પુરાણી જાણીકે, તુમ **રાજુલ** રાખો પાસ
**હરખચંદ** પ્રભુ ! **રાજુલ** વિનવે,
ઘો માંને મુગતિનો વાસ—નેમ૦ (૬)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૮૭) (૧૨-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

(રાગ-સોરઠ)

**વામાજીકે** નંદ, અરજ સુનો—વામા૦
**અશ્વસેનકે** લાડલે હો, **શ્રીજી પાસ** જિણંદ—અરજ૦
જનમ પુરી **બનારસી** હો, લંછન ચરન ફનિંદ
સો વરસકો આઉખો હો, કુલ ઈખ્ખાગ નરિંદ—અરજ૦
નીલબરન નવ હાથકો હો, દીપત દેહ દિનંદ
એક ધ્યાન પ્રભુકો જપું હો, મનધરી અધિક આનંદ
—અરજ૦ (૩)
મેં સેવક હું તિહારો હો, તું સાહિબ! સુખકંદ
દીજે સેવા ચરનકી હો, ચાહે નિત **હરખચંદ**—અરજ૦

卐

## (૨૮૮) (૧૨-૨૪) શ્રી મહાવીર-જિન સ્તવન

(રાગ—પરજચાલ.)

મન માન્યો **મહાવીર** મેરો—મન૦
**સિદ્ધારથ** નૃપ કુલતિલો હો, પ્રભુ ત્રિશલાનંદન **વીર**
—મેરો મન૦ (૧)
**ક્ષત્રીકુંડ** પ્રભુ જનમીયો હો, સુરગિરિવર સમ ધીર
વરસ બહુતર[1] આઉખો હો, લંછન પગ સૌંડીર[2]—મેરો૦
સાત હાથ તનુ દીપતો હો, કંચન બરન શરીર
કાશ્યપકુલ ઉજવાલ[3]કે હો, પ્રભુ પુહતા ભવજલ-તીર[4]
મેરો૦ (૩)
શાસનનાયક સમરીયે હો, ભંજે ભવભય ભીર
**હરખચંદ**કે સાહિબા હો; તુમ દૂર હરો દુઃખ પીર—મેરો૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી હરખચંદજી કૃત
## સ્તવન–ચોવીશી
### કઠિન શબ્દોના અર્થ
### ટિપ્પણી

**સ્તવન ૧૨-૧**

૧. મૂળકારણ ૨. અયોધ્યા ૩. કાંતિ=શરીરનો રંગ ૪. કરે ૫. ચરણકમલ ૬. ભૂખ–તરસ, ઠંડી–ગર્મી, માન–અપમાન, લાભ–નુકશાન, જય–પરાજય આદિ જોડકાં રૂપ સંસારી દુઃખો

**સ્તવન ૧૨-૨**

૧. ઊંચાઈ ૨. બોંતેર ૩. જાણકારી

**સ્તવન ૧૨-૩**

૧. ઘોડો ૨. પુત્ર ૩. પૂનમનો ચંદ્ર ૪. આયુષ્ય ૫. સૂર્ય ૬. ચરણકમળ

**સ્તવન ૧૨-૪**

૧. ૦ થી ૨. ભમરો ૩. ચંદ્ર ૪. નર્મદા ૫. જે કોઈ ૬. મારા ૭. મનમાં

**સ્તવન ૧૨-૫**

૧. નિરખી=જોઈને ૨. મુખ ૩. ઉલ્લસ્યું ૪. શરીરની કાંતિ

**સ્તવન ૧૨-૬**

૧. કમળ ૨. આયુ ૩. લાલવર્ણ ૪. સૂર્ય ૫. ઝાંખા ઉગ્યો ૬. જેમને ૭. મસ્તક ૮. નમાવ્યું ૯. પાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૧૨-૭

૧ દીપતો ૨ ચરણ ૩. અંધકાર ૪. દૂર કરનાર ૫. ચરણ-કમલ ૬. સેવક

સ્તવન ૧૨-૮

૧. તૃપ્ત થતા ૨. શરીરની ૩. આકાર ૪ સૂર્ય ૫. ઝાંખા ૬. વેચાઈ ગયેલ=ગુલામ જેવો

સ્તવન ૧૨-૧૧

૧. ઉદ્ધરવો ૨. મને ૩. જોઈએ ૪. રાખ્યો છે ૫. વિશ્વાસ ૬. આપના

સ્તવન ૧૨-૧૨

૧. પ્રવાલ જેવા લાલવર્ણના શરીરવાળા ૨ બોંતેર ૩. ઇચ્છિતને પૂર્ણ કરનાર ૪. મિથ્યામતિરૂપ અંધારાને દૂર કરવા સૂર્યસમા

સ્તવન ૧૨-૧૩

૧. તમારાથી ૨. શોભે છે. ૩. હેત=પ્રેમ ૪. વિયોગ

સ્તવન ૧૨-૧૪

૧. તાકીને=ધારીને ૨. પુત્ર ૩. આવો

સ્તવન ૧૨-૧૫

૧. ચહેરો ૨. પાપ ૩. ભાગ્યશાળી ૪. સંપૂર્ણ ૫. રાજ્ય અને સ્ત્રીની મમતા=આસક્તિ

સ્તવન ૧૨-૧૭

૧. મનરૂપ ભમરા! ૨. હોંશિયાર ૩. થઈશ ૪. ચરણકમલ ૫. શોભાવાળા ૬. પાપરૂપ કીચડથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. રાતદિવસ ૮. આમતેમ ૯. ભટકે છે. ૧૦. શા માટે !

સ્તવન ૧૨–૧૮

૧. સૂર્ય ૨. કાંતિ ૩. પૂનમનો ચંદ્ર ૪. અજ્ઞાન

સ્તવન ૧૨–૧૯

૧. સ્વરૂપ ચહેરો ૨. અહીં=પ્રભુમાં ૩. સ્થિર કરેલ છે.

સ્તવન ૧૨–૨૦

૧ જોયા કરીએ ૨ આંખ–ચહેરો ૩. પાપનું દુઃખ ૪. દૂર થાય ૫. ઓવારણાં ૬. કાચબો ૭ વર્ષ ૮. ખબર પડે ૯. સુંદર ૧૦. ક્રોડ કામદેવની ૧૧. શેની ૧૨. ખાત્રી થાય. ૧૩. આંખો

સ્તવન૧ ૨–૨૧

૧. પ્રભુથી ૨. પંદર ૩. કાંતિ ૪. ઇંદ્ર.

સ્તવન ૧૨–૨૨ અ

૧. બીજે ૨. ક્યાંય ૩. વર્ષ ૪ આયુ ૫. સ્વપ્નામાં ૬. સૂતાં ૭. સવારે ૮. જાગતાં ૯. સુંદર ૧૦. ચહેરો

સ્તવન ૧૨–૨૨ આ

૧. લાડીલા–પ્યારા ૨. પરણવા માટે જાન ૩. પરણવા ૪. માંડવેથી ૫. તમને ૬. પાછા ફરી ૭. પીડા ૮. મારા ઉપર ૯. નક્કર

સ્તવન ૧૨–૨૪

બોંતેર ૨. સિંહ ૩. અજવાળીને ૪. કિનારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री नयविजयजी महाराज

कृत

स्तवन—चोवीशी

# [१३]

## (२८९) (१३-१) श्री रुषभदेव–जिन स्तवन

(भाछलदे मात मल्हार—ए देशी.)

प्रणमुं आदिजिणंद, जगजीवन जिणचंद
आज हो—स्वामी रे शिवगामी पाम्यो पुण्यथीजी. (१)
हरख्या नयनचकोर, मेह देखी जिम मोर
आज हो माचे[1] रे सुख साचे राचे रंगशुंजी. (२)
सुर नर नारी कोडि, प्रणमे बे कर जोडी
आजहो निरखे रे चित्त हरखे परखे प्रेमशुंजी. (३)
गाये मधुरी भास, खेले जिनगुणरास
आज हो गाने रे जिनध्याने ताने मेळवेजी. (४)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખી પ્રભુ મુખ નૂર[2], અદ્ભુત આણંદપૂર
આજ હો વાધે રે સુખ સાધે લાધે જિમ નિધિજી. (૫)
ધન ધન તસ અવતાર, સુકૃત સફળ સંસાર
આજહો જિણે રે સુખદાયક નાયક નિરખીઓજી. (૬)
સકળ સફળ તસ દીહ[3] ધન ધન તસ શુભ જીહ
આજહો જાણી રે ગુણલીણે સ્વામીસું થુણ્યોજી. (૭)
શિવ-સંપદ દાતાર, ગુણગણ-મણિ ભંડાર
આજહો જાણીરે સુખખાણી પ્રાણી સેવીયેજી. (૮)
**જ્ઞાનવિજય** ગુરૂશિષ, **નયવિજય** નિશદીસ
આજ હો ગાવે રે શુભ ભાવે પાવે સંપદાજી (૯)

卐

## (૨૯૦) (૧૩–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

**(દેશી—હમીરીયાની.)**

**અજિત** જિણેસર સેવીયે, બીજો શ્રી જિનરાજ—સાજનજી
સેવ્યાં શિવસુખ પામીયેં, સીઝે વંછિત કાજ—સાજન૦
અજિત૦ (૧)
એ પ્રભુની જે સેવના, તે તો સુરતરૂકંદ—સાજન૦
સફળ ફળે તસ કામના, સેવે જેહ અમંદ—સાજન૦ અ૦
સેવા એ જિનવર તણી પામે જે કૃતપુણ્ય[1]—સાજન૦
સફળ જનમ જગે તેહનો, જીવિત તસ ધન્ય ધન્ય
—સાજન૦ અજિત૦ (૩)
પૂરે પૂરણકામના, ચૂરે દુરિત[2] દુરંત[3]—સાજન૦
સેવ્યો શિવસંપદ દીયે ભગત વત્સલ ભગવંત—સાજન૦(૪)
કરૂણાનિધિ કરૂણા કરો, જગજંતુ હિતકાર–સાજન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સાહિબની સેવના, તે તો ભવજલ પાર—સાજન૦ (૫)
ભવ–ભવભય ભેદે સદા, છેદે પાપ સ–મૂલ—સાજન૦
શિવસંપદ સહજે દીયે, એ સાહિબ અનુકૂલ—સાજન૦ (૬)
ઈમ જાણી જે સેવશે, લહશે તે સુખ સાર[૪]—સાજન
**નયવિજય** પ્રભુ પ્રણમતાં નિતુનિતુ જય જયકાર—સાજન૦

卐

## (૨૯૧) (૧૩–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

(એ સખિ અમીય રસાલ કે ચંદા વિષ ઝરેરે એ દેશી.)

શ્રી **સંભવ**જિનરાય કે, મુજ મનમાં વસ્યો રે કે—મુજ૦
દેખી પ્રભુ–મુખનૂર કે, હીયડો ઉલ્લસ્યો રે કે—હિયડો૦
પામ્યો હર્ષ અપાર કે, મનવંછિત ફળ્યો રે કે—મન૦
જગજીવન જિનરાય કે,જો મુજને મિળ્યો રે કે—જો૦ (૧)
પામ્યો આનંદ પૂર કે, દુઃખ દૂરે ગયારે કે—દુઃખ૦
ભેટ્યો શ્રી જિનરાય કે, વંછિત સવિ લહ્યા રે કે—વંછિત૦
પામ્યો ભવજલ પાર કે, સાર એ દિન ગણું રે કે—સાર૦
દીઠું જો સુખકાર કે દરિસણ જિનતણુંરે કે—દરિ૦ (૨)
ફળિઓ સુરતરૂ બાર[૧] કે સાર એ દિન થયોરે કે—સાર૦
પ્રગટ્યો પુણ્ય પંડૂર[૨] કે પાતિક સવિ ગયો રે કે—પાતિક૦
સીધ્યાં વંછિત કાજ કે આજ એ દિન ભલો રે કે—આજ૦
ભગતવત્સલ ભગવંત કે દીઠો ગુણનીલો રે કે—દીઠો૦ (૩)
આજ થયો સુકયત્થ[૩] કે જનમ એ માહરો રે કે—જનમ૦
પરમ પાવન દિદાર કે દીઠો તાહરો રે કે—દીઠો૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામી નવે નિદ્ધિ સિદ્ધિ કે રિદ્ધિ સવે મિલિ રે કે—રિદ્ધિ૦
દીઠે પ્રભુ દિદાર કે આશ્યા સવિ ફળી રે કે—આશ્યા૦ (૪)
નાઠા માઠા[4] દૂર કે દુસમન જે હતા રે કે—દુસમન૦
ફિરિય ન આવે તેહ કે તોહે વળી છતા રે[5] કે—તોહે૦
ગયાં સવિ કર્મ કે શર્મ[6] આવી મળ્યું રે કે—શર્મ૦
ભેટચે શ્રી ભગવંત કે વંછિત સવિ ફળ્યું રે કે—વંછિત૦ (૫)
મહિર કરી મહારાજ કે ચરણે રાખિયે રે કે—ચરણે૦
સેવક તું મુજ એમ કે સુવચન ભાખિયે રે કે—પ્રવચન૦
હોયે વંછિત સિદ્ધિ કે પ્રવચન સાખિયે રે કે—પ્રવચન૦
અવસર પામી સ્વામી કે દરિશણ દાખિયે રે કે—દરિશણ (૬)
તુમ્હ સેવાથી સ્વામી કે શિવસુખ ચાખીયે રે કે—શિવ૦
એટલે કોડિ કલ્યાણ કે ઘણું શું ભાખીયે રે કે—ઘણું૦
**જ્ઞાનવિજય** ગુરુશિષ્ય કે પ્રણમે લળી લળી રે કે—પ્રણમે૦
તુહ્મ ચરણાંબુજ સેવ કે હોજો વળી વળી રે કે-હોજો (૭)

卐

## (૨૯૨) (૧૩-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

### [ નિંદડલી વેરણ હોઈ રહી - એ દેશી ]

**અભિનંદન** અરિહંતજી, અવધારો હો સેવક અરદાસ તે,
દાસ જાણી મુજ દીજીયે, મનવંછિત હો સુખલીલ વિલાસ
કે-અભિ૦ (૧)
પૂરવ પુણ્યે પામીઓ, સુખકારણ હો જગતારણદેવ કે,
સેવક જાણી સાહિબા, હવે સફળી હો કીજે મુજ સેવ કે—અભિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવક-જનની સેવના, પ્રભુ જાણો હો મન નાણો કેમ કે,
બૂઝો પણ રીઝો નહિં, એકાંગી હો કિમ હોયે ? પ્રેમ કે—અ૦
સામાન્ય જનની ચાકરી, [૧]સહી સફળી હો હોયે વિસવા[૨]વીશ કે; પ્રભુસરિખાની સેવના,
કિમ થાયે હો વિફળી[૩] ? જગદીશ કે—અભિ૦ (૪)
સેવક જે સેવે સદા, તે પામે હો જો વંછિત કામ કે;
સેવક સુખીએ પ્રભુ તણી,સહી વાધે હો જગમાંહિ મામ[૪]કે-અ૦
સાહિબ તે સાચો સહી, જે સેવક હો કરે આપ-સમાન કે;
ભોળી ભગતે રીઝીને,જે આપે હો મન વંછિત દાન કે-અ૦
ઈમ બહુ ભગતે વિનવ્યો, જગજીવન હો **અભિનંદન** દેવ કે;
**નયવિજય** કહે સાહિબા,
મુજ હોજયો હો ભવ-ભવ તુજ સેવ કે—અભિ૦

卐

## (૨૯૩) (૧૩–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

[**દેશી નણદલની–સાહિબ ! બાહુ** જિનેસર વિનતિ-એ **દેશી**]

સાજન ! **સુમતિ** સદા ચિત ધારિયે, વારીગે કુમતિ-પ્રસંગ[૧]હો;
સાજન ! કલિમલ[૨]દૂરે ડારીયે[૩], તારીયે, આપ સુરંગ હો–સા૦
સા૦ **સુમતિતણી** જે સેવના, તે સાચો શિવને પંથ હો,
સા૦ પરિચય એહસ્યું જેહને, તે કહિયે નિર્ગ્રંથ હો–સા૦
સા૦ **સુમતિ** પ્રસંગે જે રહે, તે લહે આનંદ પૂર હો,
સા૦ રહે સદા સહી તેહથી, કુમતિ કદાગ્રહ દૂર હો–સા૦
સા૦ જે જગે **સુમતિ મતિ** હોયે, લહે તે વંછિત કોડિ હો,
સા૦ સુરવર કિંનર નરવરા, સેવે છે કર જોડી હો—સા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સા૦ સેવે જે નિતુ **સુમતિને**, તસ વાધે અનુપમ નૂર હો,
સા૦ શુભમતિ સુરગતિ શિવગતિ,
તસ હોયે સહજે પૂર હો—સા૦ (૫)
સા૦ કીરતિકમળા તે વરે, તે તરે ભવજળ પાર હો,
સા૦ સફળ વંછિત સફળા ફળે,
જસ મળે **સુમતિ** વિચાર હો—સા૦
સા૦ ઈમ જાણી નિતુ સેવિયે, **સુમતિ** સુમતિ-દાતાર હો,
સા૦ **નયવિજય** પ્રભુ પ્રણમતાં, નિતનિત જયકાર હો-સા૦

卐

## (૨૯૪) (૧૩-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

[ અલીઅલી કબહી આવેંગે—એ દેશી ]

**પદ્મપ્રભજિન** સેવના, મેં પામી પૂરવ પુણ્ય હો,
જનમ સફળ એ માહરો, હું માનું એ દિન ધન્ય હો-પદ્મ૦
વિનતિ નિજ સેવકતણી, અવધારો દીન દયાળ હો,
સેવક જાણી આપણો, હવે મહેર કરો મયાળ હો—પદ્મ૦
દુઃષ[૧]મારે જો પ્રભુ મિળ્યો, તો ફળ્યો વંછિત કાજ હો,
માનું તરતાં જલનિધિ, મેં પામ્યું સફરી[૨]ઝાઝ[૩]હો—પદ્મ૦
[૪]ચઉગઈ-[૫]મહાકાંતારમાં, હું ભમીયો વાર અપાર હો,
ચરણ-શરણ હવે આવીઓ, તાર તાર કિરતાર હો-પદ્મ૦
સેવના દેવના દેવની, જો પામી મેં કૃતપુણ્ય હો,
સફળ જન્મ હું એ ગણું, ગણું જીવિત હું ધન્ય ધન્ય હો-પ૦
ધન્ય દિવસ ! ધન્ય તે ઘડી, ધન્ય ધન્ય એ વેળા મુજ હો,
મન-વચન-કાયાએ કરી, જો સેવા કરીએ તુજ હો,-પદ્મ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહિર કરી પ્રભુ ! માહરી, પૂરજો વંછિત આશ હો,
**જ્ઞાનવિજય** ગુરૂશિષ્યને, દેજો તુહ્મ ચરણે વાસ હો—પદ્મ૦

卐

## (૨૯૫) (૧૩–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

[ કલાલની-તેં મારો રાજેંદ મોહિઓ હો લાલ-એ દેશી ]

**સુપાસજી** ! સાહિબ ! મુજરો માનજો હો લાલ,
જગવલ્લભ જગબંધુ,
**સુપાસજી** ! સેવક જાણી કીજીયે હો બાત,
કરૂણા કરૂણાસિંધુ—સુપાસજી ! સાહિબ૦ (૧)
સુ૦ સાત રાજ અલગા રહ્યા હો લાલ, પણ પ્રભુ શું બહુ નેહ,
સુ૦ ચંદ-ચકોરતણી પરે હો લાલ,
જિમ બપઈયા[1] મેહ—સુપાસજી ! સાહિબ૦ (૨)
સુ૦ મત જાણો પ્રભુ વિસરો હો લાલ, વસીયે જો પણ દૂર,
સુ૦ ધ્યાન-સંધાને[2] થિર કર્યા હો લાલ,
છો અમ ચિત હજૂર—સુપાસજી૦સાહિબ૦ (૩)
સુ૦ પ્રભુગુણ જે અમ ચિતમાં હો લાલ, વસીયા છે મહમૂર[3],
સુ૦ લોહ-લિખિત ચિત્રામજ્યું હો લાલ,
તેહ નહિ હોયે દૂર—સુપાસજી ! સાહિબ૦ (૪)
સુ૦ રસના[4] તુહ્મ ગુણરાગિણી હો લાલ, મનમાંહિ પ્રભુધ્યાન
સુ૦ વાંછે નયન દિદારને હો લાલ, સુણી ગુણ હરખે કાન
—સુપાસજી ! સાહિબ૦ (૫)
સુ૦ ઈમ મન વચન કાયા કરી હો લાલ, સમરૂં હું નિશ-દીસ
સુ૦ જો સેવક કરી લેખવો હો લાલ, તો પૂરો મનહ જગીસ
—સુપાસજી ! સાહિબ૦ (૭)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુ૦ કેતી કીજે વિનતી હો લાલ, જિનજી ! ચતુર સુજાણ
સુ૦ **નય** કહે હરખે નિરખીયે હો લાલ,
એતલે કોડિ-કલ્યાણ—સુપાસજી ! સાહિબ૦ (૭)

卐

## (૨૯૬) (૧૩-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

**(ઇડર આંબા આંબલી રે-એ દેશી.)**

**ચંદ્રપ્રભ** જિન ચંદ્રમા રે, ઉદયો સહજ સ[1]-નૂર
પાપ તાપ દૂરે મીટયો રે, પ્રગટયો આનંદપૂર
ભવિકજન ! પ્રણમો એ જિનચંદ, દરિશણ પરમાનંદ ભ૦(૧)
ચતુર ચકોરા હરષીયા રે, પસર્યો પુણ્યપ્રકાશ
જ્ઞાન-જલનિધિયે ઉલ્લસ્યો રે, ઉપશમ[2]-હરિવિલાસ
—ભવિક૦ (૨)
ચારિત્ર-ચંદ્રિકા[3] ચિહુંદિશે રે પસરી નિરમલ નૂર
કરમ[4]-ભરમ રાહુ ગયો રે, નાસી જેહથી દૂર—ભવિક૦
સમકિત[5] કૈરવ કાનને રે, પ્રગટયો પરમ-વિકાસ
મિથ્યામતિ કમલા[6]કરે રે, પામ્યો મુદ્રાવાસ[7]—ભવિક૦
કરૂણા ને મધ્યસ્થતા રે, મુદિતા મૈત્રી ચંગ
ચ્યાર દિશે જસ ઉદયથી રે, વાધ્યો અતિ ઉછરંગ—ભવિક૦
શુદ્ધ ક્રિયા સવિ ઓષધી[8] રે, પામી રૂચિ[9]-પીયૂષ
મુગતિફળ સફળી ફળે રે, સરગકુસુમ[10] સજૂષ[11]—ભવિક (૬)
અ-કલંકી ઉદયી જપો રે, અનુપમ એ જિનચંદ
**નયવિજય** પ્રભુ પ્રણમતાં રે, નિતુનિતુ પરમાનંદ—ભવિક૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૯૭) (૧૩-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**( પ્રથમ ગોવાલાતણું ભવે-એ દેશી.)**

જ્ઞાની-શિર ચૂડામણીજી, જગજીવન જિનચંદ
મળીઓ તું પ્રભુ એ સમેજી, ફળીઓ સુરતરૂકંદ
સુવિધિજિન ! તુમ્હશું અવિહડ નેહ,
જિમ બપઈયા મેહ—સુવિધિ૦ (૧)
માનું મેં મરૂ[1]મંડલેજી, પામ્યો સુરતરૂ સાર
ભૂખ્યાને ભોજન ભલુંજી, તરસ્યાં અમૃતવારિ—સુવિધિ૦
દુષમ[2] દષમા[3]-કાળમાંજી, પૂરવ પુણ્ય પ્રમાણ
તું સાહિબ જો મુજ મિળ્યોજી, પ્રગટ્યો આજ વિહાણ[4]—સુ૦
સમરણ પણું પ્રભુજીતણુંજી, જે કરે તે કૃતપુણ્ય
દરિશણ જે એ અવસરેજી, પામે તે ધન્ય ધન્ય—સુવિધિ૦
ધન્ય દિવસ ધન્ય એ ઘડીજી, ધન્ય મુજ વેલારે એહ,
જગજીવન જગવાલહોજી, ભેટ્યો તું સ-સનેહ—સુવિધિ૦
આજ ભલી જાગી દશાજી, ભાંગી ભાવઠ દૂર,
પામી વાંછિત કામનાજી, પ્રગટયો સહજ-સનૂર—સુવિધિ૦
અંગીકૃત નિજ-દાસનીજી, આશા પૂરો રે દેવ,
**નયવિજય** કહે તો સહીજી, સુગુણ-સાહિબની સેવ—સુવિધિ૦

卐

## (૨૯૮) (૧૩-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**(સીતા હો સખિ ! સીતા—એ દેશી.)**

સેવો હે ! સખી ! સેવો **શીતલનાથ,**
સાથ જ હે ! સખી ! સાથ જ એ શિવપુરતણોજી,
**મહમહે હે ! સખી ! મહમહે જાસ અનૂપ,**

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

મહિમા હે ! સખી ! મહિમા મહિમાંહે ઘણોજી,
મોટો હે ! સખી ! મોટો એ જગદીશ,
જગમાં હે ! સખી ! જગમાંહે પ્રભુ જાણીયેંજી,
અવર ન હે ! સખી ! અવર ન કોઈ ઈશ,
એહની હે ! સખી ! એહની ઓપમા આણીયેંજી (૧)
પ્રભુતા હે ! સખી ! પ્રભુતાનો નહિ પાર,
સાયર હે ! સખી ! સાયર પરે ગુણમણિ-ભરયોજી
મૂરતિ હે ! સખી ! મૂરતિ મોહનગાર,
હરિપરિ હે ! સખી ! હરિપરિ[1] શિવ[2]-કમળા વર્યોજી
તારક હે ! સખી ! તારક જહાજ જયૂં એહ,
આપે હે ! સખી ! આપે ભવ[3]-જલ નિસ્તર્યોજી
સુરમણિ હે ! સખી ! સુરમણિ તેમ સદૈવ,
સંપદ હે ! સખી ! સંપદ સવિ અલંકર્યોજી (૨)
એ સમ હે ! સખી ! એ સમ અવર ન દેવ,
સેવા હે ! સખી ! સેવા એહની કીજીયેંજી,
કીજે હો ! સખી ! કીજે જનમ કયથ્થ,
માનવ હે ! સખી ! માનવ ભવ-ફળ લીજીયેંજી
પૂરે હે ! સખી ! પૂરે વંછિત-આશ,
ચૂરે ! હે ! સખી ! ચૂરે ભવભય-આપદાજી,
સુરતરૂ હે ! સખી ! સુરતરૂ જેમ સદૈવ,
આપે હે ! સખી ! આપે શિવસુખ-સંપદાજી (૩)
ધન ધન હે ! સખી ! ધન ધન તસ અવતાર,
જેણે હે ! સખી ! જેણે તું પ્રભુ ભેટિઓજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાતક હે ! સખી ! પાતક તસ ગયાં દૂર,
ભવભય હે સખિ ! ભવભય તેણે મેટીઓજી
પામી હે ! સખી ! પામી તેણે નવનિદ્ધિ,
સિદ્ધિ જ હે ! સખી ! સિદ્ધિ જ સઘળી વશ કરીજી,
દુરગતિ હે ! સખી ! દુરગતિ વારી દૂર,
કેવળ હે ! સખી ! કેવળ–કમળા તિણે વરીજી (૪)

સેવી હે ! સખી ! સેવી સાહિબ એહ,
હરિ–હર ! હે ! સખી ! હરિ–હરને કહો કુણ નમેજી
ચાખી હે ! સખી ! ચાખી અમૃત–સ્વાદ,
બાકસ હે ! સખી ! બાકસ–બુકસ કુણ જમેજી
પામી હે ! સખી ! પામી સુરતરૂ સાર,
બાઉલ હે ! સખી ! બાઉલ–વનમાં કુણ ભમેજી
લેઈ હે ! સખી ! લેઈ મૃગમદ[૪]–વાસ,
પાસે હે ! સખી ! પાસે લસણને કુણ રમેજી (૫)

જાણી હે ! સખી ! જાણી અંતર એમ,
એહશું હે ! સખી ! એહશું પ્રેમજ રાખીયેજી,
લહિયે હે ! સખી ! લહિયે કામિત[૫]–કામ,
શિવસુખ હે ! સખી ! શિવસુખ સહેજે ચાખીયેજી,
**નયવિજય** હે ! સખી ! **નયવિજય** કહે ધન્ય તેહ,
અહનિશિ હે ! સખી ! અહનિશિ જે સેવા કરેજી,
પામે હે ! સખી ! પામે નવનિધિ સિદ્ધિ;
સંપદ હે ! સખી ! સંપદ સઘળી તે વરેજી (૬)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૯૯) (૧૩–૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન–સ્તવન

(રહો રહો રહો વાલહા– એ દેશી.)

**શ્રી શ્રેયાંસ**–જિણંદજી ! અવધારો અરદાસ લાલ રે
દાસ કરી જો લેખવો,[1] તો પૂરો મન–આશ–લાલ રે શ્રી૦
મોટા–નાના આંતરું, લેખવે[2] નહિ દાતાર—લાલ રે
સમ–વિષમ સ્થલ નવિ ગણે,
વરસંતો જલધાર[3]—લાલ રે શ્રી૦ (૨)
નાનાને મોટા મિલ્યા, સહી તે મોટા થાય—લાલ રે
વાહુલીયા[4] ગંગા મિલ્યા, ગંગપ્રવાહ કહાય–લાલ રે શ્રી૦
મોટાને મોટા કરો, એ તો જગતણી રીત—લાલ રે
નાના જો મોટા કરો, તો તુમ્હ પ્રેમ–પ્રતીત–લાલ રે–શ્રી૦
ગુણ અવગુણ નવિ લેખવે, અંગીકૃત જે અમંદ—લાલ રે
કુટિલ કલંકી જિમ વહ્યો, ઈશ્વર શિશે ચંદ લાલ રે–શ્રી૦
અવગુણીયે પણ ઓલગ્યો, ગુણવંત તું ભગવંત—લાલ રે
નિજ–સેવક જાણી કરી, દીજે સુખ અનંત—લાલ રે–શ્રી૦
ઘણી શી વિનંતિ કીજીયે ? જગજીવન જિનનાહ—લાલ રે
**નયવિજય** કહે કીજીયે, અંગીકૃત–નિરવાહ લાલ રે–શ્રી૦

## (૩૦૦)(૧૩–૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી જિન–સ્તવન

( સાહેલડીની—એ દેશી )

**શ્રી વાસુપૂજ્ય** જિણંદજી–સ–સનેહાજી,
તુમ્હ શું અ–વિહડ નેહ—ગુણગેહાજી
ચોળ–મજીઠતણી પરે—સ૦ જિમ ચાતકને મેહ—ગુણ૦
પ્રભુ ગુણરંગે રંજીયા–સ૦, મુજ મન વચન ને કાય–ગુણ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગત સકળ તસ મહિમાયે—સ૦, તનમયતાયે લખાય—ગુણ૦
અ–વિહડ રંગ જે પ્રભુતણો—સ૦, એહો અમ મન આય—ગુણ૦
કીરમજી રંગતણી પરે—સ૦, જૂનો કિમહિ ન થાય—ગુણ૦
પ્રભુ ગુણરંગ સુરંગ શું—સ૦, રંગ્યું જે અમ મન્ન—ગુણ૦
તે રંગ કિમહિ ન ઊતરે—સ૦, કોડિ કરે પ્રયત્ન—ગુણ૦
રંગ સુરંગ એ પ્રભુ તણો—સ૦, અમ મનઅતિહિ સુહાય—ગુણ૦
હરખ શું નિતુ નિરખતાં—સ૦, આનંદ અંગ ન માય—ગુણ૦
ભવભવ અમ્હ એ હોય જો—સ૦,
પ્રભુ! તુમ ગુણ શું રંગ—ગુણ૦
વંછિત દાયક દાય છે—સ૦, અમ્હ એ રંગ અ–ભંગ—ગુણ૦
મહિર કરી મહારાજજી—સ૦ જાણી સેવક ચંગ—ગુણ૦
**નયવિજય** કહે આપજો—સ૦, પ્રભુગુણ–રંગ અ–ભંગ–ગુણ૦

卐

## (૩૦૧) (૧૩–૧૩) શ્રી વિમલનાથ જિન–સ્તવન

**(માહરી સહી રે સમાણી– એ દેશી.)**

**વિમલ** જિણેસર મુજ પરમેસર, અલવેસર ઉપગારી રે
સુણ સાહિબ! સાચા.
જગજીવન જિનરાજ જયંકર,
મુજને તુજ સુરતિ પ્યારી રે—સુણ૦ (૧)
મહિર કરી જે વંછિત દીજે, સેવક ચિત્ત ધરીજે રે—સુણ૦
સેવા જાણી શિવસુખ[૧]–પાણી,
ભક્તિ સહિનાણી દીજે રે—સુણ૦ (૨)
કામકુંભ ને સુરતરૂથી પણ, પ્રભુ! ભગતી મુજ પ્યારીરે—સુણ૦
જેઓએ ખિણ એક લગે સેવી, શિવસુખની દાતારી રે—સુણ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગતિ-સુવાસના વાસે વાસિત, જે હોયે ભવિ-પ્રાણી રે-સુણ૦
જીવમુક્ત ચિદાનંદરૂપી, તે કહિયે શુદ્ધ નાણી રે—સુણ૦
પ્રભુ ! તુમ ભક્તિ તણી અતિ મોટી,
શક્તિ એ જગમાં વ્યાપે રે—સુણ૦
એકવાર પણ ભાવે સેવી, ચિદાનંદપદ આપે રે-સુણ૦ (૫)
પૂરણ પૂરવ-પુણ્ય પસાયે, જો તુમ્હ ભગતી મેં પામી રે
તો હું દુત્તર[2]એ ભવદરિયો, તરીઓ સહજે સ્વામી રે—સુણ૦
સાહિબ ! સેવક જાણી સાચો, નેક[3]-સુનજરે જોજો રે—સુણ૦
**નયવિજય** કહે ભવ-ભવ જિનજી !
તુમ્હ ભગતિ મુજ હોજો રે- સુણ૦ (૭)

卐

## (૩૦૨)(૧૩-૧૪) શ્રી અનંતનાથ જિન-સ્તવન

**(કોઇલો પરવત ધુંધલોરેલો—એ દેશી.)**

સહજ સનેહી સેવિયે રે લો,
સાહિબ ! **અનંત** જિણંદ રે—સુગુણ નર !
સેવ્યા સંપદ પામીયે રે લો,
દરિશણ પરમાનંદ રે-સુગુણ૦ સહજ૦ (૧)
સકળ ગુણે કરી શોભતા રે લો,
જગજીવન જિનચંદ રે—સુગુણ૦
સેવ્યા વંછિત સવિ દીયે રે લો,
સાચો સુરતરુ કંદ રે—સુગુણ૦ સહજ૦ (૨)
એ જગમાંહિ જોયતાં રે લો, એ સમ નહિ દાતાર રે—સુ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખિણ એક સેવ્યો સાહિબો રે લો,

આપે સુખ અપાર રે—સુગુણ૦ સહજ (૩)

સકળ સુરાસુર જેહને રે લો, સેવે બે કર જોડ રે–સુગુણ૦

ભગતિભાવ આણી ઘણો રે લો,

પ્રણમે હોડાહોડ રે—સુગુણ૦ સહજ૦ (૪)

છ જીવકાય રક્ષા કરે રે લો, દુહવે[૧] નહીં તિલમાત[૨] રે–સુગુણ૦

ક્રોધાદિકથી વેગળો રે લો,

અરિહંત તેહ વિખ્યાત રે—સુગુણ૦ સહજ૦ (૫)

રિદ્ધિ અનંતી પ્રભુતણી રે લો, કહેતાં ન આવે પાર રે—સુ૦

તોહિ પણ અ–પરિગ્રહી રે લો,

કહિયે એ કિરતાર રે—સુગુણ૦ સહજ૦ (૬)

શક્તિ અનંતી પ્રભુતણી રે લો,

કુણ કહી પામે પાર રે—સુગુણ૦ (૬)

**નયવિજય** પ્રભુ પ્રણમતાં રે લો,

નિતુનિતુ જય જયકાર રે—સુગુણ૦સહજ૦ (૭)

卐

## (૩૦૩) (૧૩–૧૫) શ્રી ધર્મજિન નાથ–સ્તવન

**( દેશી–વણઝારાની )**

વંછિત ફળ દાતાર ભવિ ! સેવો રે,

શિવ સુખકારક ધર્મને—ભવિ૦,

જિમ લહો સુખ શ્રીકાર–ભવિ૦,

પામો વળી શિવશર્મને[૧]—ભવિ૦ (૧)

જિમ લહો, નવનિધિસિદ્ધિ—ભવિ૦

રિદ્ધિ સકળ આવી મિળે—ભવિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાધે બહુલી વૃદ્ધિ-ભવિ૦ બુદ્ધિ સવે સફળી ફળે-ભવિ૦(૨)
સકળ ફળે મન આશ-ભવિ૦ સજ્જન-જન-મેળો મળે-ભવિ૦
નાવે દોહગ[2]પાસ[3]-ભવિ૦ રોગ શોગ દૂરે ટળે—ભવિ૦(૩)
સુરતરૂ સુરમણિ જિમ-ભવિ૦ પૂરે કામિતકામના[4]—ભવિ૦,
રાખો નિતુ એકતાર[5]-ભવિ૦ મત હોજો મન દુમના[6]-ભવિ૦
પૂરવ-પુણ્યપસાય-ભવિ૦ પામીયે નિત ચિત ધરો-ભવિ૦
કુગુરુ કુદેવ કુધર્મ-ભવિ૦ કુમતિ કદાગ્રહ પરિહરે-ભવિ૦
નિતનિત મંગળ ચ્યાર-ભવિ૦ એ સેવતાં પામીએ—ભવિ૦
પામી એવો નાથ-ભવિ૦ અવર નાથ કિમ કામીયે—ભવિ૦
એ સમ અવર ન કોઈ-ભવિ૦ જોઈ જોઈ જોયતાં—ભવિ૦
**નયવિજય** કહે નવ નિદ્ધિ-ભવિ૦
હોવેએ પ્રભુ પ્રસન્ન હોઈતાં—ભવિ૦ (૭)

卐

## (૩૦૪) (૧૩-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(ઢાળ દેશી વિંછીયાની.)

સખિ! સેવો **શાંતિ**જિણંદને, મન આણી અતિ ઉછાહરે
એ પ્રભુની જે સેવના, તે માનવ-ભવનો લાહરે—સખિ૦
સેવા જે એ જિનતણી, તે સાચી સુરતરૂ સેવ રે
એ જગમાંહિં જોવતાં, અવર ન એહવો દેવ રે—સખિ૦
ભગતિભાવ આણી ઘણો, જે સેવે એ નિશદીસ રે
સફળ સકળ મનકામના, તે પામે વિસવાવિસરે—સખિ૦
ખિણ ઈક સેવા પ્રભુ તણી, તે પૂરે કામિત[1] કામ રે
માનું ત્રિભુવન[2]-સંપદા-કરૂ એ ઉત્તમ ધામ રે—સખિ૦
જનમ સફળ જગ તેહનો, જે પામ્યો પ્રભુની સેવ રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્ય સકળ તસ પ્રગટીયાં, તસ તૂઠા ત્રિભુવન દેવ રે—સખિ૦
શિવ સુખ-દાયક સેવના, એ દેવના દેવની જેહ રે
પામીને આરાધશે, શિવસુખ લહશે તેહ રે—સખિ૦ (૬)
ઈમ જાણી નિતુ સેવિયે, જિમ પોંહચે વંછિત કોડિ રે
**જ્ઞાનવિજય** બુધરાયને ઈમ શિષ્ય કહે કર જોડિ રે—સખિ૦

卐

## (૩૦૫) (૧૩–૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(ઢાળ-નાહલીયે વિલુદ્ધી ઓલંભો દિઈ રે-એ દેશી.)**

કુંથુજિનેસર! સાહિબ વિનતિ રે,
તે નિરવહિયે[1] સંત—કુંથુ૦ (૧)
મહિમંડલમાં દેવ અછે ઘણા રે, હું ન કરૂં તસ સેવ
તુજ વિણ અવર ન કહીયેં ઓલગુ[2] રે,
તું મુજ એક જ દેવ—કુંથુ૦ (૨)
અવર ન સેવું કદીએ, દેવતા રે તુમ વિણ દીનદયાળ
જલધર-જલ વિણ અવર ન આદરે રે,
જિમ જગે ચાતકબાલ—કુંથુ (૩)
અંગીકૃત[3] જો નિરવાહો[4] પ્રભુ રે, તો પૂરો મન આશ,
દાસતણી એ આશા પૂરતાં રે સાહિબને શાબાશ—કુંથુ૦
નિશદિન ભાવે સાહિબ સેવતાં રે. જો નહી પૂરો આશ,
તો એ જગમાં પ્રભુજી તુમતણો રે,
કુણ કરશે વિસવાસ—કુંથુ૦ (૫)
મોટા નિશ્ચે આશા પૂરવે રે, જો સેવે ધરી નેહ
જુઓ! એ જગમાં ચાતક-બાલની રે, પૂરે આશ મેહ
—કુંથુ૦ (૬)

ઈમ જાણીને સાહિબ! પૂરવી રે, નિજ-સેવકની આશ
**નયવિજય** કહે તુમ્હ ચરણાંબુજે રે,
દેજો અ-વિચળ વાસ—કુથું૦ (૩)

卐

## (૩૦૬) (૧૩-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

**(ઢાળ—દેસી નણદલની.)**

પ્રણમો પ્રેમે પ્રહસમે[૧], જિનવર શ્રી અરનાથ—ભવિયણ
એ જગમાંહિ જોયતાં, સાચો શિવપુર સાથ—ભવિ૦ પ્રણમો૦
સુખદાયક સાહિબ મિળ્યો, તો ફળ્યો સુરતરૂ બાર[૨]—ભવિ૦
દેખી પ્રભુ દેદારને, પામી જે ભવપાર—ભવિ૦ પ્રણમો૦
નામથી નવનિધિ પામીયે, દરિશણ દુરિત[૩]પલાય-ભવિ૦
પ્રહસમે પ્રેમે પ્રણમતાં, ભવભવ પતિક જાય—ભવિ૦
સુરતિ એ જિનવરતણી, સાચી સુરતરૂવેલ—ભવિ૦
નિરખંતાં નિતુ નયણશું, ઉગમે આનંદ[૪]રેલ—ભવિ૦
શાંતસુધારસશું ભરી, એ મૂરતિ મનોહાર—ભવિ૦
પ્રણમે જે નિતુ પ્રેમશું, ધન ધન તસ અવતાર—ભવિ૦
પુણ્ય હશે તે પામશે, એ જિનની નિતુ સેવ-ભવિ૦
સકળ ગુણે કરી શોભતો, અવર ન એહવો દેવ—ભવિ૦
ચરણ-કમળ એ પ્રભુતણા, સેવંતાં નિશદીસ-ભવિ૦
**નયવિજય** કહે સંપદા,પામીયે વિસવાવિશ-ભવિ-પ્રણમો૦

卐

## (૩૦૭) (૧૩-૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

**(ઢાળ-મુજ લાજ વધારો રે—એ દેશી)**

**શ્રીમલ્લિસ્વામીરે**, પ્રણમું શિરનામીરે,
મેં પુણ્યે પામી, સેવા તુમ્હતણીરે (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટયાં મુજ પુણ્ય રે હું માનું ધન્યરે,
જો મેં કૃતપુણ્ય[1] તું સાહિબ પામીઓ રે (૨)
પામ્યો સુખ પૂરરે, ગયા દુશમન દૂર રે,
સહજ–સનૂર[2] તું મેં ભેટિઓ રે (૩)
નિરખી પ્રભુ નિત્તરે[3] હરખે મુજ ચિત્તરે,
જેમ મિત્રે[4] પંકજવન હસે રે, (૪)
પ્રભુ શું બહુ નેહારે, જિમ મોરા મેહારે,
સાહિબ સસનેહારે કેતુ[5] તે કહું રે, (૫)
જાણી નિજ દાસરે પૂરો મુજ આશરે,
આપો સુવિલાસ એ બોધિબીજનો રે, (૬)
જ્ઞાનવિજય બુધ શીસરે, વિનવે જગદીશ રે,
હોજો પ્રભુ ! ઈશ તું ભવભવ માહરો રે, (૭)

卐

## (૩૦૮) (૧૩–૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

### ( દેશી મોતીડાની )

સાહિબ ! **શ્રીમુનિસુવ્રતસ્વામી,** કરૂં વિનતિ ચરણે શિરનામી,
સાહિબ ? વિનતિ અવધારો....
જીવન[1] તુજ દરિશણ પ્યારો,
મોહના ! મનમોહન ગારો....સાહિબ૦ (૧)
દુત્તર[2] એ ભવ-સાયર તારો—સાહિબ૦ (૨)
સેવક કોડી ગમે તુજ જોઈ,
કિંકર હું પણ ગણવો તોઈ–સાહિબ૦ (૩)
ભગતવત્સલ જો બિરૂદ ધરીજે,
તો મુજ મનવંછિત સુખ દીજે—સાહિબ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો પણ હું ન વિશુદ્ધાચરણે[3],
તોપણ હું આવ્યો તુમ્હ શરણે—સાહિબ (૫)
ગુણ-અવગુણ મુજ કેમ વિચારો,
પતિત-પાવન બિરૂદ સંભાળો—સાહિબ૦ (૬)
જો પણ હું બહુ અવગુણ-ભરીઓ,
તો પણ મેં પ્રભુજી અણુસરીઓ—બહિબ (૭)
અવગુણ પણ ગુણ કરીને બીજે',
અંગીકૃત[4]-નિરવાહ કરિજે—સાહિબ (૮)
ઘણી શી વિનતિ સ્વામી કીજે,
**નયવિજય** કહે બોધિબીજ દીજે—સાહિબ૦ (૯)

卐

## (૩૦૯) (૧૩-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

(દેશી—યદુરાયાની)

**શ્રી નમિનાથ**-જિણંદજી રે લાલ,
અવધારો અરિહંત—જિનરાયા
સેવક જાણી આપણો રે લાલ, દીજે સુખ અનંત-જિન૦શ્રી૦
સેવું હું નિશ્ચલ-મને રે લાલ, નિશદિન બે-કર-જોડ-જિન૦
તો પણ જો રીઝો નહીં રે લાલ,
તો શી ખિજમતે[1] ખોડ? જિન-શ્રી૦ (૨)
સેવક સહુ સરિખા ગણે રે લાલ, જે હોયે ચિત્ત[2] મહંત-જિન૦
શશિ[3]-ઉદય સાયર વધે રે લાલ,
કૈરવ[4] પણ વિકસંત—જિન૦ શ્રી૦ (૩)
અંજલિ કુસુમે વાસિયે રે લાલ, સરિખાઇ[5] કર દોય-જિન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિમ ઉત્તમની સેવના રે લાલ,
સહુશું સરિખી હોય—જિન૦ શ્રી૦ (૪)
પાંતિ[૬]-પટંતર નવિ કરે રે લાલ, જે હોયે દાતાર–જિન૦
ખેતર-ઓખર[૭] નવિ ગણે રે લાલ,
વરસંતો જલધાર—જિન૦ શ્રી૦ (૫)
ઈમ જાણી મન આણીયે રે લાલ, પૂરણ પ્રેમવિલાસ–જિન૦
સહજ-સનેહી સાહિબા રે લાલ,
પૂરે વંછિત-આશ—જિન૦ શ્રી૦ (૬)
દેજો ચરણની સેવના રે લાલ, મહિર કરો જગદીશ–જિન૦
**નયવિજય** ઈમ વિનવે રે લાલ,
જ્ઞાનવિજય ગુરુશિષ—જિન૦ શ્રી૦ (૭)

卐

## (૩૧૦) (૧૩–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

(ધન બિંદલી મને લાગો—એ દેશી.)

ભવિઅણ ! વંદો ભાવશું, સાહિબ **નેમિ**જિણંદ મોરાલાલ,
ભાવશું નિત વંદતાં, લહિયે પરમાણંદ—મોરા૦ ભવિ૦
બ્રહ્મચારી-ચૂડામણિ સાચો એ વડવીર—મોરા૦
મદન[૧]મતંગજ કેસરી, મેરૂમહીધર-ધીર—મોરા૦ ભવિ૦
રૂપ અનંતું જિનતણું, સોહે સહજ[૨]-સનૂર—મોરા૦
હરખે નયણે નિરખતાં, પસરે પ્રેમપંડૂર[૩]—મોરા૦ ભવિ૦
ગુણ અનંતા પ્રભુતણા, કહેતાં ન આવે પાર—મોરા૦
નિરૂપમ ગુણગણ-મણિ તણો, માનું એ ભંડાર—મોરા૦
વદન[૪]અનોપમ જિનતણું, એ મુજ નયણ-ચકોર—મોરા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરખી હરખે ચિત્તમાં, ઉમટ્યો આનંદ જોર—મોરા૦
અતુલિત-બળ અરિહંતજી, ભય-ભંજન ભગવંત—મોરા૦
કામિત[1]-પૂરણ સુરતરુ, કેવળ-કમળા કંત—મોરા૦ ભવિ૦
**રાજીમતિ**-મનવાલહો, યાદવ-કુલ શણગાર—મોરા૦
**નયવિજય** પ્રભુ વંદતાં, નિતુનિતુ જયજયકાર—મોરા૦

卐

## (૩૧૧) (૧૩-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(આ અજુઆળી રાતડી રે—એ દેશી.)**

પ્રબળ-પ્રભાવે પરગડો[1] રે,પુરિસાદાણી પાસ—ભવિઅણ !વંદો
કામગવી[2] સુરમણી[3] પરે રે, પૂરે વંછિત આશ—ભવિ૦
વંદો વંદો રે સુજાણ, ભવિઅણ! વંદો
વંદો વંદો શ્રી જિનપાસ, ભવિઅણ! વંદો. ભવિ૦ (૧)

નીલકમલ-દળ[4] પરિ ભલો રે, દીપે તનુ-પરકાશ—ભવિ૦
હરખે નયણે નિરખતાં રે, ઉપજે અધિક ઉલ્લાસ—ભવિ૦
નિરખી-નિરખી હરખીયે રે, સાહિબ સહજ-સનૂર—ભવિ૦
તેજ જળામળ ઝળહળે રે, જાણે ઉગ્યો સૂર—ભવિ૦ (૩)

રત્નજડિત વિરાજતા રે, કુંડળ સોહે **સનૂર**—ભવિ૦
માનું દોયે સેવા કરે રે, શશિ-રવિ આયી હજૂર—ભવિ૦
મણિમય મુકુટ મનોહરૂ રે, સોહે શિર ધર્યો **સાર**-ભવિ૦
માનું તારા પરવર્યો રે, ચંદ એ સેવાગાર[5]—ભવિ૦ (૫)

**સુંદર** શિવ-રમણી વર્યો રે, પરવર્યો જ્ઞાન અનંત—ભવિ૦
ચિદાનંદ ચિનમૂરતિ રે, અ-કલંકી અરિહંત—ભવિ૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામિત[૬]-કામિત પૂરણો રે, પાપતિમિર[૭]-ભર ભાણુ—ભવિ૦
**નયવિજય** પ્રભુ દરિશણે રે,
નિતુનિતુ કોડિ કલ્યાણ—ભવિ૦ (૭)

卐

# (૩૧૨)(૧૩-૧૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

**( દેશી—પંથીડાની )**

સુગુણ! સ-સનેહા! **વીરજી** વિનતિ રે,
અવધારો શ્રી જિનરાય રે
દરિશણ દીઠે પ્રભુજી તુમતણે રે,
અમ્હ મન હરખ ઘણેરો થાય રે—સુગુણ (૧)
નિરમળ તુજ ગુણ-ગંગાજળે રે,
ઝીલે અહનિશિ મુજ મન હંસ રે;
નિરમળ હોયે કલિ[૧]-મલ નાશથી રે,
પીલે કરમભરમ-ભર અંશ રે—સુગુણ૦ (૨)
કેવળ[૨]-કમળા કંત મનોહરૂ રે, ભેટી ભાવે તું ભગવંત રે
માનું માનવ-ભવ સફળો સહી રે,
પામ્યું વંછિત સુખ અનંત રે—સુગુણ૦ (૩)
દેવ દયાકર! ઠાકુર જો મિળ્યો રે,
તો ફળ્યો સકળ મનોરથ આજ રે
સેવક-સેવા આણી ચિત્તમાં રે,
પૂરો મુજ મન-વંછિત કાજ રે સુગુણ૦ (૪)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુજી! તુજ મનમાં સેવા થકી રે,
હું વસું એ તો મોટી વાત રે
પણ હું યાચું મુજ ચિત્તમાં રે,
જિનજી! વસજો દિન ને રાત રે—સુગુણ૦ (૫)
પ્રભુજી! તુજ ચરણાંબુજ સેવના રે,
સફળી વરજો ભવભવ દેવ રે
હોજો મુજ તુજ શાસન-વાસના રે,
વળી તુજ ચરણ-કમળની સેવ રે—સુગુણ૦ (૬)
ચરમ-જિણેસર ભુવન-દિણેસરૂ રે, પૂરજો સેવક વંછિત આશ રે
**જ્ઞાનવિજય** બુધ-શિષ્ય ઈમ વીનવે રે,
**નયવિજય** આણી મન ઉલ્લાસ રે—સુગુણ૦ (૭)

卐

## કલશ

( રાગ-ધન્યાશ્રી )

ગાયો ગાયો ભવિયઉવિશે જિનરાય,
ઈણિપરે જિનવરના ગુણગાતાં,મનવંછિત સુખ થાય-ગાયો
ગુણ અનંતા જિનવર કેરા, મુજથી કેમ કહાય,
તોહિ પણ નિજ-શક્તિ ભગતિ,કીધો સ્તુતિ ઉપાય ગાયો૦
જિનવર-ગુણ ગાતાં અતિ-નિરમળ, વરતે અધ્યવસાય,
પામે બોધિબીજ સ્તુતિથી, ઈમ પ્રવચન સહાય—ગાયો૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ-નિદ્ધિ રિદ્ધિ સિદ્ધિ સ્વયંવરલક્ષ્મી,
સહજે વરે જયું આય—ગાયો૦ (૪)
સંપ્રતિ **ગોયમ-સામિ** સરિખા, શ્રી **વિજયપ્રભસૂરિરાય**
તે ગુરૂ-ચરણકમળ-સેવાથી, પામી અધિક પસાય—ગાયો૦
સત્તર છેતાળે કાર્તિક માસે, શુદી તેરસ સુખદાય
**ઉન્નતપુરમાં** જિનચોવિસે ગાયા ધરી ઉછાય—ગાયો૦
સકળ-પંડિત-શિર-મુકુટનગીનો, **શ્રીજ્ઞાનવિજય બુધરાય**
તે ગુરૂચરણ પસાયે જિનના, **નયવિજય** ગુણગાય—ગાયો૦

## પૂ. શ્રી નયવિજયજી મહારાજ
કૃત
## સ્તવન ચોવિશી
### કઠિન-શબ્દોના અર્થ

**સ્તવન ૧૩-૧**

૧. મગ્ન થાય છે ૨. કાંતિ ૩. દિવસ

**સ્તવન ૧૩-૨**

૧. ભાગ્યશાળી ૨. પાપ ૩. ઉગ્ર ૪. શ્રેષ્ઠ

**સ્તવન ૧૩-૩**

૧. બારણામાં ૨. નિર્મળ ઘણું ૩. સફળ ૪. ખરાબ ૫. હાજરીમાં ૬. સુખ

**સ્તવન ૧૩-૪**

૧. એક તરફી ૨. ચોક્કસ ૩. નકામી ૪. મહિમા

**સ્તવન ૧૩-૫**

૧. પરિચય ૨. પાપનો મેલ ૩. નાંખીએ ૪. સારી રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૩-૬**

૧. પાંચમા આરામાં ૨. મુખાકૃતિ માટે શ્રેષ્ઠ ૩. વહાણ ૪. ચાર ગતિરૂપ સંસાર ૫. મહા જંગલમાં

**સ્તવન ૧૩-૭**

૧. ચાતક ૨. જોડાણથી ૩. દેશી શબ્દ છે, પ્રાયઃ આ શબ્દનો અર્થ "ખૂબ ઉંડાણથી" થઈ શકે. ૪. જીભ

**સ્તવન ૧૩-૮**

૧. તેજસ્વી ૨. ઉપશમરૂપ લીલોતરીનો ફેલાવો ૩. ચાંદની ૪. જેનાથી કર્મોની ભ્રમણા નાસીને દૂર ગઈ (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૫. સમકિતરૂપ ચંદ્રવિકાસી કમળના વનમાં ૭. સરોવરમાં ૭. મુરઝામણ=કમળો બીડાઈ જવાં ૮. ધાન્ય આદિ વનસ્પતિ ૯. કાંતિરૂપ અમૃત ૧૦. સ્વર્ગના સુખરૂપ ફૂલ ૧૧. સાથે=સુંદર

**સ્તવન ૧૩-૯**

૧. મારવાડમાં ૨. પાંચમા આરે ૩. વિષમ ૪. પ્રભાત

**સ્તવન ૧૩-૧૦**

૧. વિષ્ણુની જેમ ૨. મોક્ષરૂપ લક્ષ્મી ૩. સંસાર-સમુદ્ર ૪. કસ્તુરીની સુગંધ ૫. ઈષ્ટપદાર્થો

**સ્તવન ૧૩-૧૧**

૧. ગણો ૨. ગણતા ૩. મેઘ ૪. નાના પ્રવાહો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૩-૧૩**

૧. મોક્ષનું સુખ જેમના હાથમાં છે (કબજામાં છે) ૨. દુઃખે કરીને તરાય એવો ૩. કલ્યાણકારી સારી-દષ્ટિથી

**સ્તવન ૧૩-૧૪**

૧. દુભવવું=દુઃખ પહોંચાડવું ૨. જરાપણ

**સ્તવન ૧૩-૧૫**

૧. મોક્ષના સુખને ૨. દુર્ભાગ્ય=અશુભ=કર્મો ૩. નજીક ૪. ઈચ્છિત વિચારધારા ૫. એકાગ્રપણે ૬. દુઃખી

**સ્તવન ૧૩-૧૬**

૧. ઈષ્ટ ધારણા ૨. ત્રણ જગતની સંપત્તિની ખાણ

**સ્તવન ૧૩-૧૭**

૧. નિભાવો ૨. સેવા કરૂં ૩. સ્વીકારેલું ૪. નિભાવો

**સ્તવન ૧૩-૧૮**

૧. સવારના સમયે ૨. બારણામાં ૩. પાપ દૂર જાય ૪. આનંદની ભરતી

**સ્તવન ૧૩-૧૯**

૧. ઉત્તમ ૨. સાહજિક સુંદર ૩. નેત્ર=આંખ ૪. સૂર્યથી ૫. કેટલું

**સ્તવન ૧૩-૨૦**

૧. અંતરની શક્તિઓના આધાર ૨. દુઃખે કરીને તરાય તેવો ૩. સારો ૪. સ્વીકાર્યાનો ૫. નભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૩-૨૧**

૧. સેવામાં ૨. ઉદાર ચિત્તવાળા મહાપુરુષો ૩. ચંદ્રના ઉદયે ૪. ચંદ્ર વિકાશી કમળ ૫. સાચી રીતે ૬. ભેદભાવ ૭. ઉષર=ખારવાળી ભૂમિ

**સ્તવન ૧૩-૨૨**

૧. કામરૂપ હાથીનો નાશ કરવા સિંહસમા ૨. સ્વભાવથી ૩. નિર્મળ પ્રેમ ૪. મુખ ૫. ઉભરાયો ૬. ઇચ્છાને પૂરવા કલ્પવૃક્ષસમા

**સ્તવન ૧૩-૨૩**

૧. પ્રકટ સાક્ષાત્ ૨. કામધેનુ ૩. ચિંતામણિ ૪. પાંદડાં ૫. સેવા કરનાર ૬. ઇચ્છેલ સઘળી ઇચ્છાઓને પૂરનાર ૭. પાપરૂપ અંધકારના સમૂહ માટે સૂર્યસમાન

**સ્તવન ૧૩-૨૪**

૧. પાપમળ ૨. કેવળ જ્ઞાનની લક્ષ્મીના ધણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री ऋषभसागरजी

कृत

स्तवन–चोविशी

# [१४]

## (३१३) (१४–१) श्री ऋषभदेव–जिन स्तवन

કાંઈ રિસહેસર મઈ[1] પાયો હો રાજિ—જિનનાયકજી
કાંઈ ઈંદ્ર–ચંદ્ર નાગિંદ ભલા થેં પાયા હો—ગુણલાયકજી (૧)
કાંઈ પરસન[2] દરસન તુમચેં
ત્રિભુવન પ્યાસી હો રાજિ–સુખદાયકજી
હું નામ જપું નિસદીસ ઈસી
તુમ આસી હો–આજિ–મનલાયકજી (૨)
કાંઈ બિરુદ ગરીબનવાજ
ભલા થેં પાયા હો રાજિ—જગનાયકજી
કાંઈ દેવ ન સેવું ન દુજો કરી
ઈણુ કાયા હો—બોલ લાયકજી (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ કરુણાકર[3] તું વચકુંડ[4] તુઠો રાજિ—સબલાયકજી
કાંઈ ઈણ વિધિ તુંહી અચિંતિત
અવરાં તુઠો હો આજિ—મનલાયકજી (૪)
કાંઈ દીનાનાથ ! તું બાથાં દે ઘણી હો-રાજિ-દુખથાયકજી
કાંઈ અલસાણા[5] અલવેસર અરિહંત
મો ભણી-હો રાજિ—જ સલાયકજી (૫)
કાંઈ ઋષભનાથ જગ[6]નાથ તેં
સનાથ તો હું થયો હો-રાજિ—ગુણગાયકજી
કાંઈ તીરથ તું પ્રિયમેલક પરગટ
જગિ જયો-હો રાજિ—પ્રેમપાયકજી (૬)
કાંઈ ઈણ સંસાર મૈં અસાર,
સાર તો તુંહી હો રાજિ—મનલાયકજી
કાંઈ રાખજો **ઋષભ** સું રંગ કૈ
હું હુકમી[7] હો-આજિ—ગુણ ગાયકજી

卐

## (૩૧૪) (૧૪–૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**અજિત**-જિનેસર ! ઈકમના,[1]
મૈં કીધી હો ! તુમસું ઇકરતાર કે
ત્રિવિધ[3] કરી તુજનૈ ગ્રહ્યો મંઈ[4],
યા હી હો ! સંસારમૈ સારકે—અજિત (૧)
મોટારી મહીનતિ[5] કિયાં સહી,
હોવૈ હો ! કાંઈ મોટી મોજ[6] કંઈ

નહીતર તનુ પવિત્ર હુવંઈ,
દેખતાં હો ! આવઈ દરસણ રોજ કે'—અજિત (૨)
સદ્‌ગુરુના ઉપદેશથી છંઈ,તારક હો ! ઈમ સુણીચો કાન કેં
તેં તારક બહુ તારીયા,
કરજોડી હો ! કરું અરજ તું માંનિ કંઈ—અજિત (૩)
તારક તાર ! સંસારથી,
હું વિનવું હો ! કરું અરજ તું માંનિ કંઈ
આંગણિ અવરના જાવતાં,
પાંમસ્યો હો ! સોભા કયું ઈસ[૭] કંઈ—અજિત (૪)
સું હવે સોચો સાહિબા ! પ્રભુ પાખો[૮]હો ! તારક કુણ હો કે'
**ઋષભ** કહૈ પ્રભુ-રંગ સ્યું,
થાઈ સંપદ હો ! જયું સુરપતિ[૯] જોય[૧૦]કે' અજિત (૫)

卐

## (૩૧૫) (૧૪–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

### (દેશી—ચોપાઈની)

**સંભવ** ! સાંભલિ મુજ વાત, વિનવિચો વાર છ સાત
જાણીજી તુમૈ જિનરાજ, તુજ રાજઋદ્ધિ સિરતાજ (૧)
દેખીનઈં દિલ લોભાણો, પ્રભુ ! જાણો વા મતિ જાણો
મુજ મનિ અતિ મહુબતિ[૧] વાધી,
હું સાધિક[૨] પ્રભુ છો સાધી[૩] (૨)
કીચો મઈ માહરી કાંની,[૪] જયું કંચનસે લૈ વાંની
વાત કહી જે કાંઈ[૫] કુડી, તે તો નવિલાગઈ રૂડી (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણુ[૬] સઘલા મેલાયા, કારિજ પરિમાણુ ચઢાયા
કીજ્યો મતિ અચસી[૭] કાંઈ, ગુલ[૮] બાલકની ભોલાઇ[૯] (૪)
પહલી[૧૦] તો પ્રીતિ વધાવઈ, પછઇ દુરિ રહઇ મન[૧૧] ભાવઇ
મુખિ[૧૨] આગઈ માહરૈ કંઈ, ચિત્ત[૧૩] માહે ચાહે કેઈ (૫)
સ્યું[૧૪] કહિઇ તે વલિ હેજ, જુડિયાં દિલ કીધી જેજ
આંખ્યાંસું અલગો થાવૈ, મન પાછા સું ફિરિ જાવઈ (૬)
તુમહીનૈ[૧૫]મિલવા આવૈ, લેઈનૈ મુંહ મલકાવઈ
કલિયુગ મઈ એહવી પ્રીતિ, જુડિયાં દિલકી કહીજૈ વીતિ (૭)

અરિહંતજી! ઈમ મતિ આણો,
દિન દિન પ્રીતિ અધિકી જાણો
હું આવ્યો છું તુમ પાસ, સાહિબ! દેજ્યો સ્યાબાસ[૧૬] (૮)

સફલી હુઁઈ ભવ[૧૭]ફેરી, મુરતિ દીઠી પ્રભુ! તેરી
મનમાંહિ મનોરથ મોટા, પિણ કરમ કાઠિયા ખોટા (૯)
ફલ તો કમ્માંયત્ત[૧૮]સારુ, વાલેસરજી છો વારુ,
પિણ[૧૯]દિસઇં દસા મુજ જાગી, પ્રભુ પાયો તો સોભાગી (૧૦)

મોટો અરિહંત! અંતરાય, જો આવું પ્રભુ! જિનઈં દ્દાય
દેવ! અવરસું ભાખું સાખ,તોરા[૨૦]વલીઅણુ[૨૧] છૈ લાખ (૧૧)
સુગણાંરી[૨૨]એહ જ સાખ, રાખઈ સુખ મુખ ન દાખ
માહરૈ છે અવિહડ નેહ, પ્રભુ! રખે! દિખાવો છેહ (૧૨)
પ્રભુજી! નઈ મોસા[૨૩]લખ, માહરે પ્રભુજીનો પખ[૨૪]
કીજયો મતિ કાંઈ કાચી, વાચા માને જ્યો સાચી (૧૩)
સઘલી પ્રભુજીનઈ સરમ, કહિવાનો એ છઈ ધરમ
અંતરગતિ પાંમો સામી, તિણ જાણુ અંતરજામી (૧૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્ત લાયક ! ચરણે લાગા, ભવભવના પાતિક ભાગા
ગુણ ગાસ્યું હું નિસદીસ, પંડિત **ઋદ્ધિસાગર** સીસ (૧૫)
પ્રભુ **ઋષભનો** જાણિ સરાગી, ભરપૂર કીયો વડભાગી
કીધી[૨૫]કરિ લાલચ કેતી, ઓલગ શ્રી **સંભવ** સેતી (૧૬)

卐

## (૩૧૬) (૧૪-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

સખી ! મોંનૈ[૧]દેખણ[૨]દેઈ[૩] !

મોરો[૪]મન મોહયો ઇણ મૂરતિ[૫]
કરવા જનમ પવિત્ર, જોઈસ પ્રભુ સુરતિ[૬] (૧)
પ્રકટયો પૂરવ નેહ, અટકયો[૭] મન છુટૈ[૮] નહી
ભટકયો ભવ ભવ માંહિ, પુણ્ય યોગિં પાયો કહી (૨)
લગીય કમલસ્યું પ્રીતિ, સો કયું રાચઈ ધતુરસૌ[૯]
આણંદદાયક દેવ, પર ભીજૈ પ્રેમ પૂરસ્યું (૩)
ભેટયાં ભાંજૈ ભૂખ, દુઃખ મિટૈ સહુ દેહના
**સંવર**-સુતનઇં છોડિ, મણાવડા[૧૦]હો જૈ કેહના[૧૧] (૪)
અણદીઠાં[૧૨]અકુલાય, દીઠાં[૧૪]દુરિ હુવૈ નસ કઈ[૧૫]
મનમોહન જિનરાજ, પખંઈ[૧૬]રહૈં છંઈ કૈ (૫)
દેખી સખી ! પ્રભુ દેહ, લજિત[૧૭]લાવનિમા[૧૮] લહલહૈ
સાસ[૧૯]અનૈ પરસેવ[૨૦], પુષ્પ પરાગજ્યું મહમહૈ[૨૧] (૬)
**અભિનંદન** ! અવધારિ, પારથના એ લહલ[૨૨]હૈ
જો પ્રભુ ! ધરસ્યો ચિત્ત, તો સઘળી વાતાં સહસ હૈ[૨૩] (૭)
પૂરા છો પરમેશ, પૂરાહી સુખ દીજીયૈ
**ઋષભસાગર** કહૈ સ્વામી, બિરુદ વડાઈ લિજીયૈ (૮)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૩૧૭) (૧૪–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

સાંભલિ **સુમતિ** જિનેસ! અબ મોરા સાહિબિઆ
થાંરઈ[1] ઠકુરાઈ ત્રિભુવન તણી
છઇ પ્રભુજી! દાતાર—અબ૦ એહ વાત શ્રવણે સુણી (૧)
આયો આજ હજૂરિ[2]–અબ૦ ભલી ભાંતિ ભગવંત ભણી
જયું જાણો જગદીસ અબ૦ વાંછા પૂરો મન તણી (૨)
કરુંઅ કિસી[3] મનુહારિ—અબ૦, ચરણ ન છોડું તાહરા
ઈણ ભવિ એ ઈક તાર—અબ૦, એહ મનોરથ માહરા (૩)
મહેર કરો મહારાજ—અબ૦, જો અપણાયત[4] જાણસ્યો.
અધિકો આછો જેહ—અબ૦, પ્રભુ મન માંહે ન આણસ્યો
જે ગિરુઆ ગુણહ ગંભીર—અબ૦,
છેહ[5] ન દઈકો[6] કિણહીસું
**ઋષભ** કહેં રંગ[7] રોલ—અબ૦,
મહરબાંન હવૈ જિણહીસું (૫)

卐

# (૩૧૮) (૧૪–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

મિલિ[1] કરિ આવો હો! પેખો પ્રભુ **પદમ**ને, રાજૈ રૂપનિધાન
સુંદરતા કો હો! સમૂહ જાંણે પ્રગટીયો,
પટંતર[2] એહનૈ ન આંન
પ્રભુ પ્યારો હો! મન મ્હેલું[3] માહરો, દિલતારક એ દેવ (૧)
પ્રારથિયાં[4] નઇ હો! પ્રભુ! પહડૈ[5] નહી,
આછી[6] એહની રીતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાપ નિવારે હો ! અંતરગતિ[૭] તણો,
રાખે[૮] છિ જ નામની પ્રીતિ—પ્રભુ૦ (૨)
તન[૯]–છબિ રુડી હો ! લાલ પ્રવાલસી, ભરિયો મુખ પીયૂષ[૧૦]
ઉપના[૧૧] તિહાંથી[૧૨] હો ! વયણ સુણી કરી,
વિસરિ[૧૩] જાયઇ સહુ દુખ—પ્રભુ૦ (૩)
દિલ[૧૪]દેઈ-લેઈ હો ! હેજાલુઓ[૧૬]દાખવે[૧૭],
વિઘટઈ[૧૮]વયણની[૧૯]વાત
નિત ચિત-રંજન હો ! ચિત ચોરે નહી,
મુજ પ્રભુની એહવી ધાત[૨૦]—પ્રભુ૦ (૪)
એ જિનપતિ હો ! જમવારા[૨૧]લગઈ[૨૨]
પાલૈ અ-વિહડ[૨૩]પ્રેમ
સહસ ગમૈ હો ! રાખૈ નિજ રિમઇ,
સાચો સાહિબ તેમ—પ્રભુ૦ (૫)
માત **સુસીમા**[૨૪]હો ! **પ્રતિષ્ઠિત** રાયનો,
**પદમ પ્રભુ** પરસિદ્ધ
છહ[૨૬]રીતિ તેહની હો ! તન-સિરિ એકસી,
કાદમ જલસ્યું અ-વિદ્ધ—પ્રભુ૦ (૬)
અચલ અપૂરવ હો ! **પદમજિન** જાંણિઇ,કમલાસન[૨૭]સોભંત
**ઋષભસાગર** કહૈ ડર કેહવો, સદા સહાય કરંત પ્રભુ૦ (૭)

卐

## (૩૧૯) (૧૪–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

કાંઈ જિનજીનંઈ શ્રીજિનજીનંઈ, જાણી આણી ભાવસું હે,
સુણિ તું ત્રિભુવન-નાહ ! હિય ધરિ કીરી બહુત ઉચ્છાહ બહુલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બલવંત બાંહ, રાખી જે કરતાંહ લળી લળી હું નમું હે,
સાહિબ ! તું સાહ્યો[1] સ-બલ,
ઉમાહ્યો[2] વંછિત પાવસ્યું હે૦ (૧)
કાંઈ મનમાંની મનમાંની સેવા સારી માહરી હે,
બોલું બોલ બનાય,
જગપતિ ! મહેર જણાય,
માંનો મોહિ[3] મનાય, થિર-ચિત સેવક થાય
કહણી હવૈ શું કહાય ! દુખ દૂરિ ગયું હે,
હિવ વાર મ લાવો વલિ બતલાવો વાચા થાંહરી હે૦ (૨)
નિસદિન સાહે નિસદિન ચાહે
નાહલિયા નામી સ્વામી તોહિ નૈ હે,
કાંઈ લાગો મુજ મન રંગ,
સેવું જિનવર સંગ, એહ સદા ઉછરંગ
માંડો[5] મયા[6] અભંગ,[7] ભવિ ભવિ હું નમું હે,
પાલક પ્રતિપાલો નેહ નિહાલો, મટકૈ[8] મુજનૈ હે (૩)
કાંઈ તુમ ધ્યાનંઈ,ધ્યાનઇં રાતિ દીહા જાગી રાગી વાસના હે,
કાંઈ સૂતૈ,[10] સુહિણંઇ[11] પાસ, મિલિએ બારે માસ અહનિસિ એ
અભ્યાસ નાયક મહિમ નિવાસ, ઈણ દિલ એહિ આસ,
પ્રભુ પાસેં રમું હે, ભગવંત !
થેં ભાખો રસ મૈ રાખો થાંહરે આસના હે (૪)
કાંઈ ઈસડાનૈ[12] કાંઈ ઈસડાનૈ
[13] પૂરે પૂણ્યૈ[14] પાયનૈ[15] હે,

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

**સરમથ સાંમી સુપાસ** રહિઇ થઈ ખવાસ,[૧૬]
એહિ શિવસુખ વાસ
લચ્છી લીલવિલાસ, સહીયાલુ સ્યાબાસ,
ઈણ પરિ ઉજમું હે,
કાંઈ છિન છિન પલ પલ સફલ ધરી,
કરી **ઋષભ** ગુણ ગાયનૈ હે (૫)

卐

## (૩૨૦) (૧૪-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

આનન[૧]ઈંદુ[૨]સમ સોભતો, ચંદ્રદ્યુતિ[૩]-સમ દેહ—સાહિબજી
ચતુરપણૈ[૪]ચિત્ત ચિંતતાં ગુણહ ન લાભું છેહ—સાહિબજી
ચંદ્રાંકિત ! માહરૈ ચિત વસ્યો (૧)
અ-મલ[૫] કમલ-દલની પરઈ, પરિમલ-કોમલ પાણિ
—સાહિબજી
કોમલ કદલીદલ[૬] જિસી, કાયલતા મૈં જાણિ—સાહિબજી
—ચંદ્રાં૦ (૩)
મનમાં[૭]હૈ માહરૈ રહૈ, હુંસ રહણ હજુર—સાહિબજી
દરસણ સાહિબ ! દેખતાં, દાલિદ ભાજૈ દૂરિ—સાહિબજી
—ચંદ્રાં૦ (૩)
સાહિબ સનમુખ જોવતાં, ટાઢક પામઈ દેહ—સાહિબજી
સાહિબસું ભેટણ ભણી, રાજી માહરો મન—સાહિબજી
—ચંદ્રાં૦ (૪)
ગ્રીષ્મ તપ તપીયા હુંતા, સમરૈ મેઘ મયૂર—સાહિબજી
પોયણ[૮]ચંદો ચિંતવૈ,તિમ પ્રેમ તુમાંસુ પૂર—ચંદ્રાં૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંકજમઈ[૯] લપટીયો[૧૦] ચંદ્ર કેરી ચંદ્રિકા કાંઇ–સાહિબજી
ભમરો વાંછે સુર નૈ,તિમ ચિંતવું ચિતમાંહિ–સાહિબજી–ચંદ્ર૦
બેર[૧૧] બેર પ્રકાસું[૧૨] કહા કાંય કહ્યા બહુ વયણ–સાહિબજી
સત્ય કહું પ્રભુ ! સાંભલો, દિલમેં તુમ દિન–રયણ–સા૦ ચંદ્ર૦
અરજ એતી અવધારિ નઈં, હવે,પુરીજૈ મન આસ–સાહિબજી
મુજ સરિખો જો તારસ્યો,તો કહસ્યું સ્યાબાસ–સા૦ ચંદ્ર૦
બુધ **કલ્યાણસાગર** ગુરુ, **ઋદ્ધિસાગર** ગુરુ શીશ– સાહિબજી
**ઋષભ** કહૈ કર જોડિનઈં,એ અરજ સુણો નિસદીસ–સા૦ ચંદ્ર૦

卐

## (૩૨૧) (૧૪–૯) શ્રી સુવિધિનાથ–જિન સ્તવન

**સુવિધિ !** સુવિધિ વિધવિધ[૧] કરી, થેં[૨] તો લાયક લાગો દેવ
દાયક છો દિલ વાતરા, જો સેવઇ તુજ પાય સેવ.
—માહરો પ્રભુજી ! મન મોહિયો (૧)
ચિતહી મંઈ નિતહી રહ, યા મૂરતિ મોહન વેલિ,
મન ચિંતા મેટો માહરી, મોહનજી ! મિટે[૩] મેલિ[૪]–માહરો૦
નરભવ નિફલ નવિ હુવૈ, કાંઈ અભી નવમા સ્વામી,
એ નિશ્ચૈ અવધાર જ્યો, કહિજૈ છંઇ અવસર પામી–માહરો૦
પ્રભુ! કુસુમ–પરાગ તણી પરઈ, જિમ નવૈ સરાવૈ નીર,
મહિ[૬] માંખણ જ્યોં મિલિ રહૈ, નીરમાંહિ જિમ ખીર–માહરો૦
મધુકરને મન માલતી, મોર[૭] મનિ જિમ મેહ,
માનસ[૮] માનસ[૯] હંસ નંઈ[૧૦], મીન[૧૧]જીવન નૈ નેહ–માહરો૦
કોક[૧૩] અર્ક[૧૪] કેહવી હુવૈ, કાંઈ કોકિલ અનૈ વસંત,
શ્રીપતિ[૧૫]શ્રીનઈ[૧૬]નેહજ્યૌ,વચનનૌ અથિર મિલંત– માહરો૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈણુપરિ માહરઈ તાહરઈ પ્રભુજીના વચન પ્રમાંણ,
પાધરસી[17]પહડઈ[18]નહી,થૈતો **સુવિધિ** સુવિધિના જાણ-મા૦
**ઋદ્ધિસાગર** સેવક પ્રતિ, દેજ્યો સકલ સુખડઈ ધાંમ,
**ઋષભસાગર** રસ રંગસ્યું,કરઈ તિકરણ ચરણ પ્રણાંમ-મા૦

卐

## (૩૨૨) (૧૪-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

અવધારી જૈ એહ, **શીતલ** જિનજી ! કહું તેહ,
તું અંતરજામી માહરઈ
કાંઈ જાણી હો **શીતલ** જિન ! ચતુર સુજાંણ,
બાંહ[1] અવલંબ્યો[2] તાહરઈ (૧)
મૈં કીયો અ-વિહડ નેહ, **શીતલ**૦ તો સું નેહ,
**નંદા**-નંદ આનંદસ્યું;
કાંઈ દીજ્યો હો, **શીતલ**૦ સમકિત સુદ્ધ,
સુત **સુગ્રીવ**[4] સું છંદ સું (૨)
બાંહ ગ્રહ્યાંકી લાજ, **શીતલ**૦ મહારાજ,
આજ અમીણી ખાંતિકો
કોઈ દીજ્યો હો, **શીતલ**૦ દીનદયાલ,
સુખ અવિચલ સારી ભાંતિકો (૩)
ભેટયા ચરણ ભગવંત **શીતલ**૦ ભગવંત,
તિણ વિરિયાં પ્રભુ ! તાહરા,
કાંઈ મિટ ગયા હો, **શીતલ**૦ મામૂરપ,
મન સંદેહા માહરા (૪)
**દેખ્યા સઘલા દેવ, શીતલ**૦ **દલી ન સકઈ, દુખ દેહના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ કીજૈ હો **શીતલ**૦ તેહની સેવ,
જન[૬]જનસું નેહ તેહના (૫)
જગ જોતાં જગદીશ, **ચીતલ**૦ જગદીસ,
ચિત[૭]ચાહી તું તું મિલ્યો,
હવૈ ચઢસી હો, **શીતલ**૦ સહુ પરમાંણ,
ભાવ સહિત તોસું ચિત મિલ્યો (૬)
તુંહી તુંહી ધ્યાન, **શીતલ**૦ તુંહી ધ્યાંન,
જ્યું ચાતક મન મેહલો,
ગજ સમરે હો, **શીતલ**૦ મુખ[૮]રેવા[૯] જેમ,
મુજ તુજસું તિમ નેહલો (૭)
તુમ વિન ખિન ન સુહાય, **શીતલ**૦ ન સુહાય,
પ્રાણજીવનજી તો[૧૦]પખૈ,[૧૧]
કાંઈ[૧૨]મીઠા હો, **શીતલ**૦ મેવા ખાય,
કહો નૈ નિબોલી કુણ ચખૈ (૮)
**ઋદ્ધિસાગર** ગુરુ શીસ, **શીતલ**૦ જીસુ જગીસ,
**ઋષભ**-લાખીણી પ્રીતસું
કાંઈ પાયા હો **શીતલ**૦ મન પરતીતિ,
સહજ મિલ્યા જિણ મિત્તસું (૯)

卐

## (૩૨૩) (૧૪-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

માહરી લય લાગી તુમ નામઈ—**શ્રેયાંસજી**,
અધિક અધિક ચિત્ત હિત કરી
ધારી કાયા કનકસી દેખી—**શ્રેયાંસજી**,
કરહર[૧] પૂજણરી ખરી—માહરી૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માહરો સફળ જન્મ હુવો—શ્રેયાંસજી,
સ્વામી ! દુઃખ દોહગ દુરગતિ ટરી
મારા[2] નયન અમન કરી ચૈન—શ્રેયાંસજી,
ભાલો થૈં પ્રેમઇ ભરી—માહરી૦ (૨)
થારે **વિષ્ણુ** પિતા નામે નીકા—શ્રેયાંસજી,
માતા ધન્ય **વિષ્ણુ સુંદરી**
માહરે તો મન અચસી બની—શ્રેયાંસજી,
અધિક ન કો થાં[3] ઉપરી[4]—માહરી૦ (૩)
માહરે જડિતઘડિત કલધૌતૈ[5]—શ્રેયાંસજી,
મોહન મુકુટ સોભા સીસરી
ખડગી લંછન પાએ—શ્રેયાંસજી,
નગરી ભલેરી સિંહપુરી—માહરી૦ (૪)
થાંરા મુખકી સુખમા[6] સરસ—શ્રેયાંસજી,
ઉવારી[7] ડારું ઉડુપતિ કોડરી
થાંહરા અંગ-ઉપાંગ લાગૈ એન[8]—શ્રેયાંસજી,
દેખતહી દીઠઈ ઠરી—માહરી૦ (૫)
થાંહરા દોલા[9] ઓલા[10] ઓલે[11]—શ્રેયાંસજી,
સુર નર વિદ્યાધર પરી[12]
સા વેલા કદિ હોસી—શ્રેયાંસજી,
ભગતિ કરીજે ઈક[13] ધરી—માહરી૦ (૬)
થાંહરી દીઠી મીઠી વાણી—શ્રેયાંસજી,
હુંસ રહે બહુ સુણણરી
થેં તો મોજ દીયણ મહારાણ—શ્રેયાંસજી,
ગુણ ગણણૌ રસનારરી—માહરી૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાંહરે નહી કમણા[૧૪] કિણ[૧૫] વાતૈ—**શ્રેયાંસજી**,
એમ વિમાસો ઉર[૧૬] પરી
મોદક[૧૭] ઓદન આંખ્યા દેખ્યાં—**શ્રેયાંસજી**,
ગરજ તિણૈ નવિ કયાસરી—માહરી૦ (૮)
મન પરસન કરી મોસું—**શ્રેયાંસજી**,
વિશદ[૧૮] વહેજ્યો બાંહરી
થાંરો વિછુડણ[૧૯] પલ[૨૦] ન સુહાવૈ—**શ્રેયાંસજી**,
વાત કહું છું પાધરી[૨૧]—માહરી૦ (૯)
થાંરી ભાવ-ભગતિ પૂજા ગાવૈ—**શ્રેયાંસજી**,
રાંમગિરી આસાઉરી
નિફલી તો ન હુવૈ સેવા—**શ્રેયાંસજી**,
ભવસમુદ્ર તારણ તરી[૨૨]—માહરી૦ (૧૦)
**ઋદ્ધિસાગર** ધરઈ પદવી—**શ્રેયાંસજી**,
પ્રવર પંડિતરાય પૂજરી
થેં તો **ઋષભ** તણી ઈચ્છા પૂરો—**શ્રેયાંસજી**,
કાય મનૌ વલિ વાચરી—માહરી૦ (૧૧)

卐

## (૩૨૪) (૧૪-૧૨) શ્રી વાસુપૂજ્ય-જિન સ્તવન

વાલેસર ! વાસૂપુજ્ય ! પૂજ્યશ્રી **વસુપૂજ્યરા**,
મહરબાંન મહારાજ, અધિક અછો સહુ ઉપરી (૧)
જગત પ્રીતિ એહ રીતિ, ધરતાં સું સહુ કો ધરઇ,
પિણ તોસું[૧] પરમેસ ! પ્યાર કહો કિણ પરઈ ? (૨)
તું તો નિપટ[૨] નિરાગ, રાગી ચિત કિણવિધિ રંજઇં,
એકણ[૩]કર કિરતાર! તાલ[૪] કહો કિણ વિધિ બજઇં૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાયક! તુમચો નામ, સેવક તો અહનિસિ જપઇ,
નહી અસવાર નૈ યાદ, ઘોડો તો ધાવી[૫] ધપૈ૦ (૪)
સેવક તો અહિનિસિ જપૈ, સેવક તો જોયો સહી,
મોર કરેં બહુ સોર[૬] મેહારઈ તો મન નહી. (૫)
માલતીનઇ નહી મનિ, ભાણુ કૈ રણકઈ ઝણકૈં ભમરલો,
તરફી[૮] તરફી મરઈ મીન, નીર ન વેગૈ નિરમલો૦ (૬)
ગજ ચિત્ત નિત રેવા[૯] રે, વાનૈ હેવા નહી,
**ઋષભસાગર** તુમ પાય, છોડિ અવસર સેવા નહી૦ (૭)

卐

## (૩૨૫) (૧૪-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

સંદેશડો વિમલ જિનજીસું—મનડા માહરા,
કહિ જૈ છૈ હિ[૧] તુઓ અંતરજામી નૈ રે હોજી,
ગુણગંજ[૨] માંનસ્યું તાહરઇ—મનડા માહરા,
વલિ છઈ અમિત[૩] હિતુઓ[૪],
અવસર પાંમિનૈ રે હોજી (૧),
વાલેસર સું ઈણુવિધિ હો—મનડા માહરા૦
મુખ વચન હોઈ કહજૈ તુજ પરતીતિ છઇ હોજી,
તું તો તિહાં માહારિમ[૫] અછૈ હો—મનડા માહરા,
કાગદ કિસ્યું રે લિખીજૈ, યા ચિર રીતિ છેં હોજી૦ (૨)
તે તો છૈ તુમચો થકો[૬] હો—મનડા માહરા,
મયા[૭] કરંતા રહજયો, કહિજૈ જોઈનઇ હોજી,
નામ તણી નિરવાહજ્યો—હો મનડા માહરા,
વચન વરગ પ્રભુ! વહજ્યો, આપ સુખ પાયનૈ હોજી૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનજીના ગુણ ગહગહૈ—હો મનડા માહરા,
તિમ તિમ આણૈ ચિંતિ, છિણ છિણ અંતરઈ હોજી,
એહવો કોઈ દીસૈ નહી—હો મનડા માહરા,
કિણ સું બાંધું પ્રીતિ, એહ અભ્યંતરઈ–હોજી૦ (૪)
સેવક ગણત્તી વિષઇ લેખૌ લેખવજ્યો—હો મનડા માહરા,
ચિતરંજન ચિતારઈને હોજી, નાંમ તણી નિરવાહજ્યો,
ચું કઠિનપણો સ્યું આદર્યો—હો મનડા માહરા,
બઈઠા[૮] વિસારી નઈ હોજી, દિલસું દિલ લેખવજ્યો (૫)
નિસપ્રિહી કું હોય રહ્યા—મનડા માહરા,
બાંહ બાંહ તુમચી વડાઈ ઈમ કિમ જોઈજૈ હોજી,
ગરજ અછઈ અમચો[૯] ઘણી હો મનડા માહરા,
સો સો ભાંતિ સુણાઈ, દુખદંદ ખોઈજૈ હોજી૦ (૬)
જિન દરસણ જબ દેખસ્યાં—હો મનડા માહરા,
લેખૌ[૧૦] પડસ્યૈ તેહ, તે પલ તે ઘડી હોજી,
ઔ આલોચ[૧૧] અંતરજામીસું અઇ હો મનડા માહરા,
**ઋષભસાગર** સ–સનેહ વિનવૈ વીનતડી હોજી૦ (૭)

卐

## (૩૨૬) (૧૪–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**અનંત**! અનંતી વાતના, ગુણદરીયાજી,
ભરિયા થેં ભરપૂર, દીઠાં દિલ કરીઆજી (૧)
કિરિયા સઘલી ભાંતિરા, દરસીઆજી,
વસિઆ તુજ ચરિત, મુગતિના રસિયાજી (૨)
લસીઆ[૧] વિણ—ભૂષણ ભલૈ, દિલ વસીઆજી,
ખિસિઆ[૨] અશુભ કરમ ભરમ સહુ ભિસિઆજી[૩] (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસિયા મુજ અંગોઅંગઈ, પ્રભુ પરસિઆજી૪,
વરસીઆ અમૃત મેહ-નેહ મૈં મસિઆજી૫ (૪)
સુણિયા અણભણીયા ભણ્યા-અતિ સરસીયાજી,
ઉપદીસિયા ઈણ રીતિ-કરીઅન ઘસિયાજી૰ (૫)
સ્યાદવાદ વાણી વદો, ઈમ અસિયાજી,
સો વાતે ભગવંત, કરો મુનિ ખુસીઆજી૰ (૬)
અરજ ઈસ વિના જિનવરજી, થે જ રસિયાજી,
ચિત્તરંજન ચિત્તરંજી, પ્રભુ શું રસિયાજી૰ (૭)
કરુણાકર કહી વારતા, તો સું થરસીયાજી
પાયા પ્રભુજીના ચરણ, સરણ અતી છરસીયાજી (૮)
ચઢસી પ્રમાણી સહુ, નાલ સસીયાજી,
ઋષભ પ્રભુ પરસાદિ મહાસુખ વિલસીયાજી (૯)

卐

## (૩૨૭) (૧૪-૧૫) શ્રી ધર્મનાથજિન સ્તવન

માહરા મનનો સાંસો[૧] સગલો[૨] મિટયો રે,
પાયો સાહિબ સુઘડ[૩] સુજ્ઞાન[૪] રે—માહરા૰
મહિમાની કરસ્યું તે મન માંનસી રે,
કહસ્યું તે સુણસી દેઈ કાન રે.
મધુકર મંડપ માલતી પામિને રે,
પામૈ પરિપરિ[૫] ના સુખપુર રે (૧)
ત્યું ઘટ પ્રગટી જ્યોતિ જુઈ જુઈ રે,
ઉદયાચલ જાણે ઉગો[૬] સૂર રે.
દાયક લાયક પરષદ દેખિનૈ રે,
હુઓ ચિતડો અતિ લયલીન રે (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌ મુખ સરસ હેસન સુણી રે,
દાખું[7] નહી અબ કિણુ હી સું દીન[8] રે,
અરજ કરીસ તે તો અવધારસી રે,
સરસી કારિજ વિસવાવીસ[9] રે (૩)
રીસ ન કરસી કોઈ ગુનહો પડચાં રે,
કરસી પરસન[10] થઇ નઇં બગસીસ રે (૪)
અવગુણ ગુણ કરી સઘલા જાણસી રે,
આંણસી થોડી ભગતિ સંતોષ રે
પ્રેમ ધરી નઈ પ્રભુજીને પૂજસ્યું રે,
દુરિ કરસ્યું સઘલા તનરા દોષ રે
આપ[11] તણો ધન મુજનઇં આપસી રે
કાપસી[12] કોટિક બદ્ધ કિલેસ રે (૫)
ઓર તણી પરવાહ ન આંણસ્યું રે,
સુધરા[13] સુખરા[14] સુખ વેલસેસિ[15] રે
વે તો સાહિબ કદિય ન સેવિયૈ રે.
જેહનૈ ખલિ[16] -ગુલ એકણુ[17] રીતિ રે (૬)
સેવા કરતાં મન સાંસો ધરે રે,
તેહનઇં રીઝ ન બુઝ ન પ્રીતિ રે
**ધરમ જિનેસર** છેહ ન દાખસી રે,
ઈણુ મૈ નહિ કોઈ મીન મેખ રે (૭)
**ઋષભસાગર** કહ જિનજી તજીને,
અવરસું અવરસું જોડતાં રે
કનક[18] કથીર ન હુવૈ ઈક રેખ રે,
માહરા મનનો સાંસો સઘલો મિટચો રે (૮)

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

## (૩૨૮) (૧૪-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

કાંમિત[૧] પૂરણ ચૂરણ ચિંતા વિહરંતા અરિહંતા હો,
સાહિબ **શાંતિ** જિનેસર, કેવલજ્ઞાન દિનેસર,
કાયા ચરચિત[૨] કેસર
એક જ તુંહી **અગ્રવેસર**, પ્યારા પરમપ્રભુજી ! પરસન હોજ્યો,
એહવા સખત[૩] નવી હોજે હો,
જનની **અચિરાના** જાયા, નર સુર નાગિંદા ગાયા
સારી ભાતિ સુહાયા, ભારી મુજ મન ભાયા,
પરગટ દરશન પાયા-પ્રભુ૦ (૧)
શ્રી **વિશ્વસેન** સુત થેં છો વિદીતા,
પવન[૪] વાહન-પચ નીતા હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એક જ૦ પ્યારા—પ્રભુજી૦
દિલ ભરિ દિલ કરિ દરસન દેતા, મહુલો માહરો લેતા હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી. (૨)
ગુણ સંભારૂં પ્રભુજીના કેતા, તિણ વિધિ હુંતા તેતા હો,
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એક જ૦ પ્યારા—પ્રભુજી૦
વિધિ કરિ આગૈ કિરિયા સહુ અવતાઈ,
ઈણ વિધિ ઢોલી લાઈ હો,
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી૦ (૩)
કરો અછો અબ કયું કઠિણાઇ, યા કુણશી ચતુરાઇ ? હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા—પ્રભુજી૦
ભગત અ ભગત થાંહ રઈ એકણ ભાગૈ,
યા મનમે અતિ આગૈ હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવકની અબ ખબરિ[5] મનાગૈ[6], દીનાનાથ કહાગૈ હો,
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એક જ૦ પ્યારા–પરગટ૦ પ્રભુજી૦
પરગટ હોતા આગૈ અણ ગુણ ગાતાં,
રીઝંતા લખવાતાં હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦—પ્રભુજી૦ (૫)
હાથિ પ્રભુજી નૈ વાત વણાતાં, અવર વાતાંરી વાતાં હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પરગટ૦
ભગત નવાની કાંઈ ભાવરી[8] ભાઈ[9],
કે કલિયુગ વાય[10] લગાઈ હો.
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી૦ (૬)
પ્રભુ પરકાસો ચૂક[11] જ કાંઈ, કહો કયસી આસાનતા પાઈ?
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦
સોવત જાગત તોરો ધ્યાંન જ ધ્યાવું,
ગાયો તુજ હું ગાવું હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી૦ (૭)
અબકી બેર પ્રભુ મોજ ન પાઉં, કહો કુણ જાંચણ જાવું હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પ્રભુજી૦
કુડ[12] કપટ ધુતારા તારો, અમને કયાંય વિસારો હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦–પ્રભુજી૦ (૮)
તારક બિરુદ મનમૈ સંભારો. તાર્યા છઈ ફિરિ તારો હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પ્રભુજી૦
**ઋદ્ધિસાગર** સુશીશ સુખદાઈ, વિરચૈ નહી વરદાઈ હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦—પ્રભુજી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઋષભસાગર** કહે સહુ સુખ પાવું, ચરણે લાગી મનાવું હો
સાહિબ૦ કેવળ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પ્રભુજી૦ (૯)

卐

## (૩૨૯) (૧૪-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

દરસન પ્રાણજીવન ! મોહિ દીજંઈ,
વિનુ દરસન મો[૧]મન ન પતી[૨]જે
સેવા નિત નિત નવલી કીજઈ,
તું તો સાહિબ ! કિમહી ન રીઝઇં (૧)
હું તો તેહ, સાહિબ તું સોઈ,
તુમચો[૩] કથન[૪] ન લોપ્યો કોઈ
પ્રભુજી ! પરસન ન હુવૌ તોઈ,
ઈમ નિરવાહ કેતા દિન હોઈ (૨)
મૈં તુઝ ઉપરિ માંડી મંડ[૫], ઘણૌ થોક કરિ કીજઇ ઘમંડ
ડોલા હીજો દેસ્યો દંડ, તુમચી વરતું આંણુ અખંડ (૩)
ભગવંત ! તુઝનંઈ પાયો ભમતાં, વચન રચન કહો મનગમતાં
તે તો સાહિબ સાહી[૬]સમતા, માહરઈ છઈ તુઝ ઉપરિ મમતા
જગમૈ[૭] દાતા ન કહીત, દેન કહૈ નટી જાય નચિત્ત
આલ ન પૂગઇં કરિ અવસર ચિત્ત,
તો થિત તો ઉપરિ પરતીતિ (૫)
વાર[૮]વાર સ્યું કહિ જે ? કહણો, આંપણુ તો એસો હી લહણો
આગલિ-પાછલિ જો હુવે દેણો,
તો વચન બિરુદ ઉપરિ લહણો (૬)
મેરા મન પ્રભુસેંતી અટકયા, ભેદ ન પાઉં તુમચા ઘટકા

તતથિરિયાં હસિ કરિ દે સટકા,
વાતાંરી વાતર તાલ્યાંરા પટકા (૭)
સુરરાય[૯]-સુત ! તુમહી ન ટરણા, એ તો મઈ કીધી આચરણા
ધાર્યા સો હમ તુમ ચિત્ત ધરણા,
એ તે પરિ ઈતના કયા કરણા ? (૮)
ઈતણા દિન તે વચન ભલાઈ, **કુંથુનાથ** કરી મુઝ કાંઈ
પોતાની લાજ વડાઈ દે, અવિચલ પદવી **ઋષભ** મનાઈ (૯)

卐

## (૩૩૦) (૧૪-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

સકલ શોભાધર સુંદર મંદિર, ત્રિભુવન મહિમા ધનીજો[૧]
મૈં બલિહારી દરસન દીજ્યો
સાનિધ[૨]દાતા સેવક સાંઈ, અતીસઈ[૩]દીસૈ અતીજો
—મૈં બલિ૦ (૧)
તુઝ બાજુ વિના નાં સરઈ સુરિજન,
મહર કરી મુજ દીજ્યો—મૈ૦
તુઝ દીઠાંથી દોલતિ હોઈ, દુઃખકી રાસિ દહીજ્યો મૈં બલિ૦
તુઝ મન ભરમ ભમૈ ભર[૫]નેહે, તો કાય કમલ કુસમીજ્યો મૈં૦
મહિર[૬] નજરિ જો છૈ મુઝ ઉપરિ,
ઓડિછલગૈં નિરવહજ્યો—મૈં બલિ૦ (૩)
આડી આણે લાજ ઘણેરી, કહિ ન શકું કહ્યુ હી જયો—મૈં૦
અરિહંત ! આપ વિચારી અવસર,
તારો બાંહ ગહીજ્યો—મૈં બલિ૦ (૪)
સંત સનેહી સાચો રાચ્યો, એક તુંહી ચિત હી જ્યો—મૈં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન મિટઈ નામ તુઝ જીહા સેતી, પ્યારા છો પ્રાંણુથી જ્યો
—મૈં બલિ૦ (૫)
અંતરંગ બાત કહી **અરનાથજી**, પૂરોહી જસ લીજ્યો—મૈં૦
**ઋષભસાગર** તુંહી કીયો, તિકરણ કરિકંઈ સહીજો
—મૈં બલિ૦ (૬)

卐

## (૩૩૧) (૧૪–૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

ધરી કરી આથક જગીસ—વાલા મારા, સરસ સુહાઈ પ્રભુજી,
મોરઈ મનિ ભાઈ પ્રભુજી ! પ્રીતડી પરમ ચતુર તુજ જાંણિનૈ,
પ્રભુજી ! સેંચ્યો વિસવાવીસ, વાલા મારા સરસ મોરઈ૦
પ્રીતડી૦ (૧)
પ્રભુજી ! કૃપા કરો કિંકર પ્રતિ,
પ્રભુજી ! સાચા કહાવો સંત—વાલા૦
કચું બ[1]ગસીસ કીધી હુવૈ, પ્રભુજી ! તો ભાખો થેં ભગવંત
વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦ (૨)
પ્રભુજી ! સેવક તો સેવા વિષૈ,
પ્રભુજી ! ચૂકઈ નહિ લગાર—વાલા મારા૦
માંગ્યા મુહ મચકોડીને, પ્રભુજી ! આવૈં કિમ અતિ[2]વાર[3] ?
વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦ (૩)
પ્રભુજી ! મૌજૈ મુગતિ-પુરી દ્વિયૌ,
પ્રભુજી ! રીઝઈ સમ-રસ ભાવ—વાલા૦
પ્રભુજી ! અમચી[4] વિરિયાં[5] આલસો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુજી ! કુણ કહે હાથીને હરિ આવ
વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦ (૪)
પ્રભુજી ! ખિજમતી કીયાં જો દિયે,
પ્રભુજી ! ઈણ મૈં સ્યો ઉપગાર વાલા૦
પ્રભુજી ! યાદ કરી નઈં આપસૂં,[૬]
પ્રભુજી ! દેવૈ સો દાતાર
વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦ (૫)
પ્રભુજી ! સુપનંતરમૈં સાસતા,
પ્રભુજી ! મિલો અછો મહારાજ—વાલા૦
પ્રભુજી ! તો પિણ આયો ઉમહી, પ્રભુજી ! સેવા કાજ—
વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦ (૬)
પ્રભુજી ! જો[૭] અપણાયત જાંણસ્યો,
પ્રભુજી ! તો પૂરવસ્યો[૮] આસ[૯]—વાલા૦
પ્રભુજી ! કેડિ[૧૦]લાગા તે કેમ રહૈ, પ્રભુજી ! દીયૈ[૧૧]
વિગરિ દિલાસ-વાલા૦ રસ૦ મોરે૦ પ્રીતડી૦ (૭)
પ્રભુજી ! એ નુખતો **મલ્લિનાથજી**,
પ્રભુજી ! જો કરસ્યો ધરિ પ્યાર—વાલા૦
પ્રભુજી ! **ઋષભસાગર** નવિ ભૂલસી,
પ્રભુજી ! એ તુમચો ઉપગાર-
વાલા૦ રસ૦ મોરે૦ પ્રીતડી૦ (૮)

## (૩૩૨) (૧૪–૨૦) શ્રી મુનિસુવ્રત-સ્વામીનું સ્તવન

**મુનિસુવ્રત**-મહારાજ હો ! તું તો ગરીબ-નિવાજ હો,
આજ ન હો ! આજન તો સો ઈણ યુગે,
શ્યામ મૂરતિ સુખકાર હો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખી જાચણ[1]આવ્યો દરબાર હો,

વારજ હો! વાર કહું વાલો લગૈ૦ (૧)

વિકસ્યો પદમ વન પુણ્ય હો, હું હુઓ ધન્ય કૃતપુણ્ય હો!

અન્ય જ હો અન્ય ન માંનઈ[2]મન વિષૈ,

માહરઈ મનિ અભિલાષ હો!

ગિણતીમેં લાખાં લાખ હો સાખજ હો!

સાખ[3] પુરઈ[4] કુણ તો[5] પખૈ[6]

જે જાયા જસની[7] રાતિહો[8] જસ લૈંગૈ કરઈ હર[9] ભાંતિ હો!

ખાંતિજ હો! ખાંતિ કરી નિત નિત પ્રતિં,

માયા રસની[10]સીર[11] હો!

પ્યાસ બુઝાવણ નીર હો, ધીરજ હો ધીર અછઈ મનમેં ઘણી

જનમ કૃતારથ કીધ હો! મુંહ માંગ્યો મુઝનૈ દીધ હો!

લીધ જ હો! લીધો લાહો નરભવ તણો,

હુઓ ન હોસી કોય હો!

તું હોગૈ તેહવો હોય હો! જોયજ હો!

જોયૈ[12] હુગૈ આણંદ ઘણો૦ (૪)

માહરો પ્રભુ! સ્યું મોહ હો! તે મેટચો મુઝ અંદોહ[13] હો!

છોહ જ હો! છોહ ધરી કરી ચિત્તમૈ,

ચિતમૈ તો હુગૈ ચૈન હો

આછી ભાતિં ઐન હો! ઐન જ હો!

નિરખી જ તો નિત્ય મૈ (૫)

તું સંસાર મૈ સાર હો! માહરઈ પ્રાણ આધાર હો!

પ્યાર જ હો! પ્યાર મ દેજ્યો પર હથૈ,

એહ અરજ છઈ અમ હો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઋષભસાગર** કહૈ તુમ હો ! સમ્મ જ હો !
સમ્મ તુમ્મે સેવક કચૌ (૬)

卐

## (૩૩૩) (૧૪-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

પરતિખ[1] પ્રભુજી સું મિલ્યાં, કેઈ સુધરઇ કાજ હો
જિનવરજી જાણિનઇં વારુ
સંદેસૌ[2] ઓલગ[3] ન હુવૈ વારુ,
સુખદાયક સિરતાજ હો—જિન૦ (૧)
અન ઘન[4] નીર[5] **કથા**[6] કચૌ[7]-વારુ,
દાબ લગિ ન હુવૈ તોષ હો—જિન૦ (૨)
પ્રભુ ! કહો કિમ પર કર થકી-વારુ, નખિસી જાયઇ ખાજિ હો
**વિજયા**[8]-સુત તુમ વિનવું-વારુ,
માંની જઈ જિનરાજ હો—જિન૦ (૩)
ઈમ જાણીનઇં આવીયો-વારુ,
કરિવા તુઝ પાય સેવ હો—જિન૦
અતુલીબલ બલ ફોરવી-વારુ, દેજ્યો મુઝનૈ દેવ હો—જિન૦
તેહનૈ કહિ સમજાઇયૈ-વારુ,
જે હુવૈ નિપટ[10] અજાણ હો—જિન૦
પ્રભુસ્યું કિસુંઅ છિપાઇયેં-વારુ,
જાણો નાણ પ્રમાણ હો—જિન૦ (૫)
વહતૌ વારુ, વાલહા-વારુ, કીજઇ છઇ કબુલ હો-જિન૦
ને અખિયા ઈત ઉબરઇ-વારુ,
આતમના આધાર હો—જિન૦ (૬)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણો દાસ નિવાજતાં-વારુ, અલવેસર ઈણ વાર હો-જિન૦
તું કયાવર મતિ જાણ જો-વારુ,
વિશ્વતણા આધાર હો—જિન૦ (૭)
**નમિ !** કિવણાઈ[११] મત કરો-વારુ,
પૂરો મનના લાડ હો—જિન૦
મનકી બાતાં સહુ કરી-વારુ,
નવિ રાખી કાંઈ આડ હો—જિન૦ (૮)
**ઋષભસાગરજી** સુખ ઉપનો-વારુ,
વાર્યો કુમતિ કુસંગ હો—જિન૦
અંતરજાંમી આપસૂં-વારુ,
વરત્યો પરમાનંદ હો—જિન૦ (૯)

卐

## (૩૩૪) (૧૪-૨૨) શ્રી નેમિનાથ-જિત સ્તવન

જાણું છું જિન ! ગુણ ભર્યા હો ! સાંવલીયા સ્વામી,
તોસું[૧] કયું પતિ આવું હો રાજિ,
સઘલી પરિ છાજૈ તોનૈ[૨] હો-સાંવલીયા સ્વામી,
દખિદખિ[૩] કાંઈ દિખાવું-હો રાજિ,
યદુપતિ જુજુઈ જુજુઈ જુગતિ તું જાણે-હો રાજિ,
**નેમજી !** નવનવલી નવનવલી નિજરિમૈં આણૈં-હો રાજિ,
પ્રભુજી ! મારા ઈમ કિમ મનડા માણૈં હો રાજિ (૧)
જગજન મન તું રંજવે-હો સાંવલીયા,
અનૈ નિરંજન કહાવે-હો રાજિ,
સોવન ધરિ નિગ્રંથ તું-હો સાંવલીયા,
આ મનમૈ અતિ આવૈ હો રાજિ યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈ૦(૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ બ્રહ્મચારી તો ને–હો સાંવલીયા,
કહિયેં કિમ સરદહિજૈં–હો રાજિ,
ત્રિભુવન પ્રભુતા ભોગીયો–હો સાંવલીયા,
તોહી જોગીસર કહીજૈ હો રાજિ યદુ૦ નેમિ૦ પ્રભુ૦ ઈમ૦
પ્રભુજી! નવનવલી નવનવલી ભગતિ હું ભાખું—હો રાજિ,
પ્રભુજી! નિજ સુખ સુખ લવ ઈક ચાખું—હો રાજિ,
ભગવંત તાહરઈ બહુ[4] ભંગઈ—હો સાંવલીયા૦
અંગઈ રાગ ઉમંગૈ હો રાજિ,
કથન ન માનૈ મૂલથી—હો સાંવલીયા૦
આપ મતી એક રંગી–હો રાજિ, યદુ૦ નેમ૦ પ્રભુ૦ઈમ૦ (૪)
તું દાતાર–શિરોમણિ—હો સાંવલીયા
નવિ દીધી જાય કોડિ હો રાજિ
પાસૈ પિણ રાખૈ નહી—હો સાંવલીયા
ગતિ મતિ તાહરી ઉંડી—હો રાજિ, યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦
તોનૈ ક્રોધ નહી સુપનંતરઈ—હો સાંવલીયા
તો કયું કરી અરિ–દલ દલી–દલિયા હો રાજિ
અભિમાંની સિર સેહરો—હો સાંવલીયા
તું તારઈ ભવોદધિ કલિયા—હો રાજિ યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦
દસા હું દેખું દેખું હો રાજિ,
તાહરી પરિ છાજે તો નૈ—હો સાંવલીયા૦
ન લહૈ અવર છ માસૈ—હો રાજિ;
**ઋષભ** મનોરથ પૂરવો—હો સાંવલીયા૦
સોહ્યો તાહરઈ તમારૌ હો રાજિ;
યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦ (૭)

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

## (૩૩૫) (૧૪-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

તારક જિન તેવીસમા,
પ્રભુ મારા ! તો સું અનંત સુખ પાઉંજી
અવલંબ્યો મન આપસું, પ્રભુ મારા ! કહી કહી કાંઈ બતલાવુંજી
તારણુ-તરણુ, દુઃખ હરણુ આસપાસજી,
પ્રભુ મારા ! આતમના આધારજી (૧)
એક દેવ તું માહરે, પ્રભુ મારા ! ચિત્ત મૈ અવર ન ચાહુંજી
અબ હું તુમારો કહાયનૈ, પ્રભુ મારા ! કૌણ તણો કહવાઉંજી
સકલ સંકટ ભાજૈ, છવિ તો અનેક છાજૈ પાસજી પ્રભુ૦ (૨)
અવર[૧] દેવ[૨]-ધરિ ધરિ ફિરિ, પ્રભુ મારા ! તુજનૈ કેમ લજાઉંજી
યો સીસ નમાવી થાં પ્રતૈ, પ્રભુ મારા ! અવર ન કેમ નમાવુંજી
સરણાસરણ કાંઈ, કરુણાકરણ પ્રભુ પાસજી !
પ્રભુ મારા ! સરણાઈ સાધારજી,
પ્રભુ મારા ! આતમના આધારજી પ્રભુ૦ આતમ૦ (૩)
કુમકુમૈ[૨]મજ્જન કરી, પ્રભુ મારા ! કાદવ કયું મુખિ લાવુંજી
ઉતારી કરી ગજ-ખંધથી,
પ્રભુ મારા ! વેસર[૩]ચઢિ કયું ધાવુંજી આતમ૦
તારણુ તરણુ દુઃખ દલિદ્દ હરણુ અસ પાસજી,
પ્રભુ મારા ! આતમ૦ (૪)
તિણુસૂં સોભાની હાંનિ હૈ,
પ્રભુ મારા ! સ્યાને જગત હસાઉંજી,
કામગવીનૈ[૪]છોડિનૈ, પ્રભુ મારા ! ઘરમૈ અજા[૫]હૈ વાસાઉજી
તારણુ તરણુ પ્રભુ આતમના આધારજી (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખત સંયોગે તું મિલ્યો,
પ્રભુ મારા ! ભાવ ભગતિ મનિ ભાવુંજી
**ઋષભસાગર** કહે ઋદ્ધિ મિલે, પ્રભુ મારા ! ગુણ તો
અહનિસિ ગાવુંજી તારણ૦ (૬)

卐

## (૩૩૬) (૧૪–૨૪) શ્રી મહાવીર–જિન સ્તવન

સિદ્ધિ શિરોમણિં સુરતિ[૧] સુંદર, સેવઈ સુર સુરરાય
ગુણ સમુદ્ર મહિમા અતિ મોટો, જયવંતો જગદીસ
—વસંત વધાવો વીરજી હો. (૧)
સમક્તિ તેલ ફુલેલ સરસ અતિ, ભાવ ગુલાબ અબીર
વયરાગ રુપો વિસતર્યો હો, ઉપસમ રસ તે નીર—વસંત૦ (૨)
મન પિચકારી ક્રિયા કુમકુમા, સુરતિ અખંડિત ધાર
જ્ઞાન પોટલી[૨]ગાઈનૈ હો, કીજૈ કીજૈ અશુભ કરમ વેમાર[૩]
—વસંત૦ (૩)
અષ્ટપ્રકારી પુજા રચાવો, આંણી આણંદ પૂર
સંસાર તણા સંતાપ મિટાવો, દેખિકૈ પ્રભુ મુખ નૂર–**વસંત૦**
ડફ ઝાંઝ પખાવજ આવજ, વાવજ તાલ કંસાલ
નૃત્ય કરી જૈ નવ નવા હો, તત્ત થૈ તત્ત થૈ તાંન રસાલ
—વસંત૦ (૫)
**ત્રિસલા**નંદન ત્રિહું જગવંદન, આનંદકારી ઐન[૪]
સાચો સિધારથ સેવજ્યો હો,
નિરખિત નિરખિત નિર્મ્મલ નૈન–વસંત૦
સકલ સામગ્રી લેઈ ઈણ પરિ, મિલજ્યો સાચૌ ભાવ,
**ઋદ્ધિસાગર** શિસ **ઋષભ** કહે, જો હુંઔ અવિચલ પદનો ચાવ[૫]
—વસંત૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ઋષભસાગરજી કૃત
# સ્તવન–ચોવીશી
## કઠિન શબ્દોના અર્થ
## ટિપ્પણી

**સ્તવન ૧૪–૧**

૧. મેં ૨. તુમચે=તમારા, પ્રસન્ન= આનંદકારી દર્શન માટે ત્રણે ભુવન પ્યાસી=તરસ્યા ઉત્કંઠાવાળા છે, (બીજી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) ૩. કરુણાના ભંડાર ૪. ઉત્તમ સ્વર્ગ ૫. આળસી ગયા=રીસાણા ૬. જગતના નાથથી ૭. આજ્ઞાંકિત સેવક.

**સ્તવન ૧૪–૨**

૧. એક મનથી ૨. એકાગ્રપણે ૩. મન-વચન-કાયાથી ૪. આજ ૫. સેવા ૬. આનંદ ૭. આમ ૮. વિના ૯. ઈંદ્ર ૧૦. જોઈ રહે.

**સ્તવન ૧૪–૩**

પ્રથમ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ=જિનરાજ છો તે મેં જાણ્યું, તમારી રાજઋદ્ધિ શ્રેષ્ઠ છે.

૧. પ્રેમ, ૨. સાધક ૩. સાધ્ય ૪. વાત ૫. ખોટી ૬. બધાં કારણો એક બાજુ મુકયા અને કાર્યને પ્રમાણ કરી ચાલ્યા (ચોથી ગાથાનો પૂર્વાર્ધ) ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી ૮. એવું જ ૯. ભોળપણ ૧૦. પહેલાં તો પ્રીતિ વધારે પછી દૂરે રહે (પાંચમી ગાથાનો પૂર્વાર્ધ) ૧૧. મનપસંદ ૧૨. મારા મેં આગળ= સામે ઘણા છે ૧૩. ચિત્તમાં ઘણા ચાહે છે ૧૪. શું તે હેજ=પ્રેમ કહેવાય કે જે મળે એટલે ગમ્મત કરે અને આંખથી અળગા=દૂરે જાય એટલે મન પાછું ફરી આવે ૧૫. વળી પાછા તમને મળવા આવે, જોઈને મ્હોં મલકાવે આવી પ્રીતિ હોય છે, જોડાયેલા દિલની આ વીતક–કથા છે (૭ મી ગાથાનો અર્થ) ૧૬. ધન્યવાદ ૧૭. ભવનું ભ્રમણ ૧૮. કર્માધીન ૧૯. પણ મારી દશા=ભાગ્ય દશા જાગી લાગે છે કે સુંદર એવા પ્રભુ મને મળ્યા (દશમી ગાથાનો ઉત્તરાર્ધ) ૨૦. તમારા ૨૧. ઉપાસક=સેવક ૨૨. ગુણવાન પુરુષોની એ જ સાખ હોય કે તેઓ સેવકને સુખમાં રાખે પણ સુખથી ન દાખે (૧૨મી ગાથાનો પૂર્વાર્ધ) ૨૩. જુઠું ૨૪. રાગ ૨૫. કહીને લાલચ કેટલી કરવી શ્રી સંભવનાથ પ્રભુની સેવા કરો. (૧૬ મી ગાથાનો ઉત્તરાર્ધ)

**સ્તવન ૧૪–૪**

૧. મને ૨. જોવા ૩. દે ૪. મારું ૫. પ્રભુજીની કાયા ૬. ચહેરો ૭. પ્રભુજીમાં લાગેલું ૮. બીજે જાય નહીં ૯. ધતૂરાથી ૧૦. મનાવણા=રીસ દૂર કરવા કરાતા પ્રયત્નો ૧૧. કોના ૧૨. જોયા વિના અકળામણ થાય ૧૪. જોએથી ૧૫. શકે ૧૬. વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭. શરમાયેલ ૧૮. લાવણ્ય = કાંતિ ૧૯. શ્વાસ ૨૦. પરસેવો ૨૧. સુગંધવાળો ૨૨. ઉમંગભરી ૨૩. ઉચિત થાય.

**સ્તવન ૧૪-૫**

૧. તમારે ૨. સેવામાં ૩. આગ્રહ ૪. આપણો, પોતાનો ૫. વિયોગ ૬. આપે ૭. આનંદમંગળ

**સ્તવન ૧૪-૬**

૧. ભેગા થઈ ૨. ભેદભાવ ૩. રાખું છું ૪. પ્રાર્થના કર્યેથી ૫. બેદરકાર ૬. સારી ૭. અંદરના ૮. પોતાનું જેવું નામ છે કે **પદ્મપ્રભ** = એટલે પદ્મની કાંતિ જેવી =રંગેલી= સંપૂર્ણ પ્રીતિ રાખે છે જ (બીજી ગાથાની ચોથી લીટીનો અર્થ) ૯. શરીરની કાંતિ ૧૦. અમૃત ૧૧. ઉપજેલા ૧૨. તે અમૃત ભર્યા મુખમાંથી ૧૩. ભૂલી જવાય છે ૧૪. હૃદયને ૧૫. લઈને ૧૬. પ્રેમાળ ૧૭. વર્તન કરે ૧૮. ફરી જાય ૧૯. વદનની = મોંઢાની ૨૦. રાત-પદ્ધતિ ૨૧. જમ = યમના વારા = અવસર = મૃત્યુ ૨૨. સુધી ૨૩. નાશ ન પામે તેવો. ૨૪-૨૫. છઠ્ઠા તીર્થંકર પ્રભુના માતા તથા પિતાનું નામ છે ૨૬. તે પ્રભુની શરીરના વર્ણ = લાલ રંગ જેવી રીત છે એટલે કે રાગ કરે તેની સાથે રંગાયેલા રહે જેમ કાદવ-પાણી સાથે એકમેક હોય છે તેમ (છઠ્ઠી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૨૭. અષ્ટમહાપ્રાતિહાર્યમાંના સિંહાસનના રૂપક તરીકે કમળનું આસન અહીં જણાવ્યું લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વતન ૧૪-૭

૧. ગ્રહણ કર્યો ૨. ઉમંગ ખૂબ થયો ૩. મને ૪. મનાવો = રાજી કરો ૫. કરો ૬. દયા ૭. સંપૂર્ણ ૮-૯. નેહમટકે = સ્નેહ-નજરથી ૧૦. સૂતાં ૧૧. સ્વપ્નમાં ૧૨. આવા ૧૩. પ્રભુજી ૧૪. પૂર્ણ પુણ્યથી ૧૫. પામીને ૧૬. સેવક.

સ્તવન ૧૪-૮

૧. મુખ ૨. ચંદ્રની જેમ ૩. ચંદ્રની કાંતિ ૪. હોંશિયારીથી મનમાં વિચારતાં ગુણનો પાર પામી શકતો નથી. (પ્રથમ ગાથાની બીજી લીટીનો અર્થ) ૫. નિર્મલ કમલની પાંખડીની જેમ સુગંધી અને કોમલ જેમના હાથ છે ૬. કેળના પાંદડા જેવો ૭. મારા મનમાં તમારી સેવામાં રહેવાની હોંશ ઘણી છે. ૮. ચંદ્રવિકાશી કમળ ૯. ચંદ્રવિકાશી કમળને ૧૦. આસક્તિ છે. ૧૧. વારંવાર ૧૨. કહેવું.

સ્તવન ૧૪-૯

૧. ઘણી ઘણી રીતે ૨. તમે ૩. દૂર થાય ૪. પાપ ૫. નવ શરાવલામાં ૬. ગોરસ = દૂધમાં ૭. મોરના ૮. માનસ સરોવર ૯. દિલમાં ૧૦. હસતાં ૧૧. માછલું ૧૨. પાણી ૧૩. ચક્વાક ૧૪. સૂર્ય ૧૫. વિષ્ણુ ૧૬. લક્ષ્મીને ૧૭-૧૮. આ બન્ને શબ્દો દેશી લાગે છે. સ્પષ્ટ અર્થ સમજાયો નથી. પણ પ્રાયઃ "પરભારું બેદરકારીથી કાઢી નહીં શકાય."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૪-૧૦**

૧. હાથ ૨. પકડ્યો ૩-૪. દશમા પ્રભુજીની માતાજીનું પિતાજીનું નામ છે ૫. મહામોટા ૬. જાત જાતના લોક સાથે ૭. મનપસંદ ૮. મૂળ કિનારો ૯. નર્મદા નદી ૧૦. તમારા ૧૧. વિના ૧૨ મીઠા મેવા ખાધા પછી નીંબોળી કોણ ચાખે? (૯ મી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ)

**સ્તવન ૧૪-૧૧**

૧. ઉત્કંઠા ૨. તમારા નેત્રોની સારી ગતિ કરીને તમે પ્રેમ ભરી નજરે નિહાળો-જુઓ ૩. તમારા ૪. ચઢીયાતા ૫. સોનાથી ૬. શોભા ૭. કરોડો ચંદ્રને ઓવારી નાંખુ (પાંચમી ગાથાની બીજી લીટીનો ભાવાર્થ) ૮. એવી શોભા છે ૯. દુર્લભ ૧૦. ચહેરા ૧૧. ઓવારી જાય ૧૨. સ્ત્રીઓ ૧૩. એક ઘડી ૧૪. ખામી ૧૫. કોઈ ૧૬. હૃદયમાં ૧૭. સારા આનંદદાયી ૧૮. સારી રીતે ૧૯. જુદા પડવાની ૨૦. સમય ૨૧. સીધી-સાદી ૨૨. નાવ.

**સ્તવન ૧૪-૧૨**

૧. તમારી સાથે ૨. સર્વથા ૩. એક હાથે ૪. તાલી ૫. દોડીને ૬. અવાજ ૭. ધ્યાન ૮. તડફી-તડફીને ૯. નર્મદા.

**સ્તવન ૧૪-૧૩**

૧. હિતકારી ૨. ગુણનો સમૂહ=ઉપકાર. ૩. ઘણા ૪. હિતકારી, ૫. મોટો યોગ્ય ૬. તમારો ખાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. દયા ૮. બેઠેલા=તમારા ચરણોમાં–ને કેમ ભૂલી ગયા? ૯. અમને ૧૦. સફલ ૧૧. વિચાર

**સ્તવન ૧૪-૧૪**

૧. શોભતા ૨. ખસ્યા=દૂર થયા ૩. દૂર થયા ૪. સ્પર્શ થયો ૫. મિશ્રિત.

**સ્તવન ૧૪-૧૫**

૧. સંશય ૨. બધો ૩. સારા ૪. જ્ઞાની ૫. બીજે બીજે ઠેકાણે ૬. સૂર્ય ૭. કરૂં ૮. વિનંતિ ૯. ખુશી ૧૧. પોતાનું ધન મને આપશે (પાંચમી ગાથાની ત્રીજી લીટીનો અર્થ) ૧૨. બાંધેલા ક્રોડો કલેશ કાપશે (પાંચમી ગાથાની ચોથી લીટીનો અર્થ ૧૩. શ્રેષ્ઠ ૧૪ અતિસુંદર ૧૫. વિલાસ કરીશ ૧૬. ખોળ અને ગોળ ૧૭. એક સરખા ૧૮. શંકા નથી ૧૯. સોનું અને કથીર

**સ્તવન ૧૪-૧૬**

૧. ઇચ્છાને પૂરનાર ૨. પૂજાએલ ૩. કઠોર ૪. મેઘના પાણીની જેમ નીતિવાળા, ૫. સારસંભાળ ૬. કરે ૭. પ્રથમ તમે વગર ગુણ ગાયે પ્રકટ થતા અને લાખ વાતે રીઝતા (પાંચમી ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ) ૮ રીત ૯ દેખાણી ૧૦. વાયરો લાગ્યો કે ૧૧. શી ભૂલ થઇ છે? ૧૨. કૂડકપટવાળા ધૂર્ત્તોને તમે તાર્યા તો અમને કેમ વિસાર્યા? (આઠમી ગાથાના પૂર્વાર્ધનો અર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૪-૧૭**

૧. મારા ૨. વિશ્વાસ થાય ૩. તમારી ૪. આજ્ઞા ૫. રઢ=ગાઢ=પ્રીતિ ૬. ધરાવે ૭. જગમાં તે દાતા ન કહેવાય જે દેવાનું કહી નિશ્ચિંતપણે ઈન્કાર કરી દે ૮. વારંવાર શું કહેવું ૯. કુંથુનાથ પ્રભુજીના પિતાજીનું નામ

**સ્તવન ૧૪-૧૮**

૧. ઘણી=વધારે, સહાયકારી ૩. અતિશય ૪. ઘણા ૫. સ્નેહભરપૂર ૬. કરુણાદષ્ટિ ૭. ઠેઠ સુધી

**સ્તવન ૧૪-૧૯**

૧. ભેટ ૨. ઘણું ૩. મોડું ૪. અમારી ૫. વખતે ૬. પોતાની મેળે ૭. પોતાનો ૮. પૂર્ણ કરશો ૯. આશાઓ ૧૦. પાછળ પડેલા ૧૧. આવ્યા વગર

**સ્તવન ૧૪-૨૦**

૧. માંગવા માટે ૨. ગમતો ૩. વિશ્વાસ ૪. ઉપજાવે ૫. તમારા ૬. વિના ૭. યશ વધારનાર ૮. મંગળ સમયે ૯. દરેક રીતે ૧૦. પૃથ્વીના ૧૧. હળસમાન ૧૨. જોવાથી ૧૩. સંશય

**સ્તવન ૧૪-૨૧**

૧. સાક્ષાત્ ૨. સંદેશાથી ૩. સેવા ૪. વાદળા ૫. પાણી ૬. વાત ૭. કર્યેથી ૮. હે પ્રભુ ! બીજાના હાથથી પણ સંગત રીતે શી રીતે દૂર થાય, (ત્રીજી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) ૯. શ્રી નમિનાથજીની માતાજીનું નામ ૧૦ સર્વથા ૧૧. કંજુસાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૪-૨૨**

૧. તમારી સાથે ૨. તમને ૩. વારંવાર ૪. ઘણી રીતે

**સ્તવન ૧૪-૨૩**

૧. બીજા ૨. દેવોના ઘરે ૩. કેશરથી ૪. ખચ્ચર ૫. કામધેનુ=ગાય ૬. બકરીને

**સ્તવન ૧૪-૨૪**

૧. ચહેરો ૨. વિશિષ્ટ ગીતો ૩. નાશ ૪. અતિશય=ઘણો ૫. ઉમંગ=ઉત્કંઠા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ઉદયરત્નજી મહારાજ

કૃત

સ્તવન–ચોવીશી

# [૧૫]

## (૩૩૭) (૧૫–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

(વાર વાર રે વીઠલ વંશ મુને તો ગમે રે—એ દેશી.)

**મરૂદેવીનોનંદ** માહરો, સ્વામી સાચો રે
શિવ–વધૂની ચાહ કરો તો, એહને યાચો રે—મરૂ૦ (૧)
કેવલ કાચના કુંપા જેહવો, પિંડ કાચો રે
સત્ય સરૂપી સાહિબો એહને રંગે રાચો રે—મરૂ૦ (૨)
યમરાજાના મુખડા ઉપર, દેઈ તમાચો રે
અમર થઈ **ઉદયરત્ન**, પ્રભુ શું, મિલી માચો રે—મરૂ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૩૮) (૧૫–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

વિષયને વિસારી, **વિજયાનંદ** વંદો રે
આનંદ–પદનો એ અધિકારી,સુખનો કંદો રે—વિષય૦ (૧)
નામ લેતાં જે નિશ્ચે ફેડે, ભવનો ફંદો રે
જનમ–મરણ–જરાને ટાળી, દુખનો દંદો રે—વિષય૦ (૨)
જગજીવન જે જગજયકારી, જગતી ચંદો રે
**ઉદયરત્ન** પ્રભુ પર–ઉપગારી, પરમાનંદો રે—વિષય૦ (૩)

卐

## (૩૩૯) (૧૫–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

દીન–દયાકર દેવ, **સંભનાથ** દીઠો રે
સાકરને સુધાથકી પણ, લાગે મીઠો રે—દીન૦ (૧)
ક્રોધ રહ્યો ચંડાળની પરે, દૂર ધીઠો રે
અજ્ઞાનરૂપ અંધકારનો હવે, વેગ નીઠો રે—દીન૦ (૨)
ભલી પરે ભગવંત ! મુને, ભગતે તૂઠો રે
**ઉદય** કહે માહરે, આજ દૂધે મેહ વૂઠો રે—દીન૦ (૩)

卐

## (૩૪૦) (૧૫–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

**સિદ્ધારથા**ના સુતના પ્રેમે, પાય પૂજો રે
દુનિયામાંહિ એહ સરિખો, દેવ ન દુજો રે—સિદ્ધા૦ (૧)
મોહરાયની ફોજ દેખી, કાં તુમે ધૂજો રે ?
**અભિનંદન** ઓઠે રહીને, જોરે ઝૂઝો રે—સિદ્ધા૦ (૨)
શરણાગતનો એ અધિકાર, બૂઝો બૂઝો રે
**ઉદય પ્રભુશું મળી મનની, કરીયે ગુઝો રે—સિદ્ધા૦ (૩)**

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૪૧) (૧૫–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

સુમતિકારી **સુમતિ** વારૂ, સુમતિ સેવો રે
કુમતિનું જે મૂલ કાપે, દેવ–દેવો રે—સુમતિ૦ (૧)
ભવ જંજીરના બંધ દે ભાંગી, દેખતાં એવો રે
દરસન તેહનું દેખવા મુહને, લાગી ટેવો રે—સુમતિ૦ (૨)
કોડિ સુમંગલકારી, **સુમંગલા**–સુત એહવો રે
**ઉદય**–પ્રભુ એ મુજરો મ્હારો, માની લેવો રે—સુમતિ૦

卐

## (૩૪૨) (૧૫–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

લાલ જાસૂના ફૂલસો વારૂ, વાન દેહનો રે
ભુવન–મોહન **પદ્મપ્રભ** નામ જેહનો રે—લાલ૦ (૧)
બોધિબીજ વધારવા જેમ, ગુણ મેહનો રે
મન–વચન–કાયા કરી હું, દાસ તેહનો રે—લાલ૦ (૨)
ચંદ ચકોરપરે તુજને ચાહું, બાંધ્યો નેહનો રે
**ઉદય** કહે પ્રભુ ! તુમ વિણ નહી,
આધીન કેહનો રે—લાલ૦ (૩)

卐

## (૩૪૩) (૧૫–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

**સુપાસજી** તાહરું મુખડું જોતાં, રંગ ભીનો રે
જાણે પંકજની પાંખડી ઉપર, ભ્રમર લીનો રે—સુપાસ૦
હેત ધરી મેં તાહરે હાથે, દિલ્લ દીનો રે
મનડીમાંહિ આવ ! તું મોહન ! મેહેલી કીનો રે–સુપાસ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ બીજો હું કો ન દેખુ, તુજ સમીનો રે
**ઉદયરત્ન** કહે મુજ પ્રભુ એ છે નગીનો રે–સુપાસ૦ (૩)

卐

## (૩૪૪) (૧૫–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**ચંદ્રપ્રભના** મુખની સોહે, કાંતિ સારી રે,
કોડિ ચંદ્રમા નાખું વારી,હું બલિહારી રે—ચંદ્ર૦ (૧)
શ્વેત રજતસી જ્યોતિ બિરાજે; તનની તાહરી રે,
આસક થઈ તે ઉપર ભમે, આંખડી માહરી રે–ચંદ્ર (૨)
ભાવ ધરી તુજને ભેટે, જે નર ને નારી રે,
**ઉદયરત્ન** પ્રભુ પાર ઉતારે, ભવજલ તારી રે–ચંદ્ર૦ (૩)

卐

## (૩૪૫) (૧૫–૯) શ્રી સુવિધિનાથ–જિન સ્તવન

**સુવિધ**–સાહિબ શું મન્ન માહરૂં, થયું મગન્ન રે,
જિહાં જોઉં તિહાં તુજને દેખુ,લાગી લગન રે—સુ૦ (૧)
મનડામાં જિમ મોર ઈચ્છે, ને ગાજે ગગન રે
ચિતડામાં જિમ કોઈલ ચાહે,માસ ફગન્ન રે—સુવિધ૦ (૨)
એહવી તુજશું આસકી મુને, ભરૂં ડગન રે,
જોર જસ ફોજનો તું, એક ઠગન રે—સુવિધિ૦ (૩)
પંચ ઈંદ્ર રૂપ રચુનો જે, કરીય નગન રે,
**ઉદયરત્ન** પ્રભુ મિલી તે શું, ખાય સોગન રે—સુવિધિ (૪)

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## (૩૪૬) (૧૫–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

**શીતલ શીતલનાથ** સેવો ગર્વ ગાળી રે,
ભવ દાવાનળ ભંજવાને, મેઘમાળી રે—શીતલ૦ (૧)
આશ્રય રૂંધી એક બુદ્ધિ, આસન વાળી રે.
ધ્યાન એહનું મનમાં ધરો, લેઈ તાળી ર—શીતલ૦ (૨)
કામને બાળી ક્રોધને ટાળી, રાગને રાખી રે,
**ઉદય**–પ્રભુનું ધ્યાન ધરતાં, નિત દિવાળી રે—શીતલ૦ (૩)

卐

## (૩૪૭) (૧૫–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

મૂરતિ જોતાં **શ્રેયાંસની**, માહરૂં મનડું મોહ્યું રે,
ભાવે ભેટતાં ભવના દુઃખનું, ખાંપણ ખોયું રે—મૂરતિ (૧)
નાથજી ! માહરી નેહની નિજરે, સાહમું જોયું રે,
મહિર લહિ મહારાજની મેં તો પાપ ધોયું રે—મૂરતિ(૨)
શુદ્ધ સમકિત રૂપ સમકિત રૂપ શિવનું, બીજ બોલ્યું રે,
**ઉદયરત્ન** પ્રભુ પામતાં, ભાગ્ય અધિક સોહ્યુ રે—મૂરતિ(૩)

卐

## (૩૪૮) (૧૫–૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી–જિન સ્તવન

જૂઓ જૂઓ રે **જયા**–નંદ જાતાં હર્ષ થયો રે
સુરગુરૂ પણ પાર ન પામે, ન જાય કહ્યા રે—જૂઓ૦(૧)
ભવ–અટવીમાં ભમતાં બહુ કાળ ગયો રે,
કોઈ પુણ્ય–કલોલથી અવસર મેં, આજ લહયો રે
જૂઓ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીવાસુપૂજ્યને** વાંદતા, સઘળાં દુઃખ દહ્યા રે,
**ઉદયરત્ન** પ્રભુ અંગી કરીને બાંહિ ગ્રહ્યો રે—જૂઓ૦(૩)

卐

## (૩૪૯) (૧૫–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

**વિમલ !** તાહરૂં રૂપ જોતાં, રઢિ લાગી રે
દુખડાં ગયાં વીસરીને, ભૂખડી ભાગી રે—વિમલ૦ (૧)
કુમતિએ માહરી કેડ તજી, સુમતી જાગી રે
ક્રોધ માન માયા લોભે, શીખ માગી રે—વિમલ૦ (૨)
પંચ વિષય–વિકારનો હવે, થયો ત્યાગી રે
**ઉદયરત્ન** કહે આજથી, હું તો તાહરો રાગી રે—વિમલ૦

卐

## (૩૫૦) (૧૫–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**અનંત !** તાહરા મુખડા ઉપર વારી જાઉં રે
મુગતની મુને મોજ દીજે, ગુણ ગાઉં રે—અનંત૦ (૧)
એકરસો હું તલસું તુંને, ધ્યાન ધ્યાઉં રે
તુજ મિલવાને કારણ તાહરો, દાસ થાઉં રે—અનંત૦
ભજન તાહરો ભવો–ભવે, ચિત્તમાં ચાહું રે
**ઉદયરત્ન** પ્રભુ જો મિલે તો, છેડો સાહું રે—અનંત૦

卐

## (૩૫૧) (૧૫–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

વારૂરે વાહલા ! વારૂ તું તો, મેં દિલ વાહી રે
મુજને મોહ લગાડયો પોતે, બે–પરવાહી રે—વારૂ૦ (૧)
હવે હું હઠ લેઈ બેઠો, ચરણ સાહી રે
કેણીપેરે મ્હેલાવશો ? કહોને, ધો બતાઈ રે—વારૂ૦ (૨)

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

કોડ ગમે જો તુજશું, કરૂં ગહિલાઈ રે
તો પણ તું પ્રભુ ધર્મ ધારી, લ્યો નિવાહી રે—વારૂ૦ (૩)
તું તાહરા અધિકાર સાહમું, જોને ચાહિ રે
**ઉદય** પ્રભુ ગુણહીનને તારતાં, છે વડાઈ રે—વારૂ૦ (૪)

卐

## (૩૫૨) (૧૫–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

પોસહમાં પારેવડો રાખ્યો, શરણ લેઈ રે
તન સાટે જીવાડયો અભય–દાન દેઈ રે—પોસહ૦ (૧)
અનાથ જીવનો નાથ કહાવે, ગુણનો ગેહી રે
તો મુજને પ્રભુ ! તારતાં કહો, એ વાત કેહિ રે ? પોસહ૦
ગરીબ–નિવાજ ! તું ગિરૂઓ સાહિબ, **શાંતિ** સનેહી રે
**ઉદયરત્ન** પ્રભુ ! તુજશું બાંધી, પ્રીત અ–છેહી રે—પોસહ૦

卐

## (૩૫૩) (૧૫–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

વાઈવાઈ રે અમરી વીણ વાજે, મૃદંગ રણકે રે
ઠમક પાય વિછુવા ઠમકે, ભેરી ભણકે રે—વાઈ૦ (૧)
ઘમઘમઘમ ઘુઘરી ઘમકે; ઝાંઝરી ઝમકે રે
નૃત્ય કરતી દેવાંગના, જાણે દામિની દમકે રે—વાઈ૦ (૨)
દોંદો કિંદો દુંદભિ વાજે, ચૂડી ખલકે રે
ફૂદડી લેતાં ફૂમતી ફરકે, ઝાલ ઝબૂકે રે—વાઈ૦ (૩)
**કુંથુ** આગે ઈમ નાચ નાચે, ચાલને ચમકે રે
**ઉદય**–પ્રભુ બોધિબીજ આપો, ઢાલને ઢમકે રે—વાઈ૦ (૪)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૯૪) (૧૫–૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

**અરનાથ !** તાહરી આંખડીયે, મુજ કામણ કીધું રે
એક લ્હેજામાં મનડું માહરૂં, હરી લીધું રે—અર૦ (૧)
તુજ નયણે વયણે માહરે, અમૃત પીધું રે
જન્મ–જરાનું જોર ભાગ્યું, કાજ સીધું રે રે—અર૦ (૨)
દુરગતિનાં સરવે દુઃખનું હવે, દ્વાર દીધું રે
**ઉદયરત્ન**–પ્રભુ ! શિવપંથનું મેં, સંબળ લીધું રે—અર૦

卐

## (૩૫૫) (૧૫–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

તુજ સરીખો પ્રભુ ! તુંજ દીસે, જોતાં ઘરમાં રે
અવર દેવ કુણ એહવો બળીયો, હરિ હરમાં રે—તુજ૦ (૧)
તાહરા અંગનો લટકો મટકો, નારી નરમાં રે
મહીમંડલમાં કોઈ નાવે, માહરા હરમાં રે—તુજ૦ (૨)
**મલ્લિ**જિન આવીને માહરા, મનમંદિરમાં રે
**ઉદયરત્ન** પ્રભુ ! આવી વસો, તું નિજરમાં રે—તુજ૦ (૩)

卐

## (૩૫૬) (૧૪–૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી–જિન સ્તવન

**મુનિસુવ્રત**–મહારાજ માહરા, મનનો વાસી રે
આશા દાસી કરીને થયો, તું ઉદાસી રે—મુનિ૦ (૧)
મુગતિ–વિલાસી તું અ–વિનાશી, ભવની ફાંસી રે
ભાંજીને ભગવંત થયો તું ! સહજ વિલાસી રે—મુનિ૦ (૨)
ચૌદ રાજ–પ્રમાણ લોકાલોક–પ્રકાશી રે
**ઉદયરત્ન** પ્રભુ અંતરજામી, જ્યોતિ વિકાસી રે—મુનિ૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૫૭) (૧૫-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

**નમિ** નિરંજન નાથ નિર્મલ, ધરૂં ધ્યાને રે
સુંદર જેહનું રૂપ સોહે, સોવન વાને રે—નમિ૦ (૧)
વેણુ તાહરા હું સુણવા રસીયો, એક તાને રે
નેણુ માહરા રહ્યાં છે તરસી નિરખવાને—નમિ૦ (૨)
એક પલક જો રહસ્ય પામું, કોઈક થાને રે
હું તું અંતરમે હળીમળું, અભેદજ્ઞાને રે—નમિ૦ (૩)
આઠ પહોર હું તુજ આરાધું, ગાવું ગાને રે
**ઉદયરત્ન** પ્રભુ! નિહાલ કીજે, બોધિદાને રે—નમિ૦

卐

## (૩૫૮) (૧૫-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

બોલ બોલ રે પ્રીતમ! મુજશું, બોલ! મ્હેલ આંટો રે
પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે—બોલ૦ (૧)
રાજીમતી કહે છોડ છબીલા! મનનો ગાંઠો રે
જિહાં ગાંઠો તિહાં રસ નહિં જિન,શેલડી સાંઠો ર—બોલ૦
નવ-ભવનો મુને આપને **નેમજી**! નેહનો આંટો રે
ધોયો કિમ ધોવાય? જાદવજી! પ્રીતનો છાંટો રે—બોલ૦
**નેમ-રાજુલ** બે મુગતિ પોહતાં, વિરહ નાઠો રે
**ઉદયરત્ન** કહે આપ ને સ્વામી,
ભવનો કાંઠો રે—બોલ૦ (૪)

## (૩૫૯) (૧૫-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

ચાલ ચાલ રે કુંઅર! ચાલ તાહરી, ચાલ ગમે રે
તુજ દીઠડા વિના મીઠડા માહરા, પ્રાણ ભમે રે—ચાલ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોળામાંહિ પડતું મેહલે, રીસે દમે રે
માવડી વિના આવડું ખુંધું;કુણ ખમે રે ? —ચાલ૦ (૨)
માતા **વામા** કહે મુખડું જોતાં, દુખડાં શમે રે
લળીલળી **ઉદયરત્ન** પ્રભુ ! તુજને નમે રે—ચાલ૦ (૩)

## (૩૬૦)(૧૫–૨૪) શ્રી મહાવીરસ્વામી–જિન સ્તવન

આવ ! આવ રે ! માહરા મનડા માંહે, તું છે પ્યારો રે
હરિ–હરાદિક દેવહૂંતી, હું છું ન્યારો રે—આવ૦ (૧)
અહો મહાવીર ! ગંભીર તું તો, નાથ માહરો રે
હું નમું તુંને ગમે મુંને, સાથ તાહરો રે—આવ૦ (૨)
સાહી સાહી રે ચીઠડા હાથ માહરા, વૈરી વારો રે
દ્યે દ્યેરે દર્શન દેવ ! મુને, દ્યેને લારો રે—આવ૦ (૩)
તું વિના ત્રિલોક મેં કેહનો, નથી ચારો રે
સંસાર–પારાવારનો સ્વામી,આપને આરો રે—આવ૦ (૪)
**ઉદયરત્ન** પ્રભુ જગમેં જોતાં તું છે તારો રે
તાર તાર રે મુને તાર તું,સંસાર સારો રે—આવ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमान स्वामीने नमः

# શ્રી જિનવિજયજી

કૃત

# સ્તવન–ચોવીસી

[૧૬]

## (૩૬૧) (૧૬–૧) શ્રીરૃષભદેવ જિન સ્તવન

(દેશી વારી રંગ-ઢોલણા)

નાભિ-નરેશર–નંદના હો ! રાજ !, ચંદન શીતલ વાણી–
વારી મારા સાહિબા !
દેવ દાનવ વિદ્યાધરા હો ! રાજ,સેવે જોડી પાણી[1]–વારી૦
શુદ્ધાતમબળ–મોગરે[2]! હો ! રાજ !
મોહ–મદન કરી ઘાત–વાર
રાજ લીયો તેં આપણો હો ! રાજ !
પરમાનંદ વિખ્યાત–વારી૦ (૨)
ધર્મચક્રી વિચરે જીહાં ! હો ! રાજ !
કનક કમળ ઠવે પાય–વારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોયણ સવાસો મંડળે[3] હો ! રાજ !
　　　　રોગાદિક નવી થાય–વારી૦ (૩)
ચરણ[4]–નૃપતિની નંદિની[5]હો ! રાજ !
　　　　કેવળી–કમળા નાર–વારી૦
વીતરાગતા–મહેલમાં હો ! રાજ ! વિલસે જગદાધાર–વારી૦
ઈમ ચઉ અતિશય અલંકજ હો ! રાજ !
　　　　સાહિબ જગ–સુલતાન–વારી૦
**ખિમાવિજય** કવિ **જિન** કહે ! હો ! રાજ !
　　　　દીજે સમકિત–દાન–વારી૦ (૫)

卐

## (૩૬૨) (૧૯–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

**અજિત** જિનેસર ! વાલ હાં રે હાં.
　　　　અવર ન આવે દાય[1]–નીકે[2]–સાહિબા
પંચામૃત ભોજન લહી રે હાં, કહો ! કુણ કુકસ[3]ખાય ? નીકે૦
મધુકર મોહચો માલતી રે હાં, કબહી કરીર[4] ન જાય–નીકે૦
રાજ[5]મરાલ મોતી ચુગે રે હાં, કંકર ચંચુ ન ખાય–નીકે૦
ગંગાજળ ક્રીડા કરે રે હાં, છીલરજળ[6]કિમ ન્હાય ? નીકે૦
સતી નિજ નાહને[7] છોડીને રે હાં,
　　　　પરજન હૃદય ન ધ્યાય–નીકે૦ (૩)
કલ્પતરૂ કાયા તજી રે હાં, કુણ જાચે બાવળ છાય ? નીકે૦
રયણ–ચિંતામણી કર છતાં રે હાં,
　　　　કાચન તાસ સુહાય–નીકે૦ (૪)

તિમ પ્રભુ-પદકજ છોડીને રે હાં, હરિ-હર નામું ન શીશ-નીકે૦
પંડિત **ક્ષમાવિજય** તણો રે હાં,
કહે **જિનવિજય** સુશીષ-નીકે૦ (૫)

卐

## (૩૬૩) (૧૬-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

(કંકણા મોલ લીયા—એ દેશી)

સંભવ ભવ-ભયભંજણો રે—જિનજી !
માંહ્યી[1] નો મદનવિકાર-દિલડે વસી રહ્યો
જનમ થકી પણ જેહનાં રે—જિનજી૦
અનોપમ અતિશય ચ્યાર—દિલ૦ (૧)
પ્રસ્વેદ[2] ન હોયે કદા રે—જિનજી૦,
અદ્‌ભુત રૂપ સુ-વાસ—દિલ૦
કાયા જેહની એહવી રે—જિનજી૦,
રોગ ન આવે પાસ—દિલ૦ (૨)
આહાર કો દેખે નહીં રે—જિનજી૦,
રુધિર[3] ગો[4]ખીર સમાન—દિલ૦
શ્વસોશ્વાસ સુખે લહે રે—જિનજી૦,
કમળ સુગંધી પ્રધાન—દિલ૦ (૩)
આઠ કરમના નાશથી રે—જિનજી૦,
પામી અડગુણ સિદ્ધિ—દિલ૦
સાદિ-અનંતે ભોગવે રે—જિનજી૦,
કેવળ-કમળા રિદ્ધિ—દિલ૦ (૪)
**જિતારિ**-નૃપનંદનો રે—જિનજી૦,
અંતર અરિ કરે ઘાત—દિલ૦

તેહમાં કો અચરિજ નહિ રે—જિનજી૦,
ઉત્તમ કુળ અવદાત—દિલ૦ (૫)
સુપનમાંહી પણ સાંભરે રે—જિનજી૦,
સાહિબરો[૫] દીદાર[૬]—દિલ૦
પંડિત **ક્ષમાવિજય**તણો રે—જિનજી૦,
કહે **જિન** દીલ આધાર—દિલ૦ (૬)

卐

## (૩૬૪) (૧૬-૪) શ્રી અભિનંદન સ્વામી-જિન સ્તવન

**( દેશી-હમીરીયાની )**

**અભિનંદન** જિનવર સુણો, ઓલંભે અરદાસ-સનેહી
છાંડંતાં કિમ છૂટશો, કરશો નેહ[૩]વિલાસ[૪]—સનેહી
**અભિનંદન !** અવધારિયે
ઈમ દિન કેતા ચાલશ્યે, મૌન કર્યે મહેરબાન—સનેહી
હજે[૫]હસીઅ બોલાવીયે, જિમ અમ વાધે વાન[૬]
—સનેહી અભિ૦ (૨)
તારક બિરૂદ ધરાવશ્યો, તેં તારયા સુપ્રસિદ્ધ—સનેહી
તો પ્રભુ! હું કિમ વીસરયો, અથવા તિણે કાંઈ દીધ
—સનેહી અભિ૦ (૩)
લોક-સ્વભાવે દેખતાં, ઈમ ન સરે મુજ કાજ—સનેહી
દાસત્વભાવે જો ગિણો, એતલે પામું રાજ—સનેહી અભિ૦
કરૂણાનિધિ કહીયે કિશ્યું, જાણે મનોગત ભાવ—સનેહી
**ખિમાવિજય** કવિ **જિન** કહે, કીજીયે સુગુણ-જમાવ
—સનેહી-અભિ૦ (૪)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૬૫) (૧૬-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(સુજરો હયોને જાલિમ જાટણી-એ દેશી.)

સુમતિ-જિણેસર ! સાંભળ વિનતિ, રાખો આપ હજૂર[૧]
સુગુણા સાહિબ ! શ્યું કહીયે ઘણું, દુશમન કીજે દૂર
**સુમતિ**-જિણેશ્વર ! સાહિબ ! સાંભળો૦ (૧)
પુણ્ય પસાયે હો પામીયે, સાહિબ ! તુમ સરીખાની સેવ
હવે ન છોડું તુમચા[૨]પાઉલા[૩],
કાજ સરયા વિણ દેવ—સુમતિ૦ (૨)
આશ ધરીને અહ-નિશિ ઓલગું[૪],આગળ ઉભો જોડી હાથ
તેહને નિપટ[૫] જ નાકારો[૬] કરો, ભલો નેહ જગનાથ
—સુમતિ૦ (૩)
જેહ પોતાનો કરી લેખવે, તેહશું મિલિયે હો ધાય[૭]
તેહ સાજન હો શ્યા કામના ? કામ પડયે બદલાય
—સુમતિ૦ (૪)
જન-મનવંછિત-પૂરણ સુરમણિ, સમરથ તું જિનરાય
પંડિત શ્રી ગુરૂ **ક્ષમાવિજયતણો, જિનવિજય** ગુણગાય
—સુમતિ૦ (૫)

卐

## (૩૬૬) (૧૫-૬) શ્રી પદ્મપ્રભજી-જિન સ્તવન

(ચંદ્રપ્રભની ચાકરી રે-એ દેશી)

**પદ્મપ્રભ** આગળ રહી રે, સાહિબ ! કહિયે નિજ વીતક[૧]
અવદાત-જિનેસર સાંભળો રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવિરતિ શું રંગે રમ્યોરે સા૦ સેવ્યા પાંચ મિથ્યાત–જિ૦
મૂઢપણે નવિ પારખીરે, સા૦ સુગુરૂ–દેવ–ધર્મની સેવ–જિ,
નિર્ગુણ[3] ગુણી–મચ્છર પણેરે,સા૦ન ટલી પરનિંદાની ટેવ–જિ૦
પાંચે આશ્રવ આદર્યારે,સા૦ કીધો ચ્યાર કષાયનો પોષ,જિ૦
વિકથાને ગારવ વસેરે, સા૦ ન ધરચો સંતાને સંતોષ–જિ૦
કપટે કિરિયા આચરીરે, સા૦ ન દિયાં મુનિવર દાન–જિને૦
ધર્મકથા મન રંજવારે, સા૦ બગ પરે કીધાં ધ્યાન–જિન૦
વાદ નિમિત્ત વિદ્યા ભણીરે, સા૦ થાપ્યાં ધર્મ વિરોધ–જિને૦
કુમતિ કુનારી સંગતેરે, સા૦ ન કરી આતમ શોધ–જિન૦
મુજ કરણી જો જોયશ્યો રે, સા૦ તો કિમ થાશ્યે કામ ?
ઉત્તમ જળધર[4]સારિખારે, સા૦ ન ગણે ઠામ–કુઠામ–જિન૦
પરઉપગારિ-શિરોમણી રે, સા૦તુમ સમ કુણ જગમાંહી–જિ૦
**ક્ષમાવિજય** ગુરુરાયનો રે,
સા૦ સેવક **જિન** ગ્રહ્યો બાંહિ—જિન૦ (૭)

卐

## (૩૬૭) (૧૯–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

(ઝુંબખડાની—એ દેશી)

**શ્રીસુપાસ**–જિન સ્વામીજી,
સુણ હો સેવક વાત—સલૂણે સાહિબા
તુમ ગુણ રંગ ઝકોળમેં,[1] રંગાણી હમ ધાત[2]—સ૦(૧)
હમ મધુકર તુમ માલતી, હમ ચકોર તુમ ચંદ—સ૦
હમ ચકવા તુમ દિનપતિ[3] હમ પ્રજ તુમ –સુનરિંદ–સ૦
હમ મયૂર તુમ જલધરૂ, હમ મચ્છા તુમ નીર—સ૦
તુમ શાસન શુભ બાગમેં, ખેલે હમ મન કીર[4]—સ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હમ એરાવણ તુમ સુરધણી,હમ ખગપતિ[5]તુમ કાહાન[6]—સ૦
સમરી સમરી તુમ નામકોં, હમ ગાયન કરે ગાન—સ૦
ઐસી હમ તુમ પ્રીતડી, ચિર નંદો યુગ કોડિ—સ૦
પંડિત **ક્ષમાવિજય**તણો, કવિ **જિન** કહે કર જોડી—સ૦

卐

## (૩૬૮) (૧૬–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**( ચોવનીયાનો લટકો દાહડા ચાર જો-એ દેશી.)**

હારે ! મારે ! ચંદ્રવદન જિન **ચંદ્રપ્રભ** જગનાહ જો,
દીઠો મીઠો ઇચ્છો[1] જિનવર આઠમો રે લો—હાંરે૦
મનડાનો માનીતો પ્રાણ—આધાર જો,
જગ–સુખદાયક જંગમ-સુરશાખો[2]સમારે લો—હાંરે૦ (૧)
શુભ આશય ઉદયાચળ સમક્તિ સૂર જો,
વિમલદશા પૂરવદિશે ઉગ્યો દીપતો રે લો—હાંરે૦
મૈત્રી મુદિતા કરૂણા ને માધ્યસ્થ જો
વિનય વિવેક સુલંછન કમળ વિકાસતો રે લો—હાંરે૦ (૨)
સદ્દહણા અનુમોદ પરિમલ પૂર જો,
પરછાયો[3]મન–માનસસર અનુભવ—વાયરે રે લો—હાંરે૦
ચેમન ચકવા ઉપશમ સરવર નીર જો,
શુભમતિ ચકવી સંગે રંગ–રમણ કરે રે લો–હાંરે૦ (૩)
જ્ઞાનપ્રકાશે નયણડલાં મુજ દોયજો,
જાણેરે ખટ દ્રવ્ય સ્વભાવે થાપણે રે લો—હાંરે૦
જડ–ચેતન ભિન્નાભિન્ન નિત્યાનિત્ય જો,
રૂપી–અરૂપી આદિસ્વરૂપ આપાપણે રે લો—હાંરે૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખ ગુણદાયક **લખમણા**[૪]-રાણી નંદ જો,
ચરણ[૫]સરોરૂહ સેવા મેવા સારિખી રે લો—હાંરે૦
પંડિત શ્રીગુરુ **ક્ષમાવિજય** સુપસાયજો,
મુનિ **જિન** જંપે જગમાં જોતાં પારખી રે લો—હાંરે૦ (૫)

卐

## (૩૬૯) (૧૬–૯) શ્રી સુવિધિનાથ–જિન સ્તવન

**(હો મિત્ત! જાણ્યા મર્મ તુમારા—એ દેશી.)**

**સુવિધિ**–જિન ત્રિગડે છાજે, સુરદુંદુહી ગયણે ગાજે
શિર ઉપર છત્ર વિરાજે હો
દેવ! પ્યારા! દરીશ તુમારે જાચું (૧)
સમ પંચ વર્ણ ફૂલ, દેવ વરસાવે બહુ મૂલ
પામે સમકિત અનુકૂલ હો—દેવ૦ (૨)
પુંઠે[૧]ભામંડળ ઝલકે, દુગ[૨]પાસે ચામર લલકે;
સ્વર ઝોલો ઘુઘરી રણકે હો—દેવ૦ (૩)
સિંહાસન રૂંપ અશોક[૩], દળ[૪]-ફળની શી કહું રોક
મોહે દાનવ માનવ થોક[૫]હો—દેવ૦ (૪)
દૂધ સાકર મેવા દ્રાખ, પાકી સહકારની સાખ
તેહથી મીઠી તુમ્હ ભાખ હો—દેવ૦ (૫)
ભવ–ભવના તાપ શમાવે, એકે વચને સહુ સમજાવે—
વળી બીજ ધર્મનું વાવે હો—દેવ૦ (૬)
સુણી બાર પરખદા હરખે, સંયમ સમતા સુખ ફરસે,
સેવક **જિન** તેહને તરસે હો—દેવ૦ (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૭૦) (૧૬-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

(ગરબો કેણે ને કોરાવ્યો કે નંદજીના લાલા રે—એ દેશી)

સેવો **શીતલ**-જિન ! નામી કે—સહુ સુખદાય રે,
જેહ છે તીન ભુવનનો સ્વામી કે—સુર ગુણ ગાય રે
જેણે પરમ[1]-પ્રભુતા પામી કે—હણી અંતરાય રે
જેહ છે સિદ્ધિ વધુ સુખકામી કે—જય જિનરાય રે (૧)
ચોસઠ ઇન્દ્ર રહ્યા કર જોડી કે—મોડી માન રે
જેહના પાય નમે કર જોડી કે—નિરૂપમ જ્ઞાન રે
અમરી[2] ભમરી[3]-પરી લોક[4] કે મુખ[5] કે જ વાસ રે,
અપચ્છરા લાભ અનંતો જાણી કે,—ગાયેં રાસ રે૦ (૨)
વીણા તાલ રબાજ[6] સુણાવે કે—લૌ કરતાલ રે,
ધપ-મપ મૃદંગ બજાવે કે, રાગ રસાલ રે,
તનન તથેઈ થેઈ તાન મિલાવે કે, સરીખે સાદ રે,
રાગણી રાગે ગીત મલ્હાવે કે—મધુરે નાદ રે૦ (૩)
નાટક બગીશનટ દેખાવે કે—નવ-નવ છંદ રે,
લટકે લળી લળી શીશ નમાવે કે—વિનય અ-મંદ રે,
તારક ! ત્રણ રતન અમ આપો કે—દીનદયાળ રે,
જગ-ગુરુ ! જનમ-જરા દુઃખ કાપો કે—બિરૂદ સંભાળ રે૦
નિરમોહે પણ જન-મન મોહે કે—અ-ગમ અ-રૂપ રે,
રાગ-રહિત ભવિ પડિબોહે કે—અકળ-સ્વરૂપ રે,
માન વિના નિજ આણુ મનાવે કે—અચરિત ઠામ રે,
પંડિત **ક્ષમાંવિજય-જિન** ધ્યાવે કે, શિવ સુખ ધામ રે૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૩૭૧) (૧૬-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

[મારી લાલનંદનના વીરા હો, રસીઆ નવ ગોરી નાહલીયા]

તું તો વિષ્ણુ નરેસરનંદનો હો, જિ૦ માતા વિષ્ણુ ઉર ધર્યો,
તું તો જગ-જંતુ હિતકાજ હો,
જિ૦ બારમા સ્વર્ગથી અવતર્યો૦ (૧)
તું તો ત્રિભવન-તિલક-સમાન હો,
જિ૦ સમતાસુંદરી[1] નાહલીઓ,
થયો તીન ભુવન ઉદ્યોત હો, જિ૦દિશકુમરી હુલરાવીઓ૦
ખડગી[2]લંછન કંચન વાન હો,જિ૦ અતિશય ચ્યાર અલંકર્યો,
ત્રણ જ્ઞાન સહિત ભગવાન હો, જિ૦
જન્મોચ્છવ સુરવર કર્યો (૩)
તું તો કલ્યાણાંકુર[3]-કંદ હો, જિ૦ વંશ ઈક્ષાગ સોહાવીઓ
ગુણનિષ્ફન્ન ગુણધામ હો. જિ૦ **શ્રેયાંસ** નામ ઠરાવીઓ૦
તું તો વરસી વરસીદાન હો, જિ૦ રાજ્ય તજી સંયમ ધર્યો
તેં તો જીતી પરિસહ ફોજ હો, જિ૦ કેવળ કમળા બહુ વર્યો૦
બેસી ત્રિગડે ત્રિભોવન-નાથ હો, શિવપુર સાથ ચલાવીઓ
એક જોયણ સરીખે સાદ હો, જિ૦ ઉપદેશનાદ વજાવીઓ૦
ભવઅડવી[4] તસકર[5] દોય હો-જિ૦તેહનો મરમ બતાવીઓ
**ક્ષમાવિજય** ગુરુરાય હો-જિ૦ સેવક **જિન** ગુણ ગાવીઓ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૭૨)(૧૬-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન

**( કેસર વરણો હો કે કાઢી કસુંબો મારાલાલ—એ દેશી )**

અંતરજામી હો કે શિવગતિ ગામી—મ્હારા લાલ
મુજ મન મંદિર હો કે, થયો વિસરામી—મ્હારા લાલ
સુ-દિશા જાગી હો કે ભાવઠ[2] ભાગી—મ્હારા લાલ
પ્રભુ-ગુણ-રાગી હો કે હુઓ વડભાગી—મ્હારા લાલ (૧)
મિથ્યા સંકટ હો કે દૂર નિવારી—મ્હારા લાલ
સમક્તિ-ભૂમિ હો કે સુ[3]-પરે સમારી—મ્હારા લાલ
કરુણા શુચિ[4]-જળ હો કે તિહાં છંટકાવી—મ્હારા લાલ
શમ-દમ કુસુમની હો કે શોભા બનાવી—મ્હારા લાલ (૨)
મહકે શુભ[5]-રુચિ હો કે પરિમલ[6] પૂરી—મ્હારા લાલ
જ્ઞાન સુદીપક હો કે જ્યોતિ સ-નૂરી[7]—મ્હારા લાલ
ધૂપઘટી તિહાં હો કે ભાવના કેરી, મ્હારા લાલ.
સુમતિ ગુપતીની હો કે રચના ભલેરી—મ્હારા લાલ૦ (૩)
સંવર બિછાણા[8] હો કે તપ-જપ તકિયા—મ્હારા લાલ
ધ્યાન સુખાસન હો કે તિહાં પ્રભુ વસિયા—મ્હારા લાલ
સુમતિ સહેલી હો કે સમતા સંગે—મ્હારા લાલ,
સાહિબ મિલિયા હો કે અનુભવ રંગે—મ્હારા લાલ૦ (૪)
ધ્યાતા ધ્યેયે હો કે પ્રીત બંધાણી—મ્હારા લાલ,
બારમા જિનશું હો કે મનુ[9]સંગે આણી-મ્હારા લાલ,
**ક્ષમાવિજય** બુધ હો કે મુનિ જિન ભાખે મ્હારા લાલ,
એહ અવલંબને હો કે સવિ સુખ પાસે—મ્હારા લાલ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૭૩) (૧૬-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

**(કડખાની દેશી.)**

સકળ ગુણગણ **વિમલ!** તુમ્હ દરિશને,
આતમારામ સુખ સહજ પાવે
સબળ સંવેગી નિર્વેદી અનુકંપતો,
શુદ્ધ સરધાન શ્રેણી મચાવે—સકળ૦ (૧)
ચરણ[1]ગયવર ચઢે મોહ-રિપુસેં લડે,
જ્ઞાન પરધાન[2] સબ રાહ[3] બતાવે
ધૈર્ય વરવીર્ય રણથંભ રોપી પ્રબળ,
પરમ વૈરાગ સન્નાહ બનાવે—સકળ૦ (૨)
આણ અરિહંતની ઢાલ આગળ ધરે,
ધ્યાન એકતાન સમશેર લાવે
હાસ્ય રતિ અરતિ ભય શોગ દુગંછ ખટ,
ઝપટ દે મદન અરિ દૂર હટાવે—સકળ૦ (૩)
મન વચ કાય નિરમાય[5]બંદુક ભરી,
સુમતિ ઓર ગુપતી ગોલી ચલાવે
મારી મોહમલ્લ-સુત રાગ ઓર રોસકું,
જગતમાં જીત વાજાં બજાવે—સકળ૦ (૪)
મોહને ક્ષય કરે વિજયલચ્છી વરે,
અજર અચળ અમર નયરી સિધાવે
**શ્રી ક્ષમાવિજય** ગુરુ-ચરણ કજ સેવતાં,
નિત્ય આણંદ **જિન** રાજ પાવે—સકળ૦ (૫)

卐

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## (૩૭૪) (૧૬-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

**(લાછલ દે માત મલ્હાર—એ દેશી)**

નામ ધારક અન્ય-દેવ, પ્રભુ પરમારથ દેવ;
આજ હો **અનંત**-જિણેસર, અનંત ચતુષ્ટયનો ધણીજી,
સુર પરખદમાંહિં[1] ઇંદ, ગ્રહગણમાંહિ જિમ ચંદ
આજ હો! તીર્થમાંહિં શ્રી શેત્રુંજય શિરોમણિજી, (૨)
દાનમાં અભય પ્રધાન, ગુણમાં વિનય નિધાન,
આજ હો! અલંકારમાં સોહે જયું ચૂડામણિજી, (૩)
દૂધમાંહિ ગો-ખીર, જલમાં ગંગાનીર,
આજ હો! સુખમાંહિ સંતોષ સમો જગ કો નહીંજી,
તરુમાંહિ સહકાર,[2] દાયકમાં જલધાર,
આજ હો! નંદનવન વનમાંહિ અતીહે મનોહરૂજી, (૫)
તેજવંતમાં ભાણુ, ધાતુમાંહે કલ્યાણ[3]
આજ હો! પર્વતમાંહિં મેરુમહીધર[4] સુંદરૂજી, (૬)
સકળ દેવ સિરદાર, મેં ધાર્યો નિરધાર
આજ હો! **ક્ષમાવિજય** ગુરુ-ચરણયુગ સુપસાઉલેજી, (૭)

卐

## (૩૭૫) (૧૬-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

**(બેડલે ભાર ઘણો છે રાજ – એ દેશી)**

**ધર્મ**-જિણેસર! ધર્મધુરંધર, પૂરણ પુણ્યે મિળિઓ
મન-મરુથલમેં[1] સુરતરુ[2] ફળીઆ,
આજ થકી દિન વળીઓ
પ્રભુજી! મહીર કરી મહારાજ, કાજ હવે મુજ સારો;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિબ ! ગુણનિધિ ! ગરીબનીવાજ !

ભવદવ પાર ઉતારો૦ (૧)

બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહીં પાડ તુમારો

મુજ સરીખો પત્થર જો તારો,

તો તુમચી બલિહારો—પ્રભુ૦ (૨)

હું નિર્ગુણ પણ તાહરી સંગતિ, ગુણ લહું તેહ ઘટમાન[3]

નિંબાદિક[4] પણ ચંદન સંગે,

ચંદન-સમ લહે તાન[5]—પ્રભુ૦ (૩)

નિર્ગુણ જાણી છેહ મ દેશો, જોવો આપ વિચારી

ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી,

ન તજે ગંગાધારી[6]—પ્રભુ૦ (૪)

**સુવ્રતા**નંદન[7] સુવ્રતદાયક, નાયક જિન પદવીનો

પાયક[8] જાસ સુરાસુર કિન્નર, ઘાયક[9] મોહ-રિપુનો-પ્રભુ૦

તારક તુમ્હ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો

શ્રી ગુરુ **ક્ષમાવિજય**-પયસેવી,

કહે **જિન** ભવજલ તારો—પ્રભુ૦ (૬)

卐

## (૩૭૬) (૧૬-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

### (વીરમાતા પ્રીતિ કારિણી -એ દેશી)

**શાંતિ**-જિન ચરણકજ-સેવના, પાવના પરમ-ગુણ ધામ રે

પાપના તાપ શમાવવા, બાવનાચંદન-ઠામ રે—શાંતિ૦ (૧)

**णिस्सिही**-તિગ તિન્નિ **प्रदक्षिणा,**

**पूया**-તિગ ત્રિવિધ **प्रणाम** રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिन्नि मुद्रा अवस्था–તિગ,
ભાવ વિશદ પરિણામ રે—શાંતિ૦ (૨)
भूमिका વારત્રય પુંજવી, तिन्नि अवलंबना તાન રે
દક્ષિણ–વામ–પચ્છિમ દિશે,
જોવું નહિ ત્રિવિધ નિધાન રે—શાંતિ૦ (૩)
પાંચ अहिगम प्रणिधान–તિગ,
अवग्रह તિન્નિ–દિશિ હોય રે
वंदना–તિગ દશ आशातना,
છંડી નિજ કમ્મંમલ ધોય રે—શાંતિ૦ (૪)
તામસી રાજસી પરિહરી, સાત્વિકી ભક્તિ સુખ–હેતુ રે
શુદ્ધિ–સગ ખટ ગુણે શોભતી,
રોપતી સમકિત–કેતુ રે—શાંતિ૦ (૫)
પીઠિકા ધમ્મં–પ્રસાદની, પાંચ અડ સત્તર એકવીશ રે
એકસોઆઠ ઈત્યાદિકા, કહ્યા ભેદ યોગીશરે–શાંતિ૦ (૬)
ભાવથી સેવા સાધુને, જ્ઞાન-દંસણ–ચરણ રૂપ રે
અમૃત–અનુષ્ઠાનસ્યું આદરે,
હોય જિન–પદ–ભૂપરે શાંતિ૦ (૭)

卐

## (૩૭૭) (૧૬–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

**(દીઓ દીઓ નણંદ હઠીલી–એ દેશી)**

મનમોહન કુંથુજિણંદ !
મુજ મન મધુકર[1]–અરવિંદારી–જગવંદન જિનરાયા
સૂર[2]–નંદ[3] અમરપદ આપે,
યા સુનતાં અચરિજ વ્યાપેરી–જગ૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનનો લેશ ન દીસે, અપરાધીસ્યું પણ નવી રીસેરી–જગ૦
અચલે પણ અલિક[૪] ન ભાસે,
ધરી મત્સર મરમ ન દાખેરી—જગ૦ (૨)
મદ માન માયા રતિ–લોભા,
નહી રાગ અરતિ શોક ખોભારી–જગ૦
હિંસા નિંદ્રા ક્રીડા ચોરી,
ત્રાડી દુવિધ પ્રસંગની દોરીરી– જગ (૩)
ઈમ દોષ અઢારે નાઠા, જેહ કાળ અનાદિના કાઠારી–જગ૦
ચોત્રિશ અતિશય ગુણખાણી,
વિચરે પ્રભુ કેવળનાણીરી–જગ૦ (૪)
ગણધર વાણી[૫]–ગુણસરીખા, સાઠ સહસ મુનિ સુપરિખારી[૬]
**શ્રી ક્ષમાવિજય** ગુરૂ નામે,
સેવક **જિન** સંપદ પામેરી–જગ૦ (૫)

卐

## (૩૭૮) (૧૬–૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

**(મેં તો ન્યારા રહિસ્યાંજી એ-દેશી)**

મ્હેં તો આણ વહેસ્યાંજી,[૧]
મ્હારા રે, સાહિબરી મ્હેં તો આણ વહેસ્યાંજી
આણ વહેસ્યાં ભક્તિ કરેશ્યાં, રહસ્યાં નયણ[૨]–હજુર
**અરજિન** આગળ અરજ કરંતાં,
લહસ્યાં સુખ મહમૂર[૩]–મ્હેં૦ (૧)
એકને[૪] છંડી બેને[૫] ખંડી, તીનસ્યું[૬] તોડી નેહ
ચ્યાર[૭] જણા શિર ચોટ[૮] કરેસ્યું,
પણનો[૯] આણી છેહ[૧૦]–મ્હેં૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ[૧૧] સત્ત[૧૨] અડ[૧૩] નવ[૧૪] દશને[૧૫] ટાળી,
અજીઆળી અગીયાર[૧૬]
બાર[૧૭] જણાને આદર કરિશ્યું,
તેરનો[૧૮] કરી પરિહાર-મ્હે૦ (૩)
પણ[૧૯] અડ[૨૦] નવ[૨૧] દશ[૨૨] સત્તર[૨૩] પાળી,
સત્તાવિશ[૨૪] ધરી સાથ
પચ[૨૫]વીશ જણશ્યું પ્રીતિ કરશ્યું,
ચ્યાર[૨૬] ચતુર કરી હાથ-મ્હે૦ (૪)
બત્રીશ[૨૭]તેત્રીશ[૨૮] ને ચોરાશી[૨૯], ઓગણીસ[૩૦] દૂર નિવારી
અડતાલીશનો[૩૧] સંગ તજશ્યું, એકાવન[૩૨] દિલ ધારી-મ્હે૦
વીસ[૩૩] આરાધી બાવીશ[૩૪] બાંધી, ત્રેવિશનો[૩૫] કરી ત્યાગ
ચોવિશ-જિનના ચરણ નમીને, પામશ્યું ભવ-જલ તાગ[૩૬]મ્હે૦
ધ્યાતા ધ્યેયને ધ્યાન-સરૂપે, તન મન તાન લગાય;
**ક્ષમાવિજય** કવિ પદકજ-મધુકર,
સેવક **જિન** ગુણ ગાય-મ્હે૦ (૭)

卐

## (૩૭૯) (૧૬-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

### (વર્દ્ધમાન જિનરાયારે-એ દેશ))

**મલ્લિ**-જિણંદશ્યું માહરે રે, અવિહડ ધર્મસનેહ રે મન
વસિઆ દિન દિન તેહ ચઢતે-રસે રે
ઉજળ[૧]-પખિ શશિ[૨]-રેહરે,-ગુણરસીઆ. (૧)
તે હવે ટળવાનો નહિરે, રંગ મજીઠી જેમ રે-મન૦
ત્રાંબુ જે રસ[૩] વેધીઉરે, તે સહી સાચું હેમ[૪] રે-ગુણ૦
**કુંભ**-નરેશર-નંદનોરે, ભવસાયર કરે શોષ રે-મન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સહી યુગતું જાણીયે રે, કરશ્યું ગુણનો પોષ રે- ગુણ૦
લંછન[૫] મિસી તુમ્હ પદ-કજેરે,
કામ કળશ રહ્યો ધન્યરે—મન૦
તારક શક્તિ તિણે થઈરે, જેહને પ્રભુ સુપ્રસન્નરે—ગુણ૦
અળગો તું ભવ-સિંધુથીરે, તારો ભવિજન વૃંદરે-મન૦
રાગાદિક શત્રુ હણો રે, તોયે શમતરૂ-કંદરે—ગુણ૦ (૫)
માગશિર સુદી એકાદશી રે,પાવન ત્રિણ કલ્યાણ રે-મન૦
પણ સય સાધવી-સાધુસ્યું રે,
**સમેતશિખર** નિરવાણરે -ગુણ૦ (૬)
દૂર થકી પણ પ્રીતડીરે, જલ પંકજ નભ ભાણ રે-મન૦
**ક્ષમાવિજય** ગુરૂ નામથી રે, કવિજન કોડી કલ્યાણરે-ગણ૦

卐

## (૩૪૦) (૧૯-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન
### (જોરાવર હાડા એ દેશી)

**મુનિસુવ્રતજિન** દેવરે, જગજીવન-સ્વામી;
ત્રિભુવન-અભિરામ, પ્રણમું શિર નામી,
મેં પુણ્યે પામી, મીઠડી લાગે રે, સેવા તાહરી રે. (૧)
સહસ અધિક વલી આઠ રે,
લક્ષણ અ[૧]-અવિરોહે કર[૨]-પદ માંહે સોહે
ભવિયણ મનમાંહે, ગુણ- સંતતિ રોહે,
મીઠડી મૂરતિ તાહરી રે (૨)
ઈંદ ચંદ રવિ મેરૂ રે,
ગુણ લેઈ ઘડીઓ, અવગુણ નવિ અડિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણઠાણે ચડીઓ, સ્રી[૩] પાસ ન પડીઓ,
નિરૂપમ-અંગ અનંગ હરાવતા રે (૩)
ભૂમિકા કાગદ ઠામ રે, લેખણ વનરાઈ, જલનિધિ જલ શ્યાહી
સુરગુરૂ ચિત લાઈ, તુમ ગુણ ન લિખાઈ,
અલખ-નિરંજન પ્રભુજી! તું જયો રે (૪)
જાણે કેવળી સંત રે, ગુણ ગણી ન શકાયે યોગીશર ધ્યાયે
તન મન લય લાયે, પરમાનંદ પદ પાયે,
અગમ અરૂપ અનંત ગુણે ભર્યો રે (૫)
જગપાવન તુમ નામ રે, મુજ મનમાં આવો, એકાંગી ઠાવો
શુભ ધ્યાન બનાવો, સમકિત દીપાવો,
મુગતિનું મોટું કારણ એ સહી રે (૬)
**ક્ષમાવિજય** ગુરૂશિષ રે, સેવક **જિન** આગે કર જોડી માંગે
લખી પાયે લાગે, અનુભવ-રસ જાગે,
ભવ-ભવ ચરણ-શરણ મુજને હજ્યો રે (૭)

卐

## (૩૮૧) (૧૯-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન
### (યોગીસર ચેલાની દેશી.)

વપ્રાનંદ[૧] વધારજ્યો રે, નિજ સેવકની લાજ રે,
જિનેસર! સૌમ્ય નજરે સ્હામું જુઓ હો લાલ
એકાંગી કરી ઓળગે[૨] રે, તે કિમ આવે વાજ[૩] રે,
જિનેસર! કાજ વિચારી જે કરે હો લાલ (૧)
રાગી દોષી દેવ જો રે, દીઠા નાવે દાય રે—
જિને૦ મુખ મીઠા ધીઠા હીયે હો લાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લટપટ કરી લખ લોકને રે, લલચાવે ધરી માયા રે—જિને૦
મન ન રૂચે તિહાં માહરૂં હો લાલ (૨)
આગમમાંહિ સાંભળ્યું રે, પતિતપાવન તુમ નામ રે—જિને૦
કરૂણાવંત શિરોમણિ હો લાલ
તો મુજને એક તારતાં રે, શ્યું લાગે છે દામ રે—જિને૦
જગ **જશ** વિસ્તરશે ઘણો હો લાલ (૩)
તુમ દરિશન તન ઉલ્લસે રે, જલધર જેમ કદંબરે—જિને૦
કોકિલ અંબ[૪] અલી[૫] માલતી હો લાલ
મોડો વહિલો મનાવશ્યો રે, એવડો તો શ્યો વિલંબ રે—જિને૦
ખોટ ખજાને કો નહી હો લાલ (૪)
આખર આશા પૂરશ્યો રે, મુજને સબળ વિશ્વાસ રે—જિને૦
એવડી ગાઢિમ[૬] કાં કરો હો લાલ,
**ક્ષમાવિજય** કવિ શિષની રે, સાંભળીએ અરદાસ રે—જિને૦
પરમાનંદ પદ દીજીયે હો લાલ (૧)

卐

## (૩૮૨) (૧૬–૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

**(જો હરિ નહી મિલે રે, જોરે મારા પાપી પ્રાણ-એ દેશી.)**

નિરૂપમ નેમજી રે વાલમ! મુકી કાં જાવો
તોરણ આવીને રે, ઈમ કાંઈ વિરહ જગાવો. (૧)
કરૂણા પશુ તણી રે, કરતાં અબળા ઉવેખો
દુર્જન વયણથી રે, એ નહિ સાજન લેખો. (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શશિ લંછન કીઓ રે, સીતા-રામ વિયોગો
વિબુધજને કહ્યો રે, ન્યાયે નામ કુરંગો. (૩)
ગુનહ કો કીઓ રે, જો રડતી એકલડી છંડી
ગણિકા સિદ્ધવધૂ રે તેહશ્યું પ્રીતડી મંડી. (૪)
અડ ભવ નેહલો રે, નવમેં છેહ મ દાખો
દાસી રાઉલી રે, સાહિબ ગોદમાં રાખો. (૫)
પુણ્યે[1] પરવડા રે, મુજથી યાચક લોગા,
દાન સંવત્સરે રે, પામ્યા વંછિત ભોગા. (૬)
વિવાહ અવસરે રે, જિમણો હાથ ન પામી
દીક્ષા અવસરે રે, દીજે અંતરજામી. (૭)
માત **શિવા** તણો રે, નંદન ગુણમણિ ખાણી
સંયમ આપીને રે, તારી **રાજુલ**નારી. (૮)
મુગતિ મહેલે મળ્યાં રે, દંપતી અવિચળ ભાવે
**ક્ષમાવિજય** તણો રે, સેવક **જિન** ગુણ ગાવે. (૯)

卐

# (૩૮૩) (૧૬-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(માહરી સહીરે સમાણી-એ દેશી.)**

વામાનંદન **પાસ**જિણંદા,
મુજ મન-કમળ દિણંદા[1] રે, શમ-સુરતરૂકંદા (૧)
ભીમ[2]-ભવોદધિ તરણ[3] તરંડા
જેર[4] કર્યા ત્રિક[5]-દંડા રે. નહી વ્રીડા[6]-ક્રીડા (૨)
ક્રોધ માન માયા ને લોભા,
કરી ઘાત થયા થીર થોભા રે, લહી જગમાંહિ શોભા (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિજ ગુણ–ભોગી કમ્મર્મવિયોગી,
આતમ અનુભવ યોગી રે, નહી પુદ્ગલ–રોગી (૪)
મન વચનનું ત્રિક યોગને રૂંધી,
સિદ્ધ–વિલાસને સાધી રે, ટાળી સકળ ઉપાધિ (૫)
યથાખ્યાત ચારિત્ર ગુણ લીણો,
કેવળ–સંપદ પીનો રે, યોગીશ નગીનો (૬)
સિદ્ધવધૂ અરિહંત નિરંજન,
પરમેશર ગતલંછન રે, સાહિબ સહુ સજ્જન (૭)
પંડિત ગુરૂ **શ્રી ક્ષમાવિજય**નો,
**જિન** પદ–પંકજ લીનો રે, છોડી મન કીનો (૮)

卐

## (૩૮૪)(૧૬–૨૪) શ્રી મહાવીરસ્વામી–જિનસ્તવન

**( રાગ ધન્યાશ્રી–તે તરીયાની–દેશી.)**

વંદો **વીર**જિનેશ્વર–રાયા, **ત્રિસલા**દેવી જાયા રે
હરિ[1]લંછન કંચનવરન કાયા, અમરવધૂ હુલરાયા રે—વંદો૦
બાળપણે સુરગિરિ[2] ડોલાયા, અહિ–વૈતાલ હરાયા રે
ઇંદ્ર–કહણ વ્યાકરણ[3] નિપાયા,
પંડિત વિસ્મય પાયા રે—વંદો૦ (૨)
ત્રીશ વરસ ઘરવાસ રહાયા, સંયમશ્યું લય લાયા રે
બાર વરસ તપ કર્મ–ખપાયા કેવળનાણ ઉપાયા રે—વંદો૦
ખાયક–રિદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે
ચ્યાર રૂપ કરી ધર્મ બતાયા,
ચઉવિહ સુર ગુણ ગાયા રે—વંદો૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીન ભુવનમેં આણ મનાયા, દશ દોય[૪] છત્ર ધરાયા રે
રૂપ-કનક મણિ ગઢ વિરચાયા,
નિર્ગ્રંથ નામ ધરાયા રે—વંદો૦ (૫)
રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુહિ નાદ બજાયા રે
દાનવ-માનવ વાસ વસાયા, ભક્તે શીશ નમાયા રે—વંદો૦
પ્રભુ ગુણ-ગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે
પંડિત **ક્ષમાવિજય** સુપસાયા,
સેવક **જિન** સુખદાયા રે—વંદો૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જિનવિજય મહારાજ
કૃત
# સ્તવન–ચોવિશી
# કઠિન શબ્દોના અર્થ

**સ્તવન ૧૬–૧**

૧. હાથ ૨. ગદા વડે ૩. ચોમેર ફરતા ક્ષેત્રમાં ૪. ચારિત્રરૂપ રાજાની ૫. છોકરી.

**સ્તવન ૧૬–૨**

૧. અનુકુળ ૨. સારા ૩. ફોતરાં ૪. કેરડો ૫. હંસ ૬. છીછરાં પાણી ૭. નાથ=સ્વામીને.

**સ્તવન ૧૬–૩**

૧. અંદર નથી ૨. પરસેવો ૩. લોહી ૪. ગાયના દૂધ ૫. પ્રભુનો ૬. ચહેરો.

**સ્તવન ૧૬–૪**

૧, ઠપકારૂપ ૨. વિનતિ ૩. છેવટે ૪. માનસિક શાંતિ ૫. પ્રેમથી ૬. ઉમંગ.

**સ્તવન ૧૬–૫**

૧. સેવામાં ૨. તમારા ૩. પગ ૪. સેવા કરું ૫. સ્પષ્ટ ૬. નિષેધ ૭. દોડીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૬-૬**

૧. અનુભવેલ ૨. બાબતો ૩. હું નિર્ગુણ છતાં ગુણવાન પર ઈર્ષ્યાભાવવાળો (બીજી ગાથાની ત્રીજી લીટીનો અર્થ) ૪. મેઘ જેવા.

**સ્તવન ૧૬-૭**

૧. ધારામાં ૨. અંતર ૩. સૂર્ય ૪. પોપટ ૫. ગરૂડ ૬. શ્રીકૃષ્ણ.

**સ્તવન ૧૬-૮**

૧. મનગમતો ૨. કલ્પવૃક્ષ ૩. ઉલ્લસ્યો ૪. પ્રભુજીની માતાનું નામ ૫. ચરણકમળ,

**સ્તવન ૧૬-૯**

૧. મસ્તક પાછળ ૨. બે બાજુ ૩. વૃક્ષ ૪. પાંદડાં ૫. સમૂહ

**સ્તવન ૧૬-૧૦**

૧. વિશિષ્ટ ૨. દેવીઓ ૩. ભમરીની ૪. જેમ ૫. મુખરૂપ કમળ ૬. સંગીત પદ્ધતિ

**સ્તવન ૧૬-૧૧**

૧. નાથ ૨. ગેંડો ૩. કલ્યાણરૂપ અંકુરના મૂળ સમા ૪. સંસાર-જંગલ ૫. બે ચોર=રાગદ્વેષ

**સ્તવન ૧૬-૧૨**

૧. સારી દિશા ૩. ભવની ભ્રમણા ૩. સારી રીતે ૪. પવિત્ર જળ ૫. સારી કાંતિવાળા ૬. સુગંધ સમૂહ ૭. સંપૂર્ણ ૮. પાથરણા ૯. વૃત્તિઓ

**સ્તવન ૧૬-૧૩**

૧. ચારિત્રરૂપ ૨. મંત્રી ૩. રસ્તો ૪. બખ્તર ૫. શુદ્ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૬-૧૪**

૧. સમૂહ ૨. આંબો ૩. સોનું ૪. પર્વત

**સ્તવન ૧૬-૧૫**

૧. મારવાડમાં ૨. કલ્પવૃક્ષ ૩. સંગત છે ૪. લીંબડા વગેરે ૫. સ્વરૂપ ૬. શંકર ૭. પ્રભુજીની માતાનું નામ ૮. સેવા કરનાર ૯. નાશ કરનાર

**સ્તવન ૧૬-૧**

૧. મનરૂપ ભ્રમરા માટે કમળ જેવા ૨. પ્રભુજીના પિતાનું નામ ૩. પુત્ર ૪. મોડું ૫. વાણીના ગુણ= પાંત્રીશ, એટલે પાંત્રીશ ગણધરો છે ૬. સારી પર્ષદા છે.

**સ્તવન ૧૬-૧૮**

૧. ધારશું ૨. આંખોની સામે=સેવામાં ૩. અત્યંત ઘણું ૪. અવિરતિને ૫. રાગ-દ્વેષને ૬. ત્રણદંડ ૭. ચાર કષાય ૮. પ્રહાર ૯. પાંચ ક્રિયાનો ૧૦. અંત ૧૧. છ કાયની હિંસા ૧૨. સાત ભય ૧૩. આઠ મદ ૧૪. નવ પ્રકારનું અબ્રહ્મ ૧૫. દશપ્રકારનો અસંયમ ૧૬ અગ્યાર પ્રતિમા (શ્રાવકની) ૧૭. બાર પ્રતિમા (સાધુની) ૧૮. તેર ક્રિયા સ્થાનો ૧૯. પાંચ મહાવ્રત ૨૦. આઠ પ્રવચન માતા ૨૧. નવ બ્રહ્મચર્ય ગુપ્તિ ૨૨. દશ પ્રકારે શ્રમણ ધર્મ ૨૩. સત્તર પ્રકારે સંયમ ૨૪. સાધુના સત્તાવીશ ગુણો ૨૫. પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનાઓ ૨૬. ચાર ભાવશય્યા ૨૬. સૂત્રોચ્ચારના બત્રીશ દોષ ૨૮. ગુરુની તેત્રીશ આશાતના ૨૯. જિનાલયની ચોરાશી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશાતના ૩૦. કાઉસ્સગ્ગના ઓગણીશ દોષ ૩૧-તિર્યંચના ભેદ અડતાલીસ ૩૨. જ્ઞાનના એકાવન ભેદ ૩૩ વીસ સ્થાનક ૩૪. બાવીશ પરિષહો ૩૫. પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયો

**સ્તવન ૧૬-૧૯**

૧. શુકલ પક્ષનો ૨. ચંદ્રની કળા ૩. સોનું બનારનાર રસથી ૪. સોનું ૫. બહાને

**સ્તવન ૧૬-૨૦**

૧. વિરોધ વિના=સરખી રીતે ૨. હાથ-પગમાં ૩. સ્ત્રીના ફંદામાં

**સ્તવન ૧૬-૨૧**

૧. શ્રી વપ્રા-માતાના પુત્ર ૨. સેવા કરે ૩. અનુકૂળ ૪. આંબો ૫. ભ્રમર ૬. પકડ-ખેંચ

**સ્તવન ૧૬-૨૨**

૧. મારાથી યાચક-લોકો પુણ્યથી પ્રબળ કહી શકાય કે જેઓએ સંવત્સરી દાનમાં મન ધારણા પ્રમાણે પદાર્થો આપની પાસેથી મેળવ્યા (છઠ્ઠી ગાથાનો અર્થ).

**સ્તવન ૧૬-૨૩**

૧. સૂર્ય ૨. ભયંકર ભવસમુદ્ર ૩. તરવા માટે નાવ સમાન ૪. દૂર કર્યા ૫. મન-વચન કાયાના કુ-વ્યાપારો ૬. લજ્જા.

**સ્તવન ૧૬-૨૪**

૧. સિંહ ૨. મેરુપર્વત ૩. જૈનેન્દ્ર નામનું ૪. દશ અને બે=બાર, એક બાજુ ત્રણ છત્ર, એ રીતે ચાર દિશાના ત્રણ ત્રણ મલીને બાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જિનવિજયજી મ.

કૃત

# સ્તવન ચોવિશી

# [૧૭]

## (૩૮૫) (૧૭-૧) શ્રી રૂષભદેવ-જિન સ્તવન

(હારરો હીરો—એ દેશી.)

પ્રથમ-જિણેસર પૂજવા, સહીયર મ્હારી !
અંગ ઉલટ[1] ધરી આવ! હો
કેસર ચંદન મૃગમદે[2] સહી૦ સુંદર આંગી બનાવ ! હો
સહજ સલૂણો[3] મ્હારો, શમ-સુખલીનો મ્હારો
જ્ઞાનમાં ભીનો મ્હારો સાહિબો,
સહીયર મ્હારી ! જયો ! જયો પ્રથમ-જિણંદ ! હો (૧)
ધન્ય મરૂદેવી કૂખને સહી૦ વારી જાઉં વાર હજાર હો
સ્વર્ગ શિરોમણિને તજી,
સહી૦ જિહાં પ્રભુ લીએ અવતાર હો—સહજ૦ (૨)
દાયક[4]-નાયક જન્મથી, સહી૦ લાજ્યો સુરતરૂ[5]-વૃંદ હો
યુગલા-ધરમ-નિવારણો, સહી૦ જે થયો પ્રથમ-નરિંદ હો
—સહજ૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકનીતિ સહુ શીખવી, સહી૦ દાખવા મુક્તિનો રાહ[૬] હો
રાજ્ય ભળાવી પુત્રને, સહી૦ પામ્યો ધર્મ-પ્રવાહ હો
—સહજ૦ (૪)
સંયમ લેઈ સંચર્યો, સહી૦ વરસ લગે વિણુ આહાર હો
શેલડી રસ સાટે[૭]દીઓ, સહી૦ **શ્રેયાંસને** સુખ સાર[૮]હો
—સહજ૦ (૫)
મોટા મહંતની ચાકરી, સહી૦ નિષ્ફળ કદી ય ન થાય હો
મુનિપણે નમિ-વિનતિ કર્યા, સહી૦ ખિણમાં ખેચર-રાય હો
—સહજ૦ (૬)
જનનીને કીઓ ભેટણો, સહી૦ કેવળ-રત્ન અનૂપ[૯]હો
પહિલી માતા મોકલી, સહી૦ જોવા શિવ-વહૂ-રૂપ હો
—સહજ૦ (૭)
પુત્ર નવાણું પરિવર્યો, સહી૦ ભરતના નંદન આઠ હો
આઠ કરમ અષ્ટપદે, સહી૦ યોગ-નિરોધે નાઠ હો
—સહજ૦ (૮)
તેહના બિંબ **સિદ્ધાચલે**, સહી૦ પૂજો પાવન-અંગ હો
**ક્ષમાવિજય-જિન** નિરખતાં, સહી૦ ઉછળે હરખ-તરંગ હો
—સહજ૦ (૯)

卐

## (૩૮૬) (૧૭-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**(પ્રિયુડા! જિન ચરણારી સેવા પ્યારી મુને લાગે-એ દેશી.)**

જીવડા! વિષમ[૧] વિષયની[૨]હેવા[૩],
તુજ કાંઈ જાગે! હજી કાંઈ જાગે!
જીવડા! અ-કળ-સરૂપ **અજિત**-જિન નિરખ્યો,
પરખ્યો[૪] પૂરણ[૫]-ભાગે-જીવડા૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ–રસ–સુ–કોમળ સુરતરૂ પામી, કંટક બાઉળ માંગે
એરાવત[6]સાટે કુણ મૂરખ? રાસભ[7]પુંઠે લાગે—જીવડા૦
ઘોર[8] પહાડ ઉજાડ[9] ઉલંઘી, આવ્યો સમકિત માગે
તૃષ્ણાએ સમતા–રસ બિગડે,કુંભ ઉદક જિમ કાગે—જીવડા૦
જિમ કોઈક નર જાન લેઈને, આવ્યો કન્યા[10]-રાગે
સરસ–આહાર નિંદ્રાભર પોઢયો,
કરડયો વિષયા નાગે—જીવડા૦ (૪)
**વિજયા**[11]-નંદન વયણુ–સુધારસ. પીતાં શુભમતિ જાગે
પાંચે ઇંદ્રિય ચપલ-તુરંગમ, વશ કરી જ્ઞાન સુ[12]-વાગે
—જીવડા૦ (૫)
**ક્ષમાવિજય**–જિન–ગુણ–કુસુમાવલી, શોભિત ભકિત-પરાગે
કંઠ આરોપી વિરતિ-વનિતા, વહી કેસરીએ ષાગે—જીવડા૦

卐

## (૩૮૭) (૧૭–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**(દેશી-હંસલાની)**

સુખકારક હો **શ્રીસંભવનાથ** કે સાથ ગ્રહ્યો મેં તાહરો
સિદ્ધપુરનો[2] હો પ્રભુ! સારથવાહ કે.
ભવ અટવીનો ભયહરો (૧)
હું ભમિયો હો મોહવશ મહારાજ કે,
ગહન અનાદિ—નિગોદમાં
કીધાં પુદ્ગલ હો પરાવર્ત્ત અનંત કે,
મહા–મૂઢતા–નિંદમાં (૨)
તિરિ–ગઈમાં હો! અસન્નિ એગિંદિ કે, વેદ નપુંસક નેંવનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ[3]લીના હો ! અસંખ્ય મેં ભાગ કે,
સમ પુગ્ગલ પરાવર્ત્તના. (૩)
સૂક્ષમમાં હો ! સામાન્યે સ્વામી કે,
ભૂ-જલ-જલણ-પવન-વને
ઉત્સર્પિણી હો ! અસંખ્યાતા લોગ કે,
નભ-પરદેશ સમા મિણે (૪)
ઓઘે બાદર હો ! બાદર-વનમાંહિ કે,
અંગુલ અસંખ્ય-ભાગે મિતા
અવસર્પિણી હો ! સુહુમ-ઈતર અનંત કે,
અઢી પુગ્ગલ-પરિઅત્તતા. (૫)
હવે બાદર હો પુઢવી[5] ને નીરકે[6],
અનલ[7] અનિલ[8] પત્તોયતરૂ[9].
નિગોદમાં હો ! સુણી તારક દેવ કે,
સિત્તોર કોડાકોડિ સાગરૂ. (૬)
વિગલેંદ્રિ હો ! માંહિ સંખ્યાત કે, સહસ વરસ જીવન રૂળ્યો
પંચેદ્રિ હો ! તિરિનર ભવ આઠ કે, આઠ કરમ કચરે[10] કળ્યો૦
નારક સુર હો ! એક ભવ અરિહંત કે, વિણ અંતર સાંભરપણે
કહું કેતી હો ! જાણો જગદીશ કે, કમ્મં[11] કદર્થન જીવને૦
ચઉદ ભેદ હો ! ચઉદરાજ મઝાર કે, ચોરાશી લખ-જોનિમાં
ભ્રમ[12]-રસીઓ હો ! વસીઓ બહુ બેશ કે,
ભવપરિણુતિ—તતિગહનમાં૦ (૯)
અશુદ્ધતા હો ! થઈ અશુદ્ધ—નિમિત્ત કે, શુદ્ધ નિમિત્તો તેટલે,
તે માટે હો ! સર્વજ્ઞ અ-મોહ કે, તુમ્હ સંગે ચેતન હિલે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિજ સત્તા હો ! ભાસન રૂચિ રંગ કે,**ક્ષમાવિજય** ગુરૂથી લહી,
**જિનવિજય** હો ! પારગ[૧૪] ! તુમ્હ સેવ કે,
સાધન[૧૫]—ભાવે સંગ્રહી૦ (૧૧)

卐

## (૩૮૮) (૧૭–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

**(મહાવિદેહ ખેત્ર સોહામણો-એ દેશી)**

**અભિનંદન** આણંદમાં અતિશય લીલ અનંત-લાલ રે
**સંવર**[૧]-રાયનો બેટડો, સંવર-સુખ વિલસંત—લાલ રે,
અભિનંદન આણંદમાં૦ (૧)

**સિદ્ધારથ**[૨]નો લાડલો, સિદ્ધારથ ભગવાન—લાલ રે
એ જુગતું જગતી તળે, વિચરે મહિમા,-નિધાન-લાલ રે અભિ૦

ચાલે ગજ ગતિ ગેલસ્યું, કામ-કેશરી કરે નાશ-લાલ રે
દીપે દિનકર તેજથી, શીતલ સહજ–વિલાસ-લાલ રે–અભિ૦

વરસે વાણી મેહ જ્યું તૃષ્ણા તટિની[૩]-શોષ–લાલ રે
આતમ-સંપદ વેલડી, ક્ષાયિક–ભાવે–પોષ–લાલ રે–અભિ૦

બાંધ્યું ભાવના–સાંકળે, મુજથી ચંચળ ચિત્ત–લાલ રે
લાંછન[૪] મિશ ચરણે રહ્યો, વાનર કરે વિનીત–લાલ રે અભિ૦

તિરિ ગઈ ચપલાઈપણું, વારો આપ વિવેક–લાલ રે
**ક્ષમાવિજય–જિન** ચાકરી,
ન તજું ત્રિવિધે ટેક–લાલ રે–અભિ૦ (૬)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૮૯) (૧૭-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

**(રાગ-રામકલી તથા સારંગ મલ્હાર-અંબર દેહુ મોરારી)**

તુમ્હે હો પર-ઉપગારી ! **સુમતિ** જિન !
તુમ્હે હો જગ-ઉપગારી !
પંચમ જિન પંચમ[૧]-ગતિ દાયક, પંચ-મહાવ્રત ધારી
પંચ પ્રમાદ મતંગજ[૨] ભેદન,
પંચાનન[૩] અનુકારી—સુમતિ૦ (૧)
પંચ-વિષય-વિષધર[૪]-તતિ[૫]-ખગપતિ,[૬]
પંચ[૭]-શર મદન વિકારી
આશ્રવ પંચ તિમિર[૮]-ભર[૯]-દિનકર,[૧૦]
કિરીયા પંચ નિવારી—સુમતિ૦ (૨)
પંચાચાર સુ-કાનન-જલધર, પંચમાંહિ અધિકારી
આગમ-પંચ અમૃત રસ વરસી,
દુરિત-દાવાનલ હારી—સુમતિ૦ (૩)
મેતારજ[૧૧] અપરાધી વિહંગમ, ચરણે રાખ્યો શિરધારી
પરખદમાંહે આપ વખાણો, કૌંચસ્વરા સુરનારી—સુમતિ૦
**મેઘ**-નૃપતિ કુળ મુકુટ નગીનો, **મંગલા** ઉર અવતારી
**ક્ષમાવિજય** બુધ શિષ્ય કહે **જિન**,
ગરભથી સુમતિ વધારી—સુમતિ૦ (૫)

卐

## (૩૯૦) (૧૭-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**(આછેલાલની—એ દેશી)**

પદ્મ[૧]-ચરણ જિનરાય, બાલ[૨]-અરૂણ-સમ કાય;
જીવનલાલ ! ઉદયો **ધર**[૩]-નૃપ કુળ—તિલોજી૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહાદિક અંતરંગ, અરીયણ[૪] આઠ અભંગ[૫]
જીવનલાલ! મારવા માનું[૬] રાતો[૭] થયોજી (૨)
ચઢી સંયમ–ગજરાય, ઉપશમ–ઝૂલ બનાય
જીવનલાલ! તપસિંદુરે અલંકારયોજી (૩)
પાખર ભાવના ચ્યાર, સુમતિ–ગુપતિ શિણગાર
જીવનલાલ! અધ્યાતમ—અંબાડીયેજી (૪)
પંડિત–વીર્ય કબાન,[૮] ધર્મ–ધ્યાન શુભ બાણ
જીવનલાલ! ક્ષપકશ્રેણિ સેના વળીજી (૫)
શુકલધ્યાન સમશેર,[૯] કર્મ-કટક[૧૦] કીયો જેર[૧૧]
જીવનલાલ! **ક્ષમાવિજય જિન**-રાજવીજી (૬)

卐

## (૩૯૧) (૧૭–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

**(ઝુમખડાની દેશી.)**

દેહ[૧]–ગેહ સોહાવિએ, મન–દેહરાસર ખાસ—સોભાગીસાજના
નિજ–ગુણ–રૂચિ સિંહાસને, થાપો દેવ **સુપાસ**—સો૦ (૧)
સમકિત–બારણે બાંધીએ, તોરણ મૈત્રીભાવ—સો૦
ગુણીજન ગુણ–અનુમોદના, સરસ સુવાસ[૨] બનાય—સો૦ (૨)
કરૂણા શીતળ–જળભરે[૩], સંવર–ભૂમિ સમાર[૪]—સો૦
મધ્યસ્થ-ભાવના મંડપે, રચના ભાવના બાર—સો૦ (૩)
ચંદ્રોદય ધર્મ ધ્યાનનો, પંચાચાર ચિત્રામ—સો૦
ઉત્તરગુણ આરાધના, ઝબકે મોતી–દામ[૫]—સો૦ (૪)
ઓરસીઓ અપ્રમત્તતા, અનુભવ કેસર ઘોળ—સો૦
ક્ષપકશ્રેણી–આરોહણા, પૂજના ભક્તિની ચોળ સો૦ (૫)
શુકલધ્યાનાનલ ધૂપીએ, ચારિત્રમોહની ચૂરી—સો૦
પ્રગટ અનંત ચતુષ્ટયી **ખિમાવિજય જિન** સૂરી[૬]—સો૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૯૨) (૧૭-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

(રાગ રામગિરિ-તુંગીયા ગિરિ શિખર સોહે-એ દેશી)

**શ્રી ચંદ્રપ્રભ** જગદીશ દીપે, વિશ્વ-પાવન નાથ રે
નામ—ઠવણા—દ્રવ્ય—ભાવે, કરત લોક સ-નાથરે
**શ્રી ચંદ્રપ્રભ** જગદીશ દીપે—(૧)
નયરી ચંદ્રાનના નામે, મહસેન મહીકંતરે[1]
રાણી **લખમણા** માત જાયો, નામ **ચંદ્રપ્રભ**ખ્યાતરે-શ્રી૦
નામ જાંગુલી[2]—મંત્ર જાપે, પાપ-વિષધર[3] નાસ રે
થાપના ત્રિહું લોકમાંહી પૂજતાં સુખ-વાસરે—શ્રી૦ (૩)
પાછલે ભવે **પદ્મરાજા, યુગંધર** મુનિ પાસ રે
ગ્રહી સંયમ યોગ સાધી, **વૈજયંત**—નિવાસ રે-શ્રી૦ (૪)
તીન અધિકા તીશ સાગર, પાળી પુરણ આય રે
પૌષ માસે કૃષ્ણ બારસ, જનમીયા જિનરાય રે—શ્રી૦ (૫)
ગેહવાસી પણ ઉદાસી ભોગવી વર રાજ રે
દાન વરસી દેઈ છઠ તપ, લહે વ્રત-સામ્રાજ્ય રે—શ્રી૦ (૬)
ઘાતીયાં દળ[4] ચ્યાર ચૂરી, ચ્યાર મહાવ્રત સૈન્ય રે
સમોસરણે ભાવ-જિનવર, થયા સિદ્ધ-વરેણ્ય રે—શ્રી૦ (૭)
સર્વક્ષેત્રે સર્વ કાળે, જગત-વત્સલ-રૂપ રે
**ક્ષમાવિજય જિન**રાજ મહિમા, પ્રગટ પુણ્ય-સરૂપ રે-શ્રી૦

卐

## (૩૯૩) (૧૭-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

(વીરે વખાણી રાણી ચેલણાજી-એ દેશી.)

**સુવિધિ**-જિન ! વળી વળી વિનતીજી, મીનતી[1]કેતી કરાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગગુરૂ! મોટીમમાં[૨]રહોજી, આતુર[૩]-જન અકળાય
—સુવિધિ૦ (૧)

નાયક[૪] નજર માંડે નહીજી, પાયક[૫] કરે અરદાસ
જેહની પુંઠે જે સરજીયાજી, તેહને તેહની આસ—સુવિધિ૦
આપ અનંત સુખ ભોગવોજી, તેહનો અંશ દ્યો મુજ
મીઠડું સહુ જણે દીઠડુંજી, અવર શું ભાખીએ તુજ
—સુવિધિ૦ (૩)

રયણ એક દેત રયણાયરેજી, ઉણિમ[૬] કાંઈ ન થાય
હાથીના મુખથી દાણો પડેજી,
કીડીનું કુટુંબ વરતાય—સુવિધિ૦ (૪)

ચંદ્રની ચંદ્રિકા વિસ્તરેજી, અમૃતમાં નહિ હાણ
**ક્ષમાવિજય-જિન** લહેરથીજી,
જગ-જન લહત કલ્યાણ—સુવિધિ૦ (૫)

卐

## (૩૯૪) (૧૭-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

(હીરજી ગુરૂ વંદો—એ દેશી)

**શીતલ**-જિન સહજાનંદી, થયો મોહની કર્મ નિકંદી[૧]
પરજાઇ[૨] બુદ્ધિ નિવારી, પારિણામિક[૩] ભાવ સમારી
મનોહર મિત્ર! એ પ્રભુ સેવો, દુનિઆમાંહિ દેવ ન એવો (૧)

વર કેવલનાણ વિભાસી, અજ્ઞાન તિમિર[૪]-ભર[૫] નાસી
જયો લોકાલોક પ્રકાશી,
ગુણપજ્જવ વસ્તુ-વિલાસી—મનોહર૦ (૨)

અક્ષયથિતિ અવ્યાબાધ, દાનાદિક લબ્ધિ અગાધ
જેહ શાશ્વત-સુખનો સ્વામી,
જડ ઇંદ્રિય ભોગ-વિરામી—મનોહર૦ (૩)

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

જેહ દેવનો દેવ કહાવે, યોગીશર જેહને ધ્યાવે
જસુ આણા સુરતરુ વેલી,
મુનિહૃદય-આરામે ફેલી—મનોહર૦ (૩)
જેહની શીતલતા સંગે, સુખ પ્રગટે અંગોઅંગે
ક્રોધાદિક તાપ સમાવે, **જિન**વિજયાણંદ સભાવે-મનો૦

卐

## (૩૯૫) (૧૭-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**(નાન્હો નાહલો રે—એ દેશી)**

શ્રી **શ્રેયાંસ**-જિણંદની રે,
સૂરતિ[૧] સુંદર દેખી—લાગી મોહની રે
મધુકર[૨] માચ્યો માલતી રે, બીજાં રુંખ[૩] ઉવેખી-લાગી૦
આવળ-ફૂલ જયું કુટડા રે,[૪]
નહીં ગુણ પરિમળ[૫] લેશ—લાગી૦
વેશ બનાવે દેવનો રે, તિહાં રચો પ્રેમ-નિવેશ—લાગી૦
બેપરવાહી પદ્માસને રે, મુખ શશિ સહજ-પ્રસન્ન-લાગી૦
નયન પીયૂષ[૬]-કચોલડા રે, વિગત[૭] વિકાર પ્રસન્ન-લાગી૦
રાગ-દ્વેષ વિણુ એકલો રે, ખડગી-શૃંગ ઉપમાન-લાગી૦
વિષ્ણુ પિતા વિષ્ણુ માવડી રે, વિશ્વમાં વ્યાપી જ્ઞાન-લાગી૦
સૂતાં જાગતાં ઉઠતાં રે, ચાલતાં કરતાં કામ—લાગી૦
બોલતાં બેસતાં સાંભરે રે, **ક્ષમાવિજય**-જિન નામ—લાગી૦

卐

## (૩૯૬)(૧૭-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન

**(શ્રી રૂપભાનન ગુણનીલો-એ દેશી.)**

આવો આવો મુજ મનમંદિરે,
સમરાવું સમકિત વાસ[૧] હો—મુણીંદ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચાચાર બિછાવણા, પંચરંગી રચના તાસ હો
—મુણીંદ—આવો० (૧)
સિજ્જા મૈત્રીભાવના, ગુણમુદિતા તળાઈ[૩] ખાસ હો–મુણીંદ०
ઉપશમ ઉત્તરછદ[૪] બન્યો તિહાં, કરૂણા કુસુમ–સુ–વાસ હો
—મુણીંદ—આવો० (૨)
થિરતા આસન આપશ્યું,
તપ–તકિયા નિજ ગુણ–ભોગ હો—મુણીંદ०
શુચિતા કેસર છાંટણાં, અનુભવ તંબોળ સુરંગ હો
—મુણીંદ—આવો० (૩)
ખાંતિ ચમર વીંજશે, વળી મૃદુતા ઢોળે વાય હો—મુણીંદ०
છત્ર ધરે રૂજુતા સખિ! નિર્લોભ ઓળાંસે[૫] પાય હો
—મુણીંદ—આવો० (૪)
સત્ય સચિવને સોંપશ્યું, સેવા વિવેક–સંયુત હો—મુણીંદ०
આતમ સત્તા શુદ્ધચેતના, પરણાવું આજ મુહૂર્ત હો
—મુણીંદ—આવો० (૫)
અરજ સુણીને આવિયા,
**જયા**–નંદન નિરૂપમ દેહ હો—મુણીંદ०
ઓછવ રંગ–વધામણાં, થયા **ક્ષમાવિજય–જિન** ગેહ હો
—મુણીંદ–આવો० (૬)

卐

## (૩૯૭) (૧૭–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

**(ગુંહલી કરો ગુરૂ–આગળે–એ દેશી.)**

**વિમલ**! વિમલ ગુણ તાહરા, કહેવાયે હો! કિમ એકણ જીહ[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગ-જંતુ સન્નીપણે, તસુ જીવિત હો ! અસંખ્યાતા દિહ[2]
—વિમલ૦ (૧)

સાયર[3] શ્યાહી સંભવે, સવિ વસુધા[4] હો ! કાગદ ઉપમાન
તરૂગણ લેખણ[5] કીજીએ, ન લિખાયે હો ! તુજ ભાસન માન
—વિમલ૦ (૩)

લિખન-કથન અભિલાપ્ય[6] છે,
અનંતગુણ હો અનભિલાપ્ય પયથ્થ
કેવલનાણ અનંતગુણો, કહેવાને હો કુણ હોય સમથ્થ વિ૦

રૂપી-અરૂપી દ્રવ્યના, ત્રિહું કાળના હો ! પજ્જવ[8]-સમુદાય
પરિણામિકતાએ પરિણમે, તુહ્મ જ્ઞાનમાં હો ! સમકાળ સમાય
—વિમલ૦ (૪)

કેવળ દંસણ તિમ વળી, ગુણ બીજો હો ! ગ્રાહક સામાન્ય
કરતાં એકપણાથકી, ઉપયોગે હો ! સમયાંતર માન્ય વિ૦

સુરગણ[9]-સુખ પિંડિત[10] કરી,
કોઈ વર્ગિત[11] હો ! કરે વાર અનંત
તુમ્હ ગુણ અ[12]-વ્યાબાધને,
અનંતમેં હો ! નવિ ભાગ આવંત—વિમલ૦ (૬)

દ્રવ્ય સાધર્મેં માહરી. સહુ સત્તા હો ! ભાસન પરતીત
સ્ફટિક સંયોગે શામળો,
નિજ રૂપે હો ! ઉજવળ સુપવિત્ત—વિમળ૦ (૭)

**ક્ષમાવિજય-જિન** સેવના, નિતુ કીજે હો ! જિમ પ્રગટ તેહ
સહજાનંદી ચેતના,
ગુણી ગુણમાંહો રમે સાદિ-અછેહ—વિમલ૦ (૮)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૯૮) (૧૭-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

**(ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણિ—એ દેશી)**

**અનંત-જિણંદ !** મુણિંદ ઘનાઘન[1] ઉમ્હયો રે—ઘનાઘન૦
સફળ અશોકની છાંહિ સ[2]-ભર—છાહી રહ્યો રે—સભર૦
છત્રત્રયી ચઉ પાસ ચલંતા વાદળા રે—ચલંતા૦
ચંચળ ચોવીશ ચામર બગપરે ઉજળા રે—બગ૦ (૧)

ભામંડલની જ્યોતિ ઝબૂકે વીજળી રે—ઝબૂકે૦
રત્ન-સિંહાસન ઇંદ્રધનુષ શોભા મિલી રે—ધનુષ૦
ગહિરો[3] દુંદુહિ નાદ આકાશે પૂરતો રે—આકાશે૦
ચઉવિહ દેવનિકાય-મયૂર નચાવતો રે—મયૂર૦ (૨)

બહુ-વિધિ ફૂલ અ-મૂલ સુગંધી વિસ્તરે રે—સુગંધી૦
બાર પરખદા નયન સરસીયા કરે રે—સરસીયા૦
**સુજ્યા**-નંદન વયણ સુધારસ વરસતો રે—સુધા૦
ભાવિકહ્રદય ભૂ-પીઠ રોમાંચ અંકૂરતો રે—રોમાંચ૦ (૩)

ગણધર ગિરિવર-શ્રૃંગથી પસરી સુરસરી રે—પસરી૦
નય-ગમ ભંગ-પ્રમાણ તરંગે પરવરી રે—તરંગે૦
ક્રોધ-દાવાનલ શાંતિથી શીતલ ગુણ વહે રે—શીતલ૦
અશુભ-કરમ-ઘન-ઘામ સમાધિ સુખ લહે રે—સમાધિ૦

વિકસિત સંયમ-શ્રેણિ વિચિત્ર વનાવળી રે—વિચિત્ર૦
આશ્રવ પંચ જવાસ કે મૂળ-સંતતિ બળી રે—મૂળ૦
પસર્યો સુથ સુગાલ દુકાલ ગયો ટળી રે—દુકાળ૦
**ક્ષમાવિજય**-જિન સંપદ વરષા-રૂતુ ફળિ રે—વરષા૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૯૯) (૧૭-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

**(થાં પર વારી મ્હારા સાહિબા કાબીલ મત જાજો-એ દેશી.)**

સૂરતિ[૧] **ધર્મ**-જિણંદની સમતારસ પૂરી
અંતર દોષ=અભાવથી, બની કાંતિ સૂ[૨]-નૂરી
હું વારી **ધર્મ**-જિણંદની મૂરતિને[૩] મટકે[૪] (૧)
હાસ્ય અરતિ રતિ અજ્ઞતા. ભય શોક દુગંછા
રાગ-દ્વેષ અવિરતિ નહિ, કામ નિદ્રા મિચ્છા—હું૦ (૨)
દાનાદિક ગુણ અનુભવે, અંતરાય અભાવે
વસ્તુ સ્વાભાવિક ધર્મને, કુણ ઉપમ આવે—હું૦ (૩)
પૂરણ પરમાનંદથી, પદમાસન વાળી
સાધ્ય સંપૂરણ નિપને[૫], ન ધરે જપમાળી—હું૦ (૪)
અંગના ઉછંગે નહી. હાથે ન હથિયાર
**ક્ષમાવિજય-જિન**રાજની, મુદ્રા અ-વિકાર—હું૦ (૫)

卐

## (૪૦૦) (૧૭-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

**(તાહરી આંખડીયે ઘર ઘાલ્યું ગહજો ગિરધારી-એ દેશી.)**

તું પારંગત ! તું પરમેસર ! વાલા મારા ! તું પરમારથ-વેદી
તું પરમાતમ ! તું પુરૂષોત્તમ ! તું અ[૧]-છેદી અ[૨]-વેદી રે
મનના મોહનીયા
તાહરી કીકી કામણગારી રે જગના સોહનીયા (૧)
યોગી-અયોગી ભોગી-અભોગી,વાલા૦તુંહી જ કામી-અકામી
તુંહી અ-નાથ નાથ ! સહુ જગનો.
આતમસંપદ રામી રે—મન૦ (૨)

એક અસંખ્ય અનંત અનૂચર[3],
વાલા૦ અ-કળ-સકળ અ-વિનાશી
અ-રસ અ-વર્ણ અ-ગંધ અ-ફાસી,
તુંહીં અ[4]-પાશી અ-નાશી રે મન૦ (૩)
મુખ-પંકજ ભમરી પરે અમરી, વાલા૦ તુંહી સદા બ્રહ્મચારી
સમોસરણ-લીલા અધિકારી, તુંહીજ સંયમ-ધારીરે—મન૦
**અચિરા**-નંદન અચરિજ એહી, વાલા૦ કહણીમાંહિ ન આવે
**ક્ષમાવિજય જિન** વયણ સુધારસ,
પીવે તેહિજ પાવે રે—મન૦ (૫)

卐

## (૪૦૧) (૧૭-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(દેશી લલનાની)**

કરૂણા **કુંથુજિણંદની**, ત્રિભુવન મંડળમાંહિ—લલના૦
પરમેશ પંચ કલ્યાણકે, પ્રગટ ઉદ્યોત[1] ઉછાહ
—લલના૦ કરૂણા૦ (૧)
**સુર**-સુત તન ખટ[2]-કાયને, રાખે અચરિજ રૂપ—લલના૦
ભાવ અહિંસક ગુણતણો, એ વ્યવહાર અનૂપ[3]
—લલના૦ કરૂણા૦ (૨)
દીધો દુષ્ટ વ્યંતરથકી, છાગ[4] રહ્યો પગ આય—લલના૦
પરમ કૃપાળ પ્રભુ મિળે, કહો કિમ અળગો[5] થાય
—લલના૦ કરૂણા૦ (૩)
શાંત અનુમત વચતણો, લોકોત્તર આચાર—લલના૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયિક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર

—લલના૰ કરૂણા૰ (૪)

અસંખ્ય પ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત—લલના૰

વાનગી અવની-મંડલે, વિહારે ઇતિ[૬] સમતંત

—લલના૰ કરૂણા૰ (૫)

જગજંતુ જિનવરતણે, શરણે સિદ્ધિ લહંત-લલના૰

**ક્ષમાવિજય**-જિનદેશના, જલધરપરે વરસંત

—લલના૰ કરૂણા૰ (૬)

卐

## (૪૦૨) (૧૭-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

**(થારે માથે પચરંગી પાઘ સોનારો છોગલો મારૂજી-એ દેશી.)**

**અર**-જિનવર નમીએ નિજ[૧]ઘર રમીએ જીવના-સાહિબજી

પર[૨]પરિણતિ દમીએ[૩]નવી ભમીએ ભવગહનમાં[૪]

—સાહિબજી (૧)

ગયો કાલ અનંતો પ્રભુ અણલહતો[૫]નિંદમાં—સાહિબજી

મિથ્યામતિ નીડો[૬]કીડો વિષયા[૭]-લીંદમાં—સાહિબજી (૨)

વર રમણી રૂપે લીનો દીનો મૈથુને—સાહિબજી

આશ્રવ ભર ભારી પાપ અંધારી પૈશુને—સાહિબજી (૩)

થયો લાખ ચોરાશી યોનિ વાસી મોહ વસે—સાહિબજી

વર્યો તૃષ્ણા દાસી, પુદગલ આશી બહુ ધસે—સાહિબજી (૪)

વૈશ્વાનર[૮] રાતો માને માતો[૯] ફૂકરો[૧૦]—સાહિબજી

માયા વિષવેલી કરતો કેલી વાનરો—સાહિબજી (૫)

લોભાનલ દાધો ખાધો મમતા સાપિણી-સાહિબજી

ડાકિણી પરે અળગી ન રહે વળગી પાપિણી—સાહિબજી (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકોદર[૧૨]-દ્રંગે અરિયણ સંગે હેળવ્યો—સાહિબજી
ભવિતવ્યતા અમરી સમરી નરભવ મેળવ્યો-સાહિબજી૦
નવિ કીજે ખામી અવસર પામી પુણ્યથી—સાહિબજી
જ્ઞાનાવરણાદિ કમ્મ મમ્મ થિતિનું નથી-સાહિબજી૦ (૮)
સમ્યકત્વ સુહાગણ ગુણગણ આગમ પામીને—સાહિબજી
કહે ચેતના નારી પ્યારી આતમરામને—સાહિબજી૦ (૯)
કિમ તજીએ ભજીએ **ક્ષમાવિજય-જિન** નામને-સાહિ૦
જો વાંછો અનોપમ અક્ષય લીલા-ધામને—સાહિબજી૦

卐

## (૪૦૩) (૧૭-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

(સુણ **બેહેની પિઉડા પરદેશી**—એ દેશી.)

**મલ્લિ**-જિનેસર! ધર્મ તુમ્હારો, સાદિ-અનંત સ્વભાવજી
લોકાલોક[૧]-વિશેષાભાસણ, જ્ઞાનાવરણી અભાવજી-મલ્લિ૦
એક નિત્યને સઘળે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી
બીયાવરણ[૨] અભાવે દેખે, ઉપયોગાંતર માન્યજી-મલ્લિ૦
આતમ એક અસંખ પ્રદેશી, અવ્યાબાધ અનંતજી
વેદની-વિનાશે માચે, લોકે દ્રવ્ય મહંતજી—મલ્લિ૦ (૩)
મોહનીય-ક્ષયથી ક્ષાયિકસમકિત, યથાખ્યાત ચારિત્રજી
વીતરાગતા રમણો આયુ-ક્ષય અક્ષય-થિતિ નિત્યજી-મ૦
પંચ દેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનૂપજી
વર્ણ ગંધ રસ ફાસે વર્જિત, અતીંદ્રિય-સરૂપજી-મ૦ (૫)
અગુરૂલઘુ ગુણ ગોત્ર-અભાવે, નહી હલુવા નહી ભારેજી
અંતરાય-વિજયથી દાનાદિક-લબ્ધિ ભંડારજી—મ૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચેતન સમતાયે મુજ સત્તા, પરખી પ્રભુપદ પામીજી
આરીસો કાટે[3] અવરાણો,[4] મળ નાશે નિજ ધામજી-મ૦
સંગ્રહનય જે આતમસત્તા, કરવા એવંભૂતજી
**ક્ષમાવિજય**-જિન પદ અવલંબી,
સુરનર મુનિ પુહુતજી—મ૦ (૮)

卐

## (૪૦૪)(૧૭-૨૦) શ્રીમુનિસુવ્રતસ્વામી-જિન સ્તવન

જય જય **મુનિસુવ્રત**-જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીશ
વારે ઘાતી સુડતાલીશ,[1]
જેહથી પ્રગટે રે ગુણ એકત્રીશ[2] રે
મુણીંદા! તુજ દેશના સુખખાણી,
સુખ ખાણી રે મેં જાણી રે—મુણીંદા૦ (૧)
જેહથી લાજે સાકર-પાણી રે,—મુણીંદા૦
એ તો ધર્મરાય પટરાણી રે—મુણીંદા૦
એહનાં અંગ ઉપાંગ અનુપ, એહનું મુખડું મંગળરૂપ
એ તો નવરસ રંગ સરૂપ, એહનાં પગલાં રે
એહનાં પગલાં પ્રણમે ભૂપ રે—મુણીંદા૦ (૨)
એ તો એક-અનેક સ્વભાવ, એ તો ભાસે ભાવ-વિભાવ
એ તો બોલે બહુ પ્રસ્તાવ, એ તો ભંગી રે
એ તો ભંગી સપ્ત બનાય રે—મુણીંદા૦ (૩)
એ તો નયગર્ભિત અવદાત, એહનો તીર્થંકર પદ તાત;
એ ચઉ પુરુષારથની માત, એહનાં સકલાં રે
એહના સકલાં અર્થ છે જાત રે—મુણીંદા૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહનો ત્રિહું જગમાં ઉદ્યોત, છીપે રવિ–શશિ–દીપક જ્યોત
બીજાવાદી શ્રુત ખદ્યોત,[૩] એ તો તારે રે
એ તો તારે જિમ જલપોત[૪] રે—મુણીંદા૦ (૫)
એહને ગણધર કરે શિણગાર, એહને સેવે સહુ અણગાર;
એહ તો ધુરથી[૫] સદા બ્રહ્મચાર, એ તો ત્રિપદી રે
એ તો ત્રિપદીનો વિસ્તાર રે—મુણીંદા૦ (૬)
એહથી[૬] જાતિનાં વૈર શમાય, બેસે વાઘણ ભેળી ગાય
આવે સુરદેવી સમુદાય, એહને ગાવે રે
એહને ગાવે પાપ પલાય રે—મુણીંદા૦ (૭)
એહને વાંછે નર ને નાર, એહથી નાસે કામવિકાર;
એહથી ઘર ઘર મંગળ ચ્યાર,
એ તો મુનિ**જિન** રે, એ તો મુનિ**જિન** પ્રાણ–આધાર રે–મુ૦

卐

## (૪૦૫) (૧૭–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

**(ઉભી ભાવલ દેરાણી અરજ કરે છે—એ દેશી)**

ખિજમત[૧] ગારો ખાસો, મુકું ન પાસો,[૨]
મુજને સમકિત વાસો હો–**વપ્રા**[૩] રાણીના જાયા
સુરનર નાગિંદે ગાયા, મોહન મહિર[૪] કરીજે
આજ્ઞા ધરીને આયા અહોનિશ સેવે,તેહને દીજે દિલાસા[૫] હો
વપ્રા રાણીના જાયા—સુર૦ મોહન૦ (૧)
ઘર ઘર ભટકી લાજ ગમાવે,
તે સેવક કુણ[૬] લેખે હો—વપ્રા૦
પતિત–પાવન જગજીવન–ઓષધીશ[૭],
સરિસ દરિસણ ઉવેખે હો—વપ્રા૦ સુર૦ મોહન૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ-સનેહ-દૃષ્ટિરાગને છોડી, ગુણરાગે રઢમંડી૯ હો-વપ્રા૦
પ્રાણ તજે પણ પ્રીત ન છંડે,
તેહની કીર્તિ અખંડી હો—વપ્રા૦ સુર૦ મોહન૦ (૩)
ક્ષેત્ર-કાળાદિક કારણ દાખી, મુજને શું ભોળવો હો-વપ્રા૦
પ્રણુતિ મ્હારી સહાય તુમ્હારી,
અવસર એહ બનાવો હો—વપ્રા૦ સુર૦ મોહન૦ (૪)
ભૂ-જળ યોગે અંકુર શક્તિ,
પ્રગટે એહ નહિ છાનો હો—વપ્રા૦
**ક્ષમાવિજય-જિન** કરૂણા લહરી,
અક્ષય લીલ ખજાનો હો—વપ્રા૦ સુર૦ મોહન૦ (૫)

卐

## (૪૦૬) (૧૭-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

**(અંતરથી અમ્હને આજ ગરવે ગિરધારી-એ દેશી)**

તોરણ આવી કંત[૧], પાછા વળીયા રે,
મુજ ફુરકે દાહિણુ[૨] અંગ, તિણે અટકળીયા રે૦ (૧)
કુણ જોશી જોયા જોશ? ચુગલ[૩] કુણ મિળીયા રે,
કુણ અવગુણ દીઠા? આજ, જિણથી ટળીયા રે૦ (૨)
જાઓ જાઓ રે સહિરો દૂર, શ્યાને છોડો રે,
પાતળીઓ શામળવાન, વાલિમ તેડો રે૦ (૩)
યાદવ-કુળ-તિલક સમાન, એમ ન કીજે રે,
એક હાંસું[૪] બીજી હાણી, કેમ ખમીજે રે૦ (૪)
ઈહાં વાયે ઝંઝ[૫] સમીર[૬], વીજળી ઝબકે રે,
બાપૈઓ પીઉ પુકારે, હિયડું ચમકે રે૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડરપાવે દાદુર[૭] શોર[૮], નદીઓ માતી રે[૯],
ઘન ગર્જારવને જોર, ફાટે છાતી રે૦ (૬)
હરિતાંશુક[૧૦] પહિરયાં ભૂમિ, નવ રસ રંગે રે,
આવલીયા નવરસ હાર, પ્રીતમ સંગે રે૦ (૭)
મેં પૂરવ કીધાં પાપ, તાપે દાધી રે,
પડે આંસુ ધાર વિષાદ[૧૧], વેલડી વાધી રે૦ (૮)
મુને ચઢાવી મેરૂ શીશ, પાડી હેઠી રે,
કિમ સહવાયે ? મહારાય, વિરહ અંગીઠી[૧૨] રે૦ (૯)
મુને પરણી પ્રાણ–આધાર, સંયમ લેજ્યો રે,
હું પતિવ્રતા છું સ્વામી, સાથી વસેજ્યો રે૦ (૧૦)
એમ આઠ ભવોરી પ્રીત, પ્રિઉડા પળશે રે,
મુજ મનહ મનોરથ નાથ, પૂરણ ફળશે રે૦ (૧૧)
હિવે ચ્યાર મહાવ્રત સાર, ચૂંદડી દીધી રે,
રંગીલી **રાજુલ–નારી,** પ્રેમે લીધી રે૦ (૧૨)
મૈત્ર્યાદિક ભાવના ચ્યાર, ચોરી બાંધી રે,
દહી ધ્યાનાનળ સળગાયા, કર્મ્મ ઉપાધિ રે૦ (૧૩)
થયો રત્નત્રયી કંસાર, એકાભાવે રે,
આરોગે[૧૩] વર ને નારી, શુદ્ધ સ્વભાવે રે૦ (૧૪)
તજી ચંચળ તાંત્રિકયોગ, દંપતિ મિળિયા રે,
**શ્રી ક્ષમાવિજય-જિન નેમ,** અનુભવ કળિયા રે૦ (૧૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૦૭) (૧૭-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**( થાડી આઈ થારા દેશમાં મારૂજી—એ દેશી )**

પરમ-પુરુષ પરમાતમા સાહિબજી, પુરીસાદાણી પાસ હો,
શિવસુખરા ભમર !, થાંસે વિનતી સાહિબજી,
અવસર પામી ઓળગું[૧], સા૦ સફળ કરો અરદાસહી[૨]શિ૦
હોય નંદન મોહભૂપરા, સા૦ તિણે કરચો જગધંધાળ[૩] હો,
દ્વેષ કરિ[૪] રાગ કેહરી[૫], સા૦ તેહના રાણા સોળ હો-શિ૦
મિથ્યા મુહેતો[૬]આગળો, સા૦કામ કટક[૭]સિરદાર હો-શિ૦
ત્રણ રૂપધરી તેહ રમે, સા૦ હાસ્યાદિક પરિવાર હો—શિ૦
મોહમહીપરા જોરથી, સા૦જગ સઘળો થયો જેર હો[૮]-શિ૦
હરિહર સુર નર સહુ નમ્યા,સા૦ જકડી કર્મની ઘેર હો-શિ૦
ભવથિતિ ચઉગતિ ચોકમાં,સા૦ લોક કરે પોકાર હો-શિ૦
આપ ઉદાસી થઈ રહ્યા,સા૦ઈમ કીમ રહશ્યે કાર હો-શિ૦
ક્ષયકશ્રેણીરી ગજઘટા, સા૦ હલકારો[૯] અરિહંત હો-શિ૦
નાણખડગ મુજ કર દિયો, સા૦ ક્ષણમાં કરૂ અરી[૧૦]હંત હો
કરૂણા નયણ કટાક્ષથી, સા૦ રિપુદળ હોએ વિસરાળ[૧૧]હો-
**ક્ષમાવિજય-જિન** સંપદા, સા૦ પ્રગટે ઝાકઝમાળ હો-શિ૦

卐

## (૪૦૮) (૧૭-૨૪) શ્રી મહાવીર સ્વામી-જિનસ્તવન

**( ઇમ ધન્નો ધણને પરચાવે—એ દેશી )**

**વીર**-જિણંદ જગત ઉપગારી, મિથ્યાધામ[૧] નિવારીજી,
દેશના અમૃત-ધારા વરસી, પર-પરિણતિ સવિ વારીજી-
પંચમ આરે જેહનું શાસન, દોય હજારને ચ્યારજી,
યુગપ્રધાન સૂરીસર વહશે, સુવિહિત મુનિ આધારજી-વીર૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ આચારજ મુનિ અજ્જા[2],શ્રાવક શ્રાવિકા અછજી[3],
લવણ-જલધિમાંહી મીઠું જલ, પીવે શ્રૃંગી-મચ્છજી[4]-વીર૦
દશ અચ્છેરે[5] દૂષિત ભરતે, બહુ મતભેદ કરાળજી[6],
જિન[7]-કેવળી-પૂરવધર વિરહે,ફણીસમ પંચમ કાળજી-વીર૦
તેહનું ઝેર નિવારણ મણિ સમ તુજ આગમ તુજ બિંબજી,
નિશિ દીપક પ્રવહણ[9]જિમ દરીએ,મરૂમાં[10]સુરતરૂ[11]લુંબજી
જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી,
કળિકાળે પણ પ્રભુ ! તુમ્હ શાસન, વરતે છે અ-વિરોધજી
મ્હારે તો સુષમાથી[12]દુ:ષમા[13],અવસર પુણ્ય-નિદાનજી
**ક્ષમાવિજય-જિન** વીર સદાગમ, પામ્યો સિદ્ધિ-નિદાનજી

卐

[ ઇતિ શ્રી જિનવિજયજી કૃત ચોવિશી ૨ જી સમાપ્ત ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જિનવિજયજી મહારાજ
# કૃત
# સ્તવન—ચોવીશી
# કઠિન શબ્દોના અર્થો

**સ્તવન ૧૭-૧**

૧. હર્ષ–આનંદ ૨. કસ્તુરીથી ૩. સુંદર–શ્રેષ્ઠ ૪. દાતાઓના નાયક ૫. કલ્પવૃક્ષનો સમૂહ ૬. માર્ગ ૭. વાદલામાં ૮. ઉત્તમ ૯. અદ્ભુત–અપૂર્વ.

**સ્તવન ૧૭-૨**

૧. અનર્થકારી ૨. ભોગોની ૩. લાલસા ૪. ઓળખ્યો ૫. પૂરા સારા ભાગ્યથી ૬. ઇંદ્રનો હાથી ૭. ગધેડો ૮. વિકટ–મોટા ૯. ભયંકર જંગલ ૧૦. છોકરી પરણવાના ઉમંગથી ૧૧. પ્રભુજીની માતાજીનું નામ ૧૨. સારી લગામથી

**સ્તવન ૧૭-૩**

૧. સહારો ૨. મોક્ષ નગરનો ૩. આવલીના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા પુદ્ગલ પરાવર્ત હું ભટક્યો (ત્રીજી ગાથાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાર્ધ ૪. લોકાકાસના પ્રદેશ જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી (ચોથી ગાથાનો ઉત્તરાર્ધ ૫. પૃથ્વીકાય ૬. અપકાય ૭. તેઉકાય ૮. વાયુકાય ૯. પ્રત્યેક વનસ્પતિકાય ૧૦. ખુંચ્યો ૧૧. પીડા, ૧૨, ભ્રમણા–અજ્ઞાન દશાનો રસીયો, ૧૩. સંસારનો પરિણતિના વિસ્તાર રૂપ જંગલમાં, ૧૪. હે! પારગામી, ૧૫. કારણ રૂપે.

**સ્તવન ૧૭-૪**

૧. પ્રભુજીના પિતાજીનું નામ, ૨. પ્રભુજીની માતાજીનું નામ, ૩. નહી, ૪. બહાનાથી.

**સ્તવન ૧૭–૫**

૧. મોક્ષ ગતિ આપનાર ૨. હાથી ૩. સિંહ ૪. સર્પ ૫. સમૂહ ૬. ગરૂડ ૭. પાંચ બાણવાળા કામને દૂર કરનાર, (બીજી ગાથાની બીજી લીટીનો અર્થ) ૮. અંધકાર ૯. સમૂહ ૧૦ સૂર્ય ૧૧. મેતારજ મુનિને થયેલ ઉપસર્ગમાં કારણરૂપ પક્ષી= ક્રૌંચને (ચોથી ગાથાની પ્રથમ લીટીનો અર્થ)

**સ્તવન ૧૯–૬**

૧. પદ્મની જેવા કોમળ પગવાળા અથવા પદ્મના લાંછનવાળા ૩. પ્રભુજીના પિતાજીનું નામ ૪. દુશ્મનો ૫. પ્રબળ ૬. જાણે કે ૭. લાલ વર્ણના ૮. ધનુષ્ય ૯. તલવાર ૧૦. સૈન્ય ૧૧. નિર્મળ

**સ્તવન ૧૭-૭**

૧. શરીર રૂપ ઘરમાં ૨. સુગંધમય ૩. પાણીના સમૂહથી ૪. સાફસૂફ કરેલ ૫. માલા ૬. શ્રેષ્ઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૭-૮**

૧. રાજા ૨. ગારૂડી ૩. ૪. સમૂહ

**સ્તવન ૧૭-૯**

૧. આજીજી ૨. મોટાઈ ૩. અર્થી=ગરજવાન સેવક ૪. માલિક ૫. સેવક ૬. ઓછાશ

**સ્તવન ૧૭-૧૦**

૧. ઉખેડી=દૂર કરી ૨. પુદ્ગલ તરફ જતી ૩. સ્વાભાવિક=મૂળભૂત સ્વરૂપ ૪. અંધારૂં ૫. સમૂહ

**સ્તવન ૧૭-૧૧**

૧. ચ્હેરો ૨. ભ્રમર ૩. વૃક્ષ=ઝાડ ૪. સુંદર ૫. સુગંધ ૬. અમૃત ૭. ચાલ્યો ગયો છે વિકાર જેમાંથી

**સ્તવન ૧૭-૧૨**

૧. મકાન ૨. પલંગ ૩. ગાદી ૪. ઓછાડ ૫. ૫. દબાવે=પંપાળે

**સ્તવન ૧૭-૧૩**

૧. જીભ ૨. દિવસ ૩. સમુદ્ર ૪. ધરતી ૫. કલમ ૬. કહી શકાય, તેવા ૭. ન કહી શકાય તેવા ૮. પર્યાય સમૂહ ૯. સઘળા દેવોનું સુખ ૧૦. ભેગું કરી ૧૧. ગુણાકાર ૧૨. પીડા રહિત

**સ્તવન ૧૭-૧૪**

૧. ગાઢ વાદળો ૨. સુંદર ૩. ગંભીર ૪. પ્રભુજીની માતાજીનું નામ ૫. અશુભ કર્મની ગાઢ ગમી

**સ્તવન ૧૭-૧૫**

૧. દેખાવ=મુદ્રા ૨. સંપૂર્ણ ૩. ચહેરાના ૪. આંખના ઇશારે ૫. થયેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૭-૧૬**

૧. અખંડ=સંપૂર્ણ ૨. વેદના ઉદય વિનાના ૩. ન કહી શકાય તેવા ૪. પાશ=ફંદા રહિત

**સ્તવન ૧૭-૧૭**

૧. અજવાળું ૨. છ કાયને, ૩. અપૂર્વ ૪. બોકડો ૫. દૂર ૬. ઉપદ્રવ

**સ્તવન ૧૭-૧૮**

૧. પોતાના સ્વભાવરૂપ ઘરમાં, (આ પદનો સંબંધ ગાથાના છેડે રહેલ "જીવ"ના સાથે છે.) ૨. પૌદ્ગલિક ભાવોની વિચારણા ૩. કાબૂમાં લઈએ ૪. સંસાર રૂપ જંગલમાં ૫. ન મેલવતો ૬. પાસે ૭. વિષયવાસના રૂપ લીંદ=ગોબરમાં ૮. ક્રોધ રૂપી અગ્નિ ૯. મદોન્મત્ત ૧૦. કૂકડો અગર કૂતરો

**સ્તવન ૧૭-૧૯**

૧. લોકાલોકને વિશેષથી જોનાર ૨. બીજા દર્શનાવરણીયના ૩. મલેથી ૪. અવરાયો=મેલો થયેલ

**સ્તવન ૧૭-૨૦**

૧. જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૯, મોહનીય-૨૮ અંતરાય-૫ મળીને=૪૭, ૨. સિદ્ધના ગુણ ૩. ખજુઆ ૪. વહાણ ૫. પ્રથમથી ૬. જન્મના=સ્વાભાવિક

**સ્તવન ૧૭-૨૧**

૧. સેવક ૨. પડખું ૩. પ્રભુજીની માતાજીનું નામ ૪. કૃપા ૫. આશ્વાસન ૬. હિસાબમાં ૭. ઓષધીશ=ચંદ્ર ૮. લય=ધૂન ૯. નમસ્કાર=સેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૭-૨૨**

૧. સ્વામી ૨. જમણું ૩. ચાડીખોર ૪. પ્રબળ= તોફાની ૬. પવન ૭. દેડકો ૮. કોલાહલ ૯. ગાંડી ૧૦. લીલાં કપડાં ૧૧. ખેદ ૧૨. ભડભડતી સગડી ૧૩. ખાય છે.

**સ્તવન ૧૭-૨૩**

૧. સેવા કરૂં ૨. વિનતિ ૩. તોફાન ૪. હાથી ૫. કેશરી=સિંહ ૬. મહેતો=મુખ્ય કારભારી ૭. સૈન્ય= લશ્કર ૮. વિખેરી નાંખ્યું ૯. બધું-જવાબદારી ઉપાડનાર ૧૦. દુશ્મન ૧૧. મારી નાંખુ ૧૨. વિખે-રાઈ જાય

**સ્તવન ૧૭-૨૪**

૧. મિથ્યાત્વીઓના ધામ=તેજને, અથવા મિથ્યાત્વની ધામ=ગરમી ૨. સાધ્વી ૩. સારા ૪. રોહિતનામે વિશિષ્ઠ, માછલું ૫. આશ્ચર્યોથી ૬. ભયંકર ૭. તીર્થંકર ૮. આપ ૯. વહાણ ૧૦. મારવાડમાં ૧૧. કલ્પવૃક્ષ ૧૨. ચોથો આરો ૧૩. પાંચમો આરો.

श्री वर्द्धमानस्वामीने नमः

# શ્રી હંસરત્નજી કૃત સ્તવન-ચોવીસી

[૧૮]

## (૪૦૯) (૧૮-૧) શ્રી ઋષભદેવ-જિન સ્તવન

(અજબ રંગાવો સાહેબા ચૂનડી-એ દેશી.)

સકળ વંછિત સુખ આપવા, જંગમ[૧] સુરતરૂ[૨] જેહ છિ દિદારૂ,
**નાભિ**-નરિંદ કુળકેસરી[૩], ત્રિવિધે સેવો તેહ છિ દિદારૂ,
જે મરૂદેવીનો જાત, છિ૦ જે ભરત-બ્રાહ્મીનો તાત—છિ૦
જે વિશ્વમાંહે વિખ્યાત, છિ૦ પૂરવ પુણ્યે મેં લહ્યો,
ભાગી ભવની ભ્રાંત[૪] છિ૦ પૂરવ૦ (૧)
જુગલાધર્મ જેણે ઉદ્ધર્યો, પ્રથમ જેહ રાજાન—છિ૦
વિશ્વ-રચના સઘળી દાખીને, ટાળ્યું જિણે અજ્ઞાન છિ૦ જે૦
પ્રગટ કરીને સહુને શિખવ્યા, સકળ સંસાર-સૂત્ર—છિ૦
**ભરત** પ્રમુખ થાપ્યા રાજવી, સો દેશે સો પુત્ર—છિ૦ જે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાન દેઈને દીક્ષા આદરી, ત્રિભુવન-જન હિતકાજ—છિ૦
ધર્મતીર્થ-ચક્રી એહવું, બિરૂદ ધર્યું માહારાજ—છિ૦ જે૦
ઈંદ્ર ચોસઠ ઉભા ઓળગે,[5] જુગતે જોડી પાણિ[6]—છિ૦
સમવસરણે સહુ કો સાંભલે, દેશના મધુરી વાણી—છિ૦ જે૦
લાખચોરાશી પૂરવ અનુક્રમે, પાળીને પરમાય—છિ૦
જન્મ-મરણ બંધન ત્રોડીને, પામ્યા પંચમ[7]ઠાય[8]—છિ૦ જે૦
**હંસરત્ન** કર જોડિ કહે, સાહિબ **ઋષભ**-જિણંદ—છિ૦
ચરણ-યુગલ સેવા ભવોભવે,
આપો અધિક આણંદ—છિ૦ જે૦ (૭)

卐

## (૪૧૦) (૧૮-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**(ઈડર આંબા આંબલી રે—એ દેશી.)**

શુભ વેળા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુ શું નેહ
વાધે મુજ મન વાલહો[1] રે, દિન દિન બિમણો નેહ—
**અજિત**-જિન ! વીનતડી અવધાર,
મન માહરૂં લાગી રહ્યું રે તુજ ચરણે એકતાર—અજિત૦
હિયડું મુજ હેજાળવું[2] રે, કરી ઉમાહો[3] અપાર
ઘડીઘડીને અંતરે રે, ચાહે તુજ દીદાર[4]—અજિત (૨)
મીઠો અમૃતની પરે રે, સાહેબ ! તાહરો રે સંગ
નયણે નયણ નિહાળતાં રે, શીતળ થાય અંગ—અજિત૦
અવશ્યપણે[5] એક ઘડી રે, જાયે તુજ વિણ જેહ
વરસાં સો સમ[6]સાહિબા રે ! મુજ મન લાગે તેહ—અજિત૦
તુજને તો મુજ ઉપરે રે, નેહ ન આવે કાંય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો પિણ મુજ મન લાલચી રે,
ખિણ અળગો નવિ થાય—અજિત૦ (૫)
આસંગાયત[૭] આપણો રે, જાણીને જિનરાય
દરશણ દીજે દીન પ્રતે રે, **હંસરત્ન** સુખ થાય—અજિત૦

卐

## (૪૧૧) (૧૮–૭) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**(લાવજયો લાવજયોને રાજ ! મહારાજ ! થારો મોતી)**

સેવો **સંભવનાથ** જુગતે બે કર જોડી
ચોસઠ સુરપતિ પદયુગ[૧] જેહના, પ્રણમે હોડાહોડિ
સમવસરણ મન–રંગે સેવે, સુર નર કોડાકોડિ—સેવો૦ (૧)
દેશના વચન સુધારસ ચાખે, ભવિજન મત્સર મોડી[૨]
નયણાનંદી પ્રભુ–મુખ નિરખે, મિથ્યા[૩]ભ્રમ વિછોડી[૪]—સેવો૦
અજર અમર સમતારસ ભાવી, મમતા–બંધન છોડી
પ્રભુ–સેવાથી શિવ–પદ પામી,
જેહમાં નહિ કોઈ ખોડિ—સેવો૦ (૩)
માનવ–ભવનો લાહો લેવો સુમતિ કરી સંઘોડી[૫]
એક–મના ભવિ જિન આરાધો,
દેવ દયાકર દોડી—સેવો૦ (૪)
**હંસ**ના સાહેબ પાસે હેજે, ઈમ માગું કર જોડી
પદ–પંકજની સેવા દીજે, ભવ–ભવનાં દુખ ત્રોડી—સેવો૦

卐



Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

## (૪૧૨) (૧૮-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

**( સાહેબ મોતીડો અમારો-એ દેશી.)**

તુજ ગુણ-કમળ-પરાગ સુગંધી,
મુજ મન[૧]-મધુપ રહ્યો મનબંધી[૨]
સાહિબા ! મુજ અરજ સુણીજે,
જીવના ! કાંઈ મેહેર કરીજે, મોહના ! માનોજી
અમૂલ[૩]બહુલ[૪]-પરિમલનો લોભી,
થઈ એકચિત્તો રહ્યો થિર થોભી—સાહિબા૦ (૧)
નીંબ[૬] કણયર[૭] સમાન ઘણેરા,
છંડી દેવ અનેક અનેરા—સાહિબા૦
વિકસિત-[૮]-પંકજ[૯] સરસ[૧૦]-પરાગે,
કરે ઝંકારી સદા મનરાગે[૧૨]—સાહિબા૦ (૨)
અધિક સૌરભ[૧૩] દેખાડી સૂધો,
ચપળ ભમર મુજમન વશ કીધો—સાહિબા૦
લેવા ગુણ-મકરંદનો[૧૪] લાહો, આઠે પહોર ધરી ઉમાહો
—સાહિબા૦ (૩)
ટેક ધરી મન મોટી આશે,
મુજરો કરી માંગું પ્રભુ પાસે—સાહિબા૦
ગુણ[૧૫]-પંકજ-મંજરી હિત આણી,
પ્રભુજી ! આપો પોતાનો જાણી—સાહિબા૦ (૪)
પામી ત્રિભુવન-નાથ નગીનો,
ભેદ તજી રહું અહો નિશિ ભીનો—સાહિબા૦
સાહિબ **અભિનંદન** શોભાગી,
**હંસરત્ન** મને એ લય લાગી—સાહિબા૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૧૩) (૧૮-૬) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

**(હું ભરી પાઉં રે પીઉ રે પ્યાલો-એ દેશી.)**

આજ **સુમતિ**-જિન સાહેબ ભેટયો,
કોઈ ભવ-ભવનો ભવ૦ દુખ મેટયો રે સલૂણો સાહિબો
બહુ ગુણ-પૂરો રે, મુજને અતિ પ્યારો
કુમતિ કદાગ્રહ મમતા ભાગી
કોઈ સુમતિ દશા સુમતિ હવે જાગી રે—સલૂણો૦ (૧)
સૂરતિ[2] સાહિબની અતિ મીઠી,
કોઈ બહુ પુણ્યે, બહુ૦ આજ મેં દીઠી રે, સલુણો૦
મનમોહન મુજ સ્વામી મળીઓ,
બહુ દિનનો, બહુ૦ અલજો[3] ટળીઓ રે—સલૂણો૦ (૨)
હવે પ્રભુ સાથે રહું મન મંડી,
કાંઈ આરાધું, આરાધું આળસ છંડી રે—સલૂણો૦
દિલભર[4] તુજથી બે[5]-દિલ ન થાઉં
બીજા શું કાંઈ, બીજા૦ ચિત્ત ન લાઉં રે—સલૂણો૦ (૩)
રાત-દિવસ તાહરા ગુણ ગાઉં,
કાંઈ લય લાઈ, લય૦ મનમાં ધ્યાઉં રે—સલૂણો૦
તાહરી મોજ સવાઈ પાઉં રે,
કાંઇ અંતરપટ[6], અંતર૦ દૂરે ગમાઉં રે—સલૂણો૦ (૪)
તું સાહેબ ! સમતારસ-રસિયો,
કાંઈ મુજ મનમાં, મુજ૦ વાસે વસીઓ રે—સલૂણો૦
**હંસરત્ન** કહે શિર નામી,
કોઈ તું જીવન, તું૦ તું અંતરજામી રે—સલૂણો૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૧૪) (૧૮-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**(બેડલે ભાર ઘણો છે રાજ, વાતો કેમ કરો છો-એ દેશી)**

**પદ્મપ્રભ** અભિનવ પદ્માકર[૧]-બંધુ સમો પ્રતિભાસે
અરૂણુ[૨]-તરણી ઉપમ[૩] તનુ[૪] જેહનું, પ્રતપે તેજ પ્રકાશે
—એહવો સહજ[૫] સલૂણો સ્વામી,
મુજ મન લાગો તેહશું. (૧)

પૂરવ દિશે પ્રગટે જિમ દિનકર[૬], તિમ સુસીમાની[૭] કૂખે
નિજકુળ[૮]-ઉદયાચલ-શિર સોહે,
રંજન રક્ત[૯]-મયૂખે[૧૦]—એહવો૦ (૨)

બોધદિવસ દેખી પાખંડી, ઘૂક[૧૧] પલાયે દૂરે
ભવિજન[૧૨]-મનપંકજ-વનમંજરી,
વિકસે પ્રેમ પંડૂરે—એહવો૦ (૩)

ગ્રહ-ગણુની પરે હરિહર દેવા, દીસે સહજે દીના
સુમતિ-વધૂનો સંગ લહીને,
મુનિ-ચકવા[૧૪] રહે લીના—એહવો૦ (૪)

કુમતિ[૧૫]-કદાગ્રહ હિમ-પરિસરને, પ્રબલ પ્રતાપે શોષે
કર્મચોર તે પ્રભુમુખ દેખી,
રહે અળગા[૧૬] અતિ રોષે.—એહવો૦ (૫)

દિનકરને[૧૭] વાદળ રૂંધે, વળી તે[૧૮] અંગે અધૂરો
મુજ પ્રભુ અપ્રતિહત[૧૯]-પ્રકાસી,
સકળ[૨૦]પદારથ પૂરો-એહવો૦ (૬)

અંબરમણિ[૨૧] અંબરતલ[૨૨] મારગ, આઠે પહોરે ભમતો
અચળ-વિલાસી એ મુજ સાહેબ,
શિવ-વધૂસંગે રમતો—એહવો૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખિણમાં કાંતિ કરે અતિ ખીણી, રાહુ સદા દિનકરની
તે પણ પદ-પંકજ-રજ ફરસી,
જયકામે જિન વરની—એહવો૦ (૮)
ત્રિભુવન-મોહ[૨૩]-તિમિર જે ટાળે, જ્ઞાન-કિરણને તેજે
ભવિજન ભાવ ધરીને ભેટો,
હંસરત્ન પ્રભુ હેજે—એહવો૦ (૯)

卐

## (૪૧૫) (૧૭-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(નવો પછેવડો રે —એ દેશી)**

અવસર આજ મળ્યો ભલો રે,
ફળીયા મનોરથ માળ રે:- નમો **સુપાસજી** રે
**સુપાસજી** ત્રિભુવન ભાણ,
ગુણમણિ ખાણ જીવન પ્રાણ—રસિયો સાહેબો રે.
સુખકારી જિન સાતમો રે દીઠો દેવ દયાળ રે—
નમો સુપાસજી ૦ (૧)
પઈઠ[૧]-નરેશને કુળેરે, ઉપજે અવતંસ [૨]રે-નમો સુપાસજી
પૃથવીની[૩] કુખે ઉપન્યોરે, જિમ માનસરે હંસરે—
નમો સુપાસજી૦ (૨)
સોહે સ્વસ્તિક-લંછને રે, કુંદન[૪]-સમતનુ[૫] કાંતિ[૬]રે-નમો૦
હિત વંચ્છક ત્રિહું લોકનો રે, ભગત-વત્સલ ભગવંતરે—
નમો સુપાસજી૦ (૩)
આયુ પુરવ વીસ લાખનું રે, પાળ્યું જિણે પરધાન રે-નમો૦
પંચમ[૭] પદ પામ્યા પ્રભુ રે;**સમેત શિખર** શુભ થાનરે—
નમો સુપાસજી૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ ભુવનમાં જેહનો રે મહકે ગુણ [8]મકરંદ રે-નમો૦
જગમાં જેહના નામથી રે, ભાગે ભવ[9]-ભયકંદ રે—
નમો સુપાસજી૦ (૫)
દરશન સાહિબ ! તાહરૂં રે, સફળ કરજ્યો આજ રે-નમો૦
**હંસરતન** નાતો પ્રભુ રે, સારો વંછિત કાજ રે—
નમો સુપાસજી૦ (૬)

卐

## (૪૧૬) (૧૮-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

### ( ઈંદલી બેદલી મન લાગો-એ દેશી)

ઉદયો અભિનવ[1] ચંદ્રમા, **ચંદ્રપ્રભ** અરિહંત-મહારાજ
ચંદ્ર સરીખી ઉજલી, જેહના તનની[2] કાંતિ—મહારાજ !
તે સાહિબ શું મન લાગ્યું, સુખકારી સેણ[3]—મહારાજ !
નેહાળે[4] નેણ[5]-મન૦ શશિલંછન[6] સેતી-મહારાજ ! (૧)
અજુઆળે એક મેદની[7] શશહર[8] કેરી જ્યોત—મહારાજ !
મુજ સાહિબ જ્ઞાને કરી, ત્રિભુવન કરે ઉદ્યોત-મહારાજ ! (૨)
દિનકરને[9] તેજે કરી, દીસે શશહર[10] દીન—મહારાજ
તે દિનકર કિંકર પરે, પ્રભુ-ચરણે રહે લીન-મહારાજ (૩)
અમૃત[11]-શ્રાવી ચંદ્રમા, પ્રભુ અનુભવ-રસ ગેહ—મહારાજ !
ચાતુર ભવિક-ચકોરને રે, નેણ[12]ઉપાએ નેહ[13]-મહારાજ !
ચંદ્રકળા પડતે[14] પખે, દિન દિન થાયે દૂર—મહારાજ !
મુજ પ્રભુ સકળ કળા[15]-નીલો,
નિત નિત ચઢતે નૂર[16]-મહારાજ ! (૫)
ચંદ્ર કલંકી અવતર્યો, મુજ સાહેબ નિકલંક—મહારાજ !
લંછનમિસી[17]સેવા કરે, ઈમ જાણી પ્રભુ-અંક[18]—મહારાજ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંત-સુધારસ ચાખવા, અધિક ધરી આણંદ-મહારાજ!
**હંસ** કહે ભવિ સેવજો! **ચંદ્રપ્રભ**—જિનચંદ-મહારાજ!

卐

## (૪૧૭) (૧૮-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**(સાહેબ સુંદર સુરતિ સોહે—એ દેશી)**

સમવસરણ ત્રિભુવનપતિ સોહે, સુર-નરનાં મન મોહે હો;
સાહેબ **સુવિધિ**-જિણંદા! રામા[1]-રાણીના નંદા!
**સુગ્રીવ**[2]-નૃપ કુલચંદા, દરશન દોલત[3]-કંદા
ભવિયા! તે પ્રભુ વંદો (૧)
અષ્ટ મહાપ્રતિહાર્ય બિરાજે, છબી[4] અનોપમ છાજે હો
ઓપે[5] પ્રભુ-શિર ઉપર, તરૂણો **અશોક** તરૂવર
**કુસુમવૃષ્ટિ** મનોહર, સહજે વરસાવે સુરવર—ભ૦ (૨)
સુર-વિરચિત મધુર **ધ્વનિ** છાજે,
ગગનમંડલ તિણે[6] ગાજે હો
વળી વિબુધ[7] બિહું પાસે, **ચામર** વીંઝે ઉલાસે
**ભામંડલ** પ્રતિભાસે, દિનકર[8]-કોડી પ્રકાશે—ભ૦ (૩)
કનક-મણિમય **સિંહાસન** વારુ, દેવ રચે દીદારૂ હો
શીશે[11] **ત્રણ છત્ર** ધારે, **ભેરીને** ભણકારે
સુરપતિ સેવા હો સારે, ઈમ અષ્ટ મહા પ્રતિહારે-ભ૦ (૪)
**હંસરત્ન** સાહેબ ઈમ જાણી, ઉલસ્યો એણે સહિનાણી હો
ઉપશમ સહિજ સનૂરે, પ્રતાપે પ્રબલ-પંડૂરે
સેવ્યો સંકટ ચૂરે, વેગે વંછિત પૂરે—ભ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૪૧૮) (૧૯-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

### (રાગ-રામગરી—દેશી-આખ્યાનની)

(ઢાળ)

સકળ સુરાસુર-સેવિત પાયજી,
સાહેબ શ્રી **શીતલ**-જિનરાયજી
જગજીવન જગ-આધારજી, તું ઉતારે ભવ-કાંતારજી[1]

(ઉથલો)

કાંતાર[2] ચિહુંદિશી મહા-ભીષણ, ચતુરગતિ સંસાર
ભવ[3]-ગહન ગહ્વર અતિ-ભયંકર, જોતાં ન દીસે પાર
જિહાં વિવિધ ચિંતા રૂપ બહુલી, ઝંસે ઝંખરજાળ
જગજંતુ ભૂલા ભમર[4] દેતા, ભમિ[5] તેહ વિચાળ૦ (૧)

(ઢાળ)

તૃષ્ણાતટિની[6] પૂર અથાહજી, લોભ-કલણ[7]કાદવ તે માંહેજી
અજગરરૂપી જિહાં અભિમાનજી,
ગ્રહવા કાજે ધસે તિણ થાનજી

(ઉથલો)

તેણે થાને મહામિથ્યાત-પર્વત, પ્રૌઢ અપરંપાર
રતિ-અરતિ તિહાં વળી કંદરા,[8] મહામૂઢતા અંધકાર
નવિ લહે નિરમળ જ્ઞાન-દિનકર, કિરણપણે સંચાર
વિકરાળ મોહ-પિશાસ વિરૂવો,[9] કરી રહ્યો હુંકાર (૨)

(ઢાળ)

વિષય[10]-વનચર મહા ભડવાયજી,
વસી લુંટડીયો[11] તે જાણે ઠાયજી
શબ્દાદિક જેહનો સમુદાયજી, જગમાં કેણે જીત્યો ન જાયજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ઉથલો)

જીત્યો ન જાય જેહ જાલિમ,[12] રહે રોકી ઘાટ[13]
ભવ–ભ્રમણ કરતાં જીવને, વિચમાણે[14] પાડીવાટ
જે સુકૃત–સંબલ[15] લે ઉલાળી,[16] નાણે કેહનો ત્રાસ
મિથ્યાત્વ ગિરિવર–ગહનનો, જિણેં લાધો મહામેવાસ[17]

(ઢાળ)

કર્મ–દાવાનલ ચિહુંદિશે દીસેજી,
ક્રોધ–ભુજંગ ધસે અતિ રીસેંજી
ભવ–અટવીમાં ઈણીપરે જીવેજી,
ભમતો દેખી દુઃખ અતીવ જી

(ઉથલો)

અતીવ કાળગમે ઈણી પરે, ભોગવતાં દુખભોગ
કોઈ પુણ્યના સંજોગથી, ગુરુતણો પામી યોગ
દિગ્મૂઢ થઈ વન દેખતાં, જિમ પંથ દેખાડે કાય
તિમ ગુરુતણે ઉપદેશ સૂધે, પંથ ચાલે સોય૦ (૪)

( ઢાળ )

પુણ્યેં પામી સિદ્ધોરાયજી, આવી વળગે તાહરી બાંહજી
તું શિવપુરનો સારથવાહજી, પાર ઊતારે ધરી ઉછાહજી

(ઉથલો)

ઉછાહ આણી નાથ જાણી, કરૂં એક અરદાસ
ત્રિભુવનનાયક મુગતિદાયક પૂરે મનની આશ
તુજ ચરણ–સેવા દેવદેવા, આપો મહારાજ
કહે હંસ ઈણી પરે સકળ સુખકર, સારે વંછિત કાજ

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૧૯) (૧૮-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**(કલાલણી ! તે મોરો મન મોહીયો હો લાલ—એ દેશી)**

સાહેબ શ્રી **શ્રેયાંસજી** ! સાંભળો હો લાલ,
મુજ મન અચરજ એહ—સુણ સાહેબા૦
હું ગુણરાગી તાહરો હો લાલ,
તું કિમ નાણે નેહ—સુણ૦
પ્રીત જાણી પ્રભુ તાહરી હો લાલ૦ (૧)
હું ચાહું તુજ ચાકરી હો લાલ,
તું તિમતિમ રહે દૂર—સુણ૦
રચે ગુન્હે રાખો નહી હો લાલ,
મુજને આપ-હજૂર—સુણ૦ પ્રીત૦ (૨)
હેજ દેખાડી હેળવ્યો હો લાલ,
મુજને તેં માહારાજ—સુણ૦
હવે મન અંતર રાખવો હો લાલ,
ન ઘટે ગરીબ-નિવાજ ! સુણ૦ પ્રીત૦ (૩)
ડુંગરા કેરા વાહુલા[1] હો લાલ, વળી ઓછાંના નેહ-સુણ૦
વહેતાં વહે ઉતાવલા હો લાલ,
ઝબક દેખાડે છેહ—સુણ૦ પ્રીત૦ (૪)
ઉત્તમ નર જે આદરે હો લાલ,
તે પૂરો નિરવહે પ્રેમ—સુણ૦
ફાટે પણ ફીટે નહીં હો લાલ,
રંગ કરારી[2] જેમ—સુણ૦ પ્રીત૦ (૫)
પુરુષોત્તમ પ્રભુ ! તું સહી હો લાલ,
સહજે જગ આધાર—સુણ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુજને મનથી ઉતારતાં હો લાલ,
કિમ રહેશે ? તુજ કાર[3]—સુણુ૦ પ્રીત૦ (૬)
**હંસરતન**ની વિનતિ હો લાલ, સુફળ કરો જગભાણુ-સુણુ૦
શું કહીયે તુજને ઘણું હો લાલ,
તું છે સુગુણ સુજાણુ—સુણુ૦ પ્રીત૦ (૭)

卐

## (૪૨૦) (૧૮-૧૨) શ્રીવાસુપૂજ્ય-જિન સ્તવન

**(શહેર ભલો પણ સાંકડો રે—એ દેશી)**

શ્રી **વાસુપૂજ્ય**-જિણંદજી રે,
મુજ મન એહવી ખાંત[1]—સસનેહી
પ્રકાશું પ્રભુ આગળે હો લાલ, અવધારો અરીહંત
—સાંભળો સાહેબ ! વિનતિ હો રાજ ! (૧)
મુજ મનમંદિર પ્રાહુણા[2] રે, જો આવો એક વાર—સ૦
તો રાખું પાલવ[3] ઝાલીને હો લાલ,
ઘણી ય કરી મનોહાર—સ૦ સાંભળો૦ (૨)
તુમ વસવાને યોગ્ય છે રે, મનોહર મુજ મનગેહ—સ૦
ચિત્રશાળી જિહાં ચિહું દિશે હો લાલ,
રાજિ[4] અનુભવરેહ—સ૦ સાંભળો૦ (૩)
સુમતિ અટારી શોભતી રે, મંડપ જિહાં સુવિવેક—સસનેહી !
મોહ-તિમિર ટાળ્યા વળી હો લાલ !
જ્ઞાન-પ્રદીપે છેક—સસનેહી ! સાંભળો૦ (૪)
રાગ-દ્વેષ આદિ જિહાં રે, કંટક કીધા દૂર—સસનેહી !
ટાળ્યો જિહાં કરૂણા-જળે હો લાલ,
પાતિક[5]-પંક પંડૂર—સસનેહી ! સાંભળો૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ-ઉલોચ[7] બાંધ્યું ભલું રે,
વિનય-જલેચો મંહિ—સસનેહી!
અચલ-સભાવ સુવાસના હો લાલ!
ધૂપઘટી વળી ત્યાંહિ—સસનેહી! સાંભળો૦ (૫)
નિર્મળ તુજ ગુણ-ચંદ્રિકા રે,
ધવલિત સુંદર-ધામ—સસનેહી!
વાહલા તુમ વસવા ભણી હો લાલ,
મેં કીધું અભિરામ—સસનેહી! સાહિબા૦ (૭)
આવી વસો મન-મોહોલમાં રે,
સફળ કરી અરદાસ—સસનેહી!
**હંસરતન** પ્રભુ હેજશું હો લાલ,
જો પૂરો મન-આશ—સસનેહી! સાહિબા૦ (૮)

卐

## (૪૨૧) (૧૮–૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

**(વાત મ કાઢો હો વ્રતતણી—એ દેશી)**

**વિમલ**-જિણેસર! વાલહો[1], આતમથી અતિ પ્યારો રે,
મુજ મન લાગ્યું તેહશું, પણ તે થઈ રહ્યો ન્યારો રે વિ૦
દરશન તેહનું દેખવા, રાત-દિવસ હું રસિયો રે,
પણ તે નિસનેહી થયો, શિવપુરમાં જઈ વસિયો રે—વિમલ૦
ચંદ્ર-ચકોરતણી પરે, ચંપ[2] ધરીને ચાહું રે,
મિલવા મનમેળુ[3] ભણી, આઠે પોહોર ઉમાહું[4] રે—વિ૦
એક ઘડી અરધી ઘડી, જો એકાંત લહીજે રે,
અંતરજામી આગળે, તો મન-વાત કહીજે રે—વિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત રાજને આંતરે, જે બેઠો જઈ દૂર રે,
તે સાથે શી પરે કરી, મળીયેં પ્રેમ પંડૂર રે—વિમલ૦
નૈણ[5]-નૈણ મેળ્યા પખે કિમ ભાંગે મન—ભ્રાંતો રે,
અળજો[6] ન ટળે અંગનો, ભેટયા વિણ ભગવંતો રે-વિ૦
**હંસ** કહે હવે આજથી, ભગતિ કરૂં ઇણે ભાંતિરે,
આવીને મનમાં વસે, મુજ સાહેબ મન ખાંતિરે-વિમલ૦

卐

## (૪૨૨) (૧૮–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**( નણદલ ચૂડલીયો વન જલ રહ્યો-એ દેશી )**

સાહેબ એહવો સેવીયેં, જે ગુણનો ભંડાર–ભવિયાં,
નિજ શરણાગત જાણીને, નિરવહી લે નિરધાર–ભવિયાં,
પરખી કીજે પારખું (૧)
અવગુણ મન આણે નહી, છટકી ન દાખે છેહ[1]-ભવિયાં,
ફળ આપે સેવાતણું, સાચો સાહેબ તેહ–ભવિયાં ! પરખી૦
દેવ અવરને સેવતાં, લાભ નહી નિરવાણ[2]–ભવિયાં,
આખર કિમ ઓછાતણી[3],
પ્રીતી ચઢે ? પરમાણ–ભવિયાં ! પરખી૦
ધુમાડાને બાચકે, ગરજ સરે નહિ કાંય—ભવિયાં,
રંગ પતંગી[4] કારમો, દેખત હી મિટ જાય–ભવિયાં ! પ૦
પોતે પણ પૂરા નહિં, શું ફળ આપે તેહી–ભવિયાં,
આપ સરિખો તે કરે,
જે આપે હોએ ગુણગેહ–ભવિયાં ! પરખી૦
જોતાં પ્રભુ મુજને મળ્યો, **અનંતનાથ** અરિહંત-ભવિયાં !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરગુરૂ પણ પામે નહિ,
જેહના ગુણનો અંત-ભવિયાં! પરખી૦
પુણ્ય સંજોગે પામીને, સુગુણી પ્રભુનો સંગ-ભવિયાં,
**હંસ** કહે હવે તેહશું, રાખો અવિહડ રંગ-ભવિયાં! પરખી૦

卐

## (૪૨૩) (૧૮-૧૬) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

**(દેશી-બેદીલીની મન લાગો)**

સુણો સાહિબ ધર્મ-જિણંદા! તુમ દીઠે અધિક આણંદા હો,
સાહેબ! અરજ સુણો,
મોહન મૂરતિ તાહરી, મુજ મન લાગે પ્યારી હો સાહિબ૦
બહુ દિવસે મેં તુમ દીઠો, મુજ મન લાગે મીઠો હો-સા૦
પુણ્યે પામી એ વેળા, મળીયા છે દુરલભ મેળા હો-સા૦
લહી અવસર હું તુજ પાસે, આવ્યો છું મોટી આશે હો-સા૦
જાએ જે અવસર જેહવો, ફરી પાછો નાવે તેહવો હો-સા૦
અવસર ઉપર મુજ કાજ, તું સારે નહીં મુજ આજ હો-સા.
તું શ્યાનો[1] છે મુજ સ્વામી, એ વાતે તુજને ખામી હો-સા૦
તકવિણ ફળ દેજો નીકો[2], તોપણ તે લાગે ફીકો હો-સા.
અવસર ચૂકયો જિમ મેહ, શ્યે કામે આવે તેહ હો-સા૦
સેવા તો કરતાં નેટ[3], આખર દેશો સહી ભેટ હો, સા૦
તું હવણાં આપે તેહ, જિમ વાધે અધિક સસનેહો-સા૦
કહું છું આસંગો જાણી, પ્રભુ! સફળ કરો મુજ વાણી હો-સા.
**દર્શન ફળ દ્યો! જિનરાય, જિમ હંસરતન** સુખ થાય હો-સા૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૨૪) (૧૮–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

(ગેડુમાની દેશી)

**શ્રીશાંતિ**–જિણેસર સોળમોરે,
હાંજી ! સાહેબ શરણાગત આધાર–તે રૂડો.
ગુણનો આવાસ–તે રૂડો ! ઉપગારી ખાસ—તે૦
ભવભય તાપ નિવારવારે,
હોજી ! જગમાં જંગમ જે જલધાર—તે૦ ગુણ૦ (૧)
**મેઘરથ** રાજાને ભવે રે,
હાંજી ! દૃઢ સમક્તિ દેખી સુરરાજ[1]–તે૦ગુણ૦
કરે પ્રશંસા જેહની રે,
હાંજી ! સુરસાખી પ્રણમી શુભસાજ–તે૦ગુણ૦ (૨)
ઈંદ્ર–વચન અણમાનતો રે,
હાંજી ! એક અમર આવ્યો તેણે ઠામ–તે૦ગુણ૦
શ્યેન[3] પારાપતિને[4] છળે રે,
હાંજી ! પારખવા નૃપનો પરિણામ—તે૦ગુણ૦ (૩)
પોસામાં પારેવડો રે, હાંજી ! તન સાટે રાખે તે તામ–તે૦ ગુણ૦
તીર્થંકર–ચક્રીતણી રે,
હાંજી ! પદવી હોય બેઉ અભિરામ–તે૦ગુણ૦ (૪)
પ્રગટ થઈ તે દેવતા રે,
હાંજી ! પાય પ્રણમી પોહોતો નિજ ઠામ–તે૦ગુણ૦
તિહાંથી પ્રભુજી ત્રીજે ભવે રે,
**અચિરા** ઉરે લીધો અવતાર–તે૦ ગુણ૦ (૫)
પાલીને ચક્રીપણું રે,
હાંજી ! ખટખંડ પૃથ્વીરાજ્ય પંડૂર–તે૦ ગુણ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન લેઈ દીક્ષા અહીરે,
હાંજી ! પામ્યા કેવળનાણ સનૂર-તે૦ ગુણ૦ (૬)
કીધી સંઘની થાપના રે,
હાંજી **શાંતિસર** સાહિબ સુખદાય—તે૦ ગુણ૦
પંચમગતિ પામ્યા પ્રભુ રે,
હાંજી ! **હંસરતન** હરખીગુણ ગાય—તે૦ ગુણ૦ (૭)

卐

## (૪૨૫) (૧૮-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**( દુલહો દુલહો કુમર કુમરી દુલહણીજી-એ દેશી.)**

દુલહો[૧] મેળો[૨] શ્રી જિનરાજનોજી, જોતાં એ જગમાંહિ રે
પ્રાપતિ[૩] વિણ કિમ પામીએજી ?
સુગુણ[૪]-સાહિબની બાંહિ રે—દુલહો૦ (૧)
નાટિક વિવિધ પરે નાચતોજી, પ્રાણી સંસારને સંગ રે
મોહિ[૫] રે મૃગતૃષ્ણા પરેજી,
રાચે નવ નવ રંગ રે—દુલહો૦ (૨)
મનડું ચપળ ચિહું દિશ ભમેજી, ખિણ થિરતા નવિ થાય રે
કુમકુમ વિટંબન વિચમાંહિ નડેજી,
પ્રભુશું કિમ મળાય રે ?-દુલહો૦
જિહાં લગેર કારણ સકળ મળે નહીંજી,
તિહાં લગે ન મળે હો કાજ રે
નિર્મળ ધ્યાન પાએ શી પરે મળેજી ?
જગ વલ્લભ જિનરાજ રે—દુલહો૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાગ્યા રે મુજ મન આજથીજી, નિંભય તેહ અત્યંત રે
સાહિબ કુંથુ-જિણેસર ભેટવાજી,
અધિક થઈ મન અંતરે—દુલહો૦ (૫)
હવે હું ભગતીતણે જોરે કરીજી, અંતર ટાળું દૂર રે
**હંસરત્ન** કહે પ્રભુ હેજથીજી, જિમ લહુ સુખ ભરપૂર રે
—દુલહો૦ (૬)

卐

## (૪૨૬) (૧૮-૧૮)શ્રી અરનાથ-જિન સ્તવન

**(બાદલી બરણી રાજિ રંભા કરતી એક અચંભા-એ દેશી)**

**અરજિન**પતિકે આગલેજી, સરીખા સરખે સંગ
અલવેશું[1] સુરાંગનાજી, નાચે નવ નવ રંગ કે—
કુંદન[2] વરણી રાજિ[3] રંભા, કરતી એક અચંભા૦ (૧)
ને[4]ઉરને રણકે કરીજી, ઠમક ઠવંતી પાય
દેતી થિ નંગે કુદડીજી, વિધવિધ ભાવ બણાય કે-કુંદન૦
માદલને[5] ધૌકારશુંજી, વારૂ વિણા નાદ,
ગુણ ગાચે ટોળે મળીજી, સુરવધુ ઝીણે સાદ કે-કુંદન૦ (૩)
લલકે કટિલંકિ કરીજી, કનકલતાસી કાય.
બોધિ બીજ લેવા ભણીજી, નમતી અંગ નમાય કે-કુંદ૦(૪)
સુરપતિ સેવે જેહનેજી, શિવ[6]સુંદરી-ઉરહાર,
**હંસરત્નનો** સાહિબોજી, ત્રિભુવનનો આધાર કે-કુંદ૦ (૫)

卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૨૭) (૧૯-૧૯) શ્રીમલ્લિનાથ-જિન સ્તવન

**(ઘેર આવોજી આંબો મોરીયો-એ દેશી)**

જિન અભિનવ આંબો[૧] મોરીચો,
જેહની શીતલ ત્રિભુવન છાંહિ,
હાંજી! અમલ[૨] ધવલ જસ જેહનો, પરિમલ[૩] મહેકે જગમાંહિં
એ તો અભિનવ આંબો મોરીચો (૧)
હાંજી! સહિજ વસંત વાસે વસ્યો,
ગુણ પલ્લવ ગહિર[૪] ગંભીર
હાંજી! મહિર[૫] લહિર શીતલ જિહાં,
વાએ અતિ સુરભિ સમીર-એ૦ (૨)
હાંજી! પ્રેર્યા પરિમલને બળે, સુર નર મધુકર[૬] અણુહાર[૭]
હાંજી! મંજરી મકરંદે મોહિયા,
ચિહું પાસે કરે ઝંકાર-એ૦ (૩)
હાંજી! દૃઢ ધીરજ જડ જેહની, અગણિત શાખા સમુદાય
હાંજી વળી કોકીલ પરિ કલકલ કરે,
ગણધર ગણ તેણે ઠાય-એ૦ (૪)
હાંજી! ભવ દુઃખ તાપે તાપવ્યા, કરવા શીતલ નિજ અંગ,
હાંજી! આવીને અવલંબિયા,
ભવિજન જિહાં વિવિધ[૮] વિહંગ-એ૦ (૫)
હાંજી! નવ કિસલય[૯] દળ સારિખી, છબી જેહની નીલવાન
હાંજી! **મલ્લિજિનેસર** મુજ મને,
જંગમ સુરવૃક્ષ સમાન-એ૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંજી અજર અમર ફળે કરી, તું સફળ ફળ્યો ફળવાન,
કહે હંસરત્ન હવે સાહિબા, મુજ આપો ઇચ્છિતદાન-એ૦

卐

## (૪૨૮) (૧૮-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

### (થુલીભદ્ર થિર જસ કરમી જીવ-એ દેશી)

ઐન[1] અસાઢો ઉમસ્યોજી, ત્રિભુવનને હિતકાર,
જિનવર ઉલટયો એ જલધાર.
વરસે વરસે વચન સુધાજલ જોર રે,
નિરખી હરખે પરખદા જન-મન મોર રે,
અમર[2]-વિમાને છાયો ગગન ઘનઘોર રે,
જણિકે ઉલટયો વાદળદળ ચિહું ઓર[3]-જિન૦ (૧)
શ્યામ શરીરે ઓપે નખ ઉજાસરે,
જલઘટામાં જાણો વીજ પ્રકાશરે;
સુરદુદંભિનો ઉઠયો શબ્દ અખંડ રે,
ગર્જારવ શું ગાજી રહ્યો બ્રહ્માંડ—જિન૦ (૨)
ધર્મધજા જિહાં ઇંદ્રધનુષ અભિરામ રે,
દિગ્ગજની પરે આવે ઇંદ્ર ઉદ્દામ રે
પવન ફરૂકે કરૂણા લહેર સુરભિ રે,
નાઠા દૂરે દુઃખ દુકાલને દંભ—જિન૦ (૩)
ઝરમર ઝરમર ઝડિમડી વરસંત રે,
ચાતકની પરે ચતુરપુરૂષ હરખંત રે
થઈ રોમાંચિત શીતળ સહુની દેહ રે,
મનમેદનીયે પસર્યો પૂરણ નેહ રે—જિન૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે જિન[૪] વંદન ખેચરપતિ મન ખંત[૫] રે
ઉલટી જાણે ગગને બલાહકપંત[૬] રે

ભવ-દાવાનળ દાહ શમ્યો વળી તામ રે,
ઉલસ્યો વેગે ત્રિભુવન-આરામ—જિન૦ (૪)

પ્રમુદિત મુનિવર[૭] દાદુર ડહકે જ્યાંહિ રે,
જિનગુણ રાતા ભવિક મમોલા[૮] ત્યાંહિ રે

આ૦યો વેગે દુરિતજવાસકો અંતરે,
ગિરિવરની પેરે હરીઆ[૯] થયા ગુણવંત—જિન૦ (૬)

થઈ નવ પલ્લવ સત શાખા સુખવેલ રે,
ચિહુંં દિશે પૂરે ચાલી સુકૃત રેલ રે,

પ્રવચન રચના સરોવર લહિર તરંગ રે,
સૂધો જિન સારસ ખેલે અધિક ઉમંગ—જિન૦ (૭)

ચરણ યુગલ યૌ વિકસિત કુસુમ કદંબ રે,
અવિલંબ્યા તિહાં અમર-ભમર અ-વિલંબ રે,

પસર્યાં પોહોવે સમક્તિ બીજ અંકુર રે,
જીવદયા જીહાં નીલા હરીનું પૂર-જિન૦ (૮)

ઈણ પરે ગાયો ઊલટ આણી ઉર રે,
શ્રી મુનિસુવ્રત વર્ષા ભાવે સનૂર રે,

આજ સફળ દિન **હંસ** કહે કર જોડ રે,
તુજ ગુણનીરે સેંચ્યો સમક્તિ છોડ-જિન૦ (૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૨૯) (૧૮–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

( મહિડારો દાણ ન હોય યે ગોવાલીડા–એ દેશી )

શ્રી **નેમિજિન** ! તુજશું સહિરે, મેં કરી અ–વિહડ[1]પ્રીત,
તું નિ[2]સનેહી થઈ રહ્યો, પ્રભુ ! એ નહી ઉત્તમ–રીત રે–
સલૂણા ! મન ખોલી સામું જુઓ ! મારા વાહલા,
જુઓરે જુઓરે મારા વાહાલા ! મન ખોલી૦ (૧)
એટલા દિન મેં ત્રેવડી[3] રે, પ્રભુજી તાહરી લાજ,
આજથી ઝગડો માંડશું,
જો નહિં સારે મુજ કાજરે—સલૂણા ! મન૦ (૨)
આગળથી મન માહરૂં રે, તેં કીધું નિજ હાથ,
હવે અળગો થઈને રહ્યો,
તે દાવો છે તુમ સાથ રે—સલૂણા ! મન૦ (૩)
કઠિન હૃદય સહી તાહરૂં રે, વજ્રથકી પણ એજ[4],
નિગુણ-ગુણે રાચે નહી,
તિલ–માત્ર નહિ તુજ હેજ રે—સલૂણા ! મન૦ (૪)
મેં એકતારી[5] આદરી રે, નાવે તુજ મન નેહ,
છોડંતા કિમ છૂટશો,
આવી પાલવ વિલગ્યા જેહ રે—સલૂણા ! મન૦ (૫)
સો વાતે એક વાત છે રે, ઉંડુ આલોચી[6] જોય,
આપણને જો આદર્યા,
ઈમ જાણે જગ સહુ કોયરે–સલૂણા ! મન૦ (૬)
જો રાખી સહી તાહરૂં રે, ભગત-વત્સલ અભિધાન,
**હંસરતનને** તો સહી, દીજે મન વંછિત દાન રે–સલૂણા !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૩૩) (૧૮-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

(થૈં કાંનિ નાવો માહરા મોહલમા હો રાજિ-એ દેશી)

તોરણથી રથ ફેરીને હો રાજ !
છટકી ઈમ કિમ દીજે છે[1] હરે,
હું વારી માહરા મોહના,
આઠ ભવાંતર પ્રીતડી હો રાજ !
તેહનો નાખ્યો તુમ મન નેહ રે-હું૦ (૧)
તેહને તે કિમ છરછોડિયો[2] હો ! રાજ,
પહેલે પાલવ[3] વલગા જેહરે-હું !
બાંહિ ગ્રહ્યાની લાજ છે હો ! રાજ !
વાહલા ! શ્યે ન વિમાસો તેહ રે-હું૦ (૨)
પ્રીત ભલી પંખેરૂઆં હો ! રાજ !
જાઉં હું બલીહારી તાસ રે—હું૦
રાત-દિવસ રહે એકઠાં હો ! રાજ !
એક પલક ન છોડે પાસ રે—હું૦ (૩)
વિસાર્યો તે ન વિસરે હો રાજ !
સહિજે એક ઘડીનો સંગ રે—હું૦
તો કિમ ટાળ્યો નવિ ટળે હો રાજ !
જેહ શું સજડ જડ્યો મન રંગ રે—હું૦
જનમાંતર વિહડે[4] નહિ હો રાજ !
જે કીધી સુગુણ સાથે પ્રીત રે—હું૦
ટેક ગ્રહી તે નિરવહે હો રાજ !
જગમાં એ જ ઉત્તમ-રીત રે—હું૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શિવાદેવી**-સુત **નેમને** હો રાજ !
કહે **રાજેમતી** કર જોડ રે—હું૦
વાલહા ! વેગે રથ વાળીને હો રાજ !
આવી પૂરો ! મુજ મન કોડ રે—હું૦ (૬)
**નેમ-રાજુલ** મુગતે મળ્યા હો રાજ !
પ્રભુએ પાળ્યો પૂરવ **પ્રેમ** રે—હું૦
ચરણ-શરણ દીજે સાહિબા ! હો રાજ !
હેજે **હંસરત્ન** કહે ઈમરે—હું૦ (૭)

卐

## (૪૩૧) (૧૮-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(દાસી હો ! દાસી રામ ! તુમારી—એ દેશી)**

સુણો **પાસ**-જિણેસર ! સામી, અલવેસર[1] અંતરજામી
હું તો અરજ કરૂં શિરનામી, પ્રભુ સાથે અવસર પામી
સ્વામી ! તારો ! તારો ! પ્રભુજી૦
મુજને ભવસાગર તારો, ચિહુંગતિના ફેરા વારો
કરુણા કરી પાર ઉતારો,
એ વિનતિ મનમાં ધારો હો—સ્વામી૦ (૨)
સંસારે સાર ન કાંઈ, સાચો એક તુંહી સખાઈ
તે માટે કરી થિરતાઈ,
મેં તુજ ચરણે લય લાઈ હો—સ્વામી૦
તારક તું જગતપ્રસિદ્ધો, પહેલે પણ તેં જસ લીધો
સેવકને શિવ-સુખ દીધો,
એક મુજશું અંતર[2] કીધો હો—સ્વામી૦
ઈમ અંતર તે ન કરેવો, સેવકને શિવસુખ દેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવગુણ પણ ગુણ કરી લેવો,
હેત[3] આણી બાંહે ગ્રહેવો હો ! સ્વામી૦ (૫)
સેવક ચૂકે[4] કોઈ ટાણે, પણ સાહિબ મનમાં નાણે
નિજઅંગીકૃત પરમાણે, પોતાનો કરીને જાણે હો ! સ્વામી૦
તું ત્રિભોવનનાથ કહેવાયે, ઈમ જાણીને જિનરાય
ધો ! ચરણ-સેવા સુપસાય,
જિમ **હંસરતન** સુખ થાય હો ! સ્વામી૦ (૭)

卐

## (૩૩૨) (૧૪-૨૪) શ્રી મહાવીર-જિન સ્તવન

**(આજ અષાઢો ઉમહચોજી-એ દેશી)**

સકળ ફળ્યા સહી માહરાજી, મનના મનોરથ આજ,
**વીર**-જિનેસર ! તું મળ્યોજી,
હવે સીધાં હો હવે સીધાં વંછિત કાજ
પ્રભુજી ! અરજ સુણીજે માંહકી[1] અરજ સુણીજે !
માંહકો[2] મુજરો લ્યો માહારાજ-પ્રભુજી૦ (૧)
દિન એતા ભલો[4] ભમ્યોજી, તુજ દરિશણ વિણ દેવ
હવે મનમંડી ટકશુંજી, તુમ સેવા હો કિમ કરૂં નીત મેવ પ્ર૦
તુજ દીઠે આવે નહીંજી, દેવ અવર કોય દાય
સુરતરૂ શાખા છોડીનેજી, કુંણ બેસે હો કુણ૦ બાઉલ છાંહ
—પ્રભુજી૦ (૩)
ગુણ અવગુણ જાણ્યા પખેજી, મન ન રહે એકતાર[5]
પ્રગટ પટંતર દેખીનેંજી, કુણ સેવે હો કુણ૦ વસ્તુ અસાર
—પ્રભુજી૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું ગતિ મતિ તું સાહિબોજી, તું મુજ જીવન પ્રાણ
નિરવહીયે શિર ઉપરેજી, ભવોભવ હો ભવો૦ તુમચી આણ
—પ્રભુજી૦ (૫)

જિતું તુમ સેવા બળેજી, કુમતિ કદાગ્રહ ફોજ
નિત નિત નવલી તાહરીજી, મન-ઇચ્છિત હો મન૦ પામું મોજ
—પ્રભુજી૦ (૬)

નાથ ! વસો મુજ ચિત્તમાંજી, આજ અધિક સુખપૂર
**હંસરતન** કહે માહરોજી, હવે પ્રગટચો હો સ્નેહ૦ પુણ્યપંડૂર[૬]
—પ્રભુજી૦ (૭)

## કલશ

**(દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો-એ દેશી.)**

મેં ગાયારે ઇમ જિન ચોવિશે ગાયા
શ્રી જિનગુણ[૧] દઢ ગુંફ કરીને,
ટોડર[૨] અજબ બનાયા રે—ઈમ૦ (૧)

સરસ સુવાસ[૩] સુવૃત્ત[૪] મનોહર, વરણ કુસુમ સમુદાયા
નવ-નવ પદરચના બહુભેગી,
સુ[૫]-લલિતબંધ સોહાયા રે—ઈમ૦ (૨)

દિનદિન પ્રતે પુહવીતલે પસરે, પરિમલ જાસ સવાયા
ભવિજન-મધુપ રહે જિહાં અહનિશિ,
રસલોભી લપટાયા રે—ઈમ૦ (૩)

શિવસુંદરી વરવા અતિ સુંદર, એ વરમાલ કહાયા
જે નર કંઠે ધરિ તેણે સુખ સવે,
કરતળે વાસ વસાયા રે—ઈમ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત સત્તર પંચાવન વરષે, અધિક ઉમંગ બઢાયા
માઘ અસિત તૃતીયા[૬] કુજ[૭]-વાસ રે,
ઉદ્યમ સિદ્ધ ચઢાયા રે—ઈમ૦ (૫)
તપ ગણ ગગન-વિભાસન-દિનકર, **શ્રીરાજવિજયસૂરિરાયા**
શિષ્યલેસ તસુ અન્વય[૮] ગણિવર,
**જ્ઞાનરત્ન** મન ભાયા રે—ઈમ૦ (૬)
તસ અનુચર **મુનિહંસ** કહે ઈમ, આજ અધિક સુખ પાયા,
જિનગુણજ્ઞાને બોધે ગાવે, લાભ અનંત ઉપાયા રે—ઈમ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. શ્રી હંસરત્નજી
## કૃત
## સ્તવન ચોવિશી
### કઠિન-શબ્દોના અર્થ

**સ્તવન ૧૮-૧**

૧. ચાલતા, ૨. કલ્પવૃક્ષ, ૩. સિંહ, ૪. ભ્રમણા, ૫. સેવા કરે, ૬. હાથ, ૭ પાંચમી, ૮. ગતિ.

**સ્તવન ૧૮-૨**

૧. હે! બ્હાલા, ૨. પ્રેમભર્યું, ૩. ઉમંગ. ૪. ચેહરો=દર્શન, ૫. પરાધીનપણે, ૬. જેવી, ૭. અત્યંત રાગવાળો.

**સ્તવન ૧૮-૩**

૧. બે ચરણ, ૨. છોડી, ૩. ખોટો ભ્રમ, ૪. છોડી, ૫. સહચારી, ૬.

**સ્તવન ૧૮-૪**

૧. મનરૂપ ભમરો, ૨. મન બાંધી=સ્થિરપણે, ૩. શ્રેષ્ઠ, ૪. ઘણા, ૫. અટકી રહ્યો, ૬. લીંબડા, ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કણેર, ૮. ખીલેલ, ૯. કમલ, ૧૦. સુંદર, ૧૧. સુગંધથી, ૧૨. દઢ આસક્તિ સાથે, ૧૩. સુગંધ, ૧૪. કમલની પરાગ, ૧૫. ગુણરૂપ કમલનો સુગંધ-મય માંજર.

**સ્તવન ૧૮-૫**

૧. ઘણા ગુણથી ભરેલ, ૨, આકૃતિ, ૩. ઉત્કટ ઇચ્છા, ૪. હૈયાના ઉમંગથી, ૫. વિપરીત મનવાળો, ૬. ભેદભાવ.

**સ્તવન ૧૮-૬**

૧. પદ્માકર=કમલનો સમૂહ, તેના બંધુ=સૂર્ય જેવા, ૨. ઉગતા સૂર્ય, ૩. જેવું, ૪. શરીર, ૫. સ્વાભાવિક કાંતિવાળા, ૬. સૂર્ય, ૭. પ્રભુજીની માતાનું નામ, ૮. પોતાના કુળ રૂપ ઉદયગિરિપર્વતના શિખરે, ૯. લાખ, ૧૦. કિરણોથી, ૧૧. ઘૂવડ ૧૨. ભવ્ય લોક રૂપ કમલનું જે વન તેની મંજરી=ફૂલ પરાગ સમૂહ, ૧૩. ભરપૂર, ૧૪. મુનિરૂપ ચકવાક પક્ષી, ૧૫. કુમતના કદાગ્રહ રૂપ બરફના સમૂહને, ૧૬. દૂર ૧૬. સૂર્યને ૧૮. લોકોક્તિ-પુરાણ કથાના આધારે સૂર્યનો સારથિ અરૂણ પાંગળો છે. એ વાતને અહીં ગૂંથી લાગે છે ૧૯. અખંડ પ્રકાશવાળા ૨૦. અધા ગુણોથી ભરપુર (છઠ્ઠી ગાથાના ચોથા પાદનો અર્થ) ૨૧. સૂર્ય ૨૨. આકાશમાર્ગે ૨૩. અંધકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૮–૭**

૧. પ્રભુજીના પિતાનું નામ ૨. મુકુટ સમાન ૩. પ્રભુજીની માતાનું નામ, ૪. સોનું ૫. શરીર ૬. વર્ણ–રંગ ૭. મોક્ષ ૮. સુગંધ ૯. સંસારના ભયના મૂળ કારણ.

**સ્તવન ૧૮–૮**

૧. નવા ૨. શરીરની ૩. સહારો ૪. સ્નેહપૂર્ણ ૫. નયનથી ૬. ચંદ્રના લંછનવાળા ૭. જગત= પૃથ્વીને ૮. ચંદ્રની ૯. સૂર્યના ૧૦. ચંદ્ર ૧૧. અમૃત ઝરનાર ૧૨. નેત્રથી ૧૩. પ્રેમ=રાગ ૧૪. અંધારા પખવાડિયામાં ૧૫. કલાથી ભરેલ ૧૬. તેજ ૧૫. વાદળાથી ૧૮. લાંછન.

**સ્તવન ૧૮–૯**

૧. પ્રભુજીની માતાનું નામ ૨. પ્રભુજીના પિતાનું નામ ૩. સુખનું કારણ ૪. દેખાવ ૫. શોભે છે. ૬. તેથી ૭. દેવ ૮. સૂર્ય ૯. દર્શનીય.

**સ્તવન ૧૮–૧૦**

૧. જંગલ ૨. જંગલ ૩. જન્મરૂપ ગહન ગુફાઓ ૪. ચક્કરખાતા ૫. ભટકી રહ્યો છે ૬. નહીં ૭. ખુંચી જાય તેવો ૮. ગુફા ૯. ભયંકર ૧૦. જંગલી ૧૧. લુંટારો ૧૨ ભયંકર ૧૩. રસ્તો ૧૪. વચગાળો ૧૫. ભાથું ૧૬. લુંટી ૧૭. મોટીજાગીરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૧૮-૧૧**

૧. વહેણુ=ઝરણાં ૨. ચોલ-મજીઠનો ૩. મર્યાદા.

**સ્તવન ૧૮-૧૨**

૧. તીવ્રતમન્ના ૨. મહેમાન ૩. છેડો ૪. શોભે છે ૫. પાપનો કીચડ ૬. ઘણો ૭. ચંદરવો ૮. દેશી શબ્દ લાગે છે, પણ "ઝમકઝમાલ" અર્થ બેસે છે.

**સ્તવન ૧૮-૧૩**

૧. પ્યારો ૨. ઉત્કટ ઇચ્છા ૩. મનની એકાકારતા ૪. ઉમંગ ધરાવું ૫. નજરોનજર ૬. ઉત્સુકતા

**સ્તવન ૧૮-૧૪**

૧. અંત ૨. છેલ્લે ૩. અધૂરાની ૪. હળદરનો

**સ્તવન ૧૮-૧૫**

૧. શાણો=હોંશિયાર ૨. સરસ ૩. છેવટે ૪. ગાઢપ્રેમ

**સ્તવન ૧૮-૧૬**

૧. ઇંદ્ર ૨. દેવોની સમક્ષ ૩. સીંચાણો ૪. કબૂતર

**સ્તવન ૧૮-૧૭**

૧. મુશ્કેલ ૨. સંયોગ ૩. ભાગ્ય=શુભકર્મ ૪. સારા ગુણીયલ ૫. મોહથી ૬. વિના

**સ્તવન ૧૮-૧૮**

૧. ઉમંગ સાથે ૨. કંચન ૩. રાજે છે=શોભે છે ૪. ઝાંઝરના ૫. મોટું દેશી વાંજિત્ર

**સ્તવન ૧૮-૧૯**

૧. ફલ્યો ૨. નિર્મળ ૩. સુગંધ ૪. ઊંડો ૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરુણા ૬. ભમરા ૭. જેવા ૮. પક્ષી ૯. કોમલ પાંદડાં

**સ્તવન ૧૮-૨૦**

૧. ખરેખર ૨. દેવોના વિમાનથી ૩. ચારે બાજુ ૪. પ્રભુને વાંદવા ૫. મનના ઉમંગથી ૬. મુનિરૂપ દેડકાઓ ૭. પાણીના જીવો ૮. પાપરૂપ જવાસા વનસ્પતિનો ૯. લીલાછમ

**સ્તવન ૧૮-૨૧**

૧. ગાઢ ૨. રાગ વિનાનો ૩. રાખી ૪. વધુ ૫. એકમેકપણે ૬. છેડો ૭. વિચારી

**સ્તવન ૧૮-૨૨**

૧. વિયોગ ૨. તરછોડીએ ૩. જાય

**સ્તવન ૧૮-૨૩**

૧, અદ્‌ભુત સામર્થ્યવાળા ૨. ભેદભાવ ૩. અંતરનો પ્રેમ ૪. ભૂલે

**સ્તવન ૧૮-૨૪**

૧. મારી ૨. મારો ૩. આટલા ૪. ભલે ૫. સ્થિર ૬. નિર્મલ

**કલશ :**

૧. પ્રભુના ગુણની દૃઢ ગુંથણી ૨. ફુલનો ગજરો ૩. સુગંધીવાળા ૪. સારા ગોળ તથા સારા છંદ-વાળા ૫. સુંદર ગુંથણીવાળા ૬. પદ ૭. મંગલ ૮. વંશમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामीने नमः

# શ્રી મોહનવિજયજી મ. કૃત સ્તવન–ચોવીસી

## [૧૯]

### (૪૩૩)[અ] (૧૯–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

પ્રભુજી ! ઓલંભડે[1] મત ખીજો

બાલપણે આપણ સસનેહી[2], રમતા નવ નવ વેષે

આજ તુમે પામ્યા પ્રભુતાઈ[3] અમે તો સંસાર[4]નિવેશે[5] હો

—પ્રભુજી૦ (૧)

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીયેં, તો તુમને કેઈ ધ્યાયેં

પણ ભવસ્થિતિ–પરિપાક થયા વિણ,

કોઈ ન મુગતે જાયે હો—પ્રભુજી૦ (૨)

સિદ્ધનિવાસ[6] લહે ભવિ[7]–સિદ્ધિ, તેહમાં સ્યો પાડ[8]તુમારો

તો ઉપગાર તુમારો વહીએ, અભવ–સિદ્ધને તારો હો

—પ્રભુજી૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાશી[૯]
તેહ તણો એક અંશ જો આપો, તે વાતે શાબાશી હો
—પ્રભુજી૦ (૪)
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા[૧૦] નવિ થાય
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શ્યું જાય હો
—પ્રભુજી૦ (૫)
સેવા ગુણ રંજયો ભવિજનને, જો તુમે કરો વડભાગી
તો તુમે સ્વામી! કેમ કહાવો? નિરમમ ને નિરાગી હો
—પ્રભુજી૦ (૬)
**નાભિનંદન** જગવંદન પ્યારો, જગગુરૂ જગ હિતકારી
**રૂપ**-વિબુધનો **મોહન** પભણે, વૃષભ-લંછન બલિહારી હો
—પ્રભુજી૦ (૭)

卐

## (૪૩૩)[આ](૧૯–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

**(આંજ હજારી ઢોલો પ્રાહુણો—એ દેશી.)**

**પ્રથમ–તીર્થંકર–સેવના,** સાહિબા!
ઉદિત[૧] હૃદય સસનેહ[૨]–જિણંદ મોરા હે
પ્રીત પુરાતન[૩] સાંભરે, સાહિબા! રોમાંચિત શુચિ દેહ
—જિણંદ૦ (૧)
અ–ગમ અ–લૌકિક સાહિબા,
સાહિબા! કાગળ પણ ન લખાય—જિણંદ૦
અંતરગતની[૪]જે વાતડી, સાહિબા! જણ[૫]–જણ નેં ન કહાય
—જિણંદ૦ (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોડિ ટકાની હો ચાકરી,
સાહિબા ! પ્રાપતિ વિણુ ન લહાય—જિણંદ૦
મનડોજી મળવાને ઉમહ્યો, સાહિબા ! કિમ કરી મેળો થાય ?
—જિણંદ૦ (૩)

સાહિબા ! દૂરથકાં પણ સાજણા,
સાહિબા ! સાંભરે નવરંગ રીત—જિણંદ
પૂરવ-પુણ્યે પામીયે, સાહિબા !
પરમ-પુરુષસ્યું પ્રીત—જિણંદ૦ (૪)

મત[૬] મત નય[૩]-નયકલ્પના,
સાહિબા ! ઈતર[૮] ઈતર પરિમાણુ—જિણંદ૦
રૂપ અ-ગોચર નવિ લહે,
સાહિબા ! વિવાદ એ મહીઆણુ—જિણંદ૦ (૫)

શમ દમ શુદ્ધ સ્વભાવમાં, સાહિબા !
પ્રભુ ! તુમ રૂપ અખંડ—જિણંદ૦
ભગતિ વદિત સંલીનતા, સાહિબા !
એથી પ્રગટ પ્રચંડ—જિણંદ૦ (૬)

કરુણારસ-સંજોગથી, સાહિબા !
દીઠો નવલ-દિદાર—જિણંદ૦
રૂપ-વિબુધ કવિરાજનો, સાહિબા !
**મોહન** જય-જયકાર—જિણંદ૦ (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૩૪)(૧૯–૨[અ])શ્રી અજિતનાથ–જિન સ્તવન

(કાબુલરો પાણી લાગણા-એ દેશી.)

ઓળગ[૧] **અજિત**-જિણંદની, માહરે મન માની
માલતી-મધુકરની[૨] પરે, બની પ્રીત અ[૩]–છાની
વારી હું **જિતશત્રુ**-સુતતણા મુખડાને મટકે (૧)
અવર કાંઈ જાચું નહી, વિણ સ્વામી સુરંગા,
ચાતક જિમ જલધર વિના, નવિ સેવે ગંગા–વારી૦ (૨)
એ ગુણ પ્રભુ! કિમ વીસરે, સુણી અન્ય પ્રશંસા,
છીલર કીણવિધ[૪] રતિ ધરે, માન સરના હંસા–વારી૦ (૩)
શિવ એક ચંદ્ર–કળા થકી, લહી ઈશ્વરતાઈ[૫],
અનંત–કળાધર મેં ધરયો, મુજ અધિક પુણ્યાઇ–વારી૦(૪)
તું ધન તું મન તન તુંહી, સસનેહા સ્વામી,
**મોહન** કહે કવિ **રૂપ**નો, જિન અંતરજામી-વારી૦ (૫)

卐

## (૪૩૪)(૧૯–૨[આ]) શ્રી અજિતનાથ-જિન સ્તવન

(મોતિડાની—દેશી)

**અજિત**-જિન અંતરજામી,
અરજ કરૂં છું પ્રભુ! શિર નામી,
સાહિબા! સસનેહી સુગુણજી, વાતડી કહું કેહી.
આપણ બાળપણાના સ્વદેશી,
તો હવે કિમ થાઓ છો વિદેશી—સાહિબા૦
પુણ્ય અધિક તુમે હુઆ જિણંદા,
આદિ અનાદિ અમે તો બંદા—સાહિબા૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાહરે આજ મણા[૧] છે શ્યાની,
તુંહિજ લીલાવંત તું જ્ઞાની—સાહિબા૦
તુજ વિણ અન્યને કાં નથી ધ્યાતા,
તો જો તું છે લોક વિખ્યાતા-સાહિબા૦ (૨)
એકને આદર એકને અનાદર,
ઈમ કિમ ઘટે તુજને કરૂણાકર—સાહિબા૦
દક્ષિણ-વામ નયન બિહુ સરખી,
કુણ ઓછી કુણ અધિકી પરખી-સાહિબા૦ (૩)
સ્વાન્યતા[૨] મુજથી ન રાખો સ્વામી,
શી સેવકમાં રાખો છો ખામી ?—સાહિબા૦
જે ન લહે સનમાન સ્વામીનો,
તો તેહને કહે સહુકો કમીનો-સાહિબા૦ (૪)
રૂપાતીત જો મુજથી થાશ્યો,
ધ્યાશું રૂપ કરી કિહાં જાશ્યો—સાહિબા૦
જડ પરમાણું અરૂપી કહાયે,
ગહત સંજોગે શ્યું રૂપી ન થાયે-સાહિબા૦ (૫)
ઘન જો ઓળગે કિમપિ ન દેવે,
જો દિનમણિ કનકાચલ સેવે—સાહિબા૦
એહવું જાણી તુજને સેવું,
તાહરે હાથ છે ફળનું દેવું—સાહિબા૦ (૬)
તુજ પય પંકજ મુજ મન વળગ્યું,
જાયે કિહાં છંડીને અળગું—સાહિબા૦
મધુકર[૪] મયગલ[૫] યદ્યપી રાચે,
પણ સૂને[૬]મુખે લાલ[૭]નવિ માચે[૮]—સાહિબા૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારક બિરૂદ કહાવો છો મોટા,
તો મુજથી કિમ થાશ્યો ખોટા—સાહિબા૦
રૂપ-વિબુધનો **મોહન** ભાખે,
અનુભવરસ આણંદશું ચાખે—સાહિબા૦ (૮)

卐

## (૪૩૫) (૧૯—૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

**( આવ્યા આમ પધારો-એ દેશી.)**

સમકિતદાતા સમકિત આપો, મન માંગે થઈ મીઠું
છતિ[૧] વસ્તુ દેતાં શ્યું શોચો, મીઠું જે સહુએ દીઠું
પ્યારા પ્રાણથકી છો રાજ ! **સંભવ**-જિનજી ! મુજને,
ઈમ મત જાણો જે આપે લહીએ, તે લાધું શું લેવું
પણ પરમારથ પ્રીછી[૨]આપે તેહ જ કહીયે દેવું—પ્યારા૦
અર્થી[૩] હું તું અર્થ[૪]-સમર્પક, ઈમ મત કરજ્યો હાંસું,
પ્રગટ હતું તુજને પણ પહિલાં, એ હાંસાનું પાસું
—પ્યારા૦ (૩)
પરમ પુરૂષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ[૫]
તેણે રૂપે તુમને એ ભજીયે, તિણે તુમ હાથ વડાઈ
—પ્યારા૦ (૩)
તુમે સ્વામી હું સેવાકામી, મુજ રે સ્વામી નિવાજે[૬]
નહિ તો હઠ માંડી માંગતાં કિણવિધ સેવક લાજે—પ્યારા૦
જોતે[૭] જોતિ મિળે મત પ્રીછો,કુણ લહસે ? કુણ ભજશે ?
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર નીર નય કરશે—પ્યા૦
ઓળગ[૮] કીધી જે લેખે[૯] આવી, ચરણ-ભેટ પ્રભુ દીધી
**રૂપ**-વિબુધનો **મોહન** પભણે,રસના પાવન કીધી—પ્યારા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૪૩૬) (૧૯–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

(આછે લાલની દેશી.)

અકળ[૧]–કળા અ[૨]–વિરૂદ્ધ, ધ્યાન ધરે પ્રતિબૂધ
આછે લાલ! **અભિનંદન** જિન–ચંદનાજી
રોમાંચિત થઈ દેહ, પ્રગટયો પૂરણ–નેહ,
આછે લાલ! ચંદ્ર જ્યું વન અરવિંદનાજી[૩] (૧)
એકો ખીણ મનરંગ, પરમ–પુરૂષને સંગ,
આછે લાલ! પ્રાપ્તિ[૪] હોવે સો પામીયેંજી
સુગુણ[૫]–સલૂણી ગોઠ, જિમ સાકર–ભરી પોઠ,
આછે લાલ! વિણ દામે વિવસાઈયેંજી (૨)
સ્વામી ગુણ–મણી તુજ, નિવસો મનડે મુજ
આછે લાલ! પણ કહિંયે ખટકે નહીજી
જિમ રજ નયણે વિલંગ, નીર ઝરે નિરવંગ[૬]
આછે લાલ! પણ પ્રતિબિંબ રહે સંસહીજી[૭] (૩)
મેં જાચ્યા કેઈ લક્ષ, તારક ભોળે પ્રત્યક્ષ,
આછે લાલ! પણ કો સાચ નાવ્યો વગેજી[૮]
મુજ બહુ મિત્રી દેખ, પ્રભુ! કાં મૂકો! ઉવેખ,
આછે લાલ! આતુર[૯]–જન બહુ ઓળગેજી[૧૦] (૪)
જગ જોતાં જગનાથ! જિમ તિમ આવ્યા છો હાથ,
આછે લાલ! પણ હવે રખે કુ[૧૧]–મયા કરોજી
બીજા સ્વારથી દેવ, તું પરમારથ હેવ,
આછે લાલ! પામ્યો હવે હું પટંતરોજી[૧૨] (૫)
તેં તાર્યા કેઈ કોડ, તો મુજથી શી હોડ
આછે લાલ! મેં એવડો શ્યો અલેહણોજી[૧૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુજ અરદાસ અનંત, ભવની છે ભગવંત,
આછે લાલ! જાણુને શું કહેવું? ઘણુંજી (૬)
સેવાફળ દ્યો આજ, ભોળવો કાં? મહારાજ,
આછે લાલ! ભૂખ ન ભાંગે ભામણેજી[૧૪]
**રૂપ**-વિબુધ સુ-પસાય, **મોહન** એ જિનરાય,
આછે લાલ! ભૂખ્યો ઉમાહે ઘણેજી (૭)

卐

## (૪૩૭) (૧૯–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

**(વારી હું ઉદયાપુર તણે—એ દેશી)**

પ્રભુજીશું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર–સનેહી
સાચો તે સાહેબ સાંભરે, ખીણમાંહે કોટિક વાર–સનેહી
વારી હું સુમતિ—જિણંદને૦ (૧)
પ્રભુ થોડા....બોલો ને નિપુણ ઘણો,
એતો કાજ અનંત કરનાર—સનેહી૦
ઓળગ[૧] જેહની જેવડી,
ફળ તેહવો તસ દેનાર—સનેહી! વારી૦ (૨)
પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો,
જિમ સિંચ્યો સુકૃતમાલ—સનેહી૦
એકણ કરૂણાની લેહેરમાં,
સુ[૨]-નિવાજે કરે નિહાલ—સનેહી! વારી૦ (૩)
પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને,
કોઈ કહે કીન[૩] રે પસાય—સનેહી૦
ઋતુ વિના કહો કિમ તરુવરે,
ફલ પાકીને સુંદર થાય—સનેહી! વારી૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ ભૂખ્યો પણ શું કરે,
કાંઈ બિહું હાથે ન જમાય—સનેહી૦
દાસતણી ઉતાવળે, પ્રભુ !
કિણ વિધ રીઝયો જાય ?—સનેહી ! વારી૦ (૫)
પ્રભુ લખિત[4] હોયે તો લાભીયે,
મનમાન્યાને માહારાજ—સનેહી૦
ફળ તો સેવાથી સંપજે,
વિણ ખયણ[5] ન ભાજે ખાજ—સનેહી ! વારી૦ (૬)
પ્રભુ વીસાર્યા નવિ વીસરે,
સાહમું અધિક હોવે છે નેહ—સનેહી૦
**મોહન** કહે કવિ-**રૂપ**નો,
મુજ વ્હાલો છે જિનવર એહ—સનેહી ! વારી૦ (૭)

卐

## (૪૩૮) (૧૯-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**(ઢોલા મારું ઘડી એક કરહો ઝીકાર હો—એ દેશી)**

પરમ[1]-રસભીનો માહરો, નિપુણ નગીનો[2] માહરો સાહેબો
પ્રભુ મોરા **પદમપ્રભ** પ્રાણાધાર હો,
જ્યોતીરમા[3] આલિંગીને પ્રભુ૦ અછક[5] છકયો દિન રાત હો
ઓળગ[6] પણ નવિ સાંભરે પ્રભુ૦ તો શી દરશણ વાત ? હો
પરમ૦ નિપુણ૦ (૧)
નિરભય પદ પામ્યા પછે પ્રભુ૦ જાણીયે ન હોવે તેહ હો
તો નેહ જાણે આગળે પ્રભુ૦ અળગા તે નિસનેહ હો
પરમ૦ નિપુણ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ લેહતાં તો લહ્યા વિભુ પ્રભુ૦
પણ નિજ નિજ દ્રવ્ય કહાય હો
અમે સુ-દ્રવ્ય સુ-ગુણ ઘણું, પ્રભુ૦
સહી તો તિણે શરમાય હો—પરમ૦ નિપુણ૦ (૩)
તિહાં રહ્યા કરુણા-નયણથી, પ્રભુ૦ જોતાં શું ઓછું થાય હો
જિહાં તિહાં જિન લાવણ્યતા, પ્રભુ૦
દેહલી-દીપક ન્યાય હો—પરમ૦ નિપુણ૦ (૪)
જો પ્રભુતા અમે પામતા, પ્રભુ૦ કેહવું ન પડે તો એમ હો
જો દેશો તો જાણું અમે, પ્રભુ૦
દરિશણ દરિદ્રતા કેમ હો—પરમ૦ નિપુણ૦ (૫)
હાથે તો નાવી શકો, પ્રભુ૦ ન કરો કોઈનો વિશ્વાસ હો
પણ ભોળવીયેં જો ભક્તિથી, પ્રભુ૦
કહેજ્યો તો શ્યાબાશ હો—પરમ૦ નિપુણ૦ (૬)
**કુમલલ**છન કીધી મયા,[૭] પ્રભુ૦ ગુનહ કરી બગશીશ હો
રૂપ-વિબુધના **મોહન** ભણી, પ્રભુ૦
પૂરજો સકલ જગીશ હો—પરમ૦ નિગુણ૦ (૭)

卐

## (૪૩૯) (૧૯-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(ઝીણામારૂજીની કરહલડી—એ દેશી.)**

વાલ્હા[૧] મેહ બપીયડા, અહિકુળને મૃગકુળને,
તિમ વળી નાદે વાહ્યો હો રાજ,
મધુકરને[૨] નવમલ્લિકા[૩] તિમ મુજને ઘણી વાહલી,
સાતમા-જિનની સેવા હો રાજ (૧)
અન્ય[૪]-યૂથિક સુર છે ઘણા, પણ મુજ મનડું તેહથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાવે એકણુ રાગે હો રાજ, સર્યો હું રૂપાતીતથી.
કારણુ મન માન્યાનું શ્યું, કાંઈ આપો હાથે હો રાજ (૨)
મૂળની[૫] ભકતે રીઝશે, નહિ તો અવરની રીત,
કયારે પણુ નવી ખીજે હો રાજ, ઓળગડી મોંઘી થશ્યે;
કંબળ હોવે ભારી, જિમ જિમ જળથી ભીંજે હો રાજ (૩)
મનથી નિવાજસ નહિ કરે, જો કર ગ્રહીને લીજે,
આવશે તે લેખે હો રાજ, મોટાને કેહવું કિશ્યું;
પગ[૬] દોડી અનુચરની, અંતરજામી દેખે હો રાજ (૪)
એહથી શ્યું અધિકો અછે, આવી મનડે વસીઓ;
સાહામો સુગુણુ સનેહી હો રાજ, જે વશ્ય હોશ્યે આપણે
તેહને માગ્યું દેતાં, અજર[૭] રહે કહો કેહી હો રાજ. (૫)
અતિ પરચે વિરચ્ચે નહી, નિત નિત નવલો નવલો,
પ્રભુજી મુજથી ભાસે હો રાજ, એ પ્રભુતા એ નિપુણુતા,
પરમપુરુષ જે જેહવી, કિહાંથી કોઈ પાસે હો રાજ૦ (૬)
ભીનો પરમ મહારસે, માહરો નાથ નગીનો
તેહને તે કુણુ નિંદે હો રાજ, સમક્તિ દઢતા કારણે,
**રૂપ**–વિબુધનો **મોહન**, સ્વામી **સુપાસ**ને વંદે હો રાજ (૭)

卐

## (૪૪૦) (૧૯–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**(નંદસલુણા નંદનારેલો – એ દેશી)**

શ્રી શંકર **ચંદ્રપ્રભ** રે લો, તું ધ્યાતા જગનો વિભુ રે લો.
તિણે હું ઓળગે[૧] આવીઓ રે લો,
તુમે પણ મુજને મયા[૨] કિયો રે લો. (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો,
સાહિબ સાહમું નિહાલજ્યો રે,ભવસમુદ્રથી તારજ્યો રે લો.
અગણિત ગુણ ગણવા તણી રે લો,
મુજ મન હોંશ ધરે ઘણી રે લો;
જિમ નભને[3] પામવા[4] પેખી રે લો,
હાખે બાલક કરથી લખી રે લો. (૩)

જો જિન તું છે પાંસરો[5] રે લો,
કરમ તણો શ્યો આસરો રે લો,
જો તુમેં રાખશો ગોદમાં રે લો,
તો કિમ જાશું નિગોદમાં રે લો. (૪)

જબ તાહરી કરુણા થઈ રે લો,
કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો
અધ્યાતમ રવિ ઉગીયો રે લો,
પાપ–તિમિર[6] કિહાં પૂગીઓ રે લો. (૫)

તુજ મૂરતી માયા જિસી રે લો,
ઉર્વશી થઈ ઉઅરે વસી રે લો,
રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો,
નિજર વાદળ છાંહડી રે લો. (૬)

તાહરી ભક્તિ ભલી બની રે લો,
જિમ ઔષધિ સંજીવની રે લો,
તવ મન આણંદ ઉપનો રે લો,
કહે **મોહન** કવિ–**રૂપ**નો રે લો. (૭)

卐

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## (૪૪૧) (૧૯-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

(મોતીડાની દેશી.)

અરજ સુણો એક **સુવિધિ**-જિણેસર,
પરમ-કૃપાનિધિ તુમે પરમેસર,
સાહિબા ! સુજ્ઞાની ! જોવો તો વાત છે માન્યાની
કહેવાઓ પંચમ[1]-ચરણના ધારી,
કિમ આદરી અશ્વની અસવારી—સાહિબા૦ (૧)
છો ત્યાગી શિવવાસ વસો છો,
**દશરથ**સુત રથે કિમ બેસો છો—સાહિબા૦
આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો,
હરિ-હરાદિકને કીણ વિધ નડશ્યો—સાહિબ૦ (૨)
ધુરથી[2] સકળ સંસાર નિવાર્યો,
કિમ ફરી દેવ-દ્રવ્યાદિક ધાર્યો—સાહિબા૦
તજી સંજમને પાશ્યો ગૃહવાસી,
કુણ આશાતના તજશે ચોરાશી—સાહિબા૦ (૩)
સમકિત-મિથ્યા મતમેં નિરંતર,
ઈમ કિમ ભાંજશે પ્રભુજી અંતર—સાહિબા૦
લોક તો દેખશે તેહવું કહેશ્યે,
ઈમ જિનતા તુમ કિણ વિધ રહશ્યે—સાહિબા૦ (૪)
પણ હવે શાસ્ત્રગતે મતિ પોંહચી,
તેહથી મેં જોયું ઊંડું આલોચી[3]—સાહિબા૦
ઈમ કીધે પ્રભુતાઈ ન ઘટે, સાંહમું ઈમ અનુભવ ગુણ પ્રગટે
—સાહિબા૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હય-મય યદ્યપિ તું આરોપાએ[૪],
તો પણ સિદ્ધપણું ન લોપાએ—સાહિબા૦
જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ,
પણ કંચનની કંચનતા ન જાએ—સાહિબા૦ (૬)
ભક્તની કરણી દોષ ન તુમને,
અઘટિત કેહવું અજુક્ત તે અમને—સાહિબા૦
લોપાએ નહિ તું કોઈથી સ્વામી,
**મોહનવિજય** કહે શિરનામી—સાહિબા૦ (૭)

卐

## (૪૪૨) (૧૯–૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**(ઘોડી તો આઈ થારા દેશમાં—એ દેશી.)**

**શીતલ**જિનવર સેવના, સાહેબજી,
શીતલ જિમ શશી[૧] બિંબ હો
સસનેહી ! મૂરતિ માહરે મન વસી સા૦
સાપુરિ[૨]ષાંશું ગોઠડી, સા૦ મોટો તે આલાલુંબ હો સ૦ (૧)
ખીણ એક મુજને નવિ વીસરે—સા૦
તુમ ગુણ પરમ અનંત હો—સ૦
દેવ અવરને શ્યું કરૂં, સા૦ ભેટ થઈ ભગવંત હો—સ૦ (૨)
તુમે છો મુગટ ત્રિહું લોકના, સા૦
હું તુમ પગની ખેહ[૩] હો—સ૦
તુમ છો સઘન રૂતુ મેહુલો, સા૦
હું પચ્છિમ દિશિ ત્રેહ હો—સ૦ (૩)
નિરાગી પ્રભુ રીઝવું સા૦ તે ગુણ નહિ મુજ માંહિ હો—સ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ[5] ગુરૂતા[6] સાંહમું જુઓ, સા૦
ગુરૂતા તે મૂકે નાંહિ હો સ૦ (૪)
મોટાસેતી[7]ખરોખરી, સા૦ સેવક કીણ-વિધ પાય હો—સ૦
આસંગો કિમ કીજીયેં. સા૦
તિહાં રહિ આ લુભાય હો—સ૦ (૫)
જગગુરુ કરૂણા કીજીયેં, સા૦
ન લખ્યો આભાર વિચાર હો સ૦
મુજને રાજ ! નિવાજશો, સા૦
તો કુણ વારણહાર હો—સ૦ (૬)
ઓળગ અનુભવ ભાવથી, સા૦
જાણો જાણ સુજાણ હો—સ૦
**મોહન** કહે કવિ રૂપનો, સા૦
જિનજી ! જીવનપ્રાણ હો—સ૦ (૭)

卐

## (૪૪૩) (૧૯–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

### (કંકણની દેશી)

શ્રેયાંસ–જિન સુણો સાહિબા રે,
જિનજી ! દાસ તણી અરદાસ–દિલડે વસી રહ્યો
દૂર રહ્યાં જાણું નહિ રે; પ્રભુ તુમારે પાસ—દિલડે૦ (૧)
હાંરે ! મૃગને જયું મધુર આલાપ,[1] દિલ૦
મોરમેં પીંછ કલાપ; દિલ૦
જળ થળ મહિયલ જોવતાં રે, જિ૦
ચિંતામણિ ચઢયો હાથ; દિલ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉણમ[૨] શી હવે માહરે રે, જિ૦
નિરખ્યો નયણે નાથ. દિલ૦ (૨)
ચરણે તેહને વિલગિયે[૩] રે, જિ૦ જેહથી સીઝે કામ; દિલ૦
ફોકટ શું ફેરો તિહાં રે જિ૦
પૂછે નહિ પિણ નામ—દિલ૦ (૩)
રૂડો કલિયુગ છોડીને રે, જિ૦ આપ રહ્યા એકાંત—દિલ૦
આપોપું[૪] રાખે ઘણા રે, જિ૦
પર[૫]રાખે તે સંત—દિલ૦ (૪)
દેવ ઘણા મેં દેખિયા રે, જિ૦ આડંબર પટરાય—દિલ૦
નિગય[૬] નહિ પણ સોડથી[૭] રે, જિ૦
આઘા પસારે થાય—દિલ૦ (૫)
સેવકને જો નિવાજીયેં રે, જિ૦ તો તિહાં સ્યાને જાય-દિલ૦
નિપટ[૮] નિરાગી હોવતાં રે, જિ૦
સ્વામીપણું કિમ થાય—દિલ૦ (૬)
મેં તો તુજને આદર્યો રે, જિ૦
ભાવેં તું જાણ મ જાણ—દિલ૦
**રૂપવિજય** કવિરાયનો રે, જિ૦
**મોહન** વચન પ્રમાણ—દિલ૦ (૭)

卐

## (૪૪૪) (૧૯–૧૨) શ્રી વાસુપૂજ્ય–જિન સ્તવન

**(ચુનડી તો ભીજે હો સાહિબાજી! પ્રેમની-એ દેશી.)**

પ્રભુજીસ્યું લાગી હો પૂરણ પ્રીતડી, જીવન પ્રાણ આધાર
ગિરૂઆ જિનજી હો રાજ, સાહેબ સુણજ્યો હો માહરી વિનંતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરિશણ દેજ્યો દિલભરી શ્યામજી,
અહો ! જયગુરૂ સિરદાર—સાહિબ૦ (૧)
ચાહીને દીજે હો ચરણોની ચાકરી,
ઘો અનુભવ અમ સાજ; ગિરૂઆ૦
ઇમ નવિ કીજે હો સાહેબાજી ! સાંભળો,
કાંઈ સેવકને શિવરાજ—ગિરૂઆ૦ સાહિબા૦ (૨)
ચૂપશ્યું[1] છાના હો સાહીબા ન બેસીગે,
કોઈ શોભા ન લહેશ્યો કોઈ—ગિ૦
દાસ ઉધારો હો સાહેબાજી ! આપણો,
જ્યું હોવે સુજશ સવાય—ગિ૦ સા૦ (૩)
અરૂણ[2] જો ઉગે હો સાહેબાજી અંબરે[3],
નાસે તિમિર[4] અંધાર—ગિ૦
અવર દેવ હો સાહિબજી કિંકરા,
મિલિયો તું દેવ મુને સાર—ગિ૦ સા૦ (૪)
અવર ન ચાહ હો સાહિબાજી તુમ છતે,
જિમ ચાતુક જલધાર—ગિ૦
ખટપદ[5] ભીનો હો સાહેબાજી પ્રેમશ્યું,
તિમ હું હૃદય મઝાર—ગિ૦ સા૦ (૫)
સાતરાજને હો સાહિબાજી અંતે જઈ વસ્યા,
શું કરિયે તુમ પ્રીત—ગિ૦
નિપટ નિરાગી હો જિનવર તું સહી,
એ તુમ ખોટી રીત—ગિ૦ સા૦ (૬)
દિલની જે વાતાં હો કિણુને દાખવું,
**શ્રી વાસુપૂજ્ય** જિનરાય—ગિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખીણ એક આવી હો[૬] પડેજી સાંભળો,
કાંઈ **મોહન** આવે દાય[૭]—ગિ૰ સા૰ (૭)

卐

## (૪૪૫) (૧૯–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

**(તેતરીયાભાઈ તેતરીયા—એ દેશી.)**

**વિમલ**જિણંદશું જ્ઞાનવિનોદી,મુખ[૧] છબિ શશી અવીહેલેંજી
સુરવર નિરખી રૂપ અનોપમ, હજીયે નિમેષ ન મેળેજી વિ૰
વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા[૩], એહવું કોઈક કહે છે જી
તો વરાહ લંછન મિશે પ્રભુને, ચરણે શરણ રહે છે જી વિ૰
લીલા અકળ લલિત પુરૂષોત્તમ, સિદ્ધિ વધુ રસ ભીનોજી
વેધક સ્વામીથી મિલવું સોહિલું, જે કોઈ ટાળે કીનોજી
—વિમલ૰ (૩)
પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સુધર્યોજી
હું નટ નવલ[૪] વિવિધ ગતિ જાણું,
ખિણ એક તો લ્યો મુજરોજી—વિમલ૰ (૪)
ચોરાશીલખ વેષ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણેજી
જે[૫] અનુભવ–દાન ગમે તો, ના રૂચે તો કહો મ આણેજી
—વિમલ૰ (૫)
જે પ્રભુભક્તિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યો ભટકેજી
સંગત[૬] તેહ ન વિગત[૭] લહીયેં, પૂજાદિકથી ચિટકેજી વિ૰
કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ. સ્વામી! અખય ખજાનોજી
રૂપ–વિબુધનો **મોહન** પભણે, સેવક વિનતિ માનોજી વિ૰

卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૪૬) (૧૯-૧૪ [અ]) શ્રી અનંતનાથ-જિન સ્તવન

(વીર સુણો મારી વિનતી—એ દેશી.)

**અનંત**જિણંદસ્યું વિનતિ, મેં તો કીધી હો ત્રિકરણથી[૧]આજ
મિલતાં નિજ સાહિબ ભણી, કુણ આણે હો મૂરખ મન લાજ
—અનંત૦ (૧)
મુખ-પંકજ[૨] મન-મધુકરૂ[૩], રહ્યા લુબ્ધા હો ગુણજ્ઞાને લીણ
હરિ-હર આવળ[૪]-ફૂલ જ્યોં,
તે દેખ્યાં હો કિમ ચિત હોવે પ્રીણ[૫]—અનંત૦ (૨)
ભવ[૬] ફરીયો દરીયો[૭] તર્યો,
પણ કોઈ હો અણુસરીઓ[૮] ન દ્રીપ[૯]
હવે મન-પ્રવહણ માહરૂં, તુમ પદ ભેટે હો મેં રાખ્યું છીપ[૧૦]
—અનંત૦ (૩)
અંતરજામી મિલ્યે થકે, ફહે[૧૧]માહરો હો સહી કરીને ભાગ
હવે વહિ[૧૨]જાવા તણી, નથી પ્રભુજી હો કોઈ ઇહાં લાગ
—અનંત (૪)
પલ્લવ[૧૩]ગ્રહિ રઢ[૧૪]લેયશું, નહી મેળો હો જ્યારે તુમે મીટ
આતમ[૧૫]અંબરે જો થઈ, કીમ ઉતરે હો કરારી છીંટ-અ૦
નાયક નિજ નિવાજ્યેં, હવે લાજીયેં હો કરતા રસલૂટ
અધ્યાતમ પદ આપવા, કાંઈ નહી પડે હો ખજાને ખૂટ-અ૦
જિમ તુમે તર્યાં તિમ તારજ્યો,શું બેસે હો તુમને કાંઈ દામ!
નહી તારો તો મુજને,તો કિમ તુમ હો તારક કહેશ્યો નામ!
—અનંત૦ (૭)
હું તો જિન રૂપસ્થથી[૧૬], રહું હોઈ હો અહનિશ અનુકૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરણ તજી જઈયેં કીહાં ? છે માહરી હો વાતલડીનો મૂલ
—અનંત૦ (૮)
અષ્ટાપદ[૧૭]પદ મ કરે, અન્ય તીરથ હો જાશે જિમ હેડ
**મોહન** કહે કવિ-**રૂપ**નો, વિના ઉપશમ હો નવિ મૂકું કેડ
—અનંત૦ (૯)

卐

## (૪૪૬)(૧૯-૧૪[આ]) શ્રી અનંતનાથ-જિન સ્તવન

(આદિ પુરૂષ એ આદજી-એ દેશી.)

**અનંત**-જિણંદ ! અવધારીયેં, સેવકની અરદાસ[૧]—જિનજી
અનંત અનંત ગુણ તુમતણા, સાંભરે શ્વાસોશ્વાસ—જિ૦ અ૦
સુરમણિ-સમ તુમ સેવના, પામીયેં પુણ્ય-પંડૂર[૨]—જિન૦
કિમ પ્રમાદ તણે વશે, મુકું અધખિણ દૂર ?—જિ૦ અ૦ (૨)
ભગતિ જુગતિ મનમેં વસો, મનરંજન મહારાજ—જિનજી૦
સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ—જિ૦ અ૦ (૩)
સ્યું મીઠા[૩] ધીઠા[૪] દિયે, તેહનો નહિ હું દાસ—જિન૦
સાથે સેવક સંભવી[૫], કીજે જ્ઞાન પ્રકાશ—જિ૦ અ૦ (૪)
જાણને સ્યું કહેવું ઘણું ? એક વચન મેલાપ—જિન૦
**મોહન** કહે કવિ-**રૂપ**નો, ભકિત મધુર જિમ દ્રાખ—જિ૦ અ૦

卐

## (૪૪૭) (૧૯-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

**(હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચાર જો—એ દેશી)**

હાંરે ! મારે ! **ધર્મ** જિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવડલો લલચાણો જિનજીની ઓળગે[૧] રે લો

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

હાંરે ! મુને થાશે કોઈક સમે પ્રભુ સુપ્રસન્ન જો;
વાતડલી માહારી રે સવિ થાશે વગેરે[૨] લો૦ (૧)

હાંરે ! પ્રભુ ! દુરજનનો ભંભેરયો માહારો નાથજો,
ઓળવશ્યે નહીં કયારે કીધી ચાકરી રે લો
હાંરે ! મારા સ્વામી સરખો કુણ છે ? દુનિયાં માંહિ જો,
જઈચેં રે જીમ તેહને ઘર આશ્યા કરી રે લો૦ (૨)

હાંરે ! જસ સેવાસેંતી[૩] સ્વારથની નહી સિદ્ધ જો,
ઠાલીરે[૪] શી કરવી તેહથી ગોઠડી[૫] રે લો
હાંરે ! કાંઈ જૂઠું ખાય તે મીઠાઈને માટે જો,
કાંઈ રે ! પરમારથ વિણુ નહી પ્રીતડી રે લો૦ (૩)

હાંરે ! મારે ! અંતરજામી જીવનપ્રાણુ-આધાર જો,
વાચો રે નવિ જાણ્યો કળિયુગ-વાયરો રે લો
હાંરે ! મારે ! લાયક નાયક ભગતવછલ ભગવંત જો,
વારુ રે ગુણુ કેરો સાહિબ સાયરુ રે લો૦ (૪)
હાંરે ! મારે ! લાગી મુજને તાહરી માયા[૬] જોર[૭] જો,
અળગા રે રહ્યાથી હોય ઓસંગળો[૮] લો
હાંરે ! કુણુ જાણે અંતરગતની ? વિણુ મહારાજ જો,
હેજેરે હસી બોલો છાંડી આમલો[૯] રે લો૦ (૫)

હાંરે ! તારે મુખને મટકે અટકયું માહરૂં મન જો,
આંખડલી અણીયાળી કામણુગારીઆ રે લો
હાંરે ! મારાં નયણાં લંપટ જોવે ખીણુ ખીણુ તુજ જો,
રાતા[૧૦] રે પ્રભુ[૧૧]-રૂપે રહે વારીઆં રે લો૦ (૬)
હાંરે ! પ્રભુ અળગા તો પણ જાણુજ્યો કરીને હજૂર જો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાહરીરે બલીહારી હું જાઉં વારણે[૧૨] રે લો
હાંરે ! કવિ **રૂપ**-વિબુધનો **મોહન** કરે અરદાસ જો;
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણે રે લો૦ (૭)

卐

## (૪૪૮) (૧૯-૧૬[અ]) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

**(ઈણિ સરવરીઆરી પાળ—એ દેશી)**

સોળમા શ્રી જિનરાજ ઓળગ[૧]સુણો અમ-તણી—લલના૦
ભગતથી એવડી કેમ કરો છો ? ભોળામણી—લલના૦
ચરણે વળગ્યો જેહ આવીને થઈ ખરો—લલના૦
નિપટ[૨] જ તેહથી કોણ રાખે ? રસ આંતરો—લ૦ (૧)
મેં તુજ કારણ સ્વામી ! ઉવેખ્યા સુર ઘણા—લલના૦
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા[૩]—લલના૦
તો તુમે તુજથી કેમ અપુઠા[૪] થઈ રહો—લલના૦
ચૂક[૫] હોવે જો કોય સુખે મુખથી કહો—લલના૦ (૨)
તુજથી અવર ન કોય અધિક જગતી તળે—લલના૦
જેહથી ચિત્તની વૃત્તિ એકાંગી જઈ મળે—લલના૦
દીજે દરશન વાર ઘણી ન લગાવીએ—લલના૦
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ ? લલના૦ (૩)
તું જો જળ તો હું કમળ, કમળ તો હું વાસના[૬]-લ૦
વાસના તો હું ભમર ન ચૂકું આસના[૭]—લલના૦
તું છોડે પણ હું કેમ છોડું ? તુજ ભણી—લલના૦
લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની—લલના૦ (૪)
ધુરથી[૮] સ્યાને સમકિત દઈને ભોળવ્યો—લલના૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોટે હવે કિમ જાઉં દિલાસે ઓળંગ્યો—લલના૦
જાણી ખાસો દાસ, વિમાસો છો ? કિશું—લલના૦
અમે પણ ખિજમતમાંહિ ખોટા કિમ થાયશ્યું ?—લ૦ (૫)
બીજી ખોટી વાત અમે રાચું નહીં—લલના૦
મેં તુજ આગળ માહારા મનવાળી કહી—લલના૦
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું ? તમે—લલના૦
અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે—લલના૦ (૬)
અંતરજામી સ્વામી અચિરા-નંદના—લલના૦
શાંતિકરણ **શ્રીશાંતિજી** માનજ્યો વંદના—લલના૦
તુજ સ્તવનાથી તન-મન આણંદ ઉપન્યો—લલના૦
કહે **મોહન** મનરંગ પંડિત કવિ-રૂપનો—લલના૦ (૭)

卐

## (૪૪૮)(૧૯–૧૬[આ]) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(નંદ સલૂણા નંદના રે લોલ—એ દેશી)

શાંતિજિણંદ સોહામણા રે—જોજો,
સોળમા જિનરાય—મોરા સાહિબા રે
ઠકુરાઈ ત્રિહું લોકની રે—જોજો,
સેવે સુર નર પાય—મોરા૦ શાંતિ૦ (૧)
મુખ શારદ કો ચંદલો રે—જોજો,
હસત[1] લલિત[2] નિશદીશ—મોરા૦
આંખડી અમીઅ[3] કચોલડી[4] રે—જોજો,
પૂરવે સકળ જગીશ—મોરા૦ શાંતિ૦ (૨)
આંગી અનોપમ હેમની[5] રે—જોજો,
ઝગમગ વિવિધ જડાવ—મોરા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખી મૂરત સુંદરૂ રે—જોજો,
ભજે અનિમિષતા[૬] ભાવ—મોરા૦ શાંતિ૦ (૩)
છત્રત્રય શિર શોભતા રે—જોજો,
મહિમાનો અવતંસ—મોરા૦
અજુઆળ્યો તીરથ આપણાં રે—જોજો
**વિશ્વસેન**—નૃપનો વંશ—મોરા૦ શાંતિ૦ (૪)
અકળ[૭]–કળા જિનજીતણી રે—જોજો,
મનોહર રૂપ અમિત—મોરા૦
શીતલપૂરે શોભતા રે—જોજો,
ભગતવછલ ભગવંત—મોરા૦ શાંતિ૦ (૫)
કેવલનાણ–દિવાકરૂ રે—જોજો, સમકિત–ગુણભંડાર—મોરા૦
પારેવો તેં ઊગારીઓ રે—જોજો, એમ અનેક ઉપગાર
—મોરા૦ શાંતિ૦ (૬)
હું બલિહારી તાહરી રે—જોજો, જિન તુમે દેવાધિદેવ—મોરા૦
**મોહન** કહે કવિ રૂપનો રે—જોજો, ભવોભવ દેજો સેવ
—મોરા૦ શાંતિ૦ (૭)

卐

## (૪૪૮)(૧૯–૧૬[ઈ]) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

(રાગ સારંગ)

**શાંતિ**જિણંદ મહારાજ–જગતગુરૂ! **શાંતિ**જિણંદ મહારાજ
**અચિરા**નંદન ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ
—જગત૦ (૧)
ગર્ભ થકી જિણે ઇતિ[૧] નિવારી, હરખિત સુર નર કોડી
જનમ થયે ચોસઠ ઇંદ્રાદિક, પદ પ્રણમે કર જોડી—જગત૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃગલંછન ભવિક તુષ (દુઃખ) ગંજન કંચનવાન શરીર
પંચમનાણી પંચમ ચક્રી, સોળસમો જિન ધીર—જગત૦
રત્નજડિત ભૂષણ અતિસુંદર, આંગી અંગી ઉદાર
અતિ ઉછરંગ ભગતિ નૌતન[2] ગતી, ઉપશમ રસ દાતાર
—જગત૦ (૪)
કરૂણાનિધિ ભગવાન કૃપાકર, અનુભવ ઉદિત[3] આવાસ[4]
રૂપ-વિબુધનો **મોહન** પભણે, દીજે જ્ઞાન-વિલાસ—જગત૦

卐

## (૪૪૯) (૧૯-૧૭[અ]) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(ચંદનરી કટકી ભલી—એ દેશી.)**

**કુંથુ**-જિણંદ કરૂણા કરો, જાણી પોતાનો દાસ—સાહિબા મોરા,
શું જાણી અળગા રહ્યા ? જાણ્યું કે આવશે પાસ—સાહિબા૦
અજબ રંગીલા પ્યારા, અકળ[1] અલક્ષી[2] ન્યારા,
પરમ સસનેહી માહરી વિનતિ (૧)
અંતરજામી વાલ્હા, જોવો મીટ[3] મિલાય; સાહિબા૦
ખિણ મ હસો ખિણમાં હસો, ઇમ પ્રીત નિવાહો કિમ થાય
—સાહિબા૦ પરમ૦ (૨)
રૂપી હોવો તો પાલવ[4]ગ્રહૂં, અ-રૂપીને શું કહેવાય—સાહિબા૦
કાન માંડચા વિના વારતા, કહોનેજી કેમ બકાય ? સા૦ ૫૦
દેવ ઘણા દુનીઆમાં અછે, પણ દિલમેળો નવિ થાય—સાહિબા૦
જિણ ગામે જાવું નહિ, તે વાટ કહો શું પૂછાય ? સા૦ ૫૦
મુજ મન અંતર-મુહૂર્ત્તનો, મેં ગ્રહ્યા ચપળતા દાવ-સાહિબા૦
પ્રીતિસમે તો જુઉં કહો, એ શો સ્વામી-સ્વભાવ ? સા૦ ૫૦
અંતર શો ? મળિયાં પછે, નવિ મળિયો પ્રભુ મૂળ-સાહિબા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુમયા[૫] કિમ કરવી ઘટે, જે થયો નિજ અનુકૂલ
—સાહિબ૦ પરમ૦ (૬)
જાગી હવે અનુભવ દિશા, લાગી પ્રભુ શું પ્રીત—સાહિબા૦
રૂપવિજય કવિરાયનો, કહે **મોહન** રસ-રીત—સા૦ ૫૦

卐

## (૪૪૯)(૧૯-૧૭[આ]) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(જાદવપતિ તોરણ આવ્યા—એ દેશી.)**

મુજ અરજ સુણો મુજ પ્યારા !
સાચી ભગતિથી કિમ રહો ન્યારા ?
સનેહી મોરા, કુંથુજિણંદ ! કરો કરૂણા (૧)
હું તો તુમ દરિશણનો અરથી[૧],
ઘટે કિમ કરી શકે કરથી રે—સનેહી૦
થઈ ગિરૂઆ એમ જે વિમાશો,
તે તો મુજને હો અછે તમાસો રે—સનેહી૦ (૨)
લલચાવીને જે કિજે કિમ દાસને ચિત પતીજે રે—સનેહી૦
પદ મોટે કહાવો મોટા, જિણ,તિણ વાતે ન હુઓ ખોટા રે
—સનેહી૦ (૩)
મુજ ભાવમહેલમેં આવો, ઉપશમ-રસ-પ્યાલો ચખાવો રે સ૦
સેવકનો તો મન રીઝે, જો સેવકનું કારજ સીઝે[૨] રે—સનેહી૦
મનમેળુ થઈ મન મેળો, અહે આવી મગ[૩]અવહેલો[૪]રે સ૦
તુમે જાણો છો એ કરૂં લીલા,પણ[૫]અરથી સરદહે કરી સીલા રે
—સનેહી૦ (૫)

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

પ્રભુ ચરણસરોરૂહ લેહવું, ફળ પ્રાપતી[૬]–લેહણું લેવું રે સ૦
કવિ રૂપ–વિબુધ જયકારી, કહે મોહન જિન બલિહારી સ૦

卐

## (૪૫૦) (૧૯–૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

### (ભટીઆણીની—દેશી.)

અરનાથજી અ–વિનાશી હો, સુવિલાસી ખાસી[૧] ચાકરી;
કાંઈ ચાહું અમે નિશદીશ
અંતરાયને રાગે હો અનુરાગે કીણપરે કીજીયે;
કાંઈ શુભભાવે સુજગીશ—અર૦ (૧)
સિદ્ધસ્વરૂપી સ્વામી હો ગુણધામી અલખ[૨] અગોચરૂ[૩];
કાંઈ દીઠા વિણુ દિદાર[૪]
કેમ પતીજે કીજે હો કેમ લીજે ફળ સેવા તણું,
કાંઈ દીસે ન પ્રાણઆધાર—અર૦ (૨)
જ્ઞાન વિના કુણ પેખે હો સંખેપે સૂત્રે સાંભળ્યો,
કાંઈ અથવા પ્રતિમા રૂપ
સાગે[૫] જો સંપેખું હો પ્રભુ દેખું દિલભર લોયણે;
કાંઈ તો મનપહુંચે[૬] ચૂપ અર૦ (૩)
જગનાયક જિનરાયા હો મન ભાયા મુજ આવી મળ્યા;
કાંઈ મહિર કરી મહારાજ
સેવક તો સસનેહી હો નિસનેહી પ્રભુ કિમ કીજીયે ?
કાંઈ ઇસડીઇ[૭] વહીયે રે લાજ—અર૦ (૪)
ભક્તિ–ગુણે ભરમાવી હો સમજાવી પ્રભુજીને ભોળવી;
કાંઈ રાખું હૃદય મઝાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો કહેજો શ્યાબાશી હો પ્રભુ! ભાસી જાણી સેવના,
કાંઈ એ અમચો[૮] એક તાર—અર૦ (૫)
પાણીનીરને મેલે હો કિણ ખેલે એકંત હોયે રહું;
કાંઈ નહિ રે મિલણનો જોગ
જો પ્રભુ દેખું નયણે હો કહી વયણાં સમજાવું સહી;
કાંઈ તે ન મિલે સંજોગ—અર૦ (૬)
મનેમેળુ કિમ રીઝે હો શ્યું કીજે અંતરાય એવડો,
કાંઈ નિપટ[૯] નહેજી[૧૦] નાથ
સાતરાજને અંતે હો કિણ પાખે તે આવીને મિલું?
કાંઈ વિકટ[૧૧] તુમારોજી સાથ—અર૦ (૭)
ઓળગ[૧૨] એ અનુભવની હો મુજ મનની વાતો સાંભળી,
કાંઈ કીજે આજ નિવાજ
રૂપ-વિબુધનો **મોહન** હો મનમોહન સાંભળી વિનતિ,
કાંઈ દીજે શીવપુર રાજ—અર૦ (૮)

卐

## (૪૫૧) (૧૯-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

### (થારા મોહ લાઉ—એ દેશી)

સુગુરૂ સુણી ઉપદેશ, ધ્યાયો દિલમેં ધરી હો લાલ-ધ્યા૦
કીધી ભગતિ અનંત, ચવી[૧] ચવી ચાતુરી હો લાલ, ચવી૦
સેવ્યો રે વિસવાવીશ, ઉલટ ધરી ઉલસ્યો હો લાલ-ઉ૦
દીઠો નવિ દિદાર, કાન કિણહી લગ્યો હો લાલ-કાન૦(૧)
પરમેસર શું પ્રીત, કહો કીમ કીજીયે હો લાલ—કહો૦
નિમેષ[૨] ન મેળે મીટ,[૩] દોષ કીણ દીજીયે હો લાલ-દોષ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોણ કરે તકસીર,[૪] સેવામાં સાહીબા હો લાલ—સેવા૦
કીજે ન છોકરવાદ, ભગત ભરમાયવા હો લાલ—ભગત૦
જાણ્યું તમારું જાણ, પુરુષના પારખો હો લાલ—પુરુષ૦
સુગુણ-નિગુણનો રાહ,[૫] કર્યો શ્યું સારીખો લાલ-કર્યો૦
દીધો દીલાસો દીન-દયાળ કહાવશો હો લાલ—દયાળ૦
કરૂણા-રસભંડાર, બિરૂદ કેમ પાળશ્યો ? હો લાલ-બિ૦(૩)
શ્યું નિવસ્યા તુમે સિદ્ધ, સેવકને અવગણી હો લાલ-સે૦
દાખો અવિહડ પ્રીત, જાવા દ્યો ભોળામણી હો લાલ-જા૦
જો કોઈ રાખે રાગ, નિરાગ મ રાખીએ હો લાલ—નિ૦
ગુણ-અવગુણની વાત, કહી પ્રભુ ! ભાખીએ હો—કહી૦
અમચા દોષ હજાર, તિકે[૬] મત ભાળજ્યો હો લાલ-તિકે૦
તુમે છો ચતુર સુજાણ, પ્રીતમ ગુણ પાળજ્યો હો—પ્રી૦
**મલ્લિનાથ** મહારાજ, મ રાખો અંતરો હો—મ૦
દ્યો દરિશણ દિલધાર, મિટે જ્યું આંતરો હો—મિટે૦(૫)
મનમંદિર મહારાજ, વિરાજે દિલ મળી હો—વિરાજે૦
ચંદ્રાતપ[૭] જિકા કમળ,[૮] હૃદય વિકસે કળી હો—હૃદય૦
કવિ રૂપ-વિબુધ સુપસાય, કરો અમ રંગરળી હો-કરો૦
કહે **મોહન** કવિરાય સફળ આશા ફળી હો—સફળ૦

卐

## (૪૫૨) (૧૯-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

(હો પીઉ પંખીડા—એ દેશી)

હો ! પ્રભુ ! મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને[૧] આળાલુંબન[૨] તાહરો રે લો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હો ! પ્રભુ૦ ભકત–વછલ ભગવંત જો,
આય વસો મનમંદિર સાહિબ માહરે રે લો૦ (૧)
હો ! પ્રભુ૦ ખીણ ન વીસારૂં તુજ જો,
તંબોલીના[3] પત્રતણી પરે ફેરતો રે લો
હો ! પ્રભુ૦ લાગી મુને માયા[3] જોર[4] જો,
દિણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે લો૦ (૨)
હો ! પ્રભુ૦ તું નિસનેહી જિનરાથ જો,
એકપખી પ્રીતલડી કીણપરે રાખીયે રે લો
હો ! પ્રભુ૦ અંતરગતની મહારાજ જો,
વાતલડી વિણ સાહિબ કહેને દાખીયે રે ? લો૦ (૩)
હો પ્રભુ૦ અલખ–રૂપ થઈ આપ જો,
જાય વસ્યો શિવમંદિર માંહે તું જઇરે લો
હો ! પ્રભુ૦ લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર–સિદ્ધાંત ગતિને સાહિબ તુમ લહીરે લો૦ (૪)
હો ! પ્રભુ૦ જગજીવન જિનરાય જો,
**મુનિસુવ્રત** જિન મુજરો માનજ્યો માહરો રે લો
હો ! પ્રભુ૦ પય પ્રણમી જિનરાય જો,
ભવભવ શરણું સાહિબ ! સ્વામી ! તાહરૂં રે લો૦ (૫)
હો ! પ્રભુ૦ રાખશું હ્રદય મઝાર જો,
આપો શામળીયા ! દ્યો પદવી તાહરી રે લો,
હો ! પ્રભુ૦ **રૂપવિજયને** શિષ જો,
**મોહનને** મન લાગી માયા તાહરી રે લો૦ (૬)

卐

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

# (૪૫૩) (૧૯-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

(આસણરારે યોગી—એ દેશી)

આજ **નમિનાથ** રાજને કહીયેં,
મીઠે વચન પ્રભુ-મન લહીયેં રે-સુખકારી સાહેબજી ?
પ્રભુ છે નિપટ-નિસનેહી નગીના,
તો હિયડે છું સેવક આધીના રે—સુખ૦ (૧)
સુનિજર[1] કરશો તો વરશો વડાઈ,
સુકહીશેં પ્રભુને લડાઈ રે—સુખ૦
તુમે અમને કરશ્યો મોટા,
કુણ કહેશે પ્રભુ ! તુમને ખોટા રે—સુખ૦ (૨)
નિશંક થઈ શુભ વચનો કહેસ્યો,
તો જગ શોભા અધિકી લહસ્યો રે—સુખ૦
અમે તો રહ્યા છું તુમમને રાચી,
રખે આપ રહો મત ખાંચી રે-સુખ૦ (૩)
અમ્હે તો કિશું અંતર નવિ રાખું,
જે હોવે હૃદયેં તે કહી દાખું રે-સુખ૦
ગુણીજન આગળ ગુણ કહેવાયેં,
જેવારે પ્રીત પ્રમાણે થાય રે—સુખ૦ (૪)
વિષધર[2] ઈશ[3] હૃદયે[4] લપટાણો,
તેહવો અમને મળ્યો છે ટાણો રે-સુખ૦
નિરવહેસ્યો જો પ્રીત અમારી,
કલિમાં[5] કીરતિ થાસ્યેં તમારી રે—સુખ૦ (૫)
ધૂતાઈ ચિતડે નવિ ધરસ્યો,
કાંઈ અવળો વિચાર ન કરસ્યો રે—સુખ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ તિમ જાણી સેવક જાણેજ્યો,
અવસર લહી સુધ[૬] લહેજ્યો રે—સુખ૦ (૬)
આસંગે[૭] કહીએ છે તુમને,
પ્રભુ! દીજે દિલાસા અમને રે—સુખ૦
**મોહનવિજય** સદા મન રંગે,
ચિત લાગ્યો પ્રભુને સંગેરે—સુખ૦ (૭)

卐

## (૪૫૪) (૧૯–૨૨ [અ]) શ્રી નેમનાથ–જિન સ્તવન

### ( દક્ષણ દોહીલો હો રાજ–એ દેશી )

કાં રથ વાળો! હો રાજ, સાહમું નિહાળો! હો! રાજ,
પ્રીત સાંભળો રે, વાલ્હા! યદુકુળ સેહરા[૧],
જીવન મીઠા હો! રાજ? મત હોજો ધીઠા હો! રાજ?
દીઠા અલજે[૨] રે, વાહલા! નિવહો નેહરા[૩]૦ (૧)
નવ ભવ ભજ્જા[૪]હો! રાજ? તિહાં શી લજ્જા હો! રાજ?
તજત લજ્જારે, કંસે[૫] રણકા[૬] વાજીયા[૭]
**શિવાદેવી**–જાયા હો! રાજ, માની લ્યો! માયા હો! રાજ?
કિમહીક પાયા રે, વાહાલા! મધુકર રાજીયા૦ (૨)
સુણી હરિણીનો હો! રાજ? વચન કામિનીના હો! રાજ?
સહી તો બીહનારે, વાહલા! આઘા આવતાં
કુરંગ કહાણા હો? રાજ, ચૂકે ટાણા હો! રાજ,
જાણો વાહલા રે, દેખી વર્ગ વરંગનો૦ (૩)
વિણ ગુન્હે અટકી હો! રાજ? છોડો માં! છટકી હો! રાજ,
કટકી[૮] ન કીજે રે, વાહાલા! કીડી ઉપરે,

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

રોષ નિવારો ! હો ! રાજ, મહેલ પધારો હો ! રાજ,
કાંઈ વિચારો રે, વાહાલા ! ડાલું-જીમણું૦ (૪)
એસી હાંસી હો ? રાજ, હોએ વિકાસી હો ! રાજ,
જુઓ વિમાસીરે, અતિહી રોષ ન કીજીયે,
આ ચિત્રશાળી હો ! રાજ, સેજ સુઆળી હો ! રાજ,
વાત હેતાળી રે, વહાલા ! મહારસ પીજીયેં૦ (૫)
મુગતિ વનિતા હો ! રાજ, સામાન્ય[૯]વનિતા હો ! રાજ,
તજી પરિણીતારે, વાહલા ! કાં તુમે આદરો,
તુમને જે ભાવે હો ! રાજ, કુણ સમજાવે ? હો ! રાજ,
કિમ કરી આવે રે ? તાણ્યો[૧૦]કુંજર[૧૧]પાધરો૦ (૬)
વચને ન ભીનો હો ! રાજ, **નેમ**-નગીનો હો ! રાજ,
પરમ ખજાનો રે, વાહલા ! નાણ અનુપનો[૧૩],
વ્રત શવિ સ્વામી હો ! રાજ, **રાજુલ** પામી હો ! રાજ,
કહે હિતકામી રે, **મોહન** બુધ રૂપનો૦ (૭)

卐

## (૪૫૪) (૧૯-૨૨[આ]) શ્રી નેમિનાથ-જિન સ્તવન

**(અંબરીઆને ગાજે હો ભટિયાણીરાણી ચુએ એ-દેશી)**

**રાજુલ** કહે રથવાળો ! હો, નણદીરા વીરા ! હઠ તજો,
કાંઈ પાળો પૂરવ-પ્રીત, મૂકો કિમ વિણ[૧]-ગુનહે હો ?
નણદીરા વીરા ! વિલપતાં, કાંઈ એ શી શીખ્યા રીત ?
રાજુલ૦ (૧)
હું તો તુમ ચરણારી હો, નણદીરા વીરા ! મોજડી,
કાંઇ સાંભળો ! આતમરામ, તો મુજને[૨] ઉવેખો હો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નણદીરા વીરા ! શ્યા[3] વતી, નહી એ સુગુણાંરો કામ—રા૦
પશુઆંને કરી કરુણા હો, નણદીરા વીરા ! મૂકીયા,
તો મેં શી ચોરી કીધી, પશુઆંથી શ્યું હીણી હો !
નણદીરા વીરા ! ત્રેવડી,[4]જે મુજને વિછોહો દીધ—રા૦ (૩)
એહવું જો મન ખોટું હો, નણદીરા વીરા ! જો હતું,
તો પાડી કાં નેહને ફંદ, ઊળઝું તે નવી સુળઝેહો,
નણદીરા વીરા ! મનડું, કાંઈ કોટિ મિળે જો ઈંદ્ર—રા૦ (૪)
મેં તો કહો કિણ વાતેહો, નણદીરા વીરા ! દુહવ્યા[5] ?
શ્યાને રાખો છો રોષ ? માહરે તો તુમ સાથે હો;
નણદીરા વીરા ![6]અલેહણું,તો કેહને દાખું રે દોષ ?—રા૦ (૫)
તાંત[7]ત્રુટયાની પરેહો, નણદીરા વીરા ! જોડીએ;
કાંઈ કતુઆરીના[8]જેમ, ઠેલીજે નહિ પાખે હો,
નણદીરા વીરા ! વળગતાં, કાંઈ નેહ ન ચાલે એમ— રા૦
ઈમ કહેતી વ્રત લેતીહો, નણદીરા વીરા ? **નેમજી**
કાંઈ શિવ પહિલે કીઆ વાસ, ધનધન તે જગમાંહે હો,
નણદીરા વીરા ! પ્રીતડી, કાંઈ **મોહન** કહે શ્યાબાશ—રા૦

卐

## (૪૫૫) (૧૯–૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(કાનુડો વેણ વજાવે રે કાલીનદીને કાંઠે એ-દેશી)**

**વામાનંદ** હો ! પ્રાણથકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણથકી પિણ ન્યારા;
પુરસાદાણી શામળ-વરણો, શુદ્ધ સમકિતને ભાસે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ[1] પુંજ જિણે કીધો તેહને, ઉજ્વળ વરણ પ્રકાશે-
વામા૦ (૧)
તુમ ચરણે વિષધર[2]પિણ નિરવિષ,[3]દંશણે[4]થાએ ખિડોજી[5],
જોતા અમ શુદ્ધ સ્વભાવ કાં ન હુવે,
એહ અમે શ્રદ્ધા છો—વામા૦ (૨)
**કમઠરાય** મદ કિણ ગિણતિમાં, મોહ તણો મદ જોતો,
તાહરી શકતી અનંતી આગળ, કેઈ કેઈ મર ગયા ગોતાં-
વામા૦ (૩)
તેં જિમ તાર્યાં તિમ કુણ તારે ? કુણ તારક ? કહું એહવો,
સાયરમાન[6] તે સાયર સરીખો,તિમ તું પિણ તું જેહવો-
વામા૦ (૪)
કિમપિ ન બેસો કરૂણાકર તે, પિણ મુજ પ્રાપ્તિ અનંતી,
જેમ પડે કણ કુંજર-મુખથી, કીડી બહુ ધનવંતી-વામા૦
એક આવે એક મોજાં પાવે, એક કરે ઓળગડી,
નિજ-ગુણ-અનુભવ દેવા આગળ,
પડખે નહી તું બે ઘડી—વામા૦ (૬)
જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજ્યો,
**મોહનવિજય** કહે કવિ **રૂપનો**, પરતક્ષ કરૂણા કરજ્યો-વામા૦

卐

## (૪૫૬) (૧૯-૨૪) શ્રી મહાવીર સ્વામી-જિન સ્તવન

**( પછેહાની-દેશી )**

દુર્લભ ભવ લહી દોહલો રે, કહો તરીયે કેણ[7] ઉપાય રે,
—પ્રભુજીને વિનવું રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમકિત સાચાર[૨]સાચવું રે, તે કરણી કિમ થાય રે? —પ્રભુ૦
અશુભ મોહ જો મેટીયે રે, કાંઈ શુભ પ્રભુને જાય રે–પ્રભુ૦
નિરાગે[૩] પ્રભુ ધ્યાઈયે રે, કાંઈ તો વિણ રાગ કહાય રે
—પ્રભુ૦ (૨)
નામ ધ્યાતા જો ધ્યાઈયે રે,કાંઈ પ્રેમ વિના નવિ તાન. પ્રભુ૦
મોહ–વિકાર જિહાં તિહાં રે, કાંઈ કીમ તરીયે ? ગુણધામે રે
—પ્રભુ૦ (૩)
મોહ–બંધ જ બંધિઓ રે,
કાંઈ બંધ જિહાં નહીં સોય રે—પ્રભુ,
કર્મબંધન કીજીયે રે, કર્મબંધન ગયે જોય રે–પ્રભુ૦ (૪)
તેહમાં શો પાડ ચઢાવીયે રે ? કાંઈ તુમે શ્રી મહારાજ રે–પ્રભુ.
વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે–પ્રભુ૦
પ્રેમ મગનની ભાવના રે, કાંઈ ભાવ તિહાં ભવ નાસરે–પ્રભુ,
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉદ્દેશ્યે આતમ સારરે–પ્રભુ૦
પૂરણઘટા[૪]અભ્યંતર ભરચો રે, કાંઈ અનુભવ અનુહાર[૫]રે–પ્રભુ.
આતમ ધ્યાને ઓલખી રે, કાંઈ લહસ્યું ભવનો પાર રે
—પ્રભુ૦ (૭)
**વર્દ્ધમાન** મુજ વિનતિ રે, કાંઈ માનજો નિશદીશ રે–પ્રભુ૦
**મોહન** કહે મનમંદિર રે, કાંઈ વસીયો તું વિસવાવીશ રે
—પ્રભુ૦ (૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી મોહનવિજયજી મહારાજ
## કૃત
## સ્તવન–ચોવીશી
## કઠિન શબ્દોના અર્થો

**સ્તવન ૧૯–૧ (અ)**

૧. મીઠા ઠપકા ૨. પ્રેમવાળા ૩. મોટાઈ ૪. ચાર ગતિ રૂપ ૫. ગામમાં ૬. મોક્ષ ૭. ભવ્ય જીવ ૮. ઉપકાર–એહસાન ૯. ઠાકોર ૧૦. સંકોચ

**સ્તવન ૧૯–૧ (આ)**

૧. પ્રગટ થઈ છે ૨. સ્નેહપૂર્વક અંતરના રાગથી ૩. જૂની ૪. અંદરની ૫. જ્યાં–ત્યાં ૬. દરેકની જુદી જુદી બુદ્ધિએ ૭. નય અને તેના પેટાનયની કલ્પના ૮. જુદી જુદી રીતે

**સ્તવન ૧૯–૨ (અ)**

૧. સેવા ૨. ભમરા ૩. જાહેર ૪. કેવી રીતે ૫. મોટાઈ

**સ્તવન ૧૯–૨ (આ)**

૧. ખામી ૨. સ્વ=પોતાથી અન્યના=સ્નેહભાવ ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હલકો ૪. ભમરો ૫. હાથી ૬. ખાલી મોંઢે ૭. બાલક ૮. રાજી થાય

**સ્તવન ૧૯-૩**

૧. વિદ્યમાન ૨. ઓળખાવી આપે ૩. યાચક ૪. વસ્તુને આપનાર ૫. મોટાઈ ૬. પ્રસન્ન થાય ૭. જ્યોતિમાં જ્યોતિ મળ્યે થકે ૮. સેવા ૯. સફળ

**સ્તવન ૧૯-૪**

૧. ન સમજાય તેવું ૨. વિરોધાભાસ રહિત ૩. ચંદ્ર વિકાશી કમળના ૪. ભાગ્યનું નિર્માણ ૫. સારા ગુણવાનની સુંદર સોબત ૬. એકધારું ૭. સ્પષ્ટ ૮. સફળ ૯, ગરજવાન ૧૦ સેવા કરે ૧૧. અકૃપા ૧૨. ભેદભાવ ૧૩. ગુન્હો ૧૪. બનાવવાથી

**સ્તવન ૧૯-૫**

૧. સેવા ૨. સારી રીતે પ્રસન્ન થાય ૩. કર્યો ૪. ભાગ્યમાં બન્યું હોય ૫. બાહ્યા

**સ્તવન ૧૯-૬**

૧. શ્રેષ્ઠ=શાંત ૨. શ્રેષ્ઠ ૩. જ્ઞાન પ્રકાશ ૪. લક્ષ્મી મેળવીને ૫. છલકાય નહીં તે રીતે ગંભીર ૬. સેવા ૭. દયા

**સ્તવન ૧૯-૭**

૧. મેઘ અને ચાતકને જે પ્રેમ, અહિ=સાપના કુલને અને હરણને જેમ નાદ=સંગીતનો પ્રેમ (૧ લી ગાથાની બે લીટીનો અર્થ) ૨. ભમરો ૩. માલતીની તાજી ખીલેલી વેલ ૪. અન્ય દર્શનના ૫. સાચી=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરની ભક્તિથી પ્રભુજી રીઝશે, પણ બીજા દેવની જેમ ક્યારેક પણ ખીજશે=નારાજ નહીં થશે, (ત્રીજી ગાથાની બે લીટીનો અર્થ) ૬. ટાંટીયા-તોડ ૭. ઉચિતતા

સ્તવન ૧૯-૮

૧. સેવાએ ૨. દયા ૩. આકાશને ૪. માપવા ૫. અનુરૂપ ૬. અંધકાર

સ્તવન ૧૯-૯

૧. પાંચમા=યથાખ્યાત ચારિત્રના ૨. પ્રથમથી ૩. વિચારી ૪. બેસાડાય છે.

સ્તવન ૧૯-૧૦

૧. ચંદ્ર ૨. સત્પુરુષો સાથે ૩. રજ-ધૂલ ૪. ઝાકલ ૫. મોટાઓ ૬. મોટાઈ ૭. મોટાની સાથે

સ્તવન ૧૯-૧૧

૧. સંગીતના સૂર ૨. ઓછાશ ૩. વળગીએ ૪. પોતાપણું ૫. બીજાને લાભદાયી બને તે સંત કહેવાય (ચોથી ગાથાની ચોથી લીટીનો અર્થ) ૬. નજીક ૭, પાસેથી ૮. સાપ

સ્તવન ૧૯-૧૨

૧. મૌનપણે ૨. સૂર્યોદય પૂર્વે થતો અરુણોદય ૩. આકાશે ૪. ગાઢ ૫. ભ્રમર ૬. જાતે ૭. અનુકૂળ

સ્તવન ૧૯-૧૩

૧. મુખની કાંતિ એવી કે ચંદ્રને હેલે=ઝાંખી પાડે (૧ લી ગાથાની બીજી લીટીનો અર્થ) ૨. ઝબકારો ૩. પૃથ્વી ૪. નવી જાતનો ૫. જો મારા વેષ લાવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાની રીત ગમે તો. અનુભવદાન = આત્માનુભવ આપો, અને જો ન ગમે તો મને કહો કે હવે પછી આવા વેષ લાવીશ નહીં એટલે સરવાળે મારે આ સંસારનું ભ્રમણ બંધ થઈ જાય (પાંચમી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૬. સોવન ૭, સ્પષ્ટપણે

**સ્તવન ૧૯–૧૪ (અ)**

૧. મન–વચન–કાયાથી ૨. કમલ ૩. ભમરો ૪. તુચ્છ વનસ્પતિનું નામ છે, જેને ફળ પણ લાગતાં નથી ૫. ખુશ=પ્રસન્ન ૬. સંસારનો ભટક્યો ૭. મોટો સંસાર સમુદ્ર તર્યો ૮. મળ્યો નહીં ૯. આશરા જેવું સ્થળ ૧૦. છુપાવીને ઠેઠ નજીક ૧૧. ધરે છે ૧૨. છટકી ૧૩. છેડો ૧૪. આગ્રહ ૧૫. આખા ઉત્તરાર્ધનો અર્થ સંગત રીતે બેસતો નથી, કંઈક શબ્દ ખૂટતો લાગે છે ૧૬. સમવસરણાકારે ૧૭. આખા પૂર્વાર્ધનો અર્થ ઝલકદાર–વિશિષ્ટ લાગે છે. પણ શબ્દોનો અંગત સંબંધ સમજાતો નથી.

**સ્તવન ૧૯–૧૪ (આ)**

૧. વિનતિ ૨. નિર્મળ–ઘણા ૩. મધુરા ૪. આશ્વાસનો ૫. સંભાળી

**સ્તવન ૧૯–૧૫**

૧. સેવાએ ૨. સફળ ૩. સેવાથી ૪. ફોગટ ૫. વાત ૬. પ્રીતિ ૭. વધુ ૮. પ્રેમમાં અંતરાય ૯. મનની ઢીલ ૧૦. આસક્ત ૧૧. આપના રૂપમાં ૧૨. ઓવારી જાઉં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવન ૧૯-૧૬ (અ)

૧. વિનતિ ૨. ખરેખર ૩. ખામી ૪. અબોલા ૫. ભૂલ ૬. સુગંધ ૭. ભક્તિ ૮. પહેલેથી

સ્તવન ૧૯-૧૬ (આ)

૧. હસમુખ ૨. સુંદર ૩. અમૃતની ૪. વાટકી ૫. સોનાની ૬. પલકારા વિનાની આંખો ૭. ન સમજાય તેવી કલા-ગીત

સ્તવન ૧૯-૧૬ (ઈ)

૧. ઉપદ્રવ ૨. નવી=ઉત્તમ ૩. ઊગ્યો ૪. મનરૂપ આવાસમાં

સ્તવન ૧૯-૧૭ (અ)

૧. ન સમજાય તેવા ૨. ન દેખાય તેવા ૩. નજર ૪. છેડો ૫. અકૃપા

સ્તવન ૧૯-૧૭ (આ)

૧. ઇચ્છુક ૨. થાય ૩. પાછળથી ૪. તરછોડો તો પણ ૫. પણ ગરજવાનને તો તે શિલા=પથ્થર જેવું લાગે ૬. ભાગ્ય પ્રમાણે

સ્તવન ૧૯-૧૮

૧. યોગ્ય ૨. ન દેખાય તેવા ૩. મારી જ્ઞાનશક્તિના અવિષય ૪. ચહેરો ૫. સાક્ષાત્ ૬. મનની જેટલી પહોંચ છે તેમાં પણ ૭. આ રીતે ૮. અમારો ૯. સર્વથા ૧૦ હેજ=હેત વિનાના ૧૧. મુશ્કેલ ૧૨. સેવા

સ્તવન ૧૯-૧૯

૧. દેશી શબ્દ છે, સંદર્ભ ગતિથી "કરી કરીને" અર્થ લાગે છે ૨. પલકારો ૩. દૃષ્ટિથી ૪. ગુન્હો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. રસ્તો ૬. તે ૭. ચંદ્રનો પ્રકાશ ૮. ચંદ્ર વિકાશી કમલ–કુમુદ

**સ્તવન ૧૯–૨૦**

૧. સેવા કરનારાને ૨. આધાર ૩. પાનવાળો, જેમ પાનને ઘડીયે ઘડીયે ફેરવ્યા કરે તેમ હું આપને ઘડીયે ઘડીયે યાદ કરું છું (બીજી ગાથાની બીજી લીટીનો અર્થ) ૪. પ્રીતિ ૫. વધુ

**સ્તવન ૧૯–૨૧**

૧. મીઠી નજર ૨. સર્પ ૩. મહાદેવ ૪. છાતીએ ૫. કલિયુગમાં ૬. ગાઢ પ્રેમના કારણે

**સ્તવન ૧૯-૨૨ (અ)**

૧. તિલક ૨. ઉમંગથી ૩. પ્રેમને ૪. સ્ત્રી ૫. ત્રાંબાનો ૬. રણકો ૭. વાગ્યો ૮. આક્રમણ ૯. વેશ્યા ૧૦. ખેંચ્યેથી ૧૧. હાથી ૧૨. સીધો ૧૩. અદ્ભુત

**સ્તવન ૧૯–૨૨ (આ)**

૧. વગર અપરાધે ૨. અવગણો છો ! ૩. શા માટે? ૪. ગણી ૫. દુભવ્યા ૬. લેણું નથી ૭. ત્રાક અગર તાર ૮. કાંતનારી

**સ્તવન ૧૯–૨૩**

૧. દર્શન મોહનીયના ત્રણ પુંજમાંથી શુદ્ધ પુંજની અહીં વાત જણાય છે ૨. સાપ ૩. ઝેર વિનાનો= શાંત ૪. દર્શનથી ૫. ઈંદ્ર ૬. સાગરનું માપ

**સ્તવન ૧૯–૨૪**

૧. કયા ૨. સારી રીતે ૩. રાગ વગર ૪. અંદરથી સંપૂર્ણ છટાથી ૫. અનુસાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामीने नमः

# શ્રી રામવિજયજી મ.

## કૃત

## સ્તવન–ચોવીસી

## [૨૦]

### (૪૫૭) (૨૦–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

**(હાંરે મ્હારે ચોવનીયાનો લટકો દહાડા ચ્યાર જો-એ દેશી.)**

હાંરે ! આજ મળિઓ મુજને તીન ભુવનનો નાથ જો,
ઉદયો[૧] સુખ–સુરતરૂ મુજ ઘટ[૨] ઘર આંગણે રે જો
હાંરે ! આજ અષ્ટ મહાસિદ્ધિ આવી માહરે હાથ જો,
નાઠા[૩] માઠા દહાડા દરિસણ પ્રભુતણે રે જો (૧)

હાંરે ! મ્હારે હિયડે ઉલટી[૪] ઉલ્લટરસની[૫] રાશિ જો,
નેહ[૬]–સલૂણી નજર નિહાળી તાહરી રે જો
હાંરે ! હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો,
તાહરે નેહે ભેદી મીંજી[૭] માહરી રે જો (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે ! મ્હારી પૂગી[8] પૂરણ રીતે મનની હુંશ જો,
દુરજનિયાં તે દુખભર્યાં આવટશે[9] પડ્યા રે જો
હાંરે ! પ્રભુ ! તું તો સુરતરૂ બીજો જાણ્યા તૂસ[10] જો,
તુજ ગુણહીરો મુજ હિયડા ઘાટે જડ્યો રે જો (૩)

હાંરે ! પ્રભુ ! તુજશું મહારે ચોળ–મજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકે રે જો,
હાંરે ! પ્રભુ ! પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગ ન લાગે દુરજનનો કો મુજ થકે રે જો (૪)

હાંરે ! પ્રભુ ! તાહરી મુદ્રા સાચી મોહનવેલ જો,
મોહ્યા તીન–ભુવનજન દાસ થઈ રહ્યા રે જો
હાંરે[11] ! પ્રભુ ! જે નવિ રંજ્યા તે સુરતરૂને ઠેલી જો,
દુઃખ–વિષવેલી આદર કરવા ઉમહ્યા રે જો (૫)
હાંરે ! પ્રભુ ! તાહરી ભક્તિ ભીન્યું માહરૂં ચિત્ત જો,
તલ[12] જિમ તેલે તેલે[13] જેમ સુવાસના રે જો
હાંરે ! પ્રભુ ! તાહરી દીઠી જગમેં મોટી રીત જો;
સુફળ ફળ્યા અરદાસ[14]–વચન મુજ દાસના રે જો (૬)

હાંરે ! મ્હારે પ્રથમ પ્રભુજી ! પૂરણ ગુણનો ઈશ જો,
ગાતાં **રૂષભ**જિણેસર હુંસે મનતણી રે જો,
હાંરે ! મ્હારે **વિમલવિજય** વર વાચકને શુભ શિષ્ય જો,
**રામે** પામી દિન દિન દોલત અતિ ઘણી રે જો (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૫૮) (૨૦-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**( યશોદાજી ! કાનો તુમારો રોકી રહે યમુનાનો આરો-એ દેશી)**

દીઠો નંદન**વિજયા**નો, નહિ લેખો[1] હરષ થયાનો,
પ્રભુ ! કીધો મન્ન[2] મયાનો, બોલ[3] પાળ્યો બાંહ્ય ગ્રહ્યાનો (૧)
મુજને પ્રભુપદ સેવાનો, લાગ્યો છે અવિહડ તાનો,
મુજ વાહલો તે હિયડાનો, જે રસિયો નાથ-કથાનો (૨)
ન ગમે સંગ મુજ બીજાનો, જો કેળવે કોડિ કવાનો[4],
જિણે ચાખ્યો સ્વાદ સિતાનો[5],તેહને ભાવે ધંતુરો શ્યાનો ?
પ્રભુ સાથે લાડ કરયાનો, માહરે આસંગ[6] સદાનો,
પ્રભુનો[7] ગુણ ચિત્ત હર્યાનો, કહિયે મુજ નહિ વિસર્યાનો
નહી[8] છે માહરે વિનવ્યાનો, પ્રભુજીથી શું છે છાનો ?
શિષ્ય વાચક **વિમલવિજયનો**,લહે**રામ** સુબોલ વિજયનો (૫)

卐

## (૪૫૯) (૨૦-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

**( મુજરો લેજો જાલિમ જાટડી-એ દેશી )**

મુજરો લ્યોને માહરો, સાહિબ ગિરૂઆ ગરીબનિવાજ[1],
અવસર પામીજી એહવો, અજર[2] ન કરશોજી આજ-મુ૦
તરૂ આપે ફળફૂલડાં, જળ આપે જલધાર,
આપ[3]-સવારથ કો નહી, કેવળ પરઉપગાર-મુજરો૦ (૨)
તિમ પ્રભુ જગજન તારવા, તેં લીધો અવતાર,
માહરી વેળાજી એવડો, એ છે કવણ વિચાર-મુજરો૦ (૩)
ખિજમતગાર[4] હું તાહરો, ખામી ન કરૂંજી કોઈ,
બિરૂદ સંભાળી આપણો, હિતની નજરેજી જોઈ-મુ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંભવ** સાહિબ ! માહરા, તું મુજ મળિઓજી ઈશ,
વાચક **વિમલવિજય** તણો, **રામ** કહે શુભ શિષ્ય-મુ૦

卐

## (૪૬૦) (૨૦-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

( નંદ સલૂણાનંદના રે લો-એ દેશી )

**સંવર** રાયના નંદનારે[૧] લો, ત્રિભુવનજન-આનંદનારે લો,
મૂરતિ મોહન ગારીછેરે લો, તન-ધન જીવન વારિયેરે[૨]લો-સં૦
મુજરો લીજે માહરોરે લો, હું સેવક તાહરોરે લો,
જગતારક નહી વિસરોરે લો,
તો મુજને કિમ વીસર્યોરે લો-સંવર૦ (૨)
જે જેહના તે તેહનારે લો, સેવું પાસાં કેહનારે લો.
અપજસ[૩] જગ જે દેવનારે લો,
ન કરૂં તેહની સેવનારે લો-સંવર૦ (૩)
જે ફળ ચાખ્યાં કાગડેરે લો, તે હંસો કિમ આભડેરે[૪] લો,
આપ વિચારી દેખશોરે લો,
તો મુજ કેમ ઉવેખશ્યોરે લો-સંવર૦ (૪)
**અભિનંદનજિન** ભેટિયોરે લો, ભવસાયર ભય મેટિઓરે લો,
વાચક **વિમલવિજય** તણોરે લો,
**રામ** લહે આણંદ ઘણો રે લો-સંવર૦ (૫)

卐

## (૪૬૧) (૨૦-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

( અરજ અરજ સુણોને રૂડા રાજિયાહોજી-એ દેશી )

**સુમતિ** સુમતિ સલૂણા[૧] મહારા સાહિબાહોજી,
જગજીવન જિનચંદ,

ધન ધન માતા **મંગલાહો**જી, જિણે તું જાયો રે નંદ[2]–સુ૦
ગિરૂઆ ગિરૂઆઈ[3]પ્રભુ! તાહરી હોજી, દીઠી જોતાંરે જોર,
તુમ ગુણ ગણ જે નવિ રંજિઆહોજી,
તે માણસ નહીં પણ ઢોર–સુમતિ૦ (૨)
અમને અમને તુમારો આયજો[4]હોજી, જો પણ દાખો ન વેણ,
અધિકું અધિકું બોલી દાખવેહોજી,
તે તો ઓછારે સેણ[5]—સુ૦ (૩)
દેખી દેખી તુમ મુખચંદ્રમાહોજી, જે સુખ પામે રે નેણ,
તે મન મન જાણે માહરૂંહોજી, પણ ન કહાયે રે વેણ-સુ૦
એકણ એકણ તુમ મેલાવડેહો[6]જી, સરળ હુઓ અવતાર,
**વિમલ–વિમલવિજય** ઉવઝાયનોહોજી,
**રામ** લહે જયકાર—સુ૦ (૫)

卐

## (૪૬૨) ૨૦–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

**( નથ ગઈ રે મેરી નથ ગઈ–એ દેશી )**

અજબ બની રે મેરે અજબ બની,
અજબ બની પ્રભુ સાથે પ્રીતિ,
તો મુજ દુરગતિની શી ભીતિ? મેરે૦
દેખી પ્રભુની મોટી રીતિ, પામી પૂરણ રીતિ પ્રતીતિ–મે૦
જે દુનિયામેં દુરલભ નેહ[1], તે મેં પામી પ્રભુની ભેટ[2]–મેરે૦
આલસુને ઘેર આવી ગંગ, પામ્યો પંથી સખર[3]તુરંગ[4]–મેરે૦
તિરસે[5]પાયો માનસતીર, વાદ કરતાં વાધી ભીર–મેરે૦
ચિતચોરયા સાજનનો સંગ,
અણુચિંત્યો મિળ્યો ચઢતે રંગ–મેરે૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ જિમ નિરખું પ્રભુ-મુખ-નૂર,
તિમ તિમ પાઉં આનંદપૂર-મેરે૦
સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે માહરા સાતે[૬]ધાત-મેરે૦
**પદમપ્રભુ** જિનને ગુણગાન,
લહીયે શિવપદવી અ-સમાન—મેરે૦
**વિમલવિજય** વાચકનો[૭]શિષ્ય,
**રામે** પાયો પરમ જગદીશ—મેરે૦ (૫)

卐

## (૪૬૩) (૨૦–૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(માહરે જાય સહિયરનો સાથ, કાંબલી મેલીને કાનજી રે —એ દેશી)**

દીસે અ[૧]-કળ સરૂપ[૨], સ્વામી **સુપાસજી** તાહરો રે
લોકવિદિતી[૩] વાત, રાગ ન રોસ હિયે ધરો રે—દીસે૦
જેહને[૪] વશ માહાદેવ[૫], ઉમયા[૬] નારી નચાવિયા રે
વૃંદાવનમાં કાન્હ[૭], ગોપી રાસ રમાવિયા રે—દીસે૦ (૨)
બ્રહ્મા પાડયો ફંદ, સાવિત્રી નિજ દીકરી રે
તે તે મદનપિશાચ[૮], હણતાં કરૂણા કિસી કરી રે—દીસે૦
ક્રોધ સરીખા યોધ, તેં તો ખિણમાંહિ મારીઆ રે
જે વળી ઝાલ્યા બાંહિ, તે તો હેજશું તારિયા રે—દીસે૦
કહીયે કેતો એમ, તુજ અવદાત[૯] અછે ઘણો રે
**રામ** કહે શુભ શિષ્ય, વાચક **વિમલવિજય** તણો રે—દીસે૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૬૪) (૨૦-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

**(થાં પરિ વારિ મારા સાહિબા, કાબુલ મત ચાલો-એ દેશી.)**

**ચંદ્રપ્રભુની** ચાકરી, મુને લાગી મીઠી
જગમાં જોડી જેહની[1], કિહાં દીસે ન દીઠી—ચંદ્ર૦ (૧)
પ્રભુને ચરણે માહરૂં, મનડું લલચાણું
કુણ છે બીજો જગે? જિણું જોવે પલટાણું[2]—ચંદ્ર૦ (૨)
કોડિ[3] કરી પણ અવર[4] કો, મુજ હિયડે નાવે કામ
સુરતરૂફૂલે[5] મોહિયો, કિમ આક[6] સોહાવે—ચંદ્ર૦ (૩)
મુજ પ્રભુ મોહનવેલડી, કરૂણાશું ભરીઓ
પ્રભુતા પૂરી ત્રિભુવને, ગુણ-મણિનો દરિઓ—ચંદ્ર૦ (૪)
જિમ જિમ નિરખું નયણડે, તિમ હિયડું હુલસે[7]
એક ઘડીને અંતરે, મુજ મનડું તલસે[8]—ચંદ્ર૦ (૫)
સહજ[9]-સલૂણો સાહિબો, મિળ્યો શિવનો સાથી
સહજે જીત્યો જગતમેં, પ્રભુની સેવાથી—ચંદ્ર૦ (૬)
**વિમળવિજય** ગુરૂ શિષ્યનો, શિષ્ય કહે કર જોડી
**રામવિજય** પ્રભુ નામથી, લહે સંપદ કોડિ—ચંદ્ર૦ (૭)

卐

## (૪૬૫) (૨૦-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**(મુરલી વાઈ છે રે રસાલ, મુરલી સાંભળવા જઈયે-એ દેશી)**

પ્રભુની વાણી જોર રસાળ, મનડું સાંભળવા તલસે
સ[1]-જલ-જલદ જિમ ગાજતો,
જાણું વરસે અમૃતધાર—મનડું૦
સાંભળતાં લાગે નહી, ખિણુ ભૂખને તરસ લગાર
—મનડું૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિરયંચ મનુષ્યને દેવતા સહુ,
સમજે નિજ નિજ વાણ—મનડું૦
યોજન[2]–ખેત્રે વિસ્તરે, નય–ઉપનય રતનની ખાણ—મનડું૦
બેસે હરિ[3]–મૃગ એકઠા, ઊંદર–માંજારના[4] બાળ—મનડું૦
મોહ્યા પ્રભુની વાણીએ, કોન કરે કેહની આળ[5]—મનડું૦
સહસ વરસ જો નિગમે[6], તોહે તૃપતિ ન પામે મન્ન–મનડું૦
શાતાયે સહુ જીવના, રોમાંચિત હુવે તન્ન—મનડું૦ (૪)
વાણી **સુવિધિ**–જિણંદની, શિવરમણીની દાતાર—મનડું૦
**વિમળવિજય** ઉવઝાયનો, શિષ્ય **રામ** લહે જયકાર
—મનડું૦ (૫)

卐

## (૪૬૬) (૨૦–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

**(અબકો ચોમાસો માહરા પૂજજી રહોને–એ દેશી.)**

ભગતિનો ભીનો[1] મારો મુજરો થેં લ્યોને
નેહલે[2] સલૂણો[3] થારો[4] દરસણ દ્યોને,
મોરા દિલમેંરે આવી રહોને,
**શીતલ**જિન ત્રિભુવન ધણી રે, પ્રભુ ! સેવકને ચિત્ત લહોને
દાસ કહાયો આપ સારે, પ્રભુ ! તેહની લાજ વહોને
—ભગતિ૦ (૧)
જાણપણું મેં તાહરૂં રે, પ્રભુ ! તે નવિ દીઠું ક્યાંહિને
મોહન–મુદ્રા દેખીને રે, પ્રભુ ! વસી મુજ હિયડાં માંહિને
—ભગતિ૦ (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાત-દિવસ ગુણ જપું રે, પ્રભુ ! બીજું કાંઈ ન સુહાયને[૫]
જિમ જાણો તિમ રાખજો રે, પ્રભુ ! હું વળગ્યો તુમ પાયને
—ભગતિ૦ (૩)
નરક-નિગોદતણા ધણી રે, પ્રભુ ! જે તેં ઝાલ્યા બાંહિને
તેહ થયા તુજ સારિખા રે, પ્રભુ ! સેવક કેમ ન ચાહીને
—ભગતિ૦ (૪)
તુમ દીઠે દુખ સવિ વિસર્યા રે, પ્રભુ ! વાધ્યો વધતો વાન રે
**વિમલવિજય** ઉવઝાયનો રે, પ્રભુ **રામ** કરે ગુણગાનને
—ભગતિ૦ (૫)

卐

## (૪૬૭) (૨૦-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**(પ્રભુજીની ચાકરી રે—એ દેશી.)**

**શ્રી શ્રેયાંસની** સેવના રે, સાહિબા ! મુજને વાલ્હી[૧] જોર[૨]
પ્રભુને સેવીયેરે ? પ્રભુ દેખી હરખું હિયેરે;
સાહિબા ! જિમ ઘન[૩] દેખી મોર—પ્રભુ૦ (૧)
અણીયાળી[૪] પ્રભુ આંખડી રે, સા૦ મુખ પુનમનો ચંદ-પ્રભુ૦
અહનિશે ઊભા ઓળગે[૫] રે, સા૦ જેહને ચોસઠ ઈંદ-પ્રભુ૦
કુલપગર[૬] ઢીંચણસમા રે, સા૦ લહકે વૃક્ષ અશોક—પ્રભુ૦
દિવ્યધ્વનિ પ્રભુ દેશના રે, સા૦ મોહે ત્રિભુવન લોક—પ્રભુ૦
ચામર છત્ર સોહામણા રે, સા૦ ભામંડલ મનોહાર—પ્રભુ૦
વાજે દેવની દુંદુભિ રે, સા૦ સિંહાસન સુખકાર—પ્રભુ૦
આપો શિવસુખ સંપદા રે, સા૦ પ્રભુશું પૂરણ **પ્રેમ**—પ્રભુ૦
**વિમલવિજય** ઉવઝાયનો રે, સા૦ **રામવિજય** કહે એમ
—પ્રભુ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૬૮) (૨૦–૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી–જિનસ્તવન

**(ઉંચો ગઢ ગિરનારકો રે, મનમોહના નેમ—એ દેશી.)**

**શ્રી વાસુપૂજ્ય**–જિણંદજી રે, દિલરંજના હો લાલ
મુજ મન વાધ્યો રંગ હો, દુઃખ ભંજના હો લાલ
ચાહું ન્હાઉં નિશદિને રે, દિ૦ તુજ ગુણ–ગંગતરંગ હો
—દુઃખ૦ (૧)
જે સંગી જગ[1]–સંગના રે, દિ૦ તેહશું કેહો સંગ હો—દુઃખ૦
ત્રિભુવનહેમની[2] મુંદ્રડી[3] રે, દિ૦
તું તો અમુલખ[4] નંગ હો—દુઃખ૦ (૨)
બાંહ ગ્રહી મુજ બાળને રે, દિ૦ રાખો નિજ ઉછંગ[5]હો—દુઃખ૦
મોહ સરીખા રાજવી રે, દિ૦ જેમ ન મંડે જંગ[6] હો
—દુઃખ૦ (૩)
વાતડીઆં સમજાવિઓ રે, દિ૦ સમજે કિમ એકંગહો—દુઃખ૦
અટકયો તે નવિ ઉભગેરે, દિ૦ માનસ[7]ધવલ[8]–વિહંગહો
—દુઃખ (૪)
ભગતવિશે લેશું અમે રે, દિ૦ પ્રભુ તુમપદવી ચંગહો, દુઃખ,
વાચક **વિમળને રામના** રે, દિ૦ પ્રભુશું પ્રેમ અભંગ હો
—દુઃખ૦ (૫)

卐

## (૪૬૯) (૨૦–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

**(નિત નવીનિત નવીનિત નવી, કાજળવાળી ગોરી નિત નવીરે—એ દેશી)**

**મનવસી મનવસી મનવસીરે,**
**પ્રભુજીની મૂરતિ માહરે મનવસીરે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ હંસા[1]-મન વાહલી[2]ગંગ[3],જેમ ચતુરમન ચતુરનો સંગ
જિમ બાળકને માત[4]–ઉછંગ, તિમ મુજને પ્રભુ સાથે રંગરે
—માહરે૦ (૧)
મુખ સોહે પુનિમનો ચંદ,નેણ[5]–કમળદળ મોહે ઇંદ–માહરે૦
અધર[6]જિસા પરવાળી[7]લાલ, અરધ[8]–શશિસમ દીપે ભાળ[9]
—માહરે૦ (૨)
બાંહડી[10]જાણે નાલ[11]મૃણાળ,[12]પ્રભુજી ! મેરો પરમકૃપાળ મા૦
જોતો કો નહી પ્રભુની જોડ, પૂરે ત્રિભુવન કેરા કોડ–મા૦
સાગરથી અધિકો ગંભીર,સેવ્યો આપે ભવનો તીર[13]–માહરે,
સેવે સુરનર કોડાકોડ, કરમતણા મદ[14]નાખે મોડ[15]મા૦
ભેટયો ભાવે **વિમળજિણંદ,**
મુજ મન વાધ્યો પરમ આનંદ—માહરે૦
**વિમળવિજય** વાચકનો શિષ્ય,
**રામ** કહે મુજ પૂરો જગીસ–મા૦

卐

## (૪૭૦)(૨૦–૧૪) શ્રી અનંતનાથ–જિનસ્તવન

**( પીઉડા તારૂં જીરેલો—એ દેશી )**

અરદાસ[1] અમારી દિલમે ધારી સાંભળો રે લો—
પ્રભુજી ! પ્રાણપિયારા લો,
હિતનજરે[2] નિહાળો ટાળી મનનો આમળો[3] રે લો-પ્રભુજી.
જે પાલવ[4]વળગ્યા અળગા તે તો કિમ હુશેરે લો–પ્રભુજી૦
આસંગે[5] હળિયા મળિયા તે તો ચાહશે રે લો–પ્રભુજી૦
મોટી ઠકુરાઈ વળી ચતુરતાઈ તાહરી રે લો–પ્રભુજી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખી સવિશેષી વાધી દિલસા[6] માહરી રે લો–પ્રભુજી૦
તુમ પાખે[7] બીજાશું તો દિલ ગોઠે નહિરે લો–પ્રભુજી૦
સુરતરૂને છોડી બાવળ સેવે કુણ કહિરે લો–પ્રભુજી૦ (૨)
જોવા તુજ દરિશણ ખિણ ખિણ તરસે આંખડી રે લો–પ્ર૦,
હું ધ્યાઉં ઊડી આઉં પાઉં પાંખડી રે લો–પ્રભુજી૦
સેવકગુણ જોશો પરસન હોશો તો સહીરે લો– પ્રભુજી૦
પામીને અવસર મુજને વિસરશો નહિ રે લો–પ્રભુજી૦(૩)
જગજનને તારો બિરૂદ તુમારો એ ખરો રે લો—પ્રભુજી૦
તો માહરી વેળા આનાકાની કિમ કરો રે લો, પ્રભુજી૦
સેવક સંભાળો વાચા પાળો આપણી રે લો, પ્રભુજી૦
તું જગનો નાયક પાયો મેં ધણી રે લો—પ્રભુજી૦ (૪)
શિવનારી સારી મેળો તસ મેળાવડો રે લો–પ્રભુજી૦
અવિગત[8] પરમેસર **અનંત** જિનેસર તું વડોરે લો–પ્ર૦,
**વિમળવિજય** વાચકનો બાળક ઈમ ભણેરે લો–પ્રભુજી૦
**રામવિજય** બહુ દોલત નામે તુમતણેરે લો—પ્ર૦ (૫)

卐

## (૪૭૧) (૨૦–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

### ( દેશી–મોતીડાની )

**ધરમ–જિણંદ** ! તુમે લાયક સ્વામી,
મુજ સેવકમાં પણ નહિ ખામી.
સાહિબ રંગીલા હમારા, મોહના રંગીલા,
જુગતિ[1] જોડી મળી છે સારી,
જોજ્યો હિયડે આપ વિચારી—સાહિબા૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગતવત્સળ એ બિરુદ તુમારો,
ભગતિ તણો ગુણ અચળ અમારો—સા૦
તેહમાં કો વિવરો[2] કરી કળશે,[3]
તો મુજ અવરચમાં ભળશે—સા૦ (૨)
મૂળ ગુણ તું નિરાગ કહાવે,
તે કિમ રાગ-ભુવનમાં આવે—સા૦
વળી છોટેઘટ[4] મોટો ન માવે,
તે મેં આણ્યો સહજસભાવે—સા૦ (૩)
અનુપમ અનુભવ રચના કીધી,
ઈમ શાબાશી જગમાં લીધી—સા૦
અધિકું ઓછું અતિ આસંગે,[5]
બોલ્યું ખમજ્યો પ્રેમ પ્રસંગે—સા૦ (૪)
અમથી હોડ હુયે કિમ ભારી ?
આશ ધરું અમ નેટ[6] તુમારી—સા૦
હું સેવક તું જગવિસરામ,
વાચક **વિમળ**તણો કહે **રામ**—સા૦ (૫)

卐

## (૪૭૨) (૨૦-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

**(બેડલે ભાર ઘણો છે રાજ ! વાતાં કેમ કરો છો -એ દેશી)**

**માહરો મુજરો લ્યોને ! રાજ ! સાહિબ શાંતિ સલુણા**
અચિરાજીના નંદન તો રે, દરશણ હેતે[1] આવ્યો
સમકિત રીઝ[2] કરોને સ્વામી, ભગતિ ભેટણું લાવ્યો-મા૦
દુઃખભંજન છે બિરુદ તુમારું, અમને આશ તુમારી
તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હુયે અમારી ? મા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેશે લોક ન તાણી[3] કહેવું, એવડું સ્વામી આગે
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વાહલો લાગે ? મા૦
માહરે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું ?
ચિંતામણિ જિણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિસ્યાનું ? મા૦
અધ્યાતમ[4]-રવિ ઉગ્યો મુજ[5] ઘટ,
મોહ[6]-તિમિર હર્યું જુગતે
**વિમળવિજય** વાચકનો સેવક,
**રામ** કહે શુભ ભગતે—માહરો૦

卐

## (૪૭૩) (૨૦-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(થારે કેસરીયે કેસવીરે, વાગે હું મોહીરે મારૂજી-એ દેશી)**

તુજ મુદ્રા સુંદર રૂપ પુરંદર[1] મોહિયા—સાહિબજી
તુજ અંગે કોડિગમે ગુણગિરૂઆ[2] સોહિયા—સા૦
તુજ અમિયથકી પણ લાગે મીઠી વાણી રે—સા૦
વિણ દોરી સાંકળી લીધું મનડું તાણી રે—સા૦ (૧)
ખિણ ખિણ ગુણ ગાઉં પાઉં તો આરામ રે—સા૦
તુજ દરિસણ પાખે ન ગમે બીજા કામ રે—સા૦
મુજ હૃદયકમળ વિચ વસિયું તાહરૂં નામ રે—સા૦
તુજ મુરતિ ઉપર વારૂં તન મન દામ[3] રે—સા૦ (૨)
કર જોડી નિશદિન ઊભો રહું તુજ આગ રે—સા૦
તુજ મુખડું જોતાં ભૂખ ને તરસ ન લાગે રે—સા૦
મેં ક્યાંહિ ન દીઠી જગમાં તાહરી જોડ રે—સા૦
તુજ દીઠે પૂરણ પહુતાં મનના કોડ રે—સા૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ ન ગમે નયણે દીઠા બીજા દેવ રે—સા૦
હવે ભવ ભવ હોજો મુજને તાહરી સેવ રે—સા૦
તું પરમપુરુષ પરમેસર અકળ સરૂપ રે—સા૦
તુજ ચરણે પ્રણમે સુર-નર કેરા ભૂપરે—સા૦ (૪)
તું કાપે ભવદુઃખ આપે પરમાનંદ રે—સા૦
બલિહારી તાહરી પ્રભુજી કુંથુજિણંદરે—સા૦
મનવંછિત ફળિયો મળિયો તું મુજ જામરે[૪]—સા૦
ઈમ પભણે વાચક **વિમળવિજયનો રામ** રે—સા૦ (૫)

卐

## (૪૭૪)(૨૦-૧૮[અ]) શ્રી અરનાથ-જિન સ્તવન

### (સરોવરીયે ઝીલણ જાસ્યાંજી એ-દેશી)

ગાસ્યાંજી ગાસ્યાંજી અમે ગાસ્યાંજી, મનરંગે જિનગુણ ગા૦
**અરનાથ**તણા ગુણ ગાસ્યાંજી,દિલરંગે[૧] જિનગુણ ગાસ્યાંજી
પ્રભુ મુખપૂરણચંદ[૨]સમોવડ[૩],નિરખી નિરમલ થાસ્યાંજી૰
જિનગુણ સમરણ પાન સોપારી,
સમકિત સુખડી ખાસ્યાંજી મન૦ (૧)
સમતાસુંદરી સાથે[૪]સુરંગી ગોઠડી અજબ બનાસ્યાંજી-મન૦
જે ધૂતારી તૃષ્ણાનારી, તેહસ્યું દિલ ન મિલાસ્યાંજી-મ૦ (૨)
દૂતીકુમતિ જે માયા કેરી, તેહને તો સમઝાસ્યાંજી-મન૦
લોભઠગારાને[૫]દિલચોરી, વાતડીએ ભરમાસ્યાંજી-મન૦ (૩)
મોહ[૬]મહિપતિ જે મુજ વૈરી, તેહસ્યું જંગ જુડાસ્યાંજી-
જ્ઞાનસરીખા યોધ સખાઈ, કરીને દૂર કઢાસ્યાંજી-મન૦ (૪)
શિવરાણીને વરવા હેતે, જીત નિશાન બજાસ્યાંજી-મન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિમલવિજય** ઉવઝાય પસાએ,
**રામ** કહે સુખ પાસ્યાંજી—મન૦ (૫)

卐

## (૪૭૪) (૨૦–૧૮[આ]) શ્રી અરનાથ–જિન સ્તવન

**(દેશી ઝુંબખડાની)**

અનુપમ **શ્રી અરનાથનોરે**,
પાયો મેં દીદાર[૧] સાહિબ મનમાં વસ્યો,
ચંદ્ર જિસ્યો મુખ ઉજળોરે, ઉજળગુણ[૨] નહી પાર–સા૦
જગજનનાં દિલ રીઝવેરે, તારે આણી હેત—સાહિબ૦
કો કહશે વીતરાગને રે, રાગતણાં એ હેત—સાહિબ૦ (૨)
તે તો તત્ત્વમતિ નહિ રે, ફોકટ પાયે ખેદ—સાહિબ૦
ગિરૂઆ સહેજે ગુણ કરે રે, તે નવિ જાણે ભેદ—સા૦ (૩)
તાપહરે જિમ ચંદ્રમારે, સીત હરે જિમ સૂર[૩]—સાહિબ૦
ચિંતામણી દાલિદ્ર હરે રે, આપે વાસ[૪] કપૂર–સાહિબ૦(૪)
તિમ પ્રભુનો ગુણ સહજનો રે, જાણે જે ગુણગેહ—સા૦
**વિમલવિજય** ઉવઝાયનોરે, **રામ** કહે ધરી નેહ—સા૦(૫)

卐

## (૪૭૫) (૨૦–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

**(મેં જાણી તુમારી પ્રીતિ પરપંચ ગાલારે–એ દેશી)**

હવે જાણી **મલ્લિજિણંદ** મેં માયા[૧] તુમારી રે
તુમે કહવાઓ નિરાગ, જુઓ વિચારી રે૦ (૧)
પ્રભુ! તેહશું ત્હારી વાત, જે રહે તુજ વલગારે[૨]
તે મૂલ ન પામે ઘાત, જે હોવે અળગારે[૩]૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમે કહવાઓ નિર્ગ્રંથ, તો ત્રિભુવન કેરી રે
પ્રભુ ! કેમ ધરો ? ઠકુરાત,[૪] કહેશો શું ફેરી રે (૩)
તુમે વારો ચોરી નામ, જગતચિત ચોરો રે
તુમે તારો જગના લોક, કરાવો નિહારો[૫] રે (૪)
પ્રભુ ! મોટા કેરી વાત, કહે કુણ જાણે રે !
તુમે બોલો થોડા બોલ, ન ચૂકો ટાણે રે (૫)
પ્રભુ ! તુજશું મ્હારે પ્રીતિ, અભેદક[૬] જાગી રે
મ્હારા ભવ ભવ કેરી આજ, ભાવઠ[૭] સહુ ભાગી રે (૬)
ગુરુ વાચક **વિમલ**નો શિષ્ય, કહે ગુણ રાગે રે
ઈમ પરમ **મલ્લિ**જગદીશ, મિળ્યો તું ભાગ્યે રે (૭)

卐

## (૪૭૬) (૨૦–૨૦) શ્રી મુનિસુવ્રત–જિન સ્તવન

**(ઘોડી તો આઈ થાંરા દેશ મેં મારૂજી—એ દેશી)**

**મુનિસુવ્રતશું** મોહની[૧] સાહિબજી !
લાગી મુજ મન જોર[૨] હો
શામલડી સૂરતી[૩] મન મોહિયો
બ્હાલપણું[૪] પ્રભુથી સાહી, સા૦ કલેજાની કોરહો—શામ૦
અમને પૂરણ પારખું, સા૦ એ પ્રભુ ! અંગીકાર હો–શામ૦
દેખી દિલ બદલે[૫] નહિ, સા૦ અમચા[૬] દોષ હજાર હો
—શામ૦ (૨)
નિરગુણ પણ બાંહિ ગ્રહ્યા, સા૦ ગિરૂઆ[૭] છંડે કેમ હો–શામ૦
વિષધર કાળા કંઠએ, સા૦ રાખે ઈશ્વર[૮] જેમ હો—શામ૦
ગિરૂઆ સાથે ગોઠડી, સા૦ તે તો ગુણનો હેતહો—શામ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે ચંદન નિજ સારિખો, સા૦ જિમ તરૂઅરનો ખેતહો[૯]
—શામ૦ (૪)
જ્ઞાનદશા પરગટ થઈ, સા૦ મુજઘટ મિલિયો ઈશહો[૧૦]—શા૦
**વિમલવિજય** ઉવઝાયનો, સા૦ **રામ** કહે શુભ શિષ્યહો
—શામ૦ (૫)

## (૪૭૭) (૨૦–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

**(લંકાનો રાજા—એ દેશી.)**

**શ્રી નમિનાથ** મુજ મન વસ્યો રે, ગિરૂઓ ગુણની ખાણ રે
—ત્રિભુવનનો રાજા દીપેરે જસ ચડત[૧] દિવાજા,
ચઉદરાજને છેહડે રે, ઉંચો જેહનો ઠાણ રે—ત્રિભુ૦ (૧)
મુજરો કો પાવે નહીં રે, ઈંદ ચંદ નાગિંદ રે—ત્રિભુ૦
રાગે નજર ન મેળવે રે, તો કુણ જાણે છંદ[૨] રે ?–ત્રિ૦
તેહશું મેં કરતાં કરી રે, અચરજવાળી વાત રે–ત્રિભુ૦
ભગતિ અપૂરવ દોરીયે રે, આકર્ષ્યો ઈણ ભાત રે–ત્રિ૦
ઉરમંદિર[૩] આવી કરયો રે, અવિચલ વાસો તેણ[૪]રે–ત્રિ૦
મનમેળું કીધો ખરો રે, જે નવિ હોવે કેણ રે—ત્રિ૦
ભવજલનો ભય મેટીયો રે, વાધ્યો અધિક ઉમંગ રે–ત્રિ૦
**વિમલવિજય** ઉવઝાયનો રે, **રામ** કહે મન રંગ રે–ત્રિ૦

卐

## (૪૭૮) (૨૦–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

(**પરણ્યાથી માહરે પાડોસી સુજાણ જો, જાતાં ને વળતાં મનડું રીઝવેજો—એ દેશી**)

સહિયાં[૧] મોરી ! સાહિબો **નેમ** મનાવો જો,
દિલડું તે દાઝે[૨] પીઉ વિણ[૩]—દીઠડે જો.

દિલ મેળીને[૪] કીધો દુશમન દાવેજો,[૫]
અબળાને બાળી યાદવ મીઠડે જો (૧)
કરતા શું તો જાણી પ્રીતિ સોહલીજો,
દોહિલી તે નિરવહતાં દીઠી નયણડેજો
શામળીયો સાંભરતાં હિયડે સાલેજો[૬],
દુખ તે કહેતાં નાવે વયણડેજો (૨)
રહેશે દુનિયામાંહિ વાત વિદિતીજો[૭],
વાહલેજી કીધી છે એહવી રીતડીજો
શું જાણ્યું ! વીસરશે કિણ અવતારજો,
તોડી જે **યદુનાથે** કાચી પ્રીતડીજો (૩)
મત કોઈને છાનો ગૌરી નેહજો,
લાગીને દુખ દેતો કહિયે એહવોજો
નેહતણાં દુખ જાણે તેહજ છાતીજો,
જેમાંહિ વિચરે અવર ન તેહવોજો (૪)
**નેમીસરને** ધ્યાને **રાજુલ**નારીજો,
મેળોને મનગમતો લહે શિવમંદિરેજો
**વિમલવિજય** ઉવઝાયતણા શુભશિષ્યેજો,
**રામવિજય** સુખસંપત્તિ પામી શુભ પરે જો૦ (૫)

## (૪૭૯) (૨૦-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(ગાયો રે સિદ્ધાચલમંડણ ધણી રે—એ દેશી)**

પ્રભુજી **પાસજીણંદ** ! ત્હારી રે ત્હારી રે,
મુદ્રા અભિનવ[૧] મોહિની[૨] રે
એહવી દુનિયામાંહિ, બીજી રે બીજી રે,
દીઠી મેં નહિ કોઈની રે૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામણગારી[૩] તુજ, કીકી[૪] રે કીકી રે,
નીકી[૫] પરિ હિયડે વસી રે
નેણાં લંપટ મુજ, ચાહેરે ચાહેરે,
જોવા ખિણખિણ ઉલ્લસીરે૦ (૨)
તુજ દીઠે સુખ હોય, તે કુણરે કુણરે,
જાણે કહો વિણ કેવળી રે
એહુજ મુજ[૬] અરદાસ, ચરણેરે ચરણેરે,
રાખો શું કહિયેં વળી રે૦ (૩)
શરણે રાખી નાગ, તેનેરે તેનેરે, કીધો, નાગતણો[૬] ધણી રે
કમઠતણા અપરાધ, બહુલારે, તું રૂઠયો નહિ તે[૭] ભણીરે૦
દેઈ વરસીદાન, જગનારે જગનારે,
જન સઘળા સુખિયા કર્યારે
એહવા બહુ અવદાત, તાહરો રે તાહરો રે,
ત્રિભોવનમાંહિ વિસ્તર્યા રે૦ (૫)
તો મુજને પરવાહ, શાની શાનીરે, જે પોતે બાંહિગ્રહ્યોરે
તુજ ભગતિ લયલીન, એહજરે એહજરે,
શિવમારગ મેં સદ્દહ્યોરે૦ (૬)
ધનધન **વામા** માત, જેહની રે જેહની રે,
કૂખે તું પ્રભુ અવતર્યો રે
**વિમલવિજય** ઉવઝાય, શિષ્યેરે શિષ્યેરે,
**રામે** જનમ સફળ કર્યો રે૦ (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૮૦) (૨૦-૨૪) શ્રી મહાવીર-જિન સ્તવન

**(ભરતનૃપ ભાવશું એ-એ દેશી)**

આજ સફળ દિન માહરોએ, ભેટ્યો **વીરજિણંદ** કે,
ત્રિભુવનનો ધણીએ
ત્રિશલારાણીનો નંદકે; જગચિંતામણીએ
દુઃખ દોહગ દૂરે ટળ્યાંએ, પેખી પ્રભુ-મુખ ચંદકે-ત્રિભુ૦
રિદ્ધિ-વૃદ્ધિ સુખ-સંપદાએ, ઉલ્લટ[1]અંગે ન માયકે-ત્રિભુ૦
આવી મુજ આંગણેએ, સુરગવી[2] હેજ[3]સવાયકે[4]--ત્રિભુ૦
ચિંતામણિ મુજ કર ચઢ્યું એ, પાયો ત્રિભુવનરાજકે-ત્રિજી૦
મુંહ[5] માગ્યા પાસા ઢળ્યાએ, સિદ્ધયાં વંછિતકાજકે-ત્રિભુ૦
ચિત[6] ચાહ્યા સાજન મિળ્યાએ,
દુરજન ઉડ્યા વાય કે—ત્રિભુ૦
સૌમ્ય નજર પ્રભુની લહીએ, જેહવી સુરતરૂ છાંય કે—ત્રિભુ૦
તેજ ઝલામલ[7] દીપતોએ, ઉગ્યો સમક્તિસૂર[8] કે—ત્રિભુ૦
**વિમલવિજય** ઉવઝાયનોએ, **રામ** લહે સુખ પૂર કે—ત્રિભુ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી રામવિજયજી મ.
## કૃત
## સ્તવન ચોવીશી
### કઠિન-શબ્દોના અર્થ

**સ્તવન ૨૦-૧**

૧. ઉગ્યો ૨. અંતરાયના ઘરના ૩. અશુભ ૪. ઉભરાઈ ૫. અપૂર્વ આનંદ રસની ૬. સ્નેહભરી ૭. ભેદાઈ = તરબોળ થઈ ૮. હાડકાની અંદરની મિંજ એટલે હાડોહાડ ૯. અથડાશે ૧૦. ફોતરા ૧૧. હે પ્રભુ ! જે તમારાથી રંજ્યા નહીં તેઓ સુરતરૂ=કલ્પવૃક્ષને ઠેલી દુઃખરૂપ વિષવેલડીને આદરવા તૈયાર થયા છે (પાંચમી ગાથાના ઉત્તરાર્દ્ધનો અર્થ) ૧૧. તલ જે રીતે તૈલથી વ્યાપ્ત હોય ૧૩. તૈલમાં જેમ સુગંધ વ્યાપ્ત હોય ૧૪. મરજીનાં વચનો

**સ્તવન ૨૦-૨**

૧. પ્રમાણ ૨. મન=દિલ, મયાનો=દયાનું ૩. વચન ૪. પ્રયત્ન ૫. સાકરનો ૬. અંતરનો પ્રેમ ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્તહર્યાનો પ્રભુનો ગુણ ક્યારેય હું નહીં ભૂલું (ચોથી ગાથાનો ઉત્તરાર્ધ) ૮. મારે હવે કાંઈ કહેવાપણું નથી.

**સ્તવન ૨૦-૩**

૧. ગરીબોને સંભાળનારા ૨. વિલંબ ૩. પોતાના સ્વાર્થ માટે નહીં ૪. સેવક

**સ્તવન ૨૦-૪**

૧. પુત્ર ૨. ઓવારીહૃદયે ૩. જગતમાં જે દેવતા અપજરી છે (ત્રીજી ગાથાની ત્રીજી લીટીનો અર્થ) ૪. અડે

**સ્તવન ૨૦-૫**

૧. શ્રેષ્ઠ ૨. પુત્ર ૩. મોટાઈ ૪. ભરૂંસો ૫. નિશાની ૬. મળવાથી

**સ્તવન ૨૦-૬**

૧. ઘણું ૨. મેળાપ ૩. શ્રેષ્ઠ ૪. ઘોડો ૫. તરસ્યાએ ૬. આખા શરીરમાં ઝણઝણાટી

**સ્તવન ૨૦-૭**

૧. ન સમજાય તેવું ૨. સ્વરૂપ ૩. જગજાહેર ૪. કામદેવને ૫. શંકરજી ૬. પાર્વતી ૭. કન્હૈયા=કૃષ્ણ ૮. કામરૂપ પિશાચ ૯. ચરિત્ર-વૃત્તાંત

**સ્તવન ૨૦-૮**

૧. જે પ્રભુની ૨. ફરી શકે ૩. કોડ પ્રયત્ન ૪. બીજા કોઈ ૫. કલ્પવૃક્ષના ફળથી ૬. આકડો ૭. ઉમંગભેર પ્રસન્ન થાય ૮. ઝંખના કરે ૯. સ્વાભાવિક રીતે સુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૦—૯**

૧. પાણીવાળા=આષાઢી-મેઘની ૨. એક યોજન = ચાર ગાઉના વિસ્તારમાં ૩. સિંહ-હરણ ૪. બિલાડી ૫. નુકસાન ૬. જાય

**સ્તવન ૨૦–૧૦**

૧. ભરેલો ૨. સ્નેહથી ૩. ભરપૂર ૪. તમારૂં ૫. ગમે

**સ્તવન ૨૦-૧૧**

૧. પસંદ ૨. ઘણી ૩. મેઘ ૪. સુંદર ૫. સેવે ૬. ફુલના ઢગલા

**સ્તવન ૨૦-૧૨**

૧. જગતના વાતાવરણના ૨. ત્રણ ભુવન રૂપ સોનાની ૩. વીંટી ૪. અણમોલ ૫. ખોળામાં ૬. લડાઈ-યુદ્ધ ૭. માનસરોવર ૮. રાજહંસ

**સ્તવન ૨૦-૧૩**

૧. હંસના મનમાં ૨. પસંદ ૩. ગંગાનદી ૪. માતાનો ખોળો ૫. નયન રૂપ કમલની પાંખડી ૬. હોઠ ૭, પરવાળા જેવા ૮. અર્ધચંદ્ર=આઠમના ચંદ્ર જેવું ૯. કપાળ ૧૦. બાહુ ૧૧. ડાંડલો ૧૨. કમળની ૧૩. કિનારો ૧૪. ગર્વ ૧૫. ગાળી

**સ્તવન ૨૦ ૧૪**

૧. વિનતિ ૨. પ્રેમાળ નજરે ૩. કુટિલતા ૪. છેડો ૫. અત્યંત ભક્તિરાગથી ૬. ઉમંગ ૭. વિના ૮. અવ્યક્ત સ્વરૂપવાળા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૦-૧૫**

૧. જોઈએ તેવી ૨. ખુલાસો ૩. સમજશે ૪. નાના ઘડામાં ૫. ભક્તિભર્યા ઉમંગમાં ૬. છેવટે

**સ્તવન ૨૦-૧૬**

૧. માટે ૨. બક્ષિસ ૩. ઉંચા સ્વરથી ૪. અધ્યાત્મ રૂપ સૂર્ય ૫. મારા આત્મામાં ૬. મોહરૂપ અંધારૂં

**સ્તવન ૨૦-૧૭**

૧. ઈંદ્ર ૨. ગુણથી ભરેલા ૩. ધન ૪. જ્યારે

**સ્તવન ૨૦-૧૮ (અ)**

૧. મનના ઉમંગથી ૨. પૂનમના ચંદ્ર ૩. સરખું ૪. પ્રેમવાળી ૫. લોભરૂપ ઠગારાને આકર્ષી વાતોથી ભરમાવી દઈશું (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૬. મોહરૂપ રાજા જે મારો વૈરી છે તેની સાથે યુદ્ધ જોડીશું જ્ઞાન જેવા લડવૈયાની ભાઈબંધી કરી મોહને દૂર કાઢશું (૪થી ગાથાનો અર્થ)

**સ્તવન ૨૦-૧૮ (આ)**

૧. દર્શન-૨. નિર્મલ ૩. સૂર્ય ૪. સુગંધ

**સ્તવન ૨૦-૧૯**

૧. પદ્ધતિ ૨. શરણે ૩. દૂર ૪. ઐશ્વર્ય ૫. આગ્રહ ૬. આંતરા વિનાની ૭. ભ્રમણા

**સ્તવન ૨૦-૨૦**

૧. રાગ-પ્રેમ ૨. અધિક ૩. ચહેરો ૪. હાર્દિક સ્નેહ ૫. ફેરવે નહીં ૬. અમારા ૭. મોટા ૮. શંકરજી ૯. સમૂહ ૧૦. પ્રભુ-પરમાત્મા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૦-૨૧**

૧. ચઢતી કળા ૨. અભિપ્રાય ૩. મનમંદિરે ૪. તે પ્રભુજીએ

**સ્તવન ૨૦-૨૨**

૧. ઓ ! સખીઓ ! ૨. વિરહઅગ્નિથી બળે ૩. વગર જોયે ૪. સંબંધ કરીને ૫. રીત ૬. દુઃખે ૭. પ્રખ્યાત

**સ્તવન ૨૦-૨૩**

૧. સુંદર ૨. આકર્ષક ૩. સુંદર ૪. આંખની ૫. મોહક ૬. ધરણેન્દ્ર ૭. તેના ઉપર

**સ્તવન ૨૦-૨૪**

૧. હરખ ૨. કામધેનુ ૩. અંતરનો પ્રેમ ૪. વધુ ૫. મનમાન્યા ૬. મનગમતા ૭. ઝળહળતો ૮. સમકિત રૂપ સૂર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्द्धमानस्वामीने नमः

# શ્રી રામવિજયજી
# કૃત
# સ્તવન–ચોવીશી (બીજી)

# [૨૧]

## (૪૮૧) (૨૧–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

(યોગમાયા ગરબે રમેરે જો-એ દેશી.)

ઓળગડી[1] **આદિનાથની** જો, કાંઈ કીજીયે મનને કોડ[2] જો
હોડ[3] કરે કુણ નાથની જો,
જેહના પાય નમે સુર–કોડ જો—ઓળ૦ (૧)
વાહલો **મરૂદેવીનો** લાડલો[4] જો,
રાણી **સુનંદા**! હઈડાનો હારજો
ત્રણ ભુવનનો નાહલો[5] જો,
માહરા પ્રાણતણો આધાર જો—ઓળ૦ (૨)
વાહલે વીશ પૂરવ લખ ભોગવ્યું જો,
રૂડું કુમરપણું રંગ-રેલજો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનડું મોહ્યું રે જિન-રૂપશું જો,
જાણે જગમાં મોહનવેલજો—ઓળ૦ (૩)
પાંચસે ધનુષની દેહડી જો, લાખ પૂરવ ત્રેસઠ રાજ જો
લાખ પૂરવ સમતા-વરયા જો,
થયા શિવસુંદરી વરરાજ જો—ઓળ૦ (૪)
એહના નામથી નવનિધિ સંપજે જો,
વળી અલિય[6]-વિઘન સવિ જાય જો
શ્રી **સુમતિવિજય** કવિરાયનો જો,
ઈમ **રામવિજય** ગુણ ગાય જો—ઓળ૦ (૫)

卐

## (૪૮૨) (૨૧-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**(હવે ન જાઉં મહિ વેથવા રે લો—એ દેશી.)**

**અજિત**જિનેસર સાહિબા રે લો. વિનતડી અવધાર
મારા વાલાજી રે, હવે ન છોડું તોરી ચાકરીરે લો
તું મનરંજન માહરોરે લો,
દિલડાનો જાણુણહાર—મારા૦ હવે૦ (૧)
લાખ ચોરાસી હું ભમ્યોરે લો, કાળ અનંતો-અનંત-મારા૦
ઓળગ[7] કીધી મેં પ્રભુ ! તાહરી રે લો,
ભાંગી છે ભવતણી ભ્રાંત—મારા૦ હવે૦ (૨)
કરી સુ[1]-નજર હવે સાહિબા રે લો,
દાસ ધરો દિલમાંહિ—મારા૦
લાખ ગુન્હે પણ તાહરો રે લો,
સેવક હું મહારાય—મારા૦ હવે૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવગુણ ગણતાં માહરા રે લો,
નહિ આવે પ્રભુજી ! પાર—મારા૦
પણ જિન પ્રવહણની[3] પરે રે લો,
તુમે છો તારણહાર—મારા૦ હવે૦ (૪)
નયરી **અયોધ્યા**નો ધણીરે લો,
**વિજયા** ઉયર[4]–સર–હંસ—મારા૦
**જિતશત્રુ**રાયનો નંદલો રે લો,
ધન ઈક્ષ્વાગનો વંશ—મારા૦ હવે૦ (૫)
ધનુસય સાઢાચ્યારની રે લો, દેહડી રંગ[5]–સનૂર—મારા૦
અહોત્તેર પૂરવ લાખનું રે લો,
આયુ અધિક સુખ-પૂર—મારા૦ હવે૦ (૬)
પાંચમે આરે તું મળ્યો રે લો,
પ્રગટ્યાં છે પુણ્યનિધાન—મારા૦
**સુમતિ** ગુરૂ–પદ સેવતાં રે લો,
**રામ** અધિક તનુ–વાન—મારા૦ હવે૦ (૭)

卐

## (૪૮૩) (૨૧–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**(તુંને ગોકુલ બોલાવે કાન ! ગોવિંદ ગોરી રે—એ દેશી.)**

મુને **સંભવ** જિનશ્યું પ્રીત, અવિહડ[1] લાગી રે
કાંઈ દેખત પ્રભુ મુખ–ચંદ, ભાવઠ[2] ભાગી રે (૧)
જિન **સેના**–નંદન[3] દેવ, દિલડે વસીયો રે
પ્રભુ–ચરણ નમે કર જોડ, અનુભવ–રસીયો રે (૨)
તોરી ધનુ[4]સય–ચ્યાર પ્રમાણ, ઊંચી કાયા
મનમોહન કંચનવાન, લાગી તોરી માયા રે (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ રાય**જિતારિ**[૫]—નંદ નયણે દીઠો રે
**સાવત્થી**પુર—શણગાર, લાગે મુને મીઠો રે (૪)
પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવે રે,
પણ મુગતિવધૂ વશી—મંત્ર, પાઠ ભણાવે રે (૫)
મુજ રઢ[૬] લાગી મનમાંહિ, તુજ ગુણ કેરીરે
નહિ તુજ મૂરતિને તોલ[૭], સૂરત[૮] ભલેરી[૯] રે (૬)
જિન ! મહેર કરી ભગવાન,વાન[૧૦] વધારો રે
**શ્રી સુમતિવિજય** ગુરૂ-શિષ્ય, દિલમાં ધારો રે (૭)

卐

## (૪૮૪) (૨૧—૪) શ્રી અભિનંદન—જિન સ્તવન

**(ઘમઘમ ઘમકે ઘુઘરા રે, ઘુઘરે હીરની દોર કે ઘમ એ-દેશી)**

**શ્રી અભિનંદન**—સ્વામીને રે, સેવે સુરકુમરીની કોડ કે—
પ્રભુની ચાકરી રે
મુખ મટકે મોહી રહી રે, ઉભી આગળ બે કરજોડ કે પ્ર૦
સ્વર ઝીણે આલાપતી રે, ગાતી જિનગુણ—ગીત
રસાળ કે—પ્રભુ૦
તાળ મૃદંગ બજાવતી રે, દેતી અમરી[૧]ભમરી[૨]—બાળકે—
પ્રભુ૦ (૨)
ઘમઘમ ઘમકે ઘુઘરી રે,[૩]ખળકે કટિમેખલ[૪]સાર કે—પ્રભુ૦
નાટક નવનવા નાચતી રે, બોલે પ્રભુ—ગુણગીત રસાળ કે—
પ્રભુ૦ (૩)
સુત **સિદ્ધારથ** માતનો રે,
**સંવર**—ભૂપતિ-કુળ-શિણગાર—પ્રભુ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનુપસય-સાઢા ત્રણની રે, પ્રભુજીની દીપે દેહ અપાર પ્ર૦
પૂરવ લાખ પચાસનું રે, પાળી આયુ લહ્યું શુભ ઠામ-પ્ર૦
નયરી **અયોધ્યાનો** રાજીયો રે,
દરિશણ નાણ-રયણ-ગુણખાણ-પ્રભુ૦ (૫)
સેવો સમરથ સાહિબો રે, સાચો શિવ-નયરીનો સાથ-પ્ર૦
મુજ હિયડામાંહિ વસ્યો રે,
વ્હાલો તીન ભુવનનો નાથ—પ્રભુ૦ (૬)
ઈણી પરે જિન-ગુણ ગાવતાં રે,
લહો એ અનુભવ-સુખ રસાળ—પ્રભુ૦
**રામવિજય** પ્રભુ સેવાતાંરે,
કરતાં નિત-નિત મંગળ-માળ -પ્રભુ૦ (૭)

卐

## (૪૮૫) (૨૧-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(ગરબો કેણેને કોરાવ્યો કે નંદજીના લાલ એ-દેશી)

પંચમ **સુમતિ** જિણેસર સ્વામી કે—સુણ જિનરાય રે
તુમથી નવ નિધિ-રિધિ મેં પામી કે—શિવ-સુખદાય રે
તું તો પાવન ધરમ નગીનો[1] કે—સુર ગુણ ગાય રે,
અહનિશ સમતારસમાં ભીનો કે—શિવ૦ (૧)
**મંગલા** માવડીએ પ્રભુ જાયો કે—સુણ—
છપ્પન દિગકુમરી હુલરાયો કે—શિવ —
તું તો મેઘ નૃપતિ કુળ હીરો કે—સુણ૦ (૨)
હરિ સેવે નિત તુમ ધીરો કે—શિવ૦
ત્રણસેં ધનુષની ઉંચી કાયા કે—શિવ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલીશ લાખ પૂરવનું આયુ—નાગ રાય રે,
તારી સેવ કરે સુરસ્વામી કે—શિવ૦
તું તો સુરસુંદરી સુખકામી કે—નિર્મલ કાય રે૦ (૩)
તું તો ભગતવછલ ભય ટાળે કે—શિવ૦
તું તો ત્રિભુવન અજુયાળે કે—જિમ[૨] દિનરાય[૨] રે
તું તો મુનિજનમાં નિશિ[૩] દીવો કે—શિવ૦
અવિચલ[૪] ધ્રૂમંડલ[૫] ચિરંજીવો કે—જિમ ગિરિરાય રે૦(૪)
પ્રભુજીની વાણી અમીરસ મીઠી કે—સુર૦
જિનજીની મોહન મૂરતિ દીઠે કે—અતિ સુખ થાય રે
શ્રીગુરૂ **સુમતિવિજય** કવિરાયા કે—સુણો૦,
સેવક **રામવિજય** ગુણ ગાયા કે—જયો જિનરાય રે૦(૫)

卐

## (૪૮૬) (૨૧–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

**(કમળરસઝુમકું—એ દેશી)**

શ્રી **પદમપ્રભ**જીને સેવિયે રે,
શિવસુંદરી ભરતાર-કમળદળ[૧] આંખડીયાં
મોહનશું મન મોહી રહ્યું રે, રૂપ તણો નહિ પાર;
ભમુહ[૨] ધનુ[૩] વાંકડીયાં[૪] (૧)
અરુણ[૫] કમળ સમ દેહડી રે, જગજીવન જિનરાજ
વયણરસ[૬] સેલડીયાં[૭] ત્રીસ પૂરવ લખ આઉખું રે,
સારો વંછિત કાજ—મોહન સુખ—વેલડીયાં૦ (૨)
સહિરો[૮] સવિ ટોળે મળી રે,
સોળ સજી શિણગાર મળી સખી સેરડીયાં[૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ ગાતી ઘુમરી[10] દીયે રે, કરે ચુડી[11] ખલકાર[12]
કમળમુખ[13]—ગોરડીયાં[14] (૩)
માત **સુસીમા** ઉરે ધર્યો રે, મુજ દિલડામાં દેવ—
વસ્યો દિન—રાતડીયાં;
**કોસંબી**નયરી તણો રે, નાથ નમો નિતમેવ—
સુણો સખી! વાતડીયાં૦ (૪)
ધનુષ અઢીસેં શોભતી રે, ઉંચપણે જગદીશ
નમો સાહેલડીયાં **રામવિજય** પ્રભુ સેવતાં રે,
લહીયે સયલ જગીસ—વધે સુખ વેલડીયાં૦ (૫)

卐

## (૪૮૭) (૨૧–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

**(નાયતા રે તુમે ચાલ્યા ગઢ આગળે રે લો—એ દેશી)**

સેવજો રે સ્વામી **સુપાસ** જિણેસરુ રે લાલ,
પૂજિયેં ધરી મન રંગ રે લાલ
મોરે મત માન્યો સાહિબો રે લાલ
પ્રેમથી રે પ્રીતિ બની જિનરાજશું રે લાલ;
જેહવો ચોળનો[1] રંગ રે લાલ—મોરે૦ (૧)
ધરજો રે મન **પૃથ્વી**–રાણી સતી રે લાલ,
જાયો જેણે રત્ન રે લાલ–મોરે૦
દીપતી રે દિશકુમરી આવે તિહાં રે લાલ;
કરતી કોડ[2] જતન્ન રે–લાલ—મોરે૦ (૨)
જોરથી[3] રે જિન–મુખ નિરખી નાચતી રે લાલ.
હરખતી દેએ આશીસ રે લાલ—મોરે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાહતી રે ચિરંજીવો તું બાલુડા રે લાલ;
ત્રણ ભુવનના ઈશ રે લાલ—મોરે૦ (૩)
ફાવતી રે ફરતી ફૂંદડી દીયે રે લાલ,
મદભરી માતી જેહ રે લાલ—મોરે૦
નાથને રે નેહનયણે ભર જોવતી રે લાલ;
ગુણ ગાતી સસનેહ રે લાલ—મોરે૦ (૪)
આદરે રે ઈમ હુલરાવતી બાલને રે લાલ,
પહોંતી તે નિજ-નિજ ઘેર રે લાલ—મોરે૦
પ્રેમ શું રે પ્રભુ બાધે મોહના રે લાલ;
દોયસેં ધનુષની દેહ રે લાલ—મોરે૦ (૫)
રાગથી રે રાજકુમરી રળીયામણી રે લાલ,
પરણ્યા પ્રભુ સુ-વિલાસ રે લાલ—મોરે૦
માનજો રે મોહતણે વશમાંહિ રે લાલ;
નાથ રહે એ ઘર વાસે રે લાલ—મોરે૦ (૬)
ભાવથી રે ભોગ તજ્યા દીક્ષા વરી રે લાલ,
વીશ પૂરવ લખ આયુ રે લાલ—મોરે૦
જાગતો રે જ્યોતિ સ્વરૂપી જગદીશ્વરુ રે લાલ;
**રામવિજય** ગુણ ગાય રે લાલ—મોરે૦ (૭)

卐

## (૪૮૮) (૨૧-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

(રાયજી અમે ન હિંદુવાણા કે, રાજ! ગરાસીયારે લો એ દેશી)

જિનજી **ચંદ્રપ્રભ**! અવધારો કે, નાથ નિહાળજો રે લો,
બમણી બિરૂદ ગરીબ-નવાજ કે, વાચા પાળજો રે લો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરખે હું તુમ શરણે આવ્યો કે, મુજને રાખજો રે લો,
ચોરટા ચ્યાર ચુગલ[1] જે ભુંડા કે, તેહ દૂરે નાખજો રે લો (૧)
પ્રભુજી ! પાંચતણી[2] પરશંસા કે, રૂડી થાપજો રે લો,
મોહન ! મહેર કરીને દરશણ, મુજને આપજો રે લો
તારક ! તુમ પાલવ[3] મેં ઝાલ્યો કે, હવે મુને તારજો રે લો;
કુતરી કુમતિ થઈ છે કેડ[4] કે, તેહને વારજો રે લો (૨)
સેંદરી[5] સુમતિ સોહાગણ સારી કે, પ્યારી છે ઘણી રે લો,
તાતજી ! તે વિણ જીવે ચૌદ, ભુવન કર્યું આંગણું રે લો
લખ ગુણ **લખમણા**[6] રાણીએ જાયો કે,
મુજ મન આવજો રે લોલ,
અનુભવ અનોપમ અમૃત મીઠો કે,
સુખડી લાવજ્યો રે લો (૩)
દીપતી દોઢસો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડી રે લો,
દેવની દશ પૂરવ લખ માનકે, આઉખું વેલડી રે લો
નિરગુણ નિરાગી પણ હું રાગી કે, મનમાંહે રહો રે લો,
શુભ ગુરૂ **સુમતિવિજય** સુપસાય કે,
**રામે** સુખ લહ્યો રે લો (૪)

卐

## (૪૮૯) (૨૧-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**(સોવન લોટા જળે ભર્યા કુંડાલી દોરી, શ્યાં શ્યાં દાતણ દેસ રે લેજો રામ લોને દોરી—એ દેશી)**

**સુવિધિ**-જિણેસર ! જાગતો, મનમોહન સ્વામી
રાય **સુગ્રીવ**નો નંદન રે, વંદો લાલ અંતરયામી (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરિય કચોલી[૧] કુંકુમે[૨], માંહે મૃગમદ[૩] ઘોળી
પૂજો પ્રભુ નવ અંગ રે, લાલ સહિયર[૪]–ટોળી (૨)
કેસરની આંગી રચી, માંહે હીરા દીપે
જોર બન્યો જિનરાજ રે, તેજે લાલ સૂરજ જીપે (૩)
મુગટ ધર્યો શિર શોભતો, મણિ રયણ બિરાજે
ઝલકે કુંડળ જોડ રે, હઈડે હાર નિર્મળ છાજે (૪)
કરી પૂજા મન ભાવશું, પ્રભુ હઈડે ધરતી
ધરતી ઉઠવતી પાય રે, જોવે લાલ જિનમુખ ફરતી (૫)
**કાકંદી** નયરી ધણી, શત ધનુષની કાયા
લાખપૂરવનું આયુ રે, નવમો લાલ એ જિનરાયા (૬)
**શ્રી સુમતિવિજય** પ્રભુ–નામથી, નિત મંગળિક માળા
**રામવિજય** જયકાર રે, જપતાં લાલ જિન ગુણમાળા (૭)

卐

## (૪૯૦) (૨૧–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

**(પાટણની પટોળી રાજંદ! લાવજો રે લો—એ દેશી)**

**શ્રી ભદ્દિલપુર** વાસી રે સાહિબ માહરા રે,
શ્રવણે[૧] મેં સુણિયા રે ગુણ બહુ તાહરા રે
સુણો મોરા મીઠડા! શ્રી ભગવંત! કેવળ[૨]–કમળાના હો કંત;
સેવક નિજ ચરણે રે રાજંદ[૩]! રાખજો રે (૧)
સાતેને વળી રાજ રે, રાજંદ! અળગા વસો રે,
તિહાંકણને[૪] આવણને[૫] રે મનડું ઉલ્લસે રે
સુણ મોરા સાહિબ! લાલ ગુલાલ, સેવકને નયણે નિહાળ;
નયણની લીલા રે તારી તારશે રે (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી શીતલજિન**! મુજ મનમંદિર આવજો રે,
શિવરમણીના રસિયા દિલમાં લાવજો રે
પ્રભુજી મોરા! તારૂં અકળ સ્વરૂપ,
તુજથી અગમ નહી મન રૂપ;
જીવડો લલચાણો પ્રભુજીની સૂરતે રે (૩)
નેવું ધનુષ પ્રમાણે રે **નંદમાત**નો રે,
**શ્રી વત્સલંછન** રે **દઢરથ** તાતનો રે
પ્રભુ મારા અવધારો ગુણગેહ, જિનજી તુજશું મુજ મન નેહ,
નેહલડાની વાતું રે રાજંદ! દોહલી રે (૪)
વિનતડી સાંભળીને રે સ્હામું ભાળજ્યો રે,
ભવભવના પાતક રે અળગા[૬] ટાળજ્યો રે
પ્રભુ મોરા! તુમે છો ગરીબનિવાજ,
શ્રીગુરૂ સુમતીવિજય કવિરાજ;
બાળક સેવકને લેખે આણજ્યો રે (૫)

卐

## (૪૯૧) (૨૧-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**(વીજલ બોલાવા હું ગઈ કાંઈ ઉભી શેરી વીચ**
**વીજલ વાલમા-એ દેશી)**

તારક બિરૂદ સુણી કરી, હું આવી ઉભો દરબાર
—**શ્રી શ્રેયાંસ** સાહિબા
પ્રભુ! ઘણી તાણ[૧] ન કીજિએ, મુજ ઉતારો પાર—શ્રી૦
કાળાદિક દૂષણ દાખતાં, દાતારપણું કિમ થાય?—શ્રી૦
જો વિણ અવલંબન[૨] તારીએ,
તો જગ સઘળો જશ ગાય—શ્રી૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાળકને સમજાવવા, કહેશો ભોળામણી વાત—શ્રી૦
પણ હઠ કીધો મૂકીશ નહીં, વિણ તાર્યે ત્રિભુવનતાત—શ્રી૦
જો મન તારણનું[3] અછે, તો ઢીલ તણું શું કામ—શ્રી૦
ચાતુક[4] નીર મુખ-દૂખણે, થઈ મેઘઘટા જગ શ્યામ—શ્રી૦
તુજ દરશણથી તાહરો, હું કહેવાણો જગમાં હે—શ્રી૦
હવે મુજ કુણ લોપી શકે, બળિયાની ઝાલી બાંહે—શ્રી૦ (૫)
**વિષ્ણુ**કુમર વાલેસરૂ, પ્રભુ **સિંહપુરી**નો રાય—શ્રી૦
લાખ ચોરાસી વરષનું પ્રભુ પાળ્યું પૂરણ આય—શ્રી૦ (૬)
ધનુષ એંશી તનુ શોભતું, ખડગી લંછન જગદીશ—શ્રી૦,
હરષ ધરીને વિનવું, **શ્રીસુમતિવિજય** કવિશીશ—શ્રી૦ (૭)

卐

## (૪૯૨) (૨૧-૧૨) વાસુપૂજ્ય-જિન સ્તવન

( નંદન ગોવાલીયાની—દેશી )

**શ્રી વસુપૂજનરિંદના**, નંદન જિન નયણાનંદ,
શ્રી જિન વાલહા, પ્રભુ ? કિમ આવું તુમ ઉળગે[1],
મારે કૂડો[2]-કુટંબનો ફંદ-શ્રીજિન ! સાંભળો૦ (૧)
કુમતી[3]-રમણી મોહનંદિની[4], મુજ કેડ ન મૂકે તેહ-શ્રી.
મિત્ર મળ્યો તે લોભીઓ, લાગો તેહશું બહુ નેહ-શ્રી૦ (૨)
ત્રેવીશ[5] મળ્યા ધૂતારડા, તેહના વળી નવ નવા રંગ-શ્રી.
અહનિશ તેણે હું ભોળવ્યો, ન ધર્યો પ્રભુ સાથે રંગ-શ્રી૦
પ્રભુ દરશણ તલસે ઘણું, જિન મુજ મનડું દિનરાત-શ્રી.
પણ પન્નર[6] આડા રહે, જે નીચ ઘણું કમજાત—શ્રી૦
કૂડો કળીયુગ આજનો, બહુ ગાડરિયો પરવાહ—શ્રી.

તાહરૂં રૂપ ન ઓળખે, નહિ શુદ્ધ ધર્મની ચાહ—શ્રી૦
પ્રભુ–દરિશણ વિણ જીવડા, કરતા દીસે વિવહાર—શ્રી.
તેણે ભ્રમે ભૂલ્યા ઘણા, પ્રભુ દોહિલો લોકાચાર—શ્રી૦
વરસ સિતેર લખ આઉખું, તોરૂં સિતેર ધનુષ તનુ સાર-શ્રી૦
**રામવિજય કરજોડીને**, કહે ઉતારો ભવપાર—શ્રી૦

卐

## (૪૯૩) (૨૧–૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

**( કુલાબાલી આબાલીયા શું કરો—એ દેશી )**

જિન ! **વિમલ**–વદન રળિયામણું, જાણે કનક[૧]કમળનો રાયરે
વિમલ જિણંદજી
જિન ! અધર[૨] અમીરસ ભૂમિનો,
પ્રતિબિંબિત બિંબ સુહાયરે–વિ૦ (૧)
જિન ! અનુરૂપની રેખમાં, નવિ આવે સુરના ઈંદરે–વિ.
જિન ! મુખ ટીકો નીકો[૪] બન્યો,
માનું ઉગ્યો ઉજલ ચંદરે—વિ૦ (૨)
જિન ! દાડમ કળી ઓપતી, અતિ દીપે દાંતની ઓલરે[૫]–વિ.
તે અરૂણ અધર છબિથી મળ્યા,
માનું મુગતાફળ સમતોલ રે—વિ૦ (૩)
જિન ! અકળ અરૂપી રૂપ છે, પણ સકળ સરૂપી જાણે રે-વિ૦
જિન ! અગણિત ગુણના દોરથી,
મનમાંકડું બાંધ્યું તાણરે—વિ૦ (૪)
જિન ! શિવ સુખદાયક સાંભળી,
હું હરખ્યો હઈડા માંહિરે—વિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન ! એકતારી તુજશું કરી,
જિમ ચંદ ચકોરી થાય રે—વિ૦ (૫)
પ્રભુ ! એવડી વિમાસણ શું કરો,
નહિ ખોટ ખજાને તુજ રે—વિ૦
જો નાપો તો સાહમું જુઓ,
તો વંછિત ફળશે મુજ રે· વિ૦ (૬)
સુત **કૃતવર્મા–શ્યામા** તણો,
સાઠ લાખ ધનુષ તનુ આય રે—વિ૦
**શ્રીસુમતીવિજય કવિરાજનો,**
ઈમ **રામવિજય** ગુણ ગાય રે—વિ૦ (૭)

卐

## (૪૯૪) (૨૧–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**( સાબરમતી આવી છે ભરપુર જો એ દેશી )**

**સુજસા**–નંદન[૧] જગ[૨]–આનંદન દેવજો,
નેહે રે નવરંગે[૩] નિત નિત ભેટીયે રે,
ભેટ્યાથી શું થાયે મોરી સૈઅરે[૪],
ભવ–ભવનાં પાતિકડાં અળગાં મેટીયે રે, (૧)
સુંદર ચોળી પહેરી ચરણા ચીર રે.
આવો રે ચોવટડે જિનગુણ ગાઈયે રે,
જિનગુણ ગાયે શું થાયે મોરી બેંની રે,
પરભવ રે સુરપદવી સુંદર પામીયે રે૦ (૨)
સહિયર ટોળી ભોળી પરિઘળ[૫] ભાવે રે,
ગાવે રે ગુણવંતી હઈડે ગહગહી રે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગજય-નાયક શિવ-સુખદાયક દેવરે,
 લાયક રે તુજ સરિખો જગમાં કો નહી રે૦ (૩)
પરમ નિરંજન નિર્જિત ભગવંત રે,
 પાવનરે પરમાતમ શ્રવણે[૬] સાંભળ્યો રે
પામી હવે મેં તુજ શાસન પરતીત રે,
 ધ્યાને રે એક તાને પ્રભુ આવી મળ્યો રે૦ (૪)
ઉંચપણે પચાશ ધનુષનો માનરે,
 પાળ્યું રે વળી આઉખું લાખ તીશનું રે
શ્રીગુરૂ **સુમતિવિજય** કવિરાય પસાય રે,
 અહનિશરે દિલ ધ્યાન વશે જગદીશનું રે૦ (૫)

卐

## (૪૯૫) (૨૧-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

(બાઈ રે ગરબડો એ-દેશી)

**ધરમ** જિણેસર સેવિયેં રે,
 **ભાનુ** નરેસરનંદ[૧]—બાઈ રે જિન વડો
જિન-ધ્યાને દુખવિસરૂં રે,
 હું પામી પરમાણંદ—બાઈ૦ (૧)
રતનજડિત સિંઘાસને રે, બેસે શ્રી ભગવાન—બાઈ૦
મુખ આગળ નાચે સુરી રે, ઈંદ્ર કરે ગુણગાન—બાઈ૦ (૨)
પ્રભુ વરસે તિહાં દેહના રે, જેમ આષાડો મેહ—બાઈ૦
તાપ ટળે તનનો પરો[૨] રે, વાધે બમણો નેહ—બા૦ (૩)
અણવાયાં[૩] ગઅણે ધુરે રે[૪], વાજીત્ર કોડાકોડ—બાઈ૦
તા થેઈ નાચે કિંનરી રે, હીંડે મોડા[૫]મોડા—બાઈ૦ (૪)
આયુ દશ લાખ વરસનું રે, ધનુષ પિસતાલીશ માન-બાઈ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રામવિજય** પ્રભુ નામથી રે,
લહીયેં નવ નિધાન–બાઈ૦ (૫)

卐

## (૪૯૬) (૨૧–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

**( અંબા બિરાજે છે એ દેશી)**

સુંદર **શાંતિ** જિણંદની, છબી[1] રાજે છે,
પ્રભુ ગંગાજલ–ગંભીર, કીરતિ ગાજે છે૦ (૧)
**ગજપુરનયર** સોહામણું, ઘણું દીપે છે
**વિશ્વસેન** નરિંદનો નંદ[2], કંદર્પ[3] જીપે છે૦ (૨)
**અચિરામાતાયે** ઉરે ધર્યો, મન રંજે છે
મૃગલંછન કંચનવાન, ભાવઠ ભંજે છે૦ (૩)
પ્રભુ લાખ વરસ ચોથે ભાગે, વ્રત લીધું છે
પ્રભુ પામ્યા કેવલજ્ઞાન, કારજ સીધું છે૦ (૪)
ધનુષ ચાલીશની દેહડી, તનુ સોહે છે
પ્રભુ દેશનાધ્વનિ વરસંત, ભવિ પડિબોહે છે૦ (૫)
ભગતવછલ પ્રભુતા ભણી, જન તારે છે
બૂડતાં ભવજલ માંહિ, પાર ઉતારે છે૦ (૬)
**શ્રીસુમતિવિજય** ગુરૂ નામથી, દુખ નાસે છે
કહે **રામવિજય** જિનધ્યાન, નવ નિધિ પાસે છે૦ (૭)

卐

## (૪૯૭) (૨૧–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

**( રસીયાની–દેશી )**

**રસીયા ! કુંથુજિણેસર ! કેસર[1]ભીની દેહડી રે લો**
**—મારા નાથજી રે લો,**

રસીયા ! મનવંછિત વર પૂરણ, સુરતરૂ[2]વેલડી રે લો—મા૦
રસીયા ! અંજન[3]-રહિત નિરંજન,
નામ હીયેં ધરો રે લો—મારા૦
રસીયા ! જુગત કરી મન ભગતે, પ્રભુ-પૂજા કરો રે લો—મા૦
રસીયા ! શ્રીનંદન[4] આનંદન, ચંદનથી સિરે રે લો—મા૦
રસીયા ! તાપ-નિવારણ તારણ-તરણ તરી[5]પરે રે લો—મા૦
રસીયા ! મનમોહન જગસોહન, કોહ[6]નહી કિશ્યો રે લો—મા૦
રસીયા ! કૂડા[7] કળિયુગ માંહી, અવર ન કો ઈશ્યો રે લો—મા૦
રસીયા ! ગુણ સંભારી જાઉં, બલિહારી નાથને રે લો—મા૦
રસીયા ! કોણ પ્રમાદે છાંડે, શિવપુર સાથને રે લો—મા૦
રસીયા ! કાચ તણે કોણ કારણ, નાંખે સુરમણિ[8]રે લો—મા૦
રસીયા ! કોણ ચાખે વિષફળને, મેવા અવગણી રે લો—મા૦
રસીયા ! સુર[9]-નરપતિ સુત હાવો,
ચાવો[10] ચઉદિશે રે લો—મારા૦
રસીયા ! વરસ સહસ પંચાણું,
જિન પૃથવી વસે રે લો—મારા૦ (૭)
રસીયા ! ત્રીશ ધનુષ પણ[11] ઉપર,
ઉંચપણે પ્રભુ રે લો—મારા૦
રસીયા ! ત્રણ ભુવનનો નાથ કે,
થઈ બેઠો વિભુ રે લો—મારા૦ (૮)
રસીયા ! અજ[12] લંછન ગતલંછન,[13]
કંચનવાન[14] છે રે લો—મારા૦
રસીયા ! રિદ્ધિ પૂરે દુઃખ ચૂરે, જેહના ધ્યાનથી રે લો—મા૦
રસીયા ! બુધ શ્રી **સુમતિવિજય** કવિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવક વિનવે રે લો—મારા૦
રસીયા ! **રામ** કહે જિનશાસન, નવિ મૂકું હવે રે લો–મા૦

卐

## (૪૯૮) (૨૧–૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

**(ગાયજો રે ગુણની રાસ—એ દેશી)**

ગાયજો રે ધરી ઉલ્લાસ, **અર**જિનવર જગદીશરુ રે,
માનજો રે એહ મહંત,[1] મહિયલમાંહિં વાલેસરૂ[2] રે (૧)
ધાઇયો[3] રે દઢ કરી ચિત્ત, મનવંછિત ફળ પૂરશે રે
વારજો રે અવરની[4] સેવ, એહી જ સંકટ ચૂરશે રે (૨)
સિંચજો રે સુમતિની વેલ, જિનગુણ ધ્યાનની રે,
ઘણું સંપજે રે સમકિત ફૂલ, કેવળ ફળ રળિયામણું રે (૩)
પુણ્યથી રે **દેવી**[5]–નંદ, નયણે નિરખો નેહથી રે,
ઉપનો રે અતિ આણંદ, દુઃખ અલગા થયા જેહથી રે,
શોભતી રે ત્રીશ ધનુષની કાય, રાય **સુદરિશન**[6] વંશનો રે,
આઉખું રે જિનજીનું સાર, સહસ ચોરાશી વરસનું રે,
જિનરાજને રે કરૂં પ્રણામ, કાજ સરે[7] સવિ આપણું રે,
ભાવથી રે ભગતિ પ્રમાણ, દરિશણ ફળ પામે ઘણું રે (૬)
સેવજો રે અર[8]–પદ–અરવિંદ, જો શિવસુખની કામના[9] રે,
રાખજો રે પ્રભુ હૃદય મોઝાર, **રામ** વધે જગ નામના રે,

卐

## (૪૯૯) (૨૧–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

**(મેઘ અંધારી રે રાતડી નં મીઠડા બે અસવાર એ–દેશી)**

મિથિલા નયરી રે અવતરીયા ને, **કુંભ**નરેસર નંદ,
લંછન સોહે રે કલશતણું ને, નીલવરણ સુખકંદ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મલ્લિ**-જિનેસર રે મન વસ્યો ને, ઓગણીશમો અરિહંત,
કપટ[1]ધરમના રે કારણથી, પ્રભુ કુમરીરૂપ ધરંત (૨)
સહસ પંચાવન રે વરસ સુણોને, આઉતણો પરિમાણ,
માત **પ્રભાવતી** રે ઉદરે ધર્યા, પણવીશ[2] ધનુષ તનુ માન,
સહસ પંચાવન રે સાધવીઓ ને, મુનિ ચાલીશ હજાર,
**સમેતશિખર** રે મુગતે ગયાને, ત્રિણ ભુવન આધાર૦ (૪)
અડ[3] ભય ટાળી રે આપ થકીને, જિણે બાંધી અવિહડ પ્રીત,
**રામવિજયનારે** સાહિબની, છે અવિચળ એહીજ રીત૦ (૫)

卐

## (૫૦૦) (૨૧-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

### (હરની હમચીરે-એ દેશી)

આવો આવો ને સખી ! દેહરે જઈયે,
પ્રભુ-દરિશણ કરીને નિરમલ થઈયે,
ગાવો ગાવોરે હરખ અપાર—જિનગુણ ગરબો રે,
તુમે પ્હેરો સોળ શિણગાર, જિન૦
મારે લાખેણી એ[1] વાર, જિન૦
દોહિલો માનવ અવતાર—જિન૦ (૧)
**પદમાદેવીનો**[2]નંદન નીકો છે, પ્રભુરાય **સુમિત્ર**[3]કુળ ટીકો[4] છે,
નમો નમો રે એહજ નાથ—જિન૦
ફોકટ શી કરવી વાત—જિન૦
કૂડી લાગે છે નેહની લાત—જિન૦ (૨)
કચ્છપ[5]લંછન પ્રભુ પાય છે, જિન વીશ ધનુષની કાય છે,
ત્રીશ સહસ વરસનું આય—જિન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારે હઈડે હરખ ન માય—જિન૦
એહની સેવાથી સુખ થાય —જિન૦
મારા દુખડાં દૂરે જાય—જિન૦ (૩)
પ્રભુ શ્યામવરણ વિરાજે છે, મુખડું દેખી વિધુ[6] લાજે છે,
એહને મોહી હરિની[7] નાર—જિન૦
તે કરે લુંછણડાં સાર—જિન૦
પ્રભુ નયણતણે મટકાર—જિન૦
તેહથી લાગ્યો પ્રેમ અપાર—જિન૦ (૪)
પ્રભુ હૃદયકમળનો વાસી છે, શિવરમણી જેહની દાસી છે,
હું તેહ તણો છું દાસ જિ૦ મારે પૂરે મનડાની આશ—જિન૦
પ્રભુ અવિચળ લીલ–વિલાસ–જિન૦
**રામવિજય** કહે ઉલ્લાસ—જિન૦ (૫)

卐

## (૫૦૧) (૨૧–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

**દોશીડાને હાટે જાજયો લાલ,લાલ કસૂંબો ભીંજે છે-એ દેશી)**

**વિજય**[1]–નરેસર નંદન લાલ, **વપ્રા**[2]–સુત મન મોહે છે,
નીલોત્પલ[3] લંછન પાએ લાલ,
સોવનવાન[4] તનુ સોહે છે (૧)
**મિથિલા**નયરીનો વાસી લાલ, શિવપુરનો મેવાસી[5] છે,
મુનિ વીશ સહસ જસ પાસે લાલ,
તેજ કળા સુવિલાસી છે (૨)
પ્રભુ ! પંદર ધનુષ પરિમાણે લાલ, જગમાં કીરતિ વ્યાપી છે,
પ્રભુ ! જીવદયાને થાણે[6] લાલ, **સુમતિ**લતા જિણે થાપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નમિનાથ** નમો ગુણખાણી લાલ, અક્ષય વળી અવિનાસી છે
તેણે વાત સકળ એ જાણી લાલ જેહને આશા દાસી છે (૪)
**શ્રી સુમતિવિજય** ગુરૂ નામે લાલ, અવિચળ લીલા લાધી છે,
કહે **રામવિજય** જિન ધ્યાને લાલ,
કીરતિ કમળા વાધી છે (૫)

卐

## (૫૦૨) (૨૧-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

**(તુમે તમારા છોરડાના ગુણ માનો કે ના —એ દેશી.)**

**રાજુલ** કહે પીઉ **નેમજી**, ગુણ માનો છો કે ના,
કિમ છોડી ચાલ્યા નિરધાર ? હે ગુણ જાણો છો કે ના
પુરષ અનંતે ભોગવી-ગુણ૰ પીઉ શ્યું મોહ્યા તિણ નાર ?
—હે ગુણ૦ (૧)
કોડીગમે[1] જેહને ચાહે—ગુણ૦ શ્યો તે નારીથી રંગ ?—હે૦
પણ જગ ઉખાંણો[2] કહ્યો-ગુણ૦
હોવે સરીસા સરસો સંગ—હે ગુણ૦ (૨)
હું ગુણવંતી ગોરડી-ગુણ૦ તે નિગુણ[3]ન[4]-હેજી નાર—હે૦
હું સેવક છું રાવળી-ગુણ૦ તે સ્હામું ન જુવે લગાર—હે૦
જગમાં તે ગુણ આગળી-ગુણ૦ જેણે વશ કીધો ભરતાર—હે૦
મન વૈરાગે વાળીયો-ગુણ૦ લીએ **રાજુલ** સંયમભાર—હે૦
એહનીને મળવા ભણી-ગુણ૦ પીઉ પેહલી તે જાય—હે૦
સંગ લહી તે નારીનો-ગુણ૦ રહી અનુભવશું લય લાય—હે૦
**સમુદ્રવિજય** કુળ ચંદલો-ગુણ૦ **શિવાદેવી** માત મલ્હાર—હે૦
વરસ સહસ એક આઉખું-ગુણ૦
**શૌરીપુર** શિણગાર—હે ગુણ૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહ ધનુષ દશ દીપતી–ગુણ૦ પ્રભુ બ્રહ્મચારી ભગવંત—હે૦
**રાજુલ** વર મને વાલહો–ગુણ૦ **રામવિજય** જયવંત—હે૦

卐

## (૫૦૩) (૨૧–૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

(**પાટણના ગીતની દેશી છે.**)

સેવો ભવિજન જિન ત્રેવીશમો, લંછન નાગ[1] વિખ્યાત,
જલધર[2] સુંદર પ્રભુજીની દેહડી,
**વામા** રાણીનો જાત[3]—સેવો૦ (૧)
ચઉદિશે ઘોર ઘટા ઘનશું મળ્યો, કમઠેં રચ્યો જલધાર
મૂશલધારે જલ વરસે ઘણું,
જલ-થલનો ન લહું પાર—સેવો૦ (૨)
વડ હેઠલ વ્હાલો કાઉસગ રહ્યો, મેરૂ તણી પેરે ધીર,
ધ્યાન તણી ધારા વાધે તિહાં,
ચડીયાં ઉંચાં જી નીર—સેવો૦ (૩)
અચળ ન ચળીયો પ્રભુજી માહરો, પામ્યો કેવળનાણ,
સમોવસરણ સુર કોડ મળ્યા તિહાં,
વાજ્યાં જીત નિશાન—સેવો (૪)
નવ કર[4] ઉંચપણે પ્રભુ શોભતા, **અશ્વસેન** રાયનો નંદ,
પ્રગટ પરચા પૂરણ **પાસજી,** દીઠે હોવે પરમાણંદ—સેવો૦
એક શત વરસનું આઉખું ભોગવી, પામ્યા અવિચળ રિદ્ધ,
બુધ **સુમતિવિજય** ગુરૂ નામથી,
**રામ** લહે વર સિદ્ધ—સેવો૦ (૬)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૦૪)(૨૧–૨૪) શ્રી મહાવીરસ્વામી–જિન સ્તવન

**(ગરબી પૂછે રે મારા ગરબડા રે–એ દેશી.)**

ચરણ નમી જિનરાજના રે, માગું એક પસાય,
મારા લાખેણા સ્વામીરે તુને વિનવું રે,
મેહેર કરો મારા નાથજી રે, દાસ ધરો દિલ માંહિ—મારા૦ (૧)
પતીત ઘણા તેં ઉધર્યા રે, બિરૂદ ગરીબનિવાજ—મારા૦
એક મુજને વિસારતાં રે, શ્યે નાવે પ્રભુ ! લાજ ?—મારા૦ (૨)
ઉત્તમ જન ધન[1] સારીખો રે, નવિ જોવે ઠામ–કુઠામ—મારા૦
પ્રભુ સુ–નજર કરૂણાથકી રે, લહીયેં અવિચળ ધામ—મારા૦
સુત **સિદ્ધારથ**રાયનો રે, **ત્રિશલા**નંદન વીર—મારા૦
વરસ બહુતેર આઉખું રે, કંચનવાન શરીર—મારા૦ (૪)
મુખ દેખી પ્રભુ ! તાહરૂં રે, પામ્યો પરમાણંદ—મારા૦
હૃદયકમળનો હંસલો રે, મુનિજન[2] કૈરવચંદ—મારા૦ (૫)
તું સમરથ શિર નાહલો રે, તો વાધે જશ પૂર—મારા૦
જીત નિશાણના નાદથી રે, નાઠા દુશમન દૂર—મારા૦ (૬)
**શ્રી સુમતિ** સુગુરૂપદ સેવના રે, કલ્પતરૂની છાંહ—મારા૦
**રામ** પ્રભુ જિન વીરજી રે, છે અવલંબન બાંહ—મારા૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી રામવિજયજી મ.
## કૃત
## સ્તવન ચોવીશી
### કઠિન શબ્દોના અર્થ

**સ્તવન ૨૧-૧**

૧. સેવા ૨. ઉમંગ ૩. સમાનતા ૪. વ્હાલા પુત્ર ૫. નાથ ૬. અવરોધ

**સ્તવન ૨૧-૨**

૧. સેવા ૨ સારી દષ્ટિ ૩. વહાણ ૪. પેટ-કુક્ષિરૂપ સરોવરના હંસ સમાન=પુત્ર ૫. તેજથી દીપતી

**સ્તવન ૨૧-૩**

૧. ન જાય તેવી ૨, ભટકવાનું ૩. પુત્ર ૪. ચારસો ધનુષ્ય પ્રમાણ ૫. પુત્ર ૬. ગાઢ પ્રીતિ ૭. જેવી ૮. ચહેરો ૯. સુંદર ૧૦. ઉત્સાહ

**સ્તવન ૨૧-૪**

૧. ફેરકુદડી ૨. અપ્સરાઓ ૩. ખણખણ થાય ૪. કેડનો કંદોરો ૫. સાડા ત્રણસેં ધનુષ્યની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૧-૫**

૧. શ્રેષ્ઠ ૨. સૂર્ય ૩. અંધારી રાતે ૪. કાયમી ૫. ધ્રુવતારામંડળની જેમ

**સ્તવન ૨૧-૬**

૧. કમળની પાંખડી જેવી ૨. ભ્રુકુટિ ૩. ધનુષ જેવી ૪. વાંકી ૫. સરળ ૬. વચનનો રસ ૭. શેલડી જેવો ૮. સખીઓ ૯. સરખેસરખી ૧૦. નૃત્યનો પ્રકાર ૧૧. હાથના કંકણનો ૧૨. અવાજ ૧૩. કમળ જેવા મુખવાળી ૧૪. ગૌર વર્ણની

**સ્વતન ૨૧-૭**

૧. વાટેલી મજીઠ ૨. ઘણા ૩. ઉમંગથી

**સ્તવન ૨૧-૮**

૧. બદમાશ ૨. પાંચ પરમેષ્ઠિની ૩. છેડો ૪. પાછળ ૫. સુંદર ૬. પ્રભુજીની માતાનું નામ છે

**સ્તવન ૨૧-૯**

૧. વાટકી ૨. કેશરથી ૩. કસ્તૂરી ૪. સખીઓની ટોળી

**સ્તવન ૨૧-૧૦**

૧. કાનથી ૨. કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીના ૩. રાજાઓના ઇન્દ્ર=મહારાજા ૪. ત્યાં ૫. આવવા ૬. દૂર

**સ્તવન ૨૧-૧૧**

૧. આગ્રહ=ખેંચાખેંચ ૨. બહાના ૩. તારવા માટેનું ૪. ચાતકને પાણી માટે મુખ=મોં દુઃખી આવ્યું એટલે જ વાદળાની ઘટા શ્યામ થઈ (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૧-૧૨**

૧. સેવામાં ૨. ખોટા ૩. કુમતિ સ્ત્રી ૪. મોહની દીકરી ૫. પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયો

**સ્તવન ૨૧-૧૩**

૧. સોનાના કમળનું ૨. ઓઠ ૩. લાખ ફૂલ જેવા ૪. સુંદર ૫. શ્રેણિ

**સ્તવન ૨૧-૧૪**

૧. પુત્ર ૨. જગતને આનંદ આપનાર ૩. અવનવા ઉત્સાહથી ૪. સખીઓ ૫. ઘણા ૬. કાનથી

**સ્તવન ૨૧-૧૫**

૧. પુત્ર ૨. દૂર ૩. વગર વગાડયા ૪. ગુંજે છે ૫. ઉમંગથી

**સ્તવન ૨૧-૧૬**

૧. કાંતિ ૨. પુત્ર ૩. કામદેવ

**સ્તવન ૨૧-૧૭**

૧. કેશર જેવી સુગંધી ૨. કલ્પવૃક્ષની વેલ ૩. દૂષણ વિનાના ૪. શ્રી માતાના પુત્ર ૫. નાવ ૬. ક્રોધ ૭. વિષમ ૮. ચિંતામણી ૯. પ્રભુજીના પિતા સુરરાજાના પુત્ર ૧૦. પ્રખ્યાત ૧૧. પાંચ ૧૨. બકરો ૧૩. દૂષણ વિનાના ૧૪. કાંતિ

**સ્તવન ૨૧-૧૮**

૧. મોટા ૨. અત્યંત પ્રેમાળ ૩. ધ્યાન કરજો ૪. બીજાની ૫. દેવી માતાના પુત્ર ૬. પ્રભુજીના પિતાજી ૭. સફળ થાય ૮. શ્રી અરનાથ પ્રભુના ચરણકમળ ૯. ઇચ્છા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૧–૧૯**

૧. પૂર્વજન્મની માતાના કારણે ૨. પચ્ચીશ ૩. આઠ

**સ્તવન ૨૧–૨૦**

૧. અવસર ૨. પ્રભુજીની માતાનું નામ ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. તિલક ૫. કાચબો ૬. ચંદ્ર ૭. ઇન્દ્રની

**સ્તવન ૨૧–૨૧**

૧. પ્રભુજીના પિતાનું નામ ૨. પ્રભુજીની માતાનું નામ ૩. નીલકમલ ૪. કંચન જેવી કાંતિ ૫. ઠાકોર ૬. સ્થાનમાં

**સ્તવન ૨૧–૨૨**

૧ ક્રોડોજણા ૨. કહેવત ૩. ગુણ વિનાની ૪. હેજ= અંદરનો પ્રેમ, નહેજી=પ્રેમ વિનાની

**સ્તવન ૨૧–૨૩**

૧. સર્પ ૨. મેઘ ૩. પુત્ર ૪. હાથ

**સ્તવન ૨૧–૨૪**

૧. મેઘ ૨. મુનિરૂપી ચંદ્રવિકાશી કમળને ચંદ્ર જેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामीने नमः

# શ્રી કાંતિવિજયજી
## કૃત
# સ્તવન–ચોવીસી

[૨૨]

## (૫૦૫) (૨૨–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

(અરજ અરજ સુણોને રૂડા રાજીયા હોજી—એ દેશી)

સુગુણ (૨) સોભાગી સાચો સાહિબો હોજી,
મીઠડો[1] આદિ જિણંદ,
મોહન (૨) સૂરતી[2] રૂડી દેખતાં હોજી,
વાધે પરમ આણંદ—સુ૦ (૧)
સુંદર (૨) જિન ચિતડે ચડ્યો હોજી, ચોકસ પદહ[3] ઠરાય
વેધક (૨) તન મનનો થયો હોજી,
ઉતારયો કિમ જાય?—સુ૦ (૨)
તુજ ગુણ (૨) કહીવા મુજ જીભડી હોજી, રાતી રંગે રહંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતર (૨) ગતની જે વાતડી હોજી,
તે મુખે આવી ચડંત—સુ૦ (૩)
કામણ (૨) ગારો પ્યારો પ્રાણથી હોજી, ભેટણ ઉજમ[૪] અંગ
ચંદન (૨) થી અતિ શીતલો હોજી, જગમાં ઉત્તમ સંગ-સુ૦
ત્રિકરણ (૨) શું તુજથી કરયો હોજી, નવલો પ્રેમ પ્રકાશ
દિલભરી (૨) **કાંતિવિજય** તણા હોજી,
પૂરો પ્રેમ-પ્રકાશ—સુ૦ (૫)

卐

## (૫૦૬) (૨૨-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

( પછેડાની—એ દેશી )

બીજા **અજિત**-જિણંદજી રે,
રૂડી અરજ સુણો અરિહંત રે-રસીયા રાજવી રે
હરષનયણે[૧] હેજાળુઆં રે, હવે લાગી લગન અનંત રે-ર૦
રાજવી તું જિનનાથ રે, મેળે[૨]મુગતિનો સાથ રે રસીયા૦
જેહથી તન-મન વેધીઉં[૩] રે,
કહો તે વિણ કેમ સુહાય રે ?—રસિયા૦
લાખીણા[૪] લખ[૫] જો હુવે રે,
પણ તે કોઈ ન આવે દાય[૬] રે—ર૦ (૨)
કારજ સારે આપણા રે, પ્રભુ !
મૂકીયેં કિમ તસ કેડિ રે—ર૦
કરૂણા નયણ નિહાળતાં રે,
તું તો નાંખે કુગતિ ઉખેડી રે—ર૦ (૩)
મન મોટું કરી મોહના રે ! મુને કીજે સેવક પ્રમાણ રે-ર૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માહરે મન એક તું વસ્યો રે,
વાલ્હા ! ભાવિ જાણુ મજાણુ રે—રસિયા૦ (૪)
ચિત-ઠારણ જગજીવનો રે, રૂડા **વિજયા** રાણીના નંદ રે–ર૦
સફળ હોજ્યો અમ વિનતિ રે,
આછા **જિતશત્રુ**નૃપ–કુળચંદ રે—રસિયા૦ (૫)
આશ ધરી મેં તો તાહરી રે,
તું તો મન ઓછું કરેશ રે—રસિય૦
સબળા તુજ સોભાગથી રે,
વારી હું તો સહજે તરેશ રે—રસિયા૦ (૬)
સેવક કહીને બોલાવતાં રે, વાલ્હા દીધી સંપદ કોડી રે–ર૦
**પ્રેમ** વિબુધ સુપસાયથી રે, ઈમ **કાંતિ** કહે કર જોડી રે–ર૦

卐

## (૫૦૭) (૨૨–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**(હાંરે કાંઈ યોવનિયાનો લટકો દહાડા ચાર જો—એ દેશી)**

હાંરે ! પ્રભુ ! **સંભવસ્વામી** ત્રીજા શ્રી જગનાથ જો,
લાગી રે તુજથી દઢ ધર્મની પ્રીતડી રે લો,
હાંરે ! પ્રભુ ! સરસ સુકોમળ સુરતરુ દીધી બાથજો,
જાણ્યું રે સે ભૂખે લીધી સુખડી રે લો૦ (૧)
હાંરે ! પ્રભુ ! સકળ ગુણે કરી ગિરૂઓ તુંહી જ એકજો,
દીઠો રે મન–મીઠો ઈઠો[1] રાજીઓ રે લો,
હાંરે ! પ્રભુ ! તુજશ્યું મિલતાં સાચો મુજશ્યું વિવેકજો,
હું તો રે ધણીઆતો થઈને ગાજીઓ રે લો૦ (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે ! પ્રભુ ! નહિ છે માહરે હવે કેહની પરવાહજો,
જોતાં રે સાહી[2] મુજ હેજે બાંહડી રે લો,
હાંરે ! પ્રભુ ! તુજ પાસેથી અળગો ન રહું નાહજો,
દોડેરે કુણ તાવડ[3] છાંડી છાંહડીરે[4] લો. (૩)
હાંરે ! પ્રભુ ! ભાગ્યે લહીયે તુજ સરીખાનો સંગ જો,
આણે રે જમવારે ફિરીફિરી દોહિલો રે લો,
હાંરે ! પ્રભુ ! જોતિ મનોહર ચિંતામણીનો નંગજો,
જોતાં રે કિમે નહી જગમાં સોહિલોરે લો. (૪)
હાંરે! પ્રભુ! ઉતારો મત ચિતડાથી નિજ દાસજો,
ચિંતા રે ચૂરંતાં પ્રભુ! ન કરો ગઈ રે લો
હાંરે ! પ્રભુ ! **પ્રેમ** વધારણ **કાંતિ** તણી અરદાસજો,
ગણતાં રે પોતાનો સવિ લેખે થઈ રે લો૦ (૫)

卐

## (૫૦૮) (૨૨–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

### (મન મધુકર મોહી રહ્યો-એ દેશી)

રાગ ઉદયગિરિ ઉગીઓ, શ્રી **અભિનંદન**[1] સૂર રે,
વિમળદિશા પૂરવ દિશે, અનુભવ-કિરણ પંડૂર[2] રે—રાગ૦(૧)
મોહતિમિર દૂરે છીપે, કંપે ચોર વિભાવ રે;
કુમતિ નિશા નાશે બુરી, વિકસે પદમ[3] સુભાવ[4] રે રા૦
નિજગુણ પરિમલ મહમહે, બોધ–ભમર તિહાં રાચે રે
પરપરિણુતિબંધન મિટે, વિષમ વિષયરજ પાચે[5] રે—રા૦
રાહુ ગ્રહે નવિ રાગ તે, અશુચિ ઘટા નવિ ઢંકે રે
**વિભ્રમ**[6]–વિકલ્પ તારિકા, અતિશયરૂપથી શંકે રે—રા૦(૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્ય અપૂરવ આદિના, અનુપમ એ પ્રભુ આપ રે
**કાંતિ** સકળ નિજ તેજથી, શોષે કાદિમ પાપ રે—રા૦(૫)

卐

## (૫૦૯) (૨૨–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

**(પિઉડા જિનચરણાંરી સેવા, પ્યારિ મુને લાગે—એ દેશી)**

જીવડા ! [તુજ] તજ વિષયાંરી[1] હેવા,[2]
હિયે[3] કયું ન [કરી] જાગે ?
અકળ[4] સરૂપ **સુમતિ**–જિન નિરખ્યો,
અવર શ્યું દિલ કિમ લાગે ?—જીવડા૦
જનમ–મરણ દુખ કાંઈ વિસારી,
પડિઓ દુરગતિ ઠાગે[5]—જીવડા૦
મોહ મહામદ ધારી સૂતો, શિ[6] પરિ થાશ્યે આગે—જી૦
સકળ પદારથ છોડી એકાકી જાઈશ તું તન નાગે[7]–જી૦
પ્રભુ ગુણ મુગતાફળ મનમોદે, ગુંથી ભગતિને ધાગે[8]–જી૦
**પ્રેમ** પ્રકાશન પંચમ જિનની, **કાંતિ** સેવા નિત માગે–જી૦

卐

## (૫૧૦) (૨૨–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

**(ઉંચે ટેંબે દેરડી રે—એ દેશી)**

શ્રી પદ્મપ્રભરાજીઓ રે, અભિનવ શોભાવંત;
મોહન તાજા તેજથી, પ્યારો મુજ હિયડે ભાવંત[1]
જગતગુરૂ ! લૂણાં[2] ઝૂણાં રાજ !
આછો લાગે એ જિનરાજ દીપે ત્રિભુવનનો શિરતાજ
—જગત૦
નિરખત મટકો મુખ તણો રે, અમર[3] ધૂણાવે શીશ

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

ચિરંજીવો ઈમ હેજરશું, ઇંદ્રાણી દે આશીસ—જગત૦
લળીલળી[૪] લખ કરિ લુંછણાં રે, લગન લોભાણા લાખ
રૂપતણી મીઠાસમાં, હું તો વારૂં સાકર દ્રાખ-જગત૦
બાહિર-અંતર ગુણ ભરચો રે, અવગુણનો નહિ લવલેશ,
ઝુંબક[૫] બની મહારાજની, એ આગે છે બીજી પેશ-જગત૦
**પ્રેમ** પ્રસન્ન પ્રભુ દીઠડે રે, દાય ન આવે અન્ય,
**કાંતિ** કહે મુજ આજથી, બિહું નેણ હુઆં ધન્ય ધન્ય—જ૦

卐

## (૫૧૧) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

### ( ઝુબખડાની દેશી )

સકળ સમીહિત[૧] સુરતરૂ રે[૨],
સાતમા સ્વામી **સુપાસ**—જિણેસર સાંભળો
ભગત વચન નિહોરડે[૩] રે, ઉભો કરૂં અરદાસ[૪]—જિણે૦
રાત-દિવસ ભરી ઓળગું[૫] રે, એકતાળી લય લાય-જિણે૦
નાયક નામ ધરાવીને રે, ખબર ન લેતું કાંય—જિણે૦
પોતાવટ[૬] કિમ જાણિરે રે, જો ન જાણે કાંઈ વાત—જિણે૦
નિપટ[૭] નિરાગી થઈ રહ્યા રે,
એ શી તાહરી ઘાત[૮] ?—જિણે૦ (૩)
જે પૂંઠે જે સરજીઆ રે, તેહને તેહની લાજ—જિણે૦
છાંડતાં કિમ છૂટિયે રે, જાણો છો મહારાજ—જિણે૦ (૪)
**પ્રેમ** પ્રકાશો આપણો રે, તો રાખો નિજ પાસ—જિણે૦
**કાંતિવિજય** લહેશ્યો ઘણી રે, લોકોમાં શ્યાબાશ—જિણે૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૧૨) (૨૨-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

(નાનો નાહલોરે—એ દેશી)

શ્રી **ચંદ્રપ્રભ** ચિત્તથીરે, ન રહે અળગો નાહ[૧],
—સ્વામી આઠમો રે
તો પણ પ્રત્યક્ષ[૨] ભેટવા[૩] રે, ન મિટે ચિતની ચાહ[૪]
—સ્વામી૦ (૧)
રંગ[૫]-તરંગ ઉમંગના[૬] રે, લખ આવે લખ જાય—સ્વામી૦
મિલન મનોરથ પંથીઓ રે,
ઝૂકી ઝૂકી ઝોલા ખાય—સ્વામી૦ (૨)
લિખતાં ન ચડે લેખમાં રે, નાવે વચન વિચાર—સ્વામી૦
જેહ માચે તું તે લહેરે, લગનતણો વિવહાર—સ્વામી૦ (૩)
મિલયું મોટા લોકથી રે, તે આભ[૭]ભરવી બાથ—સ્વામી૦
આલંબન[૮] દ્યે દુબલારે, નિપટ ભલા તે નાથ—સ્વામી૦ (૪)
ચંદ્ર-લંછન જિનની ચાકરી રે,
પોહતી **પ્રેમ** પ્રમાણ—સ્વામી૦
**કાંતિવિજય** વાંદતાં રે, વાગ્યાં ગહિર[૯]-નિસાન—સ્વામી૦

卐

## (૫૧૩) (૨૨-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

(માલા કયાં છે રે—એ દેશી)

તાહારી અજબ[૧] શી જોગની મુદ્રા રે, લાગે મુને મીઠી રે
એ તો ટાળે મોહની નિદ્રા રે, પરતક્ષ દીઠી રે
લોકોત્તર શી જોગની મુદ્રા, વાલ્હા મારા–નિરૂપમ આસન સોહે
સરસ રચિત શુકલધ્યાનની ધારે,
સુર-નરનાં મન મોહે રે—લાગે૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિગડામાં રતન સિંહાસન બેસી વાલ્હા૦
ચિહું દિશે ચામર ઢળાવે
અરિહંતપદ પ્રભુતાનો ભોગી,
તો પણ જોગી કહાવે રે—લાગે૦ (૨)
અમૃત ઝરણી મીઠી તુજ વાણી વાલ્હા૦ જેમ આષાઢો ગાજે
કાનમારગ થઈ હિયડે પેસી, સંદેહ મનના ભાજે રે લાગે૦(૩)
કોડિગમે ઉભા દરબારે વાલ્હા૦ જયમંગળ સુર બોલે
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે,
દીસે ઈમ તૃણ તોલે રે—લાગે૦
ભેદ લહું નહિં જોગ[2]જુગતિનો વાલ્હા૦
સુવિધિ જિણંદ! બતાવો
**પ્રેમ** શું **કાંતિ** કહે કરી કરૂણા,
મુજ મન-મંદિર આવો રે—લાગે૦ (૬)

卐

## (૫૧૪) (૨૨-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

( બેડલે ભાર ઘણો છે રાજ—એ દેશી )

**રામાનં**દન પાપ-નિકંદન, **શીતલ** શીતલ-વાણી
બલિહારી લ્યો મોહન! તાહરી, ભાવભગતિ ચિત આંણી૦
મીઠડા મુજ લાગો છો રાજ! તુમ સેવામાં રહેશું,
બાંતે[1] ખિજમતિ કરતાં ખાસી, જે કહિશો તે સહેશું મી૦
મહિમાસાગર દેવ દયાકર, રાજ! રૂચ્યો છો અમને
વિકટી[2]દૂરે કરશ્યો તોહિ, છોડીશું નહિ તુમને-મીઠડા૦
દિલરંજન ખિણ દિલમાં આવી, દૂર રહો છો હટકી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાચત રસભરી લાજ વિરાજે,
　　　　　　　　કહો કિણપરે ઘુંઘટકી ?—મીઠડા૦ (૪)
આલિયમ[3] રૂપથકી તું ન્યારો, માલ્યમ[4] ભવસાગરનો,
આલિમ રહિત મહીતણો નાયક,
　　　　　　　　જાલિમ મુગતિ—નગરનો—મીઠડા૦ (૫)
છેદે દુરિત[5] ભવ-ભય ભેદે, તુજ કરૂણાનો અંશ
**પ્રેમ** સરોવરમાં ઈમ ઝીલે, **કાંતિ** ધવલ ગુણ હંસ. મી૦

卐

## (૫૧૫) (૨૨-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

(ગઢડામે ઝૂલે સહિયાં હાથણિ એ-દેશી )

મનડું તે સહિયાં ! મોરૂ મોહિયું,
　　　　　　　　દેખીને જિનવર શ્રી **શ્રેયાંસ**,
મ્હારે આંગણે[1] ઈહિ સહિયાં ! આંબો મોરિઓ
　　　　　　　　ભાવઠ ભાગી સહિયાં ! **મોરડી**,
　　　　પ્રગટયાં છે પુણ્યના રૂડા અંશ—મ્હારે૦ (૧)
દૂધે તે વૂઠા સહિયાં ! મેહુલા,
　　　　　　　　ફૂલી છે આંગણે મોહનવેલ—મ્હારે૦
અમિયરયું[2] સેંચ્યા સહિયાં ! નયણલાં,
　　　　વધતી છે અમચે[3] ઘર રંગ રેલ—મ્હારે૦ (૨)
સાચો એ સાહિબ સહિયાં ! સેવતાં,
　　　　　　　　મનડાના દેશ્યે રૂડા કોડ—મ્હારે૦
જોતાં ન દીસે સહિયાં ! એહવો,
　　　　બીજો નહી જગમાં ઈહની જોડ—મ્હારે૦ (૩)

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

રાણી **શ્રીવિષ્ણુ** સહિયાં! જનમિઓ,
રાજા **શ્રીવિષ્ણુ**તણો કુળ ભાણ—મ્હારે૦
લંછન તે ખડગી[૪] સહિયાં! જેહને,
વાલ્હો તે જિનવર જગનો ભાણ—મ્હારે૦ (૪)
લાગી હે સહિયાં! પૂરણ પ્રીતડી,
મુખડાથી તે તો ન કહેવાય—મ્હારે૦
રંગે હે સહિયાં! જિનને વાંદતાં,
પ્રેમે હે **કાંતિવિજય** સુખ થાય—મ્હારે૦ (૫)

卐

## (૫૧૬) (૨૨-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન

( વિઝાસેણ મારૂ—એ દેશી )

મોહનજી હો! ગુણ બહુલા બુધ[૧] થોડલી હો સાહિબા,
કિમ કરી કરૂં રે પ્રકાશ—
રાય નીકા[૨]સેંણ[૩]મ્હારા ભુજબળ તરવા સાયરૂરે સા૦,
માંડયો મેં એહવો પ્રયાસ—રાય૦ (૧)
ચંદ્રકિરણ કરસ્યું ગ્રહીરે સા૦,ચાહું હું ચઢણ આકાશ-રાય૦
સુરગિરિ તોલણ ગાજૂયે હો, સા૦
બાંધ્યો એ બાળવિલાસ-રાય૦ (૨)
થોડાહિ તુજ ગુણ ભાખતાં હો સા૦,
મુજ મનવંછિત થાય—રાય૦
ગજભોજનના અંશથી હો સા૦,
કીડીના ઉદર ભરાય—રાય૦ (૩)
ઓળગડી ગિરૂઆ તણી હો સા૦,નિષ્ફળ કદી હી ન થાય-રાય.
તૃણ વળગ્યા જે મેરૂને હો સા૦ તે પણ કનક કહાય—રાય૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રેમમગન** મન માહરૂં હો—સા૦,
**શ્રીવસુપૂજય** સુત ધ્યાન —રાય૦
**કાંતિ** વદે કીધો ઘણો હો સા૦, ભગતિ સુધારસ પાન—રાય૦

卐

## (૫૧૭) (૨૨–૧૩) શ્રી વિમલનાથ–જિત સ્તવન

**( ઉધોજી કહીસો બહુરિ–એ દેશી )**

પ્રભુજી ! મુજ અવગુણ **મત** દેખો !
રાગ—દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાલું,
દ્વેષરહિત તું સમતાભીનો, દ્વેષમારગ હું ચાલું–પ્રભુજી૦
મોહ લેશ ફરશ્યો નહિ તુમહિ, મોહલગન મુજ પ્યારી
તું અકલંકી કલંકિત હું તો, એ પણ રહિણી ન્યારી–પ્ર૦
તુંહિ નિરાશ–ભાવ પદ સાધે, હું આશા સંગ વિલુધો,
તું નિશ્ચલ હું ચલ તું સૂધો, હું આચરણે ઉંધો–પ્ર૦
તુજ સ્વભાવથી અવળા માહરા, ચરિત્ર સકળ જગેં જાણ્યા
ભારેખમાં[1] પ્રભુને તે કહેતાં, ન ઘટે મુંહઢે આણ્યા–પ્ર૦
**પ્રેમ** નવલ જો હોયેં સવાઈ, **વિમલનાથ** મુખ આગે
**કાંતિ** કહે ભવરાન ઉતરતાં, તો વેળા નવિ લાગે–પ્ર૦

卐

## (૫૧૮) (૨૨–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**(ઉંબરીઓને ગાજે હો ભટીઆણી રાણી વડ ચૂએ-એ દેશી)**

ઓળગડી ચિત આંણો હો મત જાણો સેવક પારકા,
ચાહો ન કાં ચિત ચાલ હોવે વલી કાંઈ કિણો હો,
મન ઝીણો પીણો જો મોહ રે, તો જોવો નયણ નિહાળ–ઓ૦
કરિ તો શું એકતારી હો બલિહારી તુજ ધારિ રહું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશાયેં અનુકૂળ, ઈમ કેતા દિન જાશે હો
કિમ થાશ્યે કામ ઉવેખતાં, કાંઈક કરશ્યો શૂળ—ઓ૦
મનડાને સમજાવું હો ભરમાવું કિહાં લગે ભોળવી,
ત્યાં તું થાયેં અધીર આતુર તે અકુલાતે હો
મુખવાતે કિમ કરી રિઝાવિયેં,
જિમ તરસ્યો[1] વિણ નીર—ઓ૦
સેવામાં કાંઈ ખામી હો હોયેં સ્વામી તે દેખાડતાં,
લાજ ન કરશ્યો કાંય વ્યવહારે જે વાચી હો
કિમ કાચી વાત વેર[2] પડે, સાચીહી ઠહરાય—ઓ૦
વિનતડી ચિત સાચી હો પ્રભુ ! સાહી[3] **પ્રેમે** છાંહડી,
વિકસ્યા વંછિતકોડ ચઉદશમા જિન આગે હો
અતિ રાગે **કાંતિવિજય** કહે, ભગતેં બે કર જોડ—ઓ૦

卐

## (૫૧૯) (૨૨-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

(દેશી—રશીયાની)

**ધર્મજનેસર** મુજ મનડે વસ્યો,
રાગ ઉમંગેરે અંગ—સાહિબજી
કાળે પલટે હો રંગ પતંગનો[1],
ચોળનો[2] ન લહેરે ભંગ—સા૦ ધરમ૦ (૧)
લાખ ગમે દીઠા સુર અભિનવા,
તેહથી ન રાચે રે ચિત્ત—સા૦
માઝી[3] અંતરગતિનો તું મિળ્યો,
મનમાનીતારે મિત્ત—સા૦ ધરમ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભારે વાધે બહુ મોહની, વીસાર્યો કિમ જાય સા૦
સંચરતાં ફિરતાં મુજ હિયલડે,
　　　　ખિણ-ખિણ બેસેરે આય-સા૦ ધરમ૦ (૩)
જીવન તો વિણ જંપ ન જીવને,
　　　　　　આતમ તુજ ગુણ લીન સા૦
તપી-તપી કલપે તલફે જીવડો,
　　　　અલ્પ-જળેં જિમ મીન-સા૦ ધરમ૦ (૪)
**પ્રેમ** સંભાળી ટાળી આમળો, વાતલડી ધરી કાન-સા૦
**કાંતિ** કહે કરૂણાનિધિ કરી કૃપા,
　　　　　સેવકને સનમાન૦—સા૦ ધરમ૦ (૫)

卐

## (૫૨૦) (૨૨-૨૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(માહારાજ અજિત થાંશું રંગ છે જી રાજ એ-દેશી)

મેરા **શાંતિજિણંદ**! થાસ્યું રંગ છે જી રાજ!
પ્રભુ ચરણકમલ સેવામાં રંગ છે જી રાજ!
થારી ખિજમતીમાંહી ઉમંગ છે જી રાજ—મેરા૦
પ્રભુજી વિરાજે સહજ મહેલમેં,
　　　કરી દૃઢ જ્ઞાન દુરંગ છે જી રાજ—મેરા૦ (૧)
અ[1]-લેખ અ[2]-વેધ્યને કીધો પ્રસંગી,
　　તું પ્રભુ યદ્યપિ અનંગ છે જી રાજ—મેરા૦
ધ્યાનધારા તુજ જ્યોતિ દીપકની,
　તિહાં પાતિક પંક્તિપતંગ[3] છે જી રાજ—મેરા૦ (૨)
અમ મન લોભી ભૃંગ સમાનો,
　　　　　પ્રભુ ગુણ ફૂલ્યો કુણ છે જી રાજ૦

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

ભગતવછલ તું કરૂણાસિંધુ,
ભક્તોની ભક્તિ સુગંગ છે જી રાજ—મેરા૦ (૩)
જગતજનેતા શરણે રાખો,
જિમ રાખ્યો ચરણે કુરંગ છે જી રાજ—મેરા૦
**પ્રેમ** પ્રસન્ન પ્રભુ **કાંતિ** કહે મેં,
શીશ ધરયો એ ઉછંગ છે જી રાજ—મેરા૦ (૪)

卐

## (૫૨૧) (૨૨–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

**( કઠિન વચનકી પ્રીત—એ દેશી )**

કઠિન ભગતકી પ્રીત, હેરિઓ![1] કરિ સોઈ જાણે—કઠિન૦
લાખ જંજાળ ભગતિ કરનમેં, ઓછી ન આવે ચિત્ત–હેરીઓ૦
છિન છિન ખબર પરે નહિ ઘટકી, તાસેં રહે ચિત્ત ભીતા હે૦
ભગતીલગન મોં મનમાં બેઠી, જયું રાઘવમન સીતા—હે૦
જૈસી તૈસી મેરી ભગતિ ઉગનકું, માનિ લે મોહન મિત્ત-હે૦
**પ્રેમશું કાંતિ** કલાકું જગાવે, કુંથુભગતિ રસપ્રીત—હે૦

卐

## (૫૨૨) (૨૨–૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

**( તટ જમુનાનો રે અતિ રળીઆમણો રે-એ દેશી )**

કાગળ તુનેરે કીમ કરી મોકલૂં રે,
લીખતાં કિમહી ન આવે દાય
અગન–સુભાવે રે વરતે જોગને રે,
ત્રિણ ગુણ ગુહિર ન કળિયો જાય—કાગળ૦
ત્રિભુવન માંહેરે નહી કો ઉપમારે, જેહથી જોડું તુજ શોભાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાગ[1] ન દીસેરે જિહાં ખગમગ્ગનોરેર,
આગળ તિહાં કિમ લાગે લાગ—કાગળ૦
અંજન નાહીરે જેહના રૂપમાં રે. તે અંજમાં આંવે કેમ.
વ્યંજન તોહીરે વ્યંજન વર્ણમાં રે,
ન ચઢે નિરવ્યંજન થઈ તેમ—કાગળ૦
ઉગતિ[3]ઉપાઈ રે શુદ્ધ સુભાવની રે, રીઝવશ્યું દૂરાંથી નાથ.
જેહથી જમાવે રે તે હની સાધના રે,
રૂડે તે વિધિ કરીયેં હાથ—કાગળ૦
**અરજિન** જાણો રે **પ્રેમ** જો સાચીલો રે,
તો મુજને મૂકો ન વિસાર
**કાંતિ** પનોતેરે સેવક સ્વામીનો,વારૂ જગ સાચો વ્યવહાર–કા૦

卐

## (૫૨૩) (૨૨–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

**( કાંન સિધાવો વૃંદાવનકો–એ દેશી )**

સંજમ લેવા **મલ્લિ** ઉમાહ્યો, મિત્રમિલ્યા ખટ આય
પૂરવપ્રીતિ સંભાળોજી
તારો અમને સ્વામી; કરૂણાનયણ નિહાળોજી—તા૦
કુગતિ પડતાં પાળોજી, તારો૦ સેવાથી મત ટાળોજી તારો૦
આયુ સિધાવે પલ પલ પ્રભુજી,
યૌવન દોડયો જાય પૂરવ૦ કુગતિ૦ સેવા૦ (૧)
અથિર કુટંબ એ સુપન સરીખો, જાતાં નહીં કાંઈ વાર
જનમ-મરણથી ઈણ સંસારે,
નહિ કોઈ રાખણહાર— પૂરવ૦ કુગતિ૦ સેવા૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્ર દેઈ અમ સેવકને, તારો જી જગનાથ,
સ્વામી સલૂંણો હિત શિક્ષા ક્યું,
ઘે દીક્ષા નિજ હાથ—પૂરવ. કુગતિ૰ સેવા૰ (૩)
મુગતિવધૂના ભોગી કીધા, ભગતિવછલ તે તેહ
આજ અમારે વારે કીહાંથી,
આવી ગાઢિમ[૧] એહ—પૂરવ૰ કુગતિ૰ સેવા૰ (૪)
સમદરશીને કરવી ન ઘટે, ભિન્નપણાની[૨] ઠેઠ[૩]
**પ્રેમેં** પ્રકાશી **કાંતિના** સ્વામી,
તારિશ તુંહિજ નેટ[૪]—પૂરવ૰ કુગતિ૰ સેવા૰ (૫)

卐

## (૫૨૪) (૨૨–૨૦) શ્રી મુનિ સુવ્રતસ્વામી–જિન સ્તવન

**( મદનેશ્વર મુખ બોલ્યો ત્રટકી–એ દેશી )**

ગુણ બોલંતાં જો નવિ ભીંજે, તો ઉલંભડે મત ખીજે હે,
સસનેહી રે સુંદર.
**મુનિસુવ્રત** મુજ રાખીલે, બક્ષ્યો હોયેં કાંઈ આજ લગેજી
તે સંભાળી લીજે હે, સસનેહી રે જિનવર,
ગુણ કીધા તે ભાખીને—મુનિ૰ (૧)
પ્રભુતા[૧] ધારી પીડ ન જાણે,
મુજ મહીનત મન નાણે હે—સ૰ મુનિવર
દાનતણો અવસર પામીને,
દિનદિન આઘા તાણેહે—સસ૰ મુનિ૰ (૨)
આરાધું અહનિશ એક ધ્યાને,
ત્યાં તું નયણ ન જોડે હે—સસ૰ મુનિ૰

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ અસવાર ન જાણે પંથે,
યદ્યપિ તુરંગમ દોરે હે—સસ૦ મુનિ૦ (૩)
મોટા જનથી માંડી જોરો,
કિમ લીજીયેં તે તાણી હે—સસ૦ સુનિ૦
કુંજર કાન ગ્રહયો કિમ આવે,
રહિયેં ઈમ મન જાણી હે—સસ૦ મુનિ૦ (૪)
**પ્રેમ**પ્રતીત અછે જો સાચી,
તો બાજી નહિં કાચી હે—સસ૦ મુનિ૦
**કાંતિ**ચરિત મુજ જલધર સરીખા,
કરત પલકમાં અજાચી[2] હે—સસ૦ મુનિ૦ (૫)

卐

## (૫૨૫) (૨૨–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

(દેશી—ઘડુલાની)

વિષમ વિષયની વાસના હે! સ્વામી!
લાગે અમૃતસી મોહી હે
શિવગામી સ્વામી! ભવોદધિહાં-સાહિબ!
ભવોદધિ કેમ તરશ્યાં-હો રાજ!
પરિણતિ વિરૂઈ[1] મોહની હે! સ્વામી!
મોને રુચે છે તોહી હે—શિવ૦ ભવો૦ (૧)
ક્રોધ ઉપાધે હું રહું હે સ્વામી!
માન અનલશ્યું[2] પ્રીતી હે—શિવ૦ ભવો૦
માયા દાસી વાલહી[3] હે સ્વામી,
લોભની લાગી રીતિ હે—શિવ૦ ભવો૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનમ-જરાની પીડના[૪] હે! સ્વામી!
તેહથી ન બીહું કાંઈ હે—શિવ૦ ભવો૦
સમક્તિ સરિખી સુખડી હે! સ્વામી!
તે પિણ નાવે દાય[૫] હે—શિવ૦ ભવો૦ (૩)
પરમ સુધાની નાળિકા[૬] હે! સ્વામી!
આગમ તે ન સુહાય હે—શિવ૦ ભવો૦
વિકલ્પ-ભાવની કલ્પના હે! સ્વામી!
તો પણ દૂરે ન જાય હે—શિવ૦ ભવો૦ (૪)
ઢંગ એંસા માહારા હે! સ્વામી!
આવે કહેતાં લાજ હે—શિવ૦ ભવો૦
નામ ધરાવું તાહરૂં હે! સ્વામી!
આ એતલું તે મુજ સાજ હે—શિવ૦ ભવો૦ (૫)
સેવક જાણી આપણો હે! સ્વામી!
તારીશ તુંહિજ એક હે—શિવ૦ ભવો૦
અવગુણ ન જુએ આદિથી હે! સ્વામી!
મોટાની મોટી ટેક હે—શિવ૦ ભવો૦ (૬)
**પ્રેમ** પ્રમાણે પાળજ્યો હે! સ્વામી!
જાણીને ખાસા દાસ હે—શિવ૦ ભવો૦
**કાંતિ** કહે **નમિનાથજી** હે! સ્વામી!
હોજ્યો તુમ પદ વાસ હે—શિવ૦ ભવો૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૨૬) (૨૨–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

**(સાહિબા રે માહરા રાજિંદ કબ ઘરિ આવે રે-એ દેશી)**

કાળી ને પીળી વાદળી રાજિંદ! વરશે મહેલા શાર લાગ
**રાજુલ** ભીંજે નેહલે રાજિંદ! પિઉ ભીંજે વેરાગ–બા૦
મારો પ્રીતમ ચિત્ત ચઢી આવે રે, મોડે શું બોલિ–બા૦

જલધર[1] પીઉને સંગમે રાજિંદ! વીજ[2] ઝકોલા ખાય
ઈણ રીત મારો સાહિબો રાજિંદ! મુજને છોડી જાય–બા૦
મોહલ ચુવે નદિયાં વહે, રા૦ મોર કરે કલલાટ
ભર પાઉસમાં[3] પદમિની[4] રા૦ જોવે જોવે પિઉની વાટ–બા૦

અવગુણ[5] વિણ નાહિં કર્યો રા૦, અબળા માથે રોસ
તોરણથી પાછા વળ્યા રા૦ પશુઆં ચઢાવી દોષ—બા૦
મૂળ[6] થકી જો જાણતી રા૦, પિઉ લૂખો મન માંહિ
લાજ તજીને રાખતી રા૦, પ્રીતમનો કર સાંહી[7]—બા૦

નાહ સલૂણો ભોળવ્યો રા૦, મુગતિ ધૂતારી નાર
ફીરી પાછો જોવે નહિ રા૦,
મૂકી મુજને વિસાર—બાપીડારે૦
**રાજુલ** રાતી પ્રેમશું રા૦, પોહતી ગઢ ગિરનાર
સંયમ લેઈ મુગતે ગઈ રા૦
**કાંતિ** નમે વારંવાર—બાપીડારે૦ (૭)

卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૨૭) (૨૨-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(કાંઈ પાજ્યો પાજ્યો રે ગુસાઈ માને તુંબીના રામ રસ પાજ્યો-એ દેશી)**

કાંઈ જોજ્યો ! કાંઈ જોજ્યો રે, **સ્વામી** મુને નેહભર જોજ્યો
મુજરો લ્યો કે **પાસ**-જિણંદા, ટાળીજે ભવફેરો રે
—સ્વામી૦ (૧)
મોહન મોહરસે લલચાણો,
જ્યું મૃગ રાગરચું[1] ઘેર્યો રે—સ્વામી૦ (૨)
સાચી સેવા રેવારંગી[2], આયો જ્યું ગજ નેડો[3] રે
—સ્વામી૦ (૩)
મેં મન દીધો હાથ તિહાં રે,
યે નહિ દિલ પ્રભુ કેરો રે—સ્વામી૦ (૪)
જીવન સૂરતી દેખી રસીલી, મન હરષિત હોઈ મેરો રે
—સ્વામી૦ (૫)
આઠે કરમકી ગાંઠ છિનકમેં, ચુંપે[4]ચતુર ઉદવેરો રે
—સ્વામી૦ (૬)
**પ્રેમ** વિબુધનો **કાંતિ** કહે હું, ભવ ભવ સેવક તેરો રે
—સ્વામી૦ (૭)

卐

## (૫૨૮) (૨૨-૨૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

**(ઢાલ સાલુડાની-એ દેશી)**

**વીરજી!** ઉભો મદ મોડી, બે કર જોડી અરજ કરૂં રે લો
માહારા વીર પીઆરા રે લો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરજી! રાજેસર રાણા, આણા તાહરી શીર ધરૂં રે લો
—માહરા૦ (૧)
વીરજી! મીઠલડે વયણે નયણે,
ઈણ રાચી રહું રે લો—માહરા૦
વીરજી! વાતો મનરૂપની સુખની,
તુજ આગે કહું રે લો—માહરા૦ (૨)
વીરજી! પિતૃ પરલોકે ગયા,
તિણ શોકે દીહા[1] ગમું રે લો—માહરા૦
વીરજી! ચિંતાતુર નિત મો ચિત્તમાં,
જિમ સૂનો ભમું રે લો—માહરા૦ (૩)
વીરજી! તુજ વિરહે મોટિકાં, વળી છેહ દેઈ રે લો—માહરા૦
વીરજી! સંજમ જો લેશો દેશ્યો,
ગુંબડ ખાર તેઈ રે લો—માહરા૦ (૪)
વીરજી! ભોજન નવિ ભાવે થાવે,
અતિ આસંગળો રે લો—માહરા૦
વીરજી! નિંદરડી નાવે ધ્યાવે,
મન ઉધાંધલોરે લો—માહરા૦ (૫)
વીરજી! છાતીમાં ઘાતી[2]કાતી[3],જેણે સારનીરે લો—માહરા૦
વીરજી! પીડા વિણ વાગે લાગે,
મોટી મારનીરે લો—માહરા૦ (૬)
વીરજી! વેદન નવિ જાણે ટાણે,
આણે કઠીન હિયોરે લો--માહરા૦
વીરજી! થાયો કરૂણાળા વાલ્હા,
મત ના મૂકી દિયોરે લો—માહરા૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વીરજી!** વિનવ્યા ઈમ આઈ ભાઈ,
ભાઈ **નંદીવરધનેરે** લો—માહરા૦
**વીરજી!** ભીના નહિ મનશું ઘનશું,
પોખે જગતનેરે લો—માહરા૦ (૮)
**વીરજી!** ચારિત્ર લેશ્યું મેં પાંમી,
અવસર આપણોરે લો—માહરા૦
**વીરજી!** કેવળ લહી સીધો લીધો,
સાશ્વત સુખ ઘણારે લો—માહરા૦ (૯)
**વીરજી!** **પ્રેમે** જે ધ્યાવે ગાવે,
જિનગુણ આદરીરે લો—માહરા૦
**વીરજી!** **કાંતિવિજય** જયબાળા,
માળાને વરી રે લો—માહરા૦ (૧૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી કાંતિવિજયજી મહારાજ

## કૃત

## સ્તવન–ચોવીશી

## કઠિન શબ્દોના અર્થો

**સ્તવન ૨૨-૧**

૧. વ્હાલો ૨. ચહેરો ૩. સ્થાન ૪. ઉમંગવાળું

**સ્તવન ૨૨-૨**

૧. હર્ષવાળાં નેત્રો ૨. મેળવી આપે ૩. એકાકાર થયું ૪. સારા ૫. ગમે તેટલા ૬. અનુરૂપ

**સ્તવન ૨૨-૩**

૧. વ્હાલો ૨. પકડો ૩. તડકો ૪. છાંયડો

**સ્તવન ૨૨-૪**

૧. સૂર્ય ૨. નિર્મલ ૩. કમલ ૪. સારા પરિણામ ૫. દબાય ૬. જાત જાતના અશુભ સંકલ્પો, રૂપ-તારાઓ

**સ્તવન ૨૨-૫**

૧. વિષયોની ૨. ટેવ ૩. ભક્ત કહે છે કે–આત્મન્! તું હૈયામાં કેમ જાણતો નથી! (પ્રથમ ગાથાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી લીટીનો અર્થ) ૪. ન સમજાય તેવું ૫. રસ્તે ૬. શી રીતે ૭. વસ્ત્ર રહિતપણે ૮. તાંતણે=દોરાથી

સ્તવન ૨૨-૬

૧. સારો લાગે ૨. દેશી શબ્દ છે ભાવાર્થ એમ લાગે છે કે- તમારા તરફ ખેંચાઈને ૩. દેવો ૪. વારંવાર ઝૂકી ઝૂકીને લાખ લૂંછણાં કરું છું. વળી, લગન=વૃત્તિથી લાખો લોભાયા છે. (ત્રીજી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) ૫. અત્યંત પ્રેમી

સ્તવન ૨૨-૭

૧. ઇષ્ટ ૨. કલ્પવૃક્ષ ૩. કાલાવાલાથી ૪. વિનતિ ૫. સેવા કરું ૬. આપણાપણું ૭. સાવ ૮. રીત

સ્તવન ૨૨-૮

૧. નાથ-સ્વામી ૨. રૂબરૂ ૩. મળવા ૪. ઇચ્છા ૫. જાતજાતના વિકલ્પો ૬. હર્ષના ૭. આકાશ સાથે ૮. દુબલાને જે આલંબન દે-આપે, તે જ ખરેખર સાચા નાથ કહેવાય, (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૯. ગંભીર=જોરદાર

સ્તવન ૨૨-૯

૧. અપૂર્વ ૨. યોગની રીતિ=નીતિનો

સ્તવન ૨૨-૧૦

૧. ખંતપૂર્વક ૨. આપત્તિ ૩. જગતના ૪. વહાણનો કપ્તાન ૫. પાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૨-૧૧**

૧. અહીં ૨. અમૃતથી ૩. અમારા ૪.

**સ્તવન ૨૨-૧૨**

૧. બુદ્ધિ ૨. સારા ૩. સજ્જન

**સ્તવન ૨૨-૧૩**

૧. "એવા અવગુણ મુજ અતિભારી" આવો પાઠ પણ મળે છે

**સ્તવન ૨૨-૧૪**

૧. તૃષાતુર ૨. ઠેકાણે ૩. લીધી

**સ્તવન ૨૨-૧૫**

૧. હળદરનો ૨. મજીઠ (વાટેલી)નો ૩. સાથી

**સ્તવન ૨૨-૧૬**

૧. ન લખી શકાય ૨. ન વીંધી શકાય ૩. પતંગિયાની જેવા

**સ્તવન ૨૨-૧૭**

૧. ખરેખર

**સ્તવન ૨૨-૧૮**

૧. છેડો ૨. આકાશમાર્ગનો ૩. યુક્તિ

**સ્તવન ૨૨-૧૯**

૧. કડકાઈ ૨. જુદાપણાથી ૩. નજર ૪. છેવટે

**સ્તવન ૨૨-૨૦**

૧. મોટાઈવાળા ૨. માંગવું ન પડે તેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૨-૨૧**

૧. ખરાબ ૨. અગ્નિથી ૩. પ્યારી ૪. પીડા ૫. અનુરૂપ ૬. નાળ

**સ્તવન ૨૨-૨૨**

૧. મેઘ ૨. વીજળી ૩ વરસાદમાં ૪. ઉત્તમ સ્ત્રી ૫. દોષ=વાંક ૬. પહેલેથી

**સ્તવન ૨૨-૨૩**

૧. કસ્તુરીના રાગથી ૨. રેવા નદીનો ઉત્કટ પ્રેમ ૩. પાસે ૪. કાપે

**સ્તવન ૨૨-૨૪**

૧. દિવસ ૨. નાંખી ૩. કટાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री न्यायसागरजी

कृत

स्तवन–चोवीशी

## (પ૨૯) (૨૩–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

પ્રભુ ! તાહરી સૂરતિ[1] મેં ધરી ધ્યાનમાં !
ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં રે—પ્રભુ૰

વૃષભ–લંછન જિન **વિનીતા** વાસી,
પણશત[2] ધનુ તનુ–માનમાં—પ્રભુ૰

જગ ઉરણુ[3] સવિ કીધો તેં તો,
ધન વરસી વરસીદાનમાં—પ્રભુ૰ (૨)

**નાભિ**રાયા કુળ મંડન ગાઉં, **મરૂદેવી**સુત ગાનમાં—પ્રભુ૰
ચરણોત્સવ[4] ઈંદ્રાદિક સારે, શ્રીજિન એસે જાનમાં[5]–પ્ર૰
ગીત–ગાન પ્રભુ આગે નાચે, સાચે રાચે તાનમાં—પ્રભુ૰
પંચ મહાવ્રત લેવા અવસર, સમજાવે સુર સાનમાં–પ્રભુ૰
**ન્યાયસાગર** પ્રભુ સેવક માચે, વાણી અમૃત–પાનમાં–પ્ર૰

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૩૦) (૨૩-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

### (નીલીપીલી પામરી નં-એ દેશી)

**વિજયાનંદન** સાહિબ વંદો, ભાવ ભવિયા આણી
ગજલંછન કંચનવાન કાયા, ચિત્ત ધારું આણી
ઝબક[1] જોર[2] બની છે રે, સાંઈ[3]જોર[4] ગુણી છે —(૧)
કેશર ઘોર[5] ઘસી શુચિ ચંદન, લેઈ વસ્તુ ઉદાર
અંગી ચંગી[6] અવલ[7]બનાઈ, મેલવી ઘનસાર[8]—ઝ૦ (૨)
જાઈ જુઈ ચંપક મરૂઓ, કેતકી મચકુંદ
બોલસિરી વર દમણો આણી, પૂજીયેં જિણંદ—ઝ૦ (૩)
મસ્તક મુગટ પ્રગટ વિરાજે, હાર હિયેં સાર
કાને કુંડલ સૂરજમંડલ, જાણીયેં મનુહાર[9] —ઝ૦ (૪)
દ્રવ્યસ્તવ ઈમ પૂરણ વિરચી, ભાવો ભાવ ઉદાર
અલખ નિરંજન જન-મનરંજન, પૂજતાં ભવપાર —ઝ૦
**ચિદાનંદ** પૂરણ ગુણ-પાવન, **ન્યાયસાગર** ઈશ
પરમ પુરૂષ પરમાતમ્ નિરમલ-ધ્યાઇયેં જગદીશ—ઝ૦(૬)

卐

## (૫૩૧) (૨૩-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

### (દ્વારિકામાં રાજ કરે રણછોડ-એ દેશી)

**સંભવ**જિન મનમંદિર તેડી, સકળ દેવ શિર[1] મોડી
ભાવ પૂજા નિત કરો કર જોડી (૧)
શમરસ ગંગા-જળ નવરાવો, ભાવ તણિ નહિ ખોડિ-ભા૦
ભક્તિરાગ કેશર થઈ સુખડ, ઓરસીઓ મન મોડિ-ભા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન સુગંધ-કુસુમેં પૂજો, ટાળી નિજ મન દોડિ-ભાવ૦
ધૂપ રૂપ જિનકો ઘટ વાસો, દૂર ટળે દુઃખ જોડિ-ભાવ૦
મહાનંદ ઘૃત મન વર્તિ,[૨] ભક્તિ થાળમાં છોડિ—ભાવ૦
જ્ઞાનપ્રદીપ જગાવી જો તે, આરાત્રિક કર જોડિ—ભાવ૦
ઇણિપરે પૂજા કરી જિનજીકી, કાઢે મિથ્યા ખોડી—ભાવ૦
**ન્યાયસાગર** પ્રભુ **સુયશ** મહોદય, વાધે હોડાહોડી-ભા૦

卐

## (૫૩૨) (૨૩–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

જૈનકો મારગ મસ્ત હે, સુણો અરથી[૧] લોકો
અડદશ[૨] દૂષણ વર્જિત દેવા,
**અભિનંદન** વર ધન્ન હૈ—સુણો૦ (૧)
દુવિધ પરિગ્રહ ન ધરે કબહું,
ગુરૂ[૩] કાંતિ શોભિત તન્ન હૈ—સુણો૦ (૨)
ખંત્યાદિક દશ ગુણ શુચિ દેહા,
ધર્મ ભુવનમેં મન્ન હૈ—સુણો૦ (૩)
મિથ્યામતિ નિત હિંસામયલો,[૪]
દૂર તજ્યો જ્યું સન્ન[૫] હૈ—સુણો૦ (૪)
શુદ્ધધરમ તેરોહી જ સાચો,
જગ ઉપમ નહિ અન્ન હૈ—સુણો૦ (૫)
**ન્યાયસાગર** પ્રભુ ભગતે શકતિ,
દિન દિન વધતે વન્ન હૈ—સુણો૦ (૬)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૩૩) (૨૩-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(કોઈ મોરલીવાળો બતાવે રે નાગર નંદના રે—એ દેશી)

કોઈ **સુમતિ** સુધારસ પાવે રે, આતમ-સોહનાં રે
ભવિ પડિબોહનાં રે, ભવિઆનંદનાં રે; શીતલચંદના રે-કો૦
પરમ-નિરંજન દરશન પાવે. મુગતિ-વધૂ વર થાવે રે-આ૦
**મેઘ**-નૃપતિ-સુત અપ્સર ગાવે,
સુરપતિ મળિય વધાવે રે—આતમ૦ (૨)
વિષય-કષાયે કલુષિત[1] પર[2] સુર,
તેહસ્યું કિમ દિલ ભાવે રે?—આતમ૦ (૩)
અખય ખજાનો તાહરો જગમાં,
તું દીપે વડ દાવે રે—આતમ૦ (૪)
**ન્યાયસાગર** પ્રભુ પદ[3]-કજ-સેવા,
જ્યોતિશું જ્યોતિ મિલાવે રે—આતમ૦ (૫)

卐

## (૫૩૪) (૨૩-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

(છપ્પો રાગ કાફી—રાગિણી પંજાબી)

અરે બોલ! તું નિમાણાં, અપણા પ્યારે માલ ખોલ—(૩)
દંસણ નાણ ચરણ બહુ મૂલે,
રયણ હુયે સો બોલ—(૩)—નિ૦ (૧)
ખરિદાર ખાસી હૈ દુનિયાં, મુક્તિ લહેદા મોલ—(૩)—નિ૦
બીચ દલાલ સાંઈ હે વેગેં, **પદ્મપ્રભ** નહિ તોલ—(૩)—નિ૦
નરભવ નિરૂપમ શહેર વડા હૈ,
યાહિં મુગતિકી મોલ—(૩)—નિ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ન્યાયસાગર** પ્રભુ પદકંજ સેવા,
રંગે રાતો ચોલ—(૩)—નિ૦ (૫)

卐

## (૫૩૫) (૨૩-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(ચાલ્યોજા પાધરીવાટે રોકે છે શ્યાને માટે—એ દેશી)**

સાંભળો સ્વામી રે ! મીઠડા મોહન ! દાસ સાથે શ્યો ભેદ ?
એકને આપશ્યો સિદ્ધને સિદ્ધિ, એકને કાઢશ્યો ખેદ (૧)
આપોને પાધરી[1] વાતે, સ્વામીને આવશે ધાતે[2] રે
આખર તો આપશ્યો જોરે[3],
આવે છે ચિતડે મોરેરે—આપો૦ (૨)
સરવને સારિખા પરખી[4] ભાળો, આકરી ચાકરી સ્વામી
ચાકરી વાળો ચિત્તડે ઘાલો,
રાખવું તેહનું નામ—આપો૦ (૩)
એક તો આકરી ચાકરી વાળો, દ્રવ્યથી ભાવથી ગૌણ
એક તો સાવથી ભાવથી ઉંચો, મૂકશ્યો રાખશ્યો કોણ—આપો૦
એકલી દ્રવ્યની ચાકરી સારૂ, ભાખરી પાવશ્યો મોલે
દ્રવ્યના ભાવથી ચાકરીવાળો,
આવશ્યે આપ શે તોલે ?—આપો૦ (૫)
સાથ લે સાથીઓ હાથીઓ ચાલે, હેમને રૂચડે વાન
**ન્યાયસાગર** પ્રભુ દાસને વહિલું,
દીજીયે મુક્તિ દાન—આપો૦ (૬)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૩૬) (૨૩–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**(નયણ મટકડે બાઉલો ચોગી દારૂડા પિલાવે-એ દેશી)**

નયણ[૧]–મટકડે મીઠડો વાહલો દીઠલો[૨] સુહાવે
મેરા સ્વામી સાધુ નામ વિશ્વમેં ધરાવે,
તીન લોક લચ્છીઆ ત્રિગડે દિખાવે—નયણ૦ (૧)
વીતરાગ રાગ બિરૂદસેં મિલાવે;
સેવે[૩] તાસ મોક્ષવાસ ઓરકું ઝૂલાવે—નયણ૦ (૨)
લોક લાખ બોલે ભાખ એકલો કહાવે;
અણહુંતે એક કોડિ દેવ દોડી આવે—નયણ૦ (૩)
તું અ–નાથ વિશ્વનાથ સંપદા ચલાવે;
તું અનેક રૂપ એક જોગસેં જગાવે—નયણ૦ (૪)
તું અલીહ[૪] તું અણીહ[૫] કૌન ભેદ પાવે,
ન્યાય પૌન[૬]ચંદ્ર જ્યૌતિ જ્યૌતિસોં મિલાવે—નયણ૦ (૫)

卐

## (૫૩૭) (૨૩–૯) શ્રી સુવિધિનાથ–જિન સ્તવન

**(શેત્રુંજાનો વાસી પ્યારો લાગે માહરા રાજિંદા-એ દેશી)**

દરશનીયાનો[૧] સ્વામી પ્યારો લાગે મ્હારા રાજિંદા
તુંહી જ બ્રહ્મા **બ્રાહ્મણ** જાણે, **વૈષ્ણવ** વિષ્ણુ વખાણે
—મ્હારા૦ દરિ૦ (૨)
**રૂદ્ર** તપસ્વી તુજને ભાખે, સઘળા તુજ દિલ રાખે
—મ્હારા૦ દરિ૦ (૩)
**જૈન** જિનેંદ્ર કહે શિવદાતા, **બુદ્ધ** બૌધમત રાતા
—મ્હારા૦ દરિ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કૌલિક** કૌલ કહી ગુણ ગાતા, ખટ દરશણનો તાતા
—મ્હારા૦ દરિ૦ (૫)

રૂપ અનેક સ્ફટિકમાં ભાસે, વર્ણ[૨] ઉપાધિને[૩] પાસે[૪]
—મ્હારા૦ દરિ૦ (૬)

ખટ દરશન સવિ તુજને ધ્યાવે, એક અનેક કહાવે
—મ્હારા૦ દરિ૦ (૭)

વિવિધ–રૂપ જળ ભૂમિ–વિભાગે,
તિમ તું દરશન લાગે—મ્હારા૦ દરિ૦ (૮)

કેવળ ધ્યાન–ગમ્ય દિલ રાજે, કેવળજ્ઞાન વિરાજે
—મ્હારા૦ દરિ૦ (૯)

**ન્યાયસાગર** પ્રભુ **સુવિધિ** મલ્હાવે, મહાનંદ પદ પાવે
—મ્હારા૦ દરિ૦ (૧૦)

卐

## (૫૩૮) (૨૩–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

[નિજભર જોવો કયું નહિ–એ દેશી]

નિજરી ભરી જોવો કયું નહિ રાજ હો, મારા રાજ !
થેં માંને પ્યારા લાગો વાલ્હા લાગો,
આછા લાગો; નીકા[૧] લાગો—થેં મારા૦
**શ્રી શીતલજિન** સાહિબા રે,
કાંઈ! અરજ કરૂં મહારાજ—થે૦ (૧)
હું સેવક છું તાહરો રે, કાંઈ ! સુણિયેં ગરીબ–નિવાજ—થે૦
અંતરયામી ઓલગું[૨] રે, કાંઇ રાત–દિવસ દિલ માંહી—થે૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હ દરશન બિન કયું સરે રે ?,
કાંઈ! શિવરમણી કર સાહી—થે૦ (૪)
એક ઘડી પણ વિરહની રે, કાંઈ! વેદન મે[૩] ન ખમાય—થે૦
સઘળી મનની વાતડી રે, કાંઇ ! કહિગે જિમ સુખ થાય—થે૦
જો તુમ છોડો સાહિબારે, કાંઈ ! મેં છોડાં નહિ રાજ—થે૦
ચરણ શરણ થાહરો કિયો રે,
કાંઈ ! નિજ સેવક તુમ લાજ —થે૦ (૮)
થેં છો માહરા સાહિબા રે, કાંઈ ! મેં છાં થાહરા દાસ૦—થે૦
**ન્યાયસાગર** પ્રભુ વિનવે રે, કાંઈ! આપો શિવપુર-વાસ—થે૦

卐

## (૫૩૯) (૨૩-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**(હાંરે હરીતવરણા સૂડા શેત્રુંજો ગિરવરિયો કેતિક દૂર-એ દેશી)**

હાંરે સાહિબ **શ્રેયાંસા** ! આપોને જિનવરીયા સુખ ભરપુર
હાંરે મુજ માનસહંસા, હાંરે મુનિકુળ અવતંસા[૧],
હાંરે ટાળે ભાવિ સંસા[૨] હાંરે—સાહિબ૦ (૧)
તુંહી સકળ અકળ પણ તુંહી,
તુજ કર્મ કળા નવિ લાગી રે—સાહિબ૦ (૨)
તુંહી સગુણ-નિર્ગુણ વર તુહીં,
તું અનંત કેવળનો ભાગી રે—સાહિબ૦ (૩)
તુંહીં સ્થૂલ સૂક્ષ્મ પણ તું હીં,
તુજ ચિદાનંદ મતિ જાગીરે—સાહિબ૦ (૪)
વ્યક્ત રૂપે અ-વ્યક્ત નગીનો,
તું સદાનંદ વૈરાગી રે—સાહિબ૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુ સુવર્ણ[3] પણ વર્ણ[4]-વિવર્જિત,
લઘુ-ગુરૂતાનો ત્યાગીરે—સાહિબ૦ (૬)
નિત્ય સનાતન બ્રહ્મ-સરૂપી,
પ્રભુ **ન્યાય** નિપુણ સોભાગી રે—સાહિબ૦ (૭)

卐

## (૫૪૦) (૨૩–૧૨) શ્રી વાસુપૂજ્ય-જિન સ્તવન

**(વ્રજમંડલ દેશ દેખાડો રસીયા-એ દેશી)**

મનમંદિર નાથ વસાઓ[1] ! રસિયા,—મન૦
તુંહીજ હજાણે[2] લિખો કરિ ચોખું,
દુરિત દોહગ રજ જાયે ઘસિયા—મન૦ (૧)
મનમંદિર સાહિબ જબ વસિયા,
ગુણ આવે સવિ ધસમસિયા—મન૦ (૨)
દર્શન ફરશન દુર્લભ પામી,
હૃદયકમળ મુજ ઉલ્લસિયા —મન૦ (૩)
મનમોહન મનમંદિર બેસી,
કર્મ અહિતકો લ્યે તસીયા[3]—મન૦ (૪)
**વાસુપૂજ્ય**જિન મનમથારિ[4] જાણી,
વિષય-વિકાર અલગા ખસીયા—મન૦ (૫)
**ન્યાયસાગર** પ્રભુ સેવા કરતાં,
અંતરંગ ગુણ સવિ હસિયા[5]—મન૦ (૬)

卐



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૪૧) (૨૩-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

(પ્યારે ! સાજન ! સાંઈ ! તું આવ રે,
આવ રે સાજન ! સાંઈ ! તું આવ રે; એ-દેશી)

પ્યારે **વિમલ** ! ગોસાંઈ[1] ! તુમ નામને રે—
અહનિશ ધ્યાઉં નવનિધિ પાઉં,
હાંરે ! સાંઇ ! પતિત-પાવન ગુણધામ રે—પ્યારે૦ (૧)
**વિમલ** ગુસાંઇ સેવા પાઈ,
હાંરે ! સાંઈ ! વિમલ-મહોદય ઠામ રે—પ્યારે૦ (૨)
અવલંબનાઓ અંગિયાં લ્યાઉં,
હાંરે ! પ્યારે ! ધ્યાન ઘુસૃણ[2] યશ દામ રે—પ્યારે૦ (૩)
નિર્મલ મનકી ધોતિ પહિનું,
હાંરે ! બાવા ! ભાવ ઉદક અભિરામ રે—પ્યારે૦ (૪)
ધૂપઘટા તનુ જ્યોતિ મહાતપ,
હાંરે ! સાંઈ ! કીર્ત્તિ સુવાસ ઉદામ રે—પ્યારે૦ (૫)
**ન્યાયસાગર** પ્રભુ ચિત્ત[3]-પ્રસત્તિ,
હાંરે ! સાંઈ ! થય-થુઈ કામિત પામરે—પ્યારે૦ (૬)

卐

## (૫૪૨) (૨૩-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

**( મુજરો તે માનો, મનોહો બંધુજી—એ દેશી )**

જિનજી ! પ્યારો (૩) હો સિંધુજી[1],
ગુણનો વાલ્હો માહરો—જિન૦
**સુયશાનંદન** પાપનિકંદન, જગદાનંદન દેવ હો—જિન૦
સુરતરૂ[2] સુરમણિ[3] સુરગવી[4] તુંહિજ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુણ કરે અવરની સેવ હો—જિન૦
રાત-દિવસ ખિણ ખિણ સંભારૂં,
વિસારૂં પલક ન એક હો—જિન૦
માહરે દિલ તો તુંહિજ વસિયો,
જગજીવન જગ[૫]-છેક હો—જિન૦
પ્રીત પુરાણી કહિયે ન હોવે, દેહડી જીરણ થાય હો—જિન૦
જરકસી[૬] જુની કબહિ હોવે, પિણ સોના રંગ ન જાય હો જિ૦
**શ્રીઅનંતજિન** સાહિબ માહરે,
થાંશું અવિહડ નેહ હો—જિન૦
ફેડયો તો કિમ ફીટેલાગો, જિમ પથર[૭]-શિર રેહ હો—જિન૦
ગુણ અનંત પ્રભુ તાહરા ઘટમેં,
કહેતાં ન આવે પાર હો—જિ૦ (૯)
**ન્યાયસાગર** પ્રભુ સેવક ખાસો,
બાંહિ ગ્રહીને તાર હો—જિ૦ (૧૦)

卐

## (૫૪૩) (૨૩-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

**ધર્મજિનંદ** ! તેરે ધર્મકી મેરા,[૧] મેટત હે ભવભવકા ફેરા;
પરમ ધરમ હૈ સાહિબ તેરા—પરમ૦ (૧)
ઘર ઘર ઢુંઢત સબહી મેં હેરયા,[૨]
ઐસા ન ધરમ-મરમકા બેરા[૩]—પરમ૦ (૨)
**નામધરમ** કછુ કામ ન આવે,
**ઠવણધરમ** તિમ સિદ્ધિ ન પાવે—પરમ૦ (૩)

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

**દ્રવ્યધરમ** પણ મુક્તિ ન દેવે,
**ભાવધરમ** પિણ કોઈક સેવે—પરમ૦ (૪)
**શબ્દધરમ** જિઉ કામ સુધારે,
દુરગતિ પડતાં નિજ કરી ધારે—પરમ૦ (૫)
ઉત્તમ થાનિક ઉનહિકું જોડે,
પાપ કરમ સવિ ઉનકે તોડે—પરમ૦ (૬)
**ભાવધરમ** તે સહી જે સાચે,
મેરા મન ઉનહિસેં રાચે—પરમ૦ (૭)
મિથ્યામતિ મોહે જૂઠેઈ માચે,
પણ ઉન ધર્મસું કર્મ નિકાચે—પરમ૦ (૮)
**ભાવધરમ** નિજ આતમ દેખે,
કષ્ટક્રિયા સબહી તબ લેખે—પરમ૦ (૯)
**ઉત્તમસાગર** સાહિબ આગે,
**ન્યાયસાગર** શિવ પદવી માગે—પરમ૦ (૧૦)

卐

## (૫૪૪) (૨૩–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

**(આજિમ! કબ મિલે પરદેશી માતા હો—એ દેશી)**

સાહિબ! કબ મિલે સસનેહી પ્યારા હો—સા૦
કાયા કામિની જીઉસેં ન્યારા, ઐસા કરત વિચારા હો–સા૦
સુન સાંઈ! જબ આન મિલાવેં,
તવ હમ મોહનગારા હો—સા૦ (૨)
મેં તો તુમારી ખિજમતગારી,
જૂઠ નહિ જે લારા[1] હો—સા૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ કહે સુત જૈન[૨] હમારા,
ટારો વિષય-વિકારા હો—સા૦ (૪)
સંયમ પાળો નિજ તન ગાળો,
લેઈ અનુભવ લારા હો—સા૦ (૫)
થિઉકે સાચે હમ મન નાચે, ઘટમેં હોત ઉજારા હો—સા૦
કહી નાકોના સંયમ લીના, ન રહ્યા કરન ઉધારા હો—સા૦
વેદ ઉછેદી જાતી અભેદી, મેલે શાંતિ સુધારા હો—સા૦ (૮)
**અચિરાનંદન** શીતલ ચંદન,
**ન્યાયસાગર** સુખકારા હો—સા૦ (૯)

卐

## (૫૪૫) (૨૩-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(તુમ રહોરે આજિમ ! હો ઘરિયાં-એ દેશી)**

તુમ્હે રહોરે પ્રીતમ ! પાય પરિયાં
રૂપે રતિ **શ્રીરાની**-જાયાં,
અરજ કરે અંતેઉરીયાં—તુમે૦ (૧)
સુર નૃપતિ કે ઘોટે[૧] મોટે,
કહ્યું ન કરો હમ દિલ[૨] વરીયાં—તુમે૦ (૨)
નાહ વિવાહ ઉછાહ કરીઆએ,
અવગુન બિન કયું પરિહરિયાં—તુમે૦ (૩)
ખટ ખંડ જીતી અરિ વશ કીનેં,
ભુંજે બિન કયું ફલ હરિયાં[૩]—તુમે૦ (૪)
વિલપતી નેહ-દીવાથી લલના,
ત્યજી જિન સંયમ-સ્ત્રી વરીયાં—તુમે૦ (૫)
કેવલ પામી ત્રિગડે બેઠે,
બાની સુનિ ભવિ દિલ ઠરીયાં—તુમે૦ (૬)

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

**ન્યાયસાગર** પ્રભુ લીલા બહુલી,
મહાનંદ પદ અનુસરિયાં—તુમે૦ (૭)

卐

## (૫૪૬) (૨૩-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

(ગિરિરાજકું સદા મેરી વંદના એ-દેશી)

**અરનાથ**કું સદા મેરી વંદના, જગ નાથકું સદા૦ જિનરાયકુ.
જગ ઉપગારી ઘન[1] જ્યોં વરસે,
વાણી શીતલ-ચંદના રે—જિન૦ (૧)
રૂપે રંભા રાણી **શ્રીદેવી**,
ભૂપ **સુદર્શન**નંદનારે—જિન૦ (૨)
ભાવ ભગતિશું અહનિશિ સેવે,
દુરિત હરે ભવ[2] ફંદના રે—જિન૦ (૩)
છ ખંડ સાધી દ્વેધા[3] કીધી,
દુર્જય શત્રુ નિકંદનારે—જિન૦ (૪)
**ન્યાયસાગર** પ્રભુ સેવા મેવા,
માંગે પરમાનંદના રે—જિન૦ (૫)

## (૫૪૭) (૨૩-૧૯) શ્રીમલ્લિનાથ-જિન સ્તવન

(કૌણ ભરે રી જલ કૌણ ભરે દલ વાદલીરી પાણી કૌણ ભરે એ-દેશી)

કૌન રમે ચિત્ત કૌન રમે.
**મલ્લિનાથજી** વિના ચિત્ત કૌન રમે,
માતા **પ્રભાવતી** રાણી જાયો,
કુંભનૃપતિસુત કામ[1]દમે—મલ્લિ૦ (૧)

કામ કુંભ જિમ કામિત[૨] પૂરે,
કુંભ લંછન જિન મુખ ગમે—મલ્લિ૦ (૨)
**મિથિલા**નયરી જનમ પ્રભુકો,
દર્શન દેખત દુઃખ શમે—મલ્લિ૦ (૩)
ઘેબર ભોજન સરસાં પીરસ્યાં,
કુકસ[૩] બાકસ[૪] કૌણ જિમે ?—મલ્લિ૦ (૪)
નીલ વરણ પ્રભુ કાંતિ કે આગે,
મરકત મણિ છબિ દૂર ભમેં—મલ્લિ૦ (૫)
**ન્યાયસાગર** પ્રભુ જગનો પામી,
હરિ હર બ્રહ્મા કૌણ નમે ?—મલ્લિ૦ (૬)

## (૫૪૮) (૨૩-૨૦) શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

**( જિનમુખ દેખન જાઉં રે પ્રભુકો જનમ ભયોહે- એ દેશી )**

દિલ ભરી દરિશન પાઉં રે, પ્રભુકો બન્યો હે
**પદ્માનં**દન હરિકૃતવંદન[૧],
ચરનકમલ બલિ[૨] જાઉં રે—પ્રભુ૦ (૧)
નીલકમલદલ કોમલ વાને,સેવનમેં ચિત લાઉં રે —પ્રભુ૦ (૨)
ચુની ચુની કલીયાં ચંપકકી,
હાથસેં માલ બનાઉં રે—પ્રભુ૦ (૩)
**શ્રી મુનિસુવ્રત** સુવ્રત સેવી,
નાથ સમાન કહાઉં રે—પ્રભુ૦ (૪)
**ન્યાયસાગર** પ્રભુ સુવ્રત સેવા,
નિયત ફળે દિલ ભાઉં રે—પ્રભુ૦ (૫)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૪૯) (૨૩–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન
**( મોતીડા બિરાજે ગોરી થારા નથમાં—એ દેશી )**

પુરૂષોતમ[૧] સત્તા છે થારા ઘટમાં
**વપ્રાનંદન**વંદન કીજે તુજ સમ અવર ન યતિવટમાં[૨]—પુરૂ૦
હરિ હર બ્રહ્મ પુરંદર[૩] પમુહા,
મગન હુઆ સવી ભવનટમાં—પુરૂ૦ (૨)
ઉપશમ રતિ પ્રભુ તાહરી જગને,
જિતી કરાવી અરિથટમાં—પુરૂ૦ (૩)
વીતરાગતા તુજ તનુ આખે[૪],
સમરસ વરશે ભવિવટમાં—પુરૂ૦ (૪)
**વિજય**નૃપતિસુત સેવા ખિણમાં,
આણે સેવક ભવતટમાં—પુરૂ૦ (૫)
**ન્યાયસાગર** પ્રભુ સહજ–વિલાસી,
અજર અમર લહી લટપટમાં—પુરૂ૦ (૬)

卐

## (૫૫૦) (૨૩–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન
**( સોણી સહસા ગોપીમાં પટરાણી કાગળ લખ્યો કેઈને રે ! સીદ જાઓ છો દિલાસા દેઈનેરે-એ દેશી )**

આઠ ભવની તુમે પ્રીતજ પાળીજી,નવમેં ભવ સાથે લેઈનેરે
કાં જાઓ છો દિલાસા દેઈ ને રે—કાં૦ (૧)
અમને મૂકીને તુમે **રૈવત**[૧] પધારીયાજી,
સંયમ સુંદરી લઈને રે—કાં૦ (૨)
પરણ્યા[૨] વિણ અમ્હે પ્રીતિ જ પાળુંજી,
એ તો વરે છે કેઈને રે—કાં૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ તો કૃતિકા સિદ્ધિ વધૂનીજી,
તુમે આદર ઘો છો બેઈનેરે—કાં૦ (૪)
શોકલડી મુને દીઠી ન સુહાવેજી,
તુમે આદર કરશ્યો કેઈને રે—કાં૦ (૫)
અનુભવ–મિત્રે મન મેળ કરાવ્યોજી,
અનુભવ ઘરમાં લેઈને રે—કાં૦ (૬)
**નેમ–રાજુલ** શિવમંદિર પધાર્યાજી,
**ન્યાયસાગર** સુખ દેઈને રે—કાં૦ (૭)

卐

## (૫૫૧) (૨૩–૨૩) શ્રી પાર્શ્વનાથ–જિન સ્તવન

**(કાનુડા મારમાં કાંકરડી, મીઠડા ફુટશે ગાગરડી–એ દેશી)**

**ચિંતામણ** પાસજી ગમે રે, પાસજી ગમે રે—(૩)
વાહલો ધ્યાનમાં રમે રે;
પ્રહ ઉઠી પ્રભુ મુખડું દીઠે, દુખડું શમે રે ચિંતા૦ (૧)
ચિંતામણી પરે કામિત પૂરે, દુઃખ ઝમેરે—ચિંતા૦ (૨)
ત્રિભુવન–નાયક સુરપતિ પાયક, કામ દમે રે—ચિંતા૦ (૩)
પામી અમૃત–ભોજન કુક્કસ, કોણ જમેરે ?—ચિંતા૦ (૪)
સાહિબ સમરથ સમક્તિ પામી, કોણ વમે રે—ચિંતા૦ (૫)
મિથ્યા મૂકી મુજ મન રાચે, શુદ્ધ ધરમેં રે—ચિંતા૦ (૬)
અધિકું ઓછું સેવક ભાખે, સ્વામી ખમે રે—ચિં૦ (૭)
**ન્યાયસાગર** પ્રભુ અહનિશ ચરણે–શીશ નમેરે—ચિં૦ (૮)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૫૨) (૨૩-૨૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

(જર્જરી જરકસીરી દોરિ, હજ ટીકા ભલકા, હો રાજ !
પ્યારે લાગો—એ દેશી)

નિરખી નિરખી સાહિબકી સૂરતિ,
લોચન કેરે લટકે હો રાજ ! પ્યારા લાગો૦
માને બાવાજીરી આણ પ્યા૦
માને દાદાજીરી આણ—પ્યારા૦ (૧)
તુમ બાની મોહે-અમીય સમાની,
મન મોહ્યું મુખ મટકે હો રાજ—પ્યારા૦ (૨)
મુજમન ભમરી પરિમલ[૧] સમરી,
ચરણકમલ જઈ અટકે હો રાજ !—પ્યારા૦ (૩)
સૂરતિ દીઠી મુજમન મીઠી,
પર સુર કિમ નવિ ખટકે હો રાજ !—પ્યારા૦ (૪)
જૈન ઉવેખી ગુણીના દ્વેષી,
ત્યાંથી મુજ મન છટકે હો રાજ !—પ્યારા૦ (૫)
**ત્રિશલાનં**દન તુમ પય વંદન,
શીતલતા હુઈ ઘટકે હો રાજ !—પ્યારા૦ (૬)
**ઉત્તમ**-શીશે **ન્યાય** જગીસેં,
ગુણ ગાયા રંગરટકે[૨] હો રાજ !—પ્યારા૦ (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ન્યાયસાગરજી મ.
## કૃત
## સ્તવન ચોવીશી
### કઠિન શબ્દોના અર્થ

**સ્તવન ૨૩-૧**

૧. ચહેરો ૨. પાંચસો ૩. અનૃણ=દેવા વગરનું ૪. દીક્ષાનો ઓચ્છવ ૫. પાલખીમાં

**સ્તવન ૨૩-૨**

૧. લગની ૨. પ્રબળ ૩. સ્વામી ૪. ઘણા ૫. ખૂબ ૬, સુંદર ૭. શ્રેષ્ઠ ૮. કપૂર ૯. મનોહર

**સ્તવન ૨૩-૩**

૧. શિરોમણિ ૨. વાટ

**સ્તવન ૨૩-૪**

૧. જિજ્ઞાસુ જનો ૨, અઢાર ૩. વધુ ૪. મેળ ૫. વિષ્ટા

**સ્તવન ૨૩-૫**

૧. મલિન પરિણામવાળા ૨. બીજા દેવો ૩. ચરણ કમળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તવન ૨૩-૬**

૧. આ સ્તવનમાં પંજાબી ભાષાના શબ્દો ઘણા છે,

**સ્તવન ૨૩-૭**

૧. સીધી ૨. મેળમાં ૩. પરાણે ૪. ગણી

**સ્તવન ૨૩-૮**

૧. આંખના મટકે, ૨. દેખ્યો ૩. સેવે તેને મોક્ષ અને બીજાને લટકતા રાખે (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૪. રાગ વિનાનો ૫. અભય ૬. પૂનમના ચંદ્રની

**સ્તવન ૨૩-૯**

સમ્યગ્દર્શનનો ૨. રંગ ૩. બાહ્યચીજના ૪. સંયોગથી

**સ્તવન ૨૩-૧૦**

૧. સારા ૨. સેવું ૩. મારાથી

**સ્તવન ૨૩-૧૧**

૧. મુકુટસમાન ૨. સંશય ૩. કંચનવર્ણ કાયાવાળા ૪. રંગ રહિત=અરૂપી

**સ્તવન ૨૩-૧૨**

૧. પધારો ૨. આપમેળે ૩. ત્રાસ પામ્યા ૪. કામદેવના શત્રુ ૫. વિકસ્યા

**સ્તવન ૨૩-૧૩**

૧. ગો-ઈન્દ્રિયો તેના પર કાબૂ ધરાવનારા સ્વામી ૨. ચંદન ૩. ચિત્તની સમાધિ

**સ્તવન ૨૩-૧૪**

૧. દરિયો ૨. કલ્પવૃક્ષ ૩. ચિંતામણી ૪. કામધેનુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. જગતમાં શ્રેષ્ઠ ૬. જરીના તારવાળી મખમલની અંગરખી (પહેરણ) ૭. પથ્થર ઉપરની

**સ્તવન ૨૩-૧૫**

૧. મર્યાદા ૨. શોધ્યા ૩. ખજાનારૂપ

**સ્તવન ૨૩-૧૬**

૧. પાછળ છે ૨. વચન

**સ્તવન ૨૩-૧૭**

૧. પુત્ર ૨. મનપસંદ ૩. છોડી દીધા

**સ્તવન ૨૩-૧૮**

૧. મેઘની જેમ ૨. સંસારમાં ફસાવનાર ૩. બંને રીતે=દ્રવ્યથી ભાવથી

**સ્તવન ૨૩-૧૯**

૧. કાબૂમાં લે ૨. ઇષ્ટ ૩. હલકું ધાન્ય ૪. ફોતરાં

**સ્તવન ૨૩-૨૦**

૧. ઈંદ્રોએ જેમને વંદન કરેલ છે ૨. બલિહારી

**સ્તવન ૨૩-૨૧**

૧. શુદ્ધ આત્માની ૨. સાધુ સમૂહમાં ૩. ઈંદ્ર ૪. કહે

**સ્તવન ૨૩-૨૨**

૧. ગિરનાર ૨. હું તો પરણ્યા વિના પણ તમારા પર ખૂબ પ્રીતિ ધરાવું છું. તમે જે સંયમ રૂપ સ્ત્રીની પાસે જાઓ છો તો તે તો કેટલાને વરેલી છે! (ત્રીજી ગાથાનો અર્થ)

**સ્તવન ૨૩-૨૪**

૧. સુગંધ ૨. અત્યંત ઉત્સાહથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामीने नमः

# શ્રી ન્યાયસાગરજી
## કૃત
# સ્તવન–ચોવીશી (બીજી)

### (૫૫૩) (૨૪–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

**(માહરૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે—એ દેશી)**

જગ ઉપગારી રે સાહિબ માહરો રે,
અતિશય—ગુણ–મણિ ધામ,
**આદિજિણેસર** અતિ અલવેસરૂ રે, અહનિશિ ધ્યાઉં રે નામ.
મોરૂં મન મોહ્યું રે **મરૂદેવી**–નંદશું રે૦ (૧)

હોય કર જોડી રે તુમ સેવા કરે રે, સુર નર કિંનર કોડ,
પ્રાતિહારજ આઠે અહનિશિ રે,
કવણ કરે તુમ્હ હોડ—મોરૂં૦ (૨)

ચ્યારે રૂપેં રે ચૌવિધ દેશના રે, દેતા ભવિજન કાજ,
માનું એ ચઉગતિના જન તારવા રે,
છાજે જયું જલધર ગાજ—મોરૂં૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ધન પ્રાણી રે જિણે તુમ દેશના રે, સમયે નિરખ્યું નૂર,
કર્ણકચોલેરે વાણીની સુધા રે,પીધી જેણે ભરપૂર-મોરૂં૦(૪)
હું તો તરશું રે તુમચા ધ્યાનથી રે, અનોપમ એહ ઉપાય,
**ન્યાયસાગર** ગુણ આગર સાહિબા રે,
લળીલળી નમે નિતુ પાય—મોરૂં૦ (૫)

卐

## (૫૫૪) (૨૪–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

**( સખીરે સયાની સાહિબ ! સખીરે સયાની-એ દેશી )**

**અજિત**જિણંદા સાહિબ ! અજિતજિણંદા,
તું મેરા સાહિબ મેં તેરા બંદા, સાહિબ અજિતજિણંદા,
જિતશત્રુ–નૃપ વિજયાદે–નંદા,
લંછન ચરણે સોહે ગયંદા—સા૦ (૧)
સકળ કરમ જીતી અ–જિત કહાયા,
આપ બળે થયા સિદ્ધ સહાયા—સા૦
મોહનૃપતિ જે અટલ અટારો,
તુમ આગે ન રહ્યો તસ ચારો—સા૦ (૨)
વિષય–કષાય જે જગને નડિયા,
તુમ ઝાણાનલ શલભ[૧] જયું પડીઆ—સા૦
દુશમન દાવ ન કોઈ ફાવે,
તિણથી અજિત તુમ નામ સુહાવે—સા૦ (૩)
અજિત થાઉં હું તુમચે નામ,
બહોત વધારો પ્રભુ જગમાંહિ મામ—સા૫૦

૧. પતંગીયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકળ સુરાસુર પ્રણમે પાયા,
**ન્યાયસાગરે** પ્રભુના ગુણ ગાયા—સા૦ (૪)

卐

## (૫૫૫) (૨૪-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

**(સુણો મેરી સજની રજની ન જાવે રે—એ દેશી રાગ કેદારો)**

**સંભવ**-જિનવર શિવસુખ દાતા રે,
ભૂપ જિતારિ **સેના** મા તારે
હય-લંછન કંચનવાન કાયા રે,
જેહને નામે નવનિધિ પાયા રે (૧)
ભવભય ભંજે મંજેરે, ત્રિભુવન-મહિમા જાસ અગંજે રે
સજ્જન-જનનાં મનડાં રંજે રે,
હિતકર ભવિને હેતુ પ્રયુંજે રે (૨)
પદ્મ સરોવર તે રહો દૂરે રે,
પણ તસ[1] મારૂત તાપને ચૂરે રે
પણ તુમ ધ્યાને કામિત પૂરે રે,
ભક્તિ કરેવા કહો કુણ સૂરે રે (૩)
અંજલિમાં જિમ જળ નવિ થહરેં રે,
તિમ **ભવસંચિત** પાતિક વારે રે
પ્રભુ ! તુમ કરૂણારસની ધાર રે,
સીંચ્યો સેવક હોયેં સુખકાર રે (૪)
ચરણ તુમ્હારે શરણે રાખો રે, સાચો સેવક મુજને દાખો રે
તો મુજ સીધ્યાં સઘળાં કાજ રે,
**ન્યાયસાગર** પ્રભુ મહિમા વિરાજે રે (૫)

卐

---

૧. પવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૫૬) (૨૪–૪) શ્રી અભિનંદન–જિન સ્તવન

(વાડી ફૂલી અતિ ભલી મનભમરા રે–એ દેશી–રાગ ગોડી)

**અભિનંદનજીન** વંદીએ, ગુણ ખાણી રે,
અતિ ઘણો ઉલટ આણી, સુણો ભવિ પ્રાણી રે
પુરૂષારથ ચ્યાર સાધિયા ગુણ૦ જાણી ચ્યાર પ્રમાણ–સુણો૦
ચંચળપણું મુજથી ઘણું ગુણ૦ તેં વશ કીધું મન્ન–સુણો૦
ઈમ જાણી કપિ પદે રહ્યો ગુણ૦ લંછન મિસિ તે ધન્ન સુ૦
**સંવરનૃપનો** બેટડો ગુણ૦ સંવર કરે નિરપાય–સુણો૦
તેહમાં અચરિજ કો નહિં ગુણ૦
**સિદ્ધારથા** જસ માય—સુણો૦
નંદનવનમાં જિમ વસે ગુણ૦ ચંદન સુરતરૂવૃંદ–સુણો૦
તિમ તુમ તનુમાં સોહીયેં ગુણ૦
અતિશય અતુલ અમંદ—સુણો૦
ચોથા જિનને સેવતાં ગુણ૦ લહીયેં ચોથો[1]વર્ગ–સુણો૦
ન્યાયસાગર પ્રભુની કૃપા ગુણ૦
એહ સભાવ નિસર્ગ–સુણો૦

卐

## (૫૫૭) (૨૪–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

**(રાગ સારંગ—જીહોની દેશી)**

જીહો ! **સુમતિ**–જિનેસર સેવતાં,
જીહો ! સુમતિ વધે નિશદિશ

૧. મોક્ષ



Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

જીહો ! સુગુણાંકેરી સંગતિ, જીહો ! પસરે બહુત જગીસ
સુણો ભવિ સેવો સુમતિ જિણંદ૦ (૧)
જીહો ! જે ઘરઘરના પ્રાહુણા, જીહો ! ખિણમાંહે પલટાય
જીહો ! ઓછા અથિર સંભાવના,
જીહો ! તિણશ્યું મિલે બલાય—સુણો૦ (૨)
જીહો ! વાતાંની મોટમ કરે, જીહો ! કામ પડયે કુમલાય
જીહો ! જે દેઉલના દેવતા,
જીહો ! એહવા નાવે દાય—સુણો૦ (૩)
જીહો ! મેંતારિજ અપરાધીઓ, જીહો ! કૌંચ વિહંગની જાત
જીહો ! તે અપરાધને માંજવા,
જીહો ! લંછનમિસિ વિખ્યાત—સુણો૦ (૪)
જીહો ! **મેઘ**નૃપતિ માય **મંગલા**, જીહો ! સાયરપરિ ગંભીર
જીહો ! **ન્યાયસાગર** પ્રભુ સેવતા,
જીહો ! હોવે સુખ શરીર—સુણો૦ (૫)

卐

## (૫૫૮) (૨૪-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

(રાગ સારંગમિશ્ર—કોઈ લો પર્વત ધુંધુલોરે લો—એ દેશી)

શ્રી **પદ્મપ્રભ**જિન રાજને રે લો !
વિનતી કરૂં કર જોડ રે—જિણંદરાય
માહરે તું પ્રભુ એક છે રે લો !
મુજ સમ તાહરે કોડ રે—જિ૦ શ્રી૦ (૧)
લોકાલોકમાં જાણીયે રે લો ! ઈમ ન સરે મુજ કામ રે—જિ૦
દાસ સભાવે જે ગિણે રે લો !
તો આવે મન ઠામ રે—જિ૦ શ્રી૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહવાયેં પણ તેહને રે લો ! જેહ રાખે મુહ લાજ રે–જિ૦
પ્રારથીયાં પહિડિયે[1] નહિ રે લો !
સાહિબ ગરીબનિવાજ રે—જિ૦ શ્રી૦ (૩)
કર-પદ મુખકજ શોભથી રે લો ! જીતી પંકજ-જાત રે–જિ૦
લંછનમિસિ સેવા કરે રે લો !
**ધરનૃપ સુસીમા** માત રે—જિ૦ શ્રી૦ (૪)
ઊગત અરૂણ તનુ વાન છેંરે લો ! છઠ્ઠો દેવદયાલ રે-જિ૦
**ન્યાયસાગર** મનકામના રે લો !
પૂરણ સુખ રસાલ રે—જિ૦ શ્રી૦ (૫)

卐

## (૫૫૯) (૨૪–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

(રાગ—કાફી)

**શ્રી સુપાસ**જિન સાતમા હો, ટાળે ભવ ભય સાત
**પૃથ્વી**પુત મંગલ કરે હો, અચરિજ એ અવદાત
સુખદાયક સ્વામી સોહામણો હો, અહો મેરે પ્યારે
અહનિશ લિઉં તસ ભામણાં હો (૧)
સ્વસ્તિક લંછન તે ભણી હો, સાથીઓ મંગલ મૂલ
લઘુ પણ વૃદ્ધપણું લહેહો, જેહને પ્રભુ અનુકૂલ—સુણો૦ (૨)
**સુપ્રતિષ્ઠ**નૃપ-નંદનો હો, આનંદિત ત્રિહુંલોક
કોક[2] દિણંદ[3] તણી પરે હો,
ચિત ધરેં ભવિકના થોક—સુણો૦ (૩)
સાતે સુખ આવી મિળે હો, અખય અચલ સવિ સિદ્ધ
ઈમ અનેક ગુણ ભાખતાં હો,
પામે વળી નવ નિદ્ધ રિદ્ધ—સુણો૦ (૪)

---

૧. અવગણે ૨. ચક્રવાક ૨. સૂર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ પણ ફણ શિર સોહિહેં હો, સહજ સભાવ પ્રમાણ
**ન્યાયસાગર** પ્રભુના કરે હો,
ભાવથી ગુણ વખાણ—સુણો૦ (૫)

卐

## (૫૬૦) (૨૪—૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

**(મેડી ઉપર મેહ ઝબૂકે વીજળી હો ઝબૂકે—એ દેશી)**

**શ્રી ચંદ્રપ્રભ** જિનરાજ, ઉદિત મન અંબરે હો લાલ—ઉદિત૦
વદને જિત દ્વિજરાજ[1], રહ્યો સેવા કરે હો લાલ—રહ્યો૦ (૧)
લંછનમિસિ નિતુ પાય, રહ્યો કરે વિનતિ હો લાલ—રહ્યો૦
નિત્ય ઉદય નિકલંક, કરો મુજ જિનપતિ હો લાલ-કરો૦ (૨)
શ્રી **મહસેન** નરેશ. કુલાંબુજ ચંદ્રમા હો લાલ—કુલા૦
**લખમણા** માત મલ્હાર, જિણંદ છો આઠમા હો લાલ
—જિણંદ૦ (૩)
વિધુ[2]રૂચિ[3] દેહ અનેહ[4], અગેહ અસંગ છે હો લાલ—અગેહ૦
આઠમેં ચંદ નેં સુખકર, અચરિજ એહ છે હો લાલ
—અચ૦ (૪)
આઠ કર્મોનો નાશ, કરી અડ સિદ્ધિ લહી હો લાલ—કરી૦
**ન્યાયસાગર** કવિરાજે, પ્રભુના ગુણ કહ્યા હો લાલ—પ્રભુ (૫)

卐

## (૫૬૧) (૨૪—૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**(લાછિલદે માત મલ્હાર—એ દેશી)**

નવમા **સુવિધિ** જિણંદ, સમતા સુરતરૂ કંદ,
આજ હો ! નેહેંરે સયપ[5] દેહેં આવીને મિળ્યોજી (૧)

---

૧-૨. ચન્દ્રમા ૩. કાન્તિ ૪. નિર્દોષ ૫. સાક્ષાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સુગ્રીવનૃપ** જસ તાય, **રામારાણી** માય,
આજ હો ! ગંગારે તરંગો પરે પ્રભુ ઉજળોજી (૨)
જિત્યો કામવિકાર. ન રહ્યો જાસ પ્રચાર,
આજ હો ! માનું રે મકરધ્વજ ધાર્યો તે ભણીજી (૩)
નામે નવહ નિધાન, આય મિળે એક તાન,
આજ હો ! જેહનીરે આણા છે, નવ તત્વે મિળીજી (૪)
અવમ[1]-અવિધિ કરે નાશ, પ્રગટે બુદ્ધિવિલાસ,
આજ હો ! ન્યાયેરે ઈણે સુવિધિ નામ ધરાવિઉંજી (૫)

卐

## (૫૬૨) (૨૩-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

### ( રાગ રામગિરિ-દેશી સાહેલડીની )

**શ્રીશીતલજિન** વંદિયે-અરિહંતાજી,
શીતલ દર્શન જાસ—ભગવંતાજી
વિષય કષાયને શામવા—અરિ૦
અભિનવ જાણે બરાસ—ભગ૦ (૧)
બાવનાચંદન પરિ કરે—અરિ, કંટકરૂંખ[1]સુવાસ-ભગ૦
તિમ કંટક મન માહરૂં—અરિ,
તુમ ધ્યાને હોયે શુભ વાસ—ભગ૦ (૨)
નંદન **નંદા** માતનો-અરિ૦ કરે આનંદિત લોક-ભગ૦
**દૃઢરથનૃપ** કુલદિનમણિ—અરિ૦
જિત મદ માન ને શોક—ભગ૦ (૩)
**શ્રી વત્સલંછન** મિસિ રહે-અરિ૦ પગકમળે સુખકાર-ભગ.
મંગળિકમાં તે થયો—અરિ૦ તે ગુણ પ્રભુ આધાર-ભગ૦(૪)
કેવળકમળા આપીયે-અરિ૦ તો વાધે જગ મામ[2]—ભગ૦

---

૧. ઓઠાશ, ૨. કાંટાળાઝાડ. ૩. મહિમા

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

ન્યાયસાગરની વિનતિ-અરિ૦
સુણો ત્રિહુજગના સ્વામ—ભગ૦ (૫)

卐

## (૫૬૩) (૨૩-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

### ( દેશી વીંછીયાની—રાગ સિંધુ )

**શ્રેયાંસજિણંદ** ઈગ્યારમા, તેહશ્યું મુજ લાગ્યું મન્નરે
તે અળગું કહિયે નવિ રહે, જિમ ભાત[1]પટોળે વન્નરે—શ્રે૦
પ્રભુ નિરાગી જાણી કરી, મેં જોડયું એ એકંગરે
હવે એક રૂપ જે એ હોયે, એટલે અમેં નાહ્યા ગંગરે
શુભ ધ્યાનના ગંગ તરંગરે શ્રેયાંસ૦ (૨)
**વિશ્ણુભૂપ વિષ્ણુ**માવડી, નંદન ગુણમણિ-ખાણિરે
એકલમલ્લના ઉપમાનથી, ખડગીનું[2]લંછન જાણિરે—શ્રે૦
પ્રભુ ચોળરંગ નવિ ઊતરે, જાયે તે રંગ પતંગરે,
ઓછા કાચા બહુ કરે, ગિરૂઆ હોયે સહજ અભંગરે—શ્રે૦
ઈમ જાણી નિજ દાસને, નિજ સમ ગુણ કીજે નાથરે
એતી ન્યાયસાગર વિનતી, તારો મુજને ગ્રહી હાથરે—શ્રે૦

卐

## (૫૬૪) (૨૪-૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી-જિન સ્તવન

### ( દેશી પારધીયાની—રાગ મલ્હાર )

**શ્રીવાસુપૂજ્ય** જિનરાજીયા રે,
આવો મુજ મનમાંહિરે—મનવસિયા,
શુદ્ધ કરી છે ભૂમિકારે, મિથ્યાકંટક નાહીરે—શિવરસીયા૦
સમક્તિગુણ શુદ્ધદષ્ટિ છે રે, કિરિયારૂચિ શુભ વાસરે[3] મન૦

---

૧. છાપકામ ૨. ગેંડાનું ૩. સુગંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરતિચારિત્ર સિંહાસને રે, મૈત્રીપટ બિછાયરે–શિવ૦
જ્ઞાન પરમરસ સ્વાદના રે, પાર ન બોલ્યા જાય રે–મન૦
થોડે ઝાઝું જાણજો રે, તુમ આવ્યે સર્વ સુહાય રે–શિવ૦
**શ્રીવાસુપૂજ્ય** નરેસરૂ રે, **જયારાણી** જસ માયરે–મન૦
મહિષ જેમનું જાણીયે રે, સેવે પદ જિમ રાયરે—શિવ૦
જિનદર્શન સુખકારિયો રે, ખટવિધ જીવ નિકાયરે–મન૦
લળીલળી શિર નાંમી કહે રે, **ન્યાયસાગર** કવિરાયરે–શિવ૦

卐

## (૫૬૫) (૨૪–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

**(દેશી યોગનાની–ઇડર આંબા આંબલીને**
**રાગ—સારંગ મલ્હાર)**

**વિમલ**જિનેસર ! તાહરો રે, અતુલ અચિંત પ્રભાવ
ગુરૂ પણ નિજ પર સમ કહ્યા રે, તરવા ભવજળ નાવ
વિમલજિન ! તુમશું ધર્મ સનેહ (૧)
જિમ ચાતકને મેહ–વિ૦, જિમ પ્રાણી ને દેહ—વિમલ૦
અબુધ[1] વિબુધ[2] કરે તુરતમાં રે, રૂપી અરૂપી કીધ;
કરમી અકરમી કરે રે, યોગી અયોગી સિદ્ધ—વિ૦ (૨)
લંછન મિસિ[3] સેવા કરે રે, વિનતિ કરણ વરાહ
ભૂમિ ભારથી ઉભગો રે, દિઓ સુખ નિતુ જગનાહ–વિ૦
**શ્રીકૃતવર્મ** નૃપ નંદનો રે, **શ્યામા** માતા જાત
વિમલ મતિ પ્રભુ ધ્યાઈયે રે, તો હોયે વિમલ અવદાત–વિ૦
તેર ક્રિયા ટાળી જિણે રે, તેરસમા જિનભાણ
**ન્યાયસાગર** કહે ભવ–ભવે રે,
શિર ધરૂં તેહની આણ—વિમલ૦ (૫)

卐

૧. મૂર્ખ ૨. પંડિત ૩. બહાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૫૬૬) (૨૪-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

## (દેશી કડખાની—આશયાઉરી)

શ્રી **અનંતપ્રભો** સંતહૃદયે વિભો!
ગુણ અનંતા રહે ધ્યાંન રૂપા
અતિશયવંત મહંત જિનરાજીયા,
વાજિયા પરિ સદા સકળ રૂપા—શ્રી૦ (૧)
જ્ઞાનદર્શન સુખ સમકિતાખય-થિતિ,
અરૂપી અવગાહના અખય ભાવે
વીર્ય અનંત એ અષ્ટક ઉપનું,
આઠ કૃત કર્મ કેરે અભાવે—શ્રી૦ (૨)
શ્યેન નિજ ક્રૂરતા ટાળવા તુમ પદે,
લંછન મિસિ રહ્યો સેવ સારે
સદયતા સુભગતાદિક ગુણ તુમ તણી,
સેવના પાવનાને આધારે—શ્રી૦ (૩)
**સિંહસેન** ભૂપ **સુજસા** તણો નંદનો,
ચૌદમો ચૌદ ભૂયગામ પાળે,
ચઉદ ગુણઠાણ સોપાન[૨] ચઢી નિજ ગુણ,
આવતા આપમાંહિ સંભાળે—શ્રી૦ (૪)
**અનંતજિન**—સેવથી **અનંત**-જિનવર તણી,
ભક્તિની ભક્ત નિજ શક્તિ સારૂં,
**ન્યાયસાગર** કહે અવનિતળે જોયતાં,
એહ સમ અવર નહીં કોય તારૂ—શ્રી (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૩૭) (૨૪–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

**(એડલે ભાર ઘણો છે રાજ! વાતાં કેમ કરો છો ?–એ દેશી)**

**ધર્મ**જિનેસર ધર્મ તુમારો, જગજનને દીપાવે
દર્શન જ્ઞાન ચરિત તપ ચઉવિધ, એ વિનુ અવર દિલ નાવે
જિનજી ! થેં છો ! મોટા રાજ ! જગજનને ઉપગારી
તોરા પાય નમું હું આજ, જાઉં મૈં બલિહારી
કુગતિ પડતાં પ્રાણી રાખે, ધર્મ અર્થ તે સાચો
નામ ધર્મ પરિણામ કલુષિત, તે પામી મત રાચો—જિ૦ (૨)
**સુવ્રતાનંદન** સુવ્રત ધર્મે, વરતે તે તો ચુગતું
**ભાનુ**ભૂપ સુત કર્મ તમ ત્રાસે,
એ પણ પદ તુમ લગતું—જિ૦ (૩)
ભવભવ–ભ્રમણ કદાપિ ન હોવે, ધર્મ શરણ જો રાખે
ઈંદ્ર સદા સેવા મિસિ લંછન,
વજ્ર તણું તિણે દાખે—જિ૦ (૪)
પનરે ભેદે સિદ્ધ દેખાવે, પન્નરમો જિન દીપે
**ન્યાયસાગર** કહે ધર્મ પસાયે,
સકળ વિઘનને જીપે—જિ૦ (૫)

卐

## (૫૬૮) (૨૪–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

**(ત્રિભુવનતારણ તીરથ પાસ ચિંતામણી રે–એ દેશી**
**રાગ–મલ્હાર )**

**શાંતિ**જિનેશરદેવ દયાળ શિરોમણિ રે, કે દયાળશિરોમણિ,
સોળમો જિનવર પંચમ ચક્રી જગધણી રે,
કે ચક્રી જગધણી (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારેવાં શું પ્રીતિ કરી તિણી પેરે કરોરે—કે તિણી૦
જનમ જરા ભય મરણ સીંચાણાથી ઉદ્ધરો રે—કે સીં૦ (૨)
તિણે કાંઈ દીધું હોયે તે મુજને કહો રે; કે તે૦
જો શરણ કર્યાની લાજ તો મુજને નિરવહો રે—કે મુ૦
પારેવા પરિ હરણ કરે તુજ સેવના રે—કે કરે૦
**સિંહિકેય**[1] **સુત** ભીતિ નિવારણ કામના રે—કે નિ૦
તિણ કારણ હું સેવક સ્વામી તું માહરો રે—કે સ્વા૦
તેહથી હું છું અધિક સેવા પર તાહરો રે—કે સેવા૦
[**અચિરા** માતા **વિશ્વસેન** પિતા છે તાહરો રે—કે સેન૦]
**શાંતિ** નામ ગુણ રહશ્યે મુજને તારતાં રે—કે મુજ૦
**ન્યાયસાગર** કહે ઈષ્ટ પ્રભુ દિલ ધારતાં રે—કે દિલ૦ (૬)

卐

## (૫૬૯) (૨૪-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

(રાગ-કાફી બંગાલો-કિસકે ચેલે કિસકે પૂત-એ દેશી)

કુંથુજિણેસર પ્રણમે પાય, સકળ સુરાસુર રાયારાય પ્રભુપૂજીયે!
હાંરે મેરે ભવભયકળિમળ જાય, સવિ મંજીયે (૧)
સત્તર ભેદે સંયમ આરાધી,
પામી રે જેણે સહજ સમાધિ—પ્રભુ૦ (૨)
મેષ લંછન મિસે કરતો રે સેવ,
દીન પશુપણું ટાળો દેવ—પ્રભુ૦ (૩)
**શ્રીનંદન** પણ કામનો મર્મ.
નહિ અચિરજ એ દિયે સહુ શર્મ—પ્રભુ૦ (૪)
**શુરપૂત્ર** જિતે ખટ ખંડ,
યુગતું છે જસ આણ અખંડ—પ્રભુ૦ (૫)

---

૧. રાહુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રી છઠ્ઠો સત્તરમો જિન હોય,
ન્યાયસાગર કહે સનમુખ જોય—પ્રભુ૦ (૬)

卐

## (૫૭૦) (૨૪—૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

(શીલસુરંગીરે મયણરેહા સતી-એ દેશી)

**શ્રી અરજિનદેવ** અઢારમા, વસિયા મુજ મનમાંહિજી
ખિણખિણ માંહે તે નિતુ સાંભરે,
વીસારયા નવિ જાયજી—શ્રી૦ (૧)

પાપસ્થાન અઢાર નિવારતા, ધારે બંભ અઢારજી
સાતમો ચક્રીરે ભાવચક્રે નહી, જસ નામે નિરધારજી—
આણે ભવજળ આરેજી શ્રી૦(૨)

લંછન **નંદાવર્ત્ત** તણું અછે, મંગળમાંહિં પ્રધાનજી,
ભૂપ **સુદર્શન દેવી નંદનો,**
અતિશય ગુણ ઉદ્દામજી—શ્રી૦ (૩)

તંતુપટે જિમ ઘૃત વસે દૂધમાં, ગુણપર્યાય અભેદજી
તિણિપરે મુજ ચિત્તમાં આવી વસ્યો,
એ વિનતિ ધ્રુવેદજી—શ્રી૦ (૪)

જિમ નિરવહશ્યો તિમ તે વાધશ્યે, સુગુણાં સાથે નેહજી
**ન્યાયસાગર** કહે ઉત્તમ આદરે,
તે નાવે કબહી છેહજી—શ્રી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૭૧) (૨૪–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

(ઝાંઝરીયા મુનિવર ! ધન્ય ધન્ય તુમ અવતાર–એ દેશી
રાગ ગોડી–મિશ્ર)

**મલ્લિનાથ** મુજ વિનતિજી, અવધારો અરિહંત
દંભ વિના હું દાખવુંજી, અચરિજ એહ અત્યંત
ગુણવંતા સાહિબ ! દર્શન–જ્ઞાનનિધાન
તે આપીને કીજીયેંજી, સેવક આપ સમાન—ગુણ૦ (૧)
વીતરાગતા દાખવોજી, રંજો સવિ ભવિચિત્ત
અ–પરિગ્રહી ત્રિગડે વસોજી, ભોગવો સુરનાં વિત્ત—ગુણ૦ (૨)
કુંભ કરે પદે સેવનાજી, લંછન મિસિ પ્રભુ પાય
તે તારક ગુણ આપીઓજી, ઘટમાં તુહ્મ પસાય—ગુણ૦ (૩)
કુંભથકી જે ઉપનોજી, મુનિપતિ મહિમાંહિ
**પ્રભાવતી**નો નંદનોજી, મહિમાવંત અથાહ—ગુણ૦ (૪)
લીલાલચ્છી દિયે ધણીજી, નીલ વાને અદીન
**ન્યાયસાગર** પ્રભુ પદકજેજી, મનમધુકર લયલીન—ગુણ૦ (૫)

卐

## (૫૭૨)(૨૪–૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી–જિન સ્તવન

(દેશી–ફાગની)

**મુનિસુવ્રત** વીશમા, વિસમિયા મનમાંહિ
જિમ નંદનવન સુરતરૂ, સુરતરૂ સમ જસ બાંહિ (૧)
કચ્છપ લંછન જાણીયે, ચરણોન્નત ગુણહાર
પામિઓ ધામીઓ સેવે, પાયકમળ મનોહાર (૨)
જ્યું ઘન મોર ચકોર, શશી ચકવા દિનકાર
પાવસ પંથી ગેહા, કુલવંતી ભરતાર (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધુકર માલતી પંકજ, ગજ રેવા જિમ પ્રીતિ
ગૌરી ગિરીશ હરિ કમળા, કમળાસુત રતિ પ્રીતિ (૪)
ચાતક મેહા નેહા, એ સઘળા ઉપચાર
પ્રેમ તણા એ ઉપમ નહી, તિમ અંતર ચાર (૫)
પણ પ્રભુશું એક તાન, જે જ્ઞાની લહે નિરધાર
એક સરૂપે ધ્યાઈયેં, પાઈયેં તો નિરધાર (૬)
**પદ્માનંદન** વંદન, કીજેં થઈ સાવધાન
**સુમિત્ર** નરેશર વંશેં, મુકતાફળ ઉપમાન (૭)
તું મુજ શંકર કિંકર, હું તુમચો નિશદીશ
**ન્યાયસાગર** પ્રભુ–ધ્યાને, પામે અધિક જગીસ (૮)

## (૫૭૩) (૨૪–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

( દેશી ઝુબકડાની )

શ્રીનમિનાથ સોહામણા, નમિયેં અતિ આણંદ–સલૂણો સાહિબો
અવર દેવ તુમ અંતરો, જીમ સુરતરૂ પિચુમંદ[1]
–સોભાગી સાહિબો (૧)
પાંચ[2] કાચ–મણિ પથ્થરા, જિમ દિનકર–ખદ્યોત—સો૦
ખીરસિંધુ ને છીલરૂં, જિમ મૃગપતિ મૃગપોત—સલૂણો૦ (૨)
**વપ્રારાણી** નંદનો, **વિજય**નરેસર જાત સો૦
નીલકમળદળ લંછનો, કંચન વાન વિખ્યાત—સ૦ (૩)
અરિ નમિયા તિણે કારણે, નામ ઠવ્યું **નમિનાથ**–સો૦
ગર્ભથકી મહિમા ઈસ્યો, સો સાહિબ શિવસાથ–સ૦ (૪)
તો ધ્યાને અંતર નથી, કિમ રહે નિશ્ચય એહ—સો૦
**ન્યાયસાગર નમિનાથને**, દરિશણ સુખ અછેહ–સ૦ (૫)

卐

---

૧. લીંબડો ૨. બનાવટી રત્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (५७४) (२४-२२) श्री नेमिनाथ-जिन स्तवन

( धणरा ढोला-ए देशी )

**नेमि** निरंजन साहिबा रे,
निरुपाधिक गुणखाणी—मनना मान्या
जन्मथकी जेणे तज्या रे,
**राज राजीमती** राणी—मनना मान्या
आवो आवो हो प्रीतम ! वातां कीजे,
प्रीतम लाहो लीजे हो, प्रीतम रस पीजे, हो
प्रीतम ! आपण कीजे जनम प्रमाण—मनना० (१)
विण परण्ये पण ताहरी रे;
नारी कहे सहु लोक—मनना०
साची हुं छुं पतिव्रता रे, गाये थोकेथोक—मनना० (२)
**समुद्रविजय शिवा**देवीनो रे, नंदन यदुकुळचंद—मनना०
शंख लंछन अंजन वाने रे,
बावीशमो जिनचंद—मनना० (३)
संबंधने संकेत वारे, आवी तोरण बार—मनना०
फिरी पाछा व्रत आदिउरे,
चढिआ गढ **गिरनार**—मनना० (४)
राजुल पण पति अनु लहेरे,
संयम केवळ सार—मनना०
दंपती दोउ एकण मिले रे, अखय पणे एक तार मनना०
अष्ट भवंतर प्रीतडी रे, पाळी पूरण प्रेम—मनना०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ન્યાયસાગર** સુખસંપદા રે,

પ્રગટે સકળ સુખ ખેમ—મનના૦ (૬)

卐

## (૫૭૫) (૨૪-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(દેશી-માધવીયાની)**

મનનો માનીતો મિત્તો જો મિળે, હાંરે સાહિબ જો મિળે,

તો કહું મનની વાતજો.

દુખભંજન જિન આગળેજી, સુખિણી સાતે ધાતજો૦ (૧)

મનમોહન મુજ વાલ્હોજી, સ્વામી **શ્રીપાસજિણંદ** જો

હોજીહો જસ સાંનિધેજી, તુરત થયો **ધરણેંદ** જો-મન૦

મન મિળિયાંશુ વાતડીજી, તે અમૃતથી પણ મીઠ જો

જેહથી તન મન બાંધિઉંજી,

તસ દરિશન સહુથી ઉક્કિઠ જો—મન૦

લંછન મિસી કરે વિનતિજી, ફણધરી રહીઓ નાગજો

વિષધરપણું દૂરે કરોજી, માહરું પ્રભુ વડભાગ જો-મન૦

**શ્રીઅશ્વસેન** સુત સુંદરૂજી, **વામા** માત મલ્હાર જો

નીલવરણ ચરણે રહુંજી, સેવક કરીશ સંભાર જો-મન૦

ભવી મનવંછિત પૂરવાજી, કળિ કલ્પદ્રુમ સમાન જો,

**ન્યાયસાગર** કહે માહરે જી, પ્રભુધ્યાને વધતો વાનજો-મન૦

卐

## (૫૭૬) (૨૪-૨૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

**(રાગ—ધન્યાશ્રી)**

વંદુ વીર જિનેસરરાયા, વર્ધમાન સુખદાયાજી,

શાસનનાયક જેહ કહાયા, જગ જશવાદ સવાંયાજી-વંદુ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિ લંછન કંચનવન કાયા, સિદ્ધારથનૃપ તાયાજી
સિદ્ધારથ થયા કર્મ ખપાયા, ત્રિશળારાણી માયાજી-વંદું૦
લઘુવયથી જેણે મેરૂ ચળાયા, વીર વેતાળ હરાયાજી
દુર્ધર મોહ જોહ જિતીને,
જ્યોતિમેં જ્યોતિ મિલાયાજી—વંદું૦
જસ શાસનથી ખટ દ્રવ્ય પાયા, સ્યાદવાદ સમજાયાજી
અભિનવ નંદનવનની છાયા, દર્શન જ્ઞાન ઉપાયાજી-વંદું૦
જાસ વજીર છે **ગૌતમરાયા**, લબ્ધિનિધાન મન ભાયાજી
**ન્યાયસાગર** પ્રભુના ગુણ ગાયા,
**સુજશ** સુબોધ સવાયાજી—વંદું૦

卐

## કલશ

ચોવીશ જિનવર ભવિક હિતકર, સકળ મંગળ સુરતરૂ,
વિવિધ દેશી બંધી ગાયા, ભક્તિ-વશથી સુંદરૂ
**તપગચ્છ** શોભા કરણ કવિવર, **ઉત્તમસાગર** પદકજે,
રસિક મધુકર **ન્યાયસાગર** શીષ જિનગુણને ભજે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्द्धमानस्वामीने नमः

# શ્રી પદ્મવિજયજી

કૃત

# સ્તવન–ચોવીશી (પહેલી)

# [૨૫]

## (૫૭૭) (૨૫–૧) શ્રી રૂષભદેવ–જિન સ્તવન

**( મહાવિદેહ ખેત્ર સોહામણું—એ દેશી )**

જગચિંતામણિ જગગુરૂ, જગત શરણ આધાર–લાલ રે
અઢાર કોડાકોડી સાગરે, ધરમ ચલાવણહાર–લાલ રે
—જગ૦ (૧)
આસાઢ વદિ ચોથે પ્રભુ, સ્વર્ગથી લિયે અવતાર–લાલ રે
ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર–લાલ રે
—જગ૦ (૨)
પાંચસેં ધનુષની દેહડી, સોવન વરણ શરીર–લાલ રે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈતર વદિ આઠમે લિયે, સંજમ મહા-વડવીર-લાલ રે
—જગ૦ (૩)
ફાગુણ વદિ ઈગ્યારસે, પાંમ્યા પંચમ નાણ—લાલ રે
મહા વદિ તેરસે શિવ વર્યા, જોગ નિરોધ કરી ઝાણ લાલ રે
—જગ૦ (૪)
ચોરાશી લાખ પૂર્વનું, જિનવર **ઉત્તમ** આય-લાલ રે
**પદ્મવિજય** કહે પ્રણમતાં, વહેલું શિવસુખ થાય લાલ રે
—જગ૦ (૫)

卐

## (૫૭૮) (૨૫-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

### ( દેશી વિંછિયાની )

**શ્રી અજિત**-જિનેસર વંદિયે, જે ત્રિભુવન જન આધાર રે
પચાસ લાખ કોડિ અયરનો[1],
અંતર **આદિ-અજિત** વિચાર રે—શ્રી૦ (૧)
સુદ વૈશાખની તેરસે, પ્રભુ અવતરયા જગ સુખદાય રે
મહા સુદિ આઠમ દિને જનમિયા
તિમ નવમી વ્રતધર થાય રે—શ્રી૦ (૨)
એકાદશી અરજુન[2] પક્ષની, પોસ માસની પામ્યા નાણ રે
ચૈતર સુદિ પાંચમને દિને,
પામ્યા પ્રભુ શાશ્વત-ઠાણ રે—શ્રી૦ (૩)
સાઢા ચ્યારસેં ઉંચી ધનુષની, કાયા કંચનને વાન રે

---

૧. સાગરોપમનો ૨. અજુવાળીયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ બોતેર પૂરવનું આઉખું,
જગ ઉપગારી ભગવાન રે—શ્રી૦ (૪)
જે જિનવર નમતાં સાંભરે, એકસો સિત્તોર મહારાજ રે
તેહના **ઉત્તમ** પદ–**પદ્મ**ની,
સેવાથી લહે શિવરાજ રે—શ્રી૦ (૫)

卐

## (૫૭૯) (૨૫–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

(શાંતિજિન એક મુજ વિનતિ–એ દેશી)

**સંભવ**જિનવર સુખકરૂ, સાગર ત્રીસ લાખ કોડિ રે
**અજિત–સંભવ** વચે આંતરૂં,
જગતમાં જાસ નહિ જોડિ રે—સં૦ (૧)
ફાગુણ સુદિ તણી આઠમે, જેહનું ચ્યવન–કલ્યાણ રે
માગશિર સુદિની ચૌદસે
નિપનો જનમ જિનભાણ રે—સં૦ (૨)
કનક વરણે તજી કામિની, લીધો સંયમભાર રે
પૂરણિમા માગશિર માસની,
ઘર તજી થયા અણગાર રે—સં૦ (૩)
ચ્યારસેં ધનુષની દેહડી, કાતી વદ પાંચમે નાણ રે
લોક–અલોક ખટ દ્રવ્ય જે,
પરતક્ષ નાણ પરમાણ રે—સં૦ (૪)
ચઈતર સુદ પાંચમે શિવ વર્યા, સાઠ લાખ પૂર્વનું આય રે
તાસ **ઉત્તમ** પદ–**પદ્મ**ની, સેવાથી સુખ થાય રે—સં૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૮૦) (૨૫-૪) શ્રી અભિનંદનસ્વામી-જિન સ્તવન

(દેશી સુંદરની)

સુંદર **અભિનંદન** જિનરાજની,
હું જાઉં બલિહારી હો—સુંદર૦
દશ લાખ કોડી સાગરે, **અભિનંદન** અવધાર હો
—સુંદર૦ (૧)

સુદ વૈશાખ ચોથે ચવ્યા,
જનમ્યા માહ સુદિ બીજે હો—સુંદર૦
સ્તવના-નિંદાથી પ્રભુ, નવિ હરખે નવિ ખીજે હો
—સુંદર૦ (૨)

સાઢા ત્રણસે ધનુષની, દેહડી સોવન વાન હો—સુંદર૦
મહા સુદિ બારસેં વ્રત ધરી, મનપર્યવ લહે જ્ઞાન હો
—સુંદર૦ (૩)

સુદ ચૌદશ પોષ માસની, પંચમનાણ પ્રકાશ હો—સુંદર૦
વૈશાખ સુદિ આઠમ દિનેં, પોહતા શિવપુર વાસ હો
—સુંદર૦ (૪)

લાખ પચાશ પૂરવ તણું, જિનવર **ઉત્તમ** આય હો—સુંદર૦
**પ્રેમે પદ્મવિજય** કહે, થુણિયે શ્રી જિનરાય હો—સુંદર૦ (૫)

卐

## (૫૮૧) (૨૫-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(અબ લીલા રંગાવો વરનાં મોળીયાં-એ દેશી)

સેવો **સુમતિ**-જિનેસર સાહિબો,
પ્રભુ **અભિનંદનથી** એહ રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ લાખ કોડી સાગર તણો,
અંતર ગુણગણમણિ-ગેહ રે—સેવો૦ (૧)
ચવ્યા શ્રાવણ સુદિ બીજને દિને, સૂચિત ચૌદ સુપને જેહ રે
વૈશાખ સુદિ આઠમે જનમીયા,
ત્રણજ્ઞાન-સહિત વર દેહ રે—સેવો૦ (૨)
ઊંચી કાયા ત્રણસે ધનુષની, સોવન વન્ન અતિ અવદાત રે
સુદિ વૈશાખ નવમીયેં વ્રત લીયેં,
દેઈ દાન સંવછરી ખ્યાત રે—સેવો૦ (૩)
ચૈતર સુદિ અગીઆરસ દિને, લહ્યું પ્રભુજી પંચમનાણ રે
ચૈતર સુદિ નવમીયેં શિવ વર્યા,
પૂર્વ લાખ ચ્યાલીશ આયુ જાણ રે—સેવો૦ (૪)
એ તો જિનવર જગગુરૂ મીઠડો,
માહરા આતમચો આધાર રે
ભવ ભવ પ્રભુ શરણે રાખજ્યો,
કહે **પદ્મવિજય** ધરી પ્યાર રે—સેવો૦ (૫)

卐

## (૫૮૨) (૨૫-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**(સાહેલડીયાં—એ દેશી)**

**પદ્મપ્રભ** છઠ્ઠા નમો-સાહેલડીયાં,
**સુમતિ-પદ્મ** વિચે જેહ રે-ગુણવેલડીયાં૦
નેઉ સહસ કોડી અયરનો[૧]—સા૦
અંતર જાણે એહ રે—ગુણ૦ (૧)

૧. સાગરોપમનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચવીઆ મહા વદી છઠ દિને—સા૦
જનમ તે કારતિક માસ રે—ગુણ૦
વદી બારશ દિન જાણીયે—સા૦
રક્ત વરણ છે જાસ રે—ગુણ૦ (૨)
ધનુષ અઢીસે દેહડી—સા૦
કાતી માસ કલ્યાણ રે—ગુણ૦
વદી તેરસ વ્રત આદર્યાં—સા૦
ચૈત્રી પૂનમ નાણ રે—ગુણ૦ (૩)
ત્રીસ લાખ પૂરવ તણું—સા૦
આયુ ગુણમણિ ખાણ રે—ગુણ૦
માગશિર વદિ અગિયારસે—સા૦
પામ્યા પદ નિરવાણ રે—ગુણ૦ (૪)
સાહિબ છે સુરતરું સમો—સા૦
જિન **ઉત્તમ** મહારાજ રે—ગુણ૦
**પદ્મવિજય** કહે પ્રણમીયે—સા૦
સીઝે વાંછિત કાજ રે—ગુણ૦ (૫)

卐

## (૫૮૩) (૨૫-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(દેશી—ઝૂંબખડાની)**

સાતમો સગ ભય વારવા,
જિનવરજી જયકાર સોભાગી સાંભળો
અંતર સાગર એહનો, નંદ[1] કોડિ હજાર—સો૦ (૧)

---

૧. નવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાદ્રવા વદની આઠમે, ચવીઆ સ્વર્ગને છાંડી—સો૦
જેઠ સુદી બારસ જનમીયા,એ પ્રભુશું રઢ માંડી—સો૦ (૨)
ધનુષ બસે તનુ જેહનું, કાંતિ કનક અનુહાર—સો૦
જેઠ સુદી તેરસે આદરે, ચોખા મહાવ્રત ચ્યાર—સો૦ (૩)
ફાગુણ વદી છઠે ઉપનું, નિરૂપમ પંચમનાણ—સો૦
વીશ લાખ પૂરવ તણું, આઉખું ચઢયું સુપ્રમાણ—સો૦(૪)
ફાગુણ વદી સાતમ દિને, પારંગત થયા દેવ—સો૦
**જિન-ઉત્તમ** પદ **પદ્મની**, કીજે નિતનિત સેવ—સો૦(૫)

卐

## (૫૮૪) (૨૫–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**(મુખને મરકલડે—એ દેશી)**

શ્રી **ચંદ્રપ્રભ** જિનરાયજી—જિનવર જયકારી
નવસે કોડી અયર વિચે થાયજી—ભવિજન હિતકારી
ચૈતર વદી પાંચમેં ચવીયાજી—સહુ જન સુખકારી;
નારકી સુખ લહે અણમવીયાં[૧],જી ભવિજન ભયહારી૦(૧)
પોસ વદી બારસને દિન્નજી—જન્મ્યા જાઉં વારી
કુંદ ઇંદુ ગોખીર સમ તન્નજી—જાઉં હું બલીહારી
જસ દોઢસો ધનુષની કાયાજી—ઉંચ પણે ધારી;
પોસ વદી તેરસે વ્રત પાયાજી—છોડી કંચન—નારી૦(૨)
ફાગુણ વદી સાતમે પામ્યાજી—સર્વજ્ઞ પદભારી
સુર–અસુર મળી શિર નામ્યાજી—મહોછવ કરે ત્યારી
ભાદ્રવા વદી સાતમે વરીયાજી—શિવસુંદરી સારી,

૧. માપ્યા વિના=ઘણું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ દશ લાખ પૂરવ ધરીયાજી—બહુ ભવિજન તારી
કોઈ અપુરવ ચંદ્રમા એહજી—લંછને અવિકારી;
નવિ રાહુ ગ્રહણ કરે જેહજી—નિત ઉદ્યોતકારી
નવિ મેઘ આવે જસ આગેજી—કાંતિ શોભા હારી,
નવિ ખંડિત હોય કોઈ માગેજી—સહુ નમે નિરધારી.
તું સાહિબ જગનો દીવોજી—અંધકાર વારી,
**લક્ષ્મણા** નંદન ચિરંજીવોજી—જગમોહનકારી
કહે **પદ્મવિજય** કરું સેવાજી—સર્વ દૂરે હારી,
જિમ લહિયેં શિવસુખ મેવાજી—અનોપમ અવધારી

卐

## (૫૮૫) (૨૫-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

(વાડી ફુલી અતિ ભલી મન ભમરારે—એ દેશી)

**સુવિધિ** જિનપતિ સેવીયેં—મનમોહન મેરે,
અંતર **સુવિધિ ચંદ**—મન૦
નેઉ કોડિ સાગરતણું—મન૦
પ્રણમો ભવિજનવૃંદ—મન૦ (૧)
ફાગુણ વદી નવમી ચવ્યા—મન, **રામા** ઉરસરહંસ—મ૦
માગશિર વદી પાંચમે જણ્યા—મન૦
દીપાવ્યો **સુગ્રીવ**વંશ—મન૦ (૨)
એકસો ધનુષ કાયા ભલી—મન૦
વરણ ચંદ અનુહાર—મન૦
માગશિર વદી છઠેં વ્રતી—મન૦
લીધો સંયમભાર—મન૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુદી કારતિક ત્રીજે થયા–મન૦ લોકાલોકના જાણ–**મન૦**
ભાદ્રવા સુદી નવમી દિને–મન૦
પ્રભુ પામ્યા નિરવાણ—મન૦ (૪)
હોય લાખ પૂરવ તણું—મન૦ જિનવર **ઉત્તમ** આય–મ૦
**પદ્મવિજય** કહે પ્રણમતાં–મન૦ આપદ દૂર પલાય–મ૦(૫)

卐

## (૫૮૬) (૨૫–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

### (વારી હું ગોડી પાસની—એ દેશી)

**શીતલનાથ** સુહંકરૂં, નમતાં ભવભય જાય—મોહન
**સુવિધિ–શીતલ** વિચે આંતરો,
નવ કોડી સાગર થાય—મો૦ (૧)
વૈશાખ વદિ છઠે ચવ્યા, મહા વદિ બારસે જન્મ–મો૦
નેઉ ધનુષ સોવન વાને,
નવિ બાંધે કોઈ કમ્મ—મો૦ શી૦ (૨)
મહા વદિ બારસે આદરી, દીક્ષા દક્ષ જિનંદ—મો૦
પોસ અંધારી ચૌદશે, ઉગ્યો જ્ઞાનદિણંદ—મો૦ શી૦
લાખ પૂરવનું આઉખું, બીજ વૈશાખ વદિ માસ—મો૦
અજરામર સુખિયા થયા,
છેદ્યો ભવભય પાશ—મો૦ શી૦ (૪)
એ **જિન–ઉત્તમ** પ્રણમતાં, અજરામર હોયે આપ–મો૦
**પદ્મવિજય** પ્રભુ આગમે,
એહવી દીધી છાપ—મો૦ શી૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૮૭) (૨૫-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**(પ્રથમ ગોવાલાતણે ભવેજી—એ દેશી)**

છવીશ સહસ લખ છાસઠેજી, વરસ સો સાગર એક
ઉણાં કોડિ સાગરતણુંજી, **શ્રેયાંસ**-અંતર છેક રે
ભવિકા ! વંદો શ્રી જિનરાજ ?
તુમે સારો[1] આતમ કાજ રે— ભવિકા૦ (૧)
જેઠ વદિ છઠ્ઠિ દિનેજી, ફાગુણ વદિમાં રે જોય
બારસને દિને જનમીયાજી, કંચન વરણા હોય રે-ભ૦(૨)
એશી ધનુષ કાયા કહીજી, જાસ સુગંધી રે શ્વાસ
ફાગુણ વદિ તેરસે ગ્રહેજી, સંયમ સુખ આવાસ રે-ભ૦(૩)
જ્ઞાન અમાસ માહ માસનીજી, આયુ ચોરાશી લાખ
વર્ષ શ્રાવણ વદિ શિવ વરયાજી,
ત્રીજ દિને ઈમ ભાખ રે—ભ૦ (૪)
**જિન** કલ્યાણક દીઠડાંજી, ધન્ય **ઉત્તમ** નર નાર
**પદ્મ** કહે સફળો કર્યોજી, માનવનો અવતાર રે—ભ૦

卐

## (૫૮૮) (૨૫-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન

**ઇડર આંબા આંબલી રે—એ દેશી)**

વાસવવંદિત વંદીએ રે, **વાસુપૂજ્ય** જિનરાય
**શ્રેયાંસ** ને **વાસુપૂજ્ય** વિચે રે, ચોપન સાગર જાય
જિનેસર ! તું મુજ પ્રાણ-આધાર, તુંહી જ મોક્ષદાતાર;
ચવીઆ જેઠ સુદિ નવમીયે રે, જનમ તો ફાગુણ માસ
વદિ ચૌદસ દિન જાણીયે રે, ત્રોડે ભવભય પાશ-જિ૦(૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિત્તોર ધનુ-તનુ રક્તતા રે, દીપે જાસ પવિત્ત
અમાવાસ્યા ફાગુણ તણી રે, જિનવર લિયે ચારીત્ત-જિ૦
બીજ માહ સુદની ભલી રે, પામ્યા જ્ઞાનમહંત
આસાઢ સુદી ચૌદસે કર્યો રે, આઠ કરમનો અંત-જિ૦
આયુ બોતેર લખ વરસનું રે, **જિન-ઉત્તમ** મહારાજ
બાંહિ ગ્રહીને તારીયેં રે, **પદમવિજય** કહે આજ-જિ૦

卐

## (૫૮૯) (૨૫-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

(સાહિબા મોતીયોને હમારો—એ દેશી)

**વિમલનાથ** તેરમા ભવિ વંદો, જસ નામે જાયે દુખ ફંદો
સાહિબા ! ગુણવંતા હમારા મોહના ગુણવંતા
ત્રીશ સાગર અંતર બિહું જિનને,
ગમિઓ એ પ્રભુ માહરા મનનેં—સા૦ (૧)
ચવન વૈશાખ સુદિ બારસ દિન્ન,
જનમ માહ સુદિ ત્રીજનો પુન્ન—સા૦
સાઠ ધનુષ જસ દેહ વિરાજે;
કનકવરણ અતિશય જસ છાજે—સા૦ (૨)
માહા સુદિ ચોથેં ચારિત્ર વરિયા;
પોસ સુદિ છઠ થયા જ્ઞાનના દરિયા—સા૦
ત્રિગડું રચે સુર પરખદા બાર
ચ્યાર રૂપે કરી ધર્મદાતાર—સા૦ (૩)
સાઠ લાખ વરષ આયુ માન,
તાર્યા ભવિજનને અસમાન—સા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસાડ વદિ સાતમે વર્યા સિદ્ધિ,
પરગટ કીધી આતમરિદ્ધિ—સા૦ (૪)
શરણાગતવત્સલ જિનરાજ,
મુજ શરણાગતની તુમ્હ લાજ—સા૦
નિજ **ઉત્તમ** સેવકને તારો,
**પદમ** કહે વિનતિ અવધારો—સા૦ (૫)

卐

## (૫૯૦) (૨૫-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

**(ઝાંઝરીયા મુનીવર ધન ધન તુમ અવતાર—એ દેશી)**

**અનંત**-જિનેસર ચૌદમાજી, આપો ચ્યાર અનંત
**અનંત-વિમલ** વચ્ચે આંતરોજી, સાગર નવ તે કહંત
સોભાગી જિનશું મુજ મન લાગો રંગ (૧)
શ્રાવણ વદિ સાતમ દિનેજી, ચ્યવનકલ્યાણક જાસ
વૈશાખ વદિની તેરસેજી, જનમે જગતપ્રકાશ—સો૦ (૨)
ધનુષ પચાશની દેહડીજી, કંચન વરણ શરીર
વૈશાખ વદિ ચૌદશ દિનેજી, સંજમ સાહસ ધીર—સો૦
વૈશાખ વદિની ચૌદશેંજી, પામ્યા જ્ઞાન અનંત
ચૈતર સુદિની પાંચમેજી, મોક્ષ ગયા ભગવંત—સો૦ (૪)
ત્રીશલાખ વરસ તણુંજી, ભોગવ્યું **ઉત્તમ** આય
**પદમવિજય** કહે સાહિબાજી, તુમ તૂઠે શિવ થાય-સો૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૯૧) (૨૫–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

(કપૂર હુવે અતિ ઉજલો રે—એ દેશી)

**ધરમ**જિણંદ ધરમ ધણી રે, વજ્રી[1] સેવે પાય
વજ્ર લંછન જિન આંતરૂં રે, ચ્યાર સાગરનું થાય રે
પ્રાણી ! સેવો શ્રી જિનરાજ, એહિ જ ભવજલ જહાજ રે
—પ્રાણી૦ (૧)

વૈશાખ સુદિ સાતમે ચવ્યા રે, જનમ્યા માહા સુદિ ત્રીજ
કાયા પિસ્તાલીસ ધનુષની રે, જેહથી લહે બોધિબીજ રે
—પ્રાણી૦ (૨)

કનકવરણ કંચન તજી રે, માહ સુદિ તેરસે દીખ
વર પોસ સુદિ પૂનમે રે, જ્ઞાન લહી દીયે શીખ રે
—પ્રાણી૦ (૩)

દશ લાખ વરસનું આઉખું રે, તારી બહુ નર નાર
જેઠ સુદિ પાંચમે શિવ વર્યા રે, અજરામર અ–વિકાર રે
—પ્રાણી૦ (૪)

તું સાહિબ સાચો લહી રે, **જિનવર ઉત્તમ** દેવ
**પદમવિજય** કહે અવરની રે, ન કરૂં સુપને સેવ રે
—પ્રાણી૦ (૫)

卐

## (૫૯૨) (૨૫–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

(સુણ મેરી સજની રજની ન જાવે રે-એ દેશી)

**શાંતિ**જિનેસર સોળમો સ્વામી રે,
એક ભવમાં દોય પદવી પાંમી રે

---

૧. ઈંદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂણું પલ્યોપમ ઓછું જાણો રે,
અંતર ત્રણ સાગર મન આણો રે— (૧)
ભાદ્રવા વદ સાતમ દિન ચવન્ન રે,
જનમ તે જેઠ વદિ તેરસ દિન્ન રે
ચ્યાલીશ ધનુષ કાયા તજી માયા રે,
જેઠ વદિ ચૌદસ વ્રત નિપાયા રે— (૨)
સુદિ નવમી પોસમાં લહે જ્ઞાન રે,
અતિશય ચોત્રીશ કંચન વાન રે
લાખ વરસ આયુ પરમાણ રે,
જેઠ વદિ તેરસ દિન નિરવાણ રે— (૩)
જિન પારંગત તું ભગવંત રે, સ્યાદ્વાદી શંકર ગુણવંત રે
શંભુ સ્વયંભુ વિશ્વી વિધાતા રે,
તુંહી સનાતન અભયનો દાતા રે— (૪)
પિતા ત્રાતા માતા ભ્રાતા રે, જ્ઞાતા દેવનો દેવ વિખ્યાતા રે
ઈણિ પરે ઓપમા **ઉત્તમ** છાજે રે,
**પદ્મવિજય** કહે ચઢત દિવાજે રે— (૫)

卐

## (૫૯૩) (૨૫-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**(દેશી—રસીયાની)**

**કુંથુ**જિનેસર પરમ કૃપાગુરૂ[૧], જગગુરૂ જાગતી જ્યોત-સોભાગી
અરધ પલ્યોપમ અંતર **શાંતિ**થી,
**કુંથુ** જિણંદ વિચે હોત—સો૦ (૧)
ચવીઆ શ્રાવણ વદિ નવમી દિને,

---

૧. કૃપાના દરિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખ વદિમાં રે જન્મ—સો૦
ચૌદશને દિને તે પ્રભુ પ્રણમતાં,
બાંધે નવિ કોય કમ્મ—સો૦ (૨)
પાંત્રીશ ધનુષ પ્રમાણ દેહડી, કંચન વાને રે કાય—સો૦
વૈશાખ વદિ પાંચમે દીક્ષા ગ્રહી,
તપ કરી કર્મ જલાય—સો૦ (૩)
ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયુ પંચાણું હજાર—સો૦
વરસ વૈશાખ વદિ પડવે શિવ વર્યા,
અશરીરી અણહાર—સો૦ (૪)
સુરઘટ[1] સુરગવી[2] સુરમણી[3] ઓપમા,
**જિન-ઉત્તમ** લહે જેહ—સો૦
મુજ મન વંછિત પ્રભુજી! આપજો,
**પદ્મવિજય** કહે એહ—સો૦ (૫)

卐

## (૫૯૪) (૨૫-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

(દેશી—બીંદલીની છે)

**અરનાથ** જિનેસર વંદો, ભવભવના પાપ નિકંદો હો,
ભાવે ભવિ પૂજો
કોડિ સહસ વરસ ઊણુ કીજે,
પા પલ્યનું અંતર લીજે હો—ભાવે૦
ફાગુણ સુદિ ચ્યવન તે બીજે,
સહુ જીવે સુખ લહીજે હો—ભાવે૦ (૧)
માગશિર સુદિ દશમે જાયા,
છપન્ન દિશકુમરી ગાયા હો—ભાવે૦ (૨)

---

૧. કામકુંભ ૨. કામધેનુ ૩. ચિંતામણિ રત્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીશ ધનુષતણી જસ કાયા, છોડી મમતા ને માયા હો-ભાવે૦
અગીયારસ માગશિર સુદિ લિયે,
દીક્ષા જે સ્વયંબુદ્ધ હો—ભાવે૦ (૩)
કાતી સુદિ બારસે જ્ઞાન, પ્રામ્યા પ્રભુ કંચનવાન હો—ભાવે૦
માગશિર સુદિ દશમે જિણંદ,
પામ્યા પરમાણંદ હો—ભાવે૦ (૪)
વરસ ચોરાસી હજાર, ભોગવી આયુ શ્રીકાર હો—ભાવે૦
**ઉત્તમ** પદ-**પદ્મ**ની સેવા,
કરવી અક્ષયપદ લેવા હો—ભાવે૦ (૫)

卐

## (૫૯૫) (૨૫-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

(દેશી—જી હો)

જી હો! **મલ્લિ**જિનેસર! મનહરૂં,
લાલા! અંતર એહ વિચાર
જી હો! કોડિ સહસ વરસોતણું, લાલા! અર-મલ્લિ વિચે ધાર
જિનેસર! તું મુજ તારણહાર,
જી હો જગત જંતુ હિતકાર—જિણે૦ (૧)
જી હો! ફાગુણ સુદિ ચોથે ચવ્યા,
લાલા! જનમ દીક્ષા ને રે નાણ
જી હો! માગશિર સુદિ એકાદશી,
લાલા! એક જ તિથિ ગુણખાણ—જિણે૦ (૨)
જી હો! વરસ પંચાવન સહસનું,
લાલા! ભોગવી આયુ શ્રીકાર
જી હો! ફાગુણ સુદિ બારસ દિને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાલા ! વરિયા શિવવધૂ સાર—જિણે૦ (૩)
જી હો ! **નીલવરણ** તનુ જેહનું,
લાલા ! ચોત્રીશ **અતિશય** ધાર
જી હો ! પણવીશ ધનુષ કાયા કહી,
લાલા ! વર્જિત દોષ અઢાર—જિણે૦ (૪)
જી હો ! ચોસઠ ઇંદ્ર સેવા કરે, લાલા ! **જિન-ઉત્તમ** નિતમેવ
જી હો ! મુજ સેવક કરી લેખવો,
લાલા ! **પદમવિજય** કહે હેવ—જિણે૦ (૫)

卐

## (૫૯૬)(૨૫-૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી-જિન સ્તવન

**(આઘા આમ પધારો પૂજ્ય ! અમ ઘર વહોરણ વેહલા—એ દેશી)**

મુનિસુવ્રત ! જિન મહેર કરીને, સેવક સનમુખ દેખો,
ચોપન લાખ વરસનું અંતર, **મલ્લિજી**ણંદથી પરખો-
ભવિજન ! ભાવ ધરીને એહ અતિ આદર કરી પૂજો,
શ્રાવણ સુદિ પૂનમ પ્રભુ ચવિયા, જનમ આઠમ જેઠ વદિ
વીશ ધનુષની દેહ વિરાજે, રૂપતણી હુવે હદિ[1]—ભ૦(૧)
ફાગુણ સુદિ બારસેં દિન દીક્ષા, શામળ વરણો સોહે
ફાગુણ વદિ બારસ દિને પ્રભુજી, ક્ષપક શ્રેણી આરોહે-ભ૦
લહે જ્ઞાન ને દીધી દેશના, ભવિજનને ઉપગારે
ત્રીશહજાર વરસ ભોગવીઉં, આયુ શુદ્ધિ પ્રકારે—ભ૦
આપ જેઠ વદિ નવમીયેં વરિયા, **જિન-ઉત્તમ** વરસિદ્ધિ
**પદમવિજય** કહે પરગટ કીધી, આપ અનંતી રિદ્ધિ-ભ૦

---

૧. હોડ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૯૭) (૨૫-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

### (વારી રંગ ઢોલણા—એ દેશી)

**નમિ**જિનવર એકવીશમો હો રાજ ! ત્રિભુવન તારણહાર
વારી મોરા સાહિબા૦
છ લાખ વરસનું આંતરૂં હો રાજ !
આતમચો આધાર—વારી૦ (૧)
આસો સુદિ પૂનમે ચવ્યા હો રાજ !
જનમ શ્રાવણ વદિ માસ—વારી૦
આઠમે અતિશય ચ્યારશું હો રાજ !
કનક વરણ છબિ[1] જાસ—વારી૦ (૨)
પંદર ધનુષ તનુ ઉંચતા હો રાજ !
દીક્ષા વદિ આષાઢ—વારી૦
નવમી પાય નિવારણી હો રાજ !
જાસ પ્રતિજ્ઞા આઘાટ[2]—વારી૦ (૩)
માગશિર સુદી એકાદશી હો રાજ !
પામ્યા સમયિક[3] જ્ઞાન—વારી૦
દશ હજાર વરસોતણું હો રાજ !
આયુનું પરિમાણ—વારી૦ (૪)
વૈશાખ વદી દશમી દિને હો રાજ !
જિનવર **ઉત્તમ** સિદ્ધ—વારી૦
**પદ્મ** તસ ગુણ ગાવતાં હો રાજ !
માનવનું ફળ લિદ્ધ—વારી૦ (૫)

---

૧. શરીરની પ્રભા ૨. દૃઢ ૩. કેવળ જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૯૮) (૨૫–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

(ભોલિડા રે હંસા વિષય ન રાચિયે—એ દેશી)

**નેમિજિનેસર** નમિયે નેહશ્યું, બ્રહ્મચારી ભગવાન
પાંચ લાખ વરસનું આંતરૂ, શ્યામ વરણ તનુ વાન–ને૦
કારતિક વદિ બારસ ચવિયા પ્રભુ, માત **શિવાદે** મલ્હાર
જન્મ્યા શ્રાવણ સુદી પાંચમ દિને, દશ ધનુષકાયા ઉદાર–ને૦
શ્રાવણ સુદી છઠ દીક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ
આષાઢ સુદી આઠમે સિદ્ધિ વર્યા,
વરસ સહસ આયુ પ્રમાણ—ને૦ (૩)
હરિ[1]–પટરાણી **શાંબ–પ્રદ્યુમ્ન** વલી–તિમ **વસુદેવ**ની નાર
**ગજસુકુમાલ** પ્રમુખ મુનિરાજિઆ,
પહોંચાડયા ભવપાર—ને૦ (૪)
**રાજિમતી** પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણા રે આણ
**પદ્મવિજય** કહે નિજ પર મત કરો,
મુજ તારો તો પ્રમાણ—ને૦ (૫)

卐

## (૫૯૯) (૨૫–૨૩) શ્રી પાર્શ્વનાથ–જિન સ્તવન

(રાગ—ધમાલ)

**પાસ** પ્રભુ તેવીશમા રે, સહસ ત્યાશીસય સાત-લલના
પચાશ ઉપર વરસનું રે, આંતરુ અતિહિ વિખ્યાત

---

૧. શ્રીકૃષ્ણ વાસુદેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખકારક સાહબ સેવીયેં હો૦
અહો ! મેરે ! લલનાં રે ! સેવતાં શિવસુખ થાય-સુ૦(૧)
ચૈત્ર વદી ચોથે ચવ્યા રે, કરવા ભવિ ઉપગાર-લલના
પોષ વદી દશમ અગિયારસે રે,
જનમ ને થયા અણગાર—સુ૦ (૨)
નવ કર જેહની દેહડી રે, નીલ વરણ તનુ કાંતિ-લલના
ચૈત્ર વદી ચોથે લહ્યા રે, ક્ષાયિક જ્ઞાન નિર્ભ્રાંતિ-સુ૦ (૩)
શ્રાવણ સુદી આઠમ દિને રે, પામ્યા ભવનો પાર-લલનાં
આઉખું સો વરસાંતણું રે, **અશ્વસેન**-સુત સાર—સુ૦
આદેય-નામ તણો ધણી રે, મહિમાવંત મહંત-લલના
**પદ્મવિજય** પુણ્યે કરી રે,
પામ્યો એહ ભગવંત-લલના—સુ૦ (૫)

## (૬૦૦)(૨૫-૨૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

### (સંભવ-જિન અવધારીયે—એ દેશી)

ચરમ જિણંદ ચોવીશમો, શાસન નાયક સ્વામી-સનેહી
વરસ અઢીસેં આંતરું, પ્રણમો નિજ હિતકામી-સ૦ ચ૦
આષાઢ સુદી છઠેં ચવ્યા, પ્રાણતસ્વર્ગેથી જેહ—સ૦
જનમ્યા ચૈતર સુદી તેરસેં, સાત હાથ પ્રભુ દેહ-સ૦ચ૦
સોવન વરણ સોહામણો, બોતેર વરસનું આય—સ૦
માગશિર વદી દશમી દિને, સંયમશું ચિત લાય-સ૦ચ૦
વૈશાખ સુદી દશમી પ્રભુ, પામ્યા કેવળનાણ—સ૦
કાતી અમાવાસને દિહાડલે, લહિઆ પ્રભુ નિરવાણ-સ૦ચ૦
દીવાલી એ જિન થકી, **ઉત્તમ** દિવસ કહાય—સ૦
**પદ્મવિજય** કહે પ્રણમતાં, ભવ-ભવના દુઃખ જાય-સ૦ચ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामीने नमः

# શ્રી પદ્મવિજયજી મ.
## કૃત
# સ્તવન-ચોવીશી (બીજી)

## (૬૦૧) (૨૬-૧) શ્રી ઋષભદેવ-જિન સ્તવન

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી)

**ઋષભજિનેસર** વૃષભ-લંછન-ધરૂ, ઉંચા જે સાત રાજોજી,
નિરલંછન પદને પ્રભુ પામીયા, શિવપુરનો સામ્રાજ્યોજી-ઋ૦
અવ્યય અચલ અચિંત અનંત છે, અશરીરી અણાહારીજી
અવિનાશી શાશ્વત-સુખનો ધણી, પર પરિણતિ નિવારીજી૦
જ્ઞાન અનંત અનંત દરશનમયી, લોકાલોક-સ્વભાવોજી,
દેખે કર-આમળ પરે, પણ નહીં, રમતા જે પરભાવોજી-ઋ૦
નિજરૂપે રમણ કરતા સદા, સાદિ-અનંતહ ભાગોજી
અવ્યાબાધ અજર અજ જે થયા, પુદગલ ભાવ નિસંગોજી-ઋ૦
પુદગલ-રહિતપણે સુખ ઉપનું, તે કિમ જીભે કહાયોજી,
વરણાદિક નહી જાસ સ્વરૂપ છે, જોગાતીત જિનરાયોજી-ઋ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તા ભોકતારે નિજ ગુણનો પ્રભુ, અવગાહી નિજ ખેતોજી,
અછે અનંતા નિજ ઠામે રહ્યા, ભીડ ન કોયને દેતોજી—ઋ૦
એ **જિનવર ઉત્તમ** પદ-રૂપ જે, **પદમને** અવલંબીજેજી
તો પરભાવ કર્મ દૂરે કરી, ઠાકુર પદવી લીજેજી—ઋ૦

卐

## (૬૦૨) (૨૬–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

**( સ્વામી સીમંધરા વિનતિ—એ દેશી )**

**અજિતજિન !** તુમ-મુજ અંતરો, જોતાં દીસેં ન કોયરે,
તુજ–મુજ આતમ સારિખો,
હાંરે ! સત્તા ધર્મથી હોયરે—અ૦ (૧)
જ્ઞાન દર્શન ચરણ આદિ દેઈ, ગુણ અછે જેહ અનંતરે,
અસંખ્ય પ્રદેશ વળી સારિખા,
એ છે ઈણિપરે તંતરે—અ૦ (૨)
એતલો અંતર પણ થયો, હાંરે ! આવિરભાવ–તિરોભાવરે,
આવિરભાવે ગુણ નિપના,
તિણે તુજ રમણ સ્વભાવ રે—અ૦ (૩)
રાગ–દ્વેષાદિ વિભાવની, હાંરે ! પરિણતિ પરભાવે રે,
ગ્રહણ કરતો કરે ગુણતણો,
હાંરે ! પ્રાણી એહ તિરોભાવે રે—અ૦ (૪)
એહ અંતર પડયો તુજ થકી, હાંરે ! તેનું મને ઘણું દુઃખરે,
ભીખ માંગે કુણ ધન છે તે ?
હાંરે ! છતે આહાર કુણ ભૂખરે—અ૦ (૫)
તુજ અવલંબને આંતરો, હાંરે ! ટળે માહરે સ્વામરે,
અચલ અખંડ અગુરૂલહુ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે ! લહુ નિરવદ્ય ઠામરે—અ૦ (૬)
જે અવેદી અખેદી પણે, અલેશીને અજોગીરે,
**ઉત્તમ** પદ વર **પદમનો**,
હાંરે ! થાયેં ચેતન ભોગી રે—અ૦ (૭)

卐

## (૬૦૩) (૨૬–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**(આવો મુજ મનમંદિર—એ દેશી)**

કયું જાનું કયું બની આવહિ,
શ્રીસંભવ જિનરાજ—હો મિત્ત,
તુજ-મુજ અંતર મોટકો,
કિમ ભાજે તે આજ—હો ? મિત્ત—કયું૦ (૧)
મુજ પ્રવર્તન જેહ છે, તે ભવવૃદ્ધિનું હેત–હો ! મિત્ત !
હું કર્તા કર્મજ તણો,
કરિયેં તે કર્મ ચેત હો ! મિત્ત–કયું૦ (૨)
જીવ–ઘાતાદિ કારણે કરી, કરણ કારક ઈમ હોય–હો ! મિત્ત !
અક્ષય પંચ પોષક સદા,
કારક સંપયાણ જોય—હો ! મિત્ત ! કયું૦ (૩)
ઈમ મનુજનો ભવ ભલો, હારીને સુણજે સ્વામી–હો ! મિત્ત
નરક–નિગોદ વિષે ગયો, ખટ કારક મુજ નામ—હો !
મિત્ત કયું૦ (૪)
તે વિપરીત એ સાધીઆ, તું કરતા શિવ ઠાણ—હો ! મિત્ત
કરિયેં તે કારક કર્મ છે, શુભ સેવન કરણેણ—હો !
મિત્ત ! કયું૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેઈ ઉપદેશ ભવિ-લોકને,દીધો કર્મને ત્રાસ—હો ! મિત્ત !
કર્મથકી અલગો થયો, સિદ્ધિ વિષે ગયો ખાસ—હો !
મિત્ત ! કહ્યું૦ (૬)

ઈમ તુજ-મુજ અંતર પડયો,
કિમ ભાજે ભગવંત ?—હો ! મિત્ત
પણ જાણું તાહરી પરે, સાધતાં ભાજશે તંત—હો !
મિત્ત કહ્યું૦ (૭)

તપ કર્તા નિજ આત્મનો,ભોક્તા પણ તસ થાય—હો ! મિત્ત
તુજ-મુજ અંતર સવિ ટળે, સવિ માંગલિક બની આય
—હો ! મિત્ત ! કહ્યું૦ (૮)

અજરામર તસ સુખ હોયેં,વિલસે અનંતી રિદ્ધિ-હો ! મિત્ત
**ઉત્તમ** ગુરૂસેવા લહે, **પદ્મવિજય** ઈમ સિદ્ધ—હો !
મિત્ત ! કહ્યું૦ (૯)

卐

## (૬૦૪) (૨૬-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

**(તુમ્હે જોજયો જોજયો રે જંતને બજાવે તુમ્હે-એ દેશી)**

તુમ્હે જોજયો જોજયો રે, વાણીનો પ્રકાશ-તુમ્હે૦
ઉઠે છે અખંડ-ધ્વનિ, જોજને સંભળાય
નર તિરિય દેવ આપણી,સહુ ભાષા સમઝી જાય—તુમ્હે૦ (૧)
દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખેપે જુત્ત
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્ભુત—તુમ્હે૦ (૨)
પય સુધા નેં ઈક્ષુ-વારિ, હારી જાયેં સર્વ
પાખંડી જન સાંભળીને, મૂકી દિયેં ગર્વ—તુમ્હે૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ પાંત્રીશ અલંકરી, **અભિનંદનજિન** વાણી
સંશય છેદે મન તણા, પ્રભુ કેવલજ્ઞાને જાણી—તુમ્હે૦ (૪)
વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ–પર ભાવ—તુમ્હે૦ (૫)
સાધ્ય–સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર
હેય–જ્ઞેય–ઉપાદેય જાણે, તત્વાતત્વ–વિચાર—તુમ્હે૦ (૬)
નરક સ્વરગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ
રાગ–દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગ ને અપવાદ—તુમ્હે૦ (૭)
નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ
ચિદાનંદ–ઘન આતમ ને,થાયે જિન–ગુણ–ભૂપ—તુમ્હે૦ (૮)
વિનયથી **જિન–ઉત્તમ**કેરા, અવલંબે પદ–**પદ્મ**
નિયમા તે પર–ભાવ તજીને,
પામે શિવપુર–સદ્મ—તુમ્હે૦ (૯)

卐

## (૬૦૫) (૨૬–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

(સાહેલડીની-દેશી)

પંચમ જગપતિ વંદિયે—સાહેલડીયાં
**સુમતિ**–જિનેસર દેવ—ગુણવેલડીયાં
સુમતિતણો દાયક પ્રભુ—સા૦
એહ સેવો નિતમેવ—ગુણ૦ (૧)
જેહને જનમ–મરણ નહિં–સા૦
આર્તધ્યાન નવિ હોય—ગુણ૦
દુરગતિ સનમુખ નવિ હોયે—સા૦
ભવદુખ સામું ન જોય—ગુણ૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોગ-શોગ નવિ એહને—સા૦ નહિં એહને સંતાપ-ગુ૦
એહની કરો ઉપાસના—સા૦ જાયે જેહથી પાય-ગુ૦(૩)
અષ્ટ કરમ-દળ છેદીને—સા૦ પામ્યા અવિચલ રાજ્ય-ગુ૦
રત્નત્રયી પરગટ કરી—સા૦ સુખ વિલસે નિત પ્રાજ્ય-ગુ૦
**જિન-ઉત્તમ** પદ-**પદ્મ**ને—સા૦સેવ્યે સુખ નિરધાર-ગુ૦
જેહથી અક્ષયપદ લહે—સા૦ અવ્યાબાધ ઉદાર—ગુણ૦ (૫)

卐

## (૬૦૬) (૨૬-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**(દેશી—રસિયાની)**

**પદ્મ**જિનેસર પદ્મ લંછન ભલું,
પદ્મની ઓપમ દેવાય—જિનેસર૦
ઉદકને પંકમાંહિ જે ઉપનું,
ઉદક-પંકે ન લેપાય—જિને૦ પદ્મ૦ (૧)
તિમ પ્રભુ કર્મ-પંકથી ઉપના,
ભોગ-જળે વધ્યા સ્વામી—જિને૦
કર્મભોગ મ્હેલી અલગા રહ્યા,
તેહને નમું શિર નામી—જિને૦ પદ્મ૦ (૨)
બારે પરખદ આગળ તું દીયે, મધુર સ્વરે ઉપદેશ-જિને૦
શર દૃષ્ટાંતે દેશના સાંભળે,
નર-તિરિ-દેવ અશેષ—જિને૦ પદ્મ૦ (૩)
રક્તપદ્મ સમ દેહ તે તગતગે, જગ લગે રૂપ નિહાળ-જિ૦
ઝગમગે સમવસરણમાંહિ રહ્યો,
પગે-પગે રિદ્ધિ રસાળ—જિને૦ પદ્મ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સુશીમા** માતારે પ્રભુને ઉર ધર્યા,
પદ્મ-સુપન ગુણધામ—જિને૦
**ઉત્તમવિજય** ગુરૂ સાહાયે થયો,
**પદ્મવિજય** પદ્મનામ—જિને૦ પદ્મ૦ (૫)

卐

## (૬૦૭) (૨૬-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

(તુંગિયા ગિરિ શિખર સોહે—એ દેશી)

**શ્રી સુપાસ**જિણંદ તાહારું, અકલ રૂપ જણાય રે
રૂપાતીત સ્વરૂપવંતો, ગુણાતીત ગુણગાય રે
કયું હિ? કયું હિ? કયું હિ? કયું હિ? (૧)
તારનારો તુંહી કિમ પ્રભુ? હ્રદયમાં ધરી લોક રે
ભવસમુદ્રમાં તુજ તારે, તુજ અભિધા ફોક રે—કયું૦
નીરમાં દતિ[1] દેખી તરતી, જાણિયો મ્હેં સ્વામ રે
તે અનિલ[2] અનુભવ જિમ તિમ, ભવિક તાહરે નામ રે
ચુંહી? ચુંહી? ચુંહી? ચુંહિ? (૩)
જેહ તનુમાં ધ્યાન ધ્યાયેં તાહરૂં તસ નાશરે
થાય તનુનો તેહ કિમ? પ્રભુ!
એહ અચરિજ ખાસ રે—ચું૦ (૪)
વિગ્રહ ને ઉપશમ કરે તે, મધ્યવરતી હોય રે
તિમ પ્રભુ! તુમ્હે મધ્યવરતી,
કલહ તનુ શમ જોઈ રે—ચું૦ (૫)
તુમ પ્રમાણ અનલ્પ દીસે, તે ધરી હ્રદી ભવ્ય રે

---

૧. ચામડાની મશક ૨. પવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાર વિનુ જિમ શીઘ્ર તરિયે',
એહ અચરિજ નવ્ય રે—ચું૦ (૬)
મહાપુરૂષતણો જે મહિમા, ચિંતવ્યો નવિ જાય રે
ધ્યાન **ઉત્તમ જિનરાજ** કેરો,
**પદ્મવિજય** તિણે ધ્યાય રે—કચું૦ (૭)

卐

## (૬૦૮) (૨૬-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

( **ધણુરાઢોલા—એ દેશી** )

**ચંદ્રપ્રભ**—જિન આઠમા રે,
પામ્યા પૂર્ણ સ્વભાવ-જિનવર ધ્યાવો
પૂર્ણતા મુજ પરગટ થવા રે, છો નિમિત્ત નિષ્પાવ—જિન૦
ધ્યાવો ધ્યાવો રે ભવિક ! જિન ધ્યાવો,
પ્રભુ ધ્યાતાં દુઃખ પલાય—જિન૦
પરઉપાધિની પૂર્ણતા રે, જાચિત મંડન તેહ—જિન૦
જાત્યરત્ન સમપૂર્ણતા રે, પૂર્ણતા શુભરેહ—જિન૦ (૨)
કલ્પનાથી જે અ-તાત્વિકી રે, પૂર્ણતા ઉદધિકલ્લોલ-જિ૦
ચિદાનંદનઘન પૂર્ણતા રે, સ્તિમિત-સમુદ્રને તોલ-જિ૦
પૂર્યમાન હાનિ લહે રે, અ-સંપૂર્ણ પૂરાય—જિન૦
પૂર્ણાનંદ સ્વભાવ છે રે, જગદદ્ભૂતનો દાય—જિન૦ (૪)
**પૂર્ણાનંદ** જિણંદને રે, અવલંબે ધરી નેહ—જિન૦
**ઉત્તમ** પૂર્ણતા તે લહે રે, **પદ્મવિજય** કહે એહ-જિ૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૦૯) (૨૬-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**(મનમોહના રે લાલ—એ દેશી)**

સુવિધિજિનેસર સાહિબા રે—મનમોહના રે લાલ
સેવો થઈ થિર થોભ રે—જગસોહના રે લાલ
સેવા નવિ હોયે અન્યથા રે—મન૦
હોયે અથિરતાયેં ક્ષોભ રે—જગ૦ (૧)
પ્રભુ સેવા અંબુદ-ઘટા રે—મન૦,
ચઢી આવી ચિત્ત માંહિ રે—જગ૦
અથિર પવન જબ ઉલટે રે—મન૦,
તબ જાયેં વિલઈ ત્યાંહિ રે—જગ૦ (૨)
પુંશ્ચલી શ્રેયકરી નહી રે—મન૦,
જિમ સિદ્ધાંત—મઝાર રે—જગ૦
અથિરતા તિમ ચિત્તથી રે—મન૦,
ચિત્રવચન—આકાર રે—જગ૦ (૩)
અંતઃ કરણે અથિરપણું રે—મન૦,
જો ન ઉધર્યું મહા શલ્ય રે—જગ૦
તો શ્યો દોષ સેવા તણો રે—મન૦,
નવિ આપે ગુણ દિલ્લ રે—જગ૦ (૪)
તિણે સિદ્ધમાં પણ વાંછીઓ રે—મન૦,
થિરતા રૂપ ચરિત્ત રે—જગ૦
જ્ઞાન-દર્શન અ-ભેદથી રે—મન૦,
રત્નત્રયી ઈમ ઉત્ત રે—જગ૦ (૫)
**સુવિધિજિન** સિદ્ધિ વર્યા રે—મન૦,
**ઉત્તમ** ગુણ અનૂપ રે—જગ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પદ્મવિજય** તસ સેવથી રે—મન૦,
થાયેં નિજ ગુણ-ભૂપ રે—જગ૦ (૬)

卐

## (૬૧૦) (૨૬-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**( અમ્હ ઘર માંડ વસીઆ લોએ-એ દેશી )**

**શીતલ**જિનપતિ સેવીયેંએ, શીતલતાને કંદ,
સાહિબ ! શિવસુખકરૂ એ.
પ્રતિ-પ્રદેશ અનંત-ગુણાએ, પરગટ પુરણાનંદ—સા૦
એક પ્રદેશે નભતણે એ, દેવ સમૂહ સુખ વ્યાપી—સા૦
ત્રણ કાલ ભેલું કરીએ, અસત-કલપનાયેં થાપી—સા૦
ઈમ આકાશ પ્રદેશ જે છે, લોકાલોકના તેહ—સા૦
થાપતાં સંપૂર્ણ હોઈએ, અનંત ગુણ એમ એહ—સા૦
તે સુખ-સમૂહ તણો વળીએ, કીજે વર્ગ ઉદાર—સા૦
તેહને વર્ગ વળી કરોએ, એમ વર્ગ કરો વારંવાર—સા૦
અનંત-વર્ગ-વર્ગે કરીએ, વર્ગિત સુખ-સમુદાય—સા૦
અવ્યાબાધ સુખ આગળેં એ, પણ અતિ ઉણમ થાય-સા૦
મ્લેછ નગર-ગુણ કિમ કહે એ, અન્ય-મ્લેછપુર[1]તેહ-સા૦
તિમ ઓપમ વિણુ કિમ કહું ! **શીતલ**જિન સુખ જેહ-સા૦
**આવશ્યક**-નિર્યુક્તિએ, ભાખ્યો એ અધિકાર—સા૦
કરતાં સિદ્ધિ ભણી તિહાંએ, **ઉત્તમ** અતિ નમસ્યકાર-સા૦
એમ અનોપમ ભોગવો એ, **જિન-ઉત્તમ** મહારાજ-સા૦
તે **શીતલ** સુખ જાચીયેં એ, **પદ્મવિજય** કહે આજ-સા૦

---

૧. વની આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૧૧) (૨૬-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

(વારી હું ગોડી પાસજી-એ દેશી)

**શ્રી શ્રેયાંસ**-જિણંદની, અદ્‌ભુતતા ન કહાય—મોહન
સંજમ ગ્રહી કેવલ લહી, શૈલેશીયે સુહાય—શ્રી શ્રેયાંસ
—મોહન૦ (૧)

શુષિર-પૂરણથી હીનતા, યોગનિરોધ ને કાળ—મો૦
હોય ત્રિ-ભાગ અવગાહમા, વિ-છંડી કર્મજંજાળ
—મો૦ શ્રી૦ (૨)

વાચ્ય નહી સંઠાણથી, તિણે અનિશ્ચિત સંઠાણ—મો૦
પ્રદેશાંતર ફરસ્યા વિના, પામ્યા લોઅગ્ગ-ઠાણ-મો૦ શ્રી૦ (૩)

પ્રથમ સમય અનંતર કહ્યા, પછે પરંપર સિદ્ધ-મો૦
વેત્તા સવિ જગ-ભાવનો,
પણ કોઈ પયથ્થ ન ગિદ્ધ-મો૦ શ્રી૦ (૪)

ચિદાનંદ નિત ભોગવો, સાદિ-અનંત સ્વરૂપ—મો૦
જન્મ-જરા-મરણે કરી, નવિ પડવું ભવ-કૂપ-મો૦ શ્રી૦ (૫)

મોહક્ષયી પણ તાહરા, ગુણ ગાવા સમથ્થ—મો૦
પણ જયું શિશુ-સાગર મવે[1],
વિસ્તરણ કરી નિજ હથ્થ—મો૦ શ્રી૦ (૬)

તિણે **જિનવર ઉત્તમ** પ્રતે, વિનતિ કરીયે એહ—મો૦
નિજ પદ-**પદ્મ** સેવક ભણી,
દીજે શિવસુખ જેહ—મો૦ શ્રી૦ (૭)

卐

---

૧. માપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૧૨) (૨૬-૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી-જિન સ્તવન

(પ્રથમ ગોવાલા તણે ભવેજી-એ દેશી)

વાસવવંદિત વંદિએજી, **વાસુપૂજ્ય** જિનરાય
માનું અરૂણુ વિગ્રહ કરયોજી, અંતર રિપુ જયકાર[1]
ગુણાકર ! અદ્ભુત ત્હારી રે વાત,
સુણતાં હોય સુખ-શાંત—ગુણા૦ (૧)
અંતર રિપુ કેમ જય કર્યોજી, પામ્યો કેવલજ્ઞાન
શૈલેશીકરણે દહ્યાજી શેષ કરમ સુહ-ઝાણ—ગુણા૦ (૨)
બંધન-છેદાદિક થકીજી, જઈ ફરસ્યો લોકાંત
જિહાં નિજ એક અવગાહનાજી,
તિહાં ભવ મુક્ત અનંત—ગુણા૦ (૩)
અવગાહના જે મૂળ છે જી, તેહમાં સિદ્ધ અનંત
તેહથી અસંખગુણા હોયેંજી,
ફરસિત જિન ભગવંત—ગુણા૦ (૪)
અસંખ પ્રદેશ અવગાહનાજી, અસંખ્યગુણ તિણે હોય
જ્યોતિમાં જ્યોતિ મિલ્યા પરેજી,
પણ સંકીર્ણ ન કોય—ગુણા૦ (૫)
સિદ્ધ-બુદ્ધ પરમાતમાજી, આધિ-વ્યાધિ કરી દૂર
અચલ અમલ નિકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર—ગુ૦(૬)
નિજ-સ્વરૂપમાંહિ રમેજી, ભેળા રહત અનંત
**પદ્મવિજય** તે સિદ્ધનુંજી, **ઉત્તમ**-ધ્યાન ધરંત—ગુ૦ (૭)

卐

---

૧. જીતવા માટે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૧૩) (૨૬–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

**(ગુણહ વિશાલા મંગલિક–માતા—એ દેશી)**

**વિમલ**જિનેસર વયણ સુણીને, વિમલતા નિજ ઓલખાણી રે
પુદગલ તત્ત્વાદિક ભિન્ન સત્તા,
સિદ્ધ સમાન પિછાણી રે—વિ૦ (૧)

પુદગલ–સંગથી પુદગલમય, નિજ ખીર–નીર પરે અપ્પા રે
એતા દિન લગે એહિ જ ભ્રાંતિ,
પુદગલ અપ્પા થપ્પા રે—વિ૦ (૨)

માનું અબ મેં વાણી સુણીને, નિજ આતમરિદ્ધિ પાઈ રે
ગૃહ–અંતરગત નિધિ બતલાવત,
લહે આણંદ સવાઈ રે—વિ૦ (૩)

અપ્પા લહ્યો ત્યું દેહને અંતર, ગુણ અનંત નિધાન રે
આવારક આચાર્ય આવરણ,
જાણ્યા ભેઅ અમાન રે—વિ૦ (૪)

સિદ્ધસમાન વિમલતા નિજ તે, કરવા પ્રગટ સ્વભાવ રે
**વિમલ**જિન ઉત્તમ આલંબન,
**પદ્મવિજય** કરે દાવ રે—વિ૦ (૫)

卐

## (૬૧૪) (૨૬–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**(વિમલજિન વિમલતા તાહરીજી-એ દેશી)**

**અનંતજિન જ્ઞાન અનંતતાજી, મુજથી કેમ કહેવાય ?**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત આગમમાંહિ તોલિઆજી,
એ ખટ પયથ્થ જિનરાય—અનંત૦ (૧)

જીવ પુદગલ સમય એ ત્રિહુંજી, દ્રવ્ય પરદેશ પર્યાય
થોડલા જીવ પુદગલ તિહાંજી,
અનંતગુણા ઠહરાય—અનંત૦ (૨)

અનંતગુણ તૈજસ એક છેજી, અનંતગુણ કાર્મણ તાસ
બદ્ધ ને મુક્ત ભેળા વળીજી,
તિણે અનંતગુણી રાશ—અનંત (૩)

અનંતગુણ સમય તેહથી કહ્યાજી, સાંપ્રતસમય સહુમાંહી
વ્યાપિઓ તિણે તેહથી વળીજી,
દ્રવ્ય અધિકા કહ્યા ત્યાંહિ—અનંત૦ (૪)

જીવ-પુદગલાદિ પ્રક્ષેપથીજી, થાયે અધિકા એમ તેહ
છે પરદેશ અનંત ગુણાજી, નભ-પરદેશે કરી એહ-અ૦
શ્રેણી અનાદિ-અનંતનીજી, થાય ઘન-નભ-પરદેશ
કાળનો તે ઘન નવિ હોયેજી,
તિણે અનંત ગુણ પરદેશ—અનંત૦ (૬)

તેહથી અનંતગુણ પજ્જવાજી, અગુરુલહુ પજ્જય અનંત
એક પરદેશી વિષે ભાખિઆજી,
થાય સમુદાય કરંત—અનંત૦ (૭)

**અનંતજિન** કેવલજ્ઞાનમાંજી, દેખતા નિતુ પરતક્ષ
**જિનવર ઉત્તમ** મહેરથીજી, **પદ્મને** પણ હોય લક્ષ-અ૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૧૫) (૨૬-૧૫) શ્રી ધર્મનાથ-જિન સ્તવન

(દેશી—બિંદલીની)

**શ્રીધર્મ**-જિનેસર દેવા, બીજાની ન કરૂં હેવા[૧] હો
—સાહિબ અરજ સુણો
તે તો કાચ[૨] શકલના જેહવા,
તું ચિંતામણિ દુઃખ હરેવા—હો સા૦ (૧)
તે નવિ લહ્યા આપે ધમ્મર્,
તસ સેવા કિમ દિયે શર્મ હો—સા૦
તું તો ધર્મતણો અધિકારી,
ધમ્મીર્જનને સુખકારી હો—સા૦ (૨)
નિજ જેહ જેહ અનંતા ધર્મ,
કર્યા પરગટ છંડી કર્મ હો—સા૦
મુજ પણ જેહ ધર્મ અનંતા,
પ્રગટ કરવા કરૂં ચિંતા હો—સા૦ (૩)
તસ તું પ્રભુ ? કારણ મિલિઓ,
હવે તરીયો ભવજલ-દરિયો હો સા૦
તુજ મૂરતિ સૂરતમાંહિ, મનોહર દીઠી ઉચ્છાહિ હો-સા૦(૪)
તેહથી તુજ પ્રત્યય આવ્યો,
**જિન-ઉત્તમ** ભાવે ભાવ્યો-હો-સ૦
કહે **પદ્મવિજય** પ્રભુ સેવા, કરવા અક્ષયપદ લેવા હો-સા૦(૫)

卐

---

૧. સેવા ૨. કાચના કકડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૧૬) (૨૬-૧૬) શાંતિનાથ-જિન સ્તવન

**( હાંરે માહારે જોબનીયાનો લટકો દહાડા ચ્યાર—એ દેશી )**

હાંરે મ્હારે ! **શાંતિજિનેસર** અલવેસર આધાર જો,
લેઈ દીક્ષા દિયે શિક્ષા ભવિજન લોકને રે લો
હાં૦ પામી જ્ઞાન ધરી શુભ ધ્યાન અનંત જો,
ત્રણ ભુવન અજુવાળે ટાળે શોકને રે લો૦ (૧)
હાં૦ શૈલેશીમાં થઈ અલેશી સ્વામિ જો,
નિજ સત્તાનો ભોગી શોગી નહી કદા રે લો
હાં૦ ગુણ એકત્રીસ જગીશ અતિ અદ્ભુત જો,
પ્રગટ થયા અવગુણ ગયા સવિ સાદિ સદા રે લો (૨)
હાં૦ ગતઆકાર શ્રીકાર સ્વરૂપ ગુણ પાંચ જો,
વરણવી ચિત્ત અતીતથી ગુણ પણ પામીયા રે લો
હાં૦ દોય ગંધ સંબંધ ટળ્યાથી દોય જો,
અરસ સરસથી ગુણ રસ પણ પ્રભુ વામીયા રે લો (૩)
હાં૦ ફરસ આઠના નાશથી ગુણ લહ્યા અષ્ટ જો,
ત્રણ વેદનો ખેદ પ્રભુ ! દૂરે કર્યો રે લો
હાં૦ અશરીરી અસંગી વળી અ-રૂહ જો,
એકત્રીસ ગુણ વરીઓ ભવ-દરીઓ નિસ્તર્યો રે લો (૪)
હાં૦ પામ્યા સિદ્ધસરૂપ અનૂપ જિણંદ જો,
તિમ સેવકના કારક તારક ભવતણા રે લો
હાં૦ **જિન-ઉત્તમ** વર ગુણ ભર પદકજ નિત્યજો,
**પદ્મવિજય** કહે ભાવો ભાવે ભવિજના રે લો (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૧૭) (૨૬–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

**(સઈયાં મોરી રે! ચાંદલીઓ ઉગ્યો ને મધ્ય-રાતનો રે—એ દેશી)**

રાત-દિવસ નિત સાંભરે! રે
જિનજી મોરા રે! દેખી તાહરું રૂપ લાલ
—લાલ ગુલાલ આંગી બની રે૦
તુજ ગુણ જ્ઞાનથી માહરું રે,
જાણ્યું શુદ્ધ સ્વરૂપ-લાલ—જિન૦ (૧)
તેહ સ્વરૂપને સાધવા રે, કીજે જિનવર સેવ-લાલ
દ્રવ્ય-ભાવ દુ-ભેદથી રે,
દ્રવ્યથી જિમ કરે દેવ-લાલ--જિ૦ લાલ૦ (૨)
મોગર માલતી કેવડા રે, લ્યો!
માહરા કુંથુજિનને કાજ-લાલ
લાખેણો રે ટોડર કરી રે.
પૂજો શ્રી જિનરાજ-લાલ—જિ૦ લાલ૦ (૩)
કેશર ચંદન ધૂપણાં રે, અક્ષત નૈવેદની રે—લાલ૦
દ્રવ્યથી જિનની પૂજા કરો રે,
નિરમલ કરીને શરીર લાલ—જિ૦ લાલ૦ (૪)
દ્રવ્યથી ઈમ જિન પૂજા કરી રે,
ભાવથી રૂપાતીત સ્વભાવ-લાલ૦
નિ:કર્મા ને નિ:સંગતા રે,
નિ:કામી વેદ અભાવ—જિ૦ લાલ૦ (૫)
આવરણ સવિ થયા વેગળા રે,
ઘાતી-અઘાતી સ્વરૂપ-લાલ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ ઉદયને સત્તા નહિ રે,
નિજ ગુણના થયા ભૂપ-લાલ—જિ૦ લાલ૦ (૬)
મુજ આતમ તુજ સારિખોરે, કરવાને ઉજમાળ-લાલ
તે **જિન-ઉત્તમ** સેવથી રે, **પદ્મને** મંગળમાળ-લાલ
—જિ૦ લાલ૦ (૭)

卐

## (૬૧૮) (૨૬-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

**( ઘડીએક ઘોને રાણી સુંબરો-એ દેશી )**

**શ્રીઅરનાથજી** સાંભળો, સેવકની અરદાસ,
ભવ-અટવીમાંહિ હું ભમ્યો, બંધાણો મોહપાશ—શ્રી૦(૧)
**મોહરાયના** રાજ્યમાં, બહુખું કટક જણાય,
**મિથ્યા**-મહેતો તિહાં અછે, મંત્રી **કુબુદ્ધિ** કહાય—શ્રી૦(૧)
અભંગા[1] સિપાઈ અતિ ઘણા, કહેતાં નાવે પાર,
તોપણ અધિકારીતણા, નામ કહું નિરધાર—શ્રી૦ (૩)
**ક્રોધ માયા લોભ માન** તે, મૂકે ન માહરો સંગ,
મુજ પણ તે છે વાલ્હા, નવિ મૂકું રંગ—શ્રી૦ (૪)
રાગ-દ્વેષ દોય મલ્લ વળી, બાંધ્યા બાંહિ મરોડ,
હવે પ્રભુ તુમ્હ આગળ રહી, વિનતિ કરૂં કરજોડ-શ્રી૦ (૫)
બંધનમાંહિથી છોડવી, ઉતારો ભવપાર
હરિ-હર દેવ સેવ્યા ઘણા, નવિ પામ્યો હું સાર—શ્રી૦ (૬)
સહસવદન[2] ન સ્તવી શકે, તુજ ગુણ અગમ અપાર

---

૧. બહાદુર ૨. શેષનાગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ રયણાકાર રત્નનો, નવિ વિલસે પાર—શ્રી૦ (૭)
અચરિજ પંડિત ઘણા, **સત્યવિજય** ગુરૂરાય
**કપૂરવિજય** તસ પાટવી, ભવિજનને સુખ થાય—શ્રી૦ (૮)
**ખિમાવિજય** તસ પાટવી, **જિનવિજય** સુપસાય
પંડિત **ઉત્તમવિજયનો** **પદ્મવિજય** ગુણ ગાય—શ્રી૦ (૯)

卐

## (૬૧૯) (૨૬–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

**( પાંચમે મંગળવાર પ્રભાતે ચાલવું રે લો–એ દેશી )**

સાહિબા ! **મલ્લિ**જિનેસર ! નાથ ! અનાથ તણો ધણી રે લો
સા૦ વસ્તુ સ્વભાવ–પ્રકાશક ભાસક દિનમણિ[1] રે લો
સા૦ ધર્મ અનંતા સુખ દેતાં પરગટ થયો રે લો,
સા૦ વસ્તુ સરવ પર્યવસ ભાખી જિન ગયા રે લો૦ (૧)
સા૦ યુગપદ્ભાવી ને ક્રમભાવી પર્યવ કહ્યા રે લો,
સા૦ જ્ઞાનાદિક યુગપદ્ભાવી પણે સંગ્રહ્યા રે લો,
સા૦ નવ–જીર્ણાદિક થાય તે ક્રમભાવી સુણો રે લો,
સા૦ શબ્દ–અરથથી તે પણ દ્વિવિધ પરે સુણો રે લો૦ (૨)
સા૦ ઇંદ્ર હરિ ઈત્યાદિક શબ્દ તણા ભલા રે લો,
સા૦ જે અભિલાર નહિ તે અર્થપર્યવ–કળા રે લો,
સા૦ તે પણ દ્વિ–વિધ કહી જે સ્વ–પર ભેદે કરી રે લો,
સા૦ તે પણ સ્વભાવિ કે આપેક્ષિકથી વરી રે લો૦ (૩)
સા૦ સર્વ અતીત અનાગત સાંપ્રત કાળથી રે લો,
સા૦ ઈત્યાદિક નિજ બુદ્ધે કરો સંભાળથી રે લો,

---

૧. સૂર્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સા૦ સમકાળે ઈમ ધર્મ અનંતા પામીયેં રે લો,
સા૦ તે સવિ પરગટભાવથી તુમ્હે શિર નામીયેં રે લો૦(૪)
સા૦ ખટદ્રવ્યના જે ધર્મ અનંતા તે સવે રે લો,
સા૦ નહિ પર[1]છન્ન સ્વભાવ અભાવ મુજ સંભવે રે લો,
સા૦ પુષ્ટાલંબન તુંહી પ્રગટપણે પામીયો રે લો;
સા૦ હું પણ હવે તુજ રીતે થવાને કામીયો રે લો૦
સા૦ **મલ્લિનાથ** પરે હસ્તીમલ્લ થઈ ઝૂઝશું રે લો૦
સા૦ જયું ખટમિત્રને બુઝવ્યા તિમ અમે બુઝશું રે લો
સા૦ તસપરે **ઉત્તમ** શીશને મહેરથી નિરખીયેં રે લો
સા૦ **પદ્મવિજય** કહે તો અમ્હે ચિત્તમાં હરખીયે રે લો

卐

## (૬૨૦) (૨૬-૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી-જિન સ્તવન

**(સાબરમતીએ આવેલા ભરપૂર જો,**
**ચારે ને કાંઠે રે માતા રમી વળ્યાં રે—એ દેશી)**

**પદ્માનંદન** વંદન કરીયેં નિત્ય જો,
સ્યાદવાદશૈલી જસ અભિધા સૂચવે રે
લોકાલોકને જાણે તિણે મુનિ હોય જો,
એ ગુણથી મુજ મનમાં હઠથી રુચવે રે૦ (૧)
મત્યાદિક ચઉ-નાણ-અભાવથી જાસ જો,
કેવલજ્ઞાન તે સૂર્ય ઉગ્યો જેહને રે
કટ-વિવરે કરી સૂરજ કિરણે પ્રકાશ જો,
મેઘાંતરથી આવ્યો જન કહે તેહને રે (૨)

---

૧. ગુપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાતાયન પરમુખનો કહે ઈણિ પરકાશ જો,
પણ સૂરજનો નવિ કહે ઈણિ પરે જાણીયેં રે
કેવલજ્ઞાન પ્રકાશે ક્ષયોપશમ નામ જો,
મત્યાદિકથી ભવિજન મનમાં આણિયે રે (૩)
વાતાયન પરમુખ કીધા સવિ દૂર જો,
તવ કહેવાય સૂરજનો પરકાશ છે રે
તિમ આવરણ ગયાથી ઈમ કહેવાય જો,
કેવલજ્ઞાને ત્રણભુવન આભાસ છે રે (૪)
અથવા સૂરજ ઉગે પણ નવિ જાય જો,
ગ્રહણ તારા પણ પરવર્ત્તન તસ નથી રે
તિણી પરે સત્તા મત્યાદિકની જાણ જો,
પણ પરવર્ત્તન નહી તસ કેવલ જ્ઞાનથી રે (૫)
ઉત્તમ વ્રત પાળ્યાથી **સુવ્રત** નામ જો,
જ્ઞાન-ક્રિયાથી મોક્ષ હોય નિરધાર જો,
જ્ઞાન-ક્રિયાથી ઈમ નામે જેહને પામીયેં રે;
તે સાધી શિવ પામ્યા તુમ્હ શિર નામિયેં રે (૬)
જ્ઞાનમાંહિ દર્શન તે અંતરભૂત જો,
સાધનરૂપ ટળીને સાધ્યપણે થઈ રે
રત્નત્રયી **જિનવર ઉત્તમ** ને નિત્ય જો,
**પદ્મવિજય** કહે ભજતાં આપદ સવિ ગઈ રે (૭)

卐

## (૬૨૧) (૨૬-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન

**(મુગટ બન્યો મહાવીરનો જો—એ દેશી)**

નિત નમિયેં **નમિ**-જિનવરૂરે જો, જે એક અનેક સ્વરૂપ જો;
નિત્ય-અનિત્યપણે વળી જો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેહના ગુણ અતિ અદ્ભુત જો—નિત૦ (૧)
અવયવી-અવયવ રૂપ છે જો, જે અસ્તિ-નાસ્તિ-સ્વભાવ જો
વળી ગુણાતીત ને જે ગુણીજો,
રૂપાતીત સ્વરૂપી ભાવ જો—નિત૦ (૨)
વ્યય-ઉતપત્તિ ધ્રુવ જેહ છે જો, જે વેદી-અવેદી વિચાર જો
ભિન્ન-અભિન્નપણે કરી જો,
નિત્ય ભોગવે સુખ શ્રીકાર જો—નિત૦ (૩)
કર્ત્તા અ-કર્ત્તા જેહછે જો, વળી ભોક્તા અ-ભોક્તા જેહ જો
સક્રિય અને અક્રિય વળી જો,
પરિણામ ઈતર ગુણ-ગેહજો—નિત૦ (૪)
યોગાતીત યોગીસરૂજો, વર્ણાતીત ને તદવંત જો
સ્યાદવાદે એણીપરે કરી જો,
તું સિદ્ધસ્વરૂપ ભગવંત જો—નિત૦ (૫)
ઈમ જિનવરને ઓલખી જો, જે થિર મન કરી સેવ જો
**ઉત્તમ** ભવિજનને હોવે જો,
કહે **પદ્મવિજય** પોતે દેવ જો—નિત૦ (૬)

卐

## (૬૨૨) (૨૬-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

**(સુણ ગોવાલણી ગોરસડાવાળી રે ઉભી રહેને-એ દેશી)**

શામળીયા લાલ! તોરણથી રથ ફેરયો કારણ કહોને
ગુણ-ગિરૂઆ! લાલ! મુજને મૂકી ચાલ્યા દરિશણ દ્યોને
હું છું નારી તે તમારી, તુમ્હસેં પ્રીતિ મુકી અમ્હારી;
તુમ્હે સંયમસ્ત્રી મનમાં ધારી—શામ૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હે પશુ ઉપર કિરપા આણી, તુમ્હે માહરી વાત ન કો જાણી
તુમ્હ વિણ પરણું નહીં કો પ્રાણી—શામ૦ (૨)
આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યા રોતલડી,
નહીં સજ્જનની એ રીતલડી—શામ૦ (૩)
નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકાવું હું માથે,
પણ જાવું પ્રભુજી સાથે—શામ૦ (૪)
ઈમ કહી પ્રભુ હાથે વ્રત લીધું, પોતાનું કારજ સવિ કીધું
પકડ્યો મારગ એણે શિવ સીધો—શામ૦ (૫)
ચોપન દિન પ્રભુજી તપ કરીઓ,
પણપન્ને કેવલ વર ધરીઓ
પણ સત છત્રીશશું શિવ વરીઓ—શામ૦ (૬)
ઈમ ત્રણ કલ્યાણક **ગિરનારે**,
પામ્યા તે જિન **ઉત્તમ તારે**૦
જો પાદ-**પદ્મ** તસ શિર ધારે—શામ૦ (૭)

卐

## (૬૨૩) (૨૬-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**(આઘા આમ પધારો ! પૂજ્ય ! અમ ઘર વોહોરણ વ્હેલા એ—દેશી)**

પરવાદી ઉલૂકો[૧] પરિ હરિ[૨] સમ, હરિ[૩] સેવે જસ પાયા
હરિતવાને[૪] પ્રભુની ગતિ ગજ સમ,
હરિ[૫] સેવે જસ પાયા૦
પ્રભુજી ! મહેર કરી મહારાજ !
કાજ આજ મુજ સારો૦ (૧)

---

૧. ઘુવડ ૨. સૂર્ય ૩. ઈંદ્ર ૪. લીલાવર્ણવાળા ૫. સર્પ

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

જિમ ઓષધિપતિ[૬] દેખી મનમાં, કૌશિક[૭] આણંદ પામે
તિમ પ્રભુ વક્ત્ર દ્વિજપતિ[૮] દેખી,
કૌશિક[૯] આણંદ પામે—પ્રભુજી૦ (૨)
જિમ ઔષધપતિ દેખી મનમાં, સચ્ચકોર પ્રીત પામે,
તિમ પ્રભુ વસ્ત્ર તે દ્વિજપતિ દેખી,
સચ્ચકોર પ્રીતિ પામે—પ્રભુજીને,
જિમ રોહિણીપતિ[૧૦] જગમાં જાણો, શિવને તિલક સમાન
તિમ પ્રભુ મોક્ષખેત્ર શોભાકરુ,
શિવને તિલક સમાન—પ્રભુજી૦ (૪)
જિમ રાજા[૧૧] ઝલહલતો ઉગે, નિજ ગોથી તમ[૧૪] ટાળે
તિમ પ્રભુ સમવસરણ બેસીને,
નિજ ગોથી તમ ટાલે—પ્રભુજી૦ (૫)
જિમ સિતરુચિ[૧૫] નભમાં ઉગીને,
કુવલય[૧૬] કરે ઉલ્લાસ૦
તિમ જિનવર જગમાં પ્રગટીને,
કુવલય[૧૭] કરે ઉલ્લાસ—પ્રભુજી૦ (૬)
નિશાપતિ[૧૮] જબ ઉગે હોયે, પુણ્ય[૧૯]—સમુદ્ર-વૃદ્ધિકારી
**થંભણ**પાસ પદ**પદ્મ**ની સેવા.
પુણ્ય[૨૦] સમુદ્ર વૃદ્ધિકારી—પ્રભુજી૦ (૭)

---

૬. ચંદ્ર ૭. ઘુવડ ૮. ચંદ્ર ૯. ઇંદ્ર ૧૦. ચંદ્ર ૧૧. મહાદેવજી ૧૨. સૂર્ય ૧૩. કિરણોથી ૧૪. વાણીથી ૧૫. ચંદ્ર ૧૬. ચન્દ્રવિશીકમળ ૧૭. ભૂ-મંડળ ૧૮. ચંદ્ર ૧૯. સુંદર ૨૦. પુણ્યરૂપી સમુદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૨૪) (૨૬–૨૪) શ્રી મહાવીર–જિન સ્તવન

(મિરૂઆ રે ગુણ તુમ તણા—એ દેશી)

**વીર**–જિણેસર પ્રણમું પાયા, **ત્રિશલાદેવી** માયા રે,
**સિદ્ધારથરાજા** તસ તાયા, **નંદીવરદ્ધન** ભાયા રે–વીર૦
લેઈ દીક્ષા પરિસહ બહુ આયા, શમ–દમ સમણ તે જાયા રે;
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન ઠાયા, નિદ્રા અલપ કહાયા રે–વીર૦
**ચંડકૌશિક** પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે,
ત્રણ પ્રકારે વીર કહાયા, સુર–નર જસ ગુણ ગાયા રે–વીર૦
જગતજીવ–હિતકારી કાયા, હરિ લંછન જસ પાયા રે,
માન ન લોભ ન વળી કસાયા, વિહાર કરે નિરમાયા રે–વીર૦
કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુકલ પ્રભુ ધ્યાયા રે,
સમોસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે–વીર૦
કનકકમલ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશન દાયા રે,
પાંત્રીશ ગુણ વાણી ઉચરાયા, ચોત્રીશ અતિશય પાયા રે–વીર૦
શૈલેશીમાં કર્મ જલાયા, જીત નિસાણ વજાયા રે,
પંડિત **ઉત્તમવિજય** પસાયા,
**પદ્મવિજય** ગુણ ગાયા રે—વીર૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री विजयलक्ष्मीसूरीजी

कृत

स्तवन–चोवीशी

[२७]

(६२५) (२७–१) श्री ऋषभदेव–जिन स्तवन

(अरज अरज सुणोने रूडा राजीया होजी—ए देशी)

ऋषभ (२) जिणंद निरखी लोयणे होजी,
अभिनव उदयो आणंद०
जिनवर (२) सुखकर साहिबो होजी,
परमेश्वर मुनिचंद—ऋषभ० (१)
अनोपम (२) रमणुता ताह्हरे हो, ज्ञानविलासी समाज
अविचल (२) स्थानक पामीने होजी,
अनुभव शिवपुर-राज—ऋ० (२)
अनेक (२) सुगुणमय सुंदर होजी, निःसंगी निराबाध

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આતમ (૨) અસંખ્ય પ્રદેશમાં હોજી,
અક્ષયધર્મ અગાધ—ઋ૦ (૩)
સ્વરૂપ (૨) સ્થાનથી એકતા હોજી, શુદ્ધતા અવધરૂપ
યોગ (૨) રહિત અકંપતા હોજી,
અનેક ત્રિભંગી અનૂપ—ઋ૦ (૪)
અશરણ (૨) શરણ હરણ ભવભય તણો હોજી,
અવિસંવાદિત મિત્ત૦
અતિશય (૨) ધારી ગુણ વળી હોજી,
તત્વ વિલાસી જગમિત્ત—ઋ૦ (૫)
પ્રભુગુણ (૨) રંગી થઈ ચેતના હોજી, અવિલંબે જિનદેવ
કારણ (૨) કર્તા પણે આરોપીને હોજી,
વિઘટે અનાદિ કુદેવ—ઋ૦ (૬)
ઈણવિધ (૨) પરખી સ્વામીને હોજી,
આદરે શુભ પ્રણિધાન૦
**સૌભાગ્ય** (૨) **લક્ષ્મીસૂરી** જિન થકી હોજી,
પામે દર્શન ગુણજ્ઞાન—ઋ૦ (૭)

卐

## (૬૨૬) (૨૭-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**(ધન દિન ધન વેળા તેહ—એ દેશી)**

**વિજયારો** નંદન ચરણ સુરતરૂ છાંહ,
સમીહિત પૂરે ચૂરે દુરિતનેજી૦
સુરપતિ નરપતિ મુનિવર ભૃંગ,
ચરણવિલાસી લહે સુખ-સરિતનેજી૦ (૧)

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

સુહુમ બાયર પુઢવી જલણ સમીર,
જલ વણસઈ વિગલેંદ્રિમાં સહીજી૦
નરય તિરય સુર નર કર્મસંયોગ,
ભુવન પાવન જિનસેવા નવિ લહીજી૦ (૨)
ચઉગઈ ભમતાં **સુકૃત**નૃપતિ પસાય,
આરજ દેશ નિરમળ કુળ લહ્યાજી૦
દોષવિલાસી આશીભાવ[1] નિવારી,
માનસહંસપરે તુમ પદ ગ્રહ્યાજી૦ (૩)
વીતરાગ સુખ[2]-દુઃખ ગત સેસ,
તેહથી અસંગત કિમ ફળ કામિએજી૦
ઈમ મન ચિંત્યુ જેમ સુરમણિ સાર,
અચિંત્યપણે પણ ચિંતિત પામીએજી૦ (૪)
પિંડ-પદસ્થ-રૂપસ્થ ધ્યાને હો લીન,
જિનજીના ચરણ-સરોજ જિણે ગ્રહ્યાજી
આતમતત્વ રમણતા પ્રગટે હો તાસ,
ધ્યાન-અનલથી કર્મ ઇંધણ દહ્યાંજી૦ (૫)
**અજિત** અમિત-ગુણ ચરણ-નિવાસ,
સમકિત-શોધક રોધક કર્મનેજી
**સૌભાગ્યલક્ષ્મીસૂરી** જગભાણ,
ધ્યાન-પ્રભાવે વહે શિવ—શર્મનેજી૦ (૬)

卐

---

૧. ખરાબભાવ ૨. સુખ દુઃખ સાથે સંબંધ નથી તેવા પ્રભુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૨૭) (૨૭–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન
### (અજિતજિન તારજયો રે—એ દેશી)

નિરૂપાધિકતા તાહરે રે, પ્રભુરમણતા તાહરે અનંત
વ્યાપ વ્યાપકતા શુદ્ધતા રે, સદા શુભ ગુણ વિલસંત
**સંભવ**જિન ! તારજ્યો રે, તારજ્યો દીનદયાળ—સં૦
સેવક કરો નિહાલ–સંભવ, તાહરો છે વિસવાસ—સં૦
તું મોટો માહારાજ–સંભવ, તું જીવ જીવન આધાર-સં૦
પરમગુરુ તારજ્યો રે, ઉતારો ભવપાર—સંભવ૦ (૧)
દ્રવ્ય રહિત રુદ્ધિવંતછો રે, પ્રભુ વિકસિત વીર્ય અક્ષોભ
વિગત કષાય વયરી હણ્યો રે,
અભિરામી જયોતિ અલોભ—સં૦ (૨)
ગુરૂ નહીં ત્રિભુવન ગુરૂ રે, તારક દેવાધિદેવ
કર્ત્તા ભોકતા સર્વનો રે, સહજ આણંદ નિત મેવ–સં૦(૩)
અનંત અક્ષય અધ્યાતમી રે, પ્રભુ અશરીરી અનાહાર
સર્વશક્તિ નિરાવરણતા રે, અતુલ ઘુતિ અનાકાર–સં૦ (૪)
નિરાગી નિરામયી રે, અસંગી તું દ્રવ્યનય એક
એક સમયમાં તાહરે રે, ગુણ–પર્યાય અનેક—સં૦ ( )
રૂચિર ચારૂ ગુણ સાંભળી રે, રૂચિ ઉપની સુખકંદ
પુષ્ટ કારણ જિન ! તું લહી રે.
સાધક સાધ્ય અમંદ—સં૦ (૬)
પુષ્ટાલંબન આદરી રે, ચેતન કરો ગુણગ્રામ
પરમાનંદ સ્વરૂપથી રે, લહશ્યો સમાધિ સુઠામ–સં૦(૭)
સુખસાગર સત્તારસી રે, ત્રિભુવનગુરૂ અધિરાજ
સેવક નિજ પદ અરથીઓ રે, ધ્યાવો એહ મહારાજ–સં૦(૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરોવિત સુખ ભ્રમ ટળે રે, પૂજ્યને ધ્યાન પ્રભાવ
અષ્ટ કરમ દળ છંડીને રે, ભોગવે શુદ્ધ સ્વભાવ—સં૦(૯)
અધ્યાતમ રૂપી ભજયો રે, ગણ્યો નહી કાજ અકાજ
કૃપા કરી પ્રભુ દિજીયે રે, **સૌભાગ્ય-લક્ષ્મી** પદ રાજ
—સંભવ૦ (૧૦)

卐

## (૬૨૮) (૨૭-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

**( ગિરૂઆ રે ગુણ તુમતણા-એ દેશી )**

ત્રિભુવનનાયક લાયકો, **અભિનંદન** જિનરાયો રે
બલિહારી તુજ નામની,જિણે મારગ શુદ્ધ બતાયો રે—બલિ૦
તે તો આતમને મન ભાયો રે—બલિ૦ (૧)
**નિવૃત્તિ**નયરીયે છાજતા, રાજતા અક્ષયરાજે રે
અતિશય નિરમળ વર રૂચિ,
મ્હારા પરમેશ્વરનેં દિવાજે રે—બલિ૦ (૨)
સ્વપર પ્રકાશક દિનમણિ, શુદ્ધસ્વરૂપી અપ્રયાસી રે
સકળ દાનાદિક ગુણ તણી,
વ્યક્તતા શક્તિ અનાસી રે—બલિ૦ (૩)
સહજ આનંદ વીતરાગતા, પ્રદેશે પ્રદેશે અનૂપ રે
સાદિ-અનંત ભાંગે કરી, પૂર્ણ નયે તસ ભૂપ રે—બલિ૦ (૪)
અવિસંવાદી નિમિત્તપણે, સવિ તુજ શક્તિ માહરે રે
સત્ય હેતુ બહુ આદરે, હોય ભવ ભેદ પ્રસારે રે—બલિ૦ (૫)
ભવવાસી જે આતમા; તે પ્રભુ પ્રભુતા અવલંબે રે
ભેદ-છેદ કરી જિન હોયે,
પણ ન હોયે તે વિલંબે રે—બલિ૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ શિવંકર ગોપને, જે નૂર ચિતમાં ધ્યાવે રે
દિવ્ય બહુ સુખ શાસ્વતા,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરી** પાવે રે—બલિ૦ (૭)

卐

## (૬૨૯) (૨૭-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

(મોતીડાની દેશી)

**સુમતિ**જિણેસર ! પ્રભુ ! પરમાતમ,
તું પરમાતમ ! તું શુદ્ધાતમ
સાહેબા ! વિનતિ અવધારો, મોહના ! પ્રભુ પાર ઉતારો (૧)
તુમે જ્ઞાનાદિક ગુણના દરીયા,
અનંત અક્ષય નિજ ભાવમાં ભરિયા—સાહિબા૦ (૨)
તુમે શબ્દાદિક ગુણ નિઃસંગી,
અમ્હે સ્વપ્નેં પિણ તેહના સંગી—સાહિબા૦ (૩)
તુમે ઉત્તમ ગુણઠાણે ચઢીયા,
અમ્હે ક્રોધાદિ કષાયેં નડિયા—સાહિબા૦ (૪)
અમ્હ મતિ ઇંદ્રિય વિષયે રાચી,
તુમે અનુભવ રસમાં રહ્યા માચી—સાહિબા૦ (૫)
અમે મદમાતંગને[૧] વશ પડિયા,
નવિ તુમે તે તલમાત્ર આભડીયા—સાહિબા૦ (૬)
તુમે જગશરણ વિનીત સુજાણ,
તુમે જગ-ગગનવિકાસન-ભાણ[૨]—સાહિબા૦ (૭)

---

૧. અભિમાનરૂપહાથી, ૨. સૂર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમે અકલંક અબીહ અકોહી,
તુમે જડસંગી ન રાગી મોહી—સાહિબા૦ (૮)
અતીંદ્રિય સ્યાદ્વાદ વાગીશ,
સહજાનંત ગુણપજ્જવ ઈશ—સાહિબા૦ (૯)
અલખ અગોચર જિન જગદીશ,
અશરણ-નાથ નાયક અનીશ[3]—સાહિબા૦ (૧૦)
તે માટે તુમ ચરણેં વિલગ્યા,
એક પલક નહિ રહિશ્યું અલગા—સાહિબા૦ (૧૧)
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** ગુણ વાધે,
જિન સેવે તે જન સાધ્યતા સાધે—સાહિબા૦ (૧૨)

卐

## (૬૩૦) (૨૭-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**( ઈમ ધન્નો ધણીને પરચાવે-એ દેશી )**

**પદ્મપ્રભ**-પદપંકજ-સેવના, વિણ નવિ તત્વને જાણે રે
મત અનેક વિભ્રમમાં પડિયો,
નિજ મત માને પ્રમાણે રે—પદ્મ૦ (૧)
ક્ષણિકભાવ **સુગત** પ્રકાશે, સૃષ્ટિ-સંહારનો કર્ત્તા રે
ઈશ્વર દેવ વિભુ વ્યાપક એક,
**નૈયાયિક** અનુસરતા રે—પદ્મ૦ (૨)
આત્મરૂપ એક દેહ દેહે, ભિન્ન રૂપ પ્રતિભાસે રે
જલ-ભાજન જિમ ચંદ્ર અનેકતા,
યુક્તિ **સાંખ્ય** વિકાશે રે—પદ્મ૦(૩)

---

૩. જેનાથી ચઢિયાતા કોઈ સ્વામી નથી, સર્વોત્કૃષ્ટ સ્વામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યેતર જીવાદિક ભાવા, ધૂમાકારી છે સમં રે
જલ થલ ગિરિ પાદપ સવિ આતમ,
**અદ્વૈતવાદિનો મર્મ રે—પદ્મ૦ (૪)**
નિત્ય-અનિત્ય એકાંતે કોઈક, એમ-અનેક મત ઝાલે રે
પડીયો તત્વ અ[1]-લહતો પેખી,
જગગુરૂ તત્વને આલે[2] રે—પદ્મ૦ (૫)
ક્ષણિક તો ત્રિણકાળ સ્વરૂપને, જાણે નહિ કદાપિ રે
શુભાશુભનો જો કર્તા ઈશ્વર,
ફળભોગતા તસુ વ્યાપી રે—પદ્મ૦ (૬)
એક આતમ તો ત્રણ્ય ભુવનમાં, સુખ લહે સમકાળે રે
શૂન્યે વસ્તુ દૃષ્ટિ ઓળવતાં,
ન તાંમે[3] બંધ્યા માહલે રે—પદ્મ૦ (૭)
અદ્વૈતવાદી જડ-ચેતન એકજ; નિત્ય-અનિત્ય એકાંત રે
કૃતવિનાશ—અકૃતાગમ દૂષણ,
કો નવિ દોષ અનેકાંતે રે—પદ્મ૦ (૮)
દ્રવ્ય-પર્યાય નિત્ય-અનિત્ય એ, એક-અનેક ઉપયોગી રે
પક્ષપાત સવિ દૂરે કરી કહે,
જગગુરૂ ગુણભોગી રે—પદ્મ૦ (૯)
સમભાવે એ પક્ષ ગ્રહે તે, ફીરિ સંસાર તન કામે રે
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** જિન-કરૂણાથી,
પરમાનંદ પદ જામે રે—પદ્મ૦ (૧૦)

卐

૧. ન મેળવતો, ૨. આથે ૩. તેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૩૧) (૨૭–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

(દેશી રસીયાની)

**શ્રીસુપાસ** જિણેસર સાહિબો,
અવિસંવાદી જસુ પંથ—સુગુણ નર૦
અહનિશિ સેવે મન પરમોદશ્યું,
જેહ સ્યાદ્વાદી નિર્ગ્રંથ—સુ૦ શ્રી૦ (૧)

માને **નૈગમ** નય વસ્તુ પ્રતે,
સામાન્ય વિશેષ ઉભય રૂપ—સુ૦
**સંગ્રહ** નય કહે સર્વ પદારથે,
સામાન્ય એક સરૂપ—સુ૦ શ્રી૦ (૨)

**વ્યવહાર** પ્રવૃત્તિ વિશેષ વિના નહી,
વ્યોમ–કમલ પરે અન્ય—સુ૦
અતીત–અનાગત–પરકીય પરિત્યજી,
**ઋજુસૂત્ર** ગ્રહે વર્તમાન સુ૦ શ્રી૦ (૩)

એકારથ વાચક સવિ શબ્દ તે,
કુંભ કલશ વસ્તુ એક—સુ૦
પર્યાય–ભેદથી ભિન્ન વસ્તુ કહે,
**સમભિરૂઢ** એહ એક ટેક—સુ૦ શ્રી૦ (૪)

ઘટ–કલશાદિક નિજ–નિજ અર્થમાં,
વર્તે **એવંભૂત** વસ્તુ—સુ૦
વિશુદ્ધ યથોત્તર પિણ એકાંતથી,
નવિ લહે સ્યાદ્વાદ દસ્ત—સુ૦ શ્રી૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિ-અંધ નર ગજ પ્રતિ અવયવે,
ગજપણું સકલ કહંત—સુ૦
દિવ્ય-નયનથી યથારથ ગજ ગ્રહે,
તિમ તુજ શાસન[1] કંત—સુ૦ શ્રી૦ (૬)
મુક્તવિરોધી જિન સમય ગ્રહે યદા,
સેવક જિમ ચક્રવર્તી—સુ૦
મિથ્યા[2]-કચવર આપદ નાશથી,
હોય અનેકાંત—પ્રવૃત્તિ—સુ૦ શ્રી૦ (૭)
ત્રિકાળવેદી જિનમત અવલંબતા,
હોયે અવિકલ મતિમંત—સુ૦
**સૌભાગ્યલક્ષ્મીસૂરી** આતમ સંપદા,
પ્રગટે શક્તિ અનંત—સુ૦ શ્રી૦ (૮)

卐

## (૬૩૨) (૨૭-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

( માળા કિહાં છે રે-એ દેશી )

**ચંદ્રપ્રભજિન** ત્રિભુવન દીપક, જીપક અરિગણ ભવિંદા રે
આઠ કરમ વિનુ ગુણ જસ પ્રગટ્યા,
આતમ ઠાણે સુખકંદા રે,
ભવિકજન! વંદો રે, ચંદ્રપ્રભ જિનચંદ૦ (૧)
જ્ઞાનાવરણી કર્મ ક્ષયેં તુજ, કેવલજ્ઞાન અનંતું રે,
વિશ્વરૂપ-વિભાસન સમર્થ,
વિશેષ પ્રકારે સંતુ રે—ભ૦ (૨)

---

૧. સુંદર ૨. કપરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દંસણાવરણી કર્મ ઉછેદે, સામાન્ય સ્વરૂપ વિભાસે રે,
દુવિધ વેદની મૂલ વિનાશે,
અવ્યાબાધ સુખ થાશે રે— ભ૦ (૩)
ત્રિભુવન જોતા મોહ પણઠું, ક્ષાયિક દુગ નિશંક રે,
પંચમ કરમ ભરમ નિવારી,
સાદિ-અનંત સ્થિતિ અંક રે—ભ૦ (૪)
વિગત નામ કરમથી પુનરપિ, રૂપાદિક ન લહંત રે,
ગોત્ર કરમ દહનથી સિદ્ધગુણ,
અગુરૂલઘુ ઉલસંત રે--ભ૦ (૫)
દાનાદિક જસ લબ્ધિ અગાધ, વિઘન કરમને વિનાશે રે,
ઈમ તુમ ગુણ પ્રગટયા સિદ્ધરૂપે,
એક જ આતમ આવાસે રે—ભ૦ (૬)
પ્રભુ ગુણ રાગે જે દિપંતા, છંડે તે ભવસંયોગ રે,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરી** ગુણરસિકતા,
દિનમણિ સમ ઉદ્યોગ રે—ભ૦ (૭)

卐

## (૬૩૩) (૨૭-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

( સુમતિનાથ ગુણશું મળીજી-એ દેશી )

**સુવિધિ** જિણંદ શુભ ધ્યાનથીજી, સદ્દહણા શુચિ ભોગ,
તેહથી નાણ ચરણગુણાજી, વિકસે થિર ત્રિક જોગ,
ગુણવંતા ! સુમનજન ! ધ્યાવો જિન જગદીશ૦ (૧)
ભમતાં ભવકંતારમાંજી૧, ગિરિશિરોપલ પરે જીય,
અનાભોગે લહુકમ્મ કરીજી, ભેદે ગ્રંથિ ભવબીય-ગુણ૦ (૨)

---

૧. જંગલમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષિણ ક્ષિણ શુદ્ધ થતો થકોજી, અંતરકરણ પદઠ,
કર્મસુભટ અરી જીતીનેંજી,
વિઘટે રે મિથ્યા અનિઠ—ગુણ૦ (૩)
ઉપશમાદિ સમકિત લહેજી, તુજ સુપસાય રે નાથ,
તવ સ્તવના વિષે જોગ્યતાજી,
હોયે તે જીવ સનાથ—ગુણ૦ (૪)
અમલ અખંડ અલિપ્તતાજી, સ્વરૂપરમણ અવિનાશી,
વાસવ સુરનર મુનિવરૂજી, આજીવિત સુપ્રયાસી—ગુણ૦ (૫)
ગુણસ્તવના પ્રતિદિન કરેજી, તદપિ ન પામે રે પાર,
દ્રવ્યસ્તવના વચનાદિકેજી, ભાવથી તન્મય સાર—ગુણ૦ (૬)
સાધક સિદ્ધતા હેતુનેજી, અવલંબે રે મતિવંત,
ભેદ મિટે પ્રગટે મહાજી, **સૌભાગ્ય**-**લક્ષ્મી** અનંત–ગુ૦ (૭)

## (૬૩૪) (૨૭–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

(આઘા આમ પધારો પૂજ્ય અમઘર વ્હોરણ વેલા–એ દેશી)

**શીતલ** જિન વિભુ આતમ શુદ્ધતા, સકલ દ્રવ્યથી ન્યારી,
જસ ગુણ ગ્યાન તણે અનુસારે, સર્વ પદાર્થ પ્રચારી,
ધારો વિનતિ **શીતલ**દેવા, નેહનિજરથી નિહાલો–(૧)
ધર્મ અધર્મ આકાશ સમય વળી, પુદગલ ચેતન એહ,
પંચ અચેતન એક જ ચેતન,
જસ નહી આદિ ન છેહ—ધારો૦ (૨)
ગતિથિતિ હેતુ ધર્મ અધર્મા, જીવ પુદગલને હોવે,
સર્વ દ્રવ્ય અવકાશન[1] કારણ, તેહ આકાશ કહાવે—ધારો૦(૩)

૧. અવગાહના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયાદિક તે કાળ વખાણ્યો, પૂરણ ગલન સ્વભાવે,
ખીર-નીર પરે ચેતન મળી રહે,
તેહજ પુદગલ કહાવે—ધારો૦ (૪)
જીવ અરૂપી કર્મકી ઓટમેં, ઘટાકાશ ઘટમાંહે
કર્તા ભોક્તા રમતો વિભાવે,
અહે ઉપાધિ વડછોં હે—ધારો૦ (૫)
ખટ દ્રવ્ય ગુણપર્યાયથી ભિન્નતા, પ્રતિ પ્રદેશે અનંતી,
પ્રભુને પ્રત્યક્ષ પ્રમાણે પ્રગટી,
આતમ ગુણ વિકસંતી—ધારો૦ (૬)
એહવી શુદ્ધતાને અવલંબે, દુખ દોહગ સવિ ભાંજે,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** જિનવરથી,
દેવદુદુંભિ રવ ગાજે—ધારો૦ (૭)

卐

## (૬૩૫) (૨૭-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**( ઈડર આંબા આંબલી રે—એ દેશી )**

**શ્રીશ્રેયાંસ** જિનરાજજીરે, ચિદાનંદ ભગવાન,
ત્રિણ કાળના જ્ઞેયનેરે, જાણે અનંતે જ્ઞાન,
જિનેસર ! તું પ્રભુ ! જગદાધાર,
તુંહિ જગ-હિતકાર—જિને૦ (૧)
ધર્માદિક સહુ દ્રવ્યના રે, ગુણપર્યાય સમેત,
નિત્યાનિત્ય તસુ ધર્મને રે, જ્ઞાયકતા નિજ એત-જિને૦(૨)
છતીપર્યાય જે જ્ઞાનનાં રે, તે તો નવિ બદલાય,
વર્તના નવનવ જ્ઞેયની રે,સમયમાં તે સવિ જણાય-જિને૦(૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય સ્વભાવ જ્ઞેયનો રે, સામાન્યેં સવિ દેખંત,
સમયાંતર દર્શન મુખ્યતા રે, પ્રગટે તાહરે અનંત–જિને૦(૪)
જ્ઞાનાદિક નિજ ગુણ તણી રે, ભોગશક્તિ અસમાસ,
તેહજ વીર્ય અનંતતારે, અનંત ચઉક્ક ઈમ ખાસ–જિને૦(૫)
ગુણ પર્યાય નિજ ધર્મ મેં રે, સદા પ્રવર્તન તંત,
પરપરિણમન તે નવિ ગ્રહોરે,
તે માટે ચરણ અનંત—જિને૦ (૬)
માહરી પણ એહવી અનંતતા રે, પર વિભાવે સંસક્ત,
આવિર્ભાવ પણે હોવે રે, **શ્રીશ્રેયાંસ** પ્રસક્ત—જિને૦ (૭)
પ્રભુ ગુણરંગી ચેતના રે, પરમોદય સુનિદાન,
**સૌભાગ્ય–લક્ષ્મીસૂરિ** સંપજે રે
સુયશ–સમાધિ અસમાન—જિને૦ (૮)

卐

## (૬૩૬) (૨૭–૧૨) શ્રીવાસુપૂજ્યસ્વામી–જિન સ્તવન

(બન્યો રે કુંઅરજીનો સેહરો—એ દેશી)

**શ્રીવાસુપૂજ્ય** તનુ દેખીને,
સુરનર હરખે સ્વાંત-હો—જિણંદ,
નિજ વિગ્રહ કાંતે કરી, અધર કૃત રવિ[૧]કાંત હો–મુણિંદ,
તુજ દરિશણ મુજ વાલહું (૧)
સામાન્ય જનથી અધિક હોવે,
મંડલ[૨]–ક્ષિતિપતિ રૂપ હો—જિ૦

---

૧. ઊગતા સૂર્યની કાંતિ ૨. દેશાધિપતિ=રાજા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહથી હલધર[3]-હરિતનુ[4]-
ચક્રીરૂપ અનૂપ હો—મુ૦—તુજ૦ (૨)
તેહથી ભવનપતિ—વ્યંતરા, જોઈશ ચઢતે વાન હો—જિ૦
અનુક્રમે કલ્પ ગ્રૈવેયક સુરા,
અનુત્તરરૂપ વિધાન હો —મુ૦ તુજ૦ (૪)
અધિકા તેહથી મુનિવરા, ચઉદ પૂરવધર વૃદ્ધિ હોજિ૦
આહારક તનુ છબી તેહથી,
ગણપતિ રૂપસમૃદ્ધિ હો—મુ૦ તુજ૦ (૪)
સહુથી લક્ષણ લક્ષિત, જીત્યા સવિ ઉપમાન હો—જિ૦,
રૂપ અંનત ગુણ દેહમાં,
શાંતરૂપી અસમાન હો—મુ૦ તુજ૦ (૫)
તિલક સમાન ત્રિભોવન વિષેં,નિપજાવ્યો ગુણગેહ હો—જિ૦
જગમાં પુદગલ જેતલા, જીણે નહી તુજ સમ દેહ હો
—મુ૦ તુજ૦ (૬)
પાદ પાદપસુર સારિખા, શશીમુખ અતિ સુખ હેતુ હો-જિ૦
કરમ ભરમ હરકર કહ્યા, લોચન ભવોદધિ સેતુ હો
—મુ૦ તુજ૦ (૭)
ઈમ પ્રભુ રૂપ નિજ સ્વરૂપને પ્રાપ્તિ ભણી સુનિદાન હો—જિ૦
અવલંબી **લક્ષ્મીસૂરિ** અનુભવે,
અનુત્તર સુખ અવિગાન હો—મુ૦ તુજ૦ (૮)

---

૩. બલદેવ ૪. વાસુદેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૩૭) (૨૭–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

( અરણીક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી )

**વિમલજિણેસર** નિજ કારજ કરે, છંડીને સોપાધિભાવોજી,
એકપણે સવિ ગુણમાં મળી રહ્યો,
પરમાનંદ સ્વભાવોજી—વિમલ૦ (૧)

સુમનસ[૧]–કાંતારે વિભ્રમરોચિતા, જસુ માનસ ન ક્ષોભાવોજી,
મંદારબાચેરે સવિ સુર જીતિયા,
તું તો જીતેંદ્રી સ્વભાવોજી—વિમલ૦ (૨)

ત્રિભુવન બંધુ રે અતિશય પૂરણો,
દોષ અભાવે ગત તાંતિજી[૨]૦
દીર્ણાંગજ (!) અરિહા મિટે ભવઈહા,
અતુલદાયક મુજ શાંતિ રે—વિમલ૦ (૩)

નિઃપ્રતિબંધ અબંધક મેં સ્તવ્યો,
અપવર્ગ પદવીનો ભૂપો જી૦
નિકટ કરે જનને મન સુંદરૂં,
દેખે તે સહજ સ્વરૂપો જી—વિમલ૦ (૪)

**વિમલ**–જિણંદથી રે ધ્રુવપદરાગીયા,
નિરમલ કરે નિજ શક્તિ જી૦
**સૌભાગ્ય–લક્ષ્મીસૂરિ** અવધભેદી લહે,
પૂર્ણાનંદ પદ વ્યક્તિ જી—વિ૦ (૫)

卐

---

૧. સુમનસ=દેવો, તેની કાંતા=સ્ત્રીઓ, દેવીઓ ૨. વીણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૩૮) (૨૭–૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

**(દેશના દેઈ તારે—એ દેશી)**

**અનંતજિન** સહજવિલાસી,
પ્રભુ લોકાલોક પ્રકાશી; કેવલજિન નાણવિકાસી
જિણંદરાય ! દેશના દેઈ તારે,
ભવ-જલનિધિ પાર ઉતારે—જિ૦ (૧)

ગુણમણી ખાણી સત્યવંતી, નયગ્રામ ધારક ધનવંતી,
ભવિ ચિત્તપંકજ વિલસંતી—જિ૦ (૨)

ત્રિભુવનપતિ ત્રિગડે સોહે, ત્રિભુવન જનનાં મન મોહે,
તરણી[1] થરે જન પડિબોહે—જિ૦ (૩)

નવિ મત એકાંત ભણંતી, જેહ ચ્યાર નિક્ષેપાવંતી,
ખટ-ભાષામાં પ્રણમતી—જિ૦ (૪)

ઉપજે વ્યય થિર ત્રિક રૂપ, સર્વ ભાવમાં વર્તન સ્વરૂપ,
તે કેહેવા વચન અનુપ—જિ૦ (૫)

પણતીસ ગુણે ગુણવંતી, સમકાળે સંશય હરંતી,
મુનિ શુભચેતના વિકસંતી—જિ૦ (૬)

કેવલ-કાસારથી[2] નિકસી, નિશ્ચય-વ્યવહાર પ્રશંસી,
મિથ્યા કલિમલ વિધ્વંસી—જિ૦ (૭)

સુણતાં જિનવાણી શી વાંચ્છા, ખટમાસની ભોજન ઇચ્છા,
દૂરે નિગમે ભવ વિચ્છા[3]—જિ૦ (૮)

સવિ દોષહરણ જિનવાણી, **સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** જાણી,
એ તો સમક્તિ-સુખની નિસાણી—જિ૦ (૯)

---

૧. સૂર્ય ૨. તલાવ=પદ્મદ્રહથી ૩. ઝંખના

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૩૯) (૨૭–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

(જીહો જાણું અવધિ પ્રયુંજ્ય–એ દેશી)

જી હો ! **ધમ્મ**તીર્થંકર જગગુરૂ, લાલા ! નિર્જિત મોહ નરેંદ,
જી હો ! ઘાતી કરમ ઉચ્છેદીને, લાલા ! કેવલ પ્રગટ્યું અમંદ,
જિણેસર ! **ધરમ** પરમ કહે ધીર—જિને૦ (૧)
જી હો ! શેષજ્ઞાન છદમસ્થનાં, લાલા ! અંતરભાવે તે હોય,
જી હો ! જિમ અંશુમાલિની[1] કાંતિમાં,
લાલા ? ઉડૂગણ[2] લયલીન જોય—જિણે૦ (૨)
જી હો ! જ્ઞાન સમે સવિ સુર તિહાં,
લાલા ! ત્રિગડું રચે મનોહર,
જી હો ! પૂરવાભિમુખે પ્રભુ સ્થિતિ કરે,
લાલા ! ભાસુર આસને સાર—જિણે૦ (૩)
જી હો ! શેષ ત્રિદિશ ત્રિદશ[3] કરે,
લાલા ! તદનુરૂપ પ્રતિબિંબ,
જી હો ! નિરખી હરખે સુર નરા,
લાલા ! પામી જિમ પિક[4] અંબ—જિણે૦ (૪)
જી હો ! સંયત–કલ્પ—નારી—અજ્જા,
લાલા થિતિ અગ્નિકોણે કરંત,
જી હો ! જોઈશ–ભવન–વ્યંતર–સુરી,
લાલા ! થિતિ નૈરૂતે વિરચંત—જિણે૦ (૫)
જી હો ! એ સુર–ત્રિક જિન વંદીને, લાલા ! વાયુદિશે સોહંત
જી હો ! કલ્પિંદ–નરપતિ–કામિની,
લાલા ! ઈશાનકૂણે વિલસંત—જિણે૦ (૬)

---

૧. સૂર્યની ૨. ગ્રહગણ ૩. દેવો ૪. કોયલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જી હો ! તે ઉપગારી જિનધર્મને,
લાલા ! કહે પડિબોહેરે જીવ
જી હો ! હિંસાદિક દૂષણ વિના,
લાલા ! દુવિધ પ્રકારે અતીવ—જિણે૦ (૭)
જી હો ! એકાંતવાદી મત સવે, લાલા ! વિરચે ધર્મપ્રકાર
જી હો ! પિણ મૌનીંદ્ર દરશન વિનુ,
લાલા ? જાણે ન ધર્મ ઉદ્દાર—જિણે૦ (૮)
જી હો ! દુરગતિ પડતાં જીવને, લાલા ! ધારક કહો રે ધર્મ
જી હો ! યોગવંચક ક્રિયા કરી,
લાલા ! ચઉગઈ સાધે અધર્મ—જિણે૦ (૯)
જી હો ! આતમ ગુણ સવિ ઉલ્લસ્યાં,
લાલા ! પરગ્રાહ કરી દૂર
જી હો ! નિત્યાનંદે વિલસતાં,
લાલા ! **ધર્મ**જિણંદ વડનૂર—જિણે૦ (૧૦)
જી હો ! ભાવ-ધરમદાયક વિભુ, લાલા ! નિરધારી થિર બુદ્ધ
જી હો ! **સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** આદરે,
લાલા ! પ્રગટે ધર્મ વિશુદ્ધ -જિણે૦ (૧૧)

卐

## (૬૪૦) (૨૭-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન

**( જીરેજી-એ દેશી )**

જી રે ! શ્રી **શાંતિ** નિરૂપમ ચક્રી,
સવિ જનપદ પ્રભુ સદગુણી—જીરે જી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જી રે! વિગતવિકાર કિરતાર,
અજરામર નિર્ગુણ ગુણી—જીરેજી० (૧)
જીરે! બ્રહ્મા વિધાતા મહેશ, ચેતના અચલ[1]—સુતાપતિ—જી०
જીરે! શબ્દથી શંભુ જનમાંહ, ગુણથી જૈન વેદિકૃતિ—જી० (૨)
જીરે! હરી હર શક્ર નાગેશ,
તેહનો જેના રતિ[2]પતિ સુણ્યો—જી०
જીરે! અચિંત્ય બળે કરી નાથ,
ક્ષણમાં તે મદન દહન સુણ્યો—જી० (૩)
જીરે! સદાશિવ વિધિ વિષ્ણુ, વિષ્ણુ પુરૂષોત્તમ સ્વયંપ્રભુ—જી०
જીરે! દમી ક્ષમી નિરદંભ, અંતરજામી નામી વિભુ—જી० (૪)
જીરે! અનેક કલ્પના જાળ,
વરજિત ધ્યેય અવિનય સ્વરૂપ—જી०
જીરે! સિદ્ધ બુદ્ધ નિર્લેપ,
અલખ અજોગી વિશ્વંભરૂ—જી० (૫)
જીરે! અગમ અરૂજ મહાગોપ, સનાતન અગુરૂલઘુ—જી०
જીરે! તીરથાધિપ ભગવાન,પામી તુરીય દશાનઘુ—જી० (૬)
જીરે! માધવ[3] વરૂણ બિડૌમ[4], નીલકંઠ સુરગુરૂ ગુણી—જી०
જીરે! ત્રિવિધ જોગે પ્રણમંત,
તેહજધામ તું જગધણી—જી० (૭)

---

૧. અચલ=હિમાલય, તેની સુતા=પાર્વતી, તેના પતિ=મહાદેવ ૨. કામદેવ ૩. કૃષ્ણ ૪. ઇંદ્ર

૪૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીરે ! નાસ્તિક સૌગત સાંખ્ય, યોગાચાર વૈશેષિકા—જી૦
જીરે ! એકાંતે કરી તેહ,તુજ કળના નવિ કરી શકયા—જી૦ (૮)
જીરે ! ઈત્યાદિક શુભનામ, યથારથ પ્રગટયા સદા—જી૦
જીરે ! તસુ ધ્યાને વિકસંત,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** સંપદા—જી૦ (૯)

卐

## (૬૪૧) (૨૭-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

(શાંતિજિન એક મુજ વિનતિ—એ દેશી)

**કુંથુજિન** આગમ-વચણથી, જાણીયે હેતુ સ્વરૂપ રે
સ્યાદ્વાદ રચનાયે હઠ વિના, સરાહે જે જ્ઞાની અનૂપ રે
માહરી ઓળગ ચિત્ત ધારીયે૦ (૧)

કાળ સ્વભાવ ભાવિમતિ, કર્મોદ્યમ એહ પંચ રે
સમવાયે સમક્તિ ગુણ લહે,
મિથ્યા એકાંત પરપંચ રે—મા૦ (૨)

**સમયવાદી** કહે જગતમાં, કાળ કૃત સકલ વિભૂતિ રે
ખટરૂતુ જિન ચક્રી હરીબળા,
અંબગર્ભાદિ પ્રસૂતિ રે—મા૦ (૩)

**સ્વભાવવાદી** વદે વસ્તુમાં, અનેક પરિણમન સ્વભાવ રે
તંતુગુણ પટપણે સંભવે, પિંડ ઘટ લકુટથી નાવ રે—મા૦ (૪)

**ભાવિ** કહે વચન ઈણીપરે, કિજીયે કોટી ઉપાય રે,
તદપિ પ્રમાણુ નિયતિ હોવે,
**સુભૂમ** ચરિતથી મનાય રે—મા૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળસ્વભાવ નિયતિ વિના, કર્મહેતુ સત્ય રૂપ રે
સુર નર કુંજરાદિક ગતિ, દાયકર્મ્મ એક ભૂપ રે–મા૦ (૬)
કહે **ઉદ્યમ** પ્રતિવાદીને, ઉદ્યમાધીન સવિ કામ રે
નહિ હોયે તૃપતિ અન્ન દેખીને,
એક પ્રયાસ ગુણધામ રે—મા૦ (૭)
પંચ નય નિજ મત થાપતા, લહી તુજ પદ તરૂછાંય રે
મિથ્યામતિ દૂરે કરી ધારીયે,
મન વિષે પંચ સમવાય રે—મા૦ (૮)
**નિયતવસે** કર્મ અપાવીને, **ભવથિતિ** તણે પરીપાકે રે
**વીર્યપંડિત** ભવ્ય-ભાવથી, મિટે ભવદોહગ છાકે રે–મા૦(૯)
**કુંથુજિન** ચરણ સેવનથકી, પામી શુભ કારણ જોગ રે
**સૌભાગ્ય લક્ષ્મી સૂરિ** સુખ લહે,
પરમ સમાધિ સંયોગ રે-મા૦ (૧૦)

卐

## (૬૪૨) (૨૭–૧૮) શ્રીઅરનાથજિન સ્તવન

(પંથડો નિહાલું રે બીજા જિનતણોરે—એ દેશી)

**અરજિન** દર્શન નિજ દર્શન તણુંરે, નિમિત્ત છે ગુણગેહ
જિમ દર્પણની નિર્મલતા વિષેરે, નિજ પ્રતિબિંબ નિરેહ,
દરિસણ કીજેરે **અરજિનરાજનું રે** (૧)
દર્શણ દર્શણ જગમાં સહુ વદેરે, દર્શન ભેદ ન લહંત
તર્કસિંધુ–કલ્લોલે ચપલતારે, ચિત્ત ચિંતન વરતંત–દરિ૦(૨)
સામાન્ય દર્શન તે ગુણ તાહરારે, તિમ ક્ષાયિક ગુણ દષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્યાદ્વાદ દર્શન પ્રગટકારક ક્ષમીરે,
ઈમગિર દર્શણ પુષ્ટ—દરિ૦ (૩)
તે માટે પ્રિય દર્શન નાથનું રે, નિરધારે રૂચિ શુદ્ધ
રયણત્રયી દીપક ભવી જીવનેરે,
વિતિમિર કરણ અવિરૂદ્ધ—દરિ૦ (૪)
દર્શનકારક પ્રતિ વાંછો નહિરે, પિણ પુણ્યશાલી જે દશ્ય
અવલંબનથી મિટાવે કુદષ્ટિનેરે,
આતમ દર્શન હોય વશ્ય—દરિ૦ (૫)
સહજ દર્શન તુજ અલખ અગોચરૂરે, મહાયોગીશ્વર ગમ્ય
તે પિણ જગબંધુથી નિપન્યોરે,
જીમ સૂત્રધારથી શુભ શર્મ્ય—દરિ૦ (૬)
તુજ દર્શણથી જે સંતોષતારે, વિધિ[1]હરિ[2]હર[3]થી તે નાહી
દેખી શશિકાંતિ હર્ષ ચકોરનેરે,
તારક[4]—ગણથી તે નાહી—દરિ૦ (૭)
દ્રવ્ય-ભાવ અવલોકન આદરેરે, દશ્ય-દર્શક મિટે ભેદ
**લક્ષ્મીસૂરિ** જિન દર્શન સુરતરૂરે,
સફળે અનેક ઉમેદ—દરિ૦ (૮)

卐

## (૬૪૩) (૨૭–૧૯) શ્રીમલ્લિનાથ–જિન સ્તવન

### ( પાંડવ પાંચ વાંદતા-એ દેશી )

**મલ્લિજિન** ત્રિભોવનપતિ, પ્રભુ સકલ પદારથ રૂપ રે
ચ્યાર નિક્ષેપે વર્ણવે, અનેકાંત ભૂમિના જે ભૂપરે–અને૦
અનૂપ સ્વરૂપ ? અનંત ગુણ આગરો સમરૂપ રે, (૧)

---

૧. બ્રહ્મા, ૨. વિષ્ણુ, ૩ મહાદેવ, ૪ તારાઓનો સમૂહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ અજીવ ઉભયતણો, સંકેતન માત્ર જે શબ્દ રે
તદરથ વિણુ વર્તે સદા,
મતિ નામનિક્ષેપે એ લદ્ધ રે–મતિ૦ અનુ૫૦ (૨)

સદરથ વિરહિત આકૃતિ, સાકાર નિરાકાર ભેદ રે
ચિત્ર અક્ષાદિકમાં સહી,
થાપના નિક્ષેપ અછેદ રે–થાપ૦ અનુ૫૦ (૩)

ભૂત ભાવી જે ભાવનો, હેતુ તે દ્રવ્ય નિક્ષેપ રે
નિક્ષેપયોગ અથવા સહિ, હોવે તિહાં દ્રવ્ય આક્ષેપ રે–
હોવે૦ અનુ૫૦ (૪)

મૂલ અરથમાં પરિણમ્યો, અનુભવન ક્રિયાનો તે ભાવ રે
પરમ અરથમય ગુણ વદે,
એહ તુરિય––નિક્ષેપાનો દાવ રે–એહ૦ અનુ૫૦ (૫)

નામાકાર દ્રવ્ય ત્રિણ કહ્યા, એક ભાવના સાધન હોય રે
ભાવ તે કારજ શુદ્ધ છે. તેહસ્યું ગુણીને રઢ હોય રે–
તેહ૦ અનુ૫૦ (૬)

સર્વ પદારથ વિશ્વમાં, હોય ચ્યાર પર્યાય સંયુક્ત રે
પૂર્ણ ગ્રાહક તે જિનમતિ, જિહાં નહી એકાંત મતીયુક્ત રે–
જિહાં૦ અનુ૫૦ (૭)

નામથી **મલ્લિજિન** પ્રભુ, સ્થાપનાથી તુજ પ્રતિબિંબ રે
છઉમથ્થ ભાવે દ્રવ્યથી, ત્રિગડે સ્થિતિ ભાવાલંબ રે
—ત્રિ૦ અનુ૫૦ (૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ આગમ થકી મતિલહી, ગ્રહ્યો ચઉવિધ આતમરામ રે
**સૌભાગ્યલક્ષ્મીસૂરિપ્રતે**, પ્રગટે શુભયશ સુખધામ રે
પ્ર૦ અનુપ૦ (૯)

卐

## (૬૪૪) (૨૭–૨૦) શ્રીમુનિસુવ્રત–જિન સ્તવન

### ( અજિત જિણંદશ્યું પ્રીતડી–એ દેશી )

**શ્રીમુનિસુવ્રતજિન** ગુણનીલો,
ચરણાદિક હો અનંત ગુણકંદ કે
કેવળી પણ એક સમયના,
ગુણ જાણે હો ? નહી કેહવા અમંદ કે—શ્રી૦ (૧)
વચન અગોચર ગુણ થકી,
ભાંગે અનંત હો હોવે ખલુ વાચ્ય કે
શ્રુતધર કેવળી સારિખા,
તેહમાં પણ હો કાંઈક કહેવાય કે—શ્રી૦ (૨)
ત્રિભોવન જીવ ગણવા વિષે, સપ્રયાસીહો વર્તે સમકાળ કે
અનંત ભાવે પિણ ક્ષિણકનાં,
કહેવા અસમથ્થહો ગુણ દીન દયાલ કે—શ્રી૦ (૩)
અસંખ્ય પ્રદેશ આતમતણા, તેહમાં પણ હો કોઈક પ્રદેશ કે
અસ્તિ નાસ્તિ નિત્યાદિકે,
ધર્મપર્યવહો ગુણ અનંત આવેશ કે—શ્રી૦ (૪)
સંખ્યાતીત નિજ દેશમાં, ગુણ અનંતતા હો સમાણી કેમ કે
લોક પ્રદેશ અસંખ્ય વિષે, દ્રવ્ય પર્યવહો સમાચે જેમ કે
—શ્રી૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ વ્યક્તિપણે ગુણ તાહરે,
તિમ શક્તિથી હો માહરે છે નાથ કે,
ઉપાદાન સમરે સહી,
શુભ હેતુથી હો પ્રગટે નિજ આથ કે—શ્રી૦ (૬)
લોહમિટે પારસ ફરસથી, અબોધતાહો તિમ મનથી જાય કે
**સૌભાગ્ય—લક્ષ્મીસૂરિ** ગુણનિધિ
અવલંબતા હો ! તન્મયપદ થાય કે—શ્રી૦ (૭)

卐

## (૬૪૫) (૨૭–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

(દેશી આછેલાલની)

**શ્રીનમિજિણંદ** દયાળ, અનુભવ ભોગ રસાળ,
આછે લાલ! જગવંદન જિન ભેટીયેજી. (૧)
અંબુજ-દલપરે નયણ, દુર્જય જીત્યો મયણ,
આછે લાલ! વયણસયણ પરે સુખકરૂજી. (૨)
લક્ષણ શોભિત અંગ, અડહિય સહસ ઉત્તંગ,
આછે લાલ! અભ્યંતર અગણિત સદાજી (૩)
લાજ્યો શશિ મુખ જોય, તપન[1]—ખદ્યુત[2] સમ હોય,
આછે લાલ! અધર[3] અરૂણોદય સમ પ્રભાજી. (૪)
અષ્ટમી શશિ સમ ભાળ, ઇંદ્ર નાગેંદ્ર નિહાળ,
આછે લાલ! ચકિત નયણે તે જુયેજી. (૫)
સહજ અદભુત રૂપકાંતિ, નિરખી હરખે જિન ખાંતિ,
આછે લાલ! કાંત[4] એકાંત નહી તુમ સમોજી (૬)

---

૧. સૂર્ય, ૨. આગિયો, ૩. ઓષ્ઠ, ૪. સુંદર

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર, કિન્નર અનંગ હ્દિણંદ,
આછે લાલ! ઉપમ સવિ તુજ પદ નમેજી. (૭)
મિટે નિરૂપમ જિનરાજ, ચિદાનંદઘન સાજ,
આછે લાલ! શોક રહિત થિતિ નિત રહેજી. (૮)
વિઘન નિવારક દેહ, દ્યેય સ્વરૂપી ગુણગેહ,
આછે લાલ! શિવગામી નામી સાહિઓજી. (૯)
અનુક્રમે અહી ગુણઠાણ, પામ્યા કેવળ ગુણખાણ,
આછે લાલ! તે મુજ સાહિબ **નમિજિનાજી**. (૧૦)
અહ વિનતિ ચિતધાર, આપવો સમકિત સાર,
આછે લાલ! સેવક-ભાવ નિવારીયે જી. (૧૧)
ગિરૂઆ ગરીબનિવાજ, મહિર કરી મહારાજ,
આછે લાલ! **સૌભાગ્યલક્ષ્મીસૂરિ** સુખ દીઓજી. (૧૨)

卐

## (૬૪૬) (૨૭–૨૨) શ્રી નેમિનાથ–જિન સ્તવન

**(થારા મોહલા ઉપર મેહ ઝબૂકે વીજલી સાહેબજી-એ દેશી)**

**શ્રી નેમિજિનવર** અભયંકર પદસેવના—સાહિબજી,
પ્રભુ મહોદય કારણ વારણ ભવભયવાસના—સા૦
જિનવર સેવન તેહીજ નિજસેવન જાણીયેં—સા૦
પ્રભુ શશી અવલોકન નયનકાંતિ જિમ માનીયે—સા૦ (૧)
પ્રભુ પરકૃત સેવનવાંછા દુગંછા તુજ નહી—સા૦
છે દોષવિલાસી વાંછા અભ્યાસી ભવમહિ—સા૦
પ્રભુપૂજ્ય સ્વભાવ વિભાવ અભાવે નિપનો—સા૦
તેહ પૂર્ણાનંદમય પૂરણ નયસુખ દીપનો—સા૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુવંદન ચંદન સુમનાદિકે દ્રવ્યપૂજના—સા૦
તુજ ગુણ એકતાને ભાવે બહુમાને સુજના—સા૦
સ્વરૂપથી દીસે સાવદ્ય નિરવદ્ય અનુબંધીરે—સા૦
વિધિયોગે હિંસાખિંસા વિણું શિવ સંધિરે—સા૦ (૩)
પ્રભુ સમયમાં[૧] પૂજન દ્રવ્ય ભાવભેદે લહ્યો—સા૦
જિન–આણા—જોગે આગાર અણગારે તે નિરવહ્યો—સા૦
સુખ દ્રવ્યથી સ્વર્ગ લહે અપવર્ગ તે ભાવથી—સા૦
ઈમ ફલ દો દાખ્યા ભાખ્યા સમયાનુભાવથી—સા૦ (૪)
અંગાદિક ત્રિવિધ અડવિધ અક્ષતાદિક ભેદ રે—સા૦
ઈમ સગ દસ ઈગવિશ કીજે પૂજા અખેદ રે—સા૦
જિનવર અનુરાગ રંગી સંગી કરી ચેતના—સા૦
શુભકરણી કીજે લીજે અનુભવ–નિકેતના—સા૦ (૫)
ઈમ પૂજ્ય પૂજન પૂજક ત્રિકયોગ સંયોગરે—સા૦
મિટે સેવકભાવ અનાદિનો પ્રગટે સંભોગરે—સા૦
ઈમ વિનતિ પ્રકાશે અભ્યાસે **સૌભાગ્યસૂરિ** શિષરે–સા૦
પ્રભુ સવિ દુખ ચૂરો પૂરો સયલ જગીશ રે—સા૦ (૬)

卐

## (૬૪૭) (૨૭–૨૩) શ્રી પાર્શ્વનાથ–જિન સ્તવન

**(વીરે વખાણી રાણી ચેલણાજી—એ દેશી)**

**પાર્શ્વજિન** પૂર્ણતા તાહરી જી, શુભ–થિરતામાં સમાય
પરમ–ઈશ્વર વિભુ જિનવરૂ જી, સહજ આનંદ વીયરાય—
પાર્શ્વ૦ (૧)

૧. આગમમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ-શુદ્ધાતમે રાજતા જી, કર્મ—રહિત મહારાય
પામી અશુભને વામતા જી, નિરીહપણે સુખદાય-પાર્શ્વ૦(૨)

વિશ્વનાયક તુંહી સારહીજી, ત્યાગી ભોગી જિનરાજ
ચઉ બંધને પ્રભુ છંડીને જી, થયો માહરો શિરતાજ
—પાર્શ્વ૦ (૩)

ભવગિરિ[1]ભંજન—પવી સમો જી, તારક બિરૂદ ધરાય
અમરપતિ નિત્ય નમે તુજ પદે જી, ભાવ ધરી નિરમાય
—પાર્શ્વ૦ (૪)

અમ સરીખા જે મોહે ગ્રહયા જી, તેહને તુંહી સહાય
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** પદ વરે જી, જેહ તુજને નિતુ ધ્યાય-
પાર્શ્વ૦ (૫)

卐

## (૬૪૮) (૨૭-૨૪) શ્રી મહાવીર સ્વામી-જિન સ્તવન

(રાગ-ધન્યાશ્રી)

આજ મ્હારા પ્રભુજી! સાહમું રે જુવો, સેવક કહીને બોલાવો
આજ મ્હારા પ્રભુજી! મહિર કરીને સેવક સાહમું નિહાળો
કરૂણાસાયર મહિર કરીને, અતિશય સુખ ભૂપાળો-આ૦ (૧)

ભગતવછલ શરણગતપંજર, ત્રિભુવનનાથ દયાળો
મૈત્રીભાવ અનંત વહે અહનિશ, જીવસયલ પ્રતિપાળો, આ૦(૨)

ત્રિભુવન-દીપક જીપક અરિગણ, અવિઘટ જ્યોતિ-પ્રકાશી
મહાગોપ નિર્યામક કહીયે, અનુભવ રસ સુવિલાસી—આ૦(૩)

---

૧. સંસાર રૂપ પર્વત તે ભાંગવા વજ્ર સમાન

Jain Education International • For Private & Personal Use Only www.jainelibrary.org

મહામાહણ મહાસારથી અવિતથ, અપનો બિરૂદ સંભાળો
બાહ્ય–અભ્યંતર અરિગણ જોરો, વ્યસન વિઘન ભય ટાળો
—આજ૦ (૪)

વાદી તમહર તરણિ[1] સરિખા, અનેક બિરૂદના ધારી
જીત્યા પ્રતિવાદી નિજ મતથી, સકલજ્ઞાયક યશકારી આ૦(૫)

યજ્ઞકારક ચઉ વેદનાધારક, જીવાદિ સત્તા ન ધારે
તે તુજ મુખ–દિનકર નિરખણથી, મિથ્યા–તિમિર પરજાલે
—આજ૦ (૬)

ઈલિકા–ભમરી ન્યાયે જિનેસર, આપ સમાન તેં કીધા
ઈમ અનેક યશ ત્રિશલાનંદન, ત્રિભુવનમાં હે પ્રસિદ્ધા.
—આજ૦ (૭)

મુજ મન ગિરિકંદરમાં વસીઓ, **વીર** પરમ જિન સિંહ
હવે કુમત–માતંગનાર ગણથી, ત્રિવિધ યોગે મિટી બીહ
—આજ૦ (૮)

અતિમન રાગે શુભ ઉપયોગે, ગાતાં જિન જગદીશ
**સૌભાગ્યસૂરિ** શિષ્ય **લક્ષ્મીસૂરિ** લહે,
પ્રતિદિન સયલ જગીસ—આજ૦ (૯)

---

૧. સૂર્ય ૨. હાથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# શ્રી કીર્તિવિમલજી મ.

કૃત

# સ્તવન-ચોવીશી

## [૨૮]

### (૬૪૯) [૨૮-૧] શ્રી ઋષભદેવ-જિન સ્તવન

મન-મોહન તું સાહિબો, મારૂદેવી માત મલ્હાર—લાલ રે
નાભિરાયા-કુલ ચંદલો, ભરતાદિક સુત સાર—લાલ રે
મન૦ (૧)

યુગલાધર્મ નિવારણો, તું મોટો મહારાજ—લાલ રે
જગત-દારિદ્રય-ચૂરણો, સારો હવે મુજ કાજ—લાલ રે
મન૦ (૨)

ઋષભ લંછન સોહામણો, તું જગનો આધાર—લાલ રે
ભવ-ભય-ભીતા પ્રાણીને, શિવ-સુખનો દાતાર-લાલ રે
મન૦ (૩)

અનંત-ગુણ-મણિ-આગરૂ, તું પ્રભુ દીન દયાળ—લાલ રે
સેવક જનની વિનતિ, જન્મ-મરણ દુઃખ ટાળ—લાલ રે
મન૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરતરૂ–ચિંતામણિ સમા, જે તુમ સેવે પાય—લાલ રે
ઋદ્ધિ અનંતિ તે લહે, વળી કીર્તિ અનંતી થાય—લાલ રે
મન૦ (૫)

卐

## (૬૫૦) (૨૮–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

**અજિત** જિણંદ? અવધારીએ, સેવકની અરદાસો રે
તું સાહિબ સોહામણો, હું છું તારો દાસો રે–અજિત૦(૧)

**જિતશત્રુ** રાય કુલ–તિલો, **વિજયા** માત મલ્હારો રે
નયરી **અયોધ્યા** અવતર્યા, **ગજ** લંછન અતિ સારો રે
—અજિત૦ (૨)

જગજીવન જગનો ધણી, તું છે જગ પ્રતિપાળો રે
નામ તુમ્હારૂં જે જપે, તે પામે સુખ વિશાળો રે
—અજિત૦ (૩)

સુર–તરૂ–મણિ–સુરલતા, વંછિત પૂરે એહો રે
તેહથી તુમ સેવા ભલી, શિવ–સુખ આપે જેહો રે
—અજિત૦ (૪)

જે ભવિ તુમ્હ સેવા કરે, તે લહે કોડિ કલ્યાણો રે
ઋદ્ધિ સિદ્ધિ **કીર્તિ** ઘણી, તસ ઘરે શુભ–મંડાણો રે
—અજિત૦ (૫)

卐

## (૬૫૧) (૨૮–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**સંભવજિન** ! અવધારીયે, સેવકની અરદાસો રે
તું જિનજી સોહામણો. પુણ્યે પામ્યો ખાસો રે—સં૦(૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જિતારિ**-કુલ ચંદલો, **સેના** માત મલ્હારો રે
મન-વંછિત પ્રભુ પૂરણો, **અશ્વ-લંછન** સુખકારો રે-સં૦(૨)
**સાવત્થી** નયરી ભલી, જિહાં જનમ્યા શ્રી જિનરાયો રે
ધાનના સંભવ નિપન્યા. તેણે **સંભવ** નામ ઠરાયો રે-સં૦(૩)
**દુરિતારી** શાસનસુરી, યક્ષ **ત્રિમુખ** સેવે પાયો રે
સંઘના વંછિત પૂરવે, વળી સંકટ દૂર પલાયો રે-સં૦(૪)
નામે નવનિધિ સંપજે, ઘરે કમળા પૂરે વાસો રે
ઋદ્ધિ સિદ્ધિ **કીર્તિ** ઘણી, તુમ્હ ધ્યાને શિવ-સુખવાસો રે
-સં૦(૫)

卐

## (૬૫૨) (૨૮-૪) શ્રી અભિનંદનસ્વામી-જિનસ્તવન

**શ્રી અભિનંદન** જગનો તારૂ, મુજ મન લાગે વારૂ રે
તુજ સેવામાં જો પ્રભુ રહીએ, તો મનવાંછિત લહીયે
—શ્રી અભિ૦(૧)
પ્લવગ-લંછન પાયે સોહે, ભવિ-જનનાં મન મોહે રે;
જો પ્રભુ તુજ આપણા શિર વહીયે, તો નિર્મળ-સુખ લહીયે
—શ્રી અભિ૦(૨)
**વિનીતા** નયરી જબ પ્રભુ આયો, **સંવર** કુલ દીપાયો રે
ધન્ય **સિદ્ધાર્થા** માતે જાયો, ઇંદ્ર-ઇંદ્રાણી લડાયો રે
—શ્રી અભિ૦ (૩)
**નાયક** યક્ષ તુમ્હ સેવા કરે, **કાલી** સૂરી દુઃખ વારે રે
ધન્ય જિહા જે તુમ્હ ગુણ ગાવે, ધન્ય મન જે તુમ્હ ધ્યાવે રે
—શ્રી અભિ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ભવિ તુમ ચરણામ્બુજ સેવે, કામધેનુ સો લેવે રે,
**ઋદ્ધિ** સિદ્ધિ **કીર્તિ** ઘણી, તુમ્હ ધ્યાને શિવ-સુખ પાવે રે
—શ્રી અભિ૦ (૫)

卐

## (૬૫૩) (૨૮–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

**સુમતિ** જિણેસર સેવીયે હો લાલ, સુમતિ–તણો દાતાર સા૦
બહુ–દિનનો ઉમાહલો[1] હો લાલ, દરિસણ આપો સાર
—સાહેબજી–સુમતિ૦ (૧)

**મેઘરાય** કુલ–ચંદલો હો લાલ, **મંગલા** માત મલ્હાર સા૦
ભવ–ભયથી હું ઊભગ્યો હો લાલ તું મુજ સરણું સાર[2]
—સાહેબજી–સુમતિ૦ (૨)

પાયે **ક્રૌંચ** સેવે સદા હો લાલ, **તુંબરૂ** સારે સેવ સા૦
**મહાકાલી** સુરિ સદા હો લાલ, વિઘ્ન ટાલે નિત્યમેવ સા૦
–સુમતિ૦ (૩)

નયરી **કોશલાએ**[3] અવતર્યો હો લાલ,
તવ વરત્યોજય જયકાર—સાહેબજી
ઘરે–ઘરે હરખ–વધામણાં હો લાલ, ધવલ–મંગલ દે નાર
—સાહેબજી–સુમતિ૦ (૪)

અનંત ગુણ છે તાહરા હો લાલ, કહેતાં નાવે પાર સા૦
દિન–દિન તુમ્હ સેવા થકી હો લાલ,
**ઋદ્ધિ કીર્ત્તિ** અનંતી સાર—સાહેબજી–સુમતિ૦ (૫)

---

૧ ઉત્સુકતા, ૨ શ્રેષ્ઠ, ૩ અયોધ્યા,

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## (૬૫૪) (૨૮-૬) શ્રી પદ્મપ્રભ-જિન સ્તવન

**શ્રી પદ્મપ્રભ** જિનરાજ શોભે, વદન શારદ-ચંદ રે
ભવિક જીવ-ચકોર નિરખી, પામે પરમાનંદ રે
—**શ્રી પદ્મપ્રભ**૦(૧)

તુજ રૂપ-કાંતિ અતિ હી રાજે, મોહે સુર-નર—વૃંદ રે
તુજ ગુણ-કથા સવિ વ્યથા ભાંજે, ધ્યાન સુરતરૂ કંદ રે
—શ્રી પદ્મપ્રભ૦(૨)

**પદ્મ**વરણી કાયા શોભે, **પદ્મ** સેવે પાયરે
**પદ્મપ્રભ** જિન સેવા કરતાં, અવિચલ[1]-પદ્મા થાય રે
—શ્રી પદ્મપ્રભ૦(૩)

ધન્ય **સુસીમા** માતા જાયો, **ધર**રાય કુલ-મંડણ[2] રે
નયરી **કૌશાંબી** ધન્ય જિહાં, હુઓ જન્મ-કલ્યાણ રે
—શ્રી પદ્મપ્રભ૦(૪)

જન્મ પાવન આજ હૂઓ, જિનરાજ તાહરે ધ્યાન રે
હવે **ઋદ્ધિ કીર્તી** અનંત આપો,
થાપો સુખ પદ[3]નિર્વાણ રે શ્રી પદ્મપ્રભ૦(૫)

卐

## (૬૫૫)(૨૮-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**શ્રી સુપાસ** જિન શું-કરો-સાહેલડીયાં,
અતિ અનુપમ રંગ-ગુણ વેલડીયાં

---

૧ શાશ્વતલક્ષ્મીવાળો, ૨ શોભારૂપ, ૩ સ્થાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહ રંગ હીણો નહિં–સા૦ બીજો હીણો પતંગ[1]–ગુણ૦(૧)
તું સાહિબ સોહામણો–સા૦, બીજો નાવે દાય[2]–ગુણ૦
એહ રંગ સદા હોજો–સા૦ જયાં લગે શિવ પદ થાય–ગુ૦(૨)
ભવ અનંત ભમતાં થકાં–સા૦ પુણ્યે પામ્યો આજ–ગુણ૦
તો મુજ મનવંછિત ફલ્યો સા૦ સિધ્યાં સઘળાં કાજ–ગુ૦(૩)
રાગ–રહિત પ્રભુ તું કહ્યો–સા૦ મુજને તુજ શું રાગ–ગુણ૦
સરીખા વિણુ પ્રભુ ગોઠડી સા૦ કેમ બની આવે લાગ[3]–ગુ૦(૪)
કૃપા નજરે સાહેબ તણી–સા૦ સેવકનાં દુઃખ જાય–ગુણ૦
અનંત ઋદ્ધિ કીર્તિ ઘણી–સા૦જગમાં જશ બહુ થાય–ગુ૦(૫)

卐

## (૬૫૬) (૨૮–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

**ચંદ્ર પ્રભ** જિન સાહિબા, તું છે ચતુર સુજાણ–મહારાજ
સેવક–જનની વિનતી, એ તું દિલમાં આણ–મહારાજ–ચં૦(૧)
કાલ અનાદિ હું ભમ્યો, કહેતાં નાવે પાર–મહારાજ
એકેંદ્રિની જાતિમાં, અનંત, કાલ અવધાર–મહારાજ–ચં૦(૨)
એમ વિકલેંદ્રિની જાતિમાં, વસીઓ કાલ અસંખ્ય–મહારાજ
છેદન–ભેદન વેદના, સહી તે અસંખ્ય–મહારાજ–ચં૦(૩)
પુણ્ય–જોગ વલી પામીઓ, પંચેંદ્રિની જાતિ–મહારાજ
તે માંહે અતિ–દોહિલી, માનવની ભલી જાતિ–મહારાજ–ચં૦(૪)

---

૧. હળદર જેવો ૨. ઈષ્ટ, ૩. મેળ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે તુમ્હ સેવા પામીઓ, તો સર્યાં મુજ કાજ—મહારાજ
ઋદ્ધિ-કીર્ત્તિ અનંતી થાપીચે, આપો શિવનું રાજ
—મહારાજ—ચં૦(૫

卐

## (૬૫૭) (૨૮-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**સુવિધિ જિનેશ્વર ! સ્વામિજી, તમે ઋદ્ધિ અનંતી પામીજી,**
**—સાહેબ સાંભળો**

જે ઋદ્ધિનો હું છું કામીજી,[1] તે વિનતિ કરૂં શિરનામીજી
સાહેબ૦ સુવિધિ૦(૧)

ત્રણ-ગઢમાં બેઠા સોહેજી, ભવિ-જનના મન મોહેજી—સાહેબ,
શિર-ઉપર છત્ર બિરાજેજી, ત્રણે-લોકના સંશય ભાજેજી—
સાહેબ૦ સુવિધિ૦(૨)

વાજિંત્ર કોડાકોડી વાજેજી, સવિ પર્ષદા રહે કર જોડીજી—
સાહેબ૦

વાણી તિહાં અમીય[2]-સમાણીજી, સાંભળે સવિ ઇંદ્રાણીજી-
સાહેબ૦ સુવિધિ૦(૩)

બેહુ પાસે ચામર લહકેજી, પંચ-વર્ણી કુસુમ બહુ મહકેજી;
સાહેબ૦

ઇમ જે તુજ ઋદ્ધિના રસિયાજી,
તસ પાપ-બંધ સવિ ખસીઆજી સાહેબ૦ સુવિધિ (૪)

---

૧ ઇચ્છુક, ૨ અમૃતસમાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ વિનતી કરી પ્રભુ તુઠ્યાજી,
-શ્રીસુવિધિ જિનેશ્વર વુઠયાજી,—સાહેબ૦
ઋદ્ધિ-કીર્ત્તિ અનંતી આપેજી, શિવ-પદવી મુજને થાયેજી-
સાહેબ૦ સુવિધિ૦ (૫)

卐

## (૬૫૮) (૨૮-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**શીતળ** જિનવર સાહિબ વિનવું, વિનતડી અવધાર
ભવ-મંડપમાં રે ફરી ફરી નાચતાં, કિમઈ ન આવ્યો પાર—
શીતળ૦(૧)

લાખ ચોરાશી રે યોનિમાં વળી, લીધાં નવ-નવ વેષ
ભમંત ભમંતા રે પુણ્યે પામીઓ,
આર્ય માનવ વેષ—શીતળ૦(૨)

તિહાં પણ દુર્લભ જ્ઞાનાદિ સાંભળી, જેથી સીઝે રે કાજ
તે પામીને ધર્મ જે નવિ કરે,
તે માણસને રે લાજ—શીતળ૦(૩)

જ્ઞાન-દર્શન-ચારિત્ર ભલું, જે એહ પામે રે સાર
તેહ ભવિકજન નિશ્ચય પામશે,
વહેલો ભવનો પાર—શીતળ૦(૪)

તુમ્હ સેવાથી રે **સાહિબ**! પામીઓ, અવિચળ પદવીવાસ
ઋદ્ધિ-**કીર્તિ** રે **અ**નંતી થાયે,
આપે શિવ-પુર વાસ—શીતળ૦(૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૫૯) (૨૮-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

**શ્રી શ્રેયાંસ** કૃપા કરો, તું જગ-બાંધવ તાતો રે
અલખ-નિરંજન તું જયો, તું છે જગમાં વિખ્યાતો રે શ્રી૦(૧)
ધન્ય-ધન્ય નરભવ તેહનો ! જેણે તુજ દર્શન પાયો રે
માનું ! ચિંતામણિ-સુરતરૂ, તસ ઘરે ચાલી-આયો રે, શ્રી૦(૨)
ધન્ય તે ગામ-નગર-પુરી, જસ ઘરે તું પ્રભુ આયો રે
ભગતિ ધરી પડિલાભીઓ, તેણે બહુ સુકૃત કમાયો રે, શ્રી૦(૩)
જિહાં—જિહાં ઈમ પ્રભુ ગયો, તિહાં બહુ પાપ પલાયો રે
તુજ મૂરતિ નિરખી ભલી, જેણે તું દિલમાં ધાર્યો રે, શ્રી૦ (૪)
હવે મુજ પ્રભુ! લહીજે, તુજ ચરણ નિવાસો રે
ઋદ્ધિ-અનંતી આપીએ, કીર્ત્તિ અનંતી આવાસો રેશ્રી૦(૫)

卐

## (૬૬૦) (૨૮-૧૨) શ્રી વાસુપૂજ્ય-જિન સ્તવન

**વાસુપૂજ્ય** જિન વંદીયે રે લાલ, વાસવ[૧] સારે સેવ,—
મેરે પ્યારે
તું જિનજી સોહામણો રે લાલ,
વાંછિત દે નિત્યમેવ—મેરે વાસું૦(૧)
**વસુપૂજ્ય** કુલ-ચૂડામણિ રે લાલ, જયા માતનો નંદ, મેરે૦
તું દાનેશ્વર— સેહરો રે લાલ,
તુજ નામે નિત્ય આનંદ મેરે૦ વાસુ૦ (૨)

---

૧ ઈંદ્ર, ૨ ઉપાધિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ ધ્યાને સુખ-સંપદા રે લાલ, સેવે સુર-નર પાય મેરે૦
રોગ—સોગ-ઉપદ્રવા રે લાલ,
દૂરે સર્વ બલાય[२]—મેરે૦વાસુ૦ (૩)

**ચંપાનયરી અતિ ભલી રે લાલ,**
**જિહાં ઉપન્યા જિનરાય—મેરે૦**
ઓચ્છવ-રંગ વધામણા રે લાલ,
ઘરે ઘરે મંગલમાલ—મેરે૦ વાસુ૦ (૪)

બારમા જિનવર સાંભળો રે લાલ, સેવકની અરદાસ—મેરે૦
ઋદ્ધિ—કીર્તિ અનંતી દીજીયે રે લાલ,
પુરો એ મુજ આસ-મેરે૦ વાસુ૦ (૫)

卐

## (૬૬૧) ૨૮–૧૩ શ્રી વિમલનાથ–જિન સ્તવન

**વિમલ** જિનવર! **વિમલ** જિનવર! વિમલ તાહરૂં નામ રે
**વિમલ** જિનવર ધ્યાન ધરતાં, વિમલ લહીયે ઠામ રે—
વિમલ૦(૧)

વિમલ-જ્ઞાને તુમ્હ શોભે, વિમલ-મતિ વિસ્તાર રે
વિમલમૂર્તિ નિરખતાં પ્રભુ,
પામે ભવનો પાર રે—વિમલ૦(૨)

વિમલ-મહાવ્રતનો ધણી તું, વિમલ પ્રભુ નિર્વાણ રે
વિમલ-લેશ્યા તુજ પાસે,
વિમલ-શુકલ ધ્યાન રે.—વિમલ૦(૩)

વિમલ-તેજે તુમ્હ શોભે, વિમલ-દરશન તુજ રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલ–સુરત તાહરી પ્રભુ,
વિમલ કરો હો મુજ રે—વિમલ૦(૪)
ગુણ અનંતા તાહરા પ્રભુ, કિમ કહું હું મતિમંદ રે
**ઋદ્ધિ–કીર્તિ** અનંતી છે જિહાં તે,
આપો શિવ–સુખકંદરે. વિમલ૦ (૫)

卐

## (૬૬૨) (૨૮–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

શ્રી **અનંતજિન** સાહિબા રે,
તુમે છો દીન–દયાળ મનના માન્યા
ત્રણ જગત જોતાં થકા રે,
પામ્યો પ્રભુજી મયાલ–મનના માન્યા.
આવો ! આવો ! ઉત્તમ ગુણ–રાગી,
પ્રભુ–ગુણ ગાવા મતિ જાગી;
હું પામ્યો આનંદ પૂર–મનના માન્યા. (૧)
**સિંહસેન**–કુલ-દિનમણિ રે, **સુયશા** માતા ઉર હંસ—મન૦
**અયોધ્યા** નગરીનો રાજિયો રે, સયલ ગુણ–અવતંસ—
મનના૦ આવો૦(૨)
વરસીદાન દેઈ કરી રે, ટાલે દારિદ્ર–દુઃખ—મનના૦
ચારિત્ર લેઈ સહસ–ભૂપશું રે, દેતા જીવને સુખ
—મનના૦ આવો૦(૩)
કેવળજ્ઞાન પામી કરી રે, દે ભવિને ઉપદેશ—મનના૦
દાન શીયળ તપ ભાવના રે, કરો ભવિ શુભ લેશ—
મનના૦ આવો૦(૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદમે ગુણઠાણે ચઢી રે, ચૌદમા જિને શિવ લીધ—મનના૦
**ઋદ્ધિ-કીર્તિ** પદવી થાપીને રે, આપો **અમૃતસિદ્ધ**—
મનના૦ આવો૦(૫)

卐

## (૬૬૩) (૨૮ – ૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

**ધર્મજિનેશ્વર** પંદરમા, અવધારો અરદાસ–રંગીલે આતમા
શરણાર્થી હું આવીઓ,
રાખો ચરણે દાસ—રંગીલે૦ ધર્મ૦ (૧)
ક્રોધ–પાવક ઉઠે થકે, બાળેપુણ્યનું ખેત—રંગીલે૦
માન–મતંગજ જે ચઢયા,
તેહને કીધો દુઃખ સંકેત–રંગીલે૦ ધર્મ૦ (૨)
માયા–સાપણ જે ડશી,તે ન ગણે મિત્ત–અમિત્ત—રંગીલે૦
લોભ–પિશાચે જે ગ્રસ્યા,
તે નિશ–દિન ચાહે ચિત્ત–રંગીલે૦ ધર્મ૦ (૩)
ક્ષમા માર્દવ આર્જવ ગુણે,સંતોષ સુભટ કરો હાથ–રંગીલે૦
ક્રોધાદિક ચાર નવિ રહે, સિંહ–નાદે ગજ સાથ—રંગીલે૦
ધર્મ૦ (૪)
ધર્મી સેવે **ધર્મનાથને**, ન્યાયે સેવે જેમ ન્યાય—રંગીલે૦
**ઋદ્ધિકીર્તિ** અનંતી આપો,
જિમ **અમૃત** પદ મુજ થાય રંગીલે૦ ધર્મ૦ (૫)

卐

## (૬૬૪) (૨૮–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

જીરે ! મારે-**શાંત-જિનેસર** દેવ,
અરજ સુણો પ્રભુ માહરી—જીરેજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીરે ! મારે-ભવમાં ભમતાં સાર,
સેવા પામી તાહરી—જીરેજી (૧)
જીરે ! મારે-માનું સાર હું તેહ,
હરિ-હર દીઠાં લોયણે—જીરેજી
જીરે ! મારે-દીલે લાગ્યો રંગ,
તુમ્હ ઉપર એક મને—જીરેજી. (૨)
જીરે ! મારે-જિમ પંથિ-મન ધામ,
**સીતાનું** મન **રામશું**—જીરેજી
જીરે ! મારે-વિષયીને મન કામ,
લોભીનું ચિત્ત રામશું—જીરેજી (૩)
જીરે ! મારે-એવો પ્રભુશું રંગ,
તે તો તુમ્હ કૃપા થકી—જીરેજી
જીરે ! મારે-નિરવેદ અત્યંત,
નિત્યે જ્ઞાન-દિશા થકી—જીરેજી (૪)
જીરે ! મારે-શાંતિ કરો **શાંતિનાથ**,
શાંતિ તણો અરથી સહી—જીરેજી
જીરે ! મારે-**ઋદ્ધિ-કીર્ત્તિ** તુમ પાસ,
**અમૃત** પદ આપો વહી—જીરેજી (૫)

卐

## (૬૬૫) (૨૮-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**કુંથુ જિનેસર** દેવ, સેવા પ્રભુ તુમ્હતણી રે—સેવા૦
કીજે આતમ એક-મના થઈ તે ઘણી રે—મના૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતામણિ કામધેનુ-પ્રભુ નિત્યે ખરી રે,—પ્રભુ૦
કલ્પવૃક્ષ કામકુંભ-સમાણી ચિત્ત ધરી રે.—સમાણી૦ (૧)
તેહથી અધિકી સેવ, સ્વામીની જાણીએ રે,—સ્વામી૦
તેહમાં નહિ સંદેહ કે, મનમાં આણીએ રે;—મન૦
તુમ્હ સેવાથી રાજ ઋદ્ધિ સંપદ સવિ રે,—ઋદ્ધિ૦
વળી સુરા-સુર-ઇંદ્રાદિક પદવી હવી રે.-ઈંદ્રા૦ (૨)
તીર્થંકર-પદવી લહે, સેવાથી જના રે,—સેવાથી૦
જિમ **શ્રેણિક** નરનાથ, પામ્યો પ્રભુ મામના રે—પામ્યો૦
**રાવણ** નામ નરેન્દ્ર **અષ્ટાપદ** આવીયો રે,—અષ્ટા૦
તે પામ્યો જિન પદવી, નાટક ભાવીઓ રે—નાટક૦ (૩)
જિહાં નહિ રોગને શોક, જન્મ મરણ નહિ રે—જન્મ૦
અનંત જ્ઞાન દર્શન, સુખ વીર્ય તે સહી રે—સુખ૦
સિદ્ધપુરી એને નામે-લોકાંતે અતિ ભલી રે,—લોકાંતે૦
પ્રભુ ચરણ-સેવાથી આતમ પામીશ તે ભલી રે-પામીશ૦(૪)
**સૂર** રાજા જસ તાત-**શ્રીમાતા** જાણીયે રે,—શ્રીમાતા૦
દેહ કંચનમય પાંત્રીશ, ધનુષ વખાણીયે રે,—ધનુ૦
**છાગ** લંછન સુખકારક, **ગજપુરે** રાજિયો રે,—ગજ૦
ઋદ્ધિ-**કીર્ત્તિ** સુખ આપશે, સેવક દુઃખ ભાજિઓ રે.
—સેવક૦ (૫)

卐

## (૬૬૬) (૨૮-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

**ગજપુર**-નરેંદા રે, સેવે સવિ-ઈંદા રે,
મુખ સોહે પુનમ ચંદા, ભવિ-મન મોહતો રે (૧)

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

રાય **સુદર્શન** તાત રે, **દેવી** રાણી માત રે,
તસ કુલે તે તાત, જ્યો તું દિનમણિ રે (૨)
સુવર્ણ જિસી કાય રે, નહિ મમતા માય રે
તુમ્હ ગુણ સવિ ગાય, દેવી થોકે મળે રે (૩)
હું તો પ્રભુ પાઉં રે, ગુણ તોરા ગાઉં રે
સુખ તો થાયે જો મુજ મન વસે રે (૪)
**અરનાથ** જિનંદા રે, જ્યો સુરતરૂ કંદા રે
**ઋદ્ધિ-કીર્તિ** આપશે, સેવકને સહી રે (૫)

卐

## (૬૬૭) (૨૮-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

**મલ્લિનાથ** મુજ ચિત્ત વસે, જિમ કુસુમમાં વાસ-લલના
ઉત્તમ નર જિહાં કિણ વસે, તિહાં થાયે સહી ઉલ્લાસ
લલના—મલ્લિ૦ (૧)

સૂર્ય વિના જેમ દિન નહિં, પુણ્ય વિના નહિ શર્મ-લલના
પુત્ર વિના સંતતિ નહિ, મન-શુદ્ધિ વિના નહિ ધર્મ
-લલના-મલ્લિ૦ (૨)

શુદ્ધ વિદ્યા ગણવે નહિ, ધન વિના નહિ માન-લલના
દાન વિના જિમ યશ નહિ, કંઠ વિના નહિ ગાન
-લલના-મલ્લિ૦ (૩)

સાહસ વિના સિદ્ધિ નહિ, ભોજન વિના નહિ દેહ-લલના
વૃષ્ટિ વિના સુભિક્ષ નહિ, રાગ વિના નહિ દ્વેષ
-લલના-મલ્લિ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ પ્રભુને સેવ્યા વિના મોક્ષ ન પામે કોય–લલના
મેં તો તુમ આણા વહી, જિમ **ઋદ્ધિ–કીર્તિ** હોય
–લલના–મલ્લિ૦ (૫)

卐

## (૬૬૮)(૨૮–૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી–જિન સ્તવન

**મુનિ–સુવ્રત** જિન વીસમા,એ તો વીસ વસા છે શુદ્ધ–જિનવર
એ પ્રભુ નિજ ચિત્ત ધરે,
તે થાયે ત્રિભુવન બુદ્ધ–જિન૦ મુનિ૦ (૧)
**સુમિત્રા** નૃપ કુલ શોભતા, **પદ્મા** રાણી ઉર હંસ–જિનવર
**રાજગૃહી** નગરીનો રાજીઓ,
ગુણ ગાજ્યો ગુણ–અવતંસ–જિન૦ મુનિ૦ (૨)
**કૂર્મ** લંછન પાયે ભલું, લક્ષણ શોભિત અંગ–જિનવર
ઉત્તમ સહસ રાજનસું,
ચારિત્ર લે મન રંગ–જિન૦ મુનિ૦ (૩)
ત્રીશ સહસ સાધુ ભલા, મહાસતી સંખ્યા જાણ–જિનવર
પચાસ સહસ ગુણે–ભરી,
તસ ધ્યાન હૃદયમાં આણ–જિન૦ મુનિ૦(૪)
શ્યામ વરણ ઉજળું કરે, જિહાં રહે પ્રભુ ગુણ ખાણ–જિનવર
**સમેતશિખર** મુગતે ગયા,
**ઋદ્ધિ–કીર્ત્તિ અમૃત** વાણ–જિન૦ મુનિ૦ (૫)

卐

## (૬૬૯) (૨૮–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન

**વપ્રાનંદન** એક નાથ, મસ્તક યહ કરોરી
કરે યોગ ને ક્ષેમ, તેહ જ નાથ ખરોરી (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન-દર્શન-ચરિત્ર, પામ્યો નહિ કહિયેરી
દર્શન જ્ઞાન ચારિત્ર, આપણે યોગ હોયેરી (૨)

પામી વસ્તુ જે સાર, અનુભવ કેરે ગુણેરી
તે રાખે ભલી ભાત, જાણો ક્ષેમ મનેરી (૩)

સાચો તેહ જ નાથ, આપ સમો જે કરોરી
જે ન કરે આપ સમાન, તે મત કુણ ધરેરી (૪)

**નમિનાથને** નામે, રાચો માચો ભવિરી
**ઋદ્ધિ** ને **કીર્ત્તિ** સાર, **અમૃત**પદ હવીરી (૫)

卐

## (૬૭૦) (૨૮-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન

**નેમિ** જિનેસર વાલ્હો રે, રાજુલ કહે ઈમ વાણ રે-**મન વસીયા**
એહજ મેં નિશ્ચય કીયો રે, સુખદાયકગુણખાણ રે
-**શિવરસીયા** (૧)

કૃપાવંત શિરોમણિ રે, મેં સુણ્યો ભગવંત રે-**મન૦**
હરિણ-શશાદિક જીવને રે, જીવિત આપ્યુ સંત રે-**શિવ૦** (૨)

મુજ કૃપા તે નવિ કરી રે, જાણું સહિ વીતરાગ રે-**મન૦**
યાચક દુખીયા-દીનને રે, દીધું ધન મહાભાગ્ય રે-**શિવ૦** (૩)

માગું હું પ્રભુ એટલું રે, હાથ ઉપર દ્યો હાથ રે-**મન૦**
તે આપી તુમ નવિ શકો રે, આપો ચારિત્ર હાથ રે-**શિવ૦** (૪)

ચારિત્ર ઓથ આપી કરી રે, **રાજુલ** નિજ સમ કીધ રે-**મન૦**
**ઋદ્ધિ કીર્ત્તિ** પામી કરી રે, **અમૃત** પદવી લીધ રે-**શિવ૦** (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૭૧) (૨૮-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

**વામાનંદન પાસ** જિણંદ,
પામ્યો પૂરવ પુણ્યે આણંદ-પ્રભુ એ ભલો.
પામી નરભવ જે જપે પાસ,
પહોંચે સઘળી તેહની આશ-**પ્રભુ૦** (૧)
રોગ શોગ ન હોય મારિ[1] હરિ[2],
નવિ આવે પાસે કુનારી-**પ્રભુ૦**
**પાસ** પ્રભુનો જે કરે જાપ,
ના આવે પાસે અરિ-કરિ-સાપ-**પ્રભુ૦** (૨)
આધિ-વ્યાધિ ન થાય દુકાલ,
જે **પાસ** જાપ કરે ત્રિકાલ-**પ્રભુ૦**
શાકણ-ડાકણ ભૂત-પ્રેત,
જાયે નાઠા દુષ્ટ-સંકેત-**પ્રભુ૦** (૩)
કામકુંભને જે સુર નર,
વશ થાય **પાસ** ધ્યાને તત્કાલ-**પ્રભુ૦**
વિદ્યાદેવી વશ **પાસને** નામ,
રાયરાણી સવિ કરે પ્રણામ-**પ્રભુ૦** (૪)
ત્રેવીશમો શ્રી **પાર્શ્વનાથ,**
સાચો લહ્યો મેં મુક્તિનો સાથ-**પ્રભુ૦**
**ઋદ્ધિને કીર્ત્તિ** પ્રભુથી થાય,
**અમૃતપદનો** એહ ઉપાય-**પ્રભુ૦** (૫)

---

૧. મરકી ૨. સિંહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૭૨)(૨૮-૨૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

**વીર** જિણેસર વંદીએ, જેણે કીધો તપ ઉદારો રે
એક છ-માસી પૂરો કર્યો,
બીજો પાંચે દાડે ઉણો કરો રે **વીર૦** (૧)
નવ ચો-માસી આદરી, વળી ત્રણ-માસી બે વારો રે
બે-માસી તપ છ કર્યા,
અઢી-માસી બે તસ સારો રે **વીર૦** (૨)
બાર **બે-માસખમણ** કર્યા, વળી દોઢ-માસી બે વારો રે
બહોંતેર માસખમણ કર્યા,
અઠ્ઠમ બાર વિચારો રે **વીર૦** (૩)
બસેં ને **ઓગુણત્રીશ** છઠ્ઠ કર્યા ઘણું સારો રે
ભદ્ર ને મહાભદ્રાદિક,
પ્રતિમા ત્રણ પ્રધાનો રે **વીર૦** (૪)
બાર વરસ છદ્મસ્થપણે, ઉપરે સાડા છ માસો રે
ત્રણસે ને ઉગણપચાસ પારણાં,
બાકી ઉપવાસો રે **વીર૦** (૫)
વૈશાખ સુદી દશમી દીને, પામ્યા કેવળજ્ઞાનો રે
ભવિક જીવ પ્રતિબુઝ્યા,
જેણે લીધા મુગતિના રાજો રે **વીર૦** (૬)
**વીર** તણા ગુણ ગાવતાં, ઘરે હુઈ મંગલ માલો રે
**ઋદ્ધિ કીર્તિ** તે નિત લહે,
જસ નામ જપ્યાં જે સારો રે **વીર૦** (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्द्धमानस्वामिने नमः

# શ્રી દાન વિમલજી
# કૃત
# સ્તવન–ચોવીશી

## [૨૯]

### (૬૭૩) (૨૯–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

પ્રથમ જિણંદ મયા કરી, અવધારો અરદાસો રે
આપે પ્રસન્ન થઈ સદા,
પૂરો વંછિત આશો રે–પ્રથમ૦ (૧)

વિમલ કમલ મધુકર સહી. પ્રાણજીવન પર મોહે રે
તિમ તું મુજ જીવન–જડી,
પ્રાણ તણી પરે સોહે રે–પ્રથમ૦ (૨)

આપ રૂખા[1] પણ સાહિબા, સેવકને સુખદાતા રે
લહેજો કમોજ કર્યા થકી,
દિયો આપ સરીખી શાતા રે–પ્રથમ૦ (૩)

---

૧ લૂખા–વીતરાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હ સંગતે મહિમા ધરે, નિર્ગુણ ગુણવંત થાવે રે
મલયાગિરી રૂખડાં,
ચંદન ઉપમા પાવે રે-પ્રથમ૦ (૪)

ભાગ્યદશા મ્હારી ફળી, જો દરિશણ દીઠો તાહરો રે
**વિમલ** નવે નિધિ આજથી,
**દાન** દોલત નિત્ય માહરે રે-પ્રથમ૦ (૫)

卐

## (૬૭૪) (૨૯-૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

**અજીત** જિનેસર સાહિબાજી, **વિજયા** નંદન સ્વામી
બલિહારી તુમ્હ નામથીજી, મા તજી તાડી આમ.
જયંકર ! સાંભળ માહરી વાત,
સાર કરો મુજ તાત.-જયંકર૦ (૧)

નિજ જીવિત પરિપાલવાજી, વરતે જગતે અનેક
પરજીવિત પરિપાલવાજી, દીઠો તું જગે એક-જયંકર૦(૨)

નાથ થઈ અનાથનીજી, જો નવિ જાણે પીડ
વચને દાખવતાં છતાંજી, તો શું ભાંજે ભીડ-જયંકર૦(૩)

કહેતાં લાગે કારમોજી, જીવન તું છે ઈશ
મન મારે નિશ્ચય કીયોજી, સાહિબ વિસવાવિસ.-જયંકર૦(૪)

**દાન** દીયો દોલત મને જી, વાંછિતની બક્ષીશ
**વિમલ** વધારો આપણોજી, જશ વાજે જગદીશ-જયંકર૦(૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯૭૫) (૨૯—૩) શ્રી સંભવનાથ—જિન સ્તવન

**સંભવ**—જિનવર સ્વામીજી, ઓળગડી અવધાર—પ્રભુજી
મહેર નજરશું નિરખીએ,
તો હુએ ચિત્ત કરાર—પ્રભુજી. સંભવ૦ (૧)
દોલતીયા દીદારની, ચાકરની ચિત્ત કોડી—પ્રભુજી
ચિત્ત વિમાસી દીજતી,
લાગે કો નહીં ખોડ—પ્રભુજી સંભવ૦ (૨)
ભગવંત આગલ ભગતીથી, બાલક બોલે બોલ—પ્રભુજી
પ્રતિપાલક બાલક તણા,
તેહનો બોલ અમોલ—પ્રભુજી સંભવ૦ (૩)
શુકલ પખીનો ચંદ્રમા, નિતનિત નવલે તેજ—પ્રભુજી
નિરખી હરખ ધરી ઉગતે,
સાગરને વળી હેજ—પ્રભુજી સંભવ૦ (૪)
સેવકને નિજ વાતનો, **દાન** દીયો સુખ શાત—પ્રભુજી
ઓલગ સ્થિર ચિત્ત રાખ્યો,
**વિમલ** મને એહ વાત—પ્રભુજી સંભવ૦ (૫)

卐

## (૭૭૬)(૨૯—૪)શ્રી અભિનંદનસ્વામી—જિન સ્તવન

**અભિનંદન** જિન દેવ, સેવા મેં જો લહી
સીધ્યાં તો સવિ કાજ, રાજદર્શન સહી. (૧)
કરું વિનતિ કર જોડી, કોડી મન તાહરો,
ગુન્હો કરો હવે માફ બાપજી માહરો (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સેવક એક ચિત્ત, નિત્ય સેવા ધરે,
ધરી મનમાંહિ સ્વામી, નામે શાતા કરે. (૩)
શ્વાસોશ્વાસે છેક, ટેક છે માહરી,
અવર ન નામું શીશ, આણ શીરે તાહરી (૪)
ગિરૂઆ પુરુષ દયાળ, મયા કરો મારા પરે
**વિમલ** કમલ રવિ તેજ, હેજ **દાને** કરી. (૫)

卐

## (૬૭૭) (૨૯–૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

**સુમતિ** જિનેશ્વર મૂરત સુંદર, સુમતિ પસાયે દીઠી રે
અણીયાળી આંખલડી જિનની,
મનમાં લાગી મીઠી રે. સુમતિ૦ (૧)
આશ વિલૂધાં બોધાં માણસ, તારકની પરે તારે રે
આંખ તણે લટકે મુખ મટકે,
નિરખે સેવક જ્યારે રે. સુમતિ૦ (૨)
આસક[1] એક દીદાર[2] કરારી,[3] પ્રસન્ન હોવે મોટા રે
અલવી અવરની સેવા કરતાં,
શું આપે ચિત્ત ખોટા રે. સુમતિ૦ (૩)
જો પણ મનમાં સેવક સઘળાં, ગણતી માંહે ગણશે રે
મન મારે તોહી આશા પૂરણ,
વાતો, આહિંજ બનશે રે. સુમતિ૦ (૪)
ભકિતતણે વશ વિસવાવીસે, સેવા કરવા એહની રે
**વિમલ** મને **દાન** વંછિત દેશે,
નહિ પરવા તો કેહની રે. સુમતિ૦ (૫)

---

૧ ઉત્કટ ઇચ્છા, ૨ ચહેરો જોવાની, ૩ અત્યંત ઉગ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૭૮) (૨૯–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

**પદ્મપ્રભ** શું મન લય લીનો, પદ્મ સમી જસ કાય જી
પદ્મ લંછન પદ્માસન પૂરે, બેઠા શ્રી જિનરાય–જી. (૧)
ચંચલ મન છે તો પણ દર્શન, દીઠે થાયે કરાર[1] જી.
મહેર નજરથી નિરખો સાહિબ,
તો બેર[2] પંખિથી નિરધાર–જી. (૨)
મીઠી મૂરતિ સુરતિ તાહરી, પૂરિત અમૃત ધાર જી
અવર નજરમાં નાવે એવી, જો રૂપ હોવે અપાર–જી. (૩)
આદર કરીને આશ ધરીજે, સમરથની સુવાર જી
ભાગ્ય ફલે આપ વખતે સારું, એહ જવાબ ખરાર–જી. (૪)
રાંક તણી રગ એહ જ પુરણ, તુંહિ શ્રી જિનરાજ જી
વંછિત **દાન** દયાકર **વિમલ** પદ આતમનું કાજ–જી (૫)

卐

## (૬૭૯)(૨૯–૭) શ્રી સુપાર્શ્વનાથ–જિન સ્તવન

શ્રી **સુપાસજી** સાહિબા ! જિનરાજા રે વાલા;
મેં દર્શન દીઠા આજ કે-એ દિન તાજા રે
મન મારે રે આશા ફલી–જિન૦,
સીધ્યાં સઘળાં કાજ કે (૧)
ઉમાહ બહુ દિનનો હતો–જિન૦, દેખીશું નિજ સ્વામી કે
દુ:ખ દોહગ દૂરે ગયા–જિન૦, બલિહારી તુજ નામ કે (૨)

---

૧ શાંતિ થાય ૨. બે બાજુથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષણ વિરહો મત થાઓ-જિન૦, એ નયણ તણા મેલાપ કે
પ્રીછવવા કહેવો કિસ્યો-જિન૦, સહી જાણેસો આપ કે (૩)
તારી રે વાત જમવારની-જિન૦, મીઠી દ્રાક્ષા સમાન કે
બીજી મન ભાવે નહિ-જિન૦, મોજ ભલી મહિરાણ કે (૪)
મન લાગ્યું જિનશું ખરું-જિન૦, અવર ન આવે માન કે
**વિમલ** સમુદ્ર ચાતક તણી-જિન૦, ધ્યાવે જલધર **દાન** કે (૫)

卐

## (૬૮૦) (૨૯-૮) શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

**ચંદ્રપ્રભ** જિન ચંદ્ર તણી પેરે, શીતલ જેહની કાંતિ
મૂર્ત્તિ ન વળી નિરખી મિથ્યાતણી, ભાજી ભવની ભ્રાંતિ (૧)
કર જોડીને કરું હું વિનતિ, મન તે કરે વારંવાર
તું દુઃખ-ટાલક પાલક જગે સુણ્યા, સરણાગત આધાર (૨)
વિષયાતુરથી ગહિલો જિમ ભમ્યો, ગમ્યો કાલ અનંત
સંત દશામાં પામી તાહરું, મુખ દેખી ગુણવંત (૩)
ક્ષણ એક દિલથી તું નવિ ઉતરે, જીવન તું જગદીશ
દીઠે મીઠી આંખ જ ઉઘડે, સાહિબ વિસવાવીશ (૪)
લાલચ એક છે મારે મન ખરી, દાખશે સુખનો ઠામ
દેશે **દાનવિમલ** મયા કરી, પહોંચશે સઘળી હામ (૫)

卐

## (૬૮૧) (૨૯-૯) શ્રી સુવિધિનાથ-જિન સ્તવન

**સુવિધિ** જિનેશ્વર સાહિબા, વિનતડી હે મારી અવધાર કે
સાર કરો હવે માહરી, ચિત્ત ચોખે હે નિજ નયણ નિહાલ કે
—સુવિધિ૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહુ સ્વારથીઓ જગ અછે, વિણ સ્વારથ હે દુઃખનો કોણ જાણુ કે
તું વિણ બીજો કો નહીં, પરમારથ હે પદનો અહિઠાણુ કે
—સુવિધિ૦ (૨)

તું ગાજે શીર ગાજતે, આશ પરની હે કરવી શું કામ કે
છાંયડી બાવલ કો લીએ, સુખદાયક હે છાંહ સુરતરુ પામી કે
—સુવિધિ૦ (૩)

મીઠી જૂઠી વાતની, સંકલના હે નવિ જાણે બાલ કે
બોલ અબોલ કરે પિતા, જગમાંહી હે તું લીલ ભૂપાલ કે
—સુવિધિ૦ (૪)

વાનો **વિમલ** વધારસ્યો, સેવકને હે તું વાંછ્યું દેઈ દાન કે
ભક્તિવશે કહે બાલ હે, ભક્તિવચ્છલ હે બિરુદ સુણ્યો કાન કે
—સુવિધિ૦ (૫)

卐

## (૬૮૨) (૨૯–૧૦) શ્રી શીતલનાથ–જિન સ્તવન

**શીતળ** જિનવર સ્વામીજી, હું તો જાઉં તુજ બલિહારી રે
ગર્ભ થકી નિજ તાતની, તેં તો વેદના તાપ નિવારી રે (૧)

મીઠી વાણી તાહરી જાણે, શાંત સુધારસ ધારા રે
પર મત મીઠા બોલના, એ આગલે શા તસ ચારા રે (૨)

પેખી વદન નયણાં ઠરે, જેમ દર્શન ચંદ ચકોરા રે
કહે તો કહીને દાખવું, ઈણ જીભે સાહિબ મારા રે (૩)

જાણ આગળ કહેવો કિસ્યો, નહીં જસ વાત અજાણી રે
લોકાલોક વિચારણા, ધારક કેવળ નાણી રે (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાની જ્ઞાની તણો, લેખવે મનમાં આજો રે
**દાન** દયા કરી આપો, **વિમલ** મને સુખ ઝાઝો રે (૫)

卐

## (૬૮૩) (૨૯–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

**શ્રી શ્રેયાંસજી** જિનવર સાંભળોજી, એક મોટી અરદાસ
ઈણ ભવે જગમાં કો દીઠો નહિ રે,
તુમ સમ લીલ વિલાસ–શ્રી૦ (૧)
તું નિરાગી રાગ ધરે નહિં જી, મુજ મન રાગ અભંગ
સંગ મળે જો એહુનો એકઠોજી, તો મન ઉપજે રંગ–શ્રી૦ (૨)
સંદેશો પણ પરઠે[1] સુણાવવાજી[2], ન મલે વચ્ચે દલાલ
અંતરજામી જઈ અલગા રહ્યાજી, મિલવાનો જંજાલ–શ્રી૦(૩)
કાલાવાલા નિત્ય પ્રભુ આગલે જી, કરતાં જાણશો આપ
જો પોતાના કરીને થાપશોજી, મટશે સર્વ સંતાપ–શ્રી૦ (૪)
**વિમલ** મને વરસી**દાન** દીજતાંજી, પાંતી ન પડે ભાગ
તુજ દોલતથી હવે તે પામશું જી, મીઠી સુખની જાગ-શ્રી૦(૫)

卐

## (૬૮૪) (૨૯–૧૨) શ્રી વાસુપૂજ્ય–જિન સ્તવન

**વાસુપૂજ્ય** સ્વામીજીને, કરું રે પ્રણામ
મૂરતિ સુરતિ નિરખી હરખ્યો, માહરો આતમરામ—
મારા સુખના હો ઠામ !,
મીઠી આંખે દેખત મોરી ભાવઠ ગઈ૦ (૧)

---

૧ પાછો, ૨ સંભળાવવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અચરજ તારી વાર્તામાં, થયો રે કરાર
મૂઢ પખે વિસારી મૂકી, નવિ કીધો નિરધાર—મારા૦ (૨)
અવગુણ મુજમાં છે ઘણા, પણ સાહેબ ન આણો મન
લોક કલંકી થાપીઓ, પણ શશહર રાખ્યો તન—મારા૦ (૩)
ભમતાં ભમતાં જોઈઓ મેં, તુમ્હ સરીખો દેવ
દીઠો નહિ તેણે કારણે મેં, નિશ્ચે કરવી સેવ—મારા૦ (૪)
**દાનવિમળ** પદ તેં દીયો, મહેર કરી મહારાજ
એટલો દિન લેખે થયોને, સફળ થયો ભવ આજ—મારા૦(૫)

卐

## (૬૮૫) (૨૯—૧૩) શ્રી વિમલનાથ—જિન સ્તવન

**વિમલનાથ** ભગવંતજી, ઓલગડી અવધાર
સુખકર સાહિબા
મીઠી નજરે પાવન થઈ, દેખી તુમ્હ દીદાર—સુખકર૦ (૧)
વિમલ કમલ દલ પાંખડી, આંખડી અતીહિ રસાલ—સુખકર૦
શત્રુ—મિત્ર સરખા ગણે, રાગને દ્વેષ ન લગાર—સુખકર૦ (૨)
નાસા અતીહિ મનોહરૂ, જાણે તિલકનું ફૂલ—સુખકર૦
ભાલ તિલક દીપે ભલો, મોક્ષ ભણી અનુકૂલ—સુખકર૦ (૩)
કાને કુંડલ ઝળહળે, સૂરજ ચંદ્ર સમાન—સુખકર૦
દંતપંક્તિ દાડમ કલી, અધરબિંબ ઉપમાન—સુખકર૦ (૪)
એ મુખ દીઠા દુઃખ વિસર્યાં, નાસર્યાં પાપ અસમાન—સુખકર૦
**વિમલ** થયો મુજ આતમા, એહિ જ વંછિત **દાન**—સુખ૦(૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૮૬) (૨૯–૧૪) શ્રી અનંતનાથ–જિન સ્તવન

**અનંત** જિનવર માહરાજી, આતમારામ અનંત
સંત–દશામાં નિરખતાંજી, ભાજે ભાવઠ તંતજી હો–અ૦(૧)
મોહ ગહિલાં માનવીજી, ઠીક નહિં એક ઠામ
પરમારથ જાણ્યા વિનાજી, કોઈ સીઝે નહિ કામજી હો-અ૦(૨)
રીઝવવું છે દોહિલુંજી, બાલકને બલવંત
મોતીહાર પરોવતાંજી, ગુણ આપે ગુણવંતજી હો–અ૦(૩)
નેહ ઘણો મલવા તણોજી, તે કહી ન શકું આપ
ભાગ્યદશા તેહવી ફલેજી, તો મલી શકે બાપજી હો –અ૦ (૪)
પુણ્ય પસાયતે પામીયોજી, વિમલ ગુણાકર ગાન
મોઠી મીટ મોટા તણીજી, એહિજ વાંછિત દાનજી હો
—અનંત૦ (૫)

卐

## (૬૮૭) (૨૯–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

**ધર્મ** જિનેસર ! તાહરો, મીઠી નજરે દીદાર–હે રાય
જોઈ જાણ્યા ભલા દિન આપણા,
રડવડ તે રલીયાતની બાંહ્ય ગ્રહીમેં સાહરે—જોઈ૦ (૧)
સુખીયા હોવે સાહિબા, ગરજુ ચાકર દેખે હે—રાય
દિલભરી પૂછેને વાર્તા,
પણ ન ટાલે સાહિબ રેખે હે—રાય જોઈ૦ (૨)
ઈંદ્ર જેવા જસ આગલે, દરબાર રહે દાસ હે—રાય
મુજ સરીખાની ઓલગે, દેવે કોણ શાબાસ હે–રાય જોઈ૦(૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ મુખ ઉપદેશ લેશથી, પામી જે સુખ શાત હે—રાય૦
ગજમુખથી કણ પામીને, કીડી પોષે જાત હે-રાય જોઈ૦(૪)
કહેવો તો છે મો વસુ, સાંભળવો તુમ્હ હાથ હે—રાય
**વિમલ** ચિત્ત ધરી રાખશો,
તો **દાનચંદ્ર** સનાથ હે—રાય જોઈ૦ (૪)

卐

## (૬૮૮) (૨૯–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

**શાંતિ** જિનેસર તાહરી, મૂરતિ અતિ મીઠી
જગ પારખી જોતાં થકાં, એહવી નવિ દીઠી—શાંતિ૦ (૧)
સહજ સલુણા શાંતિજી, વિનતડી અવધારો
બાંહ્ય ગ્રહીને બાપજી, ભવ દુક્કર તારો—શાંતિ૦ (૨)
આઠ પહોર અંદેસડી, ધ્યાન તાહરૂં મનમાં
ક્ષણ એક દિલથી ન વિસરે,
જીવ જ્યાં લગી તનમાં—શાંતિ૦ (૩)
શું સાહેબ સેવક મુખે, કહાવે કહે તું
પલ એકમાં કહી નવિ શકું, વીતક દુઃખ જે તું—શાંતિ૦ (૪)
તારી જાણ પણા તણી, વાત ભલી અસમાન
જાણું છું **વિમલે** દીલ ભરી, દેશો વાંછિત **દાન**-શાંતિ૦ (૫)

卐

## (૬૮૯) (૨૯–૧૭) શ્રી કુંથુનાથ–જિન સ્તવન

**કુંથુ** જિનેશ્વર વિનતિ–મુજ મનનીજી
વિનતી કરૂં વારંવાર–સુણો ભવભવનીજી. (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણા પુણ્યે તુમ્હ પામીયો-સુખદાતાજી
મુખ પંકજ દીદાર-થઈ મન શાતાજી. (૨)
મેં નિશ્ચય સેતી તું ધર્યો-ચિત્ત હરખેજી
નાણું લઈ જેમ કોઈ ખરો-નિજ પરખેજી. (૩)
કંચન કસોટી ચાટતાં-ખરૂં ખોટું જી
તિમ તુંહી જ મુજ સ્વામી-માહત્મ્ય મોટુંજી. (૪)
પ્રેમ ધરીને નિરખીયો-સુણ સ્વામીજી
મીઠી મહેર કરીરે, નવનિધ પામીજી. (૫)

卐

## (૬૯૦) (૨૯-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

અરજ સુણો **અરનાથજી**, હાથ ધર્યો મેં તારો રે
સાથ કર્યો શ્રી નાથનો,
અરથ સર્યો સહી મારો રે—અરજ૦ (૧)
તું સાહિબ સ્વપ્નાંતરે, અલગો નહિ દિલમાંહી રે
દીલભરી દીલ હુવે સદા, લોકરીતિ જ આંહી રે—અરજ૦ (૨)
આપ રૂખે પાર પામતે, તો શું સાહિબ આડ રે
માંગ્યા ધૃતનું ચૂરમું, જમવાનાં શા લાડ રે—અરજ૦ (૩)
આપે આપ વિચારતા, જે પોતામાં હોવે રે
ન ગણે રાજા ન રાંકને, લોક ન કોઈ વગોવે રે—અરજ૦ (૪)
માંગુ સાહિબ ઉપરે, મીઠી વાતો દાખો રે
**દાનવિમલ** પદ સુગ તણી, સેવામાંહે રાખો રે—અરજ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૯૧) (૨૯–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

**શ્રી મલ્લિ** જિનેશ્વર સાંભળો, કરું વિનતી મૂકી આમળો
વાત મીઠી તુજ મુજ હૃદય મલી,
જાણે દુધમાંહે સાકર ભળી (૧)
ભાવે મન મારે તુજ સેવા, વિંધ્યાચલ હાથી જિમ રેવા
મન મારૂં રે તુજ પદ કમલ રમે,
ભમરો જિમ કમલે કમલ ભમે (૨)
જીવ બાંધ્યો તુજશું સહી સાંટે, જિમ દીપક તેલ મિલ્યા વાટે
તુજ રંગ લાગ્યો વિઘટે નહિ,
જિમ ચોલ રંગે ફીટકી લહી (૩)
છએ મિત્ર પૂર્વના પ્રતિબોધી, પહોંચાડયા સ્વર્ગપુરી સુધી
તુજ બિરૂદપણું સહી તો રહેશે,
મુજ સરીખો સેવક સુખ લેશે. (૪)
એક તાન કરી પ્રભુ શું રહું, તુજ આણ સદા શિર શું વહું
તિણ દીયો વંછિત સુખ દાન,
નિરાબાધ લહું વિમલ સ્થાન (૫)

卐

## (૬૯૨) (૨૯–૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી–જિન સ્તવન

**મુનિસુવ્રત** જિન પ્રભુજી જાણો રે,
સેવક વિનતિ મનમાં આણો રે
આખે અણી પગે જગે રોપી રે,
તારી મીઠી વાણીની આણ ન લોપે રે—મુનિ૦ (૧)

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

સમરથ સાહિબ તું જગે પૂરો રે, કિણહી વાતે નહિ અધુરો રે
શે સેવક નવિ પૂરો આશા રે,
દીજે હવે મુહ માગ્યા પાસા રે—મુનિ૦ (૨)
રીઝવી રાખું દિલ કેરી ભ્રાંતિ રે, ફૂર કપૂર ન પૂજે વાતિ રે
હાથ ધરીને જો હરખાવો રે,
તો નિરવધ મારગ ઠામ દીખાવો રે—મુનિ૦ (૩)
કેવળનાણે કહેતા જાણીરે, ન કર્યો પટંતર દૂધ ને પાણી રે
વડિલ કરી અણબોલે રહેશો રે,
જિન સાબાશી તો કિમ લેશો રે ?—મુનિ૦ (૪)
સમરતી સુરતી કીધી થાંભી રે,
તેમ તુજ સ્મરણ મુજ મન લાભી રે
વંછિત દાન દયા કરી આપો રે,
તેમ **વિમલ** મને કરી સેવક સ્થાપો રે—મુનિ૦ (૫)

卐

## (૬૯૩) (૨૯–૨૧) શ્રી નમિનાથજિન સ્તવન

**નમિ** જિનેશ્વર સાંભળોજી, કરૂં વિનતિ કર જોડ,
મીંઢવતા મીઠી પરેજી, કુણ કરે તુમ્હ હોડ
જિનેશ્વર ! વારૂ ? લાધ્યો તુમ દિદાર૦ (૧)
હરખિત તોરે ઉવારણેજી, જાઉં વાર હજાર
નજરે મુજરો કરી કરીજી, પામીશ દુઃખનો પાર, જિને૦ (૨)
કહેતાં પણ ન શકું કહીજી, તારા ગુણનો થ્રામ
મૂગ સુપન ભલો લહીજી, પ્રગટ ન કહે આપ. જિને૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ તિમ બોલે બોલવાજી, કરવા તુમ્હ મનોહાર
કહેવાથી કરવું ઘણુંજી, એહ અરજ અવધાર, જિને૦ (૪)
સેવક લાજ ધરે કશીજી, કહેતાં વિમલ સ્વરૂપ
દાન મો પોં દાખણેજી, વાંછિત મોક્ષ અનુપ, જિને૦ (૫)

卐

## (૬૯૪) (૨૯-૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

**નેમિ** જિણેસર સાહિબા–સુણ સ્વામીજી, કરૂં વિનતિ
કરજોડ ખરી
કાળો પણ રતનાલિઓ-સુણ૦ દિલ રંજન દીદાર સરી, નેમિ૦(૧)
વિણ પૂછે ઉત્તર દીયો–સુણ૦ કહેતાં આવે લાજ ઘણી
પૂછયા વિણ કહો કિમ સરે–સુણ૦
તુંહિ જ ઉત્તર યોગ્ય ધણી, નેમિ૦(૨)
ભવ ભમતાં આ દુઃખનો–સુણ૦ પામીશ પાર હું કિમ કહો
હળવો કે ભારે અછું-સુણ૦ ડહાપણ કરીને જિમ લહો, નેમિ૦(૩)
ઘણું વિચારી જોવતાં–સુણ૦ તુંહિ જ સુખનો ઠામ મિલે
મન પણ સ્થિર નહિ તેહવો–સુણ૦
જ્ઞાની વિણ કહો કુણ કલે, નેમિ૦(૪)
દાયક સુખના **દાનનો**–સુણ૦ **વિમલ** હૃદયમાં તુંહી વસ્યો
મીઠી સાત ધાતમાં–સુણ૦ તિલમાં પરિમલ તેલ જિસ્યો
—નેમિ૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૯૫) (૨૯-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

શ્રી કર શ્રીજિનપાસજી, અરજ સુણો મહારાજ
પરભવ ધન પુણ્યયોગથી, પાયો દરશણ આજ.
નામીજી શિરનામી રે, દીઠી દોલત થાય-નામિ૦
ભેટીયે ભાવઠ જાય-નામી૦સમરે સંપત્તિ આય. નામી૦(૧)

ઈચ્છા પૂરણ સુરતરૂ, પરતમ પરતો પેખ
શરણે આવ્યો તાહરે, ઈણમાં ન મીનને મેખ-નામી૦(૨)

સ્વપ્ને સુતે જાગતે, નામ જપું એક તાન
હારિ લલ કરી ગ્રહી રહો, જનમથી જીવત માન-નામી૦(૩)

નિરખી નજર પાવન થઈ, જપતે જીભ પવિત્ર
વડિમ કેતી ઘણી કહું, અકલ સ્વરૂપ ચરિત્ર-નામી૦(૪)

મહેર કરી મીઠી જરા, દુઃખ ગયાં સવિ દૂર
**વિમલ** નિપાયો આતમા, દેઈ **દાન** સનૂર-નામી૦(૫)

卐

## (૬૯૬) (૨૯-૨૪) શ્રી મહાવીરસ્વામી-જિન સ્તવન

### જિન! તું હી અનૂપ છાજે!

સમવસરણ શ્રી **વીર** બિરાજે, સરસ મધુર ધ્વનિ ગાજે રે
પૂરી પરષદ બાર મનોહર, છત્ર ત્રય શિર છાજે રે-જિ૦(૧)

અષ્ટ મહાપ્રાતિહાર જ સુંદર, દીઠે દારિદ્ર ભાજે રે
લુણ ઉતારતી ભમરીય ફરતી, ઈંદ્રાણી નાટક છાજે રે-જિ૦(૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયકારી દુઃખ પાર ઉતારણ,માલિમ[1] ધર્મ જહાજે રે
મુક્તિ તણું બંદર આપવા, સેવક ગરીબ નિવાજે રે–જિ૦(૩)

ઇંદ્ર છડી લઈ દરબારે, ઊભા સેવા કાજે રે
પ્રભુ મુખ પંકજ નિરખી નિરખી, હરખિતહોવે બાજે રે
–જિ૦(૪)

વિમલ સ્વરૂપી વિલસતી જેની કીર્તિ મીઠી આજે રે
**દાન** દીયો અક્ષય સુખ સઘળાં, દિનદિન અધિક દિવાજે રે
–જિ૦(૫)

---

૧ કેપ્ટન–ખલાસી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# શ્રી વિનીતવિજયજી મ.

કૃત

# સ્તવન–ચોવીશી

## [૩૦]

### (૬૯૭) (૩૦–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

સુંદર મૂરતિ સાહિબ સેવીયે, ઋષભજિણેસર રંગ
—સુગુણ નર
પરતતં પરતા પૂરે મુજ પ્રભુ, દીઠે ઉલ્લટ અંગ–વાલેસર
**સુંદર મુરતિ** સાહિબ સેવીયે—વાલે સુગુણ (૧)
અંતરજામી **આદિ** જિણેસરૂ, અવધારો અરદાસ–સુગુણ૦
નેહનજર કરી નિરખો દાસને,
પૂરો મનતણી આશ—વાલે સુગુણ (૨)
ત્રિભુવન તારણ શિવસુખકારણ, દુઃખહર દીનદયાળ–સુગુણ૦
મહિર કરી નિજ સેવક મન રમો,
કોકિલ જેમ રસાળ[૧]—વાલે સુગુણ (૩)

---

૧ આંબો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ સવિ મનવંછિત મુજ ફળ્યાં, નાઠાં ભવદુઃખ દૂર–સુગુણ૦
આજ અમીમેહ વુઠયો આંગણે, પ્રગટયો પુણ્ય–અંકુર
—વાલે૦ સુંદર (૪)
આજથકી દિન વળીઓ માહરો, ફળીઓ ઘર સહકાર–સુગુણ૦
ભાવઠભંજણ ભેટયો જગધણી, **મરૂદેવી**–માત મલ્હાર
—વાલે૦ સુંદર (૫)
બહુ ફળદાયક હોવે દિન દિને, તુજ સેવા સુરવેલ–સુગુણ૦
**સીંચી જે પ્રભુ** જો નિજ સેવકે, ભગતિ અમીરસરેલ
—વાલે૦ સુંદર (૬)
સોળકળા સંપૂરણ ચંદ્રમા, સુંદર તુજ મુખ જોય–સુગુણ૦
અંગે આણંદ ઉપજે માહરે,
ઠરીઆં લોચન દોય—વાલે૦ સુંદર (૭)
ઈક્ષ્વાગ વંશે વિમલ વિભૂષણ, વિમલાચલ તુજ વાસુ–સુગુણ૦
શિવસુંદરીશું પ્રભુ મુજ આપજો,
અવિહડ સૌખ્ય–વિલાસ—વાલે૦ સુંદર (૮)
સકલ પંડિત સુંદર શિર સેહરો,
**લાવણ્ય વિજય** ગુરૂરાય–સુગુણ૦
પંડિત **મેરૂવિજય** ગુરૂ સેવક,
**વિનીતવિજય** ગુણ ગાય—વાલે૦ સુંદર (૯)

卐

## (૬૯૮) (૩૦–૨) શ્રી અજિતનાથ–જિન સ્તવન

**(દેશી–વીંછીયાની)**

શારદ સાર દયા કરી, માત આપો અવિરલ વાણી હો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજો જિન મનમાં વસ્યો, ગુણ ગાઉં ગુણમણી ખાણી હો
—મન૦ (૧)

મનમોહન જિનજી મન વસ્યો, **વિજયા** રાણીનો નંદ હો
સોભાગી મહિમાનિલો, મનવંછિત સુરતરૂકંદ હો
—મન૦ (૨)

ચઉસય પંચાસ ધનુષનું, દેહમાન સોવન્ન સમાન હો
બહુત્તર લાખ પુરવતણું, આઉ પુણ્ય નિધાન હો
—મન૦ (૩)

મુખ શારદકો ચંદલો, ગતિ જીત્યો તેં ગજરાજ હો
જાણું ચરણ-સરણ આવી વીનવે, પશુદોષ હરો જિનરાજ હો
—મન૦ (૪)

મોહન મૂરતિ તાહરી, સુખદાઈ નયનાનંદ હો
જોતાં તૃપતિ ન પામિએ, જિમ ચતુર ચકોરા-ચંદ હો
—મન૦ (૫)

સાચો સયણ તું માહરે, તાહરે દિલ હોય ન હોય હો
મુજ સરીખા તુજ લાખ છે,
પણ મુજ મન અવર ન કોય હો—મન૦ (૬)

મિત્ર એક તું માહરે, તુજ દીઠે પરમાણંદ હો
**મેરૂવિજય** ગુરૂરાજનો, શિષ્ય **વિનીત** કહે ચિરનંદ હો
—મન (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૯૯) (૩૦–૩) શ્રી સંભવનાથ–જિન સ્તવન

**(લુંગાંકી લકડી જાનું ગંઠિગંઠિલી લાલન ગંઠિલી–એ દેશી.)**

વંદો ભવિકા **સંભવનાથ** જિણંદા
જિતારિ–નરવર વંસે ઉગ્યો દિણંદા–લાલન ઉગ્યો૦
માત **સેના** દેવી ઉદરી અવતરિયા,
કરમ ખપાવી પ્રભુ ભવજળ તરિયા–લાલન ભવજળ૦ (૧)
અનોપમ સાહિબ તોરી સેવા મેં પામી,
તો લહી વંછિત સુખ સંપદ સ્વામી–લાલન સંપદ૦
તાહરો દરિશણ જિનજી લાગે છે પ્યારો,
એકવાર મોહિ નેહ નિજરે નિહાળો–લાલન નિજરે૦ (૨)
જિમ દિનકર ઉગ્યે કમળ વિકાસે,
તિમ તુમ દીઠે મોરૂં મનડું હીંસે;–લાલન મનડું૦
તુમે નિરોગી માહરા મનડાના રાગી,
તુમશું પુરવ ભવની પ્રીતડી જાગી–લાલન પ્રીતડી૦ (૩)
તું મેરા દિલકા જાની તુંહી છે જ્ઞાની,
માહરા પ્રભુજી તાહરી અકળ કહાની;–લાલન અકળ૦
અકળ–સરૂપ નિરંજન કહીયે,
તાહરી આણ સદા શિર વહીયે–લાલન સદા૦ (૪)
વાહાલ ધરી સાહિબ ચાકરી કીજે,
તો મન મનાવ્યા વિણ કિમ રીઝે–લાલન વિણ૦
પંડિત **મેરૂવિજય** ગુરૂ ચરણે,
સેવક **વિનીત** કહે રાખો શરણે લાલન–રાખો૦ (૫)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૦૦) (૩૦-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

**(મનમધુકર મોહી રહ્યો-એ દેશી)**

**શ્રી અભિનંદન**જિન તાહરી, મૂરતિ મોહન વેલી રે
બહુ ગુણકુસુમ પરિમલ ભરી, મનમધુકર કરે કેલી રે
—અભિ૦ (૧)
ભવિજન ભગતિ અતિ અમીરસે, સીંચીજે નિતમેવ રે
મનવંછિત ફળ પામીયે, સુખસંયોગ સનેહ રે-અભિ૦ (૨)
દેખતહી દિલમાં વસી, માહરા નયન લુભાણા જાય રે
માલતી મધુકરની પરે, અવર ન આવે દાય રે
—અભિ૦ (૩)
ચંદ ચકોરા પ્રીતડી, ઘન ગરજારવ મોર રે
એકપખો ઈમ નેહલો, તે દુખ દિલ દિયે જોર રે
—અભિ૦ (૪)
પરમ દયાળ દયા કરી, હમ તુમ અંતર ટાળો રે
**મેરૂવિજય** ગુરૂ શિષ્યને, વિનીતવિજય પ્રતિપાળો રે
—અભિ૦ (૫)

卐

## (૭૦૧) (૩૦-૫) શ્રી સુમતિનાથ-જિન સ્તવન

**(ઈડર આંબા આંબલી રે-એ દેશી)**

**સુમતિ**જિણેસર સાહિબો રે, સુમતિ તણો દાતાર
સેવંતાં સંપદ મિલે રે, કુમતિ તણો પરિહાર.-જિણંદરાય
માહરે તુમશું નેહ, જિમ બપીયડા[1] મેહ-જિણંદ૦
આવો મુજમન ગેહ-જિણંદ૦ (૧)

---

૧ ચાતક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિગડે બેઠા સોહીયે રે, ઉદયાચળ જિમ ભાણુ
દુરિતતિમિર દૂરે હરે રે, અનુપમ કેવળનાણુ–જિણંદ૦ (૨)
રતનસિંહાસણ બેસણે રે, છત્ર–ત્રય શિર સાર;
ચંદકિરણ પરે ઊજળા રે, ચમર ઢળે જયકાર–જિણંદ૦ (૩)
વાણી જોજન ગામિની રે, સરસ સુધારસ સાર
દેવધ્વનિ તિહાં દીપતો રે, ભવિજન મન સુખકાર-જિણંદ૦(૪)
અશોકવૃક્ષ સુરતરૂસમો રે, નવપલ્લવ શીતળ છાંહ
દેવદુંદુભિ ગયણંગણે રે, ગાજે પ્રભુ સુપસાય–જિણંદ૦ (૫)
ફૂલપગર પરિમલ ભરેરે, મહકે દશ દિશિ સાર,
પંડિત **મેરૂવિજય** તણોરે,
**વિનીત** વિજય જયકાર–જિણંદ૦ (૬)

卐

## (૭૦૨) (૩૦–૬) શ્રી પદ્મપ્રભજિન સ્તવન

**(દેશી–નાહના નાહલાની)**

**પદ્મપ્રભુ** જિનવર જયો રે, પદમ સુકોમળ ગાત
જિનજી વાલહો રે
પદ્મલંછન સોહામણું રે, માત **સુસીમા** જાત–જિનજી૦ (૧)
વદન–પદમ મનભમરલો રે, લીનો ગુણ–મકરંદ–જિનજી૦
પ્રભુ ચરણ-પદમ શરણે સદા રે, રાખો મોહે જિણંદ
–જિનજી૦ (૨)
અઢીસેં ધનુષની દેહડી રે, પદમવરણ સોહાય–જિનજી૦
ત્રીશ પૂરવ લખ આઉખું રે, સુરપદમિની[1] ગુણ ગાય.
–જિનજી૦ (૩)

---

૧ દેવીઓ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધરનર** વર-કુળ દિનમણિ રે, સુરમણિ વંછિતદાન-જિનજી૦
મુજ મનમંદિર તું વસ્યો રે, જિમ કમળા[1] મન કહાન.[2]
-જિનજી૦ (૪)

નમતાં નવનિધિ સંપજે રે, પ્રભુ સમરતાં સીજે કાજ-જિનજી૦
**મેરૂવિજય** ગુરૂ-શિષ્યને રે, દીજે અવિચળ રાજ-જિનજી૦(૫)

卐

## (૭૦૩) (૩૦-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

**(દેશી-ઝુંબખડાની)**

**શ્રીસુપાસજિન** ગાઇયે,પાઇયે હરખ ઉલ્લાસ-સનેહી સાહિબા
**પ્રતિષ્ઠ** નરપતિ કુળતિલો, પૂરવે મનની આશ.-સ૦(૧)

**પૃથવી** માત ઉદરે ધર્યો જિમ માનસ-સરહંસ-સનેહી૦
નિજગુણમણિ પરકાશ કે, અજુઆળ્યો. નિજ વાસ.-સ૦(૨)

ઇંદ્રચંદ્ર ચક્રવર્તિ જે, તે સહુ તાહરા દાસ-સનેહી૦
હું સેવક છું તાહરો, ચરણે આવ્યો કરી આશ-સ.૦(૩)

આશ કરી જે આવિયા, તાસ ન કીજે નિરાશ-સનેહી૦
આશ પૂરો પ્રભુ દાસની, જિમ લહીયે લીલવિલાસ-સ૦(૪)

તાહરૂં ધ્યાન સદા ધરૂં, જિમમૃગમદ[3] શુભ વાસ[4]-સનેહી૦
પંડિત **મેરૂવિજય** તણો,**વિનીતવિજય** એહ ભાસ-સ૦(૫)

卐

---

૧ લક્ષ્મી, ૨ કૃષ્ણ ૩ કસ્તુરી, ૪ ગંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૦૪) (૩૦—૮) શ્રી ચંદ્રપ્રભ—જિન સ્તવન

**(દેશી—નીંદરડીની)**

ચંદ્રપ્રભા ગુણ ઊજલા, **ચંદ્રપ્રભરે** જિન! તાહરી સેવ
કરીયેં તો ડરીયેં નહી, પિંડ ભરીયેંરે પુણ્યે દેવાધિદેવ—
ચંદ્રપ્રભા ગુણ ઊજલા. (૧)

સોળકળા પૂરણ ભર્યો, મુનિમનોને જેસો શરદ ચંદ
રજત કાંતિ જિનરાજનો. મુખ દીઠેરે હોયેં નયણાનંદ-ચં૦(૨)

લંછન મિસિ પ્રભુ વિનવે, મુજ ટાળિયેરે ભવભ્રમણનો ફંદ
ચરણકમલ જિન તાહરા, દિન રાતેરે સેવે ચંદસુરિંદ-ચં૦(૩)

અરજ કરે વળી એહવી,[1]ગ્રહગણપતિહો પ્રભુ ગુણમણિધામ
મલિન કલંક જગ માહરૂં દૂરે હરો હો પૂરો વંછિત કામ
—ચંદ્ર૦(૪)

ચતુલ—ચકોર જે ભવિજના, તે ચાહે રે તુજ દરિસ અમૂલ
**મેરૂવિજય** કવિરાજનો, શિષ્ય **વિનીતને**રે દિઓ સુખ
અનુકૂળ—ચંદ્ર૦(૫)

卐

## (૭૦૫) (૩૦—૯) શ્રી સુવિધિનાથ—જિન સ્તવન

**(સુણ મેરી સજની રજની ન જાવે રે—એ દેશી)**

નવમા **સુવિધિ** જિણેસર નમીયેં રે,
જિમ ભવસાગર માહિ ન ભમીયે રે
નિરમલ મન વચ કાયા દમીયે રે,
તો દુરિત સવિ દુઃખ દૂરે ગમીયે રે—નવમા૦(૧)

---

૧ ચંદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રામારાણી** ઉદરે ઊપનો રે, જિમ મુગતાફળ સીપે નિપનો રે
**સુગ્રીવ** નરવરકુલ-અવતંસ રે,
ભવિક કમલ વનરાય હંસ રે-નવમા૦(૨)
તુજ વિણ અવર ન કોઈ રસીયો રે,
માહરા મનમાં તુંહીજ વસિઓ રે
તુજ દીઠે હિયડો ઉલ્લસીયો રે,
જિમ ચંદ્ર દીઠે સાયર ધસીયો રે-નવમા૦(૩)
ધન રમણી વલ્લભ સંયોગે રે, દેવમનુજ ગતિના વર ભોગ રે
તું તુઠે સ્વામી પામીજે રે, તાહરી સેવ નિરંતર કીજે રે
-નવમા૦(૪)
એકસો ધનુષનું દેહ પ્રમાણ રે, દો પૂરવ લખ આઉખું જાણ રે
પંડિત **મેરૂવિજય** સુજાણ રે,
**વિનીતવિજય** કરે ગુણ વખાણ રે-નવમા૦(૫)

卐

## (૭૦૬) (૩૦-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

**(દેશી-પાહુણડાની)**

સાહેબજી રે તું નિસનેહી દેવ, નેહ નવલ હોયે કિમ સહી રે
જિનવરજી રે જલીજલી મરે રે પતંગ,
દીપકકે મનમાં નહીં રે-સા૦(૧)
જિમ કુસુમ માંહિ વાસ, જિમ ચંદન શીતલપણું રે-જિન૦
જિમ ઘૃતમહિ સનેહ, ઈમ રહીયે તો સુખ ઘણું રે-સા૦(૨)
તુમ ગુણ માલતી ફૂલ, મુજમન ભમરો મોહી રહ્યો રે-જિન૦
**નંદામાતા** નંદ, જગદાનંદન તું કહ્યો રે-સા૦(૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દઢરથનરપતિવંશ ઉદયો અભિનવ દીવડો રે–જિન૦
**શીતલનાથ** શિવસાથ, શીતલ દરિશણ દીઠડો રે–સા૦(૪)
તાહરૂં સોવનવાન શરીર, નેવું ધનુષનું જાણીયે રે–જિન૦
**મેરૂવિજય** ગુરૂશિષ્ય, **વિનીતવિજય**ને માનીયે રે–સા૦(૫)

卐

## (૭૦૭) (૩૦–૧૧) શ્રી શ્રેયાંસનાથ–જિન સ્તવન

(દેશી–અલબેલાની)

**શ્રીશ્રેયાંસજિન** સાહિબા રે લાલ,
મોરી અરજ સુણો એકંત—જાઉંવારી રે
પ્રાણ–વલ્લભ તું માહરે લાલ,
તુજ સમ અવર ન સંત–જાઉં૦શ્રી(૧)

મોટા પ્રભુની ચાકરી રે લાલ, તે કિમ નિષ્ફળ જાય–જાઉં૦
સેવકને સુખીયો કરો રે લાલ, મન મોટે કરી સુપસાય
—જાઉં૦શ્રી(૨)

અંતરજામી તુજ વિના રે લાલ, કિણ આગળ કહીયે બાપ–જા૦
દિલભીતરની વાતડી રે લાલ,
કહ્યા પાખે તું જાણે આપ–જાઉં૦શ્રી૦(૩)

પરમેસરશું નેહલો રે લાલ, કિમકીજે કિરતાર–જાઉં૦
ચંચળ મન તે માહરૂં રે લાલ,
ખિણ ન રહે થિર નિરધાર—જાઉં૦શ્રી૦(૪)

**વિષ્ણુનંદન** વંદના માહરી રે લાલ, તુમ્હે માનજો વારંવાર–જા૦
**મેરૂવિજય** વિબુધતણો રે લાલ,
**શિષ્ય–વિનીત**નાં વિઘન નિવાર—જાઉં૦શ્રી૦(૫)

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## (૭૦૮) (૩૦–૧૨) શ્રી વાસુપૂજ્ય–જિન સ્તવન

સુગુણ લા રે! માહરા આતમરામ કે,
પ્રાણવલ્લભ પ્રભુ માહરી,
જો સુણી વિનતિ રે એક સ્વામી, સારકે,
સુમતિ-નારી હું તાહરી
પાહુણડો રે એક અતુલ પિછાણ કે,
અનોપમ ગુણ છે જેહના
મનમંદિર રે હું તેડીશ તેહ કે,
અપચ્છર ગુણ ગાયે તેહના—(૧)

વળતું બોલે રે આતમ પિઉ એમ કે,
મંદિર શુચિ કરો સુંદરી!
ઉપશ–જલેરે નિરમલ કરી દેહ કે, જ્ઞાનરતન ભૂષણ ધરી
પંચવરણા રે વ્રત ચરણા ચીર કે, વિવેક-દીપક વર કીજીરે
ફુલસજ્યારે સમતામય જાણકે, એહશું લાહો લીજીયે—(૨)

ભલી ભગતે રે રીઝવવો એહ કે, ચતુર-ચકોર તું ગોરડી
વડવખતેરે સુણ નારી સુજાણ કે, એહશું પામી છે ગોઠડી.
વસુપૂજ્ય રાજેન્દ્રનો રે નંદન એહકે,
ચંદન શીતલ વયણડાં,
એહનાં સુણીયે રે ગણીયે સફળ સંસાર કે,
નિરખત નેહી નયણડાં—(૩)

પુરૂષોત્તમ રે તું પુરૂષ–પ્રધાન કે, પુરૂષ રતન–ચૂડામણી,
મુગતિ રમણી રે તેં પરણી સારકે, સોભા ગિણી સોહામણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ કરમનાં રે દળ માંડયા જેણ કે,
અવિચલ જયલખમી વરી,
મહિષલંછન રે સ્વામી વિદ્રુમવાન કે,
મયણ જીત્યો રૂપે કરી—(૪)
તુજ ત્રુઠેરે સ્વામી વંછિત કોડ કે, તન મન–ધન સુખ સંપજે,
જયસંપદ રે પ્રભુ દેવ–દયાળ કે, તુમ્હ પસાયે નીપજે
પંડિતજન રે શિરમુકુટ સમાન કે, **મેરૂવિજય** ગુરૂરાજના,
પદકમલે રે મધુકર નિતમેવ કે,
**વિનીત** વયણ માનો સાજના (૫)

卐

## (૭૦૯) (૩૦–૧૩) શ્રી વિમલનાથ–જિન સ્તવન

(બન્યો રે વિદ્યાજીનો કલપડો–એ દેશી.)

**વિમલ**–જિણેસર વંદીયે, નિકંદીયે પાપનો ફંદ રે–બહિન
**કૃતવમ્ર્મા** કુળ અવતર્યો, **શ્યામા**રાણીનો નંદરે–બ વિ૦ (૧)
એહનાં વિમલ નયન શમરસ ભર્યાં,
જાણે રયણકચોલાં દોયરે–બ૦
જોતાં ભૂખ–તૃષા સબ વિસરી,
અખિયાં આશક બગાડી જોય રે–બ૦ વિ૦ (૨)
એહનું વિમલવદન પૂરણચંદલો,
હું તો જોઈ જોઈ રહીશ રે–બ૦
જે કરશે તે તેહવું પામશે,
હું તો એહશું પ્રેમ ધરીશ રે–બ૦ વિ૦ (૩)

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

જે દુષ્ટ દોષીજન પાતકી,
તેહને એહ દરિશણ છે દુર્લભ રે-બ૦
દિન રયણી દિલમાં વસે, દિલજાની દેવ અદંભ રે
-બ૦ વિ૦ (૪)
જે બહુ સંસારી જીવડા, તેહને દેવ ગુરૂ દીઠે લાજ રે-બ૦
ગુરૂ **મેરૂવિજય** બુધરાજનો,
કહે અવિચળ સુખ એહ સાજ રે-બ૦ વિ૦ (૫)

卐

## (૭૧૦) (૩૦-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન
### (દેશી-ધણરા ઢોલાની)

**અનંત** તીર્થંકર વિનતિ રે,
સેવકની અવધાર,-મનના માન્યા૦
દેવ અવર દીસે નહી રે, તારક જગદાધાર-મનના માન્યા૦
મોરે દિલઘર આવોહો મહારાજ,
મોરે મનઘર આવોહો મહારાજ,
મોરા જીવનપ્રાણ આધાર-(૧)
ચાકરી ચોર હું તાહરો રે, તું ભગતવત્સલપ્રતિપાળ,-મન૦
તેહ ભગતિ દિલમાં વસી રે,
માહરી શ્યે ન કરો સંભાળ-મનના૦ (૨)
કે નિવાજ્યા કે નિવાજશોરે,
કેતાં આપ્યાં શિવરાજ—મનના૦
માહરીવેળાએ વિમાસવું રે,
એ ન ઘટે જિનરાજ—મનના૦ (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતા **સુજસાનો** નંદલોરે, સાચો સુરતરૂકંદ—મનના૦
**મેરૂવિજય** શિષ્ય ઈમ કહે રે,
એહ ગાતાં પરમ આનંદ—મનના૦ (૪)

卐

## (૭૧૧) (૩૦–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

**( આદિજિણંદ મયા કરો–એ દેશી )**

ધર્મમૂરતિ **ધર્મનાથજી**, વાત સુણો એક મોરી રે
તું કલ્પદ્રુમ અવતર્યો, અનોપમ કરણી તોરી રે—ધર્મ૦(૧)
દોવિધ ધરમ તેં ભાખીઓ, તે દોય શિવપુર પંથ રે
તિહાં રાગ–દ્વેષ દોય રાક્ષસા,
વળી ચોર જોર મનમથ રે—ધર્મ૦(૨)
તુજ પસાય નર પામીયા, ભવઅટવીનો પારો રે
નર–સુર સંપદ ભોગવી,
થયા શિવનગરી–શણગારો રે—ધર્મ૦(૩)
જે તુજ આણા—બાહિરા, તે નરગ નિગોદ ભમંત રે
ક્રોધ-લોભ-મોહ-કામના, દુઃખ અનેક સહંતા રે—ધર્મ૦(૪)
જે તુજ વાણી–રાતડા, ધન ધન તે નર નાર રે
**મેરૂવિજય** ગુરૂરાયનો, **વિનીત** વંછિત જયકાર રે
—ધર્મ૦(૫)

卐

## (૭૧૨) (૩૦–૧૬) શ્રી શાંતિનાથ–જિન સ્તવન

**( દેશી–પારધિયાની )**

સકળ મનોરથ સુરમણી રે, સોળસમો જિણભાણ રે,
મન વસીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશ્વસેન**-નરરાયનોરે, વંશ-વિભૂષણ જાણ રે-શિવ-રસીઓ(૧)
**અચિરારાણી** જનમિઓરે, ચઉદસુપન સુવિચાર-મન૦
છપ્પન દિગકુમરી મિળીરે, ગાયો ગુણનિધિ સાર રે—શિવ૦(૨)
ચઉવિહ દેવ નિકાયનારે, નાયક ચોસઠ ઇંદ રે-મન૦
જનમમહોત્સવ બહુ પરેરે, કીધો મેરૂગિરિંદ રે—શિવ૦(૩)
ખટખંડ પૃથવી વશ કરીરે, વયરી તણા મદ મોડી રે-મન૦
બત્રીશ સહસ નરેસરૂરે, સેવ કરે કર જોડી રે—શિવ૦(૪)
ઈમ રાજસિરી વર ભોગવી રે,
થયો કેવળ-કમળા કંત રે-મન૦
**મેરૂવિજય** શિષ્ય ઈમ ભણે રે, સેવો એ અરિહંતરે—શિવ૦(૫)

卐

## (૭૧૩) (૩૦-૧૭) શ્રી કુંથુનાથ-જિન સ્તવન

**( રહો રહો રહો રહો વાલહા-એ દેશી )**

**કુંથુનાથ** જિનવર જયો **સૂરનરેસર**-નંદ-લાલ રે
ભાવે ભવિઅણ ભેટતાં,આપે વંછિત વૃંદ-લાલ રે—કુંથુ૦(૧)
અહો ! અહો ! અહો ! જિન ! તાહરી,
ઋદ્ધિ અનંતી કોડ-લાલ રે
સુર-નરના જે રાજવી, પ્રણમે એ કર-જોડ-લાલ રે—કુંથુ૦(૨)
કનક-રયણ-મણિમંદિરે, દેવ કરે વસુવૃષ્ટિ-લાલ રે
ચક્રીની પણ રિદ્ધિથી, તે વળી થઈ ઉત્કૃષ્ટી-લાલ રે—કુંથુ૦(૩)
રજત રતન સોવન તણા, ત્રિણ ગઢ ઝાકઝમાળ-લાલ રે
દશદિશને પરકાશતા,
જોજન ભૂમિ વિશાળ-લાલ રે—કુંથુ૦(૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉત્રીશ અતિશય રાજતા, સેવે પરખદ બાર-લાલ રે
**મેરૂવિજય** ગુરૂ-શિષ્યને,
દીજે રિદ્ધિ રસાલ-લાલ રે—કુંથુ૦(૫)

卐

## (૭૧૪) (૩૦-૧૮) શ્રી અરનાથ-જિન સ્તવન

**( સુણ બહિની પિઉડા પરદેશી-એ દેશી )**

સુણ મેરી બહિની ! એ જિન સાચો,
રતન ચિંતામણિ જાચો રે
રાય-**સુદર્શનને** કુળ દીવો,
**દેવી**-સુત ચિરંજીવો રે—સુણ૦ (૧)
એ સાહિબ મોરા દિલમાં વસિઓ,
જિમ કમળેં ભમરો રસિઓ રે
એહજ સયણ સદા નિરવહીયે,
જિમ કુસુમમાં પરિમળ વહિયે રે—સુણ૦ (૨)
તાહરી સૂરતિકી બલિહારી, દેખતહી દિલ પ્યારી રે
મેં પાપ સંતાપ કેતાં અવગાહમાં,
આજ સુધાકુંડમાં નાહયા રે—સુણ૦ (૩)
નાથ મેરો **અરનાથ** સુહાવે,
જસ સેવે સુર-નર-નાથો રે
દાન સંવત્સરી બહુ ધન દીધાં,
સુરતરૂસમ વડહાથો રે—સુણ૦ (૪)
ત્યાગી ભોગી નેં સોભાગી, જોગીસર વૈરાગી રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મેરૂવિજય** ગુરૂચરણ સેવા કર,
**વિનીત** હે તુમ ગુણરાગી રે—સુણ૦ (૫)

卐

## (૭૧૫) (૩૦-૧૯) શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

**(પૂજ્યજી પધારયો હો આવિજિકો કકહુચે-એ દેશી)**

ધનધન તે દિન [૧]જઇયેં દેખશું, સાહિબ તુમ મુખચંદો રે
મનમોહન જિન તું મન-વાલહો,
દીઠે નયણાણંદો રે—ધન૦ (૧)

**કુંભનેશ્વર** વંશવિભાકર, ઉદયો અભિનવ ભાણ રે
**પ્રભાવતી** રાણીએ જનમીઓ,
જિણે જીત્યો [૨]પંચબાણ રે—ધન૦ (૨)

તું પરમેસર તું જગદીસરૂ, અલવેસર અવધારો
રાત-દિવસ તુજ ગુણ-સમરણ કરી,
સફળ કરૂં અવતારો રે—ધન૦ (૩)

જો દિલ સાચો સેવક જાણીયે, તો મહિર કરે મહારાજો રે
જિમ! કરૂણા કર! અંતર ટાળીયે,
તો સીઝે સવિ કાજો રે—ધન૦ (૪)

**મલ્લિનાથ** જિન તુજ ગુણ-માલતી,
મુજ મન-ભમરો લીન રે
**મેરૂવિજયગુરૂ** સેવક વિનવે,
પ્રભુ ગુણ ગણ-આધીન રે—ધન૦ (૫)

---

૧ જ્યારે, ૨ કામદેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૧૬) (૩૦–૨૦) શ્રી મુનિસુવ્રત–જિન સ્તવન
(કંત તમાકુ પરિહરો-એ દેશી)

**શ્રી મુનિસુવ્રત** સાહિબો, સેવો દિલ એકંત–મોરા લાલ
વીશમો જિન મન વિસર્યો,
એ સમ અવર ન સંત–મોરા૦ શ્રી૦ (૧)

**પદ્મમાવતી** ઉદર ઉપન્યો, પુત્રરયણ પરગટ્ટ–મોરા૦
વિદ્યાધર સુરપતિ સવે,
માને મહીપતિ ઘટ્ટ–મોરા૦ શ્રી૦ (૨)

રાય સુમિત્ર–કુળ સાયરે, ઊગ્યો શારદ–ચંદ–મોરા૦
અતુલીબળ અવની જયો,
મહિમા મેરૂગિરીંદ–મોરા૦ શ્રી૦ (૩)

મનમાન્યાશું ગોઠડી, જો કરીયે કિરતાર–મોરા૦
પાણી–દુધ પટંતરો, તો લહિયે એકવાર–મોરા૦ શ્રી૦ (૪)

કચ્છપ લંછણ જિણવરૂ, શામળીઓ સુકુમાળ–મોરા૦
**મેરૂવિજય** ગુરૂ-શિષ્યને, દીજે મંગળમાળ–મોરા૦ શ્રી૦ (૫)

卐

## (૭૧૭) (૩૦–૨૧) શ્રી નમિનાથ–જિન સ્તવન
(દેશી-ભાવનાની)

નમી નમીને **નમિજિન** વંદિયેરે, કરી મન વચ કાયા શુદ્ધ
લખમી લીલા તસ ઘર બહુ પરેરે,
પામી જે અવિરૂદ્ધ–નમી૦ (૧)



Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

જો તુજ વચણ હૃદયમાં ધારીયે રે, સંભારિયે સો વાર
શોક-સંતાપ સવે દુઃખ વિસરે રે,
આનંદ અધિક અપાર-નમી૦ (૨)

**વપ્રારાણી** કુખે અવતર્યા રે, માનસ-સરવરે હંસ
મોહ મહાભડ હેલા જીતીયોરે,
દીપાવ્યો નિજ વંશ-નમી૦ (૩)

સ્વામિ સુહંકર સેવા માહરી રે, મજરે આણી મયાલ[1]
હું રાગી તું નિરાગી પ્રભુ રે,
કિમ રીઝવીયે કૃપાલ-નમી૦ (૪)

**વિજય**-નરેસર-નંદન નાહલારે, તું જાણે દિલની વાત
પંડિત **મેરૂવિજય**-ગુરૂ-શિષ્યની રે,
પૂરો મનની ખાંત-નમી૦ (૫)

卐

## (૭૧૮) (૩૦-૨૨) શ્રી નેમિ-જિન સ્તવન

**( આયેસડાની-એ દેશી )**

પિઉ ! સુણરે શામળીયા નાહ કે,
હું સસનેહી સુંદરી રે, મનમોહનીયા.
પિઉ ! અષ્ટ ભવંતર પ્રીતિ કે,
નવમે ભવ કિમ પરિહરી રે. મનમોહનીયા (૧)

પિઉ ! તું છે ચતુર ! સુજાણ કે,
હું ગોરી ગુણ આગલી રે-મન૦

---

૧ દયાળુ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિઉ ! બોલે રાજુલ નાર કે,
વાલિમ-વિરહે આકળી રે—મન૦ (૨)
પિઉ ! જોવનના દિન જાય કે,
અવસર લાહો લીજીયેરે-મન૦
પિઉ ! અવસર ઉચિત અજાણ કે,
પશુ ઉપમ તસ દીજીયે રે—મન૦ (૩)
પિઉ ! ફુલમાળા સુકુમાળ, કે,
કુમલાયે તુજ કામિની રે-મન૦
પિઉ ! દિન જા યે જનવાત કે,
પણ નવિ જાયે યામિની રે—મન૦ (૪)
પિઉ ! **શિવાદેવી**-માત મલ્હારે કે,
સાર કરો અબળાતણી રે-મન૦
પિઉ ! યદુપતિ **નેમિ** કુમાર કે,
આવો મંદિર અમ ભણી રે—મન૦ (૫)
પિઉ ! બોલ્યા શ્રીજગદીશ કે,
વીશ વિસવા તુમે ભાવજો રે-મન૦
પિયા ! એ સંસાર અસાર કે,
મુગતિ મંદિરમાં આવજો રે—મન૦ (૬)
પિયા ! રાજુલ **નેમિ** જિણંદ કે,
અવિહડ શિવસુખ દીઠડા રે-મન૦
પિઉ ! **મેરૂવિજય** ગુરુ-શિષ્ય કે,
**વિનીતવિજય** મન મીઠડા રે—મન૦ (૭)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૧૯) (૩૦-૨૩) શ્રી પાર્શ્વનાથ-જિન સ્તવન

### (માહરી સહીરે સમાણી-એ દેશી)

નિરમલ નીરે અંગપખાલી, પહિરો ખીરોદક સાડી રે;
માહરી સહીરે સમાણી.
બાવન્ન-ચંદન ભરીય કચોળી,
**પાસ** પૂજો ભંભરભોળી રે—મા૦ (૧)
ચંપક કેતકી માલતી મોગર,
માંહિ બોલસિરી સુખકારી રે-મા૦
લાખીણાં ટોડર કરી જિનવર,
કંઠે ઠવો જયકારી રે—મા૦ (૨)
કર ગ્રહી વીણા વેણુ મૃદંગા,
હાથેં દીઓ એક તાલી રે-મા૦
નવ-નવ રાગ મેલાવત ગાવત,
જિનગુણ-રંગ રસાલીરે—મા૦ (૩)
મનવંછિત-સુખ સુરતરૂકંદો,
**વામા**નંદન વંદો રે-મા૦
નિરખત નેહ અમીરસ વરષત,
જસ મુખ પુનિમ ચંદો રે—મા૦ (૪)
પ્રાણપિયારે મોહનગારે, માહરૂં મનડું મોહીને લીધું રે-મા૦
દેખત હી નયણે નેહ લાગો,
જાણું કામણડું કાંઈ કીધું રે—મા૦ (૫)
અંતરજામી સાહિબ સેંતી, જાણું ખિણ એક દૂર ન થાઉં રે-મા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહનિશિ ચરણકમલ આરાહું,
બલિ જાઉં તો સુખ પાઉં રે—મા૦ (૬)
**શ્રીલાવણ્યવિજય** ગુરૂરાયા. **પાસ** પરમેશ્વર ધ્યાયા રે–મા૦
પંડિત **મેરૂવિજય**–ગુરૂ, શિષ્યે,
**વિનીતવિજય** ગુણ ગાય રે;—મા૦ (૭)

卐

## (૭૨૦) (૩૦–૨૪) શ્રી મહાવીરસ્વામી–જિન સ્તવન

**(જીરે મારે જાગ્યો કુંવર જામ–એદેશી)**

આજ મારે સુરતરૂ ફળીઓ સાર, ઘર આંગણિ શોભા કરૂં–જીરેજી
આજ! મેં **ત્રિશલા**-નંદન દેવ, દીઠો દેવ દયા કરૂ—જી૦ (૧)
જિનજી! તાહરા ગુણ અવદાત, ગંગતરંગ પરે નિરમળા–જી૦
જિનજી! સંભારૂં દિન-રાત, મુકી મનના આમળા—જી૦ (૨)
જિનજી! ઉત્તમ-જનશું રંગ, ચોળ-મજીઠ તણી પરે–જી૦
જિનજી! તુમશું અવિહડ નેહ, નિરવહજો રૂડીપરે—જી૦ (૩)
જિનજી! તાહરી ગુણ, મણિમાળ, કંઠે જે ભવિ ધારશે–જી૦
જિનજી! ધન ધન તસ અવતાર,
જે તાહરૂં નામ સંભારશે—જી૦ (૪)
જિનજી! **મેરૂવિજય** ગુરૂશિષ્ય **વિનીતવિજય**નાં વયણડાં–જી૦
જિનજી! જે ચિત્ત ધરશે નિત્ય, તસ ઘર રંગ-વધામણાં—જી(૫)

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

श्री वर्धमानस्वामिने नमः

# શ્રી અમૃતવિજયજી મ.

# કૃત

# સ્તવન–ચોવીશી

# [૩૧]

## (૭૨૧) (૩૧–૧) શ્રી ઋષભદેવ–જિન સ્તવન

(રાગ–દેવગંધાર)

તેરો દરસ ભલે? પાયો, રિષભજી? મેં તેરો દરસ૦
કાલ અનંતહિ ભટકત, પુણ્ય અનંતે મિલાયો—રિ૦ (૧)
જિનપતિ નરપતિ મુનિપતિ પહેલો, ઐસો બિરૂદ ધરાયો
માનું તુંહી નમિ–મયા–અવતારી,
જગત ઉધારન આયો—રિ૦ (૨)
તેં પ્રભુ જગકી આદિ નિવારી, સબ વ્યવહાર સિખાયો
લિખન–શિલપ શત ગણિત બતાયો,
તાતે જગે ચલાયો—રિ૦ (૩)
યા જુગમેં તુમ નહી ઓરે, અવસર્પિંણીએ કહાયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢાર કોડાકોડિ સાગર અંતર,
તેં પ્રભુ ધર્મ દિખાયો—રિ૦ (૪)
લાખ પંચાસત કોડીસાગર લગ, સુખકર શાસન ઠાયો
તુજ રત્નાકર વંશ વિભૂષણ, અસો કોન સુનાયો—રિ૦ (૫)
કરૂનાકર ઠાકુર તું મેરો, હું તુમ ચરને આયો
દ્યો પદસેવા **અમૃત** મેવા, ઈતને નવનિધ પાયો—રિ૦ (૬)

卐

## (૭૨૨) (૩૧–૨) શ્રી અજિતનાથ-જિન સ્તવન

(રાગ-ખમાચી)

તું ગત મેરી જાને, જિનજી-તું૦
મેં તો જગવાસી પ્રભુ સહી દુખરાશિ,
સો તો તુંમસે ન છાને—તું૦ (૧)
સબ લોકન મેં જો જીઉકી સત્તા,
દેખત દરિસન – જ્ઞાને—તું૦ (૨)
ઈન કારન કહા તુમસેં કેહવો,
કહીએ તોન સુનો કાને—તું૦ (૩)
અપનોહીજ જાન નિવાજસ કીજે,
દેઈ સમકિત દાને—તું૦ (૪)
માનો **અજિતપ્રભુ**! અરજ એ ઈતની,
જયું **અમૃત** મન માને—તું૦ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૨૩) (૩૧-૩) શ્રી સંભવનાથ-જિન સ્તવન

(રાગ-કાફી)

લાગી મોરી પ્રીત-પ્રભુજીસોં-લાગી૦
અસી બની જિનજી મોહે તોસો,
જ્યૌ જલમીન પ્રતીત—પ્રભુ૦ (૧)
ઘરી-ઘરી પલ-પલ તું ચિત આવે, જ્યૌં મન રાઘવ-સીત
લગન લગી મોરી કયૌં કર છૂટે, ચંદ-ચકોરસી રીત-પ્ર૦ (૨)
દિલ બિચારી પ્રભુ? તુમ ગુણયારી, જ્યૌં ચાતુક-ઘન ચિત્ત
પરસોં[1] તોરી[2] મેં તુમસેં જોરી, માલતી-મધુકર મિત્ત-પ્ર૦ (૩)
યા બિધ પ્રીત ભઈ તુમસે, કહા કહું કરી ગીત
અપનો મન **શ્રીસંભવજિનની**, તારિએ **અમૃત** પતિત-પ્ર.(૪)

卐

## (૭૨૪) (૩૧-૪) શ્રી અભિનંદન-જિન સ્તવન

( રાગ-નટ )

તેરે નેનોંકી મેં બલિહારી, માનું છકી સમતા મતવારી તે૦
ચંચલતા ગતિ મીનકી હારી,
અંજન વાર હજાર ઉવારી—તે૦ (૧)
જીતી ચકોરકી શોભા સારી,
તાસોં ભખે અગનીદુખ ભારી—તે૦ (૨)
લાજયો પંકજ અલિકુલ ગુનધારી,
ભએ ઉદાસ હુએ જલચારી—તે૦ (૩)

૧. બીજાથી, ૨. તોડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રાસિત હરન નયન સુખ છાંરી,
તપસી હોત ચલે ઉજારી—તે૦ (૪)
જેતી કહું ઉનકી ઉપમારી,
**અભિનંદન** જિન પર સબ વારી—તે૦ (૫)
અસી સુભગતા કામનગારી,
દીજે **અમૃત**દેગમેં અવતારી—તે૦ (૬)

卐

## (૭૨૫) (૩૧–૫) શ્રી સુમતિનાથ–જિન સ્તવન

### (રાગ–જેજેવંતી)

તુંહી એક પ્યારો પ્રાન, તિહારોહી જ્ઞાન,–ધ્યાન
સબ ગુનકો નિધાન, તેરોહી શરન હૈ—તું૦ (૧)
તુમ હો અનાથ–નાથ, મોક્ષકો ચલાવે સાથ
જિને સુખ કીનો હાથ, સુખકો કરન હૈ—તું૦ (૨)
તું મેરો આતમરામ, નામ તેરો આઠો જામ
કરૂં હું તો ગુણગ્રામ, દુખકો હરન હૈ—તું૦ (૩)
**સુમતિ** સુમતિ તેરે, દરસ પરસ કેરે
કહેત **અમૃત** મેરે જીઉકો ઠરન હૈ—તું૦ (૪)

卐

## (૭૨૬) (૩૧–૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તવન

### (રાગ–અમતરભાષ)

પ્રભુ! તેરી મુરતિ મોહનગારી–પ્રભુ૦
**પદમપ્રભ**જિન તેરીહો આગે,
ઔર દેવન છબી હારી–પ્રભુ૦ (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમતા શીતલભરીહોય અખીયાં, કમલપંખરીયાં વારી
આનન તે રાકા[1] ચંદસો રાજે,
બાની સુધારસ સારી—પ્રભુ૦ (૨)

લચ્છન અંગ ભર્યો તન તેરો, સહસ અહોત્તર ધારી
ભીતર ગુનકો પાર ન પાવે,
જો કોઉ કહત બિચારી—પ્રભુ૦ (૩)

શશિ રવિ ગિરિ હરીકો ગુન લેઈ, નિરમિત ગાત્ર સમારી
બખત[2] બુલંદ કાંહાંસો આયો,
યે અચરજ મુજ ભારી—પ્રભુ૦ (૪)

યો ગુણ અનંત ભરી છબી પ્યારી, પરમ ધરમ હિતકારી
કવિ **અમૃત** કહે ચિત અવતારી,
બિસરત નાંહી બિસારી—પ્રભુ૦ (૫)

卐

## (૭૨૭) (૩૧-૭) શ્રી સુપાર્શ્વનાથ-જિન સ્તવન

(રાગ-ટોડી)

એરી! મોહે પ્યારો **સુપાસકો** નામ—એ૦
વંછિતપૂરણ નામ તિહારો, સબ સુખકો બિસરામ—એ૦ (૧)

ભવભયભંજન જનમનરંજન, ગંજન પાપકો ઠામ
સુરપતિ નરપતિ અહનિશિ સેવે,
શિવસુખકી એક હામ—એ૦ (૨)

યાકે શિર ફણિપાચો (!) સોહિએ, મોહન ગુણમધિધામ

---

૧ પૂનમના ૨. ઉત્કૃષ્ટ ભાગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગજનતારન ભવદુખવારન, ભક્તવત્સલ ભગવાન.—એ૦(૩)
જોગાસન ધરે જોગીસ્વરકું, જ્યોં મહા મંતસો કામ
તૈસે સમરન તેરો અહનિશિ, કરતે **અમૃત** ગુનગ્રામ—એ૦(૪)

卐

## (૭૨૮) (૩૧–૮) શ્રી ચંદ્રપ્રભ–જિન સ્તવન

(રાગ–ટોડી)

એ દેખી તેરી લીલા, તેરી લીલા બરની ન જાત મોવે !
સુર નરપતિ સેવે જાકે ચરન.—એ૦ (૧)
તખત[1] જત્રવ જડ્યો, શિરપર છત્ત ધરયો
તાકે બીચ બેઠે સોહે, નભમેં રતન—એ૦ (૨)
દેવનકો તુંહીં દેવ, ત્રિભુવન સારે સેવ
એસે જિનરાજ, દેખો ચિત્તકો ઠરન.—એ૦ (૩)
**લક્ષ્મણાનંદ** તેરો, ચંદ જેસો ગાત તેરો
કહે **અમૃત સબ** સુખકો કરન.—એ૦ (૪)

卐

## (૭૨૯) (૩૧–૯) શ્રી સુવિધિનાથ–જિન સ્તવન

**(રાગ–પરજ)**

ઘરીએ ઘરીએ યાદ આવે, દિલોદા પ્યારા સાંઈ સલોના–ઘરી૦
**રામાનંદ** દિલસેં નબિસરે,
કહા જુ કીઓ કછુ ટોના—દિ૦ (૧)
તો બિન મો મન પલ પલ છિન છિન,
હોતહૈ ઊનાદૂના.—દિ૦ (૨)

---

૧ સિંહાસન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરસ સુધારસ સમરસ મિલબેતે,
કૌન ચખે જડ લોના.—દિ૦ (૩)
રાગ ભયો પ્રભુસોં યોં મેરે,
પાન સોપારી કાથા ચૂના.—દિ૦ (૪)
ઈન કારન **અમૃત** દિલ વસિયે,
નૃપદદરથકે છોના.—દિ૦ (૫)

卐

## (૭૩૦) (૩૧-૧૦) શ્રી શીતલનાથ-જિન સ્તવન

( રાગ-રામકલી )

આજ મેં દેખે **નંદાજુકે** નંદા;........આજ૦
સુરપાદપ સુરમણિ સુરઘટ સોં, પાયો દરસ સુખકંદા—આજ૦(૧)
નવનિધિ અષ્ટ મહા સિદ્ધિ પ્રગટી, નિરખત તુજ મુખચંદા
કરમભરમ-તમ દૂર પલાએ, ઉદયો જ્ઞાનદિનંદા—આજ૦ (૨)
અબ મુજ કારજ સિદ્ધ ભએ સબ, ફરસત પયઅરબિંદા
**શીતલજિન** કરૂણા કર દીજે, **અમૃતપદ** બકસંદા[1]—આજ૦(૩)

卐

## (૭૩૧) (૩૧-૧૧) શ્રી શ્રેયાંસનાથ-જિન સ્તવન

( રાગ-ખંભાતી )

મેરો મન કિતહી ન લાગે; મેરો૦
સુખકર **શ્રી શ્રેયાંસ**જિનંદ સોં,
પ્રેમ બઢયો ગુનરાગે—મેરો૦ (૧)

---

૧. બક્ષિશ કરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમતા ભરી તુજ સૂરત નીકી, દેખતરી હિત જાગે
લગન લગી અટકયો રહે અહનિશિ,
અલિ જ્યોં કમલપરાગે—મેરો૦ (૨)

એતી નિવાજસ[૧] કરત મેં રાજી, તુમ ગુન એક વિભાગે
કહે **અમૃત** ઈતનો હી દીજે,
કછુઅ ન ચાહું આગે—મેરો૦ (૩)

卐

## (૭૩૨) (૩૧–૧૨) શ્રી વાસુપૂજ્ય–જિન સ્તવન

(રાગ–કાફી)

એસો નહિ કોઈ ત્રિભુવનમેં, સબ દેવનમેં;—એસો૦
જાકે જનમ સમયે અમરી, આઈ છપ્પન દિશિયકુમરી;
નિજ નિજ કૃત કરે પ્રભુ લાઈ, કેલીસદનમેં–એસો૦ (૧)

ચોસઠ હરી આએ, પ્રભુ લે મેરૂશિખર ઠાએ
કરી જનમોત્સવ ભક્તિ બનાયે, પાંડુક બનમેં–એસો૦ (૨)

તજી ઘર આશ્રમ સંજમ ઠાએ, ક્ષપક શ્રેણિ ચઢી કેવલ પાયે
છદમે ધર્મકથા કહે આગે, સમોવસરનમેં–એસો૦ (૩)

દેખો માત **જયાકો** છોના[૨], લાલમણિ તન સેહેજ સલોના[૩]
સુર નરપતિ સબ શીશ, નમાએ જાકો પ્રનમેં–એસો૦ (૪)

દુઃખભંજન જનરંજન દેવા, પાઉં ભવ ભવ ઈતની સેવા
કહે **અમૃત** મુજ રખલે સાથે, તેરી શરનમેં.–એસો૦ (૫)

卐

---

૧ બક્ષીસ ૨ પુત્ર ૩ સુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૩૩) (૩૧-૧૩) શ્રી વિમલનાથ-જિન સ્તવન

(રાગ સોરઠ)

અબ ઊધાર્યો ચહિયેં, **વિમલજિન** અબ૦
દીનદયાલ દયાનિધિ આગે, અપને દુખ કી કહિયેં—વિ૦ (૧)
જાતિ યોનિ કુળકોડિ નામે, કેતે ભવદુખ સહિયેં
દેશ વિદેશ પુર ઠામ નયે સબ, કરતે ફિરતે રહિએં-વિ૦ (૨)
ઐસોન રહ્યો એકું થાનક, મરન બિના કયૌં પૈએં
વાંહા ફિર સૂક્ષ્મ બાદર પુદ્ગલ-પરાવર્ત્તસોં ગહિયેં-વિ૦ (૩)
કાલચક્ર અંનતે ભટકત, પાયો ભવ યા મહિયેં
અસી સાહેબ મુજ પર ગુજરી,
કયાં કહું બોહોત સબહિયેં-વિ૦ (૪)
મોંસો પાપી પતિત નહિ દૂજો, જગમાં કોઉ નહી લહિયેં
પતિત-ઉધારન બિરૂદ તિહારો,
કહે **અમૃત** નિરવહિયેં.-વિ૦ (૫)

卐

## (૭૩૪) (૩૧-૧૪) શ્રી અનંતનાથ-જિન સ્તવન

(રાગ કાફી જંગલો)

ઐસે જિનવર ધ્યાઇએં પ્રાણી! ઐસે.
જયોં નિજ પ્રભુતા પાઈએ—પ્રાની—ઐ૦ (૧)
**સુજસાનંદ** પરઊપગારી, જગતારનકું ભયે અવતારી—ઐ૦(૨)
વરજિત દોષ અઠારે ભારી, મહિમાવંત બડે શિરદારી—ઐ૦(૩)
અનુપમ રૂપકી આગુ હારી,
દેવ અનુત્તરકી છબી સારી—ઐ૦ (૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત ચતુષ્ટય અવિકારી,
ગુણપર્યાય રહે વિસ્તારી—ઐ૦ (૫)
સેહેજ વિહારી કેવળ ધારી,
અતિશયવંત કમલ સંચારી.—ઐ૦ (૬)
યા દેવનકી ખિજમતગારી,
કરિહોં જાન પિછાન સુધારી.—ઐ૦ (૭)
અગસો[1] અપનો પદ સુખકારી,
વા સાહેબસોં કીજે યારી.—ઐ૦ (૮)
કહે **અમૃત** મોકું અધિકારી,
કીજે **અનંતજિન** આપ સ્વીકારી—ઐ૦ (૯)

卐

## (૭૩૫) (૩૧–૧૫) શ્રી ધર્મનાથ–જિન સ્તવન

**(રાગ-યમન)**

ઐસેં કૈસેં જસ પઈ એહો લાલન–જસ પઈ ચેહો લાલન
તુમ તો જાકર બેઠે સુખ જોરી–ઐ૦ (૧)
સબહી ઠોર મોંસો[2] નિપટ ભલાઈ,
પ્રથમ કીની કૈસેં કરતોરી–ઐ૦ (૨)
ઇતિહિ આન તુમ રહત છિપાઈ,
કવન કીની તોસોં હમ ચોરી–ઐ૦ (૩)
કહેત **અમૃત** કવિ **ધરમપ્રભુસોં**,
ચરનસેવા દીજે અબ તોરી–ઐ૦ (૪)

---

૧. આપો, ૧ મારા જેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૩૬) (૩૧-૧૬) શ્રી શાંતિનાથ-જિન સ્તવન.

(રાગ-કાફી)

મિલઓ મનમંદિર મેરા, હો સલૂના સાહેબ મેરા—મિ૦(૧)

કાલ અનંત યોંહી તેરે દરશ બિન,
ચારોંગતિ દેવત જીય ફેરા—મિ૦(૨)

પાંચો ઇંદ્રીકે સુખ રાચો,
ઘુમ રહ્યો મદમેં અતિ ઘેરા—મિ૦(૩)

આપ અરૂપી અકળ સરૂપી,
કૈસેં પાઉં જિન દરસન તેરા—મિ૦(૩)

સમકિતજ્ઞાન પાઉં અબ તેરા,
સબ મિટે મોહમિથ્યાત અંધેરા—મિ૦(૪)

કહેત **અમૃત** મુજ શાંતિ સયાને,
આય મિલે મનમંદિર મેરા—મિ૦(૫)

卐

## (૭૩૭) (૩૧-૧૭) શ્રી કુંથુનાથ-જિન ગીત

(રાગ બીલાવર)

શ્રીકુંથુજિનેસર વિનતિ, અવધારિયે દિલમેં લાઈરી
ખિજમતમેં ખામી નહિ મેરી,
તુમ કબ હોગે ફલદાઈરી—શ્રી૦ (૧)

હાથ જોરી આગળ રહું, ધરૂં નિશિ વાસર તેરો ધ્યાનરી
યોં કરતે લ્યાઓ નહી ચિતમેં,
કહા કહિયે બાતન કાનરી—શ્રી૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કછુ નાહિ ખજાને ખોટહૈ, કીજે વંછિતદાન પસાયરી
ફિરકે ગરીબનિવાજ કહાવો,
અરૂ હેત ઘટ નહીં જાયરી—શ્રી૦ (૩)
અબહેતે કછુ ન ખિચારિયે, સ્વામી કાલ લબ્ધિકો હોષરી
ભાવલબ્ધિ રહી તુમ કર તાસો,
દીજે અનુભવ **અમૃત** પોષરી—શ્રી૦ (૪)

卐

## (૭૩૮) (૩૧–૧૮) શ્રી અરનાથ–જિન સ્તવન

(રાગ કાફી)

મન જિનપદકજ લીનો ભૃંગ,—મન૦
લીનો ભયો જ્યૌં શંકરશિરપર, પાવનકારી ગંગ.—મ૦ (૧)
જ્યૌં ચપલા[1] રહી ધારાધરમેં[2], સીતા રઘુવર સંગ—મ૦ (૨)
અટક રહ્યો ચિત જોગીસરકો, જ્યૌં મહામંત્ર સુચંગ—મ૦ (૩)
જ્યૌં લય પાયો અધ્યાતમમેં, ઉજ્વલજ્ઞાન અભંગ—મ૦ (૪)
યોં **અરજિન** ચરણાંબુજ લયસો,
લીજે **અમૃત**[3] પદરંગ—મ૦ (૫)

卐

## (૭૩૯) (૩૧–૧૯) શ્રી મલ્લિનાથ–જિન સ્તવન

(રાગ-કાફી)

મલ્લિનાથજિન મેં થાંપર વારીયો—મલ્લિ૦
નીલવરન અતિ અદ્‌ભુત નીકી,
મૂરત મોહન ગારીયો—મલ્લિ૦ (૧)

---

૧. વીજળી, ૨. મેઘમાં, ૩. મોક્ષ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજબ બની કુંભરાયકે કુલ મેં,
તનયા તીરથધારીવો—મલ્લિ૦ (૨)
પરભવ દંભ કીયે થે પાયો,
બહુ મિત્રસેં અચરિજ ભારી વો—મલ્લિ૦ (૩)
કાલ અનંતે ભવ્ય લહે કોઈ,
જિનપદભાવ કુમારીવો—મલ્લિ૦ (૪)
ખટ નૃપનંદનકોં પ્રતિબોધી,
લે સંજમ વિધિ સારીવો—મલ્લિ૦ (૫)
વેદછેદી આપ બિરાજે,
ત્રિગડે ચોમુખ ધારીવો—મલ્લિ૦ (૬)
અસી સુની પ્રભુદેશના કાલે,
આગે જુરે છ નારીવો—મલ્લિ૦ (૭)
પુરૂષોત્તમ ચોવીસેં જિનવર,
**અમૃત** પ્રણમે કરારીવો—મલ્લિ૦ (૮)

卐

## (૭૪૦) (૩૧–૨૦૭) શ્રીમુનિસુવ્રત–જિન સ્તવન

( રાગ–પંજાબી )

જીવનકા કયા બિસાસા. જીવન !
યોતન ધન જોબન થિર નાહીવો,
ચલદસકાસા પાન–ખરાસા—જી૦ (૧)
જ્યોં હોય સંધ્યા પંચ વરનકી,
જ્યોં ચપલાકા રહે ઉજાસા—જી૦ (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાહેકું અબ લલચાહે પ્યારે વો,
યહ દુનિયાંકા દેખ તમાસા—જી૦ (૩)
પદમાનંદન દિલદારંજનવો,
સુવ્રતકે સંગ કર વિલાસા—જી૦ (૪)
કહે અમૃત મેરે જીઉકે જીવનવો,
નેક નજર કરો દિલાસા—જી૦ (૫)

卐

## (૭૪૧) (૩૧–૨૦આ) શ્રી મુનિસુવ્રત–જિન ગીત

(રાગ–પંજાબી)

પ્યારો મનભાવન મેરે દિલ આવો રે—મેરે૦પ્યારો૦
હૃદયકમલમેં ધ્યાન તો સાઢવો,
મેરી અરજ દિલ લયવોરે—પ્યારો૦ (૧)
પદમાનંદન દિલદારંજનવો,
તારક તુમહી કહાનવોરે–પ્યારો૦ (૨)
ભાગજંજાલતે કઈ કઈક તારેવો,
તિન કહા દિઓજુ બતાવો રે–પ્યારો૦ (૩)
અશ્વકે કારન નિશી ચલે આયેવો,
મેરે વખત ન મનાવો રે–પ્યારો૦ (૪)
ચરનશરનકી લાજ નિવહિયેવો,
અપનો કરકેહી ઠરાવો રે–પ્યારો૦ (૫)
મુનિસુવ્રત અમૃતકે સ્વામીવો,
જ્યોતિસોં જ્યોતિ મિલાવો રે–પ્યા૦ (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૪૨) (૩૧-૨૧) શ્રી નમિનાથ-જિન સ્તવન
( રાગ-કાનડા )

કર દિલરંજન લાલ હીરા, મણિગણ કંચન જરાવ
ધરાવે આભૂષણ **નમિનાથકી,**
છબી અમિત શોભા દેખ—કર૦ (૧)
બદનકી ચંદ્રજ્યોત અધર બિંબ ઝલકત,
રાગ ભવ કટાચ્છ
નિરખત નવલરૂપ, ઐસો નહી કો ખુબસોહે ભેખ—કર૦ (૨)
છત્ર હી બિરાજે શીશ,
ચપલા ચોર ટલકત ભક્તિભાવ બનાય.
પ્રણમત ભવિવૃંદવારા, પ્રભુતા ઔર સુરકી પેખ—કર૦ (૩)
કહત **અમૃત** ઐસો પ્રબલ;
કૌન મતિધર આદિ અંત તમાંમ
તુમ ગુન બરન પાર ન લહે, એક ગુનકો લેખ—કર૦ (૪)

卐

## (૭૪૩) (૩૧-૨૨) શ્રી નેમિનાથ-જિન સ્તવન
( રાગ-અરગજો. )

કોન મનાવો રે રૂઠડા **નેમસોં**, કોન૦
બહુઅત મામસોં તોરન આએ,
ફેરચલે ચલે રથ કેમસો—કો૦(૧)
આઠ ભવાંતર નેહનિવાહી, નવમેં ભવ કરી એમસો—કો૦(૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી દીની છિનમે વાલમ,
　　　　　　　બિગર્યો પાન જ્યૌં ચોલિકસો—કો૦(૩)
રે ! મૃગનયની ચંદાવદની,
　　　　　　　અરજ કરો જઈ સેનસો—કો૦(૪)
બિરહ દિવાની **રાજુલરાની,**
　　　　　　　પોહોતી પ્રિયાસંગ પ્રેમસોં—કો૦(૫)
સંજમ આપી પદસોં થાપી,
　　　　　　　શિવસુખ **અમૃત** બેનસોં—કો૦(૬)

卐

## (૭૪૪) (૩૧–૨૩) શ્રી પાર્શ્વનાથ–જિન સ્તવન

( રાગ–અરગજો. )

વારી જાઉં રે ચિંતામણિ પાસકી—વારી૦ (૧)
નરક–નિગોદમેં બહુ દુખ પાયો,
　　　　　　　ખબર લીની નહી દાસકી—વારી૦ (૨)
ભમત ભમત તોરે ચરને આયો,
　　　　　　　દ્યો સેવા પદ આપકી—વારી૦ (૩)
અબહી ટેડી ગતિ ન છોડું,
　　　　　　　લાગી સુરત પરઆસકી—વારી૦ (૪)
દિલકે મન તું દિલકી જાને,
　　　　　　　કયા કહું બચન વિલાસકી—વારી૦ (૫)
અખય ચિદાનંદ **અમૃતલીલા,**
　　　　　　　દેઈ ગુનપદ રાસકી—વારી૦ (૬)

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

## (૭૪૫) (૩૧–૨૪) શ્રી મહાવીર–જિન સ્તવન

(રાગ–જંગલો, નયન જમાકડો—એ દેશી)

શાસનનાયકસો અબ મેરી, અરજ કરનકું આયો
હોજી સાહેબા. અબ મુજ વાલાયો (૧)
કાલ અનંતે પુદગલ, આવર્તનસોં વહાયો—હો૦ (૨)
ભમત ભમત સરિતોપલ ન્યાયે,
તુમ શાસન હું પાયો—હો૦ (૩)
અબે સેવકકું વંછિત દીજે,
લીજે જરા હુંસવાયો—હો૦ (૪)
જો તુમ તારે સોઈ હું જાનું,
તિને કહા દીનો બતાઓ—હો૦ (૫)
યોં કરને સામીકો ન રહે,
તારક બિરૂદ ધરાયો—હો૦ (૬)
આગે પીછે કછુ ન બિચારો,
પારસ અયસ જો મિલાયો—હો૦ (૭)
તુમ પદ સેવા **અમૃતક્રિયા** સોં,
દીજે હું નવનિધિ પાયો—હો૦ (૮)

# પ્રકાશન અંગે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવોની નામાવલિ

| | |
|---|---|
| રૂ. ૫૦૦૦,૦૦ | શ્રી વાલકેશ્વર જૈન સંઘ. |
| રૂ. ૨૦૦૦,૦૦ | શ્રી જૈન શ્વે. મૂ. સંઘ. બેંગ્લોર<br>હઃ પં. વસંતલાલ એમ. દોશી. |
| રૂ. ૧૦૦૦,૦૦ | શ્રી ચાણસ્મા જૈન સંઘ હઃ સારાભાઈ |
| રૂ. ૮૫૦,૦૦ | સા. શ્રી નીરંજના શ્રીજી મ. સા.ની પ્રેરણાથી<br>હઃ મણીયાર હરગોવનદાસ જીવરામભાઈ |
| રૂ. ૫૦૦,૦૦ | શ્રી મોતીબેનના સ્મરણાર્થે<br>હઃ તેમના સુપુત્ર રસિકલાલ છગનલાલ ઉંઝા |
| રૂ. ૫૦૦,૦૦ | શ્રી મણીબેનના સ્મરણાર્થે<br>હઃ તેમના સુપુત્ર માધવલાલ અમથાલાલ ઉંઝા |
| રૂ. ૨૫૧,૦૦ | શા. હીરાલાલ બાવચંદ–ભાવનગર |
| રૂ. ૨૫૧,૦૦ | શકરીબેન જૈન ઉપાશ્રય જ્ઞાનખાતું<br>હઃ લાલભાઈ એલ. પરીખ અમદાવાદ |
| રૂ. ૨૦૧,૦૦ | શ્રી ભોગિભાઈ સુતરીયાના જ્ઞાનખાતા તરફથી. અમદાવાદ |
| રૂ. ૨૦૦,૦૦ | સા. શ્રી મૃગેન્દ્રશ્રીજી મ. સા.ની પ્રેરણાથી |
| રૂ. ૧૧૦,૦૦ | શા. અમૃતલાલ કાળીદાસ–અમદાવાદ |
| રૂ. ૧૦૧,૦૦ | પૂ. શ્રી નિપુણાશ્રીજી મ. સા.નાં શિષ્યા<br>પૂ. નિર્જરાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી<br>શ્રી પુરબાઈ જૈન ઉપાશ્રયની બહેનો |
| રૂ. ૧૦૧,૦૦ | સા. શ્રી પદ્મલત્તાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી<br>હઃ રતિલાલ ચી. દોશી. |
| રૂ. ૧૦૧,૦૦ | પૂ. શ્રી મલયાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી<br>ખાનપુર–તીર્થરંજન વિહાર અમદાવાદ |
| રૂ. ૧૦૦,૦૦ | મફતલાલ રતનચંદ પરીખ. કપડવંજ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂ ૮૫,૦૦ આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી
બેંગ્લોર જૈનસંઘ

રૂ. ૫૧,૦૦ ચીમનલાલ ભાયચંદ ખેડાવાળા

રૂ. ૧૫,૦૦ પૂ. પં શ્રી કંચનસાગરજી મ. સા.ની પ્રેરણાથી
શ્રી વલસાડ જૈન સંઘ

## ચાણસ્મા

| | |
|---|---|
| ૧૧-૦૦ શ્રી જૈનપાઠશાળા ચાણસ્મા હ. ગુણવંતલાલ | ૧૧-૦૦ હીરાચંદ અમથાચંદ |
| ૧૧-૦૦ ,, ગોવિંદજી કરમચંદભાઈ | ૧૧-૦૦ જેસિંગલાલ ચુનીલાલ |
| ૧૧-૦૦ ,, સુરજમલ પુનમચંદભાઈ | ૧૧-૦૦ બાબુલાલ માણેકલાલ |
| ૧૧-૦૦ ,, રાયચંદ ફુલચંદભાઈ | ૧૧-૦૦ સોમચંદ ચુનીલાલ |
| ૧૧-૦૦ ,, પોપટલાલ વાડીલાલ | ૧૧-૦૦ ઈન્દ્રજીત છગનલાલ |
| ૧૧-૦૦ ,, ત્રીકમલાલ વાડીલાલ | ૧૧-૦૦ જેઠાલાલ લહેરચંદભાઈ |
| ૧૧-૦૦ ,, પોપટલાલ મોતીચંદભાઈ | ૧૧- ૦ અમૃતલાલ છોટાલાલ |
| ૧૧-૦૦ ,, શીવલાલ તારાચંદભાઈ | ૧૧-૦૦ કસ્તુરચંદ પ્રેમચંદ |
| ૧૧-૦૦ ,, જયંતિલાલ પુનમભાઈ | ૧૧-૦૦ યશવંતલાલ હકીસીંગ |
| ૧૧-૦૦ ,, ગભરૂચંદ શીવલાલ | ૧૧-૦૦ સોમચંદ ગભરૂચંદ |
| ૧૧-૦૦ ,, કેશવલાલ વસ્તાચંદ | ૧૧-૦૦ કેશવલાલ રવચંદભાઈ |
| ૧૧-૦૦ ,, પોપટલાલ ફુલચંદભાઈ | ૧૧-૦૦ અમૃતલાલ રવચંદભાઈ |
| ૧૧-૦૦ ,, વિઠ્ઠલદાસ ઉત્તમચંદ | ૧૧-૦૦ તેજપાલ ત્રીકમલાલ |
| ૧૧-૦૦ ,, રતીલાલ મોહનલાલ | ૧૧-૦૦ ચીમનલાલ ઉત્તમચંદ |
| ૧૧-૦૦ ,, અમૃતલાલ ચતુરચંદ | ૧૧-૦૦ જગજીવનદાસ નહાલચંદ |
| ૧૧-૦૦ ,, ગભરૂચંદ નાગરદાસ હ. વ્રજલાલ | ૧૧-૦૦ અરવિંદકુમાર અમૃતલાલ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વીતરાગની ભક્તિ કેમ ?

" वीतरागं हि ध्यायन् वीतरागत्वमश्नुते "

વ્યવહારમાં સેવા-ભકિત તેની કરાય છે કે જે આપણી સેવા-ભકિતથી રીઝે ! પરિણામે આપણી ઈષ્ટસિદ્ધિ થાય !

પણ વિચારણીય બાબત એ છે કે-વીતરાગ રાગ-દ્વેષ-રીઝવું કે ખીજવું બન્ને વૃત્તિઓથી રહિત-જૈનદર્શન-માન્ય પરમાત્માની સ્તવના-ભકિત-ઉપાસના શી રીતે કરણીય છે ! ! !

આમ છતાં જ્ઞાની-સદ્‌ગુરુના ચરણોમાં નમ્રતા-વિનયપૂર્વક બેસવાથી ઉપજતી સૂક્ષ્મ-વિવેકબુદ્ધિના પ્રકાશમાં એ વાત સ્પષ્ટ સમજાય છે કે —

"ધનનો અર્થી ધનવાનની, વિદ્યાનો અર્થી વિદ્વાનની, જ્ઞાનનો અર્થી જ્ઞાનની સેવા ધન, વિદ્યા કે જ્ઞાનની પ્રાપ્તિના આશયથી કરે છે. તે રીતે આપણે રાગ-દ્વેષ-મોહના સકંજામાં ફસાઇ નાનાવિધ દુઃખો ભોગવીએ છીએ. તેથી સરાગી અવસ્થા દૂર કરવા વીતરાગ અવસ્થા મેળવવી જરૂરી !

તે વીતરાગપણું વીતરાગની ઉપાસનાથી સહજપણે મળે. "

હકીકતમાં આપણા આત્માને પરમાત્માના સ્વરૂપના આદર્શમાં લીન કરી કર્મોના બંધનથી મુક્ત કરવાનું ધ્યેય વીતરાગ-પરમાત્માની ઉપાસના વિના સફળ થાય તેમ નથી જ ! ! !

તેથી શ્રી વીતરાગ-પરમાત્માની ઉપાસના આપણામાં વીતરાગ-ભાવ વધારવા માટે ખૂબ જ ઉપયોગી છે ! ! !

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org